
ખડાયતા જ્ઞાતિ.



श्री कोत्पर्क प्रभु.

The Bombay Art Printing Works.

॥ શ્રી કોટયર્ક પ્રભુ ॥

ખડાયતા જ્ઞાતિ.

લખનાર અને પ્રસિદ્ધ કરનાર,

મુલજી નાથજી કોઠારી,

મુંબઈ.

દ્વિતીય આવૃત્તિ. (સુધારા વધારા સાથે)

સંવત ૧૯૭૯. સને ૧૯૨૩.

પ્રત ૧૦૦૦.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૩-૦-૦.



રા. નાનુભાઈ ઘહેલાભાઇ

"સભાસદ શ્રી ખડાયતા સમાજ, મુંબઇ."

અર્પણ પત્રિકા.

શ્રીયુત્ રા. ભાઈ નાનુભાઈ,

જ્ઞાતીહિત
તરફ પ્રેરાયેલું તમો
ભાઇનું વિશુદ્ધ અંતઃકરણ,
સદ્ભાવ અને જ્ઞાતિ ઉત્કર્ષ માટે
તમો ભાઈની જોવામાં આવતી મમતા
અને લાગણીઓ જોતાં, તેમજ આ પુસ્તક
પ્રસિદ્ધ કરવામાં તમો બન્ધુએ, જણાવેલી
સહૃદય લાગણી તેમજ મારા પ્રત્યેનો તમો ભાઈનો
અનન્ય સદ્ભાવ, આ સઘળાના લઘુ સ્મરણ
તરીકે આ પુસ્તક તમો બન્ધુના નામ
સાથે કોમમાં અમર રહે એવી
આંતરોર્મિથી આ પુસ્તક તમો
ભાઇને સસ્નેહ અર્પણ
કરૂં છું, તે પ્રેમથી
સ્વીકારશો.

સ્નેહી,
મુલજી નાથજી કોઠારી.

॥ શ્રીજી ॥

પ્રસ્તાવના.

જ્ઞાતિની સ્થિતિ રજૂ કરનાર, બીજી રીતે કહીએ તો તેમાં સામાન્ય વિચારો અને કેટલીક સૂચનાઓ ઉમેરાયાથી તેની સ્થિતિ સમજાવનાર અને સ્પષ્ટ કરનાર આ ગ્રંથને પ્રસ્તાવનાની જરૂર રહેતી નથી, છતાં પુસ્તકમાં રહેલી કેટલીક ત્રુટિઓ અને તેમાં ઘણે સ્થળે સૂચનાઓમાં લીધેલી વલણુ સંબંધે યથાર્થ ખુલાસો કરવો જરૂરનો ધારીને બે શબ્દ લખું છું.

આપણી અથવા તો હરકોઇ જ્ઞાતિ, સમાજ કે મંડળમાં સમયના પરિવર્તન સાથે પરિસ્થિતિમાં ફેરફાર થયાજ કરે છે. પણ જે સમાજ જ્ઞાને, સાધને અને અન્ય રીતે આગળ વધેલો હોય છે, તે સમાજ પોતાની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને તેમાં રહેલો બગાડો દૂર કરવાના પ્રયત્નો વહેલા કરે છે. આપણા માટે પણ બગાડો દૂર કરવાનું અને જરૂરના સુધારાઓ દાખલ કરવાનું કામ આપણી ખરી સ્થિતિ સમજવા ઉપરજ અવલંબેલું હોવાથી આપણી જ્ઞાતિના સંબંધમાં મેં સં. ૧૯૬૫ માં એટલે આજથી લગભગ ચૌદ વર્ષ ઉપર 'શ્રી કોટયર્ક તિર્થ અને ખડાયતા જ્ઞાતિ' નામે એક પુસ્તક જ્ઞાતિની સેવામાં અર્પણ કર્યું હતું. તે વખતનું એ પુસ્તક શ્રી કોટયર્ક તિર્થ અને ખડાયતા જ્ઞાતિ એ બે વિભાગોમાં વહેંચાએલું હતું. હાલના પુસ્તકમાં શ્રી કોટયર્ક તિર્થને લગતો વિભાગ મેં મૂકી દીધો છે, કારણ મને જણાયું છે કે તે વિભાગ વિશેષ સંશોધન થઇને લખાય એજ વધારે સારૂં છે. તુરતમાં હું તે નહિં કરી શકવાથી એ વિભાગ આ પુસ્તકમાં લઇ શકયો નથી. એટલે 'ખડાયતા જ્ઞાતિ' એ નામથી આ પુસ્તક રજુ થાય છે.

કેટલાક વર્ષોથી મને જોવા મળ્યું છે કે જુદે જુદે પ્રકારે જ્ઞાતિ સમગ્રને લગતી હિલચાલોમાં મારા પ્રથમના પુસ્તકે કંઇ ને કંઇ ભાગ લીધેલો; એટલે જ્ઞાતિને લગતી પ્રવૃત્તિ કરનારાઓને બંધારણોની માહિતીના અનુભવ માટે આ પુસ્તક કંઇક ઉપયોગી થઇ પડયાનું જણાઇ આવેલું; આ પરિસ્થિતિ તરફ નજર નાખતાં મારા પહેલાંના પુસ્તકમાં રહેલી ત્રૂટીઓ ફરી નજર ઉપર આવતાં તે ફરીને લખાય તો વધારે સારૂ એવું મને જણાયું. અને મુંબઇની શ્રી ખડાયતા સમાજની સ્થાપના પછીથી તેને હાથમાં લેવાનો મને ઉત્સાહ પ્રેરાયો, હાથમાં લીધું; અને વળી તેને સંજોગોવસાત્ પડતું પણ મૂક્યું; પરંતુ સ્વ. ત્રિકમલાલભાઇના સ્વર્ગવાસ પછીથી આ જ્ઞાતિને

લગતી કેટલીક જાહેર હીલચાલો સંબંધી મારા અનુભવમાં ઉમેરો થતો ગયો કે તે હીલચાલોને અંગે કંઇક વિશેષ લખાય તો ઠીક પણ તેમાં મારે વિશેષ જ્ઞાન મેળવવાની જરૂર છે એવું મને લાગ્યું, એટલે તેની માહિતી મેળવ્યા પછી આ પુસ્તક લખાય તો વધારે સારૂં એવું મને જણાયું તેથી થોડુંક વિશેષ થોભ્યો. કોમના હિત અર્થે પ્રયત્નો ચાલુ હોવા છતાંએ છેલ્લા દશ વર્ષમાં જ્ઞાતિની વસ્તુસ્થિતિ કેવા પ્રકારની છે, તે જણાવવાના આશય માટેજ હાલનું પુસ્તક લખવાનું મેં હાથમાં લીધું છે પણ આ પહેલાં જ્ઞાતિની સામટી અને તેનાં છુટાં છુટાં પ્રત્યેક બંધારણોની સ્થિતિ વિશેષ જાણવામાં આવે તો હાલની વસ્તુસ્થિતિ રજુ કરવાનો મારો પ્રયાસ વધારે ઉપયોગી નીવડે તેવું સમજીને હાલનું પુસ્તક આ સ્વરૂપમાંજ પ્રસિદ્ધ કરૂં છું. ઉપર દર્શાવેલું વિગતવાર લખવાનું પુસ્તક (બીજું પુસ્તક) કોમને વધારે અગત્યનું અને ખાસ ઉપયોગી વાંચન પુરૂં પાડશે. કેટલાક વિચાર પછીથી તેમજ આ પુસ્તક મોટું થવાથી લખવા ધારેલો આ અગત્યનો ભાગ હવે પછીથી જૂદા પુસ્તક રૂપેજ પ્રસિદ્ધ કરવાનું અનિચ્છાએ બાકી રાખવું પડયું છે એટલુંજ હાલતો હું જણાવું છું. મારા આ હાલના પુસ્તકથી કોમની આવશ્યક સહાનુભૂતિ જો હું મેળવી શકીશ તો હવેનું પુસ્તક બનશે તેટલું વહેલું કોમની સેવામાં અર્પણ કરવાની મારી ભાવના પ્રભુની કૃપાથી પાર પાડી શકીશજ.

હાલનું આ પુસ્તક મુખ્યત્વે કરીને ત્રણ વિભાગમાં વહેંચાઇ જાય છે. તેનો પહેલો ભાગ જ્ઞાતિની ઉત્પત્તિના સંબંધમાં થોડીક વિગતો બહાર લાવે છે. મારા વિચાર પ્રમાણે ખરી રીતે આ ભાગ બને તેટલા વધારે સંશોધનથી લખાવો જોઇએ છે. આ વિચાર ધ્યાનમાં રાખતાં વિગતોને લગતો જે ભાગ મેં રજૂ કર્યો છે તે કેટલેક અંશે બીજા પુસ્તકોના હવાલા રૂપેજ છે અને જેઓ આવા સાહિત્યના વાંચન સંબંધમાં આવેલા હશે તેવાઓની ધ્યાન ઉપર આવું વાંચન કદાચ આવી ગએલું પણ હશે; પણ કોમના બધા વાંચનારાઓ આવા વાંચનથી અજ્ઞાન ન રહે એટલાજ માટે હાલનો આ વિભાગ આ પુસ્તક સાથે જોડી દેવામાં આવેલો છે. આ પુસ્તકના બીજા ભાગમાં આપણાં જુદાં જુદાં પ્રત્યેક બંધારણોને લગતી જરૂરની માહિતી ઉમેરવામાં આવી છે, અને છેવટે સામાન્ય નાર એકીકરણ જેવુંજ થોડુંક લખ્યું છે. મારા વિચાર પ્રમાણે આ સામાન્ય એકીકરણ ઘણુંજ ટુંકું કરવામાં આવેલું છે; કે તેના ઉપર વિશેષ લખાવું જોઇએ છે. હવેના પુસ્તકમાં આ વિષયો ઉપર વધારે

લખવાનું હોવાથી અહિંઆં મારા તેવા વિચારોને વધારે સ્થાન આપી શક્યો નથી.

હાલના પુસ્તક ઉપરથી વાંચનારને ખ્યાલ આવી જશે કે, વિગતો મેળવવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે અને તે મેળવ્યા પછીથી જોઇતી વિગતો તારવી કાઢવાનું કામ સમુદ્ર મંથનવત્ મુશ્કેલ છે, તેથી આ કામને સંપૂર્ણ ન્યાય આપવાનું કાર્ય અપુર્ણજ રહ્યું ગણાય; પરંતુ યથાશક્તિ શ્રમ વેઠીને પણ આ કામ ઘણી સંભાળથી અને તેટલું સારૂં તેમજ ખામીઓ વગરનું કરવાનો પ્રયત્ન કર્યો છે. ખરી રીતે તો કોઇ પણ સંસ્થા કે વ્યક્તિ તરફથી આવો પ્રયાસ કરવામાં આવતો હોય તો તેને કોમના કેળવાએલા વર્ગનો સારો ટેકો મળવો જોઇએ, પણ મારા આ દાખલામાં મને જોવા મળ્યું છે કે, મુખ્યત્વે કરીને કેળવાયેલા વર્ગનોજ જોઇતો સાધારણ ટેકો નહિ મળવાથીજ તેમાં અપૂર્ણતા રહી હોવી જોઇયે. આપણા કેળવાએલા વર્ગને આ ઠપકો સપ્રેમને નમ્ર ભાવે આપેલો છે અને તેની એટલાજ માટે અહીંઆં નોંધ લઉં છું કે—ભવિષ્યમાં કોમના બીજા સાધારણ વર્ગ કરતાં કેળવાયલો વર્ગ ગ્નાતિને વધારે જોખમદાર છે તેવું તેની ખ્યાનમાં આવે અને તે પરત્વે તે વર્ગ વિશેષ કાળજી રાખતો થાય. આ લખતાં મારા હૃદયની એક વિશેષ લાગણી પણ હું બહાર લાવું છું, હાલ જેઓ કોમની સેવામાં પોતાનો ફાળો આપી શકવાની લાંબી પહોળી વાતો કરે છે, તેવાઓએ તો આ વિષય જાણે કોમને કામનો હોયજ નહિં તેવી ઉપેક્ષા દ્રષ્ટિએ જોઇ રહી સહજ પણ ફાળો આપવાની જરૂર વિચારી નથી. હું જણાવું છું કે આવી જાતનું વૈમનસ્ય અને અસહકાર જે મારે ન સહન કરવો પડયો હોત તો તેની અપુર્ણતા ટાળવાને આ જરૂરના સાહિત્યમાં હું હજુએ પણ વિશેષ ઉપયોગી ફાળો આપી શક્યો હોત.

હાલનું આ પુસ્તક મારા પ્રથમના પુસ્તકથી એક રીતે જૂદું પડે છે. પહેલાંના પુસ્તકમાં ગ્નાતિની સ્થિતિને લગતું વાંચન મેં રજૂ કર્યું હતું, જ્યારે ઉપરોક્ત પુસ્તકમાં તેવી વિગત રજૂ કરવા સાથે મેં ઘણે સ્થળે સ્થિતિ પરત્વે પ્રાસંગીક ચર્ચાઓ અને ટીકાઓને પણ સ્થાન આપ્યું છે; અને તેમાં હું કેટલેક સ્થળે તો એટલી હદ સુધી ગયો છું કે, બહારથી જોનારને મારૂં વલણ સખ્ત પ્રહારક જેવું લાગે અને મારા શબ્દો એક સારા પુસ્તકને શો તેવા પણ જણાઇ આવશે. પરંતુ આપણી ગ્નાતિની સ્થિતિ કેટલીક બા ામાં એટલી અધોમુખી છે કે કોઇ પણ સહૃદય માણસને નીતિમય—

આવેશ થયા વગર રહે નહી, માત્ર આવા પ્રસંગો સંબંધીજ મારે આકરૂં વલણુ લેવું પડયું છે; ખરેખર આપણા બંધુઓનું વૈમનસ્ય, ઉદાસીનતા અને બેદરકારી શોક ઉપજાવે તેવાં છે. આગળ વધવાના પ્રયત્નો પણુ ક્યાં થાય છે ! પરંતુ આ સંબંધી જે કાંઇ મારે કહેવું પડયું છે તે જ્ઞાતિ માટેના સ્નેહને લીધે આંતર લાગણી દુઃખાવાથીજ અનિચ્છાએ કહેવું પડયું છે.

મારા આ વિચારો સંબધે ન્યાય કરવાનું કામ મારા બંધુઓની તુલનાત્મક શક્તિનેજ સોંપું છું આમ છતાં હું જ્યાં મર્યાદા વિસર્યો હોઉં ત્યાં મારો દોષ હું ખુલ્લા હૃદયે સ્વીકારીશ.

ઉપરનું લખતાં આ પુસ્તક તૈયાર કરી આપવામાં થોડાક પણુ જેજે બન્ધુઓએ ઉદાર ભાવથી, કોમના આ કાર્યને પોતાનુંજ ગણી લઇને પોતાનો સહૃદયે પ્રેમપૂર્વક ફાળો આપેલો છે; તેવાઓની કદર બુઝવાનું હું ચુકી શકતો નથી. હું વિશ્વાસ રાખું છું કે થોડા, કેળવાયેલા અને સાધારણુ બુદ્ધિના માણુસોની પણુ જ્ઞાતિના હિતની ભાવના પ્રબળ થયાનું સરસ દૃષ્ટાન્ત મને હાલ જોવા મળ્યું છે; તેવાઓ જો કોમ પ્રત્યેની આ લાગણી વધારે સતેજ કરશે, અને કોમનાં જુદાં જુદાં અનેક કાર્યોમાં પોતાનો ફાળો આપતા રહેશે તો; ધારી શકાય છે કે તેવા માણુસો પણુ જ્ઞાતિના હિત માટે એકઠા મળ્યાથી કામ કરી શકશે ખરા. આ વિચાર જોડે હું ઉમેરો કરૂં છું કે કોમનો આ આખો સવાલ એવો છે કે, જેમાં જેઓની ઉપર કોમ વધારે ભાર મૂકી શકે તેવો વર્ગ થોડોક સમય બેદરકાર રહેલો દેખાતો હશે તોપણુ તેવાઓની સહાનુભૂતિ જ્યારે ત્યારે મેળવી શકાશે. ખરૂં તો એજ લાગે છે કે સ્થિતિ સુધારવામાં સહુ કોઇએ પોતપોતાની જાત, ગામ, બંધારણુ કે સમસ્ત જ્ઞાતિની સુધારણાના કામમાં પોતાની ફરજ અદા કરવાની શક્તિનું પ્રમાણુ નક્કી કરી લઇને પ્રયત્ન કરે અને સંયુક્ત કામો થતાં હોય તેને મદદ કરે તો અમુક જવાબદારી જેઓની ઉપર રાખી શકવા જેવી ગણાય તેવો સમાજ છેટે રહે તોપણુ પુરૂષાર્થ માત્રથીજ આપણી સમાજ જરૂર આગળ વધે.

આ પુસ્તકના સંબંધમાં કોઇ પણુ જાતનો મત ઉચ્ચારવો તે મારૂં કામ નથી. તેની અનેક ત્રૂટિઓ વચ્ચેનો મારો આ પ્રયાસ કોમને ઉપયોગી જણુાતો હોય તો કોમના સુખી, સખી, કેળવાએલા અને કોમ પ્રત્યે લાગણી ધરાવનાર દરેકે દરેક બંધુ ઉપર આ પુસ્તકનો યોગ્ય પ્રચાર કરવાની હું ફરજ મુકું છું. હું અહિંઆં ફક્ત એટલોજ ખ્યાલ આપવા

માંગું છું કે મારા ધંધાની પરિસ્થિતિ એવી છે કે, જેમાંથી મને આવા કામ માટે વખત કાઢવો મુશ્કેલ છે; છતાં અંગત કામો જતાં કરીને પણ આ કાર્ય પરિપૂર્ણ કર્યું છે. મને હોંશ છે કે, આ દિશામાં હજુ પણ વિશેષ પ્રયાસ કરવાનો પ્રસંગ ઇશ્વર મને બક્ષે; પણ આ સઘળું કેટલેક દરજ્જે તો કોમની સહાનુભૂતિ ઉપરજ અવલંબી રહે છે, કારણ કોમનો આ વિષય એકદેશીય ગણી શકાય; આથી આવા પ્રચાર–કાર્યની જવાબદારી કોમ ઉપરે આવે છે; અને તે તેણે ઉપાડી લેવી જોઇએ છે.

આ પુસ્તકના સંબંધમાં પ્રયત્ન સારો થયો છે અથવા તો તે ઠીક લખાયું છે તેવું જાણવાની હું વિશેષ અપેક્ષા રાખતો નથી; પણ તેમાં રહેલી ગોગ્ય ખામીઓ જાણવાને હું વિશેષ ઉત્સુક છું. ફક્ત ભૂલો કાઢવાની દૃષ્ટિથી ભૂલો નહીંજ જણાવતાં, વિચારોની ભિન્નતા, હકીકતના ખરા ખોટાપણાને લગતી સૂચનાઓ વગેરે માહિતી, જે ગૃહસ્થો મને લખી જણાવશે તેઓનો હું આભારી થઇશ.

વ્યાજબી રીતે તો, લેખકને યોગ્ય નીવડે તેવું પુસ્તક લખવાનું મારૂં જ્ઞાન નથી, તેમાંએ વળી વ્યાકરણ અને ભાષાનો દોષ તો વિશેષ જોવામાં આવશે; પણ આ પુસ્તક લખતાં મેં ફકત વિચારો અને ભાવનાઓ ઉપરજ વિશેષ કાળજી અને ધ્યાન રાખેલું છે, તેથી ક્ષુલ્લક જણાતી ભૂલો વાંચનાર દરગુજર કરશે એવી આશા રાખું છું.

આ હકીકત સાથે એક બાબતનો ખુલાસો કરવાનો રહે છે; મારા આ પુસ્તકની સમાલોચનાના સંબંધમાં બે શબ્દો લખવાની રા. બાલુભાઇ ત્રિભોવનદાસ દેસાઇ અને રા. બા. હરગોવિંદદાસ દા. કાંટાવાળાને મેં વિનંતિ કરી હતી. આ બન્ને ગૃહસ્થોએ મારી તે માગણીને માન આપીને પોતાના યોગ્ય વિચારો આ પુસ્તક સાથે રજૂ કરવા લખી મોકલાવી મને ઉપકૃત કર્યો છે. આ પૈકી રા. બાલુભાઇનો લેખ મારા વિચાર પ્રમાણે આ પુસ્તકના નિષ્કર્ષરૂપે અને તેથી આગળ વધીને કહું તો કેટલેક દરજ્જે તે મને માર્ગદર્શક જણાયો છે, એટલે તે લેખની ઉપયોગીતા જોતાં મને એમ લાગ્યું કે આ લેખને સમાલોચનાના રૂપમાં આપવાથી તેની કિમ્મત લોકની નજરે ગૌણ થશે, આથી લેખ જૂદોજ પ્રસિદ્ધ કરવાનું મેં યોગ્ય વિચાર્યું છે. હું ધારૂં છું કે આ લેખ અન્ય રીતે પ્રસિદ્ધ થયેથી કોમને કંઇક વિશેષ જાણવાનું મળી શકશે અને આપણી પ્રગતીના કાર્યમાં તે માર્ગદર્શક પણ નીવડશે. સાથે રા. બ. કાંટાવાળાનો લેખ પણ આવકાર-

દાયક છે, પણ તેઓશ્રીના લેખમાં મારા પુસ્તકમાં આવી જતી વીગતોનું તારણ મૂકેલું હોવાથી અને વિચારોના થોડાક ફેરફાર પણ તેવું જુદું તારણ મેં પોતેજ આ પુસ્તક સાથે ઉમેરી લીધેલું હોવાથી, તેમજ તેઓના લેખમાં તેઓશ્રીએ દર્શાવેલો કેટલોક અભિપ્રાય મને વિવાદગ્રસ્ત જણાયાથી તે લેખને આ પુસ્તક સાથે હું દાખલ કરી શક્યો નથી. જો રા. બ. કાંટાવાળા તે લેખ સ્વતંત્ર અથવા કોઇ માસિકદ્વારા છપાવશે તો જ્યાં જ્યાં મતભેદ છે ત્યાં મારો મત દર્શાવવા ચુકીશ નહી. હું કહેવાને વિશેષ ખુશી છું કે આ બન્ને ગૃહસ્થોએ કોમના આ સવાલને પોતાનો ગણીને મારી માંગણીને માન આપવા માટે હું તેઓશ્રીનો ઋણી થયો છું.

આ લખતાં જણાવવાને હું ખુશી થાઉ છું કે આ પુસ્તક વહેલું છાપી આપવામાં મારા પ્રિય મિત્ર રા. સોમાભાઇ મંગળદાસે તથા પ્રુફ સુધારવામાં ભાઇ ચીમનલાલ મંગળદાસ શાહે તેમજ પુસ્તક તૈયાર કરવામાં રા. દામોદરદાસ નારણદાસ શાહની યોગ્ય મદદ મને કામમાં લાગી છે; જે બદલ હું અંતઃકરણપૂર્વકની તેઓ ભાઇ પ્રત્યેની મારી આભારની લાગણી વ્યક્ત કરૂં છું, તેમજ ‘માલાડ’ ની ‘શ્રીકૃષ્ણ કુંજ’ના નિયામક શ્રીયુત્ બાબુભાઇ તે શેઠ, કરશનદાસ ગોકળદાસની ‘નંદન વન’ સમ કુંજમાં રહેતાં મને આ પુસ્તક તૈયાર કરવામાં જે અપૂર્વ શાંતિ મળી તેથી તે ગૃહસ્થ પ્રત્યેનો મારો સદ્‌ભાવ આ પુસ્તકની યાદ સાથે જોડું છું. ખરેખર ! શ્રીકૃષ્ણ સેવાની ભાવના બલિષ્ઠ કરતી આ કુંજમાં શાન્તિ ભોગવવાનો સમય મને પ્રાપ્ત થયો અને તેની પૂર્ણીમાં કોમની સેવા કરવાને આ વિષય હાથમાં લેવાની મને સારી તક મળી, તે હું ના મેળવી શક્યો હોત તો હજુએ આ પુસ્તક વાંચકને કંઇક મોડું મળી શક્યું હોત.

છાપખાનાના કામમાં પ્રુફ્સ સુધારવાની કાલજી રહેવા છતાંએ, દોષો રહી જવા માટે વાંચકની ક્ષમા ચાહું છું.

છેવટે મારી અંતિમ શુભેચ્છાઓ રજૂ કરતાં પ્રભુની પાસે દીનભાવે એજ માગણી રજૂ કરૂં છું કે આ કોમનાં જૂદાં જૂદાં જણાતાં દરેક અંગો એકઠાં થઇને કોમના હિતમાં ભાગ લેતાં થાય; અને અન્ય વણિક કોમોમાં આ કોમ તેની સ્થિતિમાં પોતાનું યોગ્ય સ્થાન ભોગવતી થાય તે માટે તેને શ્રી હરિની યોગ્ય મદદ મળો.

પોષ શુકલપક્ષ સપ્તમી
સં. ૧૯૭૯
બીજો ભોઇવાડો-મુંબાઇ.

લેખક.

અનુક્રમણિકા.

	વિષય.	પૃષ્ટ.
૧	ગ્નાતિઓની ઉત્પત્તિ અને સમય.	૧
૨	વાણિયા ગ્નાતિઓ	૪
૩	ખડાયત્ ઉપરથી ખડાયતા.	૭
૪	બીજી ગ્નાતિઓ સાથે આ ગ્નાતિનો સંબંધ.	૮
૫	ખડાયતા ગ્નાતિની ઉત્પત્તિ સંબંધે દંત કથા.	૯
૬	ગોત્ર વિશે વિચાર.	૧૨
૭	દશા વિશાના ભેદ.	૧૫
૮	બંધારણ સંબંધે સામાન્ય વિચાર.	૨૮

બંધારણો.

દશા.

૧	નડિઆદ	૩૫
૨	ઉમરેઠ	૫૧
૩	એકવીસ ગામ	૬૦
૪	મોડાસા	૭૪
૫	દક્ષિણ (કુકણપટી.)	૮૭
૬	અમદાવાદ, ખેડા	૯૧
૭	સાવલી	૧૧૨
૮	સોઝીસલ, જંત્રાલ	૧૧૯
૯	નાંદોદ, ભરૂચ	૧૨૬
૧૦	રાજકહાનમ	૧૩૪
૧૧	કાઠિઆવાડ	૧૪૫
૧૨	સુરત	૧૬૦
૧૩	ખાનદેશ અને દક્ષિણ	૧૬૬

વિશા.

૧	નડિઆદ	...૧૭૦
૨	ઉમરેઠ	...૧૮૫
૩	મોડાસા	...૨૦૧
૪	સાઠંબા	...૨૨૧
૫	દક્ષિણ (કુકણપટી)	...૨૨૬
૬	કઠલાલ, ભાનેર	...૨૨૮
૭	ભાદરવા, સારસા	...૨૩૬
૮	વેજલપૂર	...૨૪૧
૯	વાકલ, ટંકારી	...૨૪૭
૧૦	જનોડ	...૨૫૧
૧૧	હલદરવાસ, ઘોડાસર	...૨૫૭
૧૨	સુરત, નાંદોદ	...૨૬૪
૧૩	અમદાવાદ	...૨૭૭
૧૪	વટવા	...૨૮૨
૧૫	ખાનદેશ, દક્ષિણ.	...૨૮૮

૧	શ્રી ખડાયતા સમાજ મુંબઇ	...૨૯૨
૨	વિગતોનું તારણ	...૩૦૦ થી ૩૧૬
૩	મુંબઇનો વ્યાપારી અનુભવ ' જાહેર ખબર ' ...	છેલ્લે.

ખડાયતા જ્ઞાતિ.

જ્ઞાતિઓની ઉત્પત્તિ અને સમય.

હાલની જ્ઞાતિ વ્યવસ્થા પૂર્વના એક મહાન મંડળમાંથી સંકોચ ક્રમે બનેલી હોવી જોઇએ. ઇશ્વરોક્ત જ્ઞાતિ વિભાગ જેવું કંઇ નથી; સૃષ્ટિના આદિકાળમાં એટલે વેદના વખત પહેલાં જ્ઞાતિ અથવા જાતિ જેવી કોઇ વ્યવસ્થા નહોતી; આખો જન સમૂહ એક અવિભક્ત મંડળરૂપે હતો; અને બુદ્ધિ યોગ્યતા અથવા શક્તિ અનુસાર જેને જે ગમે તે કર્મ સૌ કરતાં.

આ વખતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો હતી ખરી; પણ એ વર્ણો પદવી રૂપે સ્વાભાવિક હતી; એટલે કે ભણાવવાનું કામ કરે તે બ્રાહ્મણ, રક્ષા કરવાનું કામ કરે તે ક્ષત્રિય; ખેતી કરવાનું અને સમાજને અનાજ પૂરૂં પાડવાનું કામ કરે તે વૈશ્ય; અને જેઓ હલકાં કામ કરે, હિંસા કરતાં અચકાય નહિ, જૂઠું બોલે, મલીન રહે, અને સ્વચ્છતામાં સમજે નહિં એવા ઉતરતા પ્રકારના લોકો શૂદ્ર નામે ઓળખાતા હતા.*

આ પ્રમાણે દ્વાપર યુગના અંત સુધી વર્ણ વ્યવસ્થા ચાલી; અને કલિયુગના આરંભે જ્ઞાતિઓની સ્થાપના થઇ; જ્ઞાતિઓની સ્થાપના થઇ તે પહેલાંની વ્યવસ્થામાં સર્વે સમાન ગણાતા હતા; અને કોઇ વર્ણ પોતાને માટે નિર્માણ થએલા ધંધાથી વિમૂખ થતી તો તે વર્ણને તેના ધંધાના વર્ણનું નામ અપાતું; દાખલા તરિકે જો બ્રાહ્મણ પોતાની ફરજ ન બજાવે તો તે

---

* आचार्या अध्यापका याजकाः साधवाः मुनयश्च ब्राह्मणाः । १
(સદ્ ધર્મ સૂત્ર.)

कामयोग प्रियास्तीक्ष्णाः क्रोधनाः प्रियसाहसाः ।
त्यक्त स्वधर्मा रक्तांगास्ते द्विजाः क्षत्रतां गताः ॥ २
गोभ्यां वृत्तिं समस्थाय पीताः कृष्युपजीविनः ।
स्वधर्मान्नानुतिष्ठंति ते द्विजाः वैश्यतां गताः ॥ ३
हिंसा-[illegible]लुब्धाः सर्वे कर्मोपजीविनः ।
कृष्णाः शौच परिभ्रष्टास्ते द्विजाः शूद्रतां गताः ॥ ४
(महाभारत शांतिपर्वम्.)

બ્રાહ્મણ ગણાતો નહિ; તેમજ જો શૂદ્ર વેદાધ્યયન કરી યજ્ઞ હોમાદિનું કામ કરતો તો તે બ્રાહ્મણ ગણાતો; તેજ પ્રમાણે ક્ષત્રિય તથા વૈશ્યોમાં પણ વર્ણ મુકરર કરવામાં આવતી; આવાં દષ્ટાંતો મનુસ્મૃતિ મહાભારત વિગેરે ગ્રંથોમાંથી પણ મળી આવે છે.*

સમયના પરિવર્તન સાથે ધીમે ધીમે આ ચાર વર્ણો દઢ થતી ગઇ; એટલે કે બ્રાહ્મણ પોતાના કર્મથી વિમૂખ થયો હોય તો પણ તે બ્રાહ્મણ જ ગણાતો; અને શૂદ્ર પંડિત હોય તો પણ તે શૂદ્રમાં જ ગણાતો; સાથે સાથે સમાનત્વને બદલે ચઢતી અને ઉતરતી પંક્તિની માન્યતા પ્રબળ થઈ; બ્રાહ્મણ સૌથી શ્રેષ્ઠ મનાવા લાગ્યા; તેમનાથી ઉતરતા ક્ષત્રિય અને વૈશ્ય અને સૌથી નીચા શૂદ્ર ગણાવા લાગ્યા. બ્રાહ્મણને ચારે વર્ણમાંથી કોઇ પણ વર્ણની કન્યા સાથે; ક્ષત્રિયને ત્રણ વર્ણ સાથે, વૈશ્યને બે વર્ણ સાથે અને શૂદ્રને ફક્ત પોતાના વર્ણની કન્યા સાથે લગ્ન કરવાની છૂટ હતી; આવાં લગ્ન 'અનુલોમ' લગ્ન કહેવાતાં; પણ કોઇ ક્ષત્રિય બ્રાહ્મણની સ્ત્રી સાથે અને એવી રીતે બીજી વર્ણો પોતાથી ચઢતી વર્ણોની સ્ત્રી સાથે લગ્ન કરે તો તે લગ્ન 'પ્રતિલોમ' લગ્ન ગણાતાં; આવાં લગ્નથી ઉત્પન્ન થએલી પ્રજાને કયા વર્ણની ગણવી તેના માટે વાદ–વિવાદ થવા માંડયો; બ્રાહ્મણ વર્ણનો વર અને ક્ષત્રિય કન્યાની પ્રજાને બ્રાહ્મણ વર્ણમાં ગણી શકાય નહિ, તેમજ તે પ્રજા ક્ષત્રિય પણ કહી શકાય નહિં; એવી પ્રજાને શુદ્ધ બ્રાહ્મણ વર્ણથી ઉતરતી અને ક્ષત્રિયથી ચઢતી એક જૂદી જ જ્ઞાતિ તરિકે ઓળખાવા લાગી; આવી રીતે મૂળ ચાર વર્ણમાંથી અનેક જ્ઞાતિઓ ઉત્પન્ન થઇ;

આવી રીતે ઉત્પન્ન થએલી જ્ઞાતિઓ જુદે જુદે સ્થળે વસવા લાગી, અને પરિણામે પોતાના મૂળની તેઓને વિસ્મૃતિ થવા લાગી; 'જ્ઞાતિ' એ

---

* एकवर्ण मिदं पूर्वं विश्वमासीद्युधिष्ठिर ।
कर्मक्रिया विशेषेण चातुर्वर्ण्यं प्रतिष्ठितः ॥ १
सर्वे वै योनिजा मर्त्याः सर्वे मूत्र पुरी षिणः ।
एकेन्द्रियेंद्रियार्थाश्च तस्माच्छील गुणो द्विजः ॥ २
शूद्रोऽपिशील संपन्नो गुणवान्ब्राह्मणो भवेत् ।
ब्राह्मणोऽपि क्रिया [illegible]नः शूद्रादप्यधमो भवेत् ॥ ३
शूद्रो [illegible] [illegible]ते [illegible]णश्चैते शूद्रताम् ।
क्षत्रियाज्जातमेवं [illegible] विद्या द्वैश्यात्तथैवच ॥ ४

(મહાભારત.)

શબ્દ 'જ્ઞા' ધાતુ ઉપરથી થયો છે; જ્ઞાનો અર્થ જાણવું થાય છે. 'જાણીતા લોકોનો સમૂહ તે જ્ઞાતિ.' પ્રથમ એક વંશના, એક ગોત્ર પ્રવરના, જેમને સૂતક લાગતું હોય તેવા અને જેઓને વારસાનો હક હોય તેઓ એક જાતિના અથવા જ્ઞાતિના કહેવાતા; એજ પ્રમાણે બ્રાહ્મણ માત્રની જ્ઞાતિ બ્રાહ્મણ, ક્ષત્રિયની ક્ષત્રિય, વૈશ્યની વૈશ્ય અને શૂદ્રની શૂદ્ર એમ પણ ગણાતી: પણ વર્ણ સંકરતાનો ગુંચવાડો વધી પડ્યા પછી "જ્ઞાતિ" એ શબ્દ જે જે નવા સમૂહો બંધાયા તેને લગાડવામાં આવ્યો: એટલે કે એક ગામડામાં વસવાને લીધે, એકજ જાતનો ધંધો કરતા હોય તેથી, પાસે પાસેના ગામમાં વસતા હોય તેથી, એકજ ધર્મના હોય તેથી, એવાં વિવિધ કારણોથી જાણીતા લોકોના સમૂહ બંધાયા. હાલની જ્ઞાતિઓ આજ ધોરણ ઉપર બંધાઇ છે; આવા બંધારણની શરૂઆત ક્યારથી થઇ એ નિશ્ચય પૂર્વક કહી શકીએ એવાં સાધનો હજુ સુધી મળ્યાં નથી; પુરાણો અને સ્મૃતિઓ ઉપરથી જે જોઇ શકાય છે તે એ છે કે સામાજિક બંધારણના નિયમો બ્રાહ્મણો ઘડતા અને રાજાઓ તેનો અમલ કરતા;

સ્મૃતિઓ અને પુરાણો સંવત્ પહેલાં ૪૦૦-૫૦૦ વર્ષથી માંડીને વિક્રમ સંવત ૫૦૦ સુધીમાં રચાયાં છે. એ ગ્રંથોમાં વર્ણસંકર પ્રજા અને તેમના માટેના નિયમો ઠેક ઠેકાણે વર્ણવ્યા છે. જાતિ સંબંધી વિચાર કરનાર એકેએક સ્મૃતિ એ સંબંધી કંઇને કંઇ પૂરાવો આપે છે. એ ગ્રંથોની રચનાના કાળે હાલનું જ્ઞાતિ બંધારણ જન્મ પામ્યું છે. જૂદી જૂદી જ્ઞાતિઓનાં પુરાણો બહુ પાછળના વખતમાં રચાયાં હોય એવા પુરાવા તે પુરાણોમાંથી મળી આવે છે; એટલે જ્ઞાતિઓનાં પુરાણો વિક્રમ સંવત્ ૫૦૦ પછી રચાયાં છે એમ આપણે માનીએ તો પણ તેનો કાળ સંવત્ એક હજાર કરતાં વધારે નીચે ઉતારી શકાય એવું નથી, વળી સંવત્ એક હજાર પછીનાં ઐતિહાસિક સાધનો આપણને વિગતવાર મળે છે; એ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે હાલની ઘણીખરી જ્ઞાતિઓ આજથી એક હજાર વર્ષ પહેલાં હયાતિ ધરાવતી હતી: આ ઉપરાંત જ્ઞાતિઓનાં નામો જે ગામોના નામ ઉપરથી પડ્યાં છે તે ગામોના ઇતિહાસ તરફ જોઇએ તો પણ નિર્વિવાદ કહી શકાય કે વિક્રમ સંવત્ ૫૦૦ પૂર્વે આ જ્ઞાતિઓ અસ્તિત્વમાં હતી.

હાલના શોધકો પણ લગભગ એકમત થાય છે કે હાલની જ્ઞાતિઓ વિક્રમ સંવત પૂર્વે ચારસેં પાચસેં વર્ષ પછીથી હયાતીમાં આવેલી છે.

બંધારણો કેવી રીતે જન્મ પામ્યા ?

જ્યારથી વર્ણવ્યવસ્થા જડ થઇ, ત્યારથી ઉંચ નીચની ભાવનાએ પણ જડરૂપ ધારણ કર્યું; અને ઉંચી પદવીના ગણાતા આર્યોએ પોતાની ઉચ્ચતા જાળવી રાખવાને પોતાને અનુકૂળ પડતાં બંધારણો દાખલ કર્યાં. પરિણામે ખોટી મોટાઇ વધી અને તેણે જડરૂપ ધારણ કર્યું; આથી બન્યું એવું કે પરંપરાની પ્રણાલિકાથી જેઓ નીચા ગણાતા હતા તેઓ જો કે ઉંચા ગણાતા કરતાં દરેક રીતે સારા હોવા છતાં પણ નીચી પદવી ઉપરજ રહેતા થયા; સમયના પરિવર્તને આના ઉપર વધુ અસર ઉપજાવી અને જે નીચો ગણાતો નાનો સમૂહ મોટા ઉંચા ગણાતા સમૂહમાંથી પહેલાં જુદો થયો હતો, તે કાળક્રમે અનુયોગ દ્વાર મળતાં એકાકાર થવા લાગ્યો આ રીતે જ્યારથી ઉંચ નીચની ભાવનાએ જડરૂપ ધારણ કર્યું ત્યારથીજ હાલ જોવામાં આવતાં જુદાં જુદાં બંધારણોની હયાતિ શરૂ થઇ.

વાણિયા જ્ઞાતિઓ.

હવે આપણે વાણિયા જ્ઞાતિઓ કેવા સંજોગોમાં અને કેવી રીતે ઉત્પન્ન થઇ તેનો થોડોક વિચાર કરીશું; 'વાણિયા' એ શબ્દ કુળસૂચક નહિં પણ ધંધાસૂચક છે; વહેપારનો સંસ્કૃત શબ્દ वाणिज्य છે. વાણિજ્ય (વહેપાર) જે કરે તે वणिकाः કહેવાય; પ્રાકૃત વ્યાકરણના નિયમ પ્રમાણે क ઉચ્ચારમાં દબાઇ જાય છે; તેથી પ્રાકૃત બોલનારાઓ વાણિઆ એવો ઉચ્ચાર કરે છે; એટલે કે જે કોઇ વહેપાર કરે તે બધા વાણિયા કહેવાય. આપણે ઉપર જોઇ ગયા કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણે વર્ણો વેપાર કરી શકે; પણ નીચેની પંક્તિની વર્ણો ઉપરની પંક્તિનો ધંધો ન કરી શકે; વાણિયાનો ધર્મ તો कृषि गोरक्ष्य वाणिज्य वैश्य कर्म स्वभावजम् । એટલે કે ખેતી કરે, ગાયનું રક્ષણ કરે અને વહેપાર કરે તે વાણિયા; આવી રીતે હાલ આપણે જેમને વાણિયા તરીકે ઓળખીએ છીએ, તેઓ બ્રાહ્મણ

● આપણાં જ્ઞાતિ માટે આ અને અન્ય તેવાં બીજા કારણોએ હાલમાં જોવામાં આવતાં બંધારણોને લગતી વિશેષ માહિતી આગળ આપવામાં આવેલી છે.

ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેમાંથી થએલા વહેપાર કરનાર વર્ગનો સમૂહ છે; ઉપરાંત ' અનુલોમ ' અને ' પ્રગતિલોમ ' લગ્નના પરિણામે પણ અનેક જ્ઞાતિઓ હયાતિમાં આવી હતી; આ સમય બ્રાહ્મણ ધર્મની પડતી અને બૌદ્ધ ધર્મની ઉત્ક્રાન્તિનો હતો; જૈન ધર્મ-પ્રવર્તકોની સાધુતા, ઉગ્ર તપશ્ચયા અને નિઃસ્વાર્થ લોકહિત વૃત્તિ જોઇને લાખો લોકો તેમના તરફ આ સમયે આકર્ષાયા. ' સર્વને સમાન ગણવા અને સર્વ જીવો તરફ દયા રાખવી ' એ સત્ય સિદ્ધાંતોએ લાખો લોકોને તેઓએ વશ કરી લીધા; સમયનું પરિવર્તન બૌદ્ધ ધર્મના આ ફેલાવાથી એ થયું કે તે સમયે એક નવો સંઘ ઉભો થયો અને તે સર્વ વેપારી વર્ગ થયો; જૈનોના કુમારિલ ભટ્ટાચાર્ય અને શંકરાચાર્યના વાદ વિવાદનો ઐતિહાસિક સમયજ આ હતો કે જે પ્રસંગમાં શંકરાચાર્યે સનાતન સિદ્ધાંતો તરફ પ્રજા સમૂહને પાછો વાળ્યો અને બૌદ્ધ ધર્મમાં ગએલામાંના ઘણા ખરા પાછા બ્રાહ્મણ ધર્મમાં આવ્યા; આ લોકોને માટે સચ્છુદ્ર (સત્ શૂદ્ર) નામની એક પાંચમી વર્ણ સ્થપાઇ આ સમય સંવત્ ૮૦૦ ના લગભગનો હતો; બ્રાહ્મણ ધર્મમાંથી બૌદ્ધ કે જૈન ધર્મમાં જવું અને પાછા બ્રાહ્મણધર્મમાં આવવું એ ઉથલપાથલ વિક્રમ સંવત્ પૂર્વે લગભગ પાંચસે વર્ષથી માંડીને વિક્રમ સંવત્ના આઠમા શતક સુધી એટલે લગભગ ૧૨૦૦-૧૩૦૦ વર્ષ સુધી ચાલી.

બ્રાહ્મણ ધર્મ અને બ્રાહ્મણોની વર્ણ વ્યવસ્થા એ બન્નેને ઉથલાવી નાંખનારા જૈન અને બૌદ્ધમતના અનુયાયીઓએ તેમનો ધર્મ અને તેમની વર્ણવ્યવસ્થા એ બેઉને મૂળમાંથી હલાવી નાખ્યાં અને બધું છિન્નભિન્ન ને અસ્તવ્યસ્ત કરી નાખ્યું. અત્યારે આપણે ગુજરાતમાં વસતા (ક્ષત્રિય ગણાતા) રજપૂતોમાં જનોઇ જોતા નથી તેનું મુખ્ય કારણ ઉપર જણાવ્યું તેમ તેમનું સ્થિત્યંતર અને તેનો પ્રભાવ જ છે. ઉત્તર હિંદુસ્થાન અને દક્ષિણમાં ક્ષત્રિયોને વાણિયાઓ હજુ સુધી પરાપૂર્વથી જનોઈ ધારણ કરતા આવ્યા છે. દક્ષિણના વાણિયાઓ ખાવા પીવામાં નિંદ્ય આચાર પાળે છે, છતાં તેઓ જનોઈ પહેરે છે: કારણ કે તેઓ વંશપરંપરાથી પહેરતા આવ્યા છે. મારવાડના વૈશ્યો તથા ક્ષત્રિઓને જનોઈ નથી; કારણ જ્યારથી તેઓ બૌદ્ધ ધર્મમાં દાખલ થયા ત્યારથી તેઓએ જનોઇનો ત્યાગ કર્યો હતો; તેથી બ્રાહ્મણ ધર્મમાં ફરીને દાખલ થવા છતાં જનોઇનો હક તેઓ મેળવી શક્યા નહિં: આથી તેઓ સતશુદ્ર નામની પાંચમી વર્ણના ગણાવા લાગ્યા.

વળી આ સમયે બીજા દેશોની અનેક પ્રજાઓ વિવિધ કારણોને લીધે આ દેશમાં ઉતરી આવી હતી; આ પ્રજાઓ દેશની વર્ણો સાથે ભળીને બીજી વર્ણોના જેવા આચાર વિચાર પાળવા લાગી અને જેઓ સત્તાવાળા હતા તેઓ સત્તાના બળે પોતાને શ્રેષ્ઠ ગણાવવા લાગ્યા, પણ આર્ય પ્રજાનું વર્ણબંધન બહુજ મજબૂત બંધાએલું હોવાથી પરદેશીઓ આર્ય પ્રજા સાથે એકરૂપ થઈ જતા નહોતા. જ્યારે બૌદ્ધ ધર્મ અને બ્રાહ્મણ ધર્મમાં એક બીજાના શ્રેષ્ઠત્વ માટે વાદવિવાદ ચાલતો હતો અને આર્ય પ્રજાએ પણ બ્રાહ્મણમાંથી બૌદ્ધ અને પાછા બૌદ્ધમાંથી બ્રાહ્મણ ધર્મમાં દાખલ થવા માંડયું ત્યારે બ્રાહ્મણોએ પરદેશીઓને તેમજ ઉંચી પંક્તિની કેટલીક વર્ણ-સંકર જાતિઓને અને ઉતરતી વર્ણની કન્યા લેવાથી જેઓ પતિત ગણાતા હતા તેમને તેમના આચાર વિચાર પ્રમાણે ઉંચી નીચી પંક્તિ ઉપર મૂક્યા. પુરાણોમાં આને લગતાં પુષ્કળ દૃષ્ટાન્તો છે. વર્ણભેદ અટક્યાનું અને જ્ઞાતિઓના સમૂહ મુકરર થયાનું ગણીએ તો આ જ સમય મુખ્ય હતો. એવા વિચાર ઉપર આપણે જરૂર આવી શકીએ જ.

જૂદી જૂદી જ્ઞાતિઓના સમૂહ આ સમયે જ મુકરર કરવામાં આવ્યાનું માની શકાય કે જે વખતથીજ વાણિયા જ્ઞાતિ બંધાઇ. બ્રાહ્મણો વિગેરે ખાવા ખવરાવવા અને કન્યા આપવા લેવા માટે પોતાની અનુકૂળતા પ્રમાણે જથા બાંધતા ગયા, તેમ વાણિયાઓમાં પણ ગામ પ્રમાણે જથા બંધાવા લાગ્યા. આના સંબંધમાં વિમલ ચરિત્રમાં એક જગોએ લખેલું છે કે:—

‘ येषु स्थानेषु ये येषु वासिनं वणिजाः स्थिताः ।
तेषां तदवटंकेन ज्ञाति ख्यातेव भूतले ॥

આ સૂત્ર એજ સિદ્ધ કરે છે કે વાણિઆઓ જઇને વસ્યા તે તે સ્થળોના તે વણિકો સ્થિત થયા.

વાણિઆ જ્ઞાતિનો ઉત્પત્તિનો સમય નક્કી કરવા માટે આચાર્યશ્રી બુદ્ધિસાગર સુરિએ પાટણ, માણસા, વિજાપુર, ઉંઝા, ડભોઇ, પાદરા, ડુંગરપુર, ઇડર, વિરમગામ, કેસરીઆજી, ભોયણી, કડી, કલોલ, પેથાપૂર, અમદાવાદ, વડનગર, પ્રાંતિજ વિગેરે ગામોએ ઉત્તર ગુજરાતમાં ફરીને ધાતુની પ્રતિમાઓ ઉપરના લેખોનો મોટો સંગ્રહ એકઠો કર્યો છે. આ સંગ્રહમાં ૧૫૨૩ લેખ છે; તેમાંથી ૧૨૨૦ લેખો ઉપર જૂદી જૂદી જ્ઞાતિ-

ઓનાં નામ આપેલાં છે; આમાંથી ૧૦૮૦ લેખ ઉપર શ્રીમાળી, ઓશવાળ અને પોરવાડની જ્ઞાતિનાં નામ છે; બાકી રહેલા ૧૪૦ લેખ ઉપર જૂદી જૂદી જ્ઞાતિઓનાં નામ છે; તેમાં ખડાયતા જ્ઞાતિના નામવાળા બે લેખો મળી આવે છે. આ લેખો સંવત્ ૧૩૦૦ થી ૧૪૦૦ સુધીના માલુમ પડે છે. આથી 'ખડાયતા જ્ઞાતિ' આજથી લગભગ ૭૦૦ થી ૮૦૦ વર્ષ પૂર્વે હયાતિમાં આવી હોય એવું તો સહજ માની શકાય છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં પણ જ્ઞાતિઓની ઉત્પત્તિનો સમય ગુજરાતમાં લગભગ સને ૧૩૦૦ થી શરૂ થયો છે. આ સમયે ગુજરાતમાં મુસલમાનોના હુમલાથી ગુજરાતનો અને મુખ્યત્વે પાટણની આસપાસનો પ્રદેશ ઉજ્જડ થવા માંડયો હતો અને તે પછીના કેટલાક સમય સુધી આખા ગુજરાતમાં સંક્રાંતિકાળની પેઠે આ સ્થિતિ કાયમ રહી હતી; આથી લોકો પોતાના જાનમાલના રક્ષણાર્થે જૂદે જૂદે ઠેકાણે નાસવા લાગ્યા અને નાના નાના જથ્થાઓમાં તેમને અનુકૂળ સ્થળે રહેવા લાગ્યા; ગુજરાતના પ્રાચીન ઇતિહાસના સંશોધકોએ પણ આ મતનું પ્રતિપાદન કર્યું છે.

બીજી રીતે તપાસીએ તો સં. ૧૨૯૮ માં અલ્લાઉદ્દીને અણહીલવાડ પાટણ લીધું ત્યારથી ગુજરાતમાંથી હિંદુ રાજ્યનો નાશ થયો; હિંદુ દેવાલયોનો પણ ધ્વંસ થવા લાગ્યો; અને આખા ગુજરાતમાં અશાંતિ અને અવ્યવસ્થા ફેલાઈ. આથી પાટણના આસપાસના નગરોમાં વસતા નાગરીકો નગર છોડી અન્ય સ્થળો શોધવા લાગ્યા; આને પરિણામેજ ગુજરાતમાં નાની નાની જ્ઞાતિઓનો જન્મ થયો.

ખડાયત ઉપરથી 'ખડાયતા.'

'હાલમાં ગુજરાત અને કાઠિઆવાડમાં જે વાણિયા બ્રાહ્મણોની અનેક જ્ઞાતિઓ જોવામાં આવે છે, તેમાંની કેટલીક અંણહીલવાડ પાટણની આસપાસ આવેલા નગરોમાંથી આવી છે. કોટેશ્વર અથવા કોટયર્કને ઇષ્ટદેવ ગણનારા ખડાયતા બ્રાહ્મણ અને વાણિયાઓનું મૂળસ્થાન પણ 'ખડાયત્ (ખડાત) છે અને તે ગામપરત્વેજ આપણે 'ખડાયતા નામથી ઓળખાઇએ છીએ.÷

÷દાખલા તરીકે–માળવાના તે શ્રીમાળી, ગુજરાતના–ગુર્જર, ડીસાના દિશાવાળ નગર વડનગર–વીસનગરના નાગર, લાટ્ય દેશના લાડ, ગૌડ–બંગાળાના–શ્રીગોળ, અડાળજના–અડાલજા, મુઢેરાના મોઢ, પુષ્કરના–પુષ્કરા, સોરઠના–સોરઠીઆ, મેવાડના મેવાડા, ધીણોજના–ધીણોજા, વિગેરે.

આ સર્વ જ્ઞાતિઓનાં (હાલમાં અસ્તિત્વ ધરાવતાં) મૂળસ્થાનો અને ઇષ્ટદેવનાં દેવાલયો અણુહીલવાડ પાટણની આસપાસના પ્રદેશમાં આવેલાં છે, અને રજપૂત રાજાઓને આશ્રયે ઉદય પામેલા ઉદ્યોગ અને વિદ્યાઓમાં વળગેલી આ જ્ઞાતિઓ આશ્રયભંગ થયે અન્ય આશ્રય શોધવા નીકળી પડેલી જણાય છે. ઉપરની દૃષ્ટિએ જોતાં ખડાયતા નામ ગામના રહે-વાસ ઉપરથીજ પડેલું સિદ્ધ થઇ શકે છે.

બીજી જ્ઞાતિ સાથે આ જ્ઞાતિનો જોડાયેલો સંબંધ.

કેટલાકો જણાવે છે કે આ જ્ઞાતિનો મૂળ સંબંધ નાગર જ્ઞાતિ સાથે જોડાએલો છે. આ સંબંધમાં "બ્રાહ્મણોત્પત્તિ માર્તંડાધ્યાય" નામના પુસ્તકમાંથી એવો આધાર નીકળે છે કે–"પ્રથમ નાગરોમાં ૮૪ ગોત્ર હતાં, તેમાંથી ૧૨ ગોત્ર ખડાયતાનાં જતાં નાગરોમાં ૭૨ ગોત્ર રહ્યાં છે." હવે ખડાયતા જ્ઞાતિની ઉત્પત્તિને પૌરાણિક દંતકથાના ઇતિહાસ સાથે ભેળવી નાંખતાં પૂર્વે ચમત્કાર પૂરી યાને વડનગરની આજુબાજુના સ્થળોથી આ જ્ઞાતિની ઉત્પત્તિનો સંબંધ કંઇક બંધ બેસતો જણાય છે; તેમજ દંતકથા ઉપર ધોરણ રાખતાં પણ જણાય છે કે, નાગર જ્ઞાતિની વસ્તી મૂળ ૮૪ ગોત્રમાં વહેંચાએલી હતી; તેમાં હાલ ૭૨ ગોત્રની વસ્તી તે જ્ઞાતિમાં વહેં-ચાએલી છે. ત્યારે બાકીના ગોત્રની એક જૂદી સંજ્ઞાથી બીજી જ્ઞાતિ થએલી છે કે કેમ એવી સ્વાભાવિકે શંકા ઉદ્ભવે ખરી: આ વીગતના નિવારણાર્થે

લાટયદેશના સંબંધમાં લાટ– શબ્દ લાડને કેવી રીતે લાગુ પડી શકે છે તેનો "લાટ અવલોકન" પુસ્તકના કર્ત્તા નીચે પ્રમાણેનો ખુલાસો કરે છે.

જે ઉત્તરે સુરાષ્ટ્ર છે, ને દક્ષિણે મહારાષ્ટ્ર છે,
વચ્ચે રહ્યો આ રાષ્ટ્રનો, પ્રદેશ સૌથી શ્રેષ્ટ છે;
એ રાષ્ટ સંજ્ઞા રાટ કે લાટ—લાડ રૂપે થઇ,
વિચવિધ સમાજ કલા અને સાહિત્યમાં સ્ફુટિત થઇ. (૧)

રાષ્ટ–રાટને બદલે લાટ એ દેશ તરીકેનું નામ છે, આ દેશ નર્મદા નદીની ઉત્તરે ઠેઠ સુરાષ્ટ્રની હદ ઉપર ખંભાતના અખાતને નાકે પહોંચ્યો હતો, આને માટે મહી નર્મદોરન્તરકલિ લાટ દેશે. એવાં કેટલાંક તામ્રપત્રોથી પ્રમાણ મળ્યાનું જણાવી લેખક અહીંઆં લાટ ઉપરથી લાડ ભાષાના ફેરફારે રૂપાન્તર થયાનું જણાવે છે. દાખલા તરીકે વટનું વડ, ખેટકનું ખેડ, ઘોટનું ઘોઠક, ઘોડો વગેરે શબ્દોના ફેરફાર માટે (લ) ને બદલે (ર) અને (ર) ને બદલે (લ) વીગેરે પ્રાકૃતમાં કેટલાક વિશેષ ફેરફાર થતો હોવાનાં વિશેષ પ્રમાણો લેખકે તે પુસ્તકમાં રજુ કરેલાં છે.

મેં કેટલીક આજુબાજુની વિગતો મેળવી જોતાં અને નાગરોની મૂળ ઉત્પત્તિ-રૂપ 'નગરખંડ માહાત્મ્ય' નામના ગ્રંથને તપાસી જોતાં, આ જ્ઞાતિ નાગર જ્ઞાતિ કે બીજાં કોઇ જ્ઞાતિ સાથે જોડાએલી હોય અને કાળક્રમે કારણ-વશાત્ જુદી પડેલી હોય તેવું કોઈ પણ પ્રમાણ મને મળી શક્યું નથી.

આ વિષે મેં કંઇક નવું જાણવાની ઇચ્છાથી વધુ તપાસ કરી પણ મૂળની તપાસમાં વધારે ઊમેરો કરી શકાયો નથી. ઉપર કહેવામાં આવ્યું કે—નાગરોનાં મૂળ ૮૪ ગોત્રોમાંથી ૧૨ ગોત્રો જૂદાં પડેલાં છે અને આ જૂદો પડેલો સંમૂહ જૂદી જ્ઞાતિરૂપે સ્થિત થયેલો છે જો આ વિચારને ખરો માનીએતો આ જ્ઞાતિ ૧૨ ગોત્રમાં વહેંચાએલી હાલ આપણે જોઇ શકીએ છીએ તે આ જ્ઞાતિમાંથી જૂદો પડેલો એક સમૂહ જ હોત; પણ નાગરોનાં ૮૪ ગોત્રોનાં નામોની જે વિગત નગરખંડમાં જણાવેલી છે તે તે ગોત્રોનાં નામો સાથે આપણી જ્ઞાતિના ગોત્રોનાં નામો બંધબેસતાં થઇ પડતાં નથી. આ વિગતનો નિર્ણય કરવાનું આપણે હાલ ઊભૂ રાખીએ તો પણ આપણે એ સાર ઉપર તો આવવુંજ પડે છે કે જૂદાં જૂદાં બાર ગોત્રોમાં વહેંચાએલી આપણી જ્ઞાતિનો આ એકત્ર સમૂહ ફક્ત બાર ગોત્રોમાં જ વહેંચાએલો એકજ અધિષ્ટા દેવની છાયા નીચે ગામ પરત્વે પડેલા ખડાયતા વણિકના નામે ૮૪ પ્રકારની વાણિઆ જ્ઞાતિમાં ઠીક દરજ્જો ભોગવે છે.

ઉપરની વીગત જાણ્યા પછીથી આપણને ઇષ્ટ અધિષ્ઠાતા યાને કૂળ દેવની માન્યતાએ જ્ઞાતિમાં ચાલતા આવતા રીવાજો અને ઉત્પત્તિના સંબંધમાં પૌરાણીક દંતકથાના વ્રતાન્ત તરફ પણ નજર નાંખવી પડે છે.

પૌરાણિક દંતકથાના સંબંધમાં તો કેટલીક વીગત જ્ઞાતિને લગતા મારા પહેલાના પુસ્તકમાં વીસ્તારથી મેં જણાવી હતી જ. અહીંઆ પણ તે પ્રસિદ્ધ કરેલી વીગતનો જ કેટલોક ઉતારો લઊં છું.

ખડાયતા જ્ઞાતિની ઉત્પતિ સંબંધે દંતકથા.

"પૂર્વે દ્વાપર યુગમાં કૃષ્ણાવતાર પહેલાં વૃદ્ધ નગર કે જે હાલનું વડનગર છે તેમાં ૮૪ ગોત્રના વૈશ્યોની વસ્તી હતી. આ સમયમાં કેટલાક વૈશ્યોએ અજાણતાં શિવનો પ્રસાદ લેવાથી તે તે જ્ઞાતિવાળાઓએ આ લોકોનો જ્ઞાતિથી બહિષ્કાર કર્યો એ રીતે આ જ્ઞાતિમાંથી ૧૨ ગોત્રના ૩૬ વૈશ્યો અને ૭ ગોત્રના ૧૮ બ્રાહ્મણોને જ્ઞાતિલાઓએ કઢાવ્યું કે તમો શિવ

નિરમાલ્ય પ્રસાદ લેવાથી દુષિત કર્યા તેથી અત્રે નજીક આવેલું કોટયક તીર્થ કે જ્યાં શ્રી કોટયર્ક વિષ્ણુ ભગવાન બીરાજે છે ત્યાં પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થાઓ. આ ગોત્રો વાળા ૩૬ વૈશ્યો અને ૧૮ બ્રાહ્મણોએ આથી શ્રી કોટયર્ક તિર્થમાં આવી યજ્ઞ કરી આ તિર્થના અધિષ્ઠાતા દેવની પ્રસન્નતા મેળવી ત્યારે ભગવાને શ્રીમુખથી આજ્ઞા કરી કે–"વરંબ્રૂહિ" ત્યારે વૈશ્યોએ કહ્યું કે મહારાજ આપના ચરણાર્વિંદની ભક્તિ જોઇએ, ને વિષ્ણુ ભક્તપરાયણ વંશ પરંપરા વૃદ્ધિ ઇચ્છીએ છીએ. ત્યારે ભગવાને અલ્પકાળમાં "સહસ્ત્ર વિધિ તમારાં ઘર થશે, કૂળની વૃદ્ધિ થશે," એવું વરદાન આપ્યું.

કેટલાક સમય પછી આ જ્ઞાતિની વસ્તીનો વધારો થયો અને આજ તિર્થમાં મૂળ ૩૬ વૈશ્યોના આવાગમનથી આ નગરનું નામ "પડાયત" પાડયું. અને આ નગરના શ્રી કોટયર્ક ભગવાનની આ વૈશ્યો અને બ્રાહ્મણો કૂળદેવ તરિકે શેવા કરવા લાગ્યા.

કાળના વિતવા પછી કેટલાક સમયે અગ્નિપ્રકોપ થવાથી સાડા ત્રણ દિવસમાં આ નગર ભાગ્યું. આ નગરનું નામ 'પડાયત' હોવાથી આ નગરના વૈશ્યો અને બ્રાહ્મણો જૂદા જૂદા સ્થળોએ જઇને વસ્યા, તે પડાયત અને ખડાયત ઉપરથી ખડાયતા નામથી ઓળખાવા લાગ્યા.

આ વખતનો આ નગરનો રાજા ગધેસીંહ નામે હતો.*

અગ્નિ પ્રકોપથી આ નગર ભાગ્યું તે સમયમાં આ જ્ઞાતિના કોઇ વૈશ્યને ત્યાં લગ્ન હશે તેથી અદ્ધર વાલના ખેતરમાં લગ્ન થવાથી અદ્યાપિ સુધી પણ લગ્નનો કંસાર જેને (ચરૂ) કહે છે તે આ જ્ઞાતિમાં કૂળ રૂઢી પ્રમાણે વાલનો કરવામાં આવે છે.

કૂળની રૂઢીની એક બીજી પ્રથા પણ આ જ્ઞાતિમાં એવી છે કે–લગ્ન અને બીજા સમારંભે કુળદેવ તરિકે શ્રી કોટયર્ક દેવની સ્થાપના કરવા પછી સઘળા શુભ કાર્યોની શરૂઆત કરવામાં આવે છે અને લગ્નના પ્રસંગમાં તો ખાસ ઇષ્ટ શ્રી કોટયર્કજીની સ્થાપના કરવા પછી મંગળાષ્ટક, ગોત્રોચ્ચાર પણ કરવામા આવે છે.

આ સિવાય કૂળરૂઢીનો એક બીજો રીવાજ આ જ્ઞાતિના મોટા ભાગમાં એવો છે કે કન્યાને પ્રથમ વખતે સાસરે મોકલતી સમયે જે ક્રિયા

---

*આ ક્ષેત્રમાંથી મળી આવતા ત્રાંબા અને ચાદીના સિક્કાઓ ઉપર કંઇક ગધેડાના આકાર જેવું હોય તેમ કલ્પી શકાય છે.

કરવામાં આવે છે. અને જેને આ તરફના લોકો "દિવાલીઆણું" કહે છે તે ક્રિયા કૂળરૂઢી મુજબ ગોત્ર દેવીનાં દર્શન થયા પછી થાય છે. ઘણીક જગોએ પ્રત્યક્ષ રીતે આમ થતું નહીં હોવાથી હાલ પ્રથમ ગોત્રના પૂજન રૂપે "હાથ જોડ" કરવામાં આવે છે અને ત્યાર પછી દીવાળીઆણું કરવામા આવે છે.

આ સિવાય છોકરાઓના, અને ખાસ કરીને પ્રથમ ગર્ભના છોકરાના ચૌલસંસ્કાર (વાળ ઉતરાવવાની ક્રિયા) મોટા ભાગે કૂળરૂઢીથી શ્રી કોટયર્કજી જઇને કરવાની આ જ્ઞાતિના મોટા ભાગના વૈશ્યોમાં માન્યતા રહેલી છે, અને તે અદ્યાપી સુધી ચાલુ છે.

શ્રીકોટયર્કજીનો કાર્તિક સુદ ૧૨ નિમીત્તે ઉજવવામાં આવતો પાટોત્સવ ઉજાણીરૂપે ઉજવવાની સમસ્ત ખડાયતા જ્ઞાતિમાં ચાલી આવેલી માન્યતા એ પણ કૂળના રિતરિવાજની એક જાતની પ્રથા માની શકાય છે. હવે આપણે જો પરંપરા તરફ ધ્યાન આપીએ તો કૂળદેવ તરફની માન્યતા અને તેને સબંધ ધરાવતી રૂઢીઓ પરંપરા ધર્મ રીતે પાળવી યોગ્ય ઠરે છે અને તેમ વર્તવાને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું નિચેનું વાક્ય આપણને વિશેષ ધર્મા ફરજમાં જોડે છે.

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः
धर्मे नष्टे कुलं कृत्स्न मधर्मोभि भवत्युत ॥
उत्सन्न कुल धर्माणां मनुष्याणां जनार्दन ।
नरकेऽनियतं वासो भवतीत्यनुशुश्रुम ॥

પરંપરાથી પ્રાપ્ત થયેલા કુલના ધર્મો નાશ પામવાથી ધર્મનાશ પામે છે અને તેથી કુલને અધર્મ વશ કરી લે છે. હે જનાર્દન ! લોભને વશ થઇ જે પુરૂષો કુલ અને જાતિઆદિના ધર્મનો નાશ કરે છે. તે પુરૂષોનો ઘણા કાળ સુધી રૈરવાદિક નરકોમાં નિવાસ થાય છે. આ વાર્તા કેવળ અમે અમારી બુદ્ધિની કલ્પનાથીજ કહેતા નથી પણ પુર્વ આચાર્યોના મુખથી તથા મહર્ષિઓના મુખથી સાંભળેલી છે. ત્યાં પ્રમાણ છે કે **प्रायाश्चित्तम कर्वाणा पापेष्वभिरतानराः ॥ अपश्चात्तापिन पापात् निरयाम् यान्त्दारूणा- ॥** જે પુરૂષો પાપ કરવામાં પ્રિતીવાળા છે

તથા પાપની નિવૃત્તિ કરવા સારૂ પ્રાયશ્ચિત પણ કરતા નથી તથા પશ્ચાતાપને પણ પામતા નથી તે પુરૂષ તે પાપને વશ થઇને દારૂણ નરકને પામે છે.

ઉપરના વિવેચન પછીથી આપણુને ગોત્રને લગતો તેમજ આપણામાં ખ્યાતિ ભોગવતાં ગોત્રોના સબંધે વિચાર કરવાનો રહે છે.

ગોત્ર વિષે વિચાર.

ગોત્ર એ વેદ, ઉપવેદ, ગોત્ર, શાખા, સૂત્રો, પ્રવર શિખા પાદ અને દેવતા એ રીતે વેદાદિ નવ બાબતો ઉપર વધારે ભાર મૂકે છે. વેદના સંબંધમાં જગતના નિયંતા બ્રહ્મદેવના મુખથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચાર વેદો મુખ્ય ગણાય છે; અને જેણે જે વેદ વધારે માન્યો તે વેદ તેનો કહેવાય છે. ઉપવેદમાં પણ ચાર વેદોના અંગીભૂત, આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, શિલ્પશાસ્ત્ર એ ગુણ ધર્મ પ્રમાણે હોવાનું ગણાય છે. ગોત્ર એ જે ઋષિથી પોતાની ઉત્પત્તિ થઈ તે ઋષિનું જે નામ તે પોતાનું ગોત્ર કહેવાય છે. શાખા જે સમયથા ઉત્પતિની પ્રસિદ્ધિ થઈ તે સમયનું જે નામ ગણાતું તે સાથેજ સંબંધ રાખે છે; તેમજ સૂત્ર તે યજ્ઞોપવિતને માટે જે ઋષિએ સૂત્ર આપ્યું તે ઋષિનું જે નામ તે નામ સૂત્રનું કહેવાય છે; પ્રવરમાં સૂત્રના મધ્યમાં જે ગાંઠો હોય છે તેને પ્રવર કહે છે.

શિખા ચોટલીની ગાંઠને કહે છે; સંધ્યાવંદન વખતે શિખા બાંધીને મંત્રોચ્ચાર કરવાનો પ્રબંધ પણ એજ દૃષ્ટિએ હાલ આપણે જોઇએ છીએ: પાદ પણ જમણો, ડાબો અમુક રીતે સંધ્યાવંદનમાં લેવાતો હોવાનું અને તેને મંત્રયુક્ત જળથી સ્પર્શ કરીને સંધ્યા યજ્ઞ ઇત્યાદિકમાં લેવાનું આપણે જાણીએ છીએ: અને દેવતા તે જે વેદનો સ્વામી હોય જેવા કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઇન્દ્ર તેઓ તે વેદના દેવતા ગણાય છે.

હવે આપણી સ્થિતિ વેદ અને ઉપવેદને લગતા વિચાર કરવાની રહી નથીજ: ગોત્રના સંબંધમાં પણ મૂળ કયા ઋષિના આપણે વંશજો છીએ તેનું સપ્રમાણ મેળવી શકાયું નથી. પુરાણોમાં કે જેમાં ઘણીખરી જ્ઞાતિઓની ઉત્પતિ બતાવનારો ગ્રંથ પદ્મપુરાણ ગણાય છે, તેમાંથી પણ ક્ષેત્ર અને દેવના મહાત્મ્ય સિવાય ગોત્ર કે શાખાના સંબંધનો વિશેષ નિર્ણય કંઈ થઇ શકતો નથી, અને આપણા માટે તો આપણા ઇષ્ટના અધિષ્ઠાન-ગોત્રની દેવીઓ છે તે ઉપર જ માત્ર આધાર રાખવો પડે છે.

વાણિઆની મુખ્ય જાતો ચોરાશી ગણાય છે; અને તેજ આધારે કેટલાક સંશોધનની રીતે હાલનાં પ્રસિદ્ધ થએલાં પુસ્તકોમાં આ ૮૪ જાતો અને ગોત્રોનું વર્ણન આપેલું મળી આવે છે.

હવે આ ગોત્રે આર્યપ્રજા ઉપર શી અસર કરી છે તે તપાસીએ; આર્યપ્રજા પોતાની વંશ વિશુદ્ધિ માટે બહુ ચીવટ ધરાવતી આવી છે: એ ચીવટને અંગે તેણે એવા એવા બંધ બાંધી મૂક્યા છે કે કરોળિઆની જાળીની માફક બહારનો કોઇપણ માણસ એકદમ તેમાં પેસી શકે નહિ. ગોત્ર એ આવાં બંધનોમાંનું એક બંધન છે; હાલની જ્ઞાતિઓ બંધાયા પછી ગોત્રનું મહત્વ ઘણું ઓછું થઇ ગયું છે: પણ જ્યાંસુધી હાલના જેવું જ્ઞાતિ બંધારણ નહોતું ત્યાં સુધી દરેક માણસ સાથે કંઇપણ સંબંધ બાંધતા પહેલાં તેનું ગોત્ર પૂછવામાં આવતું હતું; ' અમર કોષ ' માં ગોત્રના અર્થ **संतति, जननम्, कुलज: अभिजन: अन्य: वंश: अन्ववाय:** અને **संतान:** એ પ્રમાણે આપ્યા છે. આ શબ્દો જોતાં જે નામથી વંશ ઓળખાતો હોય, **જેની પરંપરામાં એ વંશ જન્મ પામ્યો અને ચાલતો આવ્યો હોય તે ગોત્ર ગણાય.** આ પ્રમાણે વંશના મુખ્ય પુરૂષના નામ ઉપરથી ગોત્ર ચાલતાં આવ્યાં છે. બ્રાહ્મણોમાં અને કેટલીક બીજી જ્ઞાતિઓમાં પણ ગોત્ર વંશના પ્રથમ પુરૂષના નામ ઉપરથી જ આવ્યાં છે. અને તે લગભગ ૨૦૦૦ વર્ષ કરતાં વધારે જૂનાં છે-

દૃષ્ટાંત તરિકે:—

હરિવંશ, ઇક્ષ્વાકુવંશ, કુરૂકુળ, જાદવકુળ વગેરે.

ઉપર આપણે જોઇ ગયા કે ગોત્રનાં નામ વંશના મૂળ પુરૂષ ઉપરથી પડેલાં હોવાં જોઇએ. ગોત્રનો ઉચ્ચાર મુખ્યત્વે ત્રણે વર્ણોમાં શુભાશુભ પ્રસંગે કરવામાં આવે છે. બ્રાહ્મણોને દરરોજ સંધ્યા વખતે તેમજ દરેક શુભાશુભ પ્રસંગે ક્રિયા કરાવતી વખતે પોતાના ગોત્રનો ઉચ્ચાર કરવો પડે છે; વાણિઆ તેમજ બીજી જ્ઞાતિઓમાં પણ શુભાશુભ પ્રસંગે ગોત્રની જરૂર પડે છે; પણ આ પરંપરાનો રિવાજ સર્વ જ્ઞાતિઓમાં જોવામાં આવતો નથી; અને હાલમાં ક્ષત્રિય અને વૈશ્યમાંથી આ પરંપરા નષ્ટ થએલી જોવામાં આવે છે. આ સાથે ધાર્મિક અને રાજકીય ઉથલપાથલને લીધે કેટલીક નવી જ્ઞાતિઓ હયાતિમાં આવી; આ નવી જ્ઞાતિઓમાંની ઘણીખરી વૈશ્યજ્ઞાતિની પેટા જ્ઞાતિઓ હતી. આ નવી જ્ઞાતિઓથી ઉભી થએલી

મુશ્કેલીને દૂર કરવાને માટે 'સતશુદ્ર' જ્ઞાતિ નામે એક નવી જ્ઞાતિ સ્થાપવામાં આવી; અને એમના ગોત્રના માટે એમ નક્કી કરવામાં આવ્યું કે એમના કુળગોરનું ગોત્ર તે એમનું ગોત્ર આવી પરંપરા પણ જે લોકોમાં સચવાતી નથી તે સર્વનું 'કશ્યપ' ગોત્ર કહીને હાલ તો ચલાવી લેવામાં આવે છે.

એ રીતે મૂળ પુરૂષના નામ ઉપરથી ગોત્રનાં નામો પડેલાં છે: પણ દરેક વિગતમાં તેમ બન્યું નથી; અને કેટલાક દાખલાઓમાં તો ગોત્રનાં અસંબંધ નામો પડવામાં પણ રમુજી દાખલાઓ મળે છે. વાંચનારને આ વિષયમાં રસ પડે તે માટે મૂળ લેખ લંબાવા છતાં તેવાં થોડાંક દ્દષ્ટાન્તોનો આ નિચે હમો ઉતારો કરીએ છીએઃ—

(૧) મંડોવરના રાજાને શરીર ઉપર ફૂટી નીકળેલું ઝેર શ્રીજીન-સૂરિએ ગાયનું માખણ ચોપડાવીને મટાડયું; અને સરત પ્રમાણે રાજા જૈન ધર્મી થયો. જે ગાયનું માખણ ચોપડવામાં આવ્યું હતું તે ગાયનું નામ 'કુકડી' હતું, તેથી એ રાજાનું 'કુકડ' ગોત્ર ઠરાવ્યું; અને 'માખણ ચોપડો' એમ કહ્યું તેથી બીજું નામ 'ચોપડા ગોત્ર' પાડયું! ગુણધરજી નામનો કાયસ્થ રાજાનો દિવાન હતો, તે જૈનધર્મના ચમત્કાર જોઇને જૈન ધર્મી થયો. ચોપડવાનું માખણ લાવી આપનાર આ દિવાન હતો, તેથી તેના ગોત્રનું નામ 'ગુણધર ચોપડા' પાડયું.

(૨) સચેતી ગોત્રઃ—સં. ૧૦૨૬ માં દિલ્હીમાં રાજકુમાર સોનગરા ચૌહાણ બોહિત્થકુમારને શ્રીવર્ધમાનસૂરિએ કૃત્રિમ (દોરડીનો) સાપ બનાવી બગીચામાં કરડાવ્યો; અને પાછો એને સચેત કર્યો, માટે એના ગોત્રનું નામ 'સચેતી ગોત્ર' પાડયું.

આવીજ રીતે ગોત્રોનાં જૂદાં જૂદાં નામો પડયાના ઘણાક રમુજી દાખલાઓ મળે છે. વણિકોની જૂદી જૂદી જ્ઞાતિઓમાં શ્રીમાળી, લાડ, નાગર, નીમા આપણે ખડાયતા એ વિગેરે થોડીકજ જ્ઞાતિઓમાં ગોત્રો હોવાનું જણાય છે.

આપણી જ્ઞાતિ માટે ગોત્ર અને તેની કુળદેવીઓ નીચે પ્રમાણે છે.

ગોત્ર.	દેવીઓ.
૧ ભટસ્યાણું	ભંડોદરી

ગોત્રના સબંધમાં થોડાકજ સમય ઉપર જ્ઞાતિના પત્રમાં શરૂ થયેલી ચર્ચામાં આજ મત રા. બ. કાંટાવાળાએ જણાવ્યાનું આપણે વાંચી ગયા છીએ.

૨	ગુદાણું	ગુણુમયા
૩	મેરવાણું	મહિપાલની
૪	સાલીસ્યાણું	સુરેશ્વરી
૫	વશીઆણું	વિશ્વેશ્વરી
૬	નાણું	નારાયણી
૭	નદીઆણું	નિત્યાનંદની
૮	સાવલાણું	શંકર
૯	નાંદિલું	નરેશ્વરી
૧૦	નરસાણું	નૃસિંહી
૧૧	કલ્યાણું	કલ્યાણી
૧૨	કગરાણું	કામાંક્ષી

ઉપરના ગોત્રોની કુલદેવીઓ સાથે ખડાયતા બ્રાહ્મણોની તેઓનાં ગોત્રો. જનકસી, કૃષ્ણાત્રી, કૌસક, વસિષ્ટ, ભારદ્વાજ, ગાર્ગસ, અને વત્સસની વારાહી, ખરાનના, ચામુંડા, બાળગૌરી, બંધુ, સુરભી, અને આત્મચંદ્રા નામે સાત દેવીઓ મલીને કુલ્લ ૧૯ ગોત્રદેવીઓ શ્રી કોટયર્કજીના મંદિરમાં બીરાજે છે.

દશા વિશાના ભેદ વિષે વિચાર.

દશા વિશાના ભેદ ગુજરાતની સર્વ વાણિયા જ્ઞાતિઓમાં છે. બધી જ્ઞાતિઓમાં આ એક સરખા ભેદ ક્યારે કેવી રીતે અને કયે વખતે ઉત્પન્ન થયા વિગેરે પ્રશ્નો અવશ્ય જીજ્ઞાસા ઉત્પન્ન કરે તેવા છે. આ બાબતમાં ઘણાં અનુમાનો દોરવામાં આવ્યાં છે; પણ આપણને કયા નિર્ણય ઉપર આવવું તે નક્કી કરવાનું ઐતિહાસિક પ્રમાણો ઉપર આધાર રાખવાનું વધારે બંધ બેસતું થઇ પડે છે. આ માટે થોડાંક પ્રમાણો તો હું નિચે રજૂ કરૂં છું જ.

પ્રથમતઃ સ્વાભાવિક રીતે આપણને એજ શંકા ઉપસ્થિત થાય કે દશા અને વિશા એ સંખ્યા વાચક શબ્દો છે તે સંખ્યા શાની હશે? આ બાબતમાં સુરત જીલ્લાના ચીખલી તાલુકામાં ચીખલીથી આશરે બે ગાઉ ઉપર મજા ગામની સીમમાં " મલ્લિકાર્જુન " મહાદેવનું દેવળ છે. આ દેવળ સંવત્ ૧૬૭૯ માં સુરતના ડીડૂ વાણિયાએ બંધાવ્યું છે; કે તે દેવળ સાથે એક શિલા લેખ છે; આ શિલા લેખમાં 'વિશા' ના સબંધે 'ડીડૂ સાજની વસા ૨૦' એમ લખ્યું છે. 'વિસા ડીડૂ' એમ લખવાને બદલે 'વસા ૨૦' એમ લખ્યું છે. 'વિસા' અથવા 'વસા ૨૦' એ બે શબ્દોનો એકજ અર્થ થાય છે એવું આ લેખ ઉપરથી જણાય છે.

સંવત્ ૧૭૪૧ માં લક્ષ્મી રત્ને રચેલા 'ખેમા હડાલીયા' ના રાસમાં પણ વિશાનો અર્થ 'વિસ વસાના' એવોજ કર્યો છે. 'જૈન સંપ્રદાય શિક્ષા' નામના હમણાં પ્રકટ થએલા ગ્રંથમાં સન્નિપાતનું વર્ણન કરતાં એ શબ્દનો આ પ્રમાણે ઉપયોગ કર્યો છે:—

" જીવ્હા દગ્ધસ્ત દીસૈ, તીક્ષણ સ્પર્શ પુનિ વિશ્વ–વિસે,

ઉખધ ખાઇ દિન એકવીસ ભય ન રોગ જાઇ વિશ્વાવીસ. "

ચારણ કવિ લક્ષ્મણે રચેલા રૂકિમણિ વિવાહમાં એ શબ્દો આ પ્રમાણે વપરાયા છેઃ—

" મૈ મન કલ્પ્યોં માહરે, કારણિ તુજ કિસંન,

બીસવા બીસ ન આવી રયૌં, તો હોમે સ્યૌં તન. "

ઉત્તમ કુળવાળા, પૂરેપૂરી યોગ્યતાવાળા તે વીસ વસાના: અને તેથી ઓછી યોગ્યતાવાળા તે ઓછા વસાના.

નવા વર્ષની શરૂઆતમાં વરસનો વરતારો વાંચવાનો રિવાજ પ્રથમથી હાલ સુધી ચાલતો આવ્યાની પ્રથા ગામડાઓમાં હજુ ચાલુ છે, જેને સાર પત્રિકા અથવા સારો કહે છે; તેમાં પણ જૂદી જૂદી વસ્તુઓનું પ્રમાણ વસાથી બતાવવામાં આવે છે: જેના વીસ વસા હોય તે પરિપૂર્ણ કહેવાય અને તેથી જેટલા વશા ઓછા હોય તેટલું તે ઓછું ગણાય. એજ પ્રમાણે માણસને માટે બોલતાં જે ઠરેલ, પ્રામાણિક અને ડાહ્યો હોય તેને 'એતો વીશી માણસ છે' એમ કહે છે. માલમાં પણ સારામાઠાને બદલે 'વીશી' 'પોણી વીશી' કહેવાનો પણ ચાલ છે, આથી એવા અનુમાન ઉપર

સહજ રીતે આપણે આવી શકીએ છીએ કે-ચઢતા ઉતરતુંપાણું પૂર્વે વસા-થી ગણાતું હતું.

સત્તરમા શતકમાં થએલા મહોપાધ્યાય શ્રીજયસોમના શિષ્ય મહેશ્રી ગુણવિનય તેમના શિષ્ય વાચકશ્રી કીર્તિ ગણી એમના લખેલા 'પ્રશ્નોત્તર પ્રશ્નાનાં પ્રત્યુત્તરાણે' એ નામના લેખમાં હીનજાતિ સબંધીના પ્રશ્નના જુવાબમાં તેઓએ લખેલું છે કે-'तेन लोके विंशति विश्वोपकोऽयं दश विश्वोपकोऽयं इत्येवं व्यवहारः सांप्रतो न पत्र बोधव्यो.' અર્થ:-(તે લોકોમાં આ વીશે-વીસ વસાનો, આ દશ વસા-નો એવો વ્યવહાર ચાલે છે તે જાણવું.) અર્થાત્ ચઢતા તે વિશ વશાના અને ઉતરતા તે દશ વશાના એ આ પ્રમાણુ આ બેઉને પણ લાગુ પાડેલું હોવું જોઇએ.

આ સબંધમાં મૂર્તિઓ ઉપરના લેખ નાગરી અને સંસ્કૃત ભાષામાં લખેલા હોવાથી દશા અને વિશાને બદલે સંસ્કૃતમાં 'લઘુ શાખા' અને 'વૃદ્ધ શાખા' એવી રીતે ભેદ બતાવવામાં આવ્યા છે. આને માટે મૂર્તિ-ઓ ઉપરના જૂદા જૂદા લેખો તપાસવાથી કેટલીક વિશેષ સાબિતી મળે છે: જે માંહેના કેટલાક દાખલાઓ લઇએ તો ઉમરેડની વડી ભાગોળે ત-ળાવ ઉપર એક શિલા લેખ છે, તેના ઉપર નીચે પ્રમાણે લખ્યું છે:—
संवत् १७१८ वर्षे फाल्गुन सुद ७ सोमे श्री उमरेठि वास्तव्य-लघुशाखा ज्ञाति वोरा मलया सुत ॥

આ અને બીજે સ્થળે પણ કેટલાક અન્ય લેખો છે: આ સઘળાઓ ઉપર 'દશા' ને 'વિશાને' બદલે 'લઘુ શાખા' અને 'વૃદ્ધ શાખા' શબ્દો જ વાપરેલા છે; બાબુ સાહેબે સંગ્રહેલા એક હજાર લેખની વિગત ઉપર નજર કરીએ છીએ તો પણુ-જોઇ શકાય છે કે-'દશા' અને 'વિશા' ને બદલે 'લઘુ શાખા' અને 'વૃદ્ધ શાખા' શબ્દોજ વાપરવામાં આવ્યા છે. તે સંવત્ ૧૪૯૫ પહેલાંની કોઇ પણુ મૂર્તિ ઉપર લખ્યાનું અહીંઆં આ-પણે સમય નક્કી કરવા તરફ નજર નાંખીએ તો આ સઘળું જોવામાં આવતું નથી; ગુજરાત, મારવાડ, અને કાઠિઆવાડની મૂર્તિઓ ઉપરના સઘળા લેખોમાં પણુ આજ પ્રમાણે છે, અને આપણે જેમ જેમ સંવત્ ૧૬૦૦ થી નીચે ઉતરતા જઇએ છીએ તેમ તેમ લઘુ શાખા અને વૃદ્ધ-શાખા એ શબ્દો વધારે પ્રમાણુમાં વપરાએલા જોવામાં આવે છે; હાલમાં પણુ આપણે જોઇએ છીએ કે-દશા અને વિશા બન્ને પોત પોતાના

તડને સ્વતંત્ર માને છે. સંવત્ ૧૫૦૦ ઉપરના લેખોની તપાસ કરતાં તેમાં આ ભેદ જોવામાં આવતો નથી. એટલે આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે આ ભેદ સંવત ૧૫૦૦ પછીના નથી, તેમજ તે બહુ જૂના પણ નથી; હવે સંવત્ ૧૫૦૦ પહેલાં કેટલા વખત ઉપર આ ભેદો પડયા તેનો થોડોક વિચાર કરવો જરૂરનો થઇ પડશે જ, પણ આ સમય નક્કી કરતા પહેલાં પ્રથમતઃ આ ભેદનું સ્વરૂપ શું છે તેનો નિર્ણય કે વિચાર કરવામાં આ ભેદો એક સ્વતન્ત્ર જ્ઞાતિ તરિકે સ્વીકારીએ કે વિભાગો તરિકે તેને માની લઇએ તેનો વિચાર કરવાની જરૂર રહે છે. આ સંબંધે મૂળ શ્રીમાળી જ્ઞાતિમાંથી હાલ જે બીજી જ્ઞાતિઓ જૂદાં જૂદાં નામ ધરાવતી થઇ છે, તે ઉપર નજર નાંખીએ છીએ તોપણ એવા સાર ઉપર આવી શકાય છે કે દશા વિશાના આ ભેદો એ સ્વતન્ત્ર જ્ઞાતિ તરિકે ના નથી પણ તે એકજ જ્ઞાતિના પેટા વિભાગો અને વાણિઆઓની જૂદી જૂદી ઘણી જ્ઞાતિઓમાં આ ભેદો હોવાનું જણાઇ આવે છે. દાખલા તરિકે દશા વિશા શ્રીમાળી, દશા વિશા ઓસવાળ, દશા વિશા ખડાયતા વિગેરે.

દેશીય અને વિદેશીય.

આ સબંધમાં કેટલાક ગૃહસ્થોનો એવો પણ અભિપ્રાય છે કે-રજપૂત રાજાઓના સમયમાં ગુજરાતમાં મુખ્યત્વે કરીને પાટણના આસપાસના મુલકમાં રહેતી ઘણી વણિક જાતો વાણિયાના નામથી ઓળખાતી હતી. પણ વેપાર ઉદ્યોગના વધવાથી બીજા દેશોમાંથી ઉત્તર અને દક્ષિણ હિંદુસ્તાનમાંથી વેપાર કરવા બીજી કોમો આવવા લાગી ત્યારે તેનાં બે નામ પડયાં. ગુજરાતના મૂળ રહીશો દેશીય, અને બીજા દેશોમાંથી આવીને વસેલા વિદેશીય: આજ શબ્દોનું અપભ્રંશરૂપ થઇને દશા અને વિશા નામ પડેલું છે, અને તેજ આપણે અમુક પ્રકારના દશા અને અમુક પ્રકારના વિશા વાણિયા એમ ઓળખીએ છીએ. ગુજરાતના જે ભાગમાં કે ગામમાં એ વિદેશીય વણિકો રહેવા લાગ્યા: તે ભાગના વણિકોનું પોતે નામ ધારણ કર્યું: અને તેમની સાથે વ્યવહારમાં જોડાયા. ગુજરાતના રજપૂત રાજ્યની અસ્ત દશામાં જ્યારે આ પ્રદેશમાંથી બધી વસ્તી વિખેરાઇ ગઇ, ત્યારે જેવી રીતે અમુક ગામ કે પ્રદેશમાં વસતા વણિકોએ પોતાની જાતના નામ સાથે તે ભાગનું કે ગામનું નામ જોડયું, તેવી રીતે દેશીય અને વિદેશીય એટલે દશા ને વિશા, એ નામ પણ જોડયું.

દશા અને વિશાનો આવા પ્રકારનો ભેદ પડવાનું એક કારણ પૌરાણિક દંત કથામાં પણ આવુંજ કહેવામાં આવે છે. આ ભેદ વેણીવચ્છ રાજાના સમયમાં પડેલા હોવાનું કહેવામાં આવે છે. આ વણીવચ્છ રાજા પૂર્વે ઇડરની રાજ્યગાદી ઉપર હતો એવું રાસમાળામાં પણ લખ્યું છે 'ગુજરાત રાજસ્થાન' માં પણ આ સબંધે લખે છે કે—ઇડર એ દ્વાપરયુગમાં ઐલવણ અને તેના મોટાભાઇ વાતાપી નામના રાક્ષસોનું રહેઠાણ હતું. રાસમાળામાં લખેલા બનાવોનો આ સમય અને 'ગુજરાત રાજસ્થાન' ભારત રાજ્યમંડલ વિગેરે પુસ્તકોમાં કેટલીક જગોએ લખેલી આ વિગતોથી એવા અનુમાન તરફ દોરાઇ જવાય છે કે આ સમય ઘણું કરીને દ્વાપરયુગનો હશે. પણ હમો આજ પુસ્તકમાં જે ઐતિહાસિક પ્રમાણો રજૂ કરવા તરફ ખેંચાયા છીએ તે જોતાં હમો તો એવાજ અભિપ્રાય ઉપર આવી શકીએ છીએ કે દંતકથા તરીકે રજૂ કરવામાં આવતું આ દૃષ્ટાન્ત સમય નક્કી કરવા માટે વિશેષ બંધબેસતું નથી.

હવે આપણે સમયનો નિર્ણય કરવા માંગીએ તો બે રીતે જ કરી શકીએ. ૧ ઐતિહાસિક દૃષ્ટાંતો ઉપરથી અગરતો ૨ વિગતો ઉપરના દોરેલા અનુમાનો ઉપરથી. ૩ અગરતો સમય અને સંજોગો ઉપરના કાઢેલા નિષ્કર્ષ (તારણ) ઉપરથી એટલે જો ઐતિહાસિક વિગતો આપણને સપ્રમાણ મળી આવે તો આપણે વિગતોના અનુમાન ઉપર નિર્ણય કરવાની મહેનતમાંથી બચી શકીએ છીએ. પણ જ્યાં ઐતિહાસિક પ્રમાણોનો અભાવ હોય છે ત્યાં વિગત ઉપરજ આપણને ઉતરવું પડે છે. આપણે માટે પણ આ દૃષ્ટિએ વિગત ઉપર આવવાનું રહે છે. જો કે પ્રમાણો કેટલાંક એવાં મળી શકે છે કે તેને સપ્રમાણ ઐતિહાસિક ઘટનામાં આપણે ઘટાવી શકીએ. તો પણ આ દૃષ્ટિના વિચારે અમુક નિર્ણય કરવાનું કામ વાંચનારને સોંપીને હમોએ તો વિગતમાં ઉતરવાનુંજ વધારે પસંદ કરેલું છે. આ રીતે જ્ઞાતિઓને લગતો આ સંબંધ મૂળ વસ્તુપાળ તેજપાળના ઉદાહરણ સાથે વધારે બંધ બેસતો થઇ પડે છે. જેથી હમોએ તેને લગતીજ કેટલીક વિગતો રજૂ કરવા તરફ વધારે ધ્યાન આપ્યું છે.

વસ્તુપાળ તેજપાળનો સબંધ.

આ ઐતિહાસિક ઘટના સાથે વસ્તુપાળ તેજપાળનાં નામ અમરજ રહેશે. તેઓના સબંધે અનેક પ્રમાણો અને કિવંદન્તીઓ છે. આ સવે

પ્રમાણો અને વિગતો એજ સાબિતી પૂરી પાડે છે કે:—વસ્તુપાળ તેજપાળના સમયમાંજ દશા વિશાના ભેદ પડયા છે.

શ્રીજૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડના સન ૧૯૧૫ ના ખાસ અંકમાં ' જૈન એસોસિએશન ઓફ ઇન્ડીયા ' તરફથી ' તપગચ્છ પટ્ટાવલિ ' ના પ્રાચીનના મળેલા લેખો ઉપરથી વિગત કહાડીને પ્રસિદ્ધ કરવામાં આવી છે તેમાં વસ્તુપાળ તેજપાળ અને દશા વિશા સંબંધી નીચે પ્રમાણે હકીકત છે.

વસ્તુપાળ તેજપાળનો સંબંધ:—' ગુજરાત દેશમાં ધુલકા (ધોળકા) નગરમાં ઉબરડ ગોત્રમાં પ્રાગ્વાટ જ્ઞાતિમાં શા. આસરાજ રહેતા હતા. તેઓ પાટણમાં વસ્ત્ર વ્યાપાર અર્થે આવ્યા; અને ત્યાં દુકાન માંડીને રહ્યા પછી તેઓ માલસુદ ગામમાં વ્યાપાર કરવા લાગ્યા. એક વખત પંચાસરા પાસની યાત્રા કરી ધર્મશાળામાં ચિત્રવાલ ગચ્છના શ્રી ભુવન મંદ્રસૂરિને વાંદી (પ્રણામ. કરી) બેઠા. એવામાં ત્યાં શ્રીમાલી જ્ઞાતિનો વણહર ગોત્રનો શા આંબો તેની સ્ત્રી લક્ષ્મી અને તેની પુત્રી બાળવિધવા કુંવરીશ્રી ગુરૂને પ્રણામ કરે છે, એટલામાં ગુરૂને વંદતાં શ્રી સૂરિએ બાળકુક્ષીએ તલવણ દેખી મસ્તક ધુણાવ્યું, ત્યારે પાસે બેઠેલા શિષ્યે કહ્યું ' શ્રી ગુરૂ આનું કારણ શું ? ' ગુરૂએ કહ્યુ, ' આની કુક્ષીનાં યુગ્મ પુત્ર વસ્તુપાલ :તેજપાલ નામે ઘણા પુણ્યશાળી થશે, અને તેમનાં નામ આચંદ્રાર્ક રહેશે ! શા. આસરાજે આ વચન સાંભળ્યાં પછી કેટલાક દિવસે પૂર્વ કર્મના યોગથી તે બન્નેનો સંગ થયો, એટલે ત્યાંથી તેઓ બન્ને નાસી ગયાં; અને માંડિલ (માંડલ) નગરે જઈ રહ્યાં, અનુક્રમે વિક્રમ સંવત્ ૧૨૬૦ વર્ષે વસ્તુપાલનો જન્મ થયો; અને કેટલાક સમય પછી તેજપાલનો જન્મ થયો. માંડલમાં આ કુટુંબ બન્ને ભાઇઓ પાંચ વર્ષના થયા ત્યાં સુધી રહ્યું. પછી લોકોએ જ્ઞાતિ વિગેરે પૂછવાથી તેઓ ત્યાંથી નીકળી ધોડિઆલ ગામમાં પોતાને દેશ આવી રહ્યા. ત્યાં આગળ ઘી કૂપિકાનો વ્યાપાર શરૂ કર્યો. એવામાં શ્રી ભુવનચંદ્ર સૂરિ વિહાર કરતા ત્યાં આવી પહોંચ્યા; તેમણે આ બન્ને પુત્રોને ઓળખ્યા: અને તેમને જીનશાસનમાં કીર્તિકારક યોગ્ય જાણી અંબિકા અને કરડયક્ષ વર દીધો. કેટલોક સમય વ્યતીત કર્યા પછી શા. આસરાજ કુંવર તથા પોતાના બન્ને પુત્રો સાથે ધવલક નગરમાં આવી રહ્યા; ગુરૂએ આપેલા વરના પ્રભાવથી વેપારમાં સારી સ્થિતિ પ્રાપ્ત કરી. તસંવ ૧૨૭૪ માં બન્ને ભાઇઓનાં લગ્ન થયાં; એવામાં માતા કુંવરનો

સ્વર્ગવાસ થયો; આવી રીતે તેઓએ ૧૮ વર્ષ સુધી વેપાર કર્યો: આજ વર્ષમાં એટલે સંવત્ ૧૨૭૪ માં અંબિકા અને કવડયક્ષની કૃપાથી રાજશ્રી વીરધવલે વસ્તુપાલને ઘણા આગ્રહ પૂર્વક મંત્રિપદ આપ્યું. પોતાના મંત્રિ-પદ તથા ભંડારી પદના તિલક કરવાના શુભ પ્રસંગે વસ્તુપાલે બધી જ્ઞાતિઓને પોતાને ત્યાં જમવા નોતરી; પણ ભાગ્યવશાત્ પાટણમાં નગર શેઠને ઘેર નોતરૂં દેવાનું ભૂલી જવાયું. શેઠની સ્થિતિ સામાન્ય હોવાથી, અને તેમનો પુત્ર નેસ્તીનો ધંધો કરતો હોવાથી નજીકના ગામડામાંથી બપોરના ઘેર આવ્યો, તે સમયે તેણે પોતાની માતાને રૂદન કરતી દેખી; કારણ પૂછતાં માતાએ કારણ કહ્યું; અને આનો બદલો વાળવાને માટે ઉપાય બતાવ્યો: આવા અપમાનથી ક્રોધિત થએલો પુત્ર જ્યાં આગળ ચોરાસી જ્ઞાતિના વાણિયા હર્ષથી ભોજન કરતા હતા ત્યાં આવી 'વસ્તુપાલ તેજપાલ એક વિધવાના પુત્ર છે' એમ કહી સર્વ હકીકત અથથી ઇતિ સુધી કહી સંભળાવી; પરિણામે જમણમાં ભંગ ણ પડ્યું: જેઓ આ હકીકત સાંભળી ઉઠી ગયા તેઓ વિસા ચઢીઆતા કહેવાયા; અને જેઓ વસ્તુપાલની તરફેણમાં રહ્યા, તેઓ દશા એટલે હલકા કહેવાયા. આવી રીતે સુમારે સંવત્ ૧૨૭૫ માં મંત્રી વસ્તુપાલ અને તેજપાલથી પ્રાગ્વાટ લઘુ-શાખા પ્રગટ થઈ.

વળી સંવત્ ૧૫૭૮ માં સૌભાગ્યનંદી સૂરિએ રચેલા 'વિમલ ચરિત્ર' માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—'એમાંથી (વસ્તુપાલ અને તેજપાલના આ બનાવ પછી એટલે કે લઘુશાખા અને વૃદ્ધશાખા એવા બે ભેદ સ્થપાયા તેમાંથી) પોરવાડ વિગેરે જ્ઞાતિઓમાં વીસ વસાની (વિશા) જ્ઞાતિઓ થઈ. જેમણે પરસ્ત્રી ગ્રહણ કરી તે દશા તેમજ મદ્યાદિ હલકા ધંધા કરનારા પણ દશા ગણાયા. બેઉ પક્ષે (બાપના અને મોસાળના) પૂરા તે વિશા અથવા જેમનામાં બેઉ (ઉત્તમ કૂળ અને ઉત્તમ આચરણ) ગુણો તે પૂરા વિશ વસાના કહેવાયા; અને જેમનામાં એકજ ગુણ હોય તેઓ વિસથી અર્ધા (દશા) ગણાયા.

સંવત્ ૧૮૮૧ માં રચાએલા 'સોહંકુલરત્ન પટ્ટાવલી રાસ' માં પણ દશા વિશાના ભેદ વિષે ખુલાસો કરતાં નિચે પ્રમાણે અનુમાન દોર્યું છે:-'જેઓ બાલકની સાથે નગરશેઠના પુત્રે જ્યારે વસ્તુપાલ તેજપાલ વિધવાના પુત્રો છે એવું કહ્યું ત્યારે' ઉભા થયા તે વિસા કહેવાયા; અને ત્યાં આગળ બેસીને જમ્યા તે દશા કહેવાયા. તે દશા વસ્તુપાલ તેજપાલના પક્ષના!

વસ્તુપાલ તેજપાલ દશા પોરવાડ જ્ઞાતિ જાણવી.' ઇતિ વિશા દશા ઉત્પત્તિ.

બ્રાહ્મણોની ઉત્પત્તિ માહિતીના 'બ્રાહ્મણોત્પત્તિ માર્તંડ' નામના સંસ્કૃત ગ્રંથમાં દશા વિશાના ભેદની ઉત્પત્તિ માટે નીચે પ્રમાણે લખે છે:—

दसा विसा प्रभेदश्च पुनर्भू कर्म योगत : ।
जात : कालान्तरे पूर्वं धनिकस्य च गौरवात् ॥ ७२ ॥

બીજી સાહિત્ય પરિષદ્ વખતે શ્રીમાન્ અમરચંદ પી. પરમારે 'જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું દિગ્દર્શન' એ નામનો એક ગ્રંથ વાંચ્યો હતો. અને તે લેખ 'જૈન કોન્ફરન્સ હેરલ્ડ'માં પ્રસિદ્ધ થયો છે. એમાં 'વિશા દશા' માટે આ પ્રમાણે ઉલ્લેખ છે:— 'પાટણ-ગુજરાતમાં વસ્તુપાલ તેજપાલ નામના બે નામાંકિત જૈન ભાઈઓ હતા; તેઓએ × × × સંવત્ ૧૨૭૫ ની આસપાસમાં આબુ ઉપર આરસનાં ભવ્ય મંદિર, અનેક ધર્મશાળાઓ વિગેરે બંધાવ્યાં હતાં. તેઓએ આબુ ઉપર સં. ૧૨૭૫ ના વર્ષમાં એક ભવ્ય જમણ જૈનોને આપ્યું હતું; તેમાં જમવા જવાની બાબતમાં અમુક કારણોસર*વાંધો પડ્યો હતો; કેટલાએક લોકો તેઓના પક્ષમાં રહીને જમવા ગયા, અને બીજા નહિ ગયા; જેઓ જમવા નહોતા ગયા તેઓ પોતાને વિસ વસાના ગણી જમવા જનારાઓને દશા (હલકા) કહીને બોલાવવા લાગ્યા, અને પોતાને વિસા કહી ઓળખાવ્યા.'

આરીતે વસ્તુપાલ તેજપાલની ખ્યાતિ પછીના નજીકના કાળથી માંડીને આજ સુધીના જે જે વિદ્વાનોએ એ સંબંધી શોધ ખોળ કરીને અભિપ્રાય આપ્યો છે તે સર્વે દશા વિશાની ઉત્પત્તિના કારણ માટે એકમત થયા છે.

ઉપર દર્શાવેલાં પ્રમાણો અને વિગત ઉપર જો આધાર રાખીએ તો નિર્ણય એ થઇ શકે કે વસ્તુપાલ તેજપાલ વિધવાના પુત્ર છે. એવો તેમના ઉપર આરોપ આવવાથી, અને તે કેટલાકને રૂચ્યું નહિ હોવાથી એકઠી થએલી આ વાણિયા જ્ઞાતિઓમાં દશા વિશાનો ભેદ ઉત્પન્ન થયો. આપણા નિર્ણય માટે જે જરૂરનું છે તે આજ છે અને વિચારતાં અને વિગત તરફ ધ્યાન આપતાં તે ખરૂં પણ માની શકીએ.

આ ઉપરાંત મૂર્તિઓ ઉપરના લેખો ઉપરથી આપણે કંઇક અનુમાન દોરી શકીએ તેમ છે; આગળ આપણે જોઇ ગયા તેમ મૂર્તિઓ ઉપરના

---

* આમાં રા. પરમારે કારણો આપેલાં જોવામાં આવતાં નથી.

લેખોમાંથી સંવત્ ૧૫૦૦ પછીના લેખોમાં દશા વિશાના ભેદ જોવામાં આવે છે; એટલે સંવત્ ૧૫૦૦ પહેલાંના કોઇ એક વખતે આ ભેદ પડયા હોય એવું કહી શકાય; હવે જો એ ભેદ સંવત ૧૫૦૦ પહેલાંના બહુ લાંબા વખત ઉપર પડયા હોત તો મળેલા આ સમારંભ વખતે મારવાડ અને માળવાના વાણિઆની જે જ્ઞાતિઓ આવેલી ન હોય તેમનામાં એ ભેદ પડત નહિં, અને ફકત અસલ ગુજરાતી વાણિઆ જ્ઞાતિઓમાંજ એ ભેદ સમાઇ જાત. ઇતિહાસ ઉપરથી આપણે જાણીએ છીએ કે પાટણના રાજ્યકર્તાઓનો અમલ વાણિઆ જ્ઞાતિને માટે બહુ સારો સમય હતો; મૂળથી પાટણનો રાજ્ય કારભાર વાણિયા મંત્રીઓના હાથમાં હતો, એટલે સંવત ૮૦૦ લગભગમાં પાટણ સ્થપાયું ત્યારથીજ ત્યાંના કારોબારના વાણિઆ હતા; આને માટે એક જણે લખ્યું છે કે,–

गुर्जराणामिदं राज्यं वनराज प्रभृत्य पि ।
जैनैस्तु स्थापितं मंत्रि स्तद्द्वेषी नेच्छनंदति ॥

આ જોતાં પણ વનરાજના વખતથી જ પાટણનું પ્રધાનપદ વાણિયાઓના હાથમાં હતું; તે સહજ સમજી શકાય તેવી બાબત છે અને આ સ્થિતિને લીધે મારવાડ માળવામાંથી વાણિયાઓનાં ટોળેટોળાં ગુજરાતમાં ઉતરી આવ્યાં હોય એ બનવા જોગ છે આમાં ખાસ કરીને સિદ્ધરાજ અને કુમારપાળનો સમય એ ગુજરાતના રાજ્યનો તેમજ વાણિયા જ્ઞાતિનો જાહોજલાલીનો યોગ્ય સમય હતો, તેવું કહી શકીએ કે જે સમયે મારવાડ માળવાના ઘણા વાણિયા ગુજરાતમાં આવ્યા હોય. અને જ્યાં ત્યાં સ્થિરવાસી થયા હોય; બીજી રીતે પણ દશા વિશાના ભેદ જો ગુજરાતની બહાર પડયા હોત તો તે મારવાડ માળવામાં રહેનારા વાણિયાઓમાં પણ હોત; પણ તે ભેદ તેમનામાં નથી, તેમજ એકલા ગુજરાતના અસલ રહેવાસી વાણિયાઓમાંજ હોય એવું પણ નથી. મારવાડ માળવાના જે વાણિયા ગુજરાતમાં આવ્યા તે સર્વમાં એ ભેદ પડેલા છે; આ ઉપરથી એવું અનુમાન દોરી શકાય કે સિદ્ધરાજ અને કુમારપાળના સમય સં. ૧૨૦૦ પછી અને મૂર્તિઓના લેખમાં જણાતા ભેદના સમય સં. ૧૫૦૦ ના પહેલાં કોઇએક કાળે દશા વિશાના ભેદ પડયા છે.

ઉપરનાં બન્ને પ્રમાણો ઉપરથી આપણે ચોક્કસ રીતે કહી શકીએ કે સંવત ૧૩૦૦ ની લગભગમાં એ ભેદ પડયા છે એવું કોઇ પ્રમાણ મળે તો તે તદ્દન બંધ બેસતું કહી શકાય અને વસ્તુપાળ તેજપાળના સબંધથી

પડેલા ભેદનો સમય સંવત ૧૨૭૫ ના લગભગનો છે, એવું આપણે જોઇ ગયા છીએ; એટલે બંન્ને રીતે તપાસતાં આભેદ આશરે સંવત્ ૧૩૦૦ લગભગ હોવાનુંજ કહી શકાય; કારણ તડરૂપે ઉત્પન્ન થએલા એક ભેદને તડ મટીને જ્ઞાતિનું રૂપ પામવા માટે એક બે શતક અવશ્ય પસાર થવાં જોઇએ છે જ

તડપડવાનું મુખ્ય કારણ મતભેદ છે; એ ભેદ ગમે તેટલો પ્રબળ હોય તોપણ તડના નાના કે મોટા, શ્રીમંત અથવા ગરીબ કોઇપણ પક્ષને એમ લાગતું નથી કે જૂદા તડવાળાની જ્ઞાતિ તેઓની જ્ઞાતિથી જૂદી છે: અમુક માણસને માટે અથવા અમુક મતભેદને લીધે તડ પડ્યાં હોય, પણ બન્ને તડવાળા ખરીરીતે તો એકજ છે એવી સાધારણ રીતે જ્ઞાતિના દરેક ગૃહસ્થની ભાવના હોય છે; અને ઘણાખરાની એવી પણ ધારણા હોય છે કે થોડા વખતમાં તકરારનો નિકાલ થશે અને સૌ પાછા એક થઇ જશે; અને ઘણુંખરી બાબતોમાં થાય છે પણ તેમજ મમત પર ચડેલી બાબતોનો મમત વખત જતાં નરમ પડે, બે ચાર હઠાગ્રહી આગેવાનોના મનનું સમાધાન થાય, નવા આગેવાનો નીકળી આવીને જૂનાઓનો દોર નરમ પાડે, અથવા જૂના આગેવાનો કાળ બળે ખપી જઇને નવા આગેવાનો કરવા કારવના થાય, એટલે તડો પાછાં જોડાઇ જાય છે; પણ જો વાતાવરણ બદલાય નહિં, એટલે કે ભેદભાવના કાયમ રહે, જૂના વિચારો નવા આગેવાનોના વારસામાં ઉતરેલા હોય, એટલુંજ નહિં પણ પ્રબળ હોય તો ઐક્ય થવાનો સંભવ બહુ ઓછો રહે; અને આવી રીતેજ એટલે બીજે જૂદા તડમાંજ લાંબો વખત રહે એટલે પોતે ઉંચા અને બીજા તડવાળા હલકા એવી ભાવના ઉત્પન્ન થાય; પરિણામે પોતાની જ્ઞાતિ સાથે પોતાના ભેદનું નામ જોડવામાં આવે છે; અને તેમ બનેથી બન્ને એક થવાની આશા-પ્રાયઃ સ્વપ્નવત્ થાય છે.

આ બધી ચર્ચા ઉપરથી આપણે એટલોજ સાર કાઢી શકીએ કે વૃદ્ધશાખા એટલે વિશાનું તડ, આવા જૂના રિવાજના હિમાયતીઓમાંથી ઉત્પન્ન થયું છે; અને લઘુશાખા અથવા દશાનું તડ સારાસાર વિચારની હિમાયતમાંથી થયું છે: ખરી રીતે વિચારતાં તો વસ્તુપાળ તેજપાળ જેવા શૂર, સાહસિક, ધર્મવીર, દાનવીર અને લોકપ્રસિદ્ધ મહાપુરૂષોને સંઘ બહાર રાખવામાં સંઘને ભૂષણ નહિં પણ દૂષણજ હતું; લઘુશાખાએ વસ્તુપાળ તેજપાળનો

પક્ષ કરીને જૈન ધર્મનો અને વાણિયા સમૂહનો એક સદ્દર પક્ષકાર સાચવી રાખ્યો, એમ કહેવામાં અતિશયોક્તિ જેવું કંઇ નથી. આ દૃષ્ટિએ જોતાં લઘુશાખા નામ માંની લઘુતા એ વાસ્તવિક લઘુતા નહિં, પણ બહુ ડહાપણ ભરેલી મહત્તા છે એમ કહેવાને હમો લોભાઇએ છીએ.

ઉપરના વિચારે દશા હલકા ખરા કે નહિં?

જો વસ્તુપાળ તેજપાળ બાળવિધવાના પુત્ર હોય તો તેમને માથે તે કલંક આવે ખરૂં; પણ તેઓએ પોતાની કાર્યદક્ષતા, દાનવીરતા અને લોકહિતવૃત્તિથી આ કલંક ખરૂં હોય તો પણ તેઓએ દૂર કર્યું છે: આથી વસ્તુસ્થિતિનો ખરો વિચાર કરીએ તો તેમના પક્ષકારોને જુના વિચાર વાળાઓ કરતાં હલકા ગણવા એ કોઇ રીતે યોગ્ય ગણાય નહિં; હમારા અભિપ્રાય પ્રમાણે તો લોકરૂઢીથી મનાતા ઉંચા નીચાના ભેદ ઘણીવાર બને છે તેમ ભ્રમણારૂપજ હોય છે, કે જ્યાં આવી ભ્રમણાનો પડદો ઉંચો થતાં તુરતજ નીચા ઉંચાનો ભેદ નીકળી જાય છે; છતાં પણ અજ્ઞાન અને અંધપરંપરાના ભોગ સેંકડો થયા છે અને થાય છે. આ દૃષ્ટાન્તના વિચાર ઉપર વધારે આવતાં દશાના પૂર્વજોએ વિધવાના પુત્રોનો પક્ષ કર્યો હોય તો તેમાં તેમણે કંઈ ખોટું કર્યું ગણાય નહિં: હમારી દૃષ્ટિએ તો તેમણે પોતાની વ્યવહારકુશળતા વાપરીને ડહાપણભરેલું પગલું ભર્યું ગણાયજ; એટલે તેઓએ તો બતલાવી આપ્યું કે કોઇ પેઢીમાં અપવાદરૂપે એક બનાવ બન્યો હોય તો તેને માટે તેના વંશજોને ભોગવવું પડે એ અન્યાજ છે: તેઓએ જૂના હિમાયતીઓના વિરૂદ્ધ પક્ષ લેવાથી કંઇ પોતાના પક્ષમાં પુનર્લગ્ન કરવાની છૂટ આપી નહોતી: અને તેવી રીતે તેમના પક્ષમાં પુનર્લગ્ન થએલાં જોવામાં પણ આવતાં નથી: તેઓએ તો માત્ર મહાન્ ગણાતા પુરૂષો સ્હામે વિધવાના પુત્ર હોવાનો જે લોકાપવાદ હતો. તે અપવાદ તેમણે ખરો ન માન્યો હોય, અથવા તો તે અપવાદ ખરો હોય તો પણ તે પુરૂષો અને તેમનાં કાર્યો તરફ જોઇને જે કંઇ બની ગયું હોય તે માટે આંખ આડા કાન કર્યા હોય:

બીજી રીતે જોઇએ તો સંવત ૧૩૦૦ માં દશા વિશાનાં તડ પડયાં; એ બનાવને આજે સંવત ૧૯૭૮ માં ૯૦૦ વર્ષ થયાં ગણાય. વીસ વર્ષે પેઢી બદલાય એ હિસાબે લઘુશાખાની ૩૫ પેઢી થઇ: ૩૫ પેઢી ઉપરના

પૂર્વજોએ નિંદાતા બે માણસને માટે ૭૦૦ વર્ષ પછીની આજની તેમની પ્રજાને હલકી માનવી એ ન્યાય અને બુદ્ધિવાદની અદ્‌ભુતતાજ ગણાય ! આ વિષયની વધારે ચર્ચામાં ન ઉતરતાં આપણે ધારી લઇએ તે કાંતો લઘુશાખાએ જાણી બુઝીને વસ્તુપાલનો પક્ષ કર્યો હોય કે પ્રમાણિક અંતઃકરણથી તેમને નિર્દોષ સમજીને કર્યો હોય; છતાં જેમ પક્ષ કરવાનો અપરાધ ક્ષણિક અને ક્ષુલ્લક હોય તેવા અપરાધને માટે પેઢીઓની પેઢીઓને દુષણ દીધા કરવું એ કોઇપણ રીતે વ્યાજબી ગણાય નહિં: વાણિયા જેવી બુદ્ધિશાળી પ્રજાએ આવા નજીવા કારણથી ઉત્પન્ન થએલા ભેદને અનુલ્લંઘનીય ગણીને આજ સુધી તે માન્યતા ખરી રાખી છે એ મોટું આશ્ચર્યજ લાગે છે. હમો તો માનીએ છીએ કે જ્ઞાતિ ધર્મ અને સાંસારિક બંધારણોથી દૃઢ થઇ ગએલા રિવાજોથી માણસ ખરી બાબત શી છે તેની તપાસ કર્યા સિવાયજ કેવળ રૂઢિમાત્રનેજ આધિન થાય છે: અને વિવેકથી ખરા ખોટાનો નિર્ણય કરીને વર્તતો નથી: કારણ તપાસીએ તો હાલનાં સંકુમિત્ તડોમાં (વાડાઓમાં) પેઢીઓ સુધી પણ ' કૂપમણ્ડુક ' રીતે રહેવાનુંજ આ પરિણામ છે એમ જણાઇ આવ્યા વગર રહેતું નથી. હાલની આપણી પડતી સ્થિતિ આવાં પરિણામોનેજ આભારી છે એમ કહીએ તો તે કંઇ ખોટું નથી જ; કારણકે કેટલી વાણિયા જ્ઞાતિઓ હાલમાં એટલી તો ટુંકી થઇ ગઇ છે કે તેમનામાં માત્ર ગણત્રીનાંજ ઘર રહ્યાં છે; કન્યા આપવા લેવાની મુસ્કેલીતો લગભગ બધી જ્ઞાતિઓમાં થોડે ઘણે અંશે નડે છેજ, છતાં દશા વિશા જેવા નજીવા ભેદને તોડવાની પણ તેઓ હિમ્મત કરી શકતા નથી: એટલુંજ નહિં, પણ દશા અને વિશા પ્રત્યેકમાં પણ જથ્થાવાર જૂદાં જૂદાં તડ, અને વળી આવી રીતે બંધાએલા જથ્થાઓમાં પણ પેટા તડ બહુ મોટી સંખ્યામાં છે: જો કે આ સ્થિતિ વાણિઆની બધી જ્ઞાતિઓની નથી, છતાં પણ ખુદ આપણી જ્ઞાતિનોજ દાખલો આના પૂરાવા માટે પૂરતો છે: જોકે ગુજરાતમાં સુધારાના નામે પ્રગતિ કરનાર સુધારકો અને સસાર સુધારાનું બણગું ફુંકનાર સુધારા સમાજ પ્રતિવર્ષે તેનું કોન્ફરન્સ ભરે જાય છે, અને કોન્ફરન્સમાં જુદી જુદી દૃષ્ટિએ અનેક સુધારાના ઠરાવો પાસ કરે જાય છે, પણ ખરી રીતે કહીએ તો અત્યારે ક્યાં છે સુધારાના આદર્શ સમાજ શકતો કે સુધારકો ? આવે સમયે જ્ઞાતિ સુધારકો અને નેતાઓનું એજ કર્તવ્ય છે કે સર્વ વાણિયા જ્ઞાતિઓને એક કરી દેવી, પણ કદાચ પહેલે પ્રકરણે આવું ન થાય તો છેવટે એટલું તો કરવુંજ

જોઇએ કે જ્ઞાતિમાં હયાતિ ધરાવતાં પેટા તડો, તડો, અને દશા વિશાના નજીવા ભેદો તોડીને સર્વેને પોતપોતાની જ્ઞાતિ પૂરતા એક કરી દેવા જોઇએ; **વિદ્યા, વિચાર અને વિવેક વિકાસના આ જમાનામાં આટલું પણ ન થાય તો પછી આપણે જીવતી પ્રજા છીએ એવું કોણ કહી શકશે ?** પોતાની ખરાબીનાં કારણો જોઇ શકતા હોવા છતાં તે દૂર ન કરી શકીએ અથવા તો દૂર કરવાને પોતાનું બનતું ન કરીએ તો પછી વિદ્યા અને વિવેકનો કંઇ ઉપયોગજ નથી. જમાનો જે કરવાનો છે તે તો અવશ્ય કરશેજ: પણ તે જે કરશે તે તેને ફાવતું કરશે, એના કરતાં તો આપણે આપણને જોઇએ તેવું આપણા હાથે કરી લેવું એ શું ખોટું છે ? આપણી સુધારણા આપણા હાથે કરવામાંજ ડહાપણ છે, ડહાપણ વાણિઆના બાપનું છે, પછી તે હાથે કરીને જતું કરે તો તેને માટે તેઓ જોખમદાર છે.

દસા વિશાના ભેદ વિષે છેવટે આપણે એટલુંજ કહી શકીએ કે આ ભેદ પ્રસંગ પૂરતાં ઉભાં થએલાં તડ છે. પ્રસંગ બદલાતાની સાથે એ તડ તૂટીને એક થઇ જવાં જોઇતાં હતાં; પણ તેમ થયું નથી; અને અત્યારે ઘણી ખરી જ્ઞાતિઓમાં વસ્તિ ઘટી જવાને લીધે કન્યા આપવા લેવાની મોટી મુસ્કેલી ઉભી થઇ છે: સામાજીક સ્થિતિ રૂઢીનાં બંધનોએ નબળી પડી છે: અને તેની આર્થિક સ્થિતિ ઉપર જબરી અસર દેખાય છેજ. આથી દરેક કોમ માટે એ જરૂરનું છે કે દેશના અથવા હરકોઇ મોટા શહેરના મહાજને ઠરાવ કરીને સર્વ વાણિઆ જ્ઞાતિમાંથી દશા વિશાના ભેદ કાઢી નાખવા સબળ પ્રયાસ કરવો જોઇએ. જે કાળે જાતિભેદ નષ્ટ કરવાને જાહેર રીતે નાના મોટા અનેક પ્રયત્ન થાય છે, તે કાળે આવી કોમ કોમને એકત્ર કરવાની અને પેટા તડો એકત્ર કરવા જેવી હીલચાલ કરવાને દેશ હિતેચ્છુઓએ અને દરેક જ્ઞાતિના આગેવાનોએ પાછી પાની કરવી જોઇતી નથી. ઉંચા નીચા કોઇ નથી: સર્વે સમાન છે એ વિચાર જેનાથી જેટલો આગળ વધારાય અને અમલમાં મૂકાય, તેટલે અંશે ખરૂં ડહાપણ અને મોટાઇ મનાશે; અને તેમાંજ રાષ્ટ્રનું તેમજ સર્વ જ્ઞાતિઓનું કલ્યાણ સમાએલું છે.

જ્ઞાતિની એકંદર વસ્તી અને બંધારણ સબંધે સામાન્ય વિચાર.

આ જ્ઞાતિની ઉત્પતિના સબંધમાં પાછળ જણાવેલી કેટલીક વિગતો ઉપર વાંચકનું ધ્યાન ખેંચીને તેની એકંદર વસ્તી અને બંધારણો જન્મ પામવાનો સામાન્ય પ્રસ્તાવ રજુ કરવા તરફ હું વળું છું.

મારૂં પહેલું પુસ્તક સં. ૧૯૬૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલું કે જે પુસ્તકમાં આપણી જ્ઞાતિની વસ્તીની સંખ્યા સને ૧૯૧૦ ના વર્ષના છેલ્લા રિપોર્ટ ઉપરથી લેવી જોઇતી હતી. પણ મને જરૂરના તે વખતમાં તે રીપોર્ટ નહિ મળી શકવાથી સને ૧૯૦૧ ની વસ્તીનો આધાર મારે તે પુસ્તકમાં લેવો પડ્યો હતો. એટલે વસ્તીની સંખ્યા જણાવ્યાના આ સમયને આજે લગભગ ૨૦ વર્ષ પૂરાં થયાં છે.

મારે જણાવવું પડે છે કે કેળવણીમાં આગળ જણાતી આ કોમના અન્ય બીજા કોઇ ગૃહસ્થે કોમની સ્થિતિ તપાસવા માટે સમયના આ લાંબા ગાળામાં કોઇ પ્રયત્ન કર્યો હોય તેમ જણાતું નથી. છતાં જ્ઞાતિની છેલ્લી પરિષદના પ્રમુખ તરીકે રા. બ. કાંટાવાળાએ આ વિષયને ઉકેલી, તેની સ્થિતિ રજુ કરવા માટે નજર નાંખી હતી કે જેઓએ પોતાના ભાષણમાં સને ૧૯૦૧ ની વસ્તી માટે મારા પુસ્તક ઉપરજ આધાર રાખીને તેમજ સને ૧૯૧૧ ની વસ્તી પોતે મેળવી લઇ આ વરસોમાં વસ્તી ઘટી છે કે વધી તે તપાસ્યું. અને તેઓએ સ્થિતિ રજુ કરી કે સ. ૧૯૦૧ ના વરસ કરતાં સ. ૧૯૧૧ ના વરસોમાં વસ્તીનો એકંદરે ઘટાડો થયો છે કે જે ઘટનું પ્રમાણ તેઓ ૦–૭ આંકે છે.

હવે તેઓશ્રીએ રજુ કરેલા બન્ને બાજુના આ આંકડા ખરા હોય તો વસ્તીની ઘટનું આ પ્રમાણ ઘણું વધારે ગણી શકાય. કોમના હિત અર્થે પ્રયત્ન કરવાની દલીલો અને વાતો જેઓ હાલમાં કરી રહ્યા છે તેવાઓએ આ સ્થિતિનાં કારણો શોધવા અને તેના ઉપાયો યોજવા તરફ હવે વળવું જોઇએ છેજ. આટલું સ્પષ્ટ હોવા છતાં આ વિગતની વધારે ખાતરી માટે સન ૧૯૨૦ ની વસ્તીના આંકડા મેળવવાની હું વધારે અગત્યતા માનું છું. અને તે મેળવવા માટેની સંપૂર્ણ તજવીજ કરવાને અંગે આ ફોર્મો પ્રેસમાં મોકલાવું છું ત્યાં સુધી તેવા આંકડાઓનો રિપોર્ટ હજુ સુધી પ્રસિદ્ધ થએલો નહિ હોવાથી અપૂર્ણ રહેલો તે ભાગ હું આ પુસ્તકના છેવટના ભાગમાં

પુરો કરી લેવાને ઇચ્છું છું. એટલે કે જ્ઞાતિની એકંદર વસ્તીની છેલ્લા ૨૦ વર્ષમાં કેટલી વધઘટ થઇ છે તે આપણે સારી રીતે સમજી શકીશું. કે ઘટવધના આ મહત્વના પ્રશ્ન માટે આપણને વ્યાજબી વીચાર કરવાની તક મળી શકે. આ સ્થિતિ રજુ કરતાં આપણી આ કુલ વસ્તી દશા વિશાના જુદા ભેદો વચ્ચે અને તેમાં પણ ઉદ્ભવેલાં નિર નિરાળાં બંધારણોમાં પણ હાલ કઇ સ્થિતિ ભોગવે છે તેનો વિચાર કરવાનો પ્રશ્ન અત્યારે ખાસ અગત્યનો થઇ પડયો છે. હું આ માટે આવાં પેટાનાં બંધારણોની જુદી જુદી વિગતમાં અત્રે ઊંડો નહિ ઉતરતાં વાંચકને તેવી માહીતિ માટે બંધારણોની જુદી જુદી આપેલી માહીતિ તરફજ લક્ષ્ય આપવાનું સુચવું છું. છતાં બંધારણોને લગતી આવી જે કંઇ વિગત હું અહીંઆં રજુ કરૂં છું તે વિગત આવાં જુદાં જુદાં બંધારણો એક કરતાં વધ્યાનું અને એકમાંથી બીજાં નવાં ઉપસ્થિત થયાનાં જે કંઇ કારણો મળી આવે તે અત્રે રજુ કરવામાં આવે તો આપણી હાલની સ્થિતિ તરફ વધારે અજવાળું પડી શકે. અને વિગત તો એજ હકીકત પાર પાડી શકે છે કે–અત્યાર સુધીનાં જે કંઇ બંધારણો નવાં જન્મતાં ગયાં છે તેવાં સઘળાં બંધારણો જન્મ પામવાના કારણમાં માત્ર સંકુચિત વૃત્તિ એ આપ, લેના, વ્યવહારનું ક્ષેત્ર ટુંકુ થવાનુંજ કારણ સમજી શકાય છે જો કે આ વિગત જોડે ખોટું કુળાભિમાન, ઇર્ષા, મમત, કલેશ વીગેરે દોષો જોડાએલા હોવાનું જણાઇ આવે છે ખરૂં પણ આ સઘળામાં પ્રાધાન્ય દોષ તો ઉપર વર્ણવેલોજ નજરે પડે છે. આ સ્થિતિમાં હાલનાં ઘણાંખરાં બંધારણો જુદાં પડયાનો સમય તપાસીએ છીએ તો તે માત્ર સો, સવાસો વર્ષના ગાળેજ જન્મ પામ્યાં હોય તેવું જણાઇ આવે છે.

ઉપરનો થોડોક પ્રસ્તાવ રજુ કર્યા પછીથી આવાં ઘણાંખરાં જુદાં થએલાં બંધારણોને લગતી તેની માહીતિ આપવાનું બની શકે તો તે વધારે ઠીક થઈ પડે. આથી તે સબંધેની મળેલી તેવી કેટલીક વિગત નીચે રજુ કરૂં છું કે તે જાણેથી હાલનાં આ બંધારણોએ આખી કોમની સામાન્ય સ્થિતિ ઉપર કેવા પ્રકારની વિશેષ અસર ઉપજાવી છે. તે આપણે જાણી શકીએ.

દશા.

નડિઆદ મુળ બંધારણ એકજ હતું પણ નજીવી તકરારેજ સં. ૧૯૦૨ માં બે તડ૫ડયાં.

ઉમરેઠ મુળ સમુદાય એકજ હતો, પણ નાણાવટી અને દોશી વાણીઆઓ વચ્ચે કુળાભિમાનનો ભેદ ઉત્પન થવાથી દોશી વાણીઆઓએ

જુદુ તડ પાડયું. આમાં પણ તેવીજ જાતની ભીન્નતા જન્મ પામેથી સં. ૧૯૧૯ માં બીજું પેટા તડ પડેલું છે.

સાંડાસલ અલીણા અને જંત્રાલ મૂળ બંધારણ સંવત્ ૧૯૦૦ માં બંધાયું.

નાંદોદ ભરૂચ મૂળ બંધારણ સંવત્ ૧૯૨૪ માં બંધાયું.

એકવીસ ગામ સંવત્ ૧૮૯૫ પહેલાં મોડાસાવાળાઓ સાથે આ એકડાનો સબંધ હતો. શહેરોવાળાઓએ, ગામડાઓવાળાને કન્યાઓ નહીં આપવાથી પહેલાં મોડાસાવાળાએ પોતાનો ગોળ બાંધવાથી સંવત્ ૧૮૯૫ લગભગમાં આ બંધારણવાળાઓએ પોતાનો જૂદો ગોળ બાંધ્યો છે.

ઉપરના ગામના એકજ ગોળવાળાઓએ નીચ ઉંચના ધોરણથી અંદર અંદરનો પણ વ્યવહાર ટુંકાવવાથી સં. ૧૯૭૫ માં વળી બીજું નવું બંધારણ બંધાયું છે.

ખાનદેશ મદ્રાસ અહિંઆં ઘરની સંખ્યા ઘણીજ ટુંકી છે; ખરી રીતે અહિંઆં બંધારણ જેવું કંઇ છેજ નહિ. કન્યાનો આપ લેનો વ્યવહાર મોટે ભાગે અંદર અંદરના ગોળમાંજ છે; પણ કેટલીક વખતે સાધારણ રીતે કન્યાની છત સારી હોવાથી પોતાના બંધારણમાં સારો લાયક વર ન મળે તો કન્યાઓ ગોળ બહાર આપે છે. ભાગા વિજાપુર, બાગલકોટ, સોનગઢ, સતારા, મદ્રાસ, વીગેરે સ્થળોમાંથી સુરત, નડીઆદ, ખેડા માતર, મોડાસા વિગેરે સ્થળે આ રીતે તેઓએ આપ્યાના કેટલાક દાખલાઓ મળી આવે છે. ત્યારે કોમના એકજ ગૃહસ્થ રાજ્યસભાભુષણ ચુનીલાલ તારાચંદ અને રા. નારણદાસ દલાલે પોતાના એકડામાં યોગ્ય ઘર વર નહીં મલવાના કારણે પોતાની પુત્રીને બહાર આપ્યાની પ્રશંસનિય પહેલ કરી છે.*

---

* પ્રત્યેક બંધારણ વાળાઓને પોતાના એકડામાં કન્યાઓ આપવાનું યોગ્ય સ્થળ નહીં હોય તો બીજા ગમે તે બંધારણમાં આપવાની છુટ હોવી જોઈએ. એકડાઓનું હાલનું દબાણ વ્યક્તિગત્ છુટાપણાના હક્કની વીરૂદ્ધ જાય છે કોમમાં જો અમુક દરજ્જે દારિદ્રતાનો વધારો થયો હોય, કેળવણી વધવામાં અને આર્થીક રિથતિ સુધરવામાં અટકાયત થઇ હોય તો વ્યક્તિગત્ આહક ગણાયાનું કારણ પણ દઇ શકીએ. કોમના પ્રત્યેક કેળવાયેલા અને સુધારાના હીમાયતીઓએ આ વિષય પરત્વે ઉહાપોહ કરીને કંઇક વ્યાજબી નિર્ણય અથવાતો વિચાર ઉપર આવવું જોઈએ છેજ કે આ દિશામાં કેટલીક છુટ બીજી કોમો ભોગવે છે તેવી છુટ આ જ્ઞાતિ પણ મેળવી શકે.

મોડાસા. આ બંધારણ સં. ૧૯૬૧ માં બંધાયું છે આ પહેલાં આ બંધારણવાળાઓનો સબંધ શહેર ગણાતાં મોટાં ગામડાઓ સાથે હતો પણ બીજે સ્થળે રજુ કરેલી હકિકત પ્રમાણે મોટા ગામોવાળાઓએ નાના ગામોમાં ઉતાર નહિ કરવાથી બંધારણ જુદુ બંધાયું.

સાવલી. આ બંધારણ સં. ૧૮૯૦ માં બંધાયું છે. આ અગાઉ અહિંવાળાઓ જયાં જેને સગવડ પડતી ત્યાં ત્યાં તેઓ કન્યાઓની આપ લે કરતા, પણ સરખા ઉતારની મુસ્કેલી વધતાં સાવલી, અને નજીકના ભાદરવા, દાહોદ વી. ગામોવાળાઓએ મળીને પોતાનો જુદો ગોળ બાંધી લીધો.

વિશા.

મોડાસા આશરે ૧૦૦ વર્ષ ઉપર આ બંધારણવાળાઓનો સબંધ, નડીઆદ, મહેમદાવાદ, જનોડ, કપડવણજ, અમદાવાદ, વી. ગામો સાથે હતો. એટલે તે પ્રસંગે આ બંધારણવાળાઓ શહેરોમાં કન્યાઓનો ઉતાર કરતા પણ શહેરોવાળાઓએ ગામડાઓમાં ઉતાર નહીં કરવાથી સં. ૧૮૪૧ માં સ્વતંત્ર બંધારણ બાંધ્યું. પાછળથી તેમાં અંદર અંદરના કલેશના કારણે બે તડ પડી ગયેલાં જે સં. ૧૯૩૩ ની સાલમાં, એકત્ર થઇ ગયેલાં જે એકત્ર રહ્યાનો વ્યવહાર લગભગ ૪૦ વર્ષ ચાલ્યા બાદ હાલમાં પાંચેક વર્ષથી બે પક્ષ જૂદા પડી ગયેલા છે. વળી તેમાંથી પણ જેઓને સરખી રીતે મળી શકતી નહોતી તેવાઓ "બંન્ને પક્ષમાંથી" નીકળીને બંધારણની વીગતમાં જણાવ્યા પ્રમાણે 'સાકંના સમુદાય' ના નામે પોતાનો જુદો ગોળ બાંધેલો છે. આ રીતે આ બંધારણ હાલમાં ત્રણ વિભાગોમાં વહેંચાઇ ગયેલું છે.

નડીઆદ આજથી લગભગ સવાસો વર્ષ ઉપર નડીઆદના આ એકજ બંધારણમાં અંદર અંદરની તકરારને લઇને બે તડ પડયાં. (૧) તલાટી સુંદરદાસના નામે મોટું અને (૨) તલાટી વેણીદાસ ભગવાનદાસના નામે નાનું. આ નાના તડનો કેટલોક ભાગ ગામડાઓમાં રહેનાર હોવાથી વખત જતાં શહેર અને ગામડાઓ વચ્ચેનો ભેદ ઉત્પન્ન થયો. આ પરિસ્થિતિમાં ગામડાઓવાળાઓને કન્યાઓ નહીં મળવાથી તેવાઓને સાટાં અને વિક્રય કરવાની કુદરતી રીતે ફરજ પડી. આ સ્થિતિનું પરીણામ કૂળવાન, અકૂળવાનની માન્યતામાં વધારે જડ થતાં એક વિભાગને તાણ પડવા લાગેથી સંવત ૧૮૮૮ માં તેઓએ જૂદો ગોળ બાંધ્યો. જેમાં પણ નિચ, ઉંચ્ચ, શહેર અને ગામડાનો રહેવાસ, સ્થિતિની ચડ ઊતર અને વિશેષ કારણ

ભાઇએ તો અંદર અંદરના કલેષના કારણોએ સં. ૧૮૮૮ થી સં. ૧૯૧૬ના વર્ષોમાં બીજાં ત્રણેક તડ વધારે પડયાં; અને તેઓ વચ્ચેનો જમવા જમાડવાનો વ્યવહાર જે ચાલુ હતો તે પણ બંધ પડયો.

અત્યાર સુધીના વખત સુધીમાં એટલે સંવત ૧૯૧૦-૧૫ ની સાલ સુધીમાં તો નડીઆદવાળાઓ જોડે ભાદરવા, હલધરવાસ, ઘોડાસર, મોડાસા, ખડાલ વિગેરે ગામોનો સબંધ જોડાયેલો હતો. પણ નડીઆદ અને ઉમરેઠવાળાઓને છુટથી બહારના ગામડાઓની મળવાના કારણે તેઓને જરૂર કરતાં વધારે મળવાથી, પહેરામણીનો લોભ વધવાથી, આજુબાજુનાં ઘણાં ખરાં ગામડાઓવાળાઓને પોતપોતીકા જથા બાંધવાની જરૂર પડી. નડીઆદનાં કેટલાંક પેટા તડો લગભગ સં. ૧૯૧૦-૨૦ ની વચમાંજ આવાજ કારણોએ બંધાયાં હોવાનું જણાય છે.

ઉમરેઠ આજથી લગભગ સો વર્ષ ઉપર ઉમરેઠના વિશા ખડાયતાના નામે બંધારણ તરીકેનો એકજ જથો હતો. તડ હતાં નહી. પણ અહીંના કેટલાક લોકો નજીકનાં ઓડ, ભાદરવા, સારસા, રાણીઆ, ટીંબા, ડોંટડી વીગેરે જુદા જુદા ગામોએ રહેતા હતા. કે જેઓ વ્યાપારના લીધે ત્યાં ગામડાઓમાં સ્થિર થતા ગયા, આ સમયે ગામડાઓ અને ઉમરેઠ વચ્ચેનો આપવા લેવાનો વ્યવહાર એકત્ર હતો કે જે વખતે ઉમરેઠમાં રહેનારાઓ ગામડાવાળાઓની કન્યાઓ લેતા પણ આપતા નહીં, આના પરિણામે ઉમરેઠમાં છત વધી, તેથી તેઓ પહેરામણી પણ માગતા થયા. આ સ્થિતિ લાંબો સમય ચાલવા પછીથી ગામડાઓવાળા "ઓડ, વસો, ભાદરવા," વાળાઓએ પોતાનો જુદો ગોળ બાંધ્યો. પણ આવું બનેથી શહેરમાં ને શહેરમાં જેઓ. પટેલ, તલાટી, ગાંધી, દળીઆણા, વીગેરે અટકવાળા જેઓ કુળવાન ગણાતા હતા તેઓનો કુળવાનના નામે કંઇક ભાવ વધ્યો. એટલે તેવાઓને સહેલાઇથી મળવા લાગી ત્યારે વાણીઆ અને બીજી અટકવાળાઓને તાણ પડી અને તેઓમાં અછત વધી પડી. પરીણામે ઉમરેઠના આ મુળ એક જથામાંથી સં. ૧૯૦૨ ની સાલમાં પરી રણછોડદાસ જેઠાભાઇના નામે એક સ્વતંત્ર તડ હયાતીમાં આવ્યું. અને તેઓએ કન્યાઓ વિષે જોઇતો બંદોબસ્ત કર્યો, પાછળથી જેઓ કુળવાન મનાતા હતા તેવાઓને ઘણી અછત થઇ પડી અને વખત જતાં કન્યાઓની અછત પડેથી અને તેવી બીજી નાની મોટી તકરારોએ એકમાંથી બીજાં તડનો વધારો થયો. કે જેનો ખ્યાલ તેજ રીતે આપી શકાય કે-આ પહેલાંનું જ્ઞાતિને લગતું મારૂં પુસ્તક

સન ૧૯૧૧ માં પ્રસિદ્ધ કરવામાં આવેલું જે વખતે ઉમરેઠમાં આ બંધારણ માટે ૭ તડ હતાં, હાલ તે વધીને બારની સંખ્યા ઉપર આવેલ છે; અને હાલની આજ સ્થિતિ જો ચાલુ રહેશે તો ભવિષ્ય માટે તે સંખ્યા કેટલે આગળ વધીને અટકશે તે કલ્પવું તો ઠીક છે, પણ કથવું ખોટું છે. આમ હોવા છતાં ઉમરેઠની હાલની સ્થિતિ, કન્યાઓની આપલેના વ્યવહારમાં રજૂ કઈ તો એટલી તો અધમ જોઇ શકાય છે કે—આડસો હજાર ઘરની સંખ્યાવાળા આ પારનગર શહેરમાં અજત વધવાના કારણે ભાગ્યેજ થોડાં કજ ઘરો કહાય આપલેના આ વ્યવહારમા ચોકઠે ચોકઠું—કે સાટે,સાટું બેસાડ્યા વગર રહી શક્તાં હશે.

હલધરવાસ ઘોડાસર. આશરે સો વર્ષ ઉપર આ બંધારણના ગામો વાળાઓનો કન્યા વ્યવહાર છૂટક છૂટક હતો; એટલે તેઓને કેટલાક ભાગે કન્યાઓ મોડાસા વિગેરેથી મળતી ત્યારે આ ગામોવાળાઓ શહેરમાં આપવાના લોભે, નડિઆદ, ઉમરેઠ, વિગેરે સ્થળે આપતા હતા. આ ગોળ જૂદો બંધાયાની વિગતનું કારણ તો એવું જાણઉપર આવેલું છે કે—એક ગામડાવાળો શહેરવાળા પોતાના સગાને ત્યાં જતાં તેની તરફના આદર ભાવમાં જણાતી વિશેષ ખામીના પરિણામે વિશેષ લાગણી દુખાયેથી આ બંધારણવાળાઓએ પોતાની સ્થિતિનો વિચાર કરીને પોતાનો સં. ૧૮૮૯ ની સાલમાં જૂદો ગોળ બાંધ્યો. કે તે વખતે આ જ્ઞાતિમાં ઘરની સંખ્યા સુમારે ૨૫૦ હતી. આ માંહેથી સં. ૧૯૩૫ માં લગભગ સો ઘર જૂદાં નીકળ્યાં છે. ત્યારે વળી હાલમાં એટલે સં. ૧૯૬૭ ની સાલમાં આ બંધારણ સાથે કઠલાલ, ભાનેરના એકડાનો એક ભાગ તેઓના બંધારણમાં સંખ્યા ટુંકી થવાથી આ બંધારણ સાથે જોડાઈ ગયો છે.

જનોડ. આ બંધારણ સં. ૧૯૧૫ માં બંધાયાનું જણાય છે.

વેજલપુર. વેજલપુર અને છત્રીનો એકડો, આ બંધારણ સં. ૧૮૮૪–૮૫ માં બંધાયું છે.

ઉપરની હકીકત એજ ખ્યાલ પૂરો પાડે છે કે મૂળ આપણે એકજ હતા. આપણો વહેવાર પણ એકજ હતો પણ ઉપર જણાવેલા કારણોપરથી જથ્થાઓ વધતા ગયા આ સ્થિતિમાં હાલની સ્થિતિનો જો આપણે વિચાર નહિં કરી શકીએ તો દિવસે દિવસે જે સાંકડાપણું વધતું જતું જોવામાં આવે છે તે સ્થિતિ વહેલી દૂર થઇ શકશે નહિ. પેટા વિભાગો વિશેષ કરીને સાથી

પડ્યા છે અને પડે છે તેનાં સઘળાં કારણો તપાસવામાં આવે નહિં, અને મૂળ આપણે એકજ હતા અને એકજ થવુંજ જોઇએ. તેવો વિચાર કરવા તરફ આપણે વળીએ તો જે હરકતોએ ચાલુ સ્થિતિ ઉભી થએલી છે તેજ સ્થિતિ પુનઃ સુધારણાના પ્રસંગે ઉપસ્થિત થાય નહિં એ બાબતની આપણે ઘણીજ બારિકીમાં બારિક નજર ફેરવીને કામ લેવું પડશે. અને જો આપણે એકત્ર થવુંજ ઘટે છે એ ભાવનાને જ્ઞાતિનો એકે એક ગૃહસ્થ કબૂલ રાખીને ખીલવે તો આ કાર્ય સાધારણ નજરે કઠિણ જણાય છે ખરૂં. પણ તેવી ભાવના રાખવા માટે શક્ય નથી તેમ કહેવું તો અઘટિતજ થઇ પડશે.આ સંબંધી કેટલુંક વિશેષ વિવેચન હું છેલ્લા ભાગમાં રજૂ કરવાનો હોવાથી અહિંઆ તો માત્ર આને લગતો પ્રસ્તાવજ રજૂ કરૂંછું.



રાજ્યસભા ભૂષણ. ચુનીલાલ તારાચંદ દલાલ

પ્રમુખ. શ્રી પ્રથમ, ખડાયતા સામાન્ય સભા. નડીઆદ.

[જ્ઞાતિના પરમહિતચિંતક ગૃહસ્થ, કે જેઓની લાગવગથીજ માહીસોર સ્ટેટ વાળી સ્કોલરશીપો આ કોમ મેળવવાને ભાગ્યશાળી નીવડી છે.]



રા. ઠાકોરદાસ નાથાભાઇ દેશાઇ

[નડીઆદની રાષ્ટ્રિય ચળવળના એક આગેવાન]



રા. બ. હરિલાલ ભોગીલાલ પારખ.

[કે જેઓએ રીટાયર થવા-પછીથી ભવિષ્યની જીંદગી કોમની સેવામાં સોંપી છે.]

A. 3148—Lakshmi Art, Bombay, 8

દશા ખડાયતા

નડિઆદના દશાખડાયતા એકડાનું બંધારણ.

(૧) દેશાઈનો એકડો. (ભગડીઆવાળો) લાગ્યાં સુમારે ૧૫૦
બંધારણના પ્રતિષ્ઠિત ગૃહસ્થો.

દેસાઇ શ્રીકમલાલ મોહોલાલ ઠા. દેસાઇપોળ.
,, દામોદરદાસ નાથાભાઇ સામળદાસ ઠા. નાગર ખડકી.
રા. ગોકળદાસ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ પારેખ ઠા. દલાલપોળ.
દેસાઇ ચંદુલાલ નાથાભાઇ ઠા. નાગર કુઇ.
,, ચુનીલાલ નાથાભાઇ પારેખ. ગોરધનદાસ હરગોવીંદદાસ
,, મુળજીભાઇ દામોદરદાસ ,, ત્રીભોવનદાસ પ્રાણવલ્લભદાસ
,, મુળજીભાઇ દામોદરદાસ ઠા. વૈદની પોળ.

(૨) વાણીઆનો એકડો. (એકડીઆવાળો) લાગ્યાં સુમારે ૨૫૦

રા. હરિલાલ પુરૂષોત્તમદાસ પરીખ ઠા. સલુણ ચોટે.
પરીખ મોતીલાલ ત્રીભોવનદાસ. ઠા. નૃસીંહ બાપાની પોળ.
શેઠ સાંકલચંદ મગનલાલ ઠા. સલુણ ચોટે.
શા. ગોરધનદાસ બલદેવભાઇ મથુરદાસ ,,
રાજ્યસભાભૂષણ ચુનીલાલ તારાચંદ દલાલ ઠા. નાગરવાડો.
રા. મગનલાલ સાંકળચંદ કોન્ટ્રાકટર. ઠા. મડદા બારી.
પરીખ લલ્લુભાઇ રણછોડદાસ. ઠા. નાગર કુઇ.
રા. ગોરધનદાસ દ્વારકાંદાસ પારેખ. ઠા. નૃસીંહ બાપાની પોળ.

(૩) મહેમદાવાદગામે. લાગ્યાં ૪૦.

શા. મથુરભાઇ મોતીભાઇ.

ઉપર મુજબની વિગતથી આ બંધારણમાં કુલ આશરે ૪૨૬ લાગ્યાં છે. આ સિવાય તલ નડિઆદમાં સોઠાસલ, જંત્રાલ, મોડાસા, ખેડાંમાતરના એકડાનાં મળીને આશરે ૨૫–૩૦ ઘરની વસ્તી ઉપરની સંખ્યા કરતાં વધારે છે.

બંધારણની માહિતી.

જ્ઞાતિની વસ્તિમાં નડીઆદ એ ખડાયતાનું પાટનગર ગણાય છે કે, જ્યાં એકજ ગામમાં આ જ્ઞાતિની જે વસ્તિ છે તેટલી બીજે કોઇ સ્થળે નથી. નડીઆદમાં કુલ્લ વસ્તી ૧૧૦૦ ઘરની છે જે માંહેનાં ૪૦૦ ઘર દશાઓનાં અને બાકીનાં ૭૦૦ ઘર વિશાઓનાં છે આ વસ્તિ માંહેના દશાના બંધારણમાં બે તડ છે. (૧) વાણીઆનું અને (૨) દેશાઇનું. વાણીઆના તડનો વહીવટ શેઠ મુળજીભાઇ પુરૂષોત્તમદાસ અને નરસીંહ બાપાના વંશજો કરે છે ત્યારે દેશાઇના એકડાનો વહીવટ અમરજી રૂપજી તથા ભગવાનદાસ દુર્ગાદાસના નામથી હાલમાં શેઠ ત્રીકમલાલ મોહોલાલ અને મુલજીભાઇ દામોદરદાસ વિગેરે ચલાવે છે. આ તડ સંવત ૧૯૦૯ માં પડેલાં છે. તડ પડવાનું કારણ કન્યા સંબંધે અને પંચનાં વાસણ વાપરવા આપ્યાની તકરાર સબંધેનું હતું, હાલમાં ઉપરનાં બન્ને તડો આશરે ૧૨-૧૩ વર્ષ સુધી જુદાં રહીને એકત્ર થઇ ગયેલ છે. બંધારણમાં શેઠાઇ પેઢીગત ગણાય છે, પણ વહીવટ કરનારાઓની સત્તાનો આપખુદી દોર કેળવાયેલા વર્ગમાં ચાલતો નથી. તેથી તેનો અમલ બહુ ઓછો જોવામાં આવે છે. બંધારણનો વહીવટ બંધારણના બધા ગૃહસ્થોને બોલાવીને તેમની સંમતિથી કરવામાં આવે છે. બંધારણ વિરૂદ્ધ કોઇ પણ ગૃહસ્થે વર્તન કર્યું હોય ત્યારે સાધારણ રીતે પંચ એકડુ કરવાનું કામ શેઠનું હોય છે, અને તે ગુન્હાની વિગત પંચ આગળ મુકેથી યોગ્ય તપાસ કર્યા બાદ ઇન્સાફ નકી કરવાને મત લેવામાં આવે છે. અને વધુ મતે નિકાલ કરવામાં આવે છે. પદ્ધતિ આવી હોવા છતાંએ હાલની પરિસ્થિતિમાં વગ અને જથ્થાવાળો ફાવી જાય છે અને ન્યાય કેટલાક દાખલાઓમાં તો આંધળોજ થાય છે. એટલે પક્ષપાત વિશેષ થાય છે. આવી સ્થિતિમાં કેટલીક વખત બીજે બને છે તેમ કામ કરનારાઓ આપખુદ થતા જોવામાં આવે છે. એટલે પોતે અથવા પોતાના લાગવગવાળાઓએ ગુન્હો કર્યો હોય તો તેઓ સઇ જાય છે; એટલે તેવા પ્રસંગમાં નાત એકઠી કરવાની તક પણ ઉભી થવા દેતા નથી, પરિણામે વખત જતાં તેની વાત ભૂલાઇ જવાય છે. ત્યારે બીજો માણસ જથ્થા કે વગ વગરનો હોય તો તેને કચરી નાખવાનોજ ઉપક્રમ થાય છે. સિવાય બંધારણની એકંદર સ્થિતિ સારી હોવાનું જણાય છે.

સામાજીક અને સામાન્ય.

(૧) કન્યાની છત અછત—બંધારણમાં કન્યાની છત અછત બન્ને સરખાં છે. વર અને કન્યા વચ્ચે બે વરસનું અંતર રાખવું એવો પંચ તરફથી ઠરાવ થયો છે; પણ સાધારણ રીતે ૩ થી ૫ વરસનું અંતર રાખવામાં આવે છે. કન્યાને પરણાવવાની ઉંમર ૧૧ થી ૧૩ વરસ સુધીની હોય છે.

[૨] કુળવાન અને અકુળવાનની માન્યતા—આ માન્યતા કેળવણીના પ્રચારથી ધીમે ધીમે ઘસાતી જાય છે. સાધારણ રીતે છોકરો ભણેલો હોય અને સ્થિતિ સારી હોય તો કન્યા મળવામાં અડચણ આવતી નથી. બીજા એકડામાંથી તેમજ એકડાની બહારથી ભાણે ખપતી કન્યા લાવવાની બંધારણમાં છૂટ છે. આ પ્રમાણે બીજા બંધારણમાંથી અને બહારથી કન્યાઓ લાવ્યાના દાખલા પણ બનેલા હોય એમ જણાય છે, પણ આ સબંધે પંચને ખાત્રી કરી આપવી પડે છે.

(૩) કન્યા વિક્રય તથા સાટાં—વિક્રય તથા સાટાં જવલ્લેજ થાય છે. કન્યાના અભાવે કેટલીક વખતે સાટાં થાય છે ખરાં; પણ વિક્રય તો બીલકૂલ થતો નથી. એક ગૃહસ્થ જણાવે છે કે બંધારણવાળાઓ કેટલીક વખતે આવા રિવાજોને આડકતરી રીતે ઉત્તેજન આપે છે. આને લગતી વિગત જણાવનાર જણાવે છે કે; એક માણસે પોતાના લગ્ન વખતે કન્યાની માને એવું લખાણ લખી આપ્યું કે આ કન્યાથી જે છોકરી થશે, તેના સાટામાં તમારા છોકરાને કન્યા લાવી આપીશ. કન્યા થઇ ખરી પણ તે માણસે સાટું નહિં કરતાં સ્વતંત્ર વિવાહ કર્યો. તે બાઇએ ન્યાતમાં ફરીયાદ કરી અને ન્યાતવાળાએ પેલા માણસની પાસેથી તે બાઇના છોકરાને કન્યા અપાવવા રૂ. ૩૬૦૦) અપાવ્યા. લખનાર જણાવે છે કે થયું તે તો થયું; પણ જો ન્યાતે ત્યાર પછીથી પણ આવા કેસો ન્યાત નહિં સાંભળે તેવો ઠરાવ કર્યો હોત તો સારૂં. હમો ઉમેરીએ છીએ કે નડિઆદ જેવી કેળવણીમાં અને વિચારોમાં આગળ વધેલી ન્યાત માટે આ સ્થિતિ વિશેષ શોચનીય ગણાય.

[૪] પલ્લું—દેસાઇના એકડામાં રૂા.૪૫૧) અને વાણીઆના એકડામાં રૂા. ૫૬૧) ઠરાવ્યા છે. વિધવાઓની આજીવિકાનું સાધન પલ્લું તથા સાસરીઆઓની સ્થિતિપર અવલંબે છે. સ્થિતિ સારી હોય તો

નિર્વાહ માટે: અમુક રકમ આપવામાં આવે છે, નહિં તો દળણાં ખાંડણાં કરીને જીવન ગુજારવું પડે છે.

(૫) વનિતા વિશ્રામ—નડિઆદમાં ખુદ જ્ઞાતિનું વનિતાવિશ્રામ નથી. પણ ' લલિતા વનિતાવિશ્રામ ' નામે એક નાની સંસ્થા છે. જેનો લાભ આ બંધારણની પાંચ છ બહેનો લે છે. આ સંસ્થામાં ભરવા ગૂંથવાનું શીખવવામાં આવે છે. તથા સંસ્કૃત અને ગુજરાતીનું જ્ઞાન પણ આપવામાં આવે છે.

[૬] જમણવાર—મરણ પ્રસંગે બારમું ફરજિઆતે કરવું પડે છે. પહેલાં ગરીબ સ્થિતિ હોય અને બારમું ન કરે તો લોકોની આંખમાં અમી હતી. હાલ તે અમી નષ્ટ થયાનું જણાય છે અને નહિં કરનારને લોકો આંગળીઓ કરે છે; તેથી ગરીબ બિચારા પૈસા ન હોય તો પણ ટિકિટ ચોઢીને જમણવાર કરે છે; આ અનિષ્ટ રિવાજ નાબુદ થવાની ખાસ જરૂર છે. જમણવાર ફરજિઆત હોઇ શકેજ નહિં. ખરેખર નડિઆદની ન્યાત માટે આ સ્થિતિ ચલાવી લેવા જેવી તો નજ ગણાય. અહીંઆં એક ન્યાત કરવામાં લગભગ એક હજારથી બારસો સુધીનો ખર્ચ થાય છે. મરણ પછવાડેનાં જ્ઞાતિભોજનની અહિંની સ્થિતિ રજૂ કરતાં જ્ઞાતિના હિતચિંતક અને વિદ્વાન્ મિત્ર રા. મોતીભાઇએ પોતાના પત્રમાં જણાવેલી સ્થિતિજ રજૂ કરવામાંજ હમોએ સંતોષ લીધેલો છે કે જે હૃદયની લાગણીએ તેઓએ આ સબંધે જે શબ્દો લખ્યા છે તે હું પોતે નહિંજ લખી શકત. હું ઇચ્છું છું કે નડિઆદની તેમજ આપણી આખી કોમ રા. મોતીભાઇના વિશુદ્ધ ભાવની કદર કરીને પોતાના હિતનો વિચાર કરવામાં હવે વખત ખોશે નહીંજ.

" મરણ પછવાડે થતાં જ્ઞાતિ–ભોજનો સર્વ રીતે કનિષ્ટ અને દુઃખકર છે. સામાન્ય સ્થિતિવાળાના સંબંધમાં તો તેવું જ્ઞાતિ–ભોજન એક જાતની આફત ગણીએ તો એ ખોટું નથી. કારણ કે કુટુંબનું પોષણ કરનાર મરી જાય અને પાછળ કુટુંબનો નિર્વાહ કરવાનું તો સાધન હોય નહિ તેવાને શાસ્ત્ર કરતાં એ બળવાન એવી રૂઢિને અનુસરી દેવું કરીને જ્ઞાતિભોજન આપવું પડે તેના કરતાં વધારે શું અઘટિત કહેવાય ? ધર્મ દષ્ટિએ જોઇએ તો પણ પ્રેતભોજન હીન કર્મ છે. સંબંધની દષ્ટિએ જોતાં વિરહાગ્નિમાં બળતા કુટુંબ પાસેથી મરનાર નિમિત્તે મિષ્ટાન્ન માગવું તે નિર્દયતાની હદ છે. હું તો નિત્ય પરમાત્મા પાસે યાચના કરૂં છું કે મરણ પછવાડેનાં સઘળાં જ્ઞાતિ–ભોજન બંધ કરવાની બુદ્ધિ અને હિંમત મ્હારી વ્હાલી

જ્ઞાતિને આપી તેને નિર્દોષ બનાવે. વ્યવહારિક દૃષ્ટિએ "પોટાળા" ની ખફગી ન ખમાય તેમ લાગે તો ક્રમશઃ આ રૂઢિને નાબૂદ કરવી જોઈએ."

મોતીલાલ એલ. પારેખ.

[૭] રડવાકુટવાનો રિવાજ:—બંધારણમાં સમયાનુકૂળ સહેજ સુધારો થએલો જોવામાં આવે છે. પણ સ્થિતિ તરફ નજર કરતાં પ્રગતિનો વેગ તો સિથિલજ દેખાય છે.

[૮] કેળવણી:—બંધારણમાં કેળવણી લીધેલો વર્ગ સારી સંખ્યામાં જોવામાં આવે છે. સમસ્ત ખડાયતા જ્ઞાતિમાં કેળવણીમાં આગળ વધેલાં બંધારણોમાંનું આ એક બંધારણ છે. ગુજરાતી કેળવણી સેંકડે ૯૮ ટકા, અંગ્રેજી પ્રાથમિક કેળવણી ૫૦ થી ૬૦ ટકા, ઉચ્ચ કેળવણી પંદર ટકા, અને સ્ત્રી કેળવણી ૫૦ થી ૬૦ ટકા હોવાનું સરેરાશ પ્રમાણ નીકળી આવે છે. હાલમાં કેટલોક સમય થયો કેળવણીના ઉત્તેજનાર્થે એક મંડળ "શ્રી દશા ખડાયતા વિદ્યોતેજક મંડળ"ના નામે સ્થાપવામાં આવ્યું છે. આ મંડળ તરફથી શરૂઆતમાં દરેક વિદ્યાર્થીને (પછી તે ગરીબ કે પૈસાદાર હોય) ફી આપવામાં આવતી હતી. પણ એકાદ વરસથી જે વિદ્યાર્થીઓ અરજી કરે તેમનેજ ફી આપવી એવો ઠરાવ કર્યો છે. ફી મફત આપવાના આ ઠરાવથી આર્થિક સ્થિતિના કારણે અટકી જતા વિદ્યાર્થીઓને લાભ મળે છે. આથી મેટ્રિક સુધી અભ્યાસ કરવામાં વાંધો આવતો નથી. વળી નડિઆદમાં હાઇસ્કૂલો હોવાથી અને ફી તથા પુસ્તકો માટે આવી ગોઠવણ કરવામાં આવેલી હોવાથી બંધારણના લગભગ બધા વિદ્યાર્થીઓ કેટલાક અપવાદ સિવાય મેટ્રિક સુધી અભ્યાસ કરી શકે છે ખરા. મેટ્રિક પછી કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે બંધારણ તરફથી કોઇ પણ જાતની સગવડ પૂરી પાડવામાં આવી હોય તેવું જણાતું નથી. આ માટે જે કંઇ આશ્રય મેળવવામાં આવે છે. તે ઘણે મોટે ભાગે માહીસોરની સ્કોલરશિપો અને બીજા ગૃહસ્થોની તેવીજ મદદ ઉપર આધાર રાખવો પડે છે. આ સંબંધમાં નીચેના ગૃહસ્થોની ઉદાર મદદ આ બંધારણને અને કોમને સારો ફાળો આપી શકે છે.

ખાનગી મદદ કરનાર ગૃહસ્થો.

રા. મોતીલાલ લલ્લુભાઈ પારેખ, એમ. એ. એલ. એલ. બી. દિવાન સાહેબ. બારીઆ સ્ટેટ, જેઓએ પોતાના પૂજ્ય સ્વ. લલ્લુભાઇ પ્રાણ-

વલ્લભદાસ પારેખના સ્મરણાર્થે કેળવણીને ઉત્તેજન મળે તેવા શુભ આશયથી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને માટે માસિક રૂ. ૫૪) ની ચાર સ્કોલરશિપો કહાડેલી છે. અને તે જાહેરની અરજીઓ માગીને તેઓશ્રી આપતા રહ્યા છે. મજકૂર સ્કોલરશિપો આ એકડા માટેજ નહિં હોતાં ગમે તે એકડાવાળાને દશા વિશાના ભેદ વગર આપવામાં આવે છે. જ્ઞાતિને કુટુંબર્ન ભાવના આપવાનું અને પોષવાનું આ દષ્ટાન્ત રા. મોતીભાઈ જેવા વિદ્યાવિલાસી અને કેળવાએલા ગૃહસ્થ તરફથી આપણને અનુભવવા મળે તે આ દિશામાં શેવા સમર્પનાર ગૃહસ્થોને વિચારવા જેવુંજ થઇ પડે છે.

રા. વિઠ્ઠલદાસ સોમચંદ દલાલ, ખડાયતા સ્કોલરશિપ સ્વ. સોમાભાઈ મોતીચંદ દલાલ તરફથી જેઓએ નડિઆદના દશા અગર વિશા પૈકી ગમે તે એક જણને મેટ્રિક પાસ કરીને આગળ અભ્યાસ કરનારને માસિક રૂા, ૧૦) ની એક સ્કોલરશિપ જાહેર કરેલી છે. અને તે માટે તેઓશ્રી તરફથી રૂા. ૩૫૦૦) ની રકમ જૂદી કહાડવામાં આવેલી છે. જેના વ્યાજમાંથી ઉપરની સ્કોલરશિપ આપવામાં આવે છે. આ ટ્રસ્ટ ફંડનો વહીવટ તેઓશ્રીએ ગુજરાત વર્નાક્યુલર સોસાટીઇના હસ્તક મુકેલો છે.

રા. નારણદાસ ચુનીલાલ દલાલ, સોલીસીટર મુંબાઇ. હમારી જાણ પ્રમાણે જ્ઞાતિના આ ગૃહસ્થ કેળવણીને ઉત્તેજન મળે તેથી કેટલાક વિદ્યાર્થીઓને ખાનગી મદદ કરતા રહે છે. વળી તેઓ તરફથી નડિઆદ ખડાયતા હિતેચ્છુ સભા મારફતે સ્રી કેળવણીના ઉત્તેજનાર્થે માસિક રૂા. ૧૦) ની એક સ્કોલરશિપ જાહેર કરેલી છે, કે જે હાલ આપવી ચાલુ છે. આમ હોવા છતાં પણ રા. નારાયણદાસના સંબંધમાં એક અગત્યની નોંધ લેવાની તો એ છે કે મુંબાઇમાં તેઓશ્રીના ધંધામાં તેઓનો આખો સ્ટાફ મોટા ભાગે ખડાયતા બન્ધુઓથીજ ભરેલો છે. અને મને જાણવા મળ્યું છે તે રીતે જ્યારે જ્યારે કોઇ કેળવાએલાએ તેઓની પાસે જઇને નોકરી માટે માગણી કરી હશે ત્યારે જ્ઞાતિલાને તેઓએ ઠેકાણે પાડવામાં બનતું કર્યું છે. અને હજૂ પણ તેમ તે કરતા રહેલા છે. તેઓશ્રીની કોમ પ્રત્યેની આ લાગણીની કોમ જેટલી કદર કરી શકે તેટલી ઓછી હોવાનું હું માની શકું છું. કારણ અત્યારે કોમમાં ભણ્યા પછીથી ભણેલાઓને શુભ રસ્તે ચઢાવી ઠેકાણે પાડવાનો સવાલ કેળવણીમાં કરવામાં આવતી મદદ કરતાં વિશેષ અગત્યતા ધરાવે છે.

(૯) સાહિત્યઃ—સાહિત્યની દૃષ્ટિએ આ બંધારણમાં નીચેના ગૃહસ્થો લખી શકે છે.

રા. કહિારદાસ નાથાભાઇ દેસાઇ. ખડાયતા મિત્ર તથા બીજાં છા-પાઓમાં લેખો મોકલાવે છે.

રા. મોતીલાલ લલ્લુભાઇ પારેખ. દિવાન સાહેબ દેવગઢબારીઆ સ્ટેટ.

રા. સાંકળચંદ મગનલાલ, શેઠ. સદ્‌ગૃહસ્થ.

રા. ભાઇલાલ પુરૂષોત્તમદાસ ચિત્રકાર, હાલ મુંબઇ.

(૧૦) લાઈબ્રેરી—નડિઆદમાં "ડાહીલક્ષ્મી" અને બીજી બે ત્રણ લાઇબ્રેરીઓ છે, પણ આ લાઇબ્રેરીઓનો લાભ બંધારણના બધા ગૃહસ્થોને પૂરતો ન મળે તેમ હોવાથી "શ્રી નડિઆદ દશા ખડાયતા હિતેચ્છુ લાઇબ્રેરી" નામની સંસ્થા તા. ૨૭–૬–૧૯૧૫ ના દિવસે જ્ઞાતિની એક જાહેર સભા બોલાવી સ્થાપવામાં આવેલી છે. હાલ જેના સેક્રેટરી રા. પુરૂષોત્તમદાસ મગનલાલ દેશાઇ છે. અને તેઓ લાઇબ્રેરીનું કામ પૂર્ણ ઉત્સાહથી કરે છે. આ સંસ્થા બંધારણના વિદ્યાર્થીઓને ઘણીજ ઉપયોગી થઇ પડી છે. છાપાંઓ તથા ચોપડીઓની સગવડ ઉપરાંત અહિંઆં દરેક રવિવારે વિદ્યાર્થીઓ એકઠા થાય છે. અને નક્કી કરેલા વિષય ઉપર વિવેચન કરે છે. આથી એક બીજાના વિચારોની આપલે થાય છે. એટલુંજ નહિં પણ વકતૃત્વ શક્તિ ખીલવવાની તથા એક બીજાના સંસર્ગમાં આવવાથી એક બીજાના ગુણદોષ જાણવાની પણ તક મળે છે. આ ઉપરાંત લાઇબ્રેરી તરફથી સારા નિબંધો લખનારને ઇનામો આપવામાં આવે છે. ઇનામો આપવામાં અને નિબંધો લખવામાં બે વર્ગ પાડવામાં આવ્યા છે. (૧) કોલેજના વિદ્યાર્થીઓ. (૨) હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ. આ પ્રયાસ પણ પ્રશંસનીય ગણાય. કારણ કે ઇનામની લાલચથી હરિફાઈ કરતા વિદ્યાર્થીઓની લેખનશક્તિ અને વિચાર શક્તિ આથી કેળવાય છે. આ ઉપરાંત આવી નાની સંસ્થાઓની વ્યવસ્થા કરવાનું તથા હિસાબ વગેરે તપાસનાનું કાર્ય વિદ્યાર્થીઓનેજ કરવાનું હોવાથી તેમને ફક્ત અક્ષર જ્ઞાન ન મળતાં સાથે સાથે વ્યવહારિક જ્ઞાન પણ મળે છે. એકંદર રીતે આ લાઇબ્રેરીના કામકાજનો રિપોર્ટ સંતોષ ઉપજાવે તેવો છે.


લાઇબ્રેરીના મેમ્બરોનું કાર્ય આટલેથીજ સમાપ્ત થતું નથી. તેઓ કેટલીક વખત સુધારા અર્થે સામાજીક સવાલોમાં અને વહીવટમાં પણ રસ લેતા તેમજ ભાગ પડાવતા થયા છે. અને આવા અનેક પ્રશ્નોમાં તો તેમણે ન્યાત ઉપર ઘણી સારી અસર ઉપજાવીને સારો દાખલો બેસાડયો છે. આ માટે રા. હિંમતલાલ દેસાઇ પરદેશગમન કરી આવ્યા પછીથી તેમને ન્યાતમાં દાખલ કરવા સંબંધે આ મંડળે કરેલો સારો પ્રયાસ તેની વિગત તરફ નજર રાખતાં સારૂં દૃષ્ટાન્ત પાર પાડે છે.

આપણી જ્ઞાતિના હાલમાં ચલાવવામાં આવતા વહીવટની સ્થિતિ ઠેકઠેકાણેની મળેલી વિગત ઉપરથી હવે અજાણી તો રહી નથીજ. વહીવટ કરનારાઓ વહીવટ માટે જોખમદાર હોવા છતાં અને તેનો વહીવટ એક ટ્રસ્ટી તરિકે ચલાવવાને જોખમદાર હોવા છતાં ન્યાયને નામે ઘણી વખતે પક્ષાપક્ષ, ખોટી મમતો, અને જમાનાને અનુસરતા ફેરફાર માટે અંધાશ્રયને વળગી રહેવાથી હાલની આપણી ન્યાતો, અને આપણું બંધારણો જડતા ભોગવી રહ્યાં છેજ. આવી સ્થિતિમાં જો આપણા યુવકો સંઘબળ મેળવીને જૂના વિચારવાળાઓ ઉપર અસર ઉપજાવે તો તેઓનું સંઘબળ અને વગ નિષ્ફળ નીવડતી નથી. ખરૂં તો તેઓએ પોતાના આદર્શોને વળગી રહેવું જોઇએ અને સાથે સાથે જૂના વિચારવાળાઓની કળ પણ પારખવી જોઇએ.

આ સ્થિતિમાં નડિઆદની લાઇબ્રેરીના અંગે મળેલું યૂવકમંડળ તેના કર્તવ્યમાં આગળ વધવા માટે તેને શાબાસી આપીએ તો અયોગ્ય નહિંજ કહેવાય. સાથે ન્યાતના આગેવાનોને પણ માન ઘટે છે કે તેઓ જમાનાને સમજી યૂવકોને માન આપતાં અને ચાહતાં મોટું મન બતાવી શક્યા છે.

(૧૧) યુવક મંડળ—બંધારણમાં "દશા ખડાયતા યૂવક મંડળ" છે. આ મંડળના સભાસદોજ લાઇબ્રેરીનું કામ ચલાવે છે. એટલે યૂવક મંડળનું કાર્ય કોમમાં આવી ભિન્નભિન્ન પ્રવૃત્તિઓને પોષવામાં કાર્યસાધક નિવડવાનું અનુભવી શકાય છે. "લાઇબ્રેરી"નું કામ પણ આ યૂવકમંડળનાજ હસ્તકમાંછે.

(૧૨) આર્થિક:—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ રીતે સારી હોવાનું ગણી શકાશે. બંધારણનો કેળવાએલો કેટલોક વર્ગ તો સરકારી નોકરીમાંજ તેમજ સ્ટેટોમાં દિવાન, ચીફ એન્જીનીયર્સ, વકીલ, સોલીસીટર વગેરે સારા હોદ્દાઓ અને કામો ઉપર હોઇ તેઓ સારી સ્થિતિમાં છે.



રા. બાલુભાઇ ત્રીભુવનદાસ દેસાઇ

“ પ્રમુખ, શ્રી ખડાયતા સમાજ, મુંબઇ. ”

A. 3148—Lakshmi Art, Bombay, 8



રા. નારાયણદાસ ચુનીલાલ તારાચંદ દલાલ

" સભાસદ શ્રી ખડાયતા સમાજ, મુંબઇ "

જ્યારે આ શહેર અને તેના શહેરીઓ સાહસિક હોવાથી શહેરો અને ગામડાઓ સાથેના વેપારમાં જોડાઇ તેઓ જૂદા જૂદા ધંધાઓમાં પણ સારી સ્થિતિ ભોગવે છે. અને થોડાક ગૃહસ્થો તો દેશના જૂદા જૂદા ભાગોમાં વેપાર નિમિત્તે પણ આગળ વધીને સારા વેપારમાં પડ્યા હોવાનું જણાય છે. આ સિવાય તળ નડિઆદમાં પણ બંધારણનો ઘણો મોટો ભાગ ઠીક સ્થિતિ ભોગવે છે ખરો. એકંદરે બંધારણની આર્થિક સ્થિતિ પ્રમાણમાં ઠીક લાગે છે.

આ બંધારણમાંથી રા. હિંમતલાલ ચુનીલાલ દેસાઇ વિલાયત સિનેમાના ધંધાની માહિતી માટે ગયા હતા. જેઓ હાલ મુંબાઇમાં તે ધંધો છોડી બીજી પ્રવૃત્તિઓમાં પડેલા છે. હમો ઇચ્છીએ છીએ કે રા. હિંમતલાલ પોતાના આ ધંધાની ખૂબીઓ કોમના બીજા કોઇ લાયક માણસને જણાવવામાં મોટું દીલ રાખશે તો તેમનું મેળવેલું જ્ઞાન અત્યારે તદ્દન ભૂસાઇ ગએલું જણાય છે તે કેટલેક દરજ્જે આ કોમ માટે તેઓના નામ સાથે ઊભુ રહેશે ખરૂં.

બંધારણના: પ્રતિષ્ઠિત અને કેળવાએલા ગૃહસ્થો:—

રાજ્યસભાભૂષણ ચુનીલાલ તારાચંદ દલાલ એલ. સી. ઈ. સ્પેશિઅલ એન્જીનિયર્સ હૈદ્રાબાદ ડક્કન. (નિજામ રાજ્ય)

રા. મોતીલાલ લલ્લુભાઇ પારેખ, દિવાન દેવગઢ બારીઆ સ્ટેટ (રેવાકાંઠા એજન્સી)

શેઠ ચીમનલાલ ગીરધરલાલ માસ્તર, મીલ એજન્ટ. ધી આસ્ટોડીઆ મીલ્સ. કું. લી. અમદાવાદ.

રા. બાલુભાઇ ત્રિભુવનદાસ દેસાઇ વતન મહેમદાવાદ. બી. એ. એલ. એલ. બી. ક્રિમીનલ કેશોમાં મુંબઇની બારમાં તેમજ પબ્લિકમાં જાણીતા વકીલ મુંબાઇ, અને પ્રમુખ ' શ્રી ખડાયતા સમાજ ' મુંબાઇ.

રા. ભાઇલાલ વિન્દ્રાવનદાસ કોઠારી વતન મહેમદાવાદ બી. એ. એલ. એલ. બી. હાલ નાયબ દિવાન દેવગઢબારીઆ સ્ટેટ. અધિપતિ, ખડાયતા મિત્ર અને મુંબઇની ખડાયતા સમાજના એક ઉત્સાહી સભાસદ.

રા. નારાયણદાસ ચુનીલાલ તારાચંદ દ

રા. ગોરધનદાસ દ્વારકાંદાસ પારેખ એલ. સી. ઇ. એકઝીકયુટીવ એનજીનિયર્શ—સીટી ઇમપરૂવમેન્ટ ટ્રસ્ટ. બરોડા સીટી.

રા. બ.હરિલાલ ભોગીલાલ એલ. સી. ઇ. રીટાયર્ડ એસિસ્ટંટ એન્જી-નિયર્સ, અમદાવાદ તે હાલ નડીઆદ દશા ખડાયતા હિતેચ્છુ લાઇબ્રેરીના પ્રમુખ."

રા. મગનલાલ જેઠાભાઇ દેશાઇ, મેનેજર સુરત કોટન સ્પીનીંગ અને વીવીંગ્સ મીલ, સુરત.

રા. ઠાકોરદાસ નાથાભાઇ દેસાઇ બી. એ. એલ. એલ. બી. વકીલ, અને નડીઆદના અસહકારી આગેવાન ગૃહસ્થ, નડિઆદ.

રા. પુરૂષોત્તમદાસ સાંકળચંદ એલ. સી. ઇ. સુપરવાઇઝર પી. વી. ડી. અમદાવાદ.

રા. છોટાલાલ ચુનીલાલ તારાચંદ દલાલ એલ. સી. ઇ. એસિસ્ટંટ એન્જીનિયર્સ રેલ્વે ડિપાર્ટમેન્ટ, હૈદ્રાબાદ (દક્ષિણ)

રા. ચીમનલાલ ચુનીલાલ દલાલ ગુજરાત હોઝિઅરી ફેકટરીના માલિક અમદાવાદ.

રા. અમરતલાલ તારાચંદ દલાલ રિટાયર્ડ ટ્રેઝરર માહિસોર સ્ટેટ હાલ કેશીયર, નિજામ સ્ટેટ.

રા. ત્રિભુવનદાસ પ્રાણવલ્લભદાસ પારેખ રિટાયર્ડ નાજર, અમદાવાદ.

શ. ગોકળદાસ લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ. પારેખ ઓનરરી મેજીસ્ટ્રેટ, નડિઆદ.


રા. ભાઇ કાન્તિલાલ ગોકળદાસ બી. એ. ઠા. નાગર કુઇ નડીઆદ.

રા. ભાઇલાલ પુરૂષોત્તમદાસ ચિત્રકાર ઠા. માધવ મેનસન્સ, લેમીંગટન રોડ, મુંબાઇ.

રા. હરિલાલ કેશવલાલ પરીખ પરસનલઃએ. જમસેદજીઃ રૂસ્તમજી દેવીદાસ સોલીસીટરને ત્યાં મુંબાઇ.


રા. મણિલાલ પરભુદાસ મી. ડાબોલકર સોલીસીટરની ઓફિસમાં મુંબાઇ

રા. ચિમનલાલ સામળદાસ પરીખ બી. એ. સાયન્સ માસ્તર આર. એસ. દલાલ હાઇસ્કુલ ભરૂચ.



શેઠ. ચીમનલાલ ગીરધરલાલ. અમદાવાદ

A. 3148 Lakshmi Art, Bombay 8



રા. ભાઈલાલ વિન્દ્રાવિંદદાસ કોઠારી.

સભાસદ શ્રી ખડાયતા સમાજ, મુંબઈ
આદ્યતંત્રી "શ્રી ખડાયતા મિત્ર પત્ર."

રા. રમણલાલ હરિલાલ પરીખ બી. એ. પરશીયન માસ્તર જે. એન. પીટીટ ગર્લ્સ ઇન્સ્ટીટયુટ, ભરૂચ.

રા. ત્રિભુવનદાસ હરીલાલ પરીખ બી. એ. એ.ટીચર જ્યુબિલી ઇન્સ્ટીટયુટ ઉમરેઠ.

રા. હિરાલાલ મોતીલાલ ડાક્ટર નડિઆદ અને ભરૂચ.

રા. મણિલાલ જમનાદાસ ઓવરસીયર ઠા. નૃસીંહજીની પોળ વડોદરા.

રા. ભોગીલાલ લલ્લુભાઇ દેસાઇ સબરજીષ્ટ્રાર, અંકલેશ્વર.

રા. ભોગીલાલ હરિલાલ પરીખ, ઓવરસીયર, વડોદરા રાજ્ય.

રા. છોટાલાલ દ્વારકાંદાસ પરીખ ઓવરસીયર ઠા. નાણાવટ સુરત

રા. જગમોહન લાલભાઇ બી. એ. એલ. એલ. બી. વકીલ. અમદાવાદ

રા. માણેકલાલ જમનાદાસ દલાલ ધી ઇમપરીયલ બેન્કની ઓફીસ અમદાવાદ

રા. ચીમનલાલ ભોગીલાલ દેશાઇ, બી. એ. વિનય મંદિર—નડીઆદ.

રા. ચીમનલાલ હરિલાલ દેસાઇ, કોટનની લાઇનમાં, મુંબઇ.

રા. હરિલાલ સોંકલચંદ ચોકશી, ઓવરશીયર, સબ ડોવીઝન ઓફીસ કેમ્પ—વડોદરા.

રા. શંકરલાલ ચુનીલાલ પરીખ, બી. એ. C/o શેઠ. માણેકલાલ મગનલાલની કું. ની શાખા, ઓફીસ—મદ્રાસ.

રા. હીંમતલાલ ચુનીલાલ દેસાઇ, શેર બજાર—મુંબઇ.

રા. ગોકલદાસ મનસુખરામ પારેખ, C/o મોહીની એજન્સી મુંબઇની સાખા—રંગુન.

રા. ત્રીકમલાલ હરિલાલ પારેખ, ઇનકમટેક્સ ઓફીસ ૧/૩૧ સ્ટ્રીટ —રંગુન

વ્યાપારીઓ "બહાર ગામ વ્યાપાર કરનારાઓ"

પરી સુંદરલાલ મણીલાલ (પરી બલદેવદાસ મથુરદાસવાળા) ક. એજન્ટ ઠા. શીયાગંજ **ઇંદોર સીટી**

,, મણીલાલ બલદેવદાસ કમીશન એજન્ટ. **ઇંદોર કેમ્પ**

,, ગોરધનદાસ શીવલાલ ,, ,,

,, રમણલાલ બલદેવદાસ ,, કલેકટરગંજ કાનપુર

(૧) શા. ચીમનલાલ જીવણલાલ અનાજ વિ. ક. એજન્ટ
ઠા. નહેર કીનારે દાલમંડી સામે કાનપુર
(૨) ,, ,, ઠા. પોસ્ટખાના ફરૂકાબાદ

દેસાઇ ચુનીલાલ નાથાભાઇ અનાજ અને કરીઆણાના કમીશન એજન્ટ
ઠા. કચેરીવાટ આગ્રા

શા. અમૃતલાલ ચુનીલાલ ક. એજન્ટ ઠા. રાવતપરા આગ્રા

શા. મોતીલાલ જવેરદાસ ક. એજન્ટ ઠા. રાવતપરા હાથરસ

પરી મોહનલાલ છોટાલાલ તે પરી ગોરધનદાસ બળદેવદાસ સાથે, મુંબઈ

ચોકસી છોટાલાલ છગનલાલ ચોકસીનો વેપાર ભરૂચ

વહોરા નટવરલાલ છોટાલાલ, કમીશન એજન્ટ.
ઠા. ચંગપોળ રીચીરોડ, અમદાવાદ

પરીખ મણીલાલ હરિલાલ સુતરના વેપારી ઠા. રીચીરોડ ચંગપોળ અમદાવાદ

સી. એમ. બ્રધર્સ સ્ટેશનરીના વેપારી, રીચીરોડ–અમદાવાદ

પારેખ ગોરધનદાસ હરગોવિંદદાસ કોલમરચંટસ 'ઇ. આઇ. રેલવે' કતરાસગઢ
અને મુંબઈ.

,, કેશવલાલ હરગોવિંદદાસ કોલ મરચંટસ ઇ. આઇ. રેલવે મુ. ઝરીઆ

પરીખ ચંદુલાલ ત્રીભોવનદાસ સ્ટોર્સના વ્યપારમાં સેન્ડહર્સ્ટ રોડ મુંબઇ

શા. નટવરલાલ જીવણલાલ કાપડની દુકાન મુ. જે. મારકીટ મુંબઇ

દલાલ મોહનલાલ સાકરલાલ ધી એમપ્રેસ ઓફ ઇન્ડીઆ ડેરી કું. ના
માલીક મુંબઇ, સીંગાપોર, કલકત્તા, રંગુન વિગેરે

શા. ચીમનલાલ સાકરલાલ, દલાલ, મેનેજીંગ પ્રોપ્રાયટર ધી એમપ્રેસ
ઓફ ઇન્ડીયા ડેરી કું.

શા. છોટાલાલ હરિલાલ ફોટો આર્ટ ગેલેરીના માલીક રીચીરોડ અમદાવાદ

પરીખ ત્રીકમલાલ ત્રીભોવનદાસ મેનેજર મ્યુઝીક કલાસ વીઠલવાડી મુંબઇ

શા. માણેકલાલ હરિલાલ પારેખ, બી. એ. C/o પરીખ લલ્લુભાઈ હીરા-
લાલ, કાનપુર.

સ્થાનિક વેપારમાં.

મથુરદાસ જોઈતાદાસ ઠે. સલુણુ બજાર	કાપડ	નડિઆદ
મુલજીભાઇ રણછોડદાસ	,,	,,
દામોદર બિજલાલ બાસુંદીવાળા	,,	,,
મોહનલાલ સાંકળચંદ દલાલ	તંબાકુની દલાલી	,,
પુરૂષોતમ શીવલાલ	,,	,,
છગનલાલ સુરચંદ વહોરા	,,	,,
કાલીદાસ હીરાચંદ ,,	,,	,,
મણિલાલ સોમચંદ ઠા. સાંથપીંપળી	ચોકસી	,,
મોતીલાલ બાપુજીભાઇ ,,	,,	,,
નાથાભાઇ દામોદરદાસ ,,	,,	,,
ચુનીલાલ નાથાલાલ ઠા. સ્ટેશન ઉપર	દાણાના વેપારી	,,
ચંપકલાલ ચિમનલાલ ,,	,,	,,
ગોવરધનદાસ હરિવલ્લભદાસ ઠા. વડવો કુવો.	તાંબાપિત્તળ	,,
ગોકુળદાસ હરિવલ્લભદાસ ,,	,,	,,
કુબેરદાસ ગોકુળદાસ ,,	,,	,,
ચિમનલાલ જમનાદાસ ઠા. સાંથપીંપળી	મીલ, જીન, સ્ટોર્સ	,,
રા. ચિમનલાલ પ્રભુદાસ. ઠા. નૃસીંહ બાપાની પોળ.	ખેતી.	નડિઆદ
રા. મોહનલાલ સાંકળચંદ દલાલ	પ્રોપ્રાયટર; કેટલફાર્મ	,,

આ ગૃહસ્થ અમેરિકા અને ઈંગ્લાંડની પદ્ધતિ ઉપર ખેતી અને ડેરી નાખાતામાં ઉંડા ઉતરી આશરે બસેં વિઘાં જમીનમાં એકલા પોતાની જાત સંભાળ નીચે ખેતીના ધંધાને સારો કેળવે છે; સાથે ડેરીના પોતાના ધંધા માટે (મુંબાઇની ધી એમ્પ્રેસ ઓફ ઇન્ડીયા ડેરી કુંપની) ભેંસોના તબેલાઓ રાખીને ઉંચીજાતનું માખણુ પેદા કરે છે.

સુચનાઓ.

બંધારણ—જ્ઞાતિના વહીવટ માટે પ્રતિનિધીત્વવાળી પેટા કમિટી નિમવાની આવશ્યક્તા અમો વિચારીએ છીએ, કે જે સ્થાઇ નહિ રહેતાં, દરેક બે કે ત્રણ વર્ષે બદલાવી જોઇએ.

સામાજીક.

કન્યાની છત અછત—સાધારણ રીતે બંધારણમાં અછત નહિં જણાતાં છત હોવાનું સમજી શકાય છે. આ સ્થિતિમાં અહીંઆં લગ્નની વય કન્યાઓ માટે ૧૧ થી ૧૩ ની હોઇ છોકરાઓની ૩ થી ૫ વરસના અંતરનીજ લેવાય છે. નડિઆદ જેવી વિચારમાં આગળ વધેલો જ્ઞાતિ, આવશ્યક જણાયતો હાલની વય માટેની આ હદ વધારી શકે ખરી.

વિક્રય અને સાટાં—બંધારણ સંબંધેની રજૂ કરવામાં આવેલી સ્થિતિમાં જે વિગત રજૂ કરવામાં આવી છે તે રીતે હાલની સ્થિતિ નાબૂદ કરવાને આગેવાનોએ વધારે ચોક્કસ મનના રહીને સુધારો કરવો જોઇએ: અને આવા દાખલાઓમાં બંધારણે વ્યક્તિગત થયેલી ભૂલોને ઉત્તેજન નહિં આપતાં તેવી ભૂલો કરનારાઓ ભવિષ્યમાં તેમ કરવાને પ્રેરાય નહિ, અને તેવાઓને યોગ્ય ધડો લેવાનું બને તેમ કરવું જોઇએ.

વનિતાવિશ્રામ—વિધવાઓની સ્થિતિ તરફ નજર કરતાં દેસાઇના એકડામાં વાણીઆના એકડા કરતાં પલાની રકમ ઓછી છે, તે વધારી લેવી જરૂરની જણાય છે. વિધાઓની સ્થિતિ અને જીવન ગુજારવાનું નડિઆદ જેવા શહેરના માટે દળવું, ખાંડવું, કે તેવાં જાતમહેનતનાં મજૂરી કરવા પૂરતાં કામો કરવા ઉપરજ આધાર રાખવો પડે તે નડિઆદ જેવી આગળ વધેલી આ કોમ માટે શોભારપદ તો નથીજ. ખુદ જેઓ મદદને લાયક હોય તેઓ માટે જ્ઞાતિ તરફથી કોઇ આશ્રમ ઉઘાડવામાં આવે તો અને ત્યાં ઘરગથ્થુ જૂદા જૂદા ધંધાઓનું શિક્ષણ આપવામાં આવે તો તેઓની જીંદગી સુધરતાં મદદ કરવાનું પણ બની આવે. નડિઆદ માટે જ્ઞાતિ તરફના આવા આશ્રમની ખાસ જરૂર તો છેજ.

જમણવાર—નડિઆદ જેવી વિચારોમાં આગળ વધેલી જ્ઞાતિમાં, મરણ જેવા પ્રસંગોમાં, ફરજીઆત નાતો કરવી પડે છે અને તે પણ મોટા સંભામાં સ્થિતિ સારી ન હોવા છતાં ખર્ચ કરવું પડે, એ સ્થિતિ આ બંધારણની વધતી જતી કેળવણી અને વિચારોમાં આગળ વધ્યાનું

ગણીએ તો નીચું જોવડાવે છે તેમ કહું તોતે તદ્દન ખોટું તો નહીંજ ઠરે, આ સંબંધે આપણી જ્ઞાતિના વિદ્વાન મિત્ર રા. મોતીભાઈના શબ્દોની લીધેલી હૃદયભેદક નોંધ તરફ અમો જ્ઞાતિ બંધુઓનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે તેઓની સૂચના મુજબ આ રૂઢિને ક્રમશઃ નાબૂદ કરવાને નડિઆદના આગેવાન ગૃહસ્થો પહેલ કરીને આપણી આ સમસ્ત કોમને રૂડો દાખલો બેસાડશે. કે તેના અનુકરણીય દ્રષ્ટાન્તે જ્યાં જ્યાં આ સુધારો દાખલ થશે તે નડિઆદનેજ આભારી હોવાનું ગણાશે.

રડવા કૂટવાનો રિવાજ—આ રિવાજની સ્થિતિનો જે કંઇ ખ્યાલ પાછળ આપવામાં આવ્યો છે, તેમાં એજ જણાવેલું છે કે સ્થિતિમાં સહજ સુધારો વખત કરતો આવે છે. છતાં રિવાજને અટકાવવા માટેનો કોઇ પ્રયાસ થતો હોવાનું જણાતું નથી. રા. મોતીભાઇના શબ્દોમાં લખું તો તેઓ તો મારી રજૂ કરેલી આ સ્થિતિ પણ કબુલ રાખી શકતા નથી, અને સ્થિતિ વધારે બગડેલીજ કલ્પે છે. આ સંબંધમાં નડિઆદની ખરી સ્થિતિ સમજવા અને તેના અંગે જે કંઇ વ્યવહારૂ સૂચના કરી શકાય તે માટે મેં તેઓશ્રીના શબ્દોનોજ ઉપયોગ કર્યો છે. હું ધારૂં છું કે નડિઆદની આ જ્ઞાતિ અને આપણી આખી કોમ, જ્ઞાતિના આ સદ્‌ગૃહસ્થ તરફ જે સદ્‌ભાવ અને પ્રેમદષ્ટિ રાખે છે તેનું પાલન તેઓએ જણાવેલી વ્યવહારૂ સૂચના, સંયુક્ત બળ અને હિંમત વડે પાર પાડવામાં પોતાનું ખરૂં ખમીર જણાવ્યા સિવાય રહેશે નહિં. રા. મોતીભાઇ આ રૂઢિને માટે જણાવે છે કેઃ—"આ રિવાજ હાલ હદ ઓળંગી ગયો છે; અને પહેલાં ફક્ત જે દીલ ખાલી કરવાની કુદરતી રીત મનનું સમાધાન કરવા માટેની હતી તે હાલ એક અત્યંત ત્રાસદાયક રૂઢિ થઈ પડી છે બાળલગ્ન, વગર કાયદો કર્યે અટકેલ પણ આ રૂઢિતો સમગ્ર—સમૂહના સંયુક્ત બળ અને હિંમતથીજ બંધ પાડી શકાશે. આ દિશામાં જેટલું સત્વરે સધાય તેટલું સારૂં, તેનાથી ધર્મ અને આરોગ્ય બન્ને સચવાશે, અને જીવનમાંથી નિરાવશ્યક ક્લેશ દૂર થશે."

કેળવણી—હાઈસ્કૂલ સુધીના શિક્ષણ માટે દરેકને પોતીકાજ ગામમાં ઘર અને સ્કૂલનું સાધન હોવાથી અને ગામડાઓ કરતાં સ્થિતિ પણ સારી હોવાથી અને શિક્ષણનું ખરચ ભારે પડતું નહિં હોવાથી તેમજ કદાચ જરૂર પડે તો પુસ્તકો અને ફીની મદદ મળતી હોવાથી હાઇસ્કૂલ સુધીનો અભ્યાસ તો સહેલાઇથી થઇ શકે છે. પણ કૉલેજમાં જનારાઓને ખાનગી મદદ

અને માહોસોરની સ્કોલરશિપો ઉપર આધાર રાખવો પડે છે. આ સ્થિતિ ધ્યાનમાં લેતાં કૉલેજની મદદ માટે તેવાઓને બંધારણના ગૃહસ્થો ઉદારવૃત્તિથી બંદોબસ્ત કરી આપે તો કોમના સાધારણ વર્ગ ઉપર તેઓની ઉપકાર વૃત્તિ થશે એવું કહેવું યોગ્યજ ડરે છે.+

આર્થિક—બંધારણ માંહેના થોડાક ગૃહસ્થોની આર્થિક સ્થિતિ સારી હોવાનું જોતાં સહકારના ધોરણે યોગ્ય મદદ કરવા જેવાઓને યોગ્ય મદદ કરતા રહીને અને સ્થાનિક અને દેશાવરોએ ટુંકી ટુંકી મુડીમાં નાના નાના ધંધાઓ ખીલવી શકાય તે માટે જ્ઞાતિના અનુભવી રાજ્યરત્ન રા. દલાલ સાહેબના શબ્દોમાં લોન સિસ્ટમે મદદ કરવામાં આવે તો ધંધાની ખીલવણી થતાં આર્થિક સ્થિતિ સુધરી શકે. પણ આ માટે મદદ મેળવનારાઓએ પોતાના યોગ્ય કામોની જેઓથી મદદ મેળવવાની છે તેઓની યોગ્ય ખાતરી કરી આપવી જોઇએજ. કોમની ઉન્નતિનો સઘળો આધાર આર્થિક સ્થિતિના સુધારા ઉપર છે. તે કહેવાની ભાગ્યેજ જરૂર રહેતી હોય.

+ જુઓ કેળવણી સંબંધેની જનરલ સૂચનાઓમાં વિગત.

ઉમરેઠનું દશા ખડાયતાનું બંધારણ.

તડ ૩ કુલ લાણાં ૨૮૪

૧ પારેખનું તડ લાણાં ૬૪ હાલ વહિવટકર્તા પરી જેઠાલાલ ગીરધરદાસ.
ઠા. સેઠવગે

આગેવાન ગ્રહસ્થ.

પરી. જેઠાલાલ ગીરધરદાસ
શેઠ ભોગીલાલ નરોતમભાઇ મહાજનના શેઠ.
ઓનરેબલ સર ગોકળદાસ કહાનદાસ પારેખ
શા. માણેકલાલ પ્રેમાનંદભાઇ
પરીખ સોમાભાઇ ગીરધરદાસ
ચોકસી બાબરભાઇ હરીલાલ

૨ **દોશીવાણીઓનું** તે હા. દોશી કસનદાસ ભાઇચંદનું તડ લાણું ૧૪૦
હાલ વહિવટકર્તા પોતે ઠા. ત્રણુપોળ.

આગેવાન.

દોશી કસનદાસ ભાઇચંદ.
શા. ડાહ્યાભાઇ કાલીદાસ
શા. મણીલાલ જમનાદાસ

૩ **દોશીવાણીઆનું** તે હા. દોશી મુળજી ભાઇચંદનું તડ લાણાં ૮૦
હાલ વહિવટકર્તા પોતે ઠા. ત્રણુપોળ.

આગેવાન.

દોશી મુલજીભાઇ ભાઇચંદ
દોશી ગોકળદાસ નારણદાસ દાજીભાઈ.
શા. સોમાભાઇ ભીખાભાઇ હરિવલ્લવ
શા. નાગરદાસ દયાલજી
શા. મગનલાલ હરીભાઇ
શા. હરજીવન દ્વારકાંદાસ

બંધારણની માહિતી.

ઉમરેડના દશા ખડાયતાના બંધારણનો મૂળ એકજ સમુદાય હતો. પણ થોડાક સમય ઉપર નાણાવટી અને દોશીવાણિઆ વચ્ચે કૂળાભિમાનનો ભેદ જણાયાથી દોશીવાણિઆઓએ પોતાનું જૂદું તડ બાંધ્યું. (હાલ જે પારેખનું તડ કહેવાય છે. તેજ નાણાવટીનું તડ છે.) વળી સંવત ૧૯૫૯ ની સાલથી દોશીવાણિઆના તડમાં પણ ઘરખાનગી તકરારને લઇને બે તડ પડેલાં છે. એ રીતેથી હાલ ઉમરેડમાં ઉપરની વિગતથી ત્રણ તડનો વ્યવહાર છે. અને તેમાં કુલ આસરે ૩૦૦ લહાણાં છે. આ ત્રણે તડમાં ખાવા ખવરાવવાના વ્યવહારની છૂટ હોઇ કન્યાઓ આપલે કરવાનો વ્યવહાર પોતપોતાના બંધારણમાં છે. બંધારણનો વહીવટ પોતપોતીકા બંધારણમાં દરેક તડના આગેવાનો કરે છે.

બંધારણમાં પટલાઇ સાધારણ રીતે પેઢીગત ગણાય છે. છતાં પણ કહેવું જોઇએ કે તે કુટુંબનો જથ્થો અને હોંશિઆરી ઉપર કાયમ રહેવાનો આધાર રહે છે; ન્યાતના કામ માટે વરસમાં એક અથવા તો બે વખત પંચ એકઠું થાય છે. સાધારણ વિચારે શેઠની સત્તા નોતરૂં કાપવું, એકડા બહાર મૂકવાની યા તો દંડ લેવો અને વાડીનો વહીવટ કરવો વગેરેમાં સમાઇ જાય છે.

સામાજીક અને સામાન્ય.

(૧) **સામાજીક અને સામાન્ય:—**બંધારણમાં કેળવણીનો પ્રચાર વધુ નહિ હોવાથી સામાજીક સ્થિતિ સારી હોવાનું જોઇ શકાતું નથી.

(૨) **કન્યાની છત અછત:—**આ બંધારણમાં સાધારણ રીતે કન્યાની છત સારી છે; એટલે પ્રમાણમાં વરની અછત જોવામાં આવે છે. વર અને કન્યા વચ્ચે સાધારણ રીતે ૪ થી ૫ વરસનું અંતર રાખવામાં આવે છે; પણ કન્યાઓનો વધારો હોવાથી ઉપરના વિચારો ખરી રીતે અમલમાં મુકી શકાતા નથી. અને કેટલીક જગોએ બે વરસનું અથવા તો ઊમરમાં સરખાપણું રહ્યાનું પણ જોઇ શકાય છે. આમ હોવા છતાં કહેવું જોઇએ કે પહેલાંની માફક વર કરતાં કન્યાની ઉમર વધારે હોવાનું તો હાલ જોવામાં આવતું નથી.

(૩) **કૂળવાન અને અકૂળવાનની માન્યતા:—**કૂળવાન અને અકૂળવાનની માન્યતા જો કે તદ્દન નાબુદ થઇ નથી, તો પણ ધીમે ધીમે ઘસાતી

ચાલે છે. બંધારણમાં કન્યાવિક્રય બીલકુલ થતો નથી. છતાં સાટાંતેખડાં તો જૂજ થાય છેજ.

(૪) **એક ઉપર બીજી આપવાનો રિવાજઃ**—એક ઉપર બીજી આપવાનો રિવાજ આ બંધારણમાં નથી, તેમજ પ્રતિબંધ પણ નથી. સંતતિનું સુખ ન હોય તો ફરીને પરણવાની છૂટ છે. બીજા બંધારણમાંથી અથવા તો ભાણે વરજતી કન્યા લાવવાનો પ્રતિબંધ નથી. જો કોઇ ગૃહસ્થ લાવે તો તેને જૂજ દંડ કરી બંધારણમાં દાખલ કરવામાં આવે છે.

(૫) **પલ્લાની રકમઃ**—પલ્લું રૂા. ૭૫૧) નું કરવાનો રીવાજ છે; પણ કેટલીક વખતે રૂા. ૧૦૦૦) સુધી પણ લેવામાં આવે છે. વિધવાનું આજીવિકાનું સાધન પલ્લા ઉપરાન્ત તેના સાસરીઆની સ્થિતિ છે. સ્થિતિ ગરીબ હોય તો દળણાંખાંડણાં પતરાળીપડીઆ કરવાનું અને તેવી બીજી મજુરી, દાળ વિણવી વિ. ના સાધનથી નિર્વાહ પુરો કરી લે છે.

(૬) **જમણવારઃ**—લગ્ન તથા મરણ પ્રસંગે અમુક ન્યાતો કરવી એવું ફરજીઆત નથી; છતાં પણ લગ્ન પ્રસંગે એક તથા મરણ પ્રસંગે તેરમાની ન્યાત સઘળાઓ કરે છે. એક ન્યાતનું ખર્ચ આસરે રૂા. ૫૦૦) થી રૂા. ૭૦૦) કે તેથી વધારે થાય છે.

(૭) **કેળવણીઃ**—(૧) ઉમરેઠમાં આપણી જ્ઞાતિની દશા અને વિશાની મળીને કુલ વસ્તી ૧૨૦૦ ઘરની ગણી શકાય. મને થોડા વખત ઉપર મળેલી વિગત ઉપરથી અહીંઆં કેળવણી કેટલી પછાત છે. તેનો ખ્યાલ આપવા માટે જણાવવું પડે છે કે–"અહીંઆંની ૧૨૦૦ ઘરની કુલ વસ્તી-માંથી ફક્ત ૬૦ વિદ્યાર્થીઓજ અંગ્રેજી પ્રાથમિક શિક્ષણ લે છે." આ ઉપરથી કેળવણીની સ્થિતિ કેટલી નબળી છે તેનો સહજ ખ્યાલ આવી શકે છે.

(૨) ઉમરેઠમાં હાઇસ્કૂલ હોવા છતાં મેટ્રિક સુધી અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ તેનો લાભ સારી સંખ્યામાં લેતા હોય એવું જણાઈ આવતું નથી. કેળવણીનું પ્રમાણ ગુજરાતી કેળવણી સેંકડે ૭૫ થી ૮૦ ટકા, અંગ્રેજી કેળવણી ૧૦ થી ૧૫ ટકા અને સ્ત્રી કેળવણી ૪ થી ૫ ટકા જેટલુંજ નીકળી શકે. ગામમાં હાઇસ્કૂલ હોવા છતાં કેળવણી જોઇએ તેટલા પ્રમાણમાં જોવામાં આવતી નથી. તેનું કારણ આર્થિક સ્થિતિ નબળી હોવાનુંજ માલુમ પડે છે. વળી કેટલાક સમય ઉપર બંધારણમાં પ્રાથમિક કેળવણી માટે એક ફંડ હયાતીમાં આવ્યું હતું. પણ તે મદદના અભાવે હાલ બંધ થઇ ગએલ છે. સિવાય કૉલેજમાં અભ્યાસ


કરતા વિદ્યાર્થીઓ માટે "માહીસોર દામોદરદાસ" સ્કોલરશીપ વિના બીજું સાધન નથી; અને આ સ્કોલરશીપ સમસ્ત જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે હોવાથી આ બંધારણમાં પણ સાધનના અભાવે અભ્યાસ છોડી દેવો પડ્યો હોય એવા ઘણા દાખલાઓ જડી આવે છે.

આ બંધારણમાં સર ગોકળદાસ કહાનદાસ પારેખ કે જેઓશ્રી ઉમરેઠના વતની હોઇ આજ બંધારણ સાથે જોડાયેલા છે તેઓ તરફથી તેમના પિતાશ્રી કહાનદાસ કાળીદાસના સ્મરણાર્થે આ બંધારણના વિદ્યાર્થીઓને માટે રૂ. ૭૦૦૦) સાતહજારની રકમ કેળવણીના ઉત્તેજનાર્થે કહાડેલી છે. જેનો વહીવટ ગુજરાત વર્નાકયુલર સોસાયટીના હસ્તક તેઓએ મુકેલો છે અને તેનો ઉપયોગ ઉપલી રકમના વ્યાજમાંથી સ્કોલરશીપો આપવા વીગેરેમાં થાય છે.

(૮) **સાહિત્યઃ**—કેળવણીને લગતું અહીંઆં કોઇ સાહિત્ય અથવા વાંચનગૃહ અથવા તેવી બીજી કોઇ સંસ્થા નથી. અમો ભૂલતા ના હોઇએ તો આવા વાંચનગૃહની જરૂરીઆત માટે વચમાં ખડાયતા મિત્રમાં જોસભેર અપીલ કરવામાં આવી હતી; અને એક ગૃહસ્થે તો એવી સૂચના પણ કરી હતી કે આને લગતી જો કોઇ યોજના ઘડી કહાડવામાં આવે અગર થાય તો લગભગ ૧૫૦ થી ૨૦૦ પુસ્તકો તથા કેટલાંક પેપરો પણ પૂરાં પાડી શકાય તેમ છે. છતાં અત્યાર સુધીની મળેલી હકીકત ઉપરથી તેવું કંઇ બન્યું હોય તેવું અમારી જાણમાં આવ્યું નથી. બંધારણમાં સાહિત્યમાં રસ લેનારા ગૃહસ્થો પ્રમાણમાં બહુ ઓછા છે. અને જે વિગત મળી શકી છે તે એજ સૂચવે છે કે, જ્યાંથી દાખલો લેવા જોગ સારી આશા રાખી શકાય ત્યાં તેવી કંઇ વિશેષતા નથી.

(૯) **લાઇબ્રેરીઃ**—ઉમરેઠમાં ગામની સાર્વજનિક લાઇબ્રેરી છે. પણ ન્યાતમાં કેળવણી ઘણી ઓછી હોવાથી તેનો વિશેષ લાભ લેવાતો હોય તેવું કંઇ જણાતું નથી.

(૧૦) **રાજકીયઃ**—રાજકીય ચળવળમાં આ બંધારણના તેમજ ઉમરેઠ અને મુંબાઇના વતની સર ગોકળદાસભાઇનું નામ આપણી જ્ઞાતિમાં પ્રથમ દરજ્જો ભોગવી શકે, પણ મહાત્મા ગાંધીજી અને તેમના ઉપદેશેલા સિદ્ધાંતોએ દેશમાં નવું વાતાવરણ અને ચૈતન્ય ઉભું કર્યું છે. તે સત્ સિધાન્તને લઇને કોમ જૂદા વિચારો ધરાવી શકતી હોય, છતાંએ કહેવુંજ જોઇએ કે, ધારાસભા મધેની તેઓની કાર્કીર્દિ દેશની સેવા માટે ભૂલવા જેવી ન હતીજ. અને તેઓશ્રીએ દેશની અમૂક સવાલોમાં તો અમૂલ્ય સેવા કરી છેજ.



નામદાર, સર. ગોકલદાસ કહાનદાસ પારેખ

[ખડાયતા જ્ઞાતિ માંહેના, પ્રથમ પંક્તિના લક્ષાધિપતી ગૃહસ્થ.]

A 3148—Lakshmi Art, Bombay 8

(૧૧) યુવકમંડળ બંધારણની વસ્તી તરફ નજર કરતાં અને ઉમરેઠ જેવું શહેરી જીવન ધ્યાનમાં લેતાં કેળવણીની પ્રગતિ અર્થે વ્યવહારૂ કાર્ય કરી શકે તેવી યુવકમંડળ જેવી કોઇ નાની સંસ્થા પણ અત્રે નથી.

(૧૨) **આર્થિક સ્થિતિઃ**—બંધારણ માંહેના કેટલાક ગૃહસ્થો જો કે સારી સ્થિતિ ભોગવે છે, તોપણ બંધારણનો મોટો ભાગ સાધારણ સ્થિતિનો અને ગરીબાઇ ભોગવતો છે. વેપાર મુખ્યત્વે કરીને કાપડ, અનાજ, તથા ધીરધારનો છે. વાર્ષિક આવક માણસ દીઠ રૂ. ૧૦૦) થી રૂ. ૧૫૦) ગણી શકાય અને ખરચ પણ પ્રમાણમાં તેટલુંજ આવતું હોવાનું કહી શકાય. આર્થિક સ્થિતિ સારી હોવાનું જેઓ પેટ પૂરતું કમાઇ શકે છે. તેનેજ ગણવામાં આવે છે. બંધારણની આર્થિક અને કેળવણી સંબંધેની સ્થિતિ કેટલી નબળી છે. તેનો ખ્યાલ સંવત્ ૧૯૭૧ ના ખડાયતા મિત્રના અંકમાં " ભ્રમર " ની સંજ્ઞાથી એક ગૃહસ્થે લેખ લખ્યો છે. તે વાંચવાથી સહેજ આવી શકશે. લેખક ત્યાં જણાવે છે કે કેટલાંક કુટુંબો તો પોતાનું ગુજરાન વાર્ષિક રૂ. ૫૦) થી રૂ. ૧૦૦) માં નિભાવે છે, કે જેમાંનો કેટલોક વર્ગ તો ગાંધીની માટલીઓ ઉંચકવામાં રૂ. ૩) થી રૂ. ૪) ના માસિક પગારે નોકરી કરે છે. અમોને વધુ માહીતી મળી છે કે કેટલીક વિધવા બેનો ફક્ત દાળ વિણવા વગેરે હલકા ધંધા કરે છે, કે જે કામ અત્યારે તો ઉમરેઠ અને તેની આજુબાજુનાં તેવાં થોડાંક ગામો માટે તો દુખદઃ સ્થિતિનું ગણી શકાય છે. અને જ્યાં સુધી તેઓને તેમાંથી કોમ ઉગારી લે નહીં ત્યાં સુધી તો તેઓના નશીબે તે વળગેલુંજ રહેવાનું. ઉપરાંત બંધારણના સામાજિક રિવાજોમાં પણ કેટલાક ખાસ સુધારા કરવાની જરૂર ઉભી છે.

બંધારણના પ્રતિષ્ઠિત, આગેવાન અને ઉત્સાહી ગૃહસ્થોઃ—

સર ગોકળદાસ કહાનદાસ પારેખ, બી. એ. એલએલ. બી. વકીલ
ન્યુકવિન્સ રોડ મુંબાઇ.

રા. ભોગીલાલ નારાયણદાસ શાહ. બી. એ. એલ. એલ. બી.
સબ જજ હાલ અમદાવાદ.

રા. મણિલાલ મુળજીભાઇ બી. એ. એલ. એલ. બી. વકીલ.
કોટને નાકે ઉમરેઠ.

રા. ચુનીલાલ રસિકલાલ પરીખ. બી. એ. એલ. એલ. બી.
વકીલ ત્રણ પોળ ઉમરેઠ.

રા. કાન્તિલાલ ગોકલદાસ બી. એ. શેરબજાર કલકત્તા અને મુંબઇ
રા. જેઠાલાલ ગિરિધરલાલ મહાજનના શેઠ ઉમરેઠ.
રા. છગનલાલ મથુરદાસ વકીલ ઇન્દોર
રા. હરિલાલ બાળકૃષ્ણ પરીખ બી. એ. નોકરી મુંબાઇ.
રા. ચિમનલાલ મગનલાલ પરીખ. બી. એ. એલ. એલ. બી.
રા. રમણિકલાલ નાથાલાલ પરીખ. બી. એ. મુંબાઇ સમાચાર ઓફિસ કોટ મુંબાઇ.
રા. હરિલાલ છગનલાલ વકીલ. લુણાવાડા સ્ટેટ.
રા. મગનલાલ ચુનીલાલ રેલ્વે કોચીંગ કલાર્ક રતલામ.
રા. મણીલાલ ચતુરદાસ રેલ્વે નોકરી આણંદ.
રા. નાનાલાલ છગનલાલ (પેન્શનર) જ્યુડિસિઅલ ડિપાર્ટમેન્ટ અમદાવાદ.
રા. નરશીદાસ ગીરધર કારકુન મામલતદાર કચેરી ઠાસરા.
રા. પ્રાણલાલ હરગોવિંદદાસ પોસ્ટમાસ્તર સુરત જીલ્લામાં.
રા. હરીલાલ જેકીશનદાસ સરવઇખાતામાં નોકરી.
રા. છોટાલાલ ભોગીલાલ પારેખ કેમીસ્ટની લાઇનમાં ચર્ચગેટસ્ટ્રીટ, મુંબઇ
રા. ચંદુલાલ ભોગીલાલ પરીખ ડે. સ્ટેશન માસ્તર ભરૂચ.

વ્હેપારીઓ.

ચોકસી વિ.—

રા. ચિમનલાલ બાબરભાઇ ચોકસી.
કોચ ફેકટરીનું કારખાનું અમદાવાદ.

રા. સોમાભાઇ નાથાભાઇ ચોકસી.

રા. મણિલાલ છગનલાલ. હેન્ડલુમ્સ ફેકટરી ઉમરેઠ.

રા. મણીલાલ હરીલાલ ચોકસી ઠા. ચોકસીપોળ.

રા. પુરૂષોત્તમદાસ નારાયણદાસ દોસી. ફ્લોર મીલ ઉમરેઠ.

કાપડના વેપારીઓઃ—

રા. છોટાલાલ લલ્લુભાઇ દોસી. ઠા. ઓડ બજાર ઉમરેઠ.

રા. મગનલાલ ગિરિધરલાલ દોસી. ઉમરેઠ.

રા. છોટાલાલ નારાયણદાસ દોસી. ઉમરેઠ.

રા. બળદેવદાસ હારલાલ ઠા. ત્રણપોળ.

રા. ગોકલદાસ નારણદાસ દોસી ઠા. પંચોળી.

રા. પુનમચંદ ગોરધનદાસ ઠા. માલીવાડાની પોળ.

સુચનાઓ.

બંધારણના વહિવટ વિષે:—બંધારણનો વહીવટ જૂની પદ્ધતિથી ચલાવવામાં આવે છે. બંધારણમાં ત્રણ તડ છે; આ ત્રણે તડના આગેવાનો સલાહસંપથી અને થોડા ભોગ આપવો પડે તો તેમ કરી ત્રણે તડ એકત્ર કરી નાખે અને કમિટિની પદ્ધતિથી વહીવટ ચલાવે તો નિષ્પક્ષપાતપણે કામ ચાલે અને સર્વેને સરખો ન્યાય મળે, બંધારણ એકત્ર થએ સંપ વધવાથી જ્યાં જ્યાં સુધારાઓ કરવા જેવું જણાય છે. તે સહેલાઇથી પાર પડી શકે ખરૂં. હમોને બંધારણના ઘણા સારા ગૃહસ્થો તરફથી સૂચના મળ્યા પ્રમાણે બંધારણનો વહીવટ પ્રતિનિધિત્વવાળી કમિટિથી ચલાવવામાં આવે તેવી સૂચના કરવાનું પણ જણાવવામાં આવેલું છે.

સામાજીક અને સામાન્ય:—કન્યાની છતઅછત–કન્યાની છત સારી હોવાને લીધે વર અને કન્યા વચ્ચે અમુક વરસનું અંતર હોવું જોઇએ એ નિયમ જોઇએ તેટલો જળવાતો નથી. બંધારણના આગેવાનો આ બાબ-તમાં પહેલામાં પહેલું ધ્યાન આપીને ચોક્કસ ઠરાવ કરીને તે પળાવવાની જરૂરીઆત તરફ પહેલું ધ્યાન આપશે તેવું હમો ઇચ્છી રહ્યાજ છીએ.

વનિતાવિશ્રામ:—ઉમરેઠ કે જે ખડાયતા જ્ઞાતિનું પાટનગર ગણાતું હોવા છતાં ત્યાંની આપણી જ્ઞાતિ માટેની આર્થિક અને અન્ય સ્થિતિ નબળી હોવાની માહીતી ખરેખર શોકામજ ગણી શકાય. અહીંઆં આપણી જ્ઞાતિની મોટી વસ્તી હોઈ જે વધારે સંખ્યા જ્ઞાતિની નિરાધાર વિધવા બાઇઓની નીકળે છે. અને તેવો વર્ગ બીજા સારા ઉદ્યમોને અભાવે દળણું ખાંડવાનું, અને દાળ વિણવા જેવા હલકા ધંધાઓમાં ગુજારો કરે છે તે જોતાં અહીંઆં આવા આશ્રમની જરૂરીઆત વધારે સ્પષ્ટ થાય છે. અહીંઆં બંધારણના સુખી ગૃહસ્થો તરફથી આવું આશ્રમ સ્થાપવામાં આવે અને તેની સુવ્યવસ્થા રાખવામાં આવે તેમજ કોઇ સદ્દગુણ સંપન્ન, શુદ્ધ ચારિત્ર્ય અને નિષ્કામ સેવા ભાવનાથી કામ કરનાર શિક્ષિકાને આ કામ ઉપર રોકવામાં આવે તો ન્યાતની સારી સેવા ગણાતાં અનેક બ્હેનોનો આશીર્વાદ મેળવ્યાનું જરૂર બની શકશેજ.

યુવકમંડળ બંધારણ મોટું હોવા છતાં કોમના સુધારા અર્થે પદ્ધતિસરની કોઇ યોજના હોવાનું જણાતું નથી કોમના ઉત્સાહી બંધુઓએ અને યુવકોએ આવું એક મંડળ સ્થાપીને કેળવણીને પ્રોત્સાહન મળે એવી

દરેક ચળવળ હાથ ધરવી જોઇએ. આ ઉપરાંત બંધારણના સામાજીક રિવાજોમાં ખાસ સુધારા કરવાની પણ જરૂર છે. સરક્યુલેટીંગ લાયબ્રેરીની જરૂર પણ અહીંઆં જણાય છે. બંધારણના ગૃહસ્થોમાં વાંચનનો ફેલાવો કરવો એ પણ વધારે જરૂરનું છે. બંધારણના નેતાઓ આ દિશામાં પ્રવૃત્તિ કરી બંધારણ હાલ જે પછાત સ્થિતિ ભોગવે છે તેને ઉચ્ચ પંક્તિમાં મુકાવા માટે યોગ્ય પ્રયત્ન કરશે એવી આશા રાખવાને હું પ્રેરાઉ છું.

રડવાકુટવાનો રિવાજઃ—આ સંબંધમાં સુધારો કરવામાં આવેલો છે; છતાં રિવાજ નાબુદ થએલો જોવામાં આવતો નથી. કારણ તપાસીશું તો એક સંભવિત ગૃહસ્થના શબ્દોમાં "સ્ત્રીઓની અજ્ઞાનતા અને પુરૂષોની નિર્બળતા" હોવાનુંજ માની શકાય છે. આ માટે પુરૂષોએ દ્રઢતાપૂર્વક નિશ્ચય મજબુત કરીને સ્ત્રીઓની અજ્ઞાનતા દૂર થાય તેવા વ્યવહારૂ પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

કેળવણીઃ—ગામમાં હાઇસ્કૂલ હોવા છતાં પણ બંધારણના વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં લાભ લેતા હોય એવું જણાતું નથી. કારણ આર્થિક સ્થિતિ સારી નહિ હોવાનુંજ જણાઇ આવે છે. ગુજરાતી છ ચોપડી ભણ્યા પછી વિદ્યાર્થીઓને ઉઠાડી લેવામાં આવે છે; કે જેઓને ગામડાના ધંધામાં દાખલ થવું પડે છે. આથી દ્રષ્ટિ સંકુચિત બને છે અને જીવન ટુંકી દષ્ટિવાળાંજ સાધનોમાં પુરૂં કરવું પડે છે. આમ ન થાય અને બંધારણના બાળકોને અભ્યાસ કરવાની અને તેવાઓની દષ્ટિ વિશાળ બને તેવા પ્રયત્નો કરવા માટે હવે રાહ નહિ જોવાતાં ફરજ સમજનારાઓએ સત્વરે તજવીજ કરવી ઘટે છેજ. અહીંઆં કેળવણીની વૃદ્ધિ અર્થે ફંડની આવશ્યક્તા પ્રથમ દરજ્જો ભોગવે છે. સાધનના અભાવે અટકી પડતા વિદ્યાર્થીઓને લોનથી અગર તો સ્કોલરશીપો આપીને કેળવણીને ઉત્તેજન આપવું જોઇએ છીએજ. આ બાબતમાં સર ગોકળદાસભાઇ ધ્યાનમાં લે તો પોતાના બંધારણ માટેજ નહિ પણ સમસ્ત જ્ઞાતિ માટે પણ યોગ્ય કરી શકે તેમ છે. કોમે આશા રાખવી ખોટી નહીં કે કેળવણી અને સુધારાના વિચારોને પોષનાર આવા બંધુઓએ આ કોમ કે જે કોમને પોતાની કોમ તરીકે તેવાઓ સહુ કોઇને સ્વીકારવી પડે છે અને કોમ તેવાઓને પોતાના ગણે છે. તેવા એકજ કુટુંબનાં 'કોમ'નાં માણસો માટે અને તેમાં પણ કેળવણીના વધારા અર્થેજ આ જ્ઞાતિના સુખી ગણાતા બંધુઓ પોતાનાથી બનતી મદદ

કરવામાં હવે પાછી પાની કરશે નહીં, તેવું ઉમરેઠની સ્થીતિ તપાસતાં તો જરૂર કહેવુંજ પડે છે.

આર્થિક:—અંધારણની આર્થિક સ્થિતિ સુધારવા માટે કેળવણીનો પ્રચાર તથા મોટા પાયા ઉપર વેપાર ખીલવવાનું એ બન્ને કરવાની જરૂર સ્વીકારવી પડશેજ કેળવણી નથી વધી શકતી તેનું કારણ મદદનો અભાવ હોવાનું કહી શકાશે. હાલનાં આ કારણો દૂર કરવામાં સાધન સંપન્ન માણસોએ યોગ્ય કરવુંજ જોઇએ છેજ. વેપાર માટે હાલના સ્થાનિક વેપારીઓ પોતાનાજ ધંધામાં નહીં પડી રહેતાં દેશાવર જતા થાય, ઉચ્ચ ચારિત્ર્યવાન બને અને એકદમ લક્ષાધિપતિ થઈ જવાની ઉર્મીઓને સંયમમાં રાખી ધીરે ધીરેજ આગળ વધવાનો ગુણ ગ્રહણ કરે તો અને તેવાઓને જરૂરની સહાય અને મદદ કરવામાં આવે તો સ્થિતિમાં સારો ફેરફાર થઇ શકે.

એકવીશ ગામના દશા ખડાયતા એકડાનું બંધારણ.

"ખડાલ, કપડવણુજ અને આતરસુંબાના ગામોનું"

ગામનો નંબર	ગામ	લાણું	નામ	શીરનામું
૧	ખડાલ	૧૨૦		ખડાલ સ્ટે. દાસ-લવાડા, નડિઆદ કપડવંજ રેલ્વેનું.
	૧ કપડવણુજનું થડ (જથો)		શા. જેઠાલાલ માણેકચંદ શા નાથજીભાઇ ભોગીલાલ	પો. ખડાલ આ-તરોલી થઇને સ્ટે. દહેગામ
	૨ કૃષ્ણાવતીનું થડ		શા. મનસુખ ભોગીલાલ શા. મોતીલાલ કુબેરદાસ દલાલ	
	૩ ઇશ્વર કુબેરનું થડ		શા.મનસુખભાઇઇશ્વરદાસ	
	૪ દેવરામ મહેતાનું થડ		શા. ભોગીલાલ ભાઇચંદ	
	૫ ગોપાલ મહેતાનું થડ		છોટાલાલ રણછોડદાસ મહેતા	
૨	કપડવણુજ.	૧૧૦		પો. કપડવણુજ વાયા, નડીઆદ
	૧ રહીઆનું થડ		શા. જયચંદ ધરમચંદ	
	૨ ગાંધીનું થડ.		શા. મગનલાલ કરસનદાસ ,, નાથજી મોતીચંદ	
	૩ મંગળીઆનું થડ		શા. નાથજી કહાનદાસ શા. વલ્લભદાસ પરભુદાસ	
૩	આતરસુંબા	૧૪૧		પો. આતરસુંબા વાયા, દહેગામ સ્ટે. ઉવાપૂરા
	૧ ગાંધીનું થડ		શા. ભોગીલાલ અમીચંદ ગાંધી નાથજીભાઇ બલદેવ	

	૨ દલાલનું થડ		શા. ભાઇચંદ નાનચંદ	
	૩ નારણદાસ ઠારણદાસનું થડ.		શા. ભીખાભાઇ દામોદર	મુ. બહીઅલ દહેગામ થઇને સ્ટે. વાંમગામ
	૪ બહેચરદાસ નરસીદાસનું થડ		શા. મુળચંદ મગનલાલ	
૪	૫ પારેખનુ થડ		પારેખ સોમાલાલ નાગરદાસ	
૫	બહીઅલ	૨૭	પરી નારણદાસ ભોગીલાલ	
૬	કનીપુર	૧૮	ગાંધી નાથજી ખુશાલદાસ	
૭	છીંપડી	૫૧	શા. છોટાલાલ દલસુખ શા. ચુનીલાલ રણછોડ	
૮	છીંપીઆલ	૧૩	શા. મગનલાલ ગલાબચંદ	
૯	કાણીઅલ	૩૪	શા. હરીવલવદાસ ખુશાલચંદ શા. પ્રેમચંદ સાકળચંદ	
૧૦	રવદાવતના મુવાડા	૭	શા. રણછોડદાસ મંજીસાહ	
૧૧	અલીંણા	૧૦	શા. અંબાલાલ કેસવલાલ	
૧૨	લસુંદરા	૧૫	શા. મગનલાલ પાનાચંદ	
૧૩	અમદાવાદ	૪	શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસ	ઠે. ઘીકાંટા. વડોદરા.
૧૪	નડીઆદ	૧૩	શા. ગોકલદાસ લલ્લુભાઇ	
	વડોદરા (આતરસુંબાના પેટાનું)	૨	ગાંધી ભોગીલાલ દલસુખ	

ઉપર મુજબનાં મુખ્ય ગામો સીવાય આ ગામોના પેટાનાં ગામો અપુરજી, ચરડ, હીલોલ, બદલપુર, રૂદણ, તોરણા, કુંઆ, જાદરપુર અને સંદેસરા ગામોએ આ એકડાના વૈસ્યોની બુજ જેવી વસ્તી છે. તેમજ માતર, ખેડા અને મહેમદાવાદના થોડાક વૈસ્યો આ બંધારણમાં પાછળથી જોડાયેલ છે.

બંધારણની માહિતી

આ બંધારણનાં ૨૨ ગામ કહેવાય છે. તેમાં સમારે ૫૭૫ લાણાં અને; પાંચસો ઘરની સંખ્યા છે. મુખ્ય ગામો. કપડવણજ, આતરસુંબા, અને ખડાલ છે. અને વસ્તિમાં પણ ઉપરનાં ત્રણગામ અને બહીઅલ, કનીપુર, છિપડી અને કાણીયલ એ મુખ્ય ગામો છે. પહેલાં એકડા બંધાએલા નહોતા ત્યારે મોડાસા, નડીઆદ, ખેડામાતર વિગેરે ગોળ સાથે આ બંધારણવાળાઓનો કંન્યા વહેવાર રહેતો; એટલે અ. ...ની કંન્યાઓ નડીઆદ તથા અમદાવાદ જતી ને મોડાસાની આ તરફ આવતી; પરંતુ મોડાસાવાળાને શહેરવાળા તથા અમો કંન્યા આપતા નહીં. તેથી પ્રથમ મોડાસાવાળે પોતાનો એકડો બાંધ્યો. ત્યાર પછી સંવત ૧૮૯૫ ના અરસામાં આ એકડો બધાયો.

આ એકડામાં પણ કેટલાક વખતથી દરેકને સરખી રીતે કંન્યાઓ નહીં મળવાથી તેવાઓને અંદર, અંદર, સાટાં કરવાં પડતાં હતાં. આ સ્થિતિ કેટલોક વખત ચાલ્યા પછીથી સંવત્ ૧૯૭૫ થી તેવાઓએ પોતાનો આ બંધારણમાં રહીને ગણો કે જૂદો. પોતાનો જૂદો ગોળ બાંધ્યો છે; જેની લગભગ ૧૫૦ ઘરની સંખ્યા છે. આ બંન્ને તડ વચ્ચે જમવા જમાડવાનો વ્યવહાર હાલ ભેગો છે પણ કંન્યા આપલેનો વ્યવહાર જૂદો પડેલો છે. આ એકત્ર બંધારણમાંથી જૂદો પડેલો સમૂહ (નાનાતડે) પોતાની સ્થિતિ સુધારવા માટે બંધારણ જૂદું પડવા પછીથી સારો પ્રયાસ કર્યો છે કે, જેમાં કોઇ સાટું કે વિક્રય કરતું નથી. અને બંધારણવાળાઓએ તેનો ખાસ પ્રતિબંધ પણ કર્યો છે.

વહીવટ. બંધારણના વહીવટનું કામકાજ કમિટીની પદ્ધત્તિથી થાય છે. કાર્યવાહક સભાની નિમણુંક પાર્લામેન્ટની પદ્ધત્તિથી કરવામાં આવે છે. જેમાં મોટા ગામના ચાર અને નાના ગામના બે ગૃહસ્થો સભાસદો તરીકે મોકલવામાં આવે છે. પંચને એકઠા મલવાનો સમય કોઇ ગૃહસ્થ એકડા બહાર કંન્યા આપવા ઇચ્છા રાખતો હોય ત્યારે અથવા તો બંધારણના નિયમનું ઉલંઘન્ થતું હોય ત્યારે તેનો ફેંસલો કરવા માટે એકઠા થાય છે. બંધારણના વહીવટ માટે આવું ધોરણ હોવા છતાં કામ નિપક્ષપાતપણાથી થતું જેવામાં આવતું નથી. અને જેનો પક્ષ પાર્લામેંટરી કમિટીમાં પણ મોટો હોય અને જેઓ સારી લાગવગ ધરાવતા હોય તેવાઓએ બંધારણનો

ગુન્હો કરેલો હોય છે; તોપણ કેટલાક દાખલાઓમાં તેવાઓને જતા કરવામાં આવે છે; કે જેઓએ કાયદાઓ ઘડવામાં મોટો આગેવાનીભર્યો ભાગ લીધો હોય અથવા તો લેતા હોય તેવાઓજ કેટલાક દાખલાઓમાં તો નિયમનું ઉલ્લંઘન કરે છે. આથી બને છે એવું કે ન્યાતમાં ખેંચતાણ અને વસીલો આગળ પડતો ભાગ લે છે. અને કમિટીમાં વધુ મતે કામ થાય છે તો પણ તેમાં કેટલાક પ્રસંગોમાં તોન્યાય કે અન્યાય થાય છે તે પણ જોવાતું નથીજ.

સામાજીક સ્થિતિ.

(૧) **સામાજીક સ્થિતિ.** વસ્તીનો મોટોભાગ ગામડાઓમાં વસતો હોવાથી અને કેળવણીનો ફેલાવો થયેલો નહિં હોવાથી સામાજીક સ્થિતિમાં બહુ ફેરફાર થયેલો જોવામાં આવતો નથી; છતાં પણ કેળવણીનો જેટલો પ્રચાર વધેલો છે તેથી તેમજ બીજાં શહેરો સાથેનો સંસર્ગ વધવાથી સમયાનુકૂળ કેટલોક ફેરફાર થયાનું જણાય છે.

(૨) **કન્યાની છત, અછત.** સામાન્ય રીતે અછત જણાતી નથી. વર અને કંન્યા વચ્ચે ઉમ્મરનું અંતર પંચના ઠરાવથી ત્રણ વરષનું નક્કી કરવામાં આવેલું છે.

(૩) **પલ્લાની રકમ.** પલ્લુ રૂા. ૩૫૧)નું રાખવામાં આવેલું છે. વિધવાનો આજીવિકાનો આધાર સાસરીઆની સ્થિતિ ઉપર અવલંબી રહે છે. સ્થિતિ સારી ન હોય તો પલ્લાની રકમ બહુ નાની હોવાથી દળણાં, ખાંડણાં વિગેરેથી નિર્વાહ પુરો કરવો પડે છે.

(૪) **રડવા કુટવાનો રીવાજ.** હજુ પ્રચલિત છે. આમાં ફેરફાર થવો જોઇએ તેવું દરેક ગૃહસ્થ સ્વીકારે છે ખરા; પણ સુધારાના નામે કંઇ આગળ વધાયું હોય તેવું જણાતું નથી.

(૫) **જમણવાર.** લગ્નમાં એક, મરણના પ્રસંગમાં મોટા ગામમાં એક, અને નાના ગામમાં બે નાત કરવાનો રીવાજ છે. શ્રીમંતની નાત બંધ કરવામાં આવેલી છે; અને જો કરવામાં આવે તો રૂા. ૫૧ દંડ તરીકે લેવાનું ઠરાવ્યું છે. દરેક પ્રસંગની નાતનું ખરચ બંધારણનાં મોટાં ગામો માટે આશરે રૂા. પાંચસો, છસો થાય છે.

(૬) **વનિતા આશ્રમ.** આખા બંધારણના એક પણ ગામે, કે જે ગામો. કપડવણજ, આતરસુંબા, ખડાલ, બહિઅલ, કનિપુર, વીગેરે વસ્તીની સંખ્યામાં

મોટાં હોવા છતાં તેમજ. સ્ત્રીઓને માટે ઉદ્યોગનું કંઇ પણ સાધન નહીં હોવા છતાં આવું કંઈ પણ સાધન આ ગામો માટે નથી.

(૭) **કેળવણી.** બંધારણના કુલ્લ ગામોમાંથી કપડવણજમાં મેટ્રીક સુધી અને આતરસુંબા અને ખડાલ ગામે અંગ્રેજી ચોથા ધોરણ સુધી નિશાળો છે. ગુજરાતી શિક્ષણ માટે લગભગ દરેક ગામમાં નિશાળ છે. કેળવણીનું પ્રમાણ ગુજરાતિ કેળવણી આશરે ૫૦ થી ૬૦ ટકા અંગ્રેજી કેળવણી લગભગ ૧૦, ૧૫ ટકા અને સ્ત્રી કેળવણી ૮–૧૦ ટકા કહી શકાય. બંધારણમાં કેળવાયેલા તરીકે, ૧ વકીલ ૫ થી ૬ ગ્રેજ્યુએટો. ૨ ડૉકટરો જે પૈકી એક રા. મુલજીભાઇ કુબેરદાસ દલાલ લંડનની આર. સી પી. એન્ડ, એસ. (એડીનબરો) માં પાસ થઇ હાલમાં છઝીરો બરમિંગહામ " ઈંગ્લંન્ડ " હોમીઓપેથીક હૉસ્પીટલ ચલાવે છે. કેળવાયેલા ગૃહસ્થોમાં કેટલોક ભાગ ગવરમેન્ટ સ્કુલની નોકરી, ગવરમેન્ટ પોલીટીકલ ડીપાર્ટમેન્ટમાં, નોકરી. અને બીજાઓ જૂદા જૂદા ધંધાઓ ઉપર છે. આવું જણાવ્યા પછીથી બંધારણની કેળવણી સબંધેની સામાન્ય સ્થિતિ તપાસતાં કેળવણીનું પ્રમાણ સારૂ હોવાનું માની શકાતું નથી. કેળવણીની અભિવૃદ્ધિ નહીં થવાના કારણોમાં મુખ્ય કારણ આર્થીક સ્થિતિ, ગામડાઓમાં રહેતા હોય તેવાઓ માટે સાધનનો અભાવ તથા બાળલગ્નો હોવાનું સમજી શકાય છે. બંધારણના મુખ્ય ગામ કપડવણજમાં બોર્ડીંગ નહી હોવાથી નજીકના ગામડાઓના વિદ્યાર્થીઓ કેળવણી લઇ શકતા નથી અને તેથી આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ કે જેઓની સ્થિતિ ઠીક હોય છે તેવાઓજ નડીઆદ કે અમદાવાદ જઇ શકે છે.

(૮) **કેળવણી ફંડ.** કેળવણીની અભિવૃદ્ધિ અર્થે બંધારણમાં કેટલાક ઉત્સાહી ગૃહસ્થોના પ્રયાસથી સને ૧૯૧૩ ના વર્ષથી એટલે લગભગ ૧૦ વર્ષ થયાં કેળવણી મંડલ સ્થાપવામાં આવેલું છે. જેનો સંવત ૧૯૨૧ ના વરષ સુધીનો છેલ્લો રીપોર્ટ હમોને મલેલો તે ઉપરથી જાણી શકાય છે કે–કેળવણીફંડના નામે આ ફંડની થાપણ લગભગ રૂા. સાત હજાર છે. જેના વ્યાજમાંથી અને પ્રતિવર્ષે વાર્ષીક મેમ્બરોની ફીના લવાજમથી તથા કંન્યા પરણે ત્યારે રૂા. ૨ બે લાગાના લઇને અને કોઇ ખાસ પ્રસંગે બક્ષીસ મલે તો તેવી રકમના ભંડોળમાંથી ગ્નાતિના વિદ્યાર્થીઓ કે જેઓ પ્રાથમીક શિક્ષણ લેતાં અચકાઇ જવા જેવી સ્થિતિમાં હોય તેવાઓને સ્કુલ ફી, ચોપડીઓ, સ્કોલરશીપો તેમજ લોન આપવાનું ઠરાવેલું છે;

અને એ રીતે આ ફંડનો છેલ્લો સં. ૧૯૨૦–૨૧ ના વર્ષનો રીપોર્ટ જોતાં તેનું કુલ ઉત્પન્ન વરસ દહાડે રૂા. ૪૫૦ લગભગ આવતાં તેટલી રકમ ખરચવામાં આવેલી છે. એટલે પ્રત્યેક વરસે સુમારે ચારસો સાડાચારસો જેટલી રકમ કેળવણીના આ કામ પાછળ ખરચાય છે. આ એકડા માટે મજકુર ફંડ પુરતું નહીં થઇ પડવાનું ફંડના સેક્રેટરીઓ જણાવતાં જ્ઞાતિને તેની વૃદ્ધિ કરવા માટે ખાસ અપીલ કરે છે. આ સીવાય કપડવણજમાં કેળવણીની પ્રગતી વધારવા અર્થે "શ્રી કપડવણજ ખડાયતા સમાજ." સ્થાપવામાં આવેલું છે; પણ હાલ તે સુષુપ્તાવસ્થામાં છે. એકડાના ફંડના વહીવટનું કામ હાલમાં રા. હરિવલ્લભદાસ મોરલીધરદાસ ભગત કરે છે; જ્યારે કપડવણજની સમાજનું કામ રા. પુનમચંદ સોમેશ્વરના હાથમાં છે.

(૯) સાહિત્ય. કપડવણજમાં સરક્યુલેટીંગ લાઇબ્રેરી છે–પણ તેનો લાભ જ્ઞાતિ ગૃહસ્થો તરફથી સારી સંખ્યામાં લેવાતો નથી બંધારણના એક, બે ગામે અમદાવાદ અને આતરસુંબા માંહે તો મર્હુમ શેઠ મણીલાલ રણછોડલાલના નામથી લાઇબ્રેરી ચલાવવામાં આવે છે. સાહિત્ય તરફ નજર કરતાં બંધારણમાંથી નિચેના ઉત્સાહી બંધુઓ હાલમાં પોતાના નામે અને સંજ્ઞાઓથી જૂદા જૂદા માસીકોમાં છુટક, છુટક લખે છે. ખાસ કરીને ગાંધી ચીમનલાલ ભોગીલાલ "વિવિત્સુ" રા. રમણલાલ જયચંદભાઇ દલાલ "રમણીક" ની સંજ્ઞાથી લેખો લખતા હોવાનું જણાય છે.

(૧૦) આર્થિક. બંધારણની આર્થિક સ્થિતિ થોડાક ગૃહસ્થોને બાદ કરતાં, ગામડાઓ તરફ નજર નાખતાં સારી હોવાનું ગણી શકાય નહીં. મુખ્યભાગે ધંધો ખેડુતો આસેની ધીરધારનો અને નેસ્તીનો છે. વ્યાપારના આ પ્રસંગને લઇને ગામડાઓની આ સ્થિતિનું વર્ણન, એક ગૃહસ્થ તો એવું રજુ કરે છે કે–હમારો અહીંનો વ્યાપાર "બીલોને ભીખારી કરવાનો છે. કે જેમાં હમો પણ લોભે સાઠના સો કરવા જતાં સોના સાઠજ કરીએ છીએ." જ્યાં જ્યાં ગામડાઓની ધીરધારનો વ્યાપાર છે ત્યાં મોટાભાગે સ્થિતિ આવીજ છે. લોકો હવે કાયદાના જાણીતા થતાં ખોટો આશ્રય લેવા લાગ્યા છે. નીતિ હલકી પડતી આવવાથી પરસ્પરનો આ સંબંધ ઘણો બગડી ગયો છે. અને પ્રથમ ગ્રામ્યજીવન જે ઉત્કૃષ્ટ ગણાતું હતું તે હાલમાં ઘણા સ્વરૂપે ફેરવાઇ ગયું છે. આમ હોવાના કારણોએ બંધારણનો કેટલોક ભાગ કે જે કેળવણી લેતો થયો છે તે ગામડાઓ મુકીને શહેર તરફ વધતો આવે છે. બંધારણની સામાન્ય સ્થિતિ આ પ્રમાણે હોવા છતાં આ

બંધારણમાં થોડાક ગૃહસ્થોની આર્થીક સ્થિતિ ઘણીજ સારી છે જે માંહેના શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસનું નામ અમ મુકી શકાશે. જેઓ શેઠ ઘણા ઉત્સાહી, ઠરેલ વિચારના અને કોમના ઉત્કૃષ્ટ તરફ સારી નજર રાખે છે. આ સીવાય રા. અંબાલાલ હરિવલ્લભદાસ ભગત. ધી વિશ્નુદ્રોટન મીલના એજંટ પણ આ બંધારણમાં ઉત્સાહી ગૃહસ્થ છે. જેઓ આ ધંધાની લાંબો વખત તાલીમ લીધા પછીથી આ ધંધામાં આવ્યા છે. હું આ બંન્ને અને તેવા બીજા અન્ય વ્યાપારમાં વધતા ગૃહસ્થોનો કોમના હીતની દ્રષ્ટિએ અભ્યુદય થવાનું ઇચ્છી રહ્યો છું. કે જેઓના હાથે કોમનું કંઇક અધીક ફલિત થાઓ. બંધારણની અને કોમની આર્થીક સ્થિતિના સબંધનો ઉપરનો ઉલ્લેખ એટલાજ પુરતો લખવાને હું અહીં પ્રેરાઉ છું કે–કોમી લાગણી તરીકે ઘણી કોમોએ અત્યારે પોતાની કોમની ચઢતી કરવાને જે જે હીસ્સો આપેલો છે તેની લાગણી યોગ્ય દરજ્જે આપણી કોમમાં જોવામાં આવતી નથી. તે આપણી કોમ માટે પણ બરપા પામે. અને તેવું જોવાની તક પ્રભુ મેળવો આપે.


(૧૦) રાજકીય—હાલની રાજકીય ચળવળમાં આ બંધારણ માંહેના ડૉ. મણીલાલ હ. ભગત અમદાવાદની મ્યુનિસીપાલિટીમાં કાઉન્સીલર છે જેઓ દેશની આ રાષ્ટ્રીય ચળવળમાં ઠીક ભાગ લે છે. તે શીવાય કપડવણજમાં રા. સાંકળચંદ દલસુખરામ ગાંધી વકીલ ત્યાંની મ્યુનિસીપાલિટીમાં વાઇસ પ્રેસીડેન્ટ છે. વળી શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસ અમદાવાદની મ્યુનિસીપાલિટીમાં પહેલાં મેમ્બર ચુંટાયા હતા. સીવાય બંધારણનાં કેટલાંક ગામો દેશી રાજ્યોનાં હોવાના લીધે રાષ્ટ્રીય ચળવળની ભાવના વિકાસ પામેલી જોવામાં આવતી નથી આમ હોવા છતાં એ સ્થાનિક મ્યુનિસિપાલિટીઓ તથા ગ્રામ્યપંચાયતોમાં કેટલાક ગૃહસ્થો ભાગ લે છે. જે માંહેનું ખડાલ દેશી રાજ્યનું ગામ છે કે જ્યાં મ્યુનિસિપાલિટી કે લોકલબોર્ડ જેવું કંઇ નથી. ત્યારે આતરસુંબા, દહેગામ મહાલના પેટાનું હોઇ ત્યાં મહાલ પંચાયત છે. રા. બલદેવદાસ ભોગીલાલ પરીખ. રા. છોટાલાલ પ્રેમચંદ વકીલ. રા. ભીખાલાલ દામોદરદાસ અને રા. બલદેવદાસ ફુલચંદ આ પંચાયતમાં મેમ્બરો છે.



શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસ

અમદાવાદ.

A. 3148—Lakshmi Art, Bombay 8



રા. મણીલાલ ક. ભગત

અંધારણના પ્રતિષ્ઠીત કેળવાયેલા અને ઉત્સાહી ગૃહસ્થો.

શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસ સરાફ. ઠા. માણેકચોક, અમદાવાદ.

રા. સાંકલચંદ દલસુખરામ ગાંધી. બી. એ. એલ. બી. વકીલ, કપડવણજ.

રા. અંબાલાલ હરિવલ્લભદાસ ભગત. ધી વિષ્ણુ કોટન મીલના એજન્ટ, અમદાવાદ.

રા. જયચંદભાઇ કુબેરદાસ દલાલ બી. એ. હેડમાસ્તર આર સી. હાઇસ્કુલ અમદાવાદ.

રા. ત્રીભોવનદાસ કુબેરદાસ દલાલ બી. એ. હજુર ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ (ધ પોલિટિકલ એજન્ટ) રેવાકાંઠા એજન્સી પાલણપુર.

શેઠ. હરીવલ્લભદાસ મોરલીધરદાસ ભગત ઠા. માંડવીની પોળ મોતીભાઇની ખડકી અમદાવાદ.

રા. મણીલાલ હરીવલ્લભદાસ ભગત એલ. એમ. એન્ડ એસ. ડોક્ટર અમદાવાદ.

રા. મોહનલાલ હરિવલ્લભદાસ ભગત. સરાફ, ઇમ્પીરિયલ બેંકની શાખા. ઓફીસ–ભરૂચ.

રા. ચીમનલાલ હરિવલ્લભદાસ ભગત. વિષ્નુકોટન મીલમાં,

રા. ભોગીલાલ છગનલાલ શાહ. વહીવટદાર. અમરેલી—(કાઠીઆવાડ) વડોદરા રાજ્યના.

રા. મુલજીભાઇ કુબેરદાસ દલાલ એલ. આર. સી. પી. એન્ડ એસ. (એડીનબરો) હાલ હોમિયોપેથીક ડીસ્પેન્સરી ચલાવે છે. ઇઝીરો, બરમિંગહામ "ઇંગલન્ડ."

રા. ચુનીલાલ નારણદાસ દલાલ બી. એ. આસિસ્ટન્ટ માસ્તર ગવરમેન્ટ, હાઇસ્કુલ નડીઆદ.

રા. મોહનલાલ કુબેરદાસ દલાલ સિરસ્તેદાર ટુ ધી ડીસ્ટ્રીક્ટ ડેપ્યુટી, પોલીટીકલ એજન્ટ સાદરા (મહીકાંઠા)

રા. ભોગીલાલ મથુરાદાસ ગાંધી ટ્રેનિંગ કોલેજના સીનીઅર ઠા. અમદાવાદી પોળ વડોદરા.

રા. અમૃતલાલ ભોગીલાલ ગાંધી, ફર્સ્ટક્લાસ થર્ડઇઅર ટ્રેઇન હાલ કેશીઅર ઇન્ડસ્ટ્રીઅલ બેન્ક ઓફ વેસ્ટર્ન ઇન્ડિઆ લી. અમદાવાદ.

રા. મોહનલાલ બળદેવદાસ બી. એ. બરોડા ગવર્મેન્ટ હાઇસ્કુલમાં આસીસ્ટંટ માસ્તર વડોદરા.

રા. ઓચ્છવલાલ વલ્લભદાસ શાહ. બી. એ. વિજ્ઞાન શિક્ષક, કપડવણજ હાઇસ્કુલ.

રા. મોહનલાલ ફુલચંદભાઇ બી. એ. વિમાના એજન્ટ, મુંબઇ.

રા. ચીમનલાલ સાંકળચંદ ગાંધી બી. એ. "હાઇકોર્ટ પ્લીડરના અભ્યાસમાં"

રા. મુલચંદ બળદેવદાસ પરીખ. કેશીઅર ઇમ્પીરીઅલ બેન્ક ઓફ ઇંડીઆ બ્રેન્ચ ભરૂચ.

રા. ગોકલદાસ દલસુખરામ બી. એ. કપડવણજ.

રા. જમનાદાસ ચુનીલાલ શાહ. સ્નાતક રાષ્ટ્રીય વિનયમંદિર ગોધરા.

રા. છોટાલાલ પ્રેમચંદ વકીલ આતરસુંબા.

રા. અંબાલાલ ભોગીલાલ ડા. ખડાયતાની ખડકી ધોળીકૂઇ કપડવણજ. (જાપાન જઇ આવેલા છે.)

રા. મોહનલાલ નાથજીભાઇ ગાંધી. મીલસ્ટોર સપ્લાયર્સ અમદાવાદ.

રા. મણીલાલ મોતીલાલ રૂની લાઇનમાં એક્સપોર્ટનું કામ કરે છે અમદાવાદ.

રા. મંગળદાસ છોટાલાલ ક્લાર્ક દુધીઆ ડેરી કું. અમદાવાદ.

રા. ચિમનલાલ કેશવલાલ. રેલ્વે સર્વિસ અમદાવાદ.

રા. અંબાલાલ મનસુખલાલ. રેલ્વે સર્વિસ સાબરમતી સ્ટેશન અમદાવાદ.

રા. ગોકલદાસ શંકરલાલ શાહ. ગુજરાત મહાવિદ્યાલય, ઇન્ટરમીજીએટ ક્લાસમાં અમદાવાદ.

રા. પુરૂષોત્તમદાસ મોહનલાલ મેટ્રીક્યુલ પાસ હાલ રાત્રિયશાળામાં અમદાવાદ.

રા. માણેકલાલ હરજીવનદાસ શાહ. શિક્ષક તોરણા.

રા. ચંપાલાલ છોટાલાલ કમ્પાઉન્ડર, કપડવણજ.

રા. પુરશોતમદાસ સોમેશ્વર શાહ. મ્યુ. કા. અમદાવાદ.

સૌ. બાઇ મણી પુરશોતમદાસ સોમેશ્વરનાં પત્ની શીક્ષિકા અમદાવાદ.

રા. સાંકળચંદ ભોગીલાલ મ્યુ. કન્યાશાળામાં શિક્ષક અમદાવાદ.

રા. અંબાલાલ ચુનીલાલ ગઢવાળા થાણામાં.

એસ. એમ. બ્રધર્સ સ્ટેશનરીના વ્યાપારી રીચીરોડ, અમદાવાદ.

સાહિત્યપ્રિય સજ્જનો.

રા. ચીમનલાલ ભોગીલાલ ગાંધી. "વિવિત્સુ."

રા. રમણલાલ જયચંદભાઇ દલાલ બી. એ. "રમણિક"

રા. જમનાદાસ ચુનીલાલ શાહ, સ્નાતક.

રા. માણેકલાલ અંબાલાલ બી. એ. અમદાવાદ.

આગેવાન વ્યાપારી અને ઉત્સાહી.

રા. નાથજીભાઇ ભોગીલાલ શાહ ખડાલના શ્રીવિષ્ણુ કોટન મીલ્સમાં કમીશન.

રા. જમનાદાસ ગોરધનદાસ ખડાલ.

રા. ગોરધનદાસ ભુલાશા આતરસુંબા ·

રા. મુલજીભાઇ ગોરધનદાસ શાહ કપડવણજ.

રા. ત્રીકમલાલ રણછોડલાલ ગાંધી. કનીપુર.

રા. શંકરલાલ બળદેવદાસ મહીઅલ.

રા. બળદેવદાસ ફુલચંદ. ,,

સુચનાઓ.

બંધારણ સબંધે:—વહીવટને લગતી માહિતી ઉપરથી જણાય છે કે બંધારણમાં શેઠાઇ કે પટલાઇ વંશપરંપરાથી ચાલતી આવેલી નથી. આથી શેઠીઆઓની આપ ખુદી સત્તા જેટલી બીજે છે તેટલી અહીં જોવામાં આવતી નથી. કમિટીનું બંધારણ હોવા છતાં કેળવણીનાં અભાવને લીધે નિષ્પક્ષપાતપણાથી ન્યાય અપાતો નથી. અને લાગવગવાળાઓ વખતે થયેલા ઠરાવોનું ઉલ્લંઘન પણ કરે છે. કમિટીનું બંધારણ હોય તોપણ કમિટીમાં ચુંટાએલા ગૃહસ્થો પોતે જેઓના પ્રતિનિધિઓ તરિકેનું કામ કરે છે તેમની તરફ પોતાની વફાદારી, કર્તવ્યપરાયણતા અને તેના અંગે રહેલી જોખમદારી ન સ્હમજે ત્યાં સુધી સમભાવનાથી કામ થવું મુસ્કેલ છે. આ માટે કમિટીના સભ્યો જેઓ પોતાની જોખમદારી સ્હમજતા હોય અને તે પ્રમાણે વર્તીશકે તેવાઓનેજ ચુંટી કાઢવા જોઇએ. જેથી હાલમાં જોવામાં આવતી પક્ષાપક્ષીનો વિનાશ થાય.

બીજી એક અગત્યની બાબત તરફ ધ્યાન ખેંચવાની જરૂર છે કે—બંધારણમાં નિચ ઊંચતાના ભેદે, કન્યાઓની આપલેનો વ્યવહાર સંકુચિત થતાં અમુક નાના જથાવાળાઓને સાટાં અને વિક્રય કરવાની જરૂર ઉભી થયેલી અને તેવાઓ ઉપર જણાવેલી વીગત મુજબ સં. ૧૯૭૫ ની સાલથી પેટાના બંધારણ તરીકે જુદા તડથી પોતાનો જથો બાંધેલો છે. વીગત મળવા પ્રમાણે આ જથાવાળાઓએ વિક્રય, સાટું કે ત્રેખડું બિલકુલ નહીં કરવું તેવો ખાસ પ્રતિબંધ કરેલો છે. તો હવે બંન્ને પક્ષ સમજીને મળી જાય એ વધારે ઇચ્છવા જોગ થઇ પડે ખરૂં. આ બંધારણના વિચારશીલ સભ્યો અને આગેવાનો આ સૂચના તરફ ધ્યાન આપશે તો હમો ધારીએ છીએ કે આપણી કોન્ફરન્સોની વ્યવહારૂ ભલામણો અને ઠરાવો તરફ આપણે આગળ વધી શકીએ છીએ તેવા દાખલો લઇ શકાશેજ.

જ્ઞાતિના હિત માટે આ બંધારણના જે જે આગેવાનો કાળજી રાખતા હોવાનું દેખાય છે. અને જેઓ કોમના આવા અને અન્ય જાહેર સવાલોમાં હીત લે છે. તેવાઓને આ દિશામાં કામ કરવાનું ક્ષેત્ર પ્રાપ્ત થાય છે: તેવું જણાવવાને હું લોભાઉ છું.

સામાજીક સ્થિતિ સબંધે:—બંધારણમાં જૂના રિવાજો હજુ સુધી પ્રાધાન્યતા ભોગવતા હોય તેમ જણાઇ આવે છે, છતાં પણ સમયાનુકૂળ

ફેરફાર કરવામાં આવે છે તેથી કાળ ક્રમે જૂના રીવાજો નીકળી જશે. આવી આશા રાખી શકાય ખરી, વર અને કન્યા વચ્ચે ત્રણ વરસનું અંતર રાખવામાં આવ્યું છે તેના બદલે ૫ કે ૭ વર્ષનું રાખવામાં આવે તો કેળવણીની અભિવૃદ્ધિ થાય, અને કન્યાઓની પૂરતી છુટ થાય. બંધારણમાં થોડા અંશે પણ હજુ વિક્રય અને સાટાં તેખડાં થાય છે. એ ઘણું શોચનિયજ ગણાય. લગ્નની વયનુ અંતર સાત વરસનું રાખવામાં આવે તો મારા વિચારે સ્થિતિ સુધરી શકે ખરી.

પલ્લાની રકમ:—પલ્લાની રકમ રૂ. ૩૫૧ ની છે, જે હાલના સમયમાં બહુ ઓછી ગણાય. કારણ કે આવી મોંઘવારીના દિવસોમાં કમનસીબે વૈધવ્ય પામે થાય તો તેવાઓને પોતાનો નિર્વાહ ચલાવવો ઘણો મુશીબત થઇ પડે તેવું સહજ સમજી શકાય છે. બંધારણમાં વિધવાઓની દુ:ખદ સ્થિતિમાં મદદનું કોઇ સાધન હોય તેમ જણાતું નથી. ખાસ કરીને કે જ્યાં બંધારણની વસ્તિ સારી છે ત્યાં, ખડાલ, કપડવણજ, અને આતરસુંબામાં આવા માર્ગ માટે કોઇ ગૃહ ઉદ્યોગની વ્યવસ્થા કરવામાં આવે તો પણ સ્થિતિમાં સારો ફરક પડી શકે. આવા વર્ગની આશીષ લેવી તે દરેક જ્ઞાતલાની ફરજ છે.

જમણવાર. બંધારણમાં કેળવણી કેટલાક પ્રમાણમાં વધેલી હોવા છતાં હજુ ફરજીયાત નાતો કરવાનું ઉભુ હોવાનું જોઇને ખરે ખેદજ થાય છે. કેળવાએલાઓએ સારી લાગવગ વાપરીને આ રીવાજ બંધ કરવોજ જોઇએ.

વનિતા આશ્રમ—બંધારણનાં કપડવણજ, આતરસુંબા, ખડાલ. વિગેરે ગામો મોટાં હોવાથી અને સાધારણ રીતે બંધારણના ગામોની આર્થીક સ્થિતિ સારી નહીં હોવાથી આવાં આશ્રમોની જરૂરીઆત ઉભી થાય છે આ માટે એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ જણાવે છે કે વ્યવહારૂ જ્ઞાન આપવા અર્થે નાનકડી સંસ્થા પણ ખોલવામાં આવે તો આવા સમાજને નવરાશના વખતે કૂથલી કરતાં અટકાવી સારે પંથે દોરી શકાય.

કેળવણી સંબંધે—બંધારણમાં કેળવણીનું પ્રમાણ સારૂ નથી. સ્ત્રી કેળવણી પણ નહિં જેવી છે. પણ બંધારણના ઘણાં ખરાં ગામો વડોદરા રાજ્યમાં આવેલાં હોવાથી અને તે રાજ્યમાં કેળવણી ફરજીયાત હોવાથી થોડાજ વખતમાં કેળવણીનું પ્રમાણ સારૂં થાય એવી આશા રાખી શકાય

છે. હાલમાં કેળવણીની ખામીઓ જોવામાં આવે છે તેનાં મુખ્ય બે કારણો જણાય છે. (૧) આર્થિક સ્થિતિ નબળી અને (૨) સાધનનો અભાવ. એક ગૃહસ્થ જણાવે છે કે બંધારણમાંથી ભણી શકે તેવાઓ આર્થિક સ્થિતિ સારી નહીં હોવાના લીધે પ્રતિવર્ષે હાલ કેટલાક વખતથી તો ત્રણ ચાર વિદ્યાર્થીઓને તેનો અભ્યાસ મુકી દેવો પડે છે. જો આ હકીકત સત્ય હોય તો બંધારણના આગેવાનોએ આ બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ અને ફરજીઆત ન્યાતો બંધ કરી તેને બદલે "કેળવણી ફંડ" સ્થાપી જે વિદ્યાર્થીઓને પૈસાની જરૂર હોય તેમને મદદ કરવી જોઇએ. જો કે હાલમાં બંધારણનું કેળવણી ફંડ છે પણ તે સારી સ્થિતિ ઉપર હોવાનું જણાતું; નથી કે જેને આગળ વધારવુંજ જોઇએ. સાધનના વિચારે, કપડવંજમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કરવા માટે શાળાછે. પણ ત્યાં આગળ બોડિંગ નહીં હોવાથી નજીક ગામડાઓના વિદ્યાર્થીઓ સ્કુલનો લાભ લઇ શકતા નથી. ખડાલમાં અંગ્રેજી ચોથા ધોરણ સુધીની સ્કુલ છે તેથી તેઓને આગળ ભણવા માટે નડિયાદ અથવા તો અમદાવાદ જવું પડે છે; પણ જો કપડવણજમાં બોર્ડીંગ ઉઘાડવામાં આવે અને દરેક બોર્ડર પાસેથી જમવા તથા રહેવા માટે માસિક રૂ. ૭–૮ કે વધારે તો રૂ. ૧૦ જેટલીજ કોઇ મુકરર કરેલી રકમ લેવામાં આવે તો માની શકાયજ કે નજીકના બધા ગામડાઓના વિદ્યાર્થીઓ વિશેષ લાભ લેતા થાય; અને કેળવણી વધે.

આ ઉપરાંત બંધારણના કેટલાક વિદ્યાર્થીઓ અમદાવાદની ગુજરાત વૈશ્ય સભાનો લાભ લે છે. આપણી કોમને આ ખાતાએ કેટલેક દરજ્જે સારી મદદ કરી છે. તેમ કહીશું તો ચાલી શકશેજ.

સાહિત્ય—સાહિત્યમાં રસ લેનારની સંખ્યા થોડાક પ્રમાણમાં પણ આ બંધારણમાંથી નિકળી શકે છે તે ખુશી થવા જેવું છે. આના રસજ્ઞ બંધુઓને ઉ-તેજન મલે તે અર્થે બંધારણવાળાઓ ધારે તો ઘણું કરી શકે ? આ માટે બંધારણમાંથી સાહિત્યના વિકાસ માટે એક નાની સંસ્થા નિમાય, વિષયો તે મુકરર કરી આપે અને લેખો કમિટી પાસ કરે તે પ્રસિદ્ધ કરવાના ખરચની ગોઠવણ કરી લઇને બહાર પાડવામાં આવે તો લખનારાઓને ઉ-તેજન મળવા જોડે કોમને લાભ થાય.

આર્થિક—બંધારણવાળાઓની આર્થિક સ્થિતિ એકંદર રીતે ઠીક છે પણ સ્થિતિ સાધારણ હોવાથી અને નાના મુડી ઉપર વેપાર કરવાથી

નિર્વાહ પુરતુંજ મેળવી શકાય છે. જો આવા નાની મુડીથી થતા ધંધાઓને લોનથી મદદ કરવામાં આવે તો મોટા પાયા ઉપર ધંધો કરી શકાય અને તેથી સારો ફાયદો પણ થઇ શકે. આ ઉપરાંત હાલની ચાલતી પ્રવૃત્તિઓના અંગે જો ખાદી વણવાનાં, ધોતીઆં બનાવવાનાં, વીગેરે વણાટનાં નાનાં કારખાનો ઉઘાડી આપવાની જોગવાઇ કરી આપવામાં આવે તો પણ ગામડાઓનો ધંધો છુટી બીજા ધંધાઓ તરફ વળવાનું બની શકે તેમજ શહેરમાં રહે તો સુખી વર્ગ પોતાની નાત કે બંધારણવાળાને કુટુંબવત્ ગણીને ઠેકાણે પાડે તો સ્થિતિમાં ફેરફાર થઇ શકેજ.

યુવક મંડળ—આ સબંધમાં બંધારણના કેળવાએલા અને જ્ઞાતિ હિત માટે પ્રેમ અને ઉત્સાહ રાખનાર બંધુઓને સૂચવવું પડે છે કે–અન્ય સ્થળે આ દિશામાં જે જે, પ્રયાસ થાય છે અને તેવા ઐક્યથી થતું કામ જોઇને મંડળ સ્થાપીને કામ કરવામાં આવસે તો મંડળ નાતની ઘણી ઉપયોગી સેવા બજાવી શકશેજ. પહેલું તો યુવક મંડળ ધારે તો હાલનું કેળણીને લગતું ફંડ કે જે સુષુપ્તાવસ્થામાં છે તેને તે વધારવા માટેનો પ્રયાસ કરે તો ફંડને નવજીવન મળી શકે ખરૂં, આ શીવાય નડીઆદ અને બીજે આવાં મંડળોએ સામાજીક સ્થિતિ સુધારવાના કામોમાં સીધો કે આડકતરી રીતે પણ પગ પેસારો કરીને જે હીસ્સો આપેલો છે. તે ભૂલવા જેવો તો નથીજ. ખચીત આવાં મંડળોની દરેક બંધારણોમાં આવશ્યક્તા છે અને જ્યાં જ્યાં તે નહીં હોય ત્યાં ત્યાં તે સ્થપાવાંજ જોઇએ.

મોડાસાના બાવન ગામના દશા ખડાયતાના એકડાનું બંધારણ.

ગામનો નંબર	ગામ.	ઘર	આ ગામે, પ્રતિષ્ઠીત ગ્રહસ્થ.	પોસ્ટ–અને નજીકની રેલવે.
૧	મોડાસા	૨૭	(બંધારણના વહીવટમાં આવ્યાં છે.)	પો. મોડાસા સ્ટેશન તલોદ
૨	બાયડ બે તડ. ૧ મથુર નાગર૩૫ ૨ રૂપચંદ ખેમચંદ ૩૩	૬૮	શા. કલ્યાણદાસ કીશોરદાસ શા. મગનલાલ ભાઇચંદ	પો. મોડાસા થઇને ,,
૩	રૂપાલ	૨૧	શા. જીવાલાલ ગોબરદાસ	પો. સ્ટે. હીંમતનગર (મહીકાંઠા)
૪	ચોઇલા	૫૧	શા. મુલચંદ જેઠાલાલ તથા શા. પુંજાલાલ હીરાચંદ	પો. બાયડ મોડાસા થઇને
૫	ટીંટોઇ	૧૪	શા. વિઠલદાસ ખુશાલદાસ	પો. ટીંટોઇ, મોડાસા થઇને
૬	ધનસુરા	૨૮	શા. મનસુખલાલ મગનલાલ	પો. ધનસુરા મોડાસા થઇને
૭	પુંસરી	૧૫	શા. જયચંદ મોતીચંદ	પો. હરસોલ સ્ટે.તલોદ
૮	લેંબ	૩૩	કોઠારી મુલચંદ દામોદરદાસ	પો. આંબલીયારા (ભાથીજીના) સ્ટે. રખીઆલ (મહીકાંઠા)
૯	સાતેડા	૩૭	શા. સામલદાસ જાદવજી	પો. મોડાસા
૧૦	મેઢાસણ	૨૯	શા. જેઠાલાલ મોતીચંદ	,,
૧૧	નેકોડા	૨૪	શા. દામોદર મલુકચંદ	પો. સ્ટે. સોનાસણ
૧૨	લાકરોડા	૫	શા. નાથજી ગુલાબચંદ	પ્રાંતીજ
૧૩	ખાનપુર	૮	શા. છોટાલાલ ખેમચંદ તરફે હા. કસ્તુરભાઇ	પો. સ્ટે. રખીઆલ
૧૪	ઉજેડીઆ	૧૯	શા. સાંકળચંદ ફતેચંદ	પો. પ્રાંતીજ સ્ટે. રખીઆલ.

૧૫	આંબલીઆરા	૨૯	શા. કરસનદાસ પરસોતમદાસ	પો. આંબલીઆરા, કપડ-સ્ટે. રખીયાલ.
૧૬	શીણાવાડ	૧૮	શા. ફતેચંદ ધરમચંદ	પો. મોડાસા
૧૭	થાણા મેગરજ	૭	શા. ગુલાબચંદ કરસનદાસ	,,
૧૮	લેંબડીઆ, ગેંગડીઆ અને ગોરેડા	૩૧	શા. કાલીદાસ પરસોતમ	,,
૧૯	સણુગાલ	૧૧	શા. ગીરધરદાસ રણછોડલાલ	પો. મોડાસા
૨૦	ડુંગરપુર	૬૯	શા. ન્માલચંદજી કસ્તુરચંદજી	પો. ડુંગરપુર–ખેરવાડા છાવણી થઇ
૨૧	ખેરાડી	૧૪	શા. દેવજી મનોર	પો. ટીંટોઇ–મોડાસા
૨૨	નાંદીસણુ	૧૦	શા. મુલચંદ વેલજી	,,
૨૩	સરડોઇ	૨	શા. પાનાચંદ ખેમચંદ	પો. મોડાસા
૨૪	બાયલ ઢાંખરોલ	૫	શા. બહેચરદાસ હીરાચંદ	પો. હરસોલ
૨૫	સોનાસણુ	૧૨	શા. કાળીદાસ ગીરધર	પો. સ્ટે. સોનાસણુ
૨૬	પ્રાંતીજ	૬	શા. ચુનીલાલ રવચંદ	પો. સ્ટે. પ્રાંતીજ
૨૭	ઝેંડવા	૧૭	શા. જેઠાલાલ ગુલાબચંદ	પો. આંબલીયારા સ્ટે. રખીયાલ.
૨૮	લીહોડા	૧૭	શા. ભાઇચંદ નથુદાસ	,,
૨૯	સાહેબજીનું–મુવાડું	૬	શા. લખમીચંદ દામોદર	પો. સ્ટે. રખીઆલ
૩૦	રમોસ	૧૫	શા. વનમાલીદાસ હરજીવન	પો. હરસોલ
૩૧	ચાંદરેજ	૧૧	શા. દલુચંદ ગીરધરદાસ	પો. આંબલિઆરા (હાલ–ધનસુરા.)
૩૨	ઊંટડા	૯	શા. ખેમચંદ ધરમચંદ	,,
૩૩	સાઠંબા	૯	શા. શીવલાલ રણછોડલાલ	પો. બાયડ
૩૪	ઓડા	૭	શા. સાંકલચંદ નથુદાસ	,,

૩૫	આકરૂંદ	૪	શા. અમીચંદ રવચંદ	પો. હરસોલ
૩૬	રડોદરા	૧૫	શા. કાલીદાસ અમુલખ	પો. બાયડ
૩૭	શીણોલ	૨૩	શા. વેણીચંદ દલુચંદ	પો. મોડાસા
૩૮	ભેંસાવાડા	૪	શા. સાંકળચંદ કિશોરદાસ	,,
૩૯	ખેરોલ	૧૨	શા. હરગોવીંદ ખેમચંદ	પો. તલોદ
૪૦	આગીઓલ	૧૫	શા. પુંજાભાઇ સુરચંદ	પો. હીંમતનગર (મહી-કાંઠા)
૪૧	કુહા	૨	શા. અંબાલાલ રવચંદભાઇ	મુ. કુહા તા. દ. દસક્રોઇ જી. અમદાવાદ પો. કુહા.
૪૨	કનીપુર	૩	શા. હારાચંદ નાગરદાસ	પો. સ્ટે. દહેગામ
૪૩	અમદાવાદ	૧૯	ચોકસી નારણદાસ આશારામ	ઠા. ખડાયતાની ખડકી
			શા. સોમાલાલ મંગળદાસભાઇ	ઠા. ચંગપોળ
૪૪	મહેમદાવાદ	૮	દેશાઇ ગોવીંદલાલ ભાઇચંદ	ઠા. દેશાઇના પોળ
૪૫	ખેડા	૧૦	શા. નાથાલાલ તાપીદાસ	પો. ખેડા. મહેમદાવાદ થઇ
૪૬	નડીઆદ	૧૦	પરી. મગનલાલ પ્રાણજીવનદાસ	ઠા. નાગરકુઇ
૪૭	માતર	૪	શા. પરશોતમ રણછોડદાસ	પો. માતર સ્ટે, મહેમદાવાદ
૪૮	જનાલી (સરડોઇ પેટાનું)	૯	શા. કીશોરદાસ પુંજાદાસ	પો. મોડાસા
૪૯	બોલુંદરા (મોડાસા તાબે)	૪	શા. કીશોરદાસ પાનાચંદ	,,
૫૦	રૂદણ.	૨	શા. ઉગરચંદ લીલાચંદ	(અધવારૂ, બીજે રહેછે)

૫૧	જીતપુર	૧૩	શા. જહેચ્વરદાસ કેવલદાસ	પો. આંબલીઆરા
૫૨	લસુંદરા	૩	શા. હરીલાલ દયાળજી	પો. કપડવણુજ
૫૩	સણુસોલી	૩	શા. દ્વારકાંદાસ જેઠાલાલ	પો. સ્ટે. ટીંબારોડ (ગોધરા)
૫૪	લુણાવાડા	૨	શા. સામલદાસ મુલજી	પો. લુણાવાડા સ્ટે. ગોધરા
૫૫	બાવસર (નેકા-ડાના તાબાનું)		શા. વેણીચંદ હીરાચંદ	પોસ્ટ સોનાસણુ તા. પ્રાંતિજ.
૫૬	આસરોડા (લાકરોડા પેટાનું)	૧	શા. કાશીદાસ ભાઇચંદ	(બીજે ” રહે છે.)

ઉપર મુજબની વીગતથી, મોડાસા એકડાના દશા ખડાયતાના બંધારણુમાં હાલ ૫૬ ગામ અને સુમારે ૮૦૦ લાણું છે.

આ આખા બંધારણુની વસ્તીનાં ગામો મોડાસા અને તેની આજુબાજુના ગામોમાં મોટા ભાગે આવેલ છે. અને ત્યાં જવાને અમદાવાદથી નીકળતી. “એ. પી.” રેલવે લાઇનના દહેગામ, રખીઆલ, ઊજેડીયા, તલોદ, પ્રાંતીજ, હીંમતનગર, વીગેરે સ્ટેશને થઇને જવાય છે.

અમદાવાદથી મોડાસા જવા માટે ‘ તલોદ ’ નું સ્ટેશન છે, અને ત્યાં જવાને મોટર સરવીસ છે.

બંધારણના વહીવટને લગતી માહીતી.

ઉપર મુજબનાં બધાં ગામડાઓમાં અને ખાસ કરીને તે માંહેનાં મુકરર કરેલાં મોડાસા, બાયડ, ચોઇલા, રૂપાલ, મેઢાસણ, ટિંટોઇ, પુંસરી, આંબલીઆરા, ઉજેડીયા, સોનાસણ, લીંબ, ખાનપૂર, ધનસુરા, સાઠંબા, લાકરોડા, રડોદરા વિગેરે મુખ્ય ગામોના આગેવાનો મળીને બંધારણનો વહીવટ ચલાવે છે. પંચની શેઠાઇનું કામ મોડાસાના શેઠ મુનજી ખુશાલ અને ભાઇચંદ ભૂખણના નામથી તેમના વંશજો શા. વિઠ્ઠલદાસ શીવલાલ વિગેરે હાલમાં કરે છે; મારૂં ગ્નાતિને લગતું પહેલું પુસ્તક સં. ૧૯૬૫ માં પ્રસિદ્ધ થયું હતું તે વખતે આ બંધારણનો વહીવટ શેઠ દામોદરદાસ દલુચંદના હાથમાં હતો. તેઓ બંધારણનો વહીવટ ઘણી સારી રીતે ચલાવતા હતા: વહીવટની સત્તાના સંબંધમાં તે વખતની સ્થિતિ વહીવટ કરનારાઓની રહમજ મુજબ વડિલોપાર્જીત વારસારૂપે સત્તા છે એવું મનાતું હતું; પણ શેઠીઆઓના વંશજો પોતાની જોખમદારી પ્રમાણે નહિં વર્તવાથી હાલમાં બંધારણના વહીવટમાં કામ કરનારાજ ભાગીદાર થયાનું જોવામાં આવે છે: અને સત્તાને નામે આ રીતે પ્રાપ્ત થએલા વારસાગત્ વહીવટદારો પોતાનો હિસ્સો આપવાની શક્તિના પ્રમાણમાંજ અત્યારે માન ભોગવે છે, અને વહીવટ આખા બંધારણના હાથમાં હોય તેવું જોઇ શકાય છે; એટલે શેઠીઆઓના હાથમાં સ્વતંત્ર સત્તા જેવું કંઇ જોવામાં આવતું નથી અને વ્યવહાર કૂશળ જણાતા ભાઇઓ મળીને હાલ વહીવટ કરે છે.

૧ સામાજીક—વસ્તીનો મોટોભાગ ગામડાંઓમાં રહેતો હોવાથી અને કેળવણીનો પ્રચાર વિશેષ થએલો નહીં હોવાથી બંધારણનું સામાજીક જીવન પૂર્વવત્ હજુ ચાલ્યું આવે છે. કે જેને લગતી કેટલીક વિગતો નીચે રજૂ કરી છે; થોડાક સમય ઉપર પંચે મળીને કેટલાક સુધારા પણ કર્યા છે, જેની નોંધ પણ આ સાથે જોડી લીધી છે.

૨ કન્યાની છત અછત—બંધારણમાં સાધારણ રીતે કન્યાઓની અછત નથી; આથી અને બંધારણનો કાયદો પણ હોવાથી વિક્રય અને સાટાંની બદિમાંથી બંધારણ બચેલું છે. લગ્નની વય કન્યા માટે ૧૧ થી ૧૩ અને વર માટે પણ તેટલીજ કે તેથી સહેજ ઓછી હોય તો ચાલી શકતી; પણ હાલમાં પંચે ત્રણ વર્ષનું અંતર રાખવાનો ઠરાવ કર્યો છે.

૩ પલ્લું—પલ્લાની રકમ આસરે રૂ. ૬૦૦ ની થાય છે; બંધારણમાં લગ્ન પ્રસંગે દાગીના લઇ જવાનો રિવાજ છે; તેમાં સોનું તોલા ૧૫ાા અને રૂપું તોલા ૧૯૫ ભારના દાગીના કરાવવાનો રિવાજ છે. વિધવાની આજીવિકાનું સાધન પલ્લા ઉપરાંત તેના સાસરાના ઘરની સ્થિતિ ઉપર આધાર રાખે છે. ગરીબાઇ હોય તો મુખ્યત્વે દળણાં ખાંડણાં ઉપરજ આજીવિકાનો આધાર રહે છે.

૪ વિધવાશ્રમ-વિધવાઓને તેમજ કોમના ગરીબ વર્ગને મદદ કરવા જેવું તેમજ જ્ઞાનનો ફેલાવો કરવા જેવું પણ આખા આઠસો ઘરના બંધારણમાં અને લગભગ ૫૦ ગામોમાં કોઇપણ સ્થળે સમગ્ર નાત તરફથી કે કોઇના તરફનું છૂટું પણ સાધન નથી.

૫ બાળલગ્નો અને કજોડાંઓ—લગ્નની ઉમ્મરમાં હાલ તો નાતનો ત્રણ વરસનું અંતર રાખવાનો ઠરાવ મજબુતાઇથી પળાવામાં કેટલી અસર ઉપજાવી શકે છે. તે હજુ જોવાનું રહે છે.

૬ રડવા કુટવાના અને તેવા રિવાજો—ઉપર જણાવેલી સ્થિતિને કારણે આ દિશામાં કંઈ ગ્યેગ્ય સુધારો થયો હોય તેમ જોઇ શકાતું નથી.

૭ વરાઓ અને ખર્ચ ખુટણો—લગ્ન પ્રસંગે કન્યાના વિવાહમાં ઘણી જગોએ જાનના માણસો સાથે અને ગણેશ કુલેકાના બે ટંક, વરના લગ્નમાં ચાર ટંક, અને મરણમાં પણ ત્રણથી ચાર ટંક એ રીતે ફરજીઆત નાતો કરવી પડે છે; કદાચ કોઇની સ્થિતિ ન હોય અને તુરતમાં ઉપર જણાવ્યા પ્રમાણે નાતો કરવાનું ન બન્યું હોય તો તેની નોંધ નાતસાહી ચોપડામાં રાખવામાં આવે છે, અને તે પાછળથી પણ કરવાની ફરજ પડે છે.

૮ ખુશીના પ્રસંગનો મોટો વરો—બંધારણમાં જેઓની સ્થિતિ સારી હોય તેવાઓ તરફથી ચોખરૂ અને, બાવનગામના નામથી મરણની પાછળ વરા કરવામાં આવે છે. ચોખરૂં એ પહેલી પંક્તિનો વરો હોઇ બાવનગામનો વરો બીજી પંક્તિનો ગણાય છે. પહેલી પંક્તિના વરામાં સ્ત્રીઓ સહિત બાલગોપાલ મંડળીને નોતરવામાં આવતા હતા, ત્યારે બીજામાં એકલા પુરૂષોનેજ નોતરવા આવતા પણ હાલમાં તો બાવન ગામના પ્રસંગમાં પણ સ્ત્રીઓ જઇ શકે છે. ચોખરામાં લગભગ આઠથી દશ હજારનો ખર્ચ થાય છે, ત્યારે બાવનગામના વરામાં લગભગ ત્રણેક હજારનો ખચ થતો હતો પણ હવે તો આમાં પણ ૭ સાત હજારનો થાય છેજ.

બંધારણમાં સામાજીક સુધારણાર્થે પંચે મળીને હાલમાં કેટલાક ઠરાવો કર્યાં છે, જેમાંથી બીજા બંધારણોવાળાઓને કંઇક માહિતી મળી શકે તેવું હોવાથી હમોએ તેમાંથી થોડાક ઉતારો નીચે પ્રમાણે આપ્યો છે.

૯ સુધારાને નામે પંચે કરેલા ઠરાવોની માહિતી.

(अ) વર અને કન્યાની ઉમ્મર વચ્ચેનો તફાવત. કન્યા કરતાં વર નિદાન ત્રણ વર્ષે તો મોટો હોવોજ જોઇએ. એવું ન્યાતે ઠરાવ્યું છે. આ રિવાજ સારી રીતે પળાય માટે એવું ઠરાવવામાં આવ્યું છે કે કન્યાની જન્મ તારીખનો દાખલો વિવાહ નક્કી કરતી વખતે ગામના પંચને બતલાવવો; અને તેની ખાતરી થએથીજ વિવાહ સહી કર્યાનો કાગળ ગામના પંચોની સહી સાથે લખી જણાવવો. નિયમ વિરૂદ્ધ વર્ત્તનારનો વિવાહ રદ કરવાનું પણ પંચે ઠરાવેલું છે, અને તે ઉપરાંત દંડની રકમ પણ મુકરર કરી છે.

(ब) વિક્રય અને સાટાં તેખડાં બંધારણમાં વિક્રય થતો નથી, છતાં કન્યાના બાપની ખચ કરવાની સ્થિતિ નહોય તો તેની ખર્ચ પૂરતી રકમ રૂ. ૨૫૧ સુધી ખાતું પડાવી લઇને જરૂર જણાય તો વરવાળાએ કન્યાવાળાને આપવા. આમ હોવા છતાં તેવું કરવું કન્યાવાળાને યોગ્ય લાગતું ન હોય તો જાનમાં કન્યાવાળો કહે તેટલાંજ માણસો અને સાંવન લઇ જવું. સિવાય વિક્રય કરનારના સંબંધમાં પણ કેટલોક અંકુશ મૂકેલો છે.

(क) કન્યાને ૧૧ વર્ષ પહેલાં પરણાવવી નહિં.

(ख) એક ઉપર બીજી સ્ત્રી પરણવાની બાબતમાં સ્ત્રીની ઉમ્મર ૩૦ વર્ષની હોય, અને સંતાનનું સુખ ન હોય તો પંચ રજા આપેથી ફરીથી લગ્ન કરવાની છૂટ મળી શકશે.

(ग) જમણવારને લગતી કરકસર. કન્યાના લગ્નમાં જાનને પાંચ ટંક જમાડવાનો રિવાજ છે. તેમાં બપોરના બે ટંકમાં દાળભાતનું જમણ અપાય છે, જેમાં ઘી મણ એકના ભાતમાં શેર એકજ વાપરવું.

(घ) કન્યા પરણાવવામાં કન્યાના બાપની સ્થિતિ સારી ન હોય તો ફરજીઆત નાત ગામના પંચે લેવી નહિં, તેમજ વર અને કન્યા એકજ ગામનાં હોય અને એકજ ઘરની બે કન્યા સાથે પરણતી હોય તો ગામના પંચે એકજ નાત લેવી.

(ङ) મરણ પ્રસંગના વરામાં અગીઆરમું અને બારમું ગામના માણસો માટે બંધ કરવામાં આવેલ છે, અને ફક્ત તેરમા ચૌદમાની બેજ નાત ઠરાવી છે.

આ સિવાય કરકસરની નજરે બીજા નાના મોટા ઘણા સુધારા કરેલા છે કે જેની વિગત લાંબી હોવાથી સ્થળ સંકોચને લીધે હમોએ લીધી નથી.

(૧૦) કેળવણી—આ બંધારણ કેળવણીમાં ઘણુંજ પછાત છે. વસ્તીનો મોટો ભાગ નાનાં નાનાં ગામડાંઓમાં વસેલો હોવાથી અને તે માંહેનાં કેટલાંક ગામોએ તો ગુજરાતી શાળાઓનું પણ પૂરતું સાધન નહિં હોવાથી તેમજ જ્યાં ગુજરાતી ભણવાનું સાધન છે તેવાઓને આગળ અભ્યાસ કરવા જવાને નજીકમાં બીજું સાધન નહિં હોવાથી કેળવણીની સ્થિતિ ઘણીજ શોચનીય છે. એટલે કે આ આડસો ઘરના આખા બંધારણમાં અંગ્રેજી કેળવણીના નામે એક પણ ગ્રેજ્યુએટ નહિં હોઇ બે ત્રણ જણજ મેટ્રિક થએલા હશે. બંધારણના કેટલાક આગેવાન સહમજુ ભાઇઓમાં કેળવણીની અભિવૃદ્ધિ થાય તે માટેની સારી લાગણી ઉભી થયેલી જોઇ શકાય છે. તેઓએ આ દિશામાં ફંડ એકઠું કરવાની હીલચાલ પણ કરી છે અને લગભગ વીસેક હજાર રૂપીઆનું ફંડ એકઠું પણ કર્યું છે; સાથે કેટલાંક ખર્ચો કમી કરીને પણ કેળવણી ફંડને સ્થાયી મદદ મળે તેમ કર્યું છે. બંધારણે આ દિશામાં કરેલી અથવા તો કરવા ધારેલી પ્રગતિ. ખર્ચો કમી કરીને આવાં ફંડોને ઉત્તેજન આપવાનું કાર્ય ઘણુંજ અગત્યતાવાળુ ગણવાથી તેઓએ કરેલા કેટલાક ઠરાવો તરફ બીજા બંધારણનું ધ્યાન ખેંચાય તે માટે હમોએ અહીં તે ઉતારી લીધા છે.

(अ) વર કન્યા પરણે ત્યારે વરવાળા પાસેથી રૂ. ૨ તથા કન્યાવાળા પાસેથી રૂ. ૨ તથા તાગમાંથી રૂ. ૨ મળી કુલ્લે રૂ. ૬ અંકે છ, કેળવણી ફંડમાં લેવા.

(ब) કોઇ ગૃહસ્થને ત્યાં ધર્માદુ થતું હોય ત્યારે ગામનું પંચ કેળવણી ફંડમાં પણ તે રકમમાંથી અમુક રકમ કેળવણી ફંડમાં આપે.

આથી એવું જોઇ શકાય છે કે જૂના સંસ્કારવાળા અને બુદ્ધિ તેનેજ ધર્મ માની શકે તેવા વર્ગમાં પણ ક્રમે ક્રમે બહુ મઝેનો પલટો સમયનું પરિવર્તન કરાવે છે. આ ઠરાવોની અસર હાલના અનુભવ પ્રમાણે કંઇક સારી થએલી જોઇ શકાય છે; અને જ્યાં ધાર્મિક કાર્યો માટે વાપરવાની રકમ કઢાડવાનો પ્રસંગ આવે છે, ત્યારે કેળવણી ફંડને પ્રથમ સ્થાન આપવામાં આવે છે અને આ ફંડ બીજા કરતાં સારો હિસ્સો મેળવે છે.*

---

* ગામડાઓમાં કેટલીક જગ્યાએ હજુ પણ એવો રિવાજ છે કે માણસની છેલ્લી અવસ્થા વખતે તેની સ્થિતિ અનુસાર ગામના, પંચના આગેવાનો મળીને તેની પાસેથી ધર્માદુ રકમ કઢાવે છે, અને તે રકમનો ઉપયોગ પણ કરીને ગામનાં અને બીજાં ધર્માદુ ફંડોમાં કરવામાં આવે છે.

કેળવણી ફંડના ખરડાની રકમ ઉપર જણાવ્યા પ્રમાણે ઠીક ઠીક ભરાએલી છે; અને કામ કરનારાઓ જો ખંતથી કામ કરે તો ફંડમાં હજુ પણ સારો ઉમેરો થવાનું ધારી શકાય છે. આ ફંડનો ઉપયોગ કેળવણીની વૃદ્ધિ અર્થેજ થવાનો હોઇ તેમાંથી મોડાસામાં એક બોર્ડીંગ હાઉસ ખોલવાનો વિચાર હોવાનું પણ જણાય છે.

કાર્યવાહકો ફંડમાં ઉમેરો કરવા તરફ વધારે ખંત રાખીને તેને સંગીન બનાવવાને દીર્ઘદ્રષ્ટિ વાપરે, અને તેના અંગે ચોક્કસ યોજના ઘડી કહાડે તો આ યોજના રૂપી રોપેલું બીજ, વખત જતાં બંધારણની, જ્ઞાતિની અને દેશની સેવા કરે, તેવા સેવકો તૈયાર કરવા રૂપે ફળફુલથી ખીલેલું સુંદર વૃક્ષ ઉગી નીકળશે.

(૧૧) **કેળવણી સંબંધેની સામાન્ય સ્થિતિ**—અંગ્રેજી કેળવણી એક ટકો, ગુજરાતી કેળવણી ગુજરાતી પાંચથી સાત ચોપડીના સરવાળે પુરી થએલી માની શકીએ તેવી વર્ગણીથી ૬૦ થી ૭૦ ટકા અને સ્ત્રી કેળવણીને નામે શુન્ય હોવાનું જણાવી શકાય. કેળવણી માટેની ખાનગી મદદ કોઇ ગૃહસ્થ તરફથી છૂટી છૂટી પણ આપવામાં આવતી હોય તેમ જણાતું નથી. હમો આ સંબંધમાં કેટલીક સૂચનાઓનો ઉમેરો કરવાને ઇચ્છીએ છીએ. જે વાંચનારને કેળવણીને લગતી જનરલ સૂચનાઓના વાંચનથી મળી શકશે.

(૧૨) **રાજકીય**—બંધારણની વસ્તીનો મોટો ભાગ દેશી રાજ્યોમાં વસતો હોવાથી ત્યાં આગળ સ્થાનિક મ્યુનિસિપાલિટી અગર એવી કોઇ સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી નથી. બ્રિટિશ હકુમત તળે મોડાસા વિગેરે થોડાંક ગામો છે કે જ્યાં હાલનું વાતાવરણ સુધરતું આવે છે, આવાં સ્થળોએ પણ બંધારણનો મોટો ભાગ ચળવળની માહિતી નહીં ધરાવતો હોવાથી અને અજ્ઞાત પણ હોવાથી કાયદેસરની હાલની ચળવળમાં પણ તેઓ આગળ પડતો ભાગ લેતા હોય તેમ જણાતું નથી. સિવાય મોટો ભાગ દેશી સ્ટેટો અને એજન્સીના હાથ નીચે હોઇ ત્યાંની આપખુદી સત્તાનો માર ખાઇને એટલો તો બાંધીઓ અને નિસ્તેજ બની ગએલો જોવામાં આવે છે કે પ્રગતિના સરળ માર્ગોમાં જાહેર સભા કે વ્યાખ્યાનોમાં જવું એ પણ ગુન્હાનું સ્વરૂપ છે અને તેથી તેવી સનદશીર હીલચાલોમાં પણ ભાગ લઇ શકાય નહિં તેવી જડતા ધરાવનારો છે; વિશેષમાં રાષ્ટ્રનું ધ્યેય હજુ પણ એટલું વિશાળ બન્યું નથી કે તેનો અવાજ દરેક ગામડે ગામડે અને

ઝુપડે પહોંચી શકયો હોય. આસ્થિતમાં હમો ગામડાઓમાં વસનારાઓ રાજકીય જીવનની ઝાંખી કરવામાં બેનશીબજ છીએ તેવું કહેવું હમારા માટે તો ખોટું નહીંજ ગણાય. હમારા રાજકીય જીવનની સ્થિતિ કેટલેક સ્થળે સત્તાના દોરમાં એટલી તો દબાએલી છે કે જેનો ખ્યાલ આપવો અહિંઆં તો અસ્થાનેજ છે.

(૧૩) આર્થિક—બંધારણની આર્થિક સ્થિતિના સંબંધમાં થોડાંક નહીં જેવાં કુટુંબો સારી સ્થિતિ ભોગવે છે: જ્યારે તેનો મોટો ભાગ ગામડાઓનો મુખ્ય નેસ્તીનો વ્યપાર અને બીજા લોકો સાથેની ધીરધારનો ધંધો કરે છે; અને તેના અભાવે હાલમાં થોડોક ભાગ મુંબાઇમાં નોકરી પણ કરે છે અને તે ધીરે ધીરે ઠીક સ્થિતિમાં આવતો જાય છે; તો પણ મુંબઇ જેવા શહેરમાં જ્યાં સામાન્ય રીતે કેળવણીનીજ કદર બુજાતી હોય ત્યાં તેના અભાવે આ વર્ગ ઉંચે આવી શકતો નથી. તેવું જોઇ શકાય છે; જો કે મુંબઇનું જીવન ખર્ચ વધવાને લીધે ઘણું મોઘું થઇ પડવાના કારણે પગારમાં વધારો થયાનું જણાય છે, પણ તેથી સામાન્ય નજરે ઉજળાશ વધી છે, પણ બચત વિશેષ હોય તેમ જણાતું નથી; તો પણ ધીરે ધીરે આ વર્ગ નોકરીમાંથી ખસીને ધંધા ઉપર આવતો જાય છે અને તેમાંના થોડાક હાલમાં ઘરવપરાશના કોલસાના ધંધામાં પડેલા છે. આ રીતે ધંધા તરફ આવનારાઓની સ્થિતિ સુધરતી આવતી હોવાનુ જણાય છે. એકંદર રીતે બંધારણની આર્થિક સ્થિતિ સારી નથી. આ જીવિકા પૂરતાજ સ્થાનિક વ્યાપારથી નિર્વાહ કરવામાં આવે છે. બંધારણનો થોડોક ભાગ પ્રથમથીજ દક્ષિણના ગામડાંઓમાં છે, જેની વિગત આગળ આપેલી છે; તેઓ વેપાર નિમિતે ત્યાંના ગામડાંઓમાં સારા પગભેર થએલા હોવાનુ જણાય છે. પણ આથિક સ્થિતિને બંધબેસતા બીજા ઘણા વિષયોમાં તો હજુ તેઓ ગામડાઓનોજ સ્થિતિ ભોગવતા રહ્યા છે. આથિક સ્થિતિના ફેરફારવાળું શહેરી કે ઉચ્ચ જીવન અથવા તો આદર્શભાવનાઓ કે વિચારો જેવું કંઇ વિશેષ તેવાઓમાં જોવામાં આવતું નથી અને ફેરફાર હોવાનુ છતાં પણ તેઓની સ્થિતિ બંધારણની ઉપર જણાવ્યા પ્રમાણેજ જોવામાં આવે છે.

આમ હોવા છતાં શહેરી જીવન વડે શહેરમાં રહેનારાઓ થોડાક ભાઇઓ અને ગામડાઓમાં પણ થોડાક બન્ધુઓ સારી સ્થિતિમાં, ઉત્સાહી અને આગળ પડતા છે જે માંહેના નિચેના ગૃહસ્થો આ બંધારણમાં સામા-

ન્ય હીલચાલો અને જ્ઞાતિના કામમાં સારો ભાગ લઈ શકે છે:

રા. સોમાભાઇ મંગળદાસ 'ગુજરાતી પંચ પત્રના' અધિપતિ
અને માલિક, અમદાવાદ

,,	નંદલાલ કેશવલાલ હરજીવનદાસ	,,
,,	અંબાલાલ રવચંદભાઈ શરાફી વેપારી	,,
,,	મગનલાલ ભાઇચંદ	ગામ બાયડ
,,	જેઠાલાલ મોતીચંદ	ગામ મેઢાસણ
,,	વીઠ્ઠલદાસ શીવલાલ	મોડાસા

(વિગેરે)

સુચનાઓઃ—

ઉપર પ્રમાણેથી આ બંધારણની સામાન્ય સ્થિતિની કંઇક ઝાંખી કરાવ્યા પછીથી બંધારણ પરત્વે કઇ કઇ સૂચનાઓ રજૂ કરી શકાય તેમ છે તેની થોડીક વિગત જણાવું છું.

બંધારણનો વહીવટ—વહીવટના સંબંધમાં બાવન ગામ અને તેનાં ચૂંટી કહાડેલાં પેટાગામો વહીવટ ચલાવે છે. છતાં પણ જો કામ કરી શકે તેવા અમુક માણસોની કમિટી મુકરર કરવામાં આવે તો કામને વધારે સરળતા મળે. ખાસ અગત્યનાં કામોમાં જનરલ મિટીંગ તરીકે બાવન ગામ ભલે દેખરેખ રાખે, પણ વહીવટનાં અમુક કામો જો કમિટીને સોંપવામાં આવે તો કામ સારૂં થઇ શકે ખરૂં.

સામાજીક સ્થિતિમાં કરવા જોઇતા સુધારાઓ—કેળવણીની મંદ સ્થિતિને લીધે બીજાં બંધારણોની સરખામણીમાં સામાજીક સ્થિતિ ઘણીજ પાછળ દેખાય છે. સુધારાઓ દાખલ કરવાનું ક્ષેત્ર વિશાળ પડેલું છે છતાં તેવું કંઈ થઈ શકતું નથી. થોડાક સમય ઉપર પંચ મળેલું ત્યારે કેટલાક નાના નાના સુધારાઓ કર્યા છે, પણ તેમાં મોટા ભાગની આર્થિક સ્થિતિ નબળી પડતી આવવાથી ખરચોનો વધારે બોજો પડે નહીં એવાં ખર્ચો કમી કરવા જેવાજ સુધારાઓ તરફ વધારે ધ્યાન અપાયું છે, જો કે કેળવણીની વૃદ્ધિ અર્થેનું ફંડ અને બાળલગ્નોના અટકાવ માટે ત્રણ વર્ષનો ફેરફાર કર્યાનું તે ઠરાવોમાં જોઇ શકાય છે, તો પણ નાતની એકંદર સ્થિતિ તપાસતાં વિશેષ યત્નની અને તીવ્ર ગતિની જરૂર છે. કોમની સ્થિતિ ઉચ્ચતર બને તે માટે બીજાં બંધારણોમાં જેમ યૂવક મંડળો છે તેવું યૂવક

મંડળી સ્થાપીને સુધારાઓ દાખલ કરાવવાની અસર બંધારણ ઉપર ઉપજાવી શકે તેટલી શક્તિ કેળવણીને કામ કરે તો ભવિષ્યમાં લાભ મળવા જેવું થાય. આ કામ અમદાવાદના બંધુઓ અને આપણા રા. સોમાભાઇ પંચના ઉત્સાહી બંધુઓ ભાઇ ચીમનલાલ અને ચંદુલાલ વીગેરે ઉપાડી લેશે તો આશા રાખવાને દરેક કારણ મળે છે કે તેઓ એકડા ઉપર સારી અસર ઉપજાવી શકશે અને તેઓના હાથે નાતની સારી શેવા થઇ શકશે. સિવાય બંધારણ વાળાઓ જ્યારે એકત્ર થાય ત્યારે તેની સ્થિતિ તપાસતા રહીને ફરજીઆત ખર્ચો કમી કરે, સામાજીક બંધન જેવી ગણાતી રૂઢિઓને દૂર કરે, આર્થિક સ્થિતિ સુધારવાનો વિચાર કરે, અને તેવાં કામોને વ્યવહાર-માં મૂકે તો હાલની સ્થિતિમાં સારો ફેરફાર થઇ શકે ખરો.

કેળવણી—કેળવણી સંબંધેની સ્થિતિનો સુધારો ખાસ તેના ફંડના સારા ઉપયોગ અને વધારા ઉપર આધાર રાખે છે. ઉપયોગની બાબત તો સાધન એકઠું થવા ઉપર અવલંબી રહેલી હોય છે, પણ ફંડનો વધારો એ મુખ્ય બાબતને ધ્યાન ઉપર રાખીએ તો ફંડને એવું ઘણી રીતે વધારી શકાય કે સહજમાં તેમાં મોટો ઉમેરો થઇ શકે, બાવન ગામ નિમિત્તે છેલ્લાં બે ત્રણ વર્ષમાં ખાવામાં બરબાદ થએલી પચીસ ત્રીસ હજારની રકમ આ ફંડના વધારા અર્થે વાપરી હોત તો શું તેમ ન બની શકત ! આ સ્થિતિમાં આવાં ખર્ચો કરવા માટે દૂષિત અને જવાબદાર કોણ ગણી શકાય ? હું પોતે તો આવું ખર્ચ કરનાર કરતાં પંચના આગેવાનોને વધારે જવાબદાર ગણું છું. કારણ કે આવાં ખર્ચો કરવા માટે પંચ રજા આપે છે ત્યારેજ આવી રીતે ખર્ચ કરવા ઇરાદો રાખનો હોય તેને તેમ કરવાની પરવાનગી મળે છે. આથી જો એકડાના આગેવાનો ધારે તો આવાં ખર્ચો કરનારાઓને સ્હમજાવીને તેઓની ઉદાર વૃત્તિનો લાભ કેળવણી જેવાં બીજાં વધારે અગત્યનાં કામોમાં લઇ શકે. સામાન્ય રીતે એકડાના આગેવાનોના સંબંધમાં આ ટીકા અગત્યની થઇ પડશે. હમારી આ સુચના સામાન્ય છે. પણ જેઓના સંબંધમાં હું આ ટીકા કરૂં છું તેવા આ બંધારણના એકાદ બે આગેવાનો કે જેઓ કેળવણીની સારી રીતે કદર સ્હમજી શકતા જણાય છે તેવા કોમના આગેવાન ગણાતાઓએ છેલ્લાં વર્ષોમાં આવાં ખર્ચ કરીને સિદ્ધાન્ત તરિકે રજુ કરવામાં આવેલા ઉચ્ચ વિચારોને મોટો આઘાત્ કર્યો છે, કે ભવિષ્યમાં આ દિશાએ થતા ખર્ચો અટકાવી શકવાનું જેટલું સહેલું હતું તેટલુંજ કઠિણ થયું છે. ખરેખર ? કહેવું અને

કરવું તે વચ્ચે મોટો ફરક છે, અને જ્યાં સુધી આગેવાની ભર્યો દરજ્જો ધરાવનારાઓ કામ કરીને સુધારાને નામે પોતાની જાતનો દાખલો બતાવી શકશે નહિં, ત્યાં સુધી તેવાઓ સમાજમાં કંઇ વિશેષ અસર ઉપજાવી શકશે નહિ.

રાજકીય—રાજકીય જીવનનું શુદ્ધ સ્વરૂપ જાણવાને માટે 'નવજીવન' અને તેવાં આત્મોન્નતિનાં વિષયો ચર્ચતાં છાપાઓ અને માસિકો નાનામાં નાના ગામડાઓમાં પણ વંચાવાં જોઇએ છે. તેમજ દરેક ગામે વાતાવરણ વિશુદ્ધ બનાવવાને ગ્રામ્ય સમિતિઓ સ્થપાય તો પ્રગતિ સારી થઇ શકે.

આર્થિક—આર્થિક સ્થિતિ સારી જોવા માટે સમાજનું દરેક અંગ પ્રથમ સુધરવું જોઇએ. સામાજીક રૂઢિઓ અને બંધનો કમી થાય, કેળવણી વધે, દ્રવ્યનો વ્યય વિચારપૂર્વક થાય, મોટાઇમાં તણાઇને ખર્ચો કરવાનું બંધ થઇ જાય, વખતનો સદુપયોગ થાય, નવરાશનો કોઇ પણ સમય સ્થિતિ સુધરી શકે તેવા વિચારો કરીને કામે વળગાડવામાં આવે, કોમના સારા અને સુખી માણસો ફરજ તરીકે સ્થિતિની આબાદી કરવામાં જેઓ ઉચકી લેવા જેવા જણાય, તેવાઓને ઉચકી લેવામાં મદદ કરે તો, અને બીજા વિચારે પ્રત્યેક માણસ પોતાની જાત ઉપર ઉભા થવાની શક્તિ કેળવીને ઉદ્યમી બને તો સારો ફેરફાર થઇ શકે ખરો.

" કુકણપટી–દક્ષિણ " માં વ્યાપાર અર્થે રહેતા દશા ખડાયતા વૈશ્યોનું બંધારણ.

અનુક્રમ.	ગામ.	ઘરની સંખ્યા.	નામ.	મૂળ વતન.	શીરનામું.
			ચોક વિભાગ.		
૧	ચોક	૨	શા. વેણીચંદ ભાઇચંદ માણેકચંદ	મોડાસા.	પો. ચોક સ્ટે. કરજત તા. કોલાબા
૨	તુપગામ	૩	શા. ક્સનદાસ દલુચંદ	જીતપુર	,,
			તુપગામ વિભાગ.		
૧	દેવલી	૧	શા. કીશોરદાસ પુંજાદાસ	સરડોઇ	પો. કરજત
૨	ખાલાપુર	૨	શા. ખેમચંદ ગુલાબચંદ	આકરૂંદ	,,
			જામલપાડા વિભાગ.		
૧	નાવા	૧	શા. ધનજી અમીચંદ	મેઢાસણ	પો. પેનબંદર સ્ટે. ખુંપવલી(કોલાબા)
૨	પરેલી	૨	શા. રવચંદ મોતીચંદ	આગીઓલ	પો. પાલી, તાલુકે સુધાગઢ. જીલ્લા અલીબાગ
૩	જામલપાડા	૩	શા. જેચંદ નારણજી	,,	પો. જામલપાડા.
૪	ખોંનપોલી	૧	શા. કાલીદાસ દલુચંદ	ચોઇલા	પો. પાલી, તાલુકે સુધાગઢ. જીલ્લા અલીબાગ
૫	ભારજા	૧	શા. મનસુખલાલ ગણુપતદાસ	નેકોડા	,,
૬	પાશ્રપુર	૧	શા. મગનલાલ પાનાચંદ	,,	,,
૭	નવગર	૧	શા. ચુનીલાલ રણછોડ	લીંબ	,,

૮	બોરવલી	૧	શા. લલ્લુદાસ રામચંદ	લીંબ	,,
૯	આશરાં	૧	શા. બહેચરદાસ ધર્મચંદ	,,	પો. જામલપાડા
૧૦	ઉધર	૧	શા. ચુનીલાલ દલુચંદ	,,	
૧૧	માહાગામ	૧	કોઠારી પુંજાલાલ મયાચંદ	થીણોલ	,,
૧૨	ઊંબરા	૧	શા. ભગવાનદાસ દેવકરણ	ઊજેડીઆ	પો. પેન બંદર જીલ્લા અલીબાગ
૧૩	ખુપોલી	૧	શા. નરસીદાસ રાયચંદ	રમોસ	સ્ટે. ખુંપવલી. (કરજત)
૧૪	આનવા	૧	શા. છગનલાલ અમુલખ	કપડવણજ	,,
૧૫	ખરવલ્લી	૧	શા. ચુનીલાલ ઘેલાભાઈ	,,	,,
૧૬	ટુલ્લી	૧	શા. ખેમચંદ રાયજી	લીંબ	,,
૧૭	ગમોશી	૧	શા. કોદરદાસ તાપીદાસ	ટીંટોઇ	,,

પાલી વિભાગ.

૧	પાલી	૪	શા. રવચંદ દલુચંદ શા. કાલીદાસ દલુચંદ શા. કાલીદાસ રામચંદ	ચોઇલા આંબલીઆરા	પો. પાલી તાલુકે સુંવાગઢ ,,
૨	નેંનવલી	૧	શા. હરગોવીંદ કસ્તુર	ચોઇલા	,,
૩	આપટી	૧	શા. વીરચંદ મોતીચંદ	લીંબ	પો. પેન જીલ્લા અલીબાગ
૪	ખરસુડી	૧	શા. ગેલાદાસ જેઠાલાલ	આંબલીયારા	પો. ખાલાપુર તા. કરજત (કોલાબા)
૫	લોભ	૧	શા. ખેમચંદ દામોદરદાસ	લેંબડીઆ	,,
૬	મોહોપાડા	૪	શા. રવચંદ વનમાલીદાસ	ખાનપુર	પો. મોહોપાડા તા. કરજત
૭	માંગરૂલાં	૧	શા. લાલચંદ નથુદાસ	મેઢાસણ	પો. પેનબંદર (અલીબાગ)

૮	વરસાઇ	૧	શા. પુરૂષોત્તમ વેણીચંદ	આંબલીયારા	પો. પેન બંદર (અલીબાગ)
૯	ચાવણું	૧	શા. રૂપચંદ ગુલાબદાસ	બાયડ	પો. આપટા તાલુકે પેન બંદર (દાક્ષણ)
૧૦	મીરકુટવાડી	૧	શા. હીરાચંદ ભાઇચંદ	સરડોઇ	,,
૧૧	અતકર ગામ	૧	શા. રવચંદ ભાઇચંદ	,,	,,
			વામજા વિભાગ.		
૧	ભેંગાર	૧	શા. હેમચંદ પ્રભુદાસ	ચોઇલા	પો. પનવેલી તાલુકે કરજત
૨	ઢુંઢરાં	૧	શા. કરમચંદ મુલચંદ		,,
			કડવાં વિભાગ.		
૧	ખરવઇ	૨	શા. લીલાચંદ બહેચરદાસ	આંબલીયારા	પો. બદલાપુર તાલુકે કલ્યાણી (દક્ષીણ)
			શા. સાંકળચંદ પીતાંબરદાસ	બાયડ	,,
	મુલગામ પેટાનું	૧	શા. લીલાચંદ બહેચરદાસ	આંબલીયારા	,,
૨	માણકવલી	૧	શા. માણેકચંદ મોતીચંદ	લીંબ	,,
૩	મુલગામ	૧	શા. મલુકચંદ ખેમચંદ	આંબલીયારા	,,
૪	પાસાણા	૨	શા. લાલચંદ જીવાદાસ	ચોઇલા	પો. નીરલ તા. કરજત સ્ટે. આંગણી.
			શા. કુબેરદાસ બહેચરદાસ	આંબલીયારા	
			શા. વેણીચંદ બહેચરદાસ	,,	
૫	પુંસરાં	૧	શા. ગીરધરદાસ વલ્લભદાસ	સાતેડા	,,
૬	નીરલ	૭	શા. મલુકચંદ ઝવેરદાસ	પુસરી	પો. સ્ટે. નીરલ તા. કરજત (થાણા)

		શા. નથુદાસ અમથાલાલ	આંબલીયારા	પો. સ્ટે. નીરલ તા. કરજત (થાણા)
		શા. મનસુખલાલ હરગોવીંદ.	,,	
૭ માથેરાન	૧	શા. મીઠાલાલ રાયચંદ	ધનસુરા	,,
૮ અંજપ	૧	શા. જેઠાલાલ દેવચંદ	લેંબડીઆ	,,
૯ નહાલદાં	૧	શા. નાનચંદ ધરમચંદ		,,
૧૦ કડવાં	૩	શા. નહાલચંદ હીરાચંદ	ચોઇલા	પો. સ્ટે. કરજત જી. કોલાબા (દક્ષીણ)
૧૧ ચીંચવલી	૧	શા. દામોદર મથુરદાસ	સાતેડા	મુ. ચીંચવલી
૧૨ બદલાપૂર.	૧	શા. ગોપાલદાસ વિઠ્ઠલદાસ.	ધનસુરા	પો. બદલાપૂર જી. આઇ. પી. રેલ્વે.

આ બંધારણના ઉપરની વીગતે છ તડ઼ા છે અને તે લગભગ ૫૦ ગામોમાં વહેંચાઇ ગયેલા હોઇ તેઓની આશરે ૭૫ દુકાનો છે આ સઘળા વણીકો મોટે ભાગે મોડાસા અને કપડવણજ એકડાના જુદા જુદા ગામોના રહેવાશીઓ છે આ તરફનો તેઓનો વસવાટ લગભગ સો વર્ષ કરતાં પણ જુનો છે, અને તેઓનો જમીન અને નેરતી મુખ્ય વ્યાપાર છે; જે પૈકી ઘણુંકો તો સારી સ્થિતિમાં છે. સામાજીક વ્યવહારનાં સઘળાં કામો તેઓ દેશના વ્યવહારમાં રહીને દેશમાંજ કરે છે. ઉપરનાં સઘળાં ગામો ઘણા મોટા ભાગે જી. આઇ. પી. ના કલ્યાણ, નેરલ, કરજત, ખુપોલી, બદલાપુર, એ વીગેરે સ્ટેશનોની વચમાંહેનાં નાનાં મોટાં ગામડાઓમાં આવી જાય છે. 'ઉત્સવ' અને તેવાં બીજાં કામો અર્થે અહીંઆં ઉપરના જણાવેલા વિભાગોની વીગત મુજબ તેઓનું એક સમગ્ર બંધારણ છે અને તેઓ તે નિમીત્તે સઘળાઓ પ્રસંગ પુરતા ભેગા પણ થઇ શકે છે. પાક ડાંગરનોજ ફક્ત થાય છે.

અમદાવાદ, ખેડા, મહેમદાવાદના દશા ખડાયતાના એકડાનું બંધારણ.

ઘર આશરે—આગેવાન ગૃહસ્થ.

અમદાવાદ—૪૫

શેઠ કેશવલાલ હરિભાઇ	ઠે. લાખાપટેલની પોળ
દેસાઇ મોહનલાલ રણછોડદાસ	ઠે. રીચીરોડ.
પરીખ માણેકલાલ ત્રીકમલાલ	ઠે. કોઠારી પોળ.
રા. પુરૂષોતમદાસ મોહનલાલ	ઠે. લાખાપટેલની પોળ

ખેડા—૭૦

પરીખ ચુનીલાલ વ્રજભાઇ	ખેડા, વાયા મહેમદાવાદ.
,, માણેકલાલ નાથાભાઇ	
,, દામોદર મોહનલાલ	
રા. મણીલાલ વલ્લવદાસ.	

માતર—૧૧૦

શેઠ ઓચ્છવલાલ મોહનલાલ	માતર (ખેડા) વાયા, મહેમદાવાદ.
દેસાઇ વલ્લવભાઇ અજુભાઇ.	
રા. મુળજીભાઇ ઇશ્વરદાસ.	
રા. મણીભાઇ વ્રજભાઈ શેઠ.	દેસાઇ મણીલાલ હરીલાલ
રા. મંગળદાસ ખીમચંદ પરીખ.	પરીખ સાંકળચંદ પુરૂષોત્તમદાસ
રા. મોહનલાલ ઇશ્વરદાસ ,,	,, વલ્લવદાસ નાથાભાઇ
રા. ભાઇલાલ માણેકલાલ અજુભાઇ દેસાઇ.	

મહેમદાવાદ—૩૫

કોઠારી અચરતલાલ મોહનલાલ	મહેમદાવાદ.
દેસાઇ ગોકળદાસ મથુરાદાસ.	દેસાઇ ચુનીલાલ પરભુદાસ
,, માણેકલાલ મથુરાદાસ.	દેસાઇ જમનાદાસ લલ્લુભાઇ

ઉપર પ્રમાણે કુલ ચાર ગામ અને આશરે ૨૨૫ ઘર આ એકડામાં છે.

બંધારણના વહીવટ વિષેની માહિતી.

ખેડા, માતર—આ બંધારણ આશરે ૭૦ વર્ષ ઉપર એટલે સંવત

૧૯૦૯ માં બંધાયાનું જણાય છે. બંધારણનાં મુખ્ય ગામો, અમદાવાદ, મહેમદાવાદ, ખેડા અને માતર છે અને તે આસરે કુલ્લ ૪૦૦ ઘરની વસ્તીમાં આવેલું છે. જો કે બંધારણનાં આ મુખ્ય ગામો અમદાવાદ, મહેમદાવાદ, ખેડા, માતરના ગામે જ્ઞાતિની એકંદર વસ્તીનાં ઘર તો વિશેષ છે પણ પહેલાં આ બંધારણમાંથી જેઓને કન્યાઓ મળી શકેલી નહીં એટલે સંકડામણ પડેલી એવાઓ જેઓને જેમ જેમ અનુકુળ પડયું તેમ તેમ છુટા છવાયા મોડાસા, કપડવણજ, નાંદોદ, નડીઆદ, વીગેરે એકડાઓમાં દાખલ થએલા છે અને કેટલીક જગોએ તો દાખલા તરીકે, મહેમદાવાદનું આખું એક પાંખીયું ૩૦–૪૦ ઘરની વસ્તીનો જથ્થો બીજા બંધારણ (નડીઆદના વાણીઆનો એકડો) સાથે જોડાયલું છે. એટલે ઉપરનાં ગામોમાં ખાસ કરીને જ્ઞાતિની વસ્તી વધારે હોવા છતાં આ બંધારણ માટે ઉપર જણાવ્યા પ્રમાણેની વસ્તી લેવી પડી છે. આ જોડે શહેર સાથેની વસ્તી વધવાનું કારણ એવું પણ લઇ શકાય છે કે ધંધા નિમીતે હાલમાં ગામડાઓનાં પુષ્કળ કુટુંબો શહેરમાં વસ્તી તરીકે આવીને વસેલાં છે. એટલે ખરી રીતે આ હકીકત અમદાવાદને લાગુ પાડતાં ત્યાં જ્ઞાતિની અત્યારે લગભગ ૪૦૦ ઘરની વસ્તી હોવાનું કહી શકાય છે. આવાં શહેરમાં આવીને વસેલાં વધારાના કુટુંબોનો વ્યવહાર ઘણા મોટા ભાગે પોતપોતાના ગામડાઓના બંધારણ સાથેજ છે. તદ્ન અમદાવાદ માટે શહેરને લઇને જો કે વસ્તીનો આ રીતે વધારો થયેલો જોઇ શકાય છે પણ મને કહ્યા શીવાય ચાલતું નથી કે બહારના આવાઓ મુખ્ય ભાગે પોતાના ધંધાની પ્રવૃત્તિ સીવાય ન્યાતના વિષયમાં ભાગ્યેજ રસ લઇ શકતા હોય. બંધારણની વસ્તીના સંબંધમાં વિગત જણાવ્યા પછીથી બંધારણનો વહીવટ ચાર ગામોના મુખ્ય મુખ્ય આગેવાનો મળીને ચલાવતા હોવાનું જણાવવું પડે છે કે જેનાં મુખ્ય મુખ્ય નામો આ બંધારણની વીગત લખવાના મુખ પૃષ્ટ ઉપરજ લેવામાં આવેલ છે એટલે આ બંધારણના વહીવટ માટે સમસ્ત પંચ તરફથી કોઇ મુકરર શેઠ હોવાનું જણાતું નથી અને આગેવાનો મળીનેજ તેનો વહીવટ કરે છે વહીવટના સંબંધમાં એકંદરે સ્થિતિ સારી છે. બંધારણમાં કેળવણી વધેલી હોવા છતાં નાતનું કામ કરનારા ઘરડાઓનું માન ઠીક સચવાય છે અને તેવાઓ વ્યવહાર કુશળ પણ જણાય છે કે કેળવાયેલાઓ તરફ વિવેક દ્રષ્ટિ રાખીને સૂચનાઓ અને સુધારાઓ માટે માર્ગ કરતા રહે છે. એકંદરે આ બંધારણની સ્થિતિ સારી હોવાનું જણાવી શકાશે.

સામાજીક અને સામાન્ય.

(૧) કન્યાની છત અછત—એકંદર રીતે બંધારણમાં કન્યાઓની છત સારી હોવાનું જણાય છે.

(૨) બાળલગ્નો અને લગ્નની વય—સામાન્ય રીતે લગ્ન કરવા માટેની વય છોકરીના માટે ૧૨–૧૩ વર્ષની અને છોકરા માટે ૧૫ થી ૨૦ વર્ષની લેવામાં આવે છે. પણ હાલમાં કન્યાઓની છત સારી હોવાથી તેમજ ઘર વર સારૂ મેળવવાના કારણે છોકરીના લગ્નની વય ઉપર જણાવ્યા પ્રમાણેથી પણ વધારે આગળ લંબાઇ હોવાનું જોઇ શકાય છે બંધારણના મોટા ભાગમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ વધેલું હોવાથી સામાન્ય રીતે છોકરીને નાની ઉમ્મરમાં નહીં પરણાવવાનો વીચાર વિશેષ દઢ થતો આવે છે એટલે ઉમ્મરનું આ પ્રમાણ વધતું આવતાં છેલ્લા બે ચાર વર્ષમાં તો આ વિચારે વિશેષ આગળ વધ્યાનું જોઇ શકાય છે અને ઘણા દાખલામાં તો હવે છોકરીને ૧૫–૧૬ વર્ષે પરણાવવામાં હરકત મનાતી નથીજ.

(૩) કુળવાન અને અકુળવાનપણું—સામાન્યે કૂલિનતા, વિચાર કેળવાયલા હોઇ તેવાઓ વર્તન અને વ્યવહારમાં તેનો સારો ઉપયોગ કરી શકતા હોય, ગૃહસ્થ કે ગૃહસ્થિ તરીકેની ફરજ સમજતા હોય અને જેઓનો લૌકિક વ્યવહાર આદર્શરૂપ સદ્‌આચરણો " નિતિ ધર્મ " ને અવલંબીને ચાલતો હોય તેવા સદગુણોમાંજ સમાઇ રહે તેને આપણે કૂલિનતા કહીએ. સીવાય અત્યારની દસ્ય થતી કે કહેવાતી કૂલિનતા એ કૂળવાનપણું નહીં પણ તેને નામે લોકો ઉપર ખોટો પ્રભાવ પાડવાની ઠગાઇજ ગણાય. બંધારણમાં કેળવણીના પ્રચારે હવે ધીરે ધીરે પણ સારૂ અજવાળું પડતું આવે છે કે જેથી પહેલાં લોકોની જે સમજ હતી તેમાં સારો ફેરફાર થતો આવ્યાનું જોઇ શકાય છે.

(૪) વિક્રય તથા સાટાં ત્રેખડાં—બંધારણમાં છોકરીના પૈસા ખાવા લેવાના નિમીતે વિક્રય થતો હોય તેમ જણાતું નથી પણ અપવાદરૂપે કદાચ કારણવસાત અચકાએલા કોઇને નહીં મળતી હોય તો તેવો ઇસમ બંધારણ બહારથી પૈસા ખરચીને લાવે છે. એટલે આ રીતે વિક્રય થતો હોવાનું ગણી શકાય. પણ આવા દાખલા અપવાદરૂપેજ બને છે. અને તે પણ બંધારણ બહારથી લાવવા માટે એટલે વિક્રય થતો નથી તેમજ કહી શકીએ. બંધારણમાં સાટું ત્રેખડું પણ થતું હોય તેમ જણાતું

નથી છતાં આખા બંધારણની સ્થિતિ તો એવી નથીજ એટલે આમાદિ અમુક પ્રમાણમાં હોવાનું જણાય છે ખરૂં. એકંદરે બંધારણમાં કન્યાઓની છત હોવાથી વિચાર સુધારણાને સારો વેગ મળી શકશે તેવું ધારી શકાય છે.

(૫) **પલ્લુ**—પલ્લાની રકમ આખા બંધારણ માટે માટે રૂા. ૬૬૧) ની ઠરાવેલી છે.

(૬) **વનિતા આશ્રમ**—બંધારણનાં મુખ્ય ચારેગામો વસ્તિમાં સારી સંખ્યામાં હોવાથી તેમજ અમદાવાદ માટે વૈધવ્ય પ્રાપ્ત બહેનોને શહેરના રહેવાસને લઇને, કામ મેળવનારને ઘરમાં રહીને પણ કામ કરી શકાય તેવી મજુરી મળવાથી, કદાચ આવા આશ્રમની જરૂરીઆત નહીં પણ સ્વીકારી લઇએ; તોપણ મહેમદાવાદ, ખેડા, અને માતરના ગામો માટે બંધારણની વૈધવ્યદશાને પામેલી બહેનોની નીરાધાર સ્થિતિની જે વીગત મલી છે તે વીગત જોતાં તો તે ગામોએ બહેનોને મદદ મલી શકે તે અર્થે આવા આશ્રમની ખાસ જરૂર જોઇ શકાય છેજ. હમોને વીગત મળી છે કે આ કામ અર્થે માતર ગામ માટે તો ત્યાંના સ્વ. પાનાચંદ મોજીલાલના તરફથી ગંગા સ્વ. બેન ચંચળના તરફથી રૂા. પાંચહજારની એક રકમ જુદી કહાડવામાં આવેલી છે અને તે હાલ ટ્રસ્ટના હાથમાં છે. કે જેની શરૂઆત કરવામાં આવો વર્ગ-ચલાવનાર કોઇ લાયક બહેન નહીં મળવાના અભાવેજ આ કામની શરૂઆત થઇ શકી નથી. આવાં આશ્રમો ઘરગતું ધંધાઓવડે રોજીનું સાધન પાર પાડી શકે, તે ઉપરાંત બહેનોનું જીવન નિતિ અને પ્રભુ પ્રત્યેની આસ્થાના આશ્રય તરફ વાળીને ધાર્મીક દશામાં મુકી શકે. આ માટે આવાં દરેક આશ્રમો જોડે સારા સંસ્કાર પડી શકે તેવા વાંચનની સગવડ જોડી આપવી જોઇએ. સાંભળવા પ્રમાણે અમદાવાદ માટે નાતની શુભેચ્છક સભા તરફથી ફ્રી સરક્યુલેટીંગ લાઇબ્રેરીની યોજના થઇ હતી પણ ખબર મળવા પ્રમાણે આ સભા હાલમાં સુષુપ્તાવસ્થા ભોગવે છે. મહેમદાવાદમાં જ્ઞાતિ તરફથી આવી લાઇબ્રેરી હાલમાં ખોલવામાં આવી છે જેને અંગે આવી.યોજના શરૂ કરેલી છે અને ત્યાં તેનો સારો લાભ લેવાતો હોવાનું જાણેલું છે. ખેડા અને માતર માટે જરૂર ઉભી હોવાનું જણાય છે.

(૭) **જમણવાર**—અમદાવાદમાં લગ્ન અને મરણના પ્રસંગોમાં એક ન્યાત ફરજીઆત જેવી કરવી પડે છે. સીમંતના પ્રસંગમાં પણ ન્યાત કરવામાં આવતી હતી પણ હાલમાં અમુક કુટુંબોએ સીમંતની ન્યાત જમ-

વીજ નહીં તેવો વિચાર અમલમાં મુકવાથી ન્યાત નહીં કરવાની તરફેણમાં લોકલાગણી વધતી આવે છે તોપણ કેટલાકો હજુ કરે છે ખરા; પણ ધારી શકાય છે કે તે બંધ થઇ જશેજ. ખેડા અને માતરના માટે જેને ફાવે તેજ ન્યાત કરે તેવો ઠરાવ થયો હતો પણ હાલમાં તો બધાઓ કરે છેજ. મહેમદાવાદ માંહે છોકરીના લગ્ન પ્રસંગમાં બે ન્યાત. છોકરાના લગ્ન પ્રસંગમાં એક, શ્રીમંતની એક અને મરણના પ્રસંગમાં ઓછામાં ઓછી બે ન્યાત કરવી પડે છે. એક ન્યાતના પ્રસંગનું ખર્ચ સાધારણરીતે મહેમદાવાદ, ખેડા, માતરમાં રૂા. ૨૫૦ થી ૩૦૦ થાય છે ત્યારે અમદાવાદમાં રૂા. પાંચસોથી છસો થાય છે.

(૮) રડવાકુટવાનો રીવાજ—આ રીવાજ જેટલો ગામડાઓમાં જોઇ શકાય છે તેટલોજ અહીંઆં પણ જોવામાં આવે છે. વિશેષ કંઇ સુધારો જોઇ શકાતો નથી.

(૯) કેળવણી—અમદાવાદ, કેળવણી મેળવવા માટેનાં સઘળાં સાધનો અનુકુળ હોવા છતાં અહીંની વસ્તીના મુખ્ય ભાગનું વલણ કેળવણી મેળવવાના ઉચ્ચ આશય તરફ વળેલું હોવાનું ખાસ જોઇ શકાતું નથી જોકે બંધારણનાં થોડાંક કુટુંબો કે જેઓનું વલણ કેળવણી મેળવવા તરફ શરૂથી વળેલું છે તેવા સ્વ. રણછોડલાલ કપુરચંદનું કુટુંબ મુખ્યત્વે કરીને કેળવણીમાં આગળ હોય તેવું અહીંઆં જોઇ શકાય છે પણ બંધારણની સામટી સ્થિતિ તપાસતાં કેળવણી મેળવવા માટેનાં સઘળાં સાધનો અનુકુળ હોવા છતાં તેમજ બંધારણના મુખ્યભાગની આર્થીક સ્થિતિ પણ સારી હોવા છતાં ઉચ્ચ કેળવણી મેળવવા તરફ વલણ વધારે દ્રઢ થતું હોય તેમ જોઇ શકાતું નથી; આમ હોવાનું મુખ્ય કારણ એવું જોઇ શકાય છે કે શહેરના વસવાટને લઇને સહુકોઇ પોતપોતીકા ધંધાની રોજી ઉપર હોવાથી છોકરો ૧૮–૨૦ વર્ષની ઉમ્મરનો થતાં તેને પોતાના ધંધા તરફ વાળી લેવામાં આવે છે. કેળવણી મેળવવાના સંબંધમાં લોકવલણ મુખ્યભાગે એવું ઘડાયેલું હોય છે કે-જેઓને નોકરી મેળવવાની હોય તેઓજ વધારે ભણે. આ સ્વાભાવિક વલણે ધંધા ઉપર રહેનારા માણસોનું દષ્ટિબિન્દુ ઉચ્ચ કેળવણી મેળવવા માટે વિશેષ આકર્ષાતું નથી કે જે પૈકીનો મોટો ભાગ ભાગ્યેજ કૉલેજમાં જવા પુરતી કેળવણી મેળવી શકતો હોય. તન્ન અમદાવાદ માટે સ્થિતિ ઉપર મુજબની હોવાનું હું અનુભવું છું.


જ્ઞાતિની બોર્ડીંગ—કેળવણી મેળવવા માટે બહારના ભણનારાઓને જમવા અને રહેવાના સાધન તરીકે અહીંઆં જ્ઞાતિના થોડાક ઉત્સાહી બંધુઓના પ્રયાસથી થોડોક સમય થયો. સ્વ. ચીમનલાલ કપુરચંદ દેસાઇ તરફથી ગંગાસ્વ. રૂક્ષ્માણી બહેનની પૈસાના સંબંધમાં મળેલી સારી મદદથી "સ્વ. ચીમનલાલ કપુરચંદ ખડાયતા બોર્ડીંગ." ના નામે એક બોર્ડીંગ હાઉસ ખોલવામાં આવેલું છે કે જે ગામડાઓમાંથી અત્રે અભ્યાસ અર્થે આવનારા વિદ્યાર્થીઓને રહેવા કરવાને અનુકુળ સાધન થઇ પડયું છે.

મહેમદાવાદ—આપણી જ્ઞાતિની વસ્તીનાં ઘણાં ખરાં ગામોના મુકાબલે અહીંનું કેળવાયલાઓનું પ્રમાણ સારૂ નીકળી શકે તેમ છે, કે જેને કેળવણી તરફ અભિરૂચી હોવાનુંજ કારણ લઇએ. સ્કુલના સાધન તરીકે અંગ્રેજી પાંચમા ધોરણ સુધી શીખવાની અહીંઆં સગવડ છે. કન્યા· શાળા પણ છે અને તેનો લાભ બાળાઓ સારા પ્રમાણમાં લે છે. સ્ત્રી કેળવણી તરફ અહીંઆં અભિરૂચી સારી વધેલી જોઇ શકાય છે. સ્ત્રીઓ માટે વાંચનની સગવડ અર્થે સરક્યુલેટીંગ લાઇબ્રેરી પણ અહીંયાં છે.

વિદ્યોત્તેજક ફંડ—નડીઆદની પહેલી ખડાયતા કોન્ફરન્સ પછીથી અહીંયાં મહેમદાવાદ વિદ્યોત્તેજક ફંડના નામે થોડાક ઉત્સાહી બંધુઓ તરફથી ફંડ સ્થાપવામાં આવેલું છે જેના ફંડમાંથી વિદ્યાર્થીઓને ફી તથા પુસ્તકો આપવામાં આવે છે, પણ ફંડની સ્થિતિ સારી નહીં હોવાનું જણાયું છે.

ખેડા—તળ ખેડામાં હાઇ સ્કુલ સુધી અભ્યાસ કરવાની સગવડ હોઇ હાલમાં કેળવણી લેનારાઓની સંખ્યા સારી હોવાનું જોઇ શકાય છે. હાલમાં લગભગ ૧૦ થી ૧૫ છોકરાઓ હાઇસ્કુલમાં તેમજ ૪–૫ જણાઓ કૉલેજમાં હોવાનું જણાય છે. અંગ્રેજી પ્રાથમિક શિક્ષણ લેનારાઓ માટે અહીંઆ સારી સગવડ છે. અહીંયાં કન્યાશાળા પણ છે અને તેનો લાભ બાળાઓ સારી સંખ્યામાં લે છે.

કેળવણી ફંડ—અહીંયાં નાતનું કેળવણી ફંડ છે. જેને લઇને પ્રાથમિક અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને મુશ્કેલી નડતી નથી. હમોને મળેલી વીગત પ્રમાણે આ ફંડને રા. હરિલાલ પારેખ તરફથી મદદનો ઘણોજ સારો ટેકો મળે છે અને સંવત ૧૯૭૨ ના વર્ષથી તો તેઓએ આ ફંડને પોતાની મદદનો સારો હાથ લંબાવ્યો છે, અને તે એ રીતે કે, ફંડમાં થતા કુલ ખરચની અરધ જેટલી રકમ તો તેઓ એકલાજ આ ફંડને પાર પાડે છે. આ



રા. મગનલાલ ચિમનલાલ દેશાઇ
સભાસદ "શ્રી ખડાયતા સમાજ મુંબઇ."
સ્વ. ત્રીકમલાલના કનિષ્ટ બન્ધુ.
[સ્વ. ચીમનલાલ કપુરચંદ ખડાયતા વિદ્યાર્થીગૃહના આશ્રયદાતા, કે
જેઓએ સ્વ. ત્રીકમલાલના અવસાનથી જ્ઞાતિહીતની દ્રષ્ટિએ
તેઓના કરતાં, પોતાનું કાળ ઇચ્છયું હતું]

ખડાયતા જ્ઞાતિના પ્રાણરૂપ એક મહાન વ્યક્તિ.



સ્વ. ત્રીકમલાલ રણછોડલાલ દેશાઇ

"ખડાયતા સમાજ, મુંબઈના આદ્ય નેતા."

[કે જેઓના શુભ પ્રયાસ અને ઉત્સાહથીજ જ્ઞાતિ નવચેતનમાં મુકાઈ છે.]

જન્મ, સંવત ૧૯૩૫ આસો વદી ૧૩ (ધનતેરસ)

વૈકુંઠવાસ, સંવત ૧૯૭૪ માહા વદી ૪ (મહાશીવરાત્રી)

કેળવણી ફંડને અહીંના રા. મણીલાલ વરજીવનદાસ પરીખની પણ મદદ સારી મળતી હોવાનું જાણ્યું છે તે ઉત્સાહી ગૃહસ્થ ગ્નાતિ હિતના વિષયોમાં સારો રસ લે છે.

માતર—આ બંધારણના બીજા ગામો કરતાં અહિંનું કેળવણીનું પ્રમાણ કંઇક ઉતરતું હોવાનું સમજી શકાય છે. છતાં સ્થિતિ છેક ઉતરતી તો નથીજ. અહિંઆ કેળવણીના ઉત્તેજનાર્થે એક ફંડ છે. પણ તે પ્રમાણમાં નાનું હોવાથી તે પ્રાથમિક અભ્યાસ કરનારાઓને માત્ર સ્કુલફીજ પાર પાડે છે. આ ફંડને વિશાળ બનાવવાની ખાસ જરૂર જણાય છે. અહિંના માટે કેળવણીનું પ્રમાણ ગુજરાતી ૭૫ થી ૮૦ ટકા અંગ્રેજી કેળવણી ૧૫ થી ૨૦ ટકા તથા સ્ત્રી કેળવણી તેટલીજ હોવાનું કહી શકાય. અહિંઆં પ્રાથમિક શિક્ષણ માટે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીની સ્કુલ છે.

બંધારણની કેળવણી સંબંધેની સામાન્ય સ્થિતિ—ઉપરની વિગતે બંધારણ સમસ્તની કેળવણી સંબંધેની સ્થિતિ મહેમદાવાદ, ખેડા અને અમદાવાદના સ્વ. રણછોડલાલ કપુરચંદના કુટુંબ તરફ નજર નાખતાં સારી જોઇ શકાય છે આમ હોવા છતાં મહેમદાવાદ તરફ નજર કરીએ તો શરૂથી અત્યાર સુધીમાં વધેલી કેળવણીના પ્રમાણમાં હાલની સ્થિતિ સારી નથી એટલે એકંદર વસ્તીની કેળવણી સબંધેની સ્થિતિ તપાસતાં હજુ પ્રમાણમાં તે ઘણી વધવી જોઇએ છે. આ બંધારણની આવા પ્રકારની સ્થિતિ ધ્યાનમાં રાખીને આ બંધારણ પ્રત્યે પોતાની અમુલ્ય સેવા અર્પનાર ગૃહસ્થોની સેવાઓનું અત્રે કંઇક સ્મરણ કરાવવું યોગ્ય જણાયાથી તેવી થોડીક માહિતી નીચે આપું છું.

સ્વ. શ્રીકમલાલ દેસાઇ—ગ્નાતિહીત માટે છેલ્લાં કેટલાંક વર્ષોમાં તેના હિતના વિવિધ પ્રશ્નોમાં અથાગ પ્રયત્ન કરનાર સ્વ. શ્રીકમલાલ રણછોડલાલ દેસાઇનું નામ આ ગ્નાતિમાં યાવત્ જીવંતજ રહેશે. કે જેઓના ઉત્સાહથીજ "શ્રી ખડાયતા સમાજ" અને અથાગ પરિશ્રમે ગ્નાતિનું પત્ર, કેળવણીફંડ, ગ્નાતિની કોન્ફરન્સ, અને તેના અંગે અન્ય અનેક પ્રવૃત્તિઓ હયાતિમાં આવેલી છે. તેઓશ્રી કેળવણી અને ભાઇચારાને અંતઃપૂર્વક વિશેષ ચાહતા હતા. ગ્નાતિની ઉપર વર્ણવેલી જૂદી જૂદી પ્રવૃત્તિઓ જો કંઇ પણ ફળરૂપ નીવડી હોય તો તે તેના પરિણામ રૂપેજ ગણાય; એટલે જૂદી જૂદી ભૂમિકાના માણસોને મેળવી લઇને તેઓમાં ગ્નાતિભાવનાના યોગ્ય વિચારો પોષીને તેઓએ ભાઇચારારૂપે ગ્નાતિબળ વધારીને આ કાર્ય શરૂ કર્યું; અને પોતાના મરણની

છેલ્લી ઘડી સુધી તેમાં જીવ રાખીને ફરજપુરતું કર્યું. જ્ઞાતિના કેળવણીફંડ માટેની તેઓની આશા ઘણી વિશાળ હતી અને જ્ઞાતિના ભાગ્યે તેઓ જીવતા હોત તો આ ફંડ અત્યાર આગમચ ઘણું ખીલી નીકળ્યું હોત. સિવાય જ્ઞાતિની અન્ય પ્રવૃત્તિઓ અત્યારે મરણુ શરણુ થઇ પડી છે તે હાલની સ્થિતિ જેવી તો નહીંજ રહી હોત. ગઇ ઉપર પ્રલાપ કરવો નકામોજ છે.

સ્વ. ત્રીકમલાલના સંબંધમાં તેઓની જ્ઞાતિ પ્રત્યેની સેવાઓની થોડીક વિગત જણાવીને, આર્થિક દૃષ્ટિએ તેઓની સેવાઓનો વિચાર કરીએ તો તેઓએ આ કોમની સેવા નિમિત્તે જે ભોગ આપ્યો છે તે જેવો તેવો તો નથીજ. મને યાદ છે તે રીતે મારો મુંબાઇનો વસવાટ સં. ૧૯૬૧ ના વર્ષથી શરૂ થયો ત્યારથીજ હું તેઓના પરિચયમાં હતો. મુંબઇમાં તેઓ મારી આગમચ ત્રણેક વર્ષ પહેલાંજ વસ્યાની મને યાદ છે; અને જ્યારથી તેઓ અહિંઆં ધંધા ઉપર આવી શકયા ત્યારથીજ પોતાના એકડાની સ્થિતિ વિચારીને માસિક રૂા. ૫૦ થી ૬૦ ની રકમ સ્કોલરશીપ, સ્કુલફી, અને પુસ્તકોની મદદમાં આપતા હતા. લગભગ આ ક્રમ મને યાદ છે તે રીતે તેઓએ પંદરેક વર્ષ જાળવ્યો હશે ખરો. આ સિવાય જૂદા જૂદા પ્રસંગોમાં ખાનગી મદદ કરતા તેતો જૂદીજ. પોતે ધંધા ઉપર આવવા પછીથીજ એટલે શરૂનાજ ધંધાથી આવી જાતની આદાર્યતા બતલાવવાનો સારો દાખલો કંઇ જેવો તેવો તો નાજ ગણાય. છેવટે જ્ઞાતિ અને કેળવણી પ્રત્યેના તેમના વિશેષ ચાહની યાદ આપણે ભૂલી શકીએ નહીં તેવું સારૂ સ્મરણ તેઓશ્રી મુકતા ગયા છે. એટલે તેઓએ જ્ઞાતિની કેળવણીના આ કાર્યમાં રૂા. દશહજારની એક રકમ જ્ઞાતિના કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓમાં જેઓને મદદની જરૂર હોય તેવાને સ્કોલરશીપો આપવા માટે કહાડેલી છે, કે જે રકમના વ્યાજમાંથી તેઓના ચિ. ભાઇ સુંદરલાલ અને મહુંમના વહાલા ભાઇ સોમભાઈ 'રા. મગનલાલ ચીમનલાલ દેસાઇ' પરસનલ દિવાન સાહેબ છોટાઉદેપુર સ્ટેટ. એ બન્ને મળીને સ્કોલરશીપ માટેની આવેલી અરજીઓ તપાસીને યોગ્ય હોય તેને આપે છે. આ રીતે આ બંધારણમાં અને જ્ઞાતિમાં સ્વ. ત્રીકમલાલનું નામ તેઓની કોમ પ્રત્યેની ઉંડી શુભ લાગણીના સ્મારક તરિકે કાયમ છે અને તે જીવંત રહેશેજ.

ગં. સ્વ. રૂક્ષ્મણી બ્હેન ચીમનલાલ દેસાઈ—જ્ઞાતિની બોર્ડિંગના સંબંધમાં પાછળ થોડોક ઉલ્લેખ કર્યો છે. સ્વ. ચીમનલાલ વકીલ અને સ્વ. રણછોડલાલ મુનસફના નામો અમદાવાદની નજીકના હમારા



ગંગા સ્વ. રૂક્ષમણિ બહેન, ચીમનલાલ, કપુરચંદ દેસાઇ.

[અમદાવાદની સ્વ. ચીમનલાલ કપુરચંદ, ખડાયતા બોડીંગનાં આશ્રયદાતા



રા. સોમાભાઈ મંગલદાસ શાહ

" જ્ઞાતિશેવામાં તન, મન, ધનનો વ્યય કરનાર, ગૃહસ્થ "

A. 3148—Lakshmi Art, Bombay, 8

ગામડાઓના માણસોને હજુ યાદ છે. આ સુખી કુટુંબે આપણી સમગ્ર જ્ઞાતિને વિદ્યાના દાને, પરોક્ષ અને અપરોક્ષ મદદે, સ્નેહસબંધ સાચવીને અન્યને પોતાના ગણી લેવામાં, કૌટુંબિકભાવના સિદ્ધ કરવામાં જીગર ખોલીને હિતાવહ વાતો કરવામાં, કૌટુંબીકભાવના વધારીને તેને દૃઢ કરીને સમાજ અને અન્ય ઘણા માણસોને એકત્ર કરીને જ્ઞાતિહિતનાં જૂદાં જૂદાં કામો કરવામાં પોતાનો જે યોગ્યફાળો આપ્યો છે તે આ કુટુંબને જાણનારા કે પરિચયમાં આવનારા ભૂલી શકે તેમ નથી. ગં. સ્વ. રૂક્ષમણીબહેન તે સ્વ. ચીમનલાલ વકીલનાં ધર્મપત્નિ હોઈ સ્વ. ચીમનલાલ બીન સંતાને ગુજરવાથી રા. ભાઈ સોમભાઈ તેઓના દત્તકપુત્ર છે જ્યારે સ્વ. રણછોડલાલ કપુરચંદના ચિ. માં આપણા. સ્વ. ત્રીકમભાઈ રા. સોમભાઈ રા. મોહનભાઈ અને મુંબઈમાં રહેતા ગમે તેનું પણ કામ કરી છુટનારા રા. કેશવભાઈ છે. અને તેઓનું કુટુંબ અત્યારે પ્રભુની દયા નીચે સુખી કુટુંબ ગણાય છે. એ રીતે આ વિગત જોડે ગં. સ્વ. રૂક્ષમણી બહેનની યાદ હું એટલાજ પુરતી અહીંઆં આપું છું કે—જ્ઞાતિની અમદાવાદની ખડાયતા બોર્ડીંગ કે, જે સ્વ. ચીમનલાલ કપુરચંદના નામે બંધાઈ ખુલ્લી મૂકાઈ છે તેમાં રૂક્ષમણી બહેને રૂ. સતરહજાર જેટલી મોટી રકમ ભેટ કરી છે. આ રીતે પણ સ્વ. ત્રીકમલાલના કુટુંબની આ સેવા ઓછી યાદગારતો નહીંજ રહે. આ શિવાય અમદાવાદની આ બોર્ડિંગમાં જ્ઞાતિના જેઓ નીરાધાર હોય તેઓને રાખવાની પણ થોડાક ગૃહસ્થો તરફથી ગોઠવણ કરેલી જણાય છે. જેમાં રૂક્ષમણીબહેન તરફથી પાંચ છોકરાઓને રાખવામાં આવે છે અને તેનું સઘળું ખર્ચ તેઓજ આપે છે. આ ઉમદા સખાવતનું કોઈ દૃષ્ટાન્ત લે તો કેવું સારૂં ?

સ્ત્રી કેળવણીને મદદ—બંધારણમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ બીજા એકડાઓ કરતાં સારૂ છે છતાંએ તેના ઉત્તેજનાર્થે રા. હરિલાલ નાથાભાઈ પારેખનાં સૌ. ધર્મપત્નિ ધનલક્ષ્મીબહેને આ બંધારણ માટે રૂા. બેહજારની એક જૂદી રકમ કહાડેલી છે જેનો હાલમાં તેઓ પોતે વહીવટ કરે છે.

(૧૦) સાહિત્ય—અમદાવાદ અત્રે સાર્વજનિક લાઈબ્રેરીઓ પુષ્કળ છે. જ્ઞાતિની પણ એક લાઈબ્રેરી શેઠ મણીલાલ રણછોડદાસ તરફની છે. વળી અહિંઆં કેટલાક સમયથી "શ્રીદશા ખડાયતા શુભેચ્છક સભા" નામની સંસ્થા થોડાક ઉત્સાહી બંધુઓએ સંવત ૧૯૬૭ ના વર્ષમાં સ્થાપી છે. જેણે શરૂઆતનાં થોડાંક વરસો સુધી તો ઘણું સારૂ કામ કર્યું એટલે

વિદ્યાર્થીઓ દર અઠવાડીએ એકઠા મળતા તેઓ જૂદા જૂદા વિષયો લઇને તે ઉપર વિવેચન કરતા. આ ઉપરાંત મંડળે એક લાઇબ્રેરી પણ કરી હતી અને તે માંહેનાં પુસ્તકો સરક્યુલેટિંગ લાઇબ્રેરીની યોજનાએ વંચાય તેવી ગોઠવણ પણ કરી હતી; છતાં જણાવવું ખેદ ભરેલું છે કે આ સંસ્થા કાર્ય કરનાર ઉત્સાહીઓની મંદતાને લઇને હાલ સુષુપ્તાવસ્થા ભોગવે છે.

બંધારણમાં સાહિત્યની દષ્ટિએ રા. પારેખ, અને બીજા થોડાક કેળવાયેલા લખી શકે તેમ છે. પણ આપણો કેળવાયેલાઓ વર્ગ ધંધામાં પડવા પછીથી ભાગ્યેજ સાહિત્યના આવા ઉપયોગી વિષયમાં મન રાખી શકતો હોય, આ બંધારણ માંહે સામાજીક વિષયોમાં પણ ઘણા લખી શકે તેવા હોવા છતાં મારે ખુલાસો જણાવવા માટે તો લખવાને એવાજ સાર ઉપર આવવું પડેલું છે કે,—સાહિત્ય, જ્ઞાતિના અને અન્ય તેવા બીજા સામાજીક વિષયોમાં રસ લઇ લખી શકે તેવા ગૃહસ્થો હોવા છતાં આ વિષય તરફ તેવાઓ પૈસા કમાવાના વિશેષ લોભમાં રહ્યાથી બેદરકાર જણાય છે.

ખેડા—સાર્વજનિક લાઇબ્રેરી છે અને તેનો લાભ જ્ઞાતિજનો સારી સંખ્યામાં લેછે.

માતર—સાહિત્યની દષ્ટિએ લેખકો કોઇ હોય તેમ જણાતું નથી. પણ ખેડા, અને માતરના નવા કૉલેજીઅનોમાંથી કોઇ આ વિષય તરફ પ્રેમ ધરાવતા હોય તેવાઓ આ વિષય તરફ આકર્ષાશે તો તેવાઓ હસ્તકે કોમની સારી સેવા થઇ શકશે. અહિંઆ લાઇબ્રેરી નથી. સકર્યુલેટિંગ લાઇબ્રેરીની યોજના નિમિત્તે પણ વાંચનનો વધારો થવાની આવશ્યકતા જણાઇ આવે છે. જાણમાં મુકાયા પ્રમાણે માતરના મર્હુમ માણેકલાલ મોતીલાલ દેસાઇ સારૂ લખી શકતા હતા. તેઓએ "તત્વજ્ઞાન" ઉપર સાહિત્ય લખેલું છે, કે જે છપાયેલું નહીં હોવાથી બહાર આવેલું નથી.

મહેમદાવાદ—અહિંઆં દશા ખડાયતા લાઇબ્રેરીના નામે એક લાઇબ્રેરી થોડાક જ્ઞાતિના ઉત્તસાહી ગૃહસ્થોની મદદથી હાલમાં શરૂ કરવામાં આવેલી છે. જેમાં રા. બાલુભાઇ અને રા. માણેકલાલ દેશાઇ વિગેરેએ સારી મદદ કરી છે વાંચનનો શોખ ધીરે ધીરે પણ ઠીક વધતો જાય છે. અહિઆં સ્ત્રીઓ માટે સરકયુલેટીંગ લાઇબ્રેરી પણ છે; અને તેનો લાભ જ્ઞાતિની બહેનો સારી સંખ્યામાં લેછે.

(૧૧) આર્થિક—અમદાવાદ આર્થિક સ્થિતિ સારી હોવાનું કહી શકાય. વસ્તીનો મુખ્ય ભાગ શહેરમાં વસ્તો હોવાથી અને ધંધા માટે

જૂદાં જૂદાં સાધનો હોવાથી અને ઘણો મોટો ભાગ મૂળથી પણ સ્થાઇ ધંધા ઉપર હોવાથી સ્થિતિ સારી હોવાનું કહી શકાશે એટલે ઘણાં કુટુંબો અત્રે સારી સ્થિતિમાં છે. જે માંહે મુખ્યત્વે કરીને અત્રેના સ્થાઈ વતની પણ નડીઆદના બંધારણ માંહેના શેઠ ચીમનલાલ ગીરધરલાલ અમૃતલાલ માસ્તર, તે ધી આસ્ટોડીઆ મીલના એજન્ટ, ઘણી સુખી સ્થિતિમાં છે; અને હમોને જે રીતે શેઠ ચીમનલાલભાઇનો પરિચય છે તે રીતે જ્ઞાતિ હિતના જૂદા જૂદા પ્રશ્નોમાં તેઓ ઘણું સારૂ હિત ધરાવે છે. અને જ્ઞાતિ પ્રત્યેનો તેઓનો ચાહ એટલો તો ઉંડો છે કે પોતાની મીલમાં બને છે તે રીતે કોમના માણસોને ઠેકાણે પાડવામાં તેઓ સારી લાગણી ધરાવે છે. ખરેખર કોમના સુખી ગૃહસ્થો કોમના માણસોને પોતાના કામોમાં અથવા તો લાગવગ નીચે પણ ઠેકાણે પાડવાનું મનમાં લેતો કોમની તેઓના હાથે ઘણીજ ઉંચી સેવા થઇ શક્યાનું કહેવાય; અને આ રીતે જો કોમના સાધારણ વર્ગને ઉંચકી લેવામાં આવે તો શેઠ મંગળદાસ ગીરધરદાસની મચકણીઆ કોમનું ઉંચુ દ્રષ્ટાન્ત આપણી નજર આગળ ઉભું છે તેવું ઉંચું દ્રષ્ટાન્ત આ કોમનો ભવિષ્યનો ઇતિહાસ લખનારની આગળ આપણે મૂકી શકીએ: એટલે આ રીતે કોમની કરેલી સેવા માટે સેવા સમર્પનારના આત્માને અહિંઆં અને પ્રભુની હજૂરમાં જરૂર શાન્તિ મળ્યા વગર તો રહે નહીંજ હું રા. ચીમનભાઇની દરેક ચઢતી ઇચ્છું છું કે જેઓ પોતાની આ કોમ પ્રત્યેની ફરજો પાર પાડવામાં સમર્થ નિવડે અને હું શ્રી હરિ પ્રત્યે એજ પ્રાર્થું છું કે તેઓને તેમ કરવાનું ઐશ્વર્ય પ્રાપ્ત થાઓ.

આ સિવાય અમદાવાદમાં સ્વ. રણછોડલાલ કપુરચંદનું કુટુંબ રા. ત્રીકમલાલ રણછોડલાલ દેસાઇ, હાલ ભાઇ સુંદરલાલ, રા. સોમાભાઇ તે રા. મગનલાલ ચીમનલાલ દેસાઇ પરસનલ દિવાન છોટાઉદેપુર સ્ટેટ. રા. મોહનભાઇ, રા. કેશવભાઇ, રા. માણેકલાલ મોતીલાલ પરીખ, શેઠ કેશવલાલ હરિભાઇ, શા. ચંદુલાલ કેશવલાલ અમીચંદ વિગેરે આ બંધારણ પૈકીના ગૃહસ્થો અને, શેઠ માણેકલાલ મણીલાલ રણછોડદાસ એકત્રીશ ગામના બંધારણમાં, શેઠ ચીમનલાલ ચુનીલાલ તારાચંદ દલાલ નડિઆદના એકડામાં અને રા. સોમાભાઇ મંગળદાસ ગુજરાતી પંચના માલીક, શા. નંદલાલ કેશવલાલ, રા. અંબાલાલ રવચંદ, ચોકસી મણીલાલ શામળદાસ મોડાસાના બંધારણમાં એ સઘળાઓ આર્થિક સ્થિતિમાં સારા છે. સામાન્ય વિભાગ પણ સહુ કોઈ ધંધા ઉપર છે ગરીબાઇ હોવાનું વિશેષ કંઇ જોઇ શકાતું નથી.

મહેમદાવાદ—રા. બાલુભાઇ રા. માણેકલાલ રા. જમનાદાસ દેસાઈ અને રા. અચરતલાલ કોઠારી વિગેરે અહિંઆં આર્થિક દ્રષ્ટિએ સારી સ્થિતિમાં છે રા- બાલુભાઇની મુંબઇની પોલીસ કોર્ટની ધીકતી પ્રેકટીસ છે અને તેઓ પોલીસ કોર્ટ માટે એક ચુનંદા ધારાશાસ્ત્રી ગણાતા હોઇ તેઓનું નામ મુંબઇમાં અત્યારે જાણીતુંજ થઇ પડયું છે. રા. જમનાદાસ દેસાઈ પણ ગવરમેન્ટ નોકરીમાં એનજીનિયરીંગ ડીપાર્ટમેન્ટમાં અત્યારે સારા હોદ્દા ઉપર છે. રા. માણેકલાલ દેસાઇનું નામ પણ અત્યારે કેલેન્ડરો બનાવનારાઓ તરિકે મુંબાઇમાં જાણીતું છે. રા. અચરતલાલની મહેમદાવાદમાં સૉ મીલ છે તેઓ રેલવે અને પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટનાં ગવર્મેન્ટ ડીપાર્ટમેન્ટોમાં પોતાની આ લાઇનમાં માલ સપ્લાય કરનારા અને કોન્ટ્રાકટરો તરિકે ઘણું સારૂં કામ કરે છે. આ સિવાય મહેમદાવાદ માટે જ્ઞાતિજનોની સ્થિતિ સામાન્ય હોવાનુંજ કહી શકાશે. આવા સાધારણ સ્થિતિવાળાઓને સ્થિતિ સારી હોય તેવાઓ આગળ લાવવામાં મદદ કરે તો સ્થિતિ હાલ કરતાં સુધરી શકે ખરી.

માતર—અહિંના ગૃહસ્થોની આર્થિક સ્થિતિ હાલ કરતાં પહેલાં સારી હતી; જેઓનો મુખ્ય વેપાર લોકો સાથેની ધીરધારનો અને જમીનની ઉપજનો હતો. છેલ્લા થોડાંક વર્ષો નીપજમાં સાધારણ જવાથી અને ગામડાંઓ સાથેની ધીરધારના વ્યાપારમાં કસ નહીં રહેવાથી અત્યારે સ્થિતિમાં ફેરફાર થયાનું જોઇ શકાય છે. તો પણ વસ્તિનો મોટો ભાગ સાહસીક છે જેઓ હાલમાં જુદી જુદી જગોએ નોકરી ઉપર અને અન્ય વ્યાપાર તરફ પણ દોરવાય છે. અહીંની આર્થીક સ્થિતિ વધારે સારી થઇ પડવામાં બંધારણના જેઓ સાહસીક જણાતા હોય તેવાઓને મદદ આપીને આગળ વધારવા જોઇએ છે. અહિંના થોડાક બંધુઓ સાહસીક વૃત્તિના હોવાનું જણાયું છે.

ખેડા—આર્થીક સ્થિતિમાં ખેડા ઠીક હોવાનું કહી શકાશે. રા. હરીલાલ પારેખ પણ અહીંનાજ વતની છે. તેઓ કોમમાં સુખી અને સાધન સંપન્ન ગૃહસ્થોની કોટીમાં હોવાનું ભાગ્યેજ જણાવવું પડે, તેઓના સંબંધમાં અન્યત્ર લખાયેલું પણ છે. કોન્ફરન્સના પ્રસંગોમાં અને બીજે જ્યાં જ્યાં પ્રસંગ પ્રાપ્ત થયો હશે ત્યાં ત્યાં તેઓ પોતાના પૈસાનો સદ્વ્યય થવાની શુભ લાગણીએજ જાહેર કરવામાં આવતી સખાવતો ઉપરથી પણ તેઓની ઓળખ કોમ કરી રહી

છે. ઉપરાંત પોલીસ કોર્ટ અને અન્ય મોટા કેસોમાં ધારાશાસ્ત્રી તરિકે તો અમદાવાદમાં અને તેની આજુબાજુનાં સઘળાં નાનાં મોટાં સ્ટેટોમાં તેઓનું નામ જાણીતુંજ થઇ પડયું છે. એ રીતે આર્થિક સ્થિતિ સારી હોવા તરીકે રા. પારેખ આ કોમના એક સાચા ગણાતા આશાવાદી કહી શકાય. સિવાય રા. વ્રજભૂખણદાસ દામોદરદાસ તથા રા. મોહનલાલ દામોદરદાસ ખેડામાં સારી સ્થિતિમાં છે જેઓનું ખેડામાં કપાસ પીલવાનું એક જીન પણ છે. એકંદરે ખેડા આર્થિક સ્થિતિમાં સારૂ છે કે જેને આ બંધારણ માટે અમદાવાદની બીજી પંક્તિમાં મૂકીશું તો ચાલી શકશે.

એકંદર સ્થિતિ—આર્થિક દ્રષ્ટિએ બંધારણની એકંદર સ્થિતિ ઠીકઠાક હોવાનું કહી શકીશું કે જેને આ જ્ઞાતિનો અમુક ભાગ પાછળ હોવાનું જણાય છે તે સ્થિતિ ધ્યાનમાં રાખીને લખીએ તો સ્થિતિ ઘણી સારી હોવાનું નાજ કહી શકીએ.

(૧૨) ×**રાજકિયઃ રા. હરિલાલ પારેખ**—ખેડાના વતની અને અમદાવાદના વકીલોમાં જાણીતા અને પ્રતિષ્ઠિત રા. હરિલાલ નાથાભાઇ પારેખ સેવાના માર્ગમાં વધારે કૂચ કરતા આવતા હોવાની આશા વધતી આવે છે. આ સંબંધે વચમાં તો મેં સાંભળ્યું હતું કે–તેઓશ્રી પોતાની ધીકતી વકીલાત મૂકીને મહાત્મા ગાંધાજીના સિદ્ધાન્તાનુસાર દેશને પોતાની સેવા સોંપવાના વિચાર ઉપર આવ્યા હતા. આ નગ્ન સત્ય વિશેષ સાચું નહીં નીવડવા બદલ કોમના હિતની દ્રષ્ટિએ મારી લાગણી હર્ષ, કે શોક કરતી નથી. છતાં હું જે લાગણી રજૂ કરૂં છું તે એજ છે કે આ કોમને અત્યારે એવા એક લાયક સુકાનીની જરૂર છે કે જે અત્યારે વધારે પૈસાનો ભોગ આપ્યા વગર વધારે વખતનો ભોગ આપી શકે. સેવાના માર્ગમાં તેની ખરી કિંમત હું જેટલી આ માર્ગ તરફ પ્રયાણ કરતી વિચાર સંકલનાની અને સ્વાત્મર્પણની આંકી શકું છું તે કરતાં પૈસાની કિંમત વિશેષ આંકતો નથી હું તો તેને ક્ષુલક ગણીને બીજી કોટીમાંજ મુકું છું. ભલે પછી લોકો જેને જે સુજે તે ખરૂં માને. મારા વિચારે સેવાના આ ખરા માર્ગમાં પ્રાણને અર્પવાનો સવાલ છે કે જેમાં યાહોમ ઝુકાવ્યાજ જવાય છે. સોનાને તાપ અડેજ તે જેમ શુદ્ધ કંચન બને છે તેમ ઇંદ્રિયદમનરૂપે તાપ અડેથીજ સેવાનો આ માર્ગ શુદ્ધ થઇ શકે છે. હૃદય આગળ વધતા માર્ગોમાં ત્યારેજ પ્રયટન કરતું થાય છે.

× રાજકિય પ્રશ્નના હેડીંગ નીચે ઠેક ઠેકાણે દ્રષ્ટિ બે વિભાગોમાંજ વહેંચાઇને વિગતો રજુ કરવાનુંજ કાર્ય આ વાંચનવિભાગમાં પાર પાડેલું છે. આ સંબંધે કેટલોક વિશેષ ખુલાસો છેવટના જનરલ વિભાગમાંજ કરીશ.

અને ભાવ ત્યારેજ સ્થિત થઇ શકતાં તે ટકી શકે છે. એટલે વૃત્તિઓ ચંચલ નહીં રહેતાં સ્થિર બને છે; ત્યારે યાહોમ ઝુકાવ્યાનું—આ માર્ગમાં પડવા પછીથીજ તેનું ખરૂં ધ્યેય સમજવામાં આવે છે. મન અને તન કાર્યસાધક બને છે, તેને વળગીને કામ કરવાની લાગણી સતેજ અને દ્રઢ થાય છે. સેવા ભાવનાનું આ ખરૂં રહસ્ય છે. અને તે શરીરની સેવાથીજ વિશેષ પાર પડી શકે છે. તેવો હું મત ધરાવું છું. જ્યારે પૈસા આપી છૂટનારાની વૃત્તિ શુદ્ધ સેવાભાવને સાચવી શકતી નથી તે પૈસા આપી છૂટે છે તો જૂદી જૂદી અનેક દ્રષ્ટિએજ આપે છે. ઘણી વખતે તો આવા પૈસા આપનારા તામસી વૃત્તિને આધિન થઇને પણ આપતા હોવાનું જોવામાં આવે છે. ધ્યેય ખસી જાય છે. ગળે ફાંસો આવ્યા નિમિતે કે બીજી રીતે પૈસા આપી છુટયા એટલે "ઇતીશ્રી." આટલું હોવા છતાંએ દમડી દમડી કરીને મેળવેલા પૈસાનો ભોગ આપવાનું કાર્ય આ માયિક દુનિયામાં ઉતારી પાડવા જેવું તો નથીજ. ગળે ફાંસો આવેલો કહાડી નાંખવો પડે તેમ પૈસા કહાડી આપવા પડે તે વાતને મૂકી દઇએ તો જેઓ સ્વયંમ વિચારે લાગણીપૂર્વક પૈસાનો ભોગ આપે તે સારૂ તો ગણાયજ; એટલે આ રીતે પૈસાનો માહ છૂટે તે એક ઉંચ્ચ સંયમજ ગણાય. આ સંયમની માર્ગપ્રતિજ્ઞા કરે રહેવાથીજ સેવાના સાચા અને શુદ્ધ માર્ગે વળી શકાય છે. રા. પારેખને આ દિશામાં પણ હૃદયના શુદ્ધ ભાવપૂર્વક કૃચ કરતા જોવાથીજ આટલો ઉલ્લેખ કરવો પડેલો છે. આથી કદાચ આવું કરવામાં તેઓશ્રી તરફનું મારૂં આ દિશામાં વધેલું માન પણ પક્ષપાત કરતું હોય. પણ તેઓના સંબંધમાં મને જે જાણવાને મળ્યું છે તે સત્ય બીના એટલી તો માર્ગદર્શક દેખાય છે કે આ સંબંધમાં જેટલી હૃદયની લાગણી બહાર પાડી શકાય તેટલી થોડીજ ગણાય. વિગત નીચેની થોડીક પંક્તિમાં પુરી કરૂં છું.

"થોડાક સમય પૂર્વેની રા. પારેખની માંદગીએ જ્ઞાતિને એવો પાઠ શિખવવાનો પ્રયત્ન કર્યો હતો કે—આ સૃષ્ટિ અમ્મર નથી, ક્ષણિક છે; અને જીવ માત્ર. સ્થાવર, જંગમ નિત્ય નથી. તો આ ચલિત લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની પણ નથી તે અમ્મર શાની હોય? લક્ષ્મીનો તો સદ્‌માર્ગે વાપરેજ છૂટકો. હાથે એજ સાથેની કહેવત તદ્દન ખોટી તો નહીજ હોય:—

ઉપરના સિદ્ધાન્તે રા. પારેખે એક ઉચ્ચ દ્રષ્ય કોમની આગળ મુકયું હતું કે—જેઓની અત્યારની મુડી ત્રણ ચાર લાખની ગણાય છે. (મારી રજૂ કરવામાં આવેલી વિગતવાળી વાત કંઇક વિશેષ જૂની તો નથીજ.)



રા. હરિલાલ નાથાભાઈ પારેખ

"પ્રમુખ શ્રી તૃતિય ખડાયતા પરિષદ્ ડાકોર."



શા. જમનાદાસ લલ્લુભાઈ, દેશાઈ

A. 3148—Lakshmi Art, Bombay, 8

એટલે આજનો વખત અને તે પ્રસંગના વખત વચ્ચે સમયનું ઘણું છેટું તો પડેલું નથી એટલે તે સમયે પણ તેઓ લક્ષાધિપતીની ગણત્રીમાં તો હતા. હિસાબની વિગતમાં ઉતરીએ તો વખતના ફેરફારનું પચીસ પચાસ હજારનું છેટું પડે તે વાત જૂદી ગણાય; પણ તે સ્થિતિમાં તેઓએ પોતાના વીલમાં જ્ઞાતિને પોતાની વહાલી ગણીને આ મીલકતની અરધ જેટલી રકમ જ્ઞાતિને સોંપવાનો વિચાર જાહેર કર્યો હતો."

જ્ઞાતિ પ્રત્યે આવું હાર્દિક સ્નેહ ધરાવનાર ગૃહસ્થની જીંદગી જ્ઞાતિના સદ્‌ભાગ્યેજ લાંબી થયાનો આ આનંદજનક પ્રસંગ જ્ઞાતિના ભવિષ્યનું ઉજ્વળ ચીન્હજ મનાય.

રા. પારેખનું નામ જ્ઞાતિમાંહે અને રાજક્યિ વિષયમાં આ રીતે આગળ મૂકી શકાશેજ. તેઓ ભલે હજુ વધારે પૈસા મેળવી રહીને સેવાના સાચા માર્ગ તરફ વળે પણ સંસ્કારો માર્ગદર્શક નીવડયાનું જોવા મળે તેને હું તો સદ્‌ભાગ્યજ ગણું છુ. મને સાથે સાથે કહેવાને વધારે આનંદ થાય છે કે રા. પારેખનાં સહચારિણી સૌ. ધનલક્ષ્મી બ્હેન સેવાના માર્ગ તરફ વળ્યાની ઉચ્ચકક્ષામાં મૂકાયેલાં ધર્મપ્રિય બ્હેન છે કે જેઓની સેવાઓ અત્યારે દેશની સેવામાં અધરી થઇ પડેલી દારૂના પીઠા ઉપરના પીકેટીંગ જેવા ઉચ્ચ માર્ગોમાં પણ જાણીતી થઇ પડેલી અનુભવાઇ છે. હું ઇશ્વર પ્રત્યે યાચી રહ્યો છું કે આ સંસ્કારી કુટુંબની મનોવાંચ્છનાઓ ફળરૂપ નીવડવા સાથે તેઓ સાચા માર્ગ તરફ પ્રયાણ કરતા જોઇ શકાય.

રાજક્યિ દ્રષ્ટિએ આ બંધારણના રા. મગનલાલ ચીમનલાલ દેસાઇ, "સ્વ. ત્રીકમલાલ દેસાઇના ભાઇ." હાલમાં છોટાઉદેપુર સ્ટેટના પરસનલ દિવાન સાહેબના સારા હોદ્દા ઉપર છે. રા. જમનાદાસ દેસાઇ પણ ગવર્મેન્ટ નોકરીમાં પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટમાં સારા હોદ્દા ઉપર છે.

આ સિવાય રાજક્યિ દ્રષ્ટિને લગતી અમદાવાદ શહેર માટેની વિગત પાછળ આવી જાય છે. મહેમદાવાદના રાજક્યિ જીવનમાં રા. અચરતલાલ મોહનલાલ કોઠારી થોડાક વર્ષ ઉપર ત્યાંની મ્યુનિસીપાલીટીમાં પ્રેસીડેન્ટ હતા. જેઓ કામકાજને લગતી ત્યાંની પરિસ્થિતી અનુકૂળ નહીં હોવાથી રાજીનામું આપીને નીકળી ગયા છે. ખેડામાં મ્યુનિસીપાલીટી છે જે માંહે રા. ચુનીલાલ વ્રજભાઇ પરી તથા રા. મણીલાલ વરજીવનદાસ પરીખ મેમ્બરો છે, આ સિવાય અત્રેના એક ઉત્સાહી ગૃહસ્થ રા. ભાઇલાલ નારણદાસ કોઠારી ગવરમેન્ટ નોકરીમાં હતા; જેઓની આમોદ. વાયા ભરૂચના

સ્ટેટમાં ત્યાંના દરબારશ્રીએ ઉછીની નોકરી માગી લેવાથી હાલ તેઓ ત્યાંના મુખ્ય કારભારી તરિકેનું કામ કરે છે. જેઓ ભાઈ ગ્નાતિ પ્રત્યે ઘણીજ સારી લાગણી ધરાવે છે. માતરમાં મ્યુનિસીપાલીટી નથી પણ ત્યાં સેનીટરી બોર્ડ છે. રા, એોચ્છવલાલ જીવણલાલ તેમાં મેમ્બર છે અને તેઓ તેમાં ઉત્સાહથી ભાગ લે છે.

સૂચનાઓ.

આ કોલમ નીચે પ્રત્યેક બંધારણમાં જણાઇ આવતી ખામીઓ સંબંધે કંઇને કંઇ વ્યવહારૂ સૂચનાઓ હમોએ કરેલી છે. પણ હમોને આ બંધારણ માટે જણાય છે કે બંધારણનો કેળવાયેલો અને આગેવાન ગણાતો વર્ગ રજૂ કરેલી વિગત ઉપરથી પોતાની ખરી સ્થિતિનું તારણ કહાડી શકે તેમ છે. આથી સૂચનાઓને લગતો આ વિભાગ " સૂચનાઓ જણાવવા માટેનો. " હમોએ અત્રે મૂકી દીધો છે.

આ બંધારણ માંહેના પ્રતિષ્ઠિત અને કેળવાયેલા ગૃહસ્થો.

અમદાવાદ.

શેઠ કેશવલાલ હરિભાઇ; ઠે. લાખાપટેલની પોળ.

રા. મગનલાલ ચીમનલાલ દેશાઈ બી. એ. એલએલ. બી. નાયબ દિવાન છોટાઉદેપુર સ્ટેટ.

શેઠ રણછોડલાલ કેશવલાલ હરિભાઇ. ડાઇંગનું કારખાનું.

રા. કેશવલાલ રણછોડલાલ દેસાઇ; બી. એ. આર, કાન્તીલાલની કું. ના નામે બુકસેલર મુંબાઇ.


રા. માણેકલાલ મોતીલાલ પારેખ; ઠે. કોઠારી પોળ.

રા. રતીલાલ કેશવલાલ આર. દેસાઈ. બી. એ. શેઠ અચરતલાલની સા મીલમાં હાલ મહેમદાવાદ

રા. મોહનલાલ રણછોડલાલ દેસાઇ હાલ મુંબાઈ

રા. ભાઇ સુંદરલાલ ત્રીકમલાલ રણછોડલાલ દેસાઇ " સી. બી. એ. કલાસમાં " તે કોઠારી દેશાઈની કું.ને નામે હાલમાં જર્મની સાથેની એક્સપોર્ટ ઇમ્પોર્ટની લાઇનના વેપારમાં અમદાવાદ.

રા. માણેકલાલ પ્રાણજીવનદાસ શાહ " ધી ગોલ્ડફીલ્ડ બટન મેન્યુફેકચરીંગ કું." ના નામે બટન અને લેધર ગુડ્સ, વીગેરેના વ્યાપારમાં અમદાવાદ, અને મુંબઇ (નડીઆદના એકડામાં)



શેઠ. ચીમનલાલ ગીરધરલાલ. અમદાવાદ

A. 3148—Lakshmi Art, Bombay 8



રા. માણેકલાલ પુરૂષોત્તમદાસ દેશાઇ

"સભાસદ શ્રી ખડાયતા સમાજ મુંબઈ."

રા. ત્રીકમલાલ નગીનદાસ. શેઠ ચીમનલાલ ગીરધરલાલ તરફથી ચાલતી રણછોડરાય ડીસ્પેન્સરીમાં ડૉક્ટર

રા. રતીલાલ નગીનદાસ વ્યાપારી નોકરી સીંગાપોર

રા. સોમાલાલ રણછોડલાલ બી. એ. વડોદરા રેસીડન્ટની ઓફીસમાં

રા. ચીમનલાલ મોહનલાલ શીરસ્તેદાર એડીશનલ ફ. ક. સબજજ કોર્ટ અમદાવાદ.

રા. પુરૂષોતમદાસ મોહનલાલ શેઠ. કમરશીયલ મીલમાં સેલ્સમેન.

રા. મોહલાલ અમરતલાલ દેસાઇ, નીસાની ખડકી રીચીરોડ. ગવરમેન્ટ સર્ટીફાઇડ ઓડીટર (નડીઆદનો એકડો)

ખેડા.

રા. હરીલાલ નાથાભાઇ પારેખ બી. એ. એલએલ. બી. વકીલ અમદાવાદ

રા. ચીમનલાલ ચુનીલાલ પારેખ બી. એ. એલએલ. બી. વકીલ અમદાવાદ

રા. મણીલાલ મુળજીભાઇ પરીખ એમ. બી. બી. એસ. ડૉક્ટર રીચીરોડ; અમદાવાદ

રા. ભાઇલાલભાઇ નારણદાસ કોઠારી કારભારી આમોદ સ્ટેટ

રા. માણેકલાલ રણછોડદાસ ચોકસી મેસર્સ માણેકલાલ મગનલાલની કું. કેલેન્ડરના વ્યાપારમાં ભાગીદાર; મુંબઇ

રા. મુળજીભાઇ છગનલાલ શાહ એકાઉન્ટન્ટ અમદાવાદ

રા. હીરાલાલ કેશવલાલ શાહ માસ્તર; કરમસદ

રા. પુરસોતમ સાકરલાલ ચીટનીસ, ગોધરા

મહેમદાવાદ.

રા. અચરતલાલ મોહનલાલ કોઠારી કોન્ટ્રાકટર અને સૅા મીલ

રા. માણેકલાલ પુરૂષોતમદાસ દેસાઇ, મેસર્સ માણેકલાલ મગનલાલની કું. નામે કેલેન્ડર બનાવવાનો વ્યાપાર, હોમજી સ્ટ્રીટ, કોટ–મુંબઇ

રા. જમનાદાસ લલ્લુભાઇ દેસાઇ, એલ. સી. ઇ. સબ ડીવીઝનલ ઓફીસર, પ. વ. ડી. સુરત અને ભરૂચ ડીસ્ટ્રીકટ મુ. અંકલેશ્વર

રા. છોટાલાલ પુરૂષોતમદાસ દેસાઇ બી. એ. એલ.એલ. બી. ક્રીમીનલ કેસોમાં પ્રેક્ટીસ મુંબાઇ

રા. મોતીલાલ પુરૂષોતમદાસ દેસાઇ એડવરટાઇઝીંગ એજંટ; મુંબઇ

રા. વાડીલાલ જુગલદાસ કોઠારી મેનેજર કરમશીયલ મીલ્સ કું. અમદાવાદ

રા. ગોકળદાસ મથુરદાસ દેસાઇ બી. એ. પોસ્ટ માસ્તર; પેટલાદ
રા. માણેકલાલ મથુરદાસ દેસાઇ પોસ્ટલ ઇન્સ્પેક્ટર; નડીઆદ
રા. રણછોડલાલ કપુરચંદ કોઠારી લાઇન ઇન્સપેક્ટર બી. બી. રેલવે સ્ટે. દહાણું
રા. છોટાલાલ શંકરલાલ દેસાઇ સબ આસિસ્ટન્ટ સરજન; ઇન્દોર
રા. મણીલાલ મુળજીભાઇ દેસાઇ સબ આસિસ્ટન્ટ સરજન ડોકટર; ચંગપોળ, કોઠારી પોળ—અમદાવાદ
રા. છોટાલાલ ત્રીભુવનદાસ દેસાઇ બી. એ. શિક્ષક વડોદરા હાઇસ્કુલ
રા. ઓચ્છવલાલ કસનદાસ કોઠારી; ગીરગામ બેક રોડ, મુંબઇ.
રા. ત્રીભોવનદાસ છગનલાલ શાહ, હ. ડે. કલેકટરની ઓફીસ–ખેડા
રા. મોતીલાલ મોહનલાલ કોઠારી, સી. પી. ટેન્ક હબીબ બીલ્ડીંગ્સ; મુંબઇ.

માતર.

રા. મોહનલાલ ઇશ્વરદાસ પરીખ સર્વે સુપ્રીન્ટેન્ડેન્ટ જુનાગઢ
રા. અમૃતલાલ મોહનલાલ પરીખ બી. એ. હેડ માસ્તર જ્યુબિલી સ્કુલ ઉમરેઠ
રા. સોમાલાલ મોહનલાલ પરીખ બી. એ. સબ રજીસ્ટ્રાર—અમદાવાદ
રા. જેકીશનદાસ મોહનલાલ પરીખ ઇલેકટ્રિકલ એન્જીનીયર, વડોદરા
રા. મણીલાલ વિજવલ્લવદાસ શેઠ સેકન્ડ કલાસ મેજીસ્ટ્રેટ મુ. દેવગઢ-બારીઆ સ્ટેટ
રા. હીરાલાલ મગનલાલ દેસાઇ બી. એ. જી. એગ્રીકલચર્સ કોલેજ ફાર્મ સુપ્રીન્ટેન્ડેન્ટ. પુના
રા. કેશવલાલ મગનલાલ દેસાઇ એમ. બી. બી. એસ. ડૉકટર, ઠે. કોલભાટ લેન, કાલકાદેવી; મુંબઇ
રા. છોટાલાલ જેઠાલાલ દેસાઇ વેપારી ૯, બેન્ક સ્ટ્રીટ કોટ; મુંબઇ
રા. હીરાલાલ વિજવલ્લવદાસ શેઠ ચીત્રકાર લાખાપટેલની પોળ; અમદાવાદ
રા. નાનાલાલ જેઠાલાલ દેસાઇ સ્પીનીંગ માસ્તર અને મેનેજર; સુરત
રા. કેશવલાલ જેઠાલાલ દેસાઇ પોરબંદર સ્ટેટ (કાઠીઆવાડ)
રા. બાપાલાલ જેઠાલાલ દેસાઇ ફોજદાર જીલ્લા ભરૂચ.

રા. સોમાલાલ મુળજીભાઇ પરીખ. ઇરીગેશન ઓફીસ, વટવા
રા. મોતીલાલ જેકીશનદાસ પરીખ. સુપરવાઇઝર ડોસુવાડા ટેન્ક બ્યારા
રા. સાકરલાલ ગોકળદાસ દેસાઇ કોન્ટ્રોલ ઓફ મીલ્સ એકાઉન્ટન્ટ મહુ, કેન્ટોન્મેન્ટ
રા. માણેકલાલ મોહનલાલ દેસાઇ ઓવરશીયર બોમ્બે મ્યુનિસીપાલીટી મુંબઇ
રા. ઓચ્છવલાલ મોહનલાલ પરીખ મીલસ્ટોરનો વેપાર. અમદાવાદ
રા. ચુનીલાલ અમૃતલાલ દેસાઇ તલાટી. હારીજ
રા. ચંદુલાલ કેશવલાલ દેસાઇ સરકલ ઇન્સપેક્ટર માતર
રા. પુનમચંદ કેશવલાલ પરીખ કારકુન મામલતદાર કચેરી માતર
રા. ચુનીલાલ રણછોડદાસ પરીખ ગુજરાતી સ્કુલમાં માસ્તર. માતર
રા. ચીમનલાલ મોહનલાલ નાજર
રા. મગનલાલ મુળજીભાઇ દેસાઇ, દેવગઢબારીઆ સ્ટેટ
રા. ગીરધરલાલ મુળજીભાઇ ગુજરાતી સ્કુલમાં માસ્તર. માતર
રા. ડાહ્યાભાઇ મોહનલાલ દેસાઇ એકાઉન્ટ ઓફીસ, મીલીટરી ડીપાર્ટમેન્ટ. પુના
રા. ગોરધનદાસ મુળજીભાઈ સર્વે ઓફીસ. ધોલેરા
રા. મણીલાલ જેઠાલાલ પરીખ. સીટી સર્વેયર ઓફીસ. અમદાવાદ
રા. મણીલાલ મોહનલાલ દેસાઇ તલાટી. કપડવંજ
રા. ચુનીલાલ મોહનલાલ તલાટી. માતર
રા. ચુનીલાલ માણેકલાલ „ દાહોદ
રા. પાનાચંદ ખુશાલદાસ „ માતર
રા. નાથાલાલ પુરૂષોતમદાસ દેસાઇ ટ્રેઝરી ઓફીસ. ખેડા
રા. અચરતલાલ પુરૂષોતમદાસ તલાટી. માતર
રા. ચીમનલાલ પાનાચંદ તલાટી. માતર
રા. બળદેવદાસ મથુરદાસ „ દાહોદ
રા. ચુનીલાલ મુળજીભાઇ દેસાઇ ચીટનીસ. કપડવણુજ
રા. મોતીલાલ જેઠાભાઇ પરીખ કારકુન મામલતદાર કચેરી. વાગરા
રા. કેશવલાલ નાથાલાલ કોઠારી, ડૅ. કાંદાવાડી; મુંબઇ
રા. ચીમનલાલ કેશવલાલ દેસાઇ, ઉમરેઠ, જ્યુબિલી સ્કુલમાં શિક્ષક

વ્યાપારીઓ. માતર.

જમીનદાર

દેસાઇ ભાઇલાલ માણેકલાલ
,, ગોકળદાસ રણછોડ
,, ગોપાલદાસ મોહનલાલ મીડાલાલ
,, ઓચ્છવલાલ મોહનલાલ
,, છોટાલાલ મથુરાંદાસ
પરીખ સાંકરલાલ પરસોતમદાસ
,, છોટાલાલ મીડાલાલ
રા. ચુનીલાલ મગનલાલ દેસાઇ મણી-આરાના વ્યાપારી. રીચીરોડ, અમદાવાદ
દેસાઇ ભાઇલાલ માણેકલાલ ધી અમેરીકન મેડીકાસ કેમીકલ વર્કસ. માતર
દેસાઇ છોટાલાલ મથુરાંદાસ માલીક ધી સ્ટાર ટેકનોલોજીકલ વર્કસ. માતર
દેસાઇ ચીમનલાલ સોમાભાઇ મની-આર્. માતર
પરીખ હીંમતલાલ લાલભાઇ લોખંડના વ્યાપારી અને કોન્ટ્રાકટર. માતર
દેસાઇ મોતીલાલ ગોરધનદાસ ઝવેરી મુંબઇ

આ બંધારણના ઉત્સાહી યુવકો.

ભાઇ રતીલાલ મોહનલાલ પરીખ, ખેડા.
એલએલ. બી. ના અભ્યાસમાં મુંબઇ.

,, હીરાલાલ ચુનીલાલ ખેડા.
આસી. વીવીંગ માસ્તર માર્સડન મીલ, અમદાવાદ.

,, ત્રીકમલાલ સાકરલાલ ખેડા.
આસી. સ્પીનીંગ માસ્તર, અમદાવાદ

,, રમણલાલ મણીલાલ કોઠારી, અમદાવાદ.
સ્નાતક (વિજ્ઞાન) ગુ૦ મહા વિદ્યાલય.

,, હરિભાઇ મોહનલાલ દેસાઇ, અમદાવાદ હાલ મુંબઇ.

,, ચંદુલાલ માણેકલાલ દેસાઇ, માતર.
એલએલ. બી. ના અભ્યાસમાં—મુંબઇ.

,, મુળજીભાઇ મોહનલાલ પરીખ, માતર.
એલએલ. બી. ના અભ્યાસમાં; મુંબઇ.

,, માણેકલાલ રણછોડલાલ પરીખ, માતર.
સ્નાતક ગુ. મહાવિદ્યાલય—શિક્ષક–પ્રોપ્રાયટરી હાઇસ્કુલ; અમદાવાદ.

ભાઇ રૂગનાથદાસ પાનાચંદ પરીખ, માતર.
ઇન્ટર ક્લાસ બરોડા કૅાલેજ.

,, ચીમનલાલ મોહનલાલ, માતર

,, મુળજીભાઈ મગનલાલ પરીખ, માતર.
શે. ઇંગ્લીશ ઓનર્સ. ગુ. કૅાલેજ.

,, ભાઇલાલ માણેકલાલ દેસાઇ, માતર.

,, ઓચ્છવલાલ મોહનલાલ ,, ,,

,, ભાઈલાલ મોતીલાલ ,, ,,

,, ગોપાલદાસ વિજ્યવલ્લવદાસ દેસાઈ, માતર.

,, રતીલાલ સાકરલાલ કોઠારી, મહેમદાવાદ.

,, મુળજીભાઈ મોતીલાલ ,, ,,

,, ચંદુલાલ મંગળદાસ કોઠારી, હાલ મુંબઈ

जीवन मंत्र.

તમારાથી બને તેટલું, બને તેટલાં સાધન વડે, બને તેટલે માર્ગે, જે જે સ્થાને બની શકે ત્યાં, જે જે સમયે બને તે સમયે, જેટલાનું બની શકે તેટલાંનું, પણ

ભલુંજ કરો !

સાવલીના દશા ખડાયતાના એકડાનું બંધારણ.

ગામનો નંબર	ગામ.	ઘર	આ ગામે પ્રતિષ્ઠીત ગ્રહસ્થ.	પોસ્ટ અને નજીકની રેલ્વે.
૧	સાવલી	૮૦	હિંમતલાલ નાથાભાઈ તલાટી શા. ભોગીલાલ કાલાદાસ મુળજીભાઇ વ્રજલાલ દોશી	મુ. પો. સાવલી સ્ટે. સમલાયા ગોધરા લાઇન. તાર ઓફીસ પણ છે.
૨	ભાદરવા	૧૦	શેઠ શંકરલાલ ચુનીલાલ શેઠ હિંમતલાલ પુરૂષોત્તમદાસ	પો. ભાદરવા સ્ટેશન વાસદ.
૩	ગોઠડા	૧	શેઠ પુંજાભાઇ મોતીલાલ	,,
૪	દાહોદ	૧૭	શેઠ કેશવલાલ મોહનલાલ નારણભાઇ ,, ગીરધરલાલ નરશીદાસ	પો. સ્ટે. દાહોદ ગોધરા, રતલામ રેલ્વે
૫	છાણી	૩	શા. દામોદર કાલીદાસ	પો. છાણી વડોદરા થઇને
૬	ડાકોર	૩	શા. મગનલાલ જેઠાભાઇ	પો. સ્ટે. ડાકોર
૭	બોરસદ	૪	શા. પરસોતમ લખમીદાસ	મુ. બોરસદ. સ્ટે. આગાસ (ખંભાત લાઇન)
૮	માતર	૧	શા. પાનાચંદ ગોકળદાસ	પો. માતર સ્ટે. મહેમદાવાદ.
૯	નંદિદ	૧	વકીલ મગનલાલ ત્રિભોવનદાસ	પો. સ્ટે. નંદિદ અંકલેશ્વર થઇને
૧૦	કંડાસ—હાલ વેજલપુર	૧	શા. નાથાભાઇ ઝવેરભાઇ	મુ. કંડાસ પો. સ્ટે. દેરોલ થઇને
૧૧	ઉમરેઠ	૧	શા. છગનલાલ જેઠાલાલ	પો. સ્ટે. ઉમરેઠ
૧૨	સણુસોલી (સાવલીના પેટાનું)	૧	શા. ગરબડદાસ વલ્લભદાસ	મુ. સણુસોલી સ્ટે. ટીંબારોડ.

ઉપર પ્રમાણે આ બંધારણમાં કુલ ૧૨) ગામ અને ૧૫૦ ઘર છે.

બંધારણની માહિતી.

સાવલી—બંધારણમાં પંચના વહીવટનું મુખ્યગામ. વસ્તીનો મોટો ભાગ સાવલીમાં હોવાથી સાવલીનું ગણાય છે. બંધારણનો વહીવટ સમસ્ત ન્યાત તરફથી સાવલીમાં રહેતા ગૃહસ્થોની સંમતિથી કરવામાં આવે છે. અને તે પેઢીગત માણસો કરે છે. વહીવટ સાવલીમાં રહેતા ગૃહસ્થોની સંમતિથી ચાલતો હોવાથી સાવલીના ગૃહસ્થો જે ઠરાવો કરે તે બંધારણના બીજા ગામોના ગૃહસ્થોને પાળવા પડે છે. એકંદર રીતે એકડાનું આ બંધારણ જુની રીતે દાદા પુરાણા ઢબેજ ચાલે છે.

ન્યાતવાળાઓનો એકઠા થવાનો કોઈ સમય મુકરર કરેલો હોતો નથી; તેમજ લગ્ન અથવા તો મરણ જેવા પ્રસંગ સિવાય ખાસ પંચ એકઠું થતું નથી. એકડાનો યુવક વર્ગ જો કે હાલમાં બંધારણમાં કેટલાક રિવાજોમાં ઘટતા સુધારા કરવા ઉત્સુક છે; છતાં પણ આજુબાજુનું વાતાવરણ તેમની તરફેણમાં નહિં હોવાથી તેઓનો પ્રયત્ન સફળ થતો નથી.

સામાજીક અને સામાન્ય—બંધારણમાં કન્યાની અછત જણાતી નથી. બંધારણનાં ઘણાં ખરાં ગામો વડોદરા રાજ્યમાં હોવાથી અને વડોદરા રાજ્યમાં 'બાળ લગ્ન' નો કાયદાથી નિષેધ કરેલો હોવાથી સાધારણ રીતે ૩–૪ વરસનું લગ્ન માટે અંતર રાખવામાં આવે છે, લગ્નની વય કન્યા માટે ૧૧ થી ૧૩ અને વરની ઉમ્મર ૧૫ થી ૧૭ જોવામાં આવે છે. છતાં કેટલાક દાખલામાં તો વરની ઉમ્મર કાયદાથી મુકરર કરવામાં આવેલી છે તે કરતાં તો મોટી હોવાનું જોવામાં આવતું નથી. કન્યાવિક્રય તથા સાટાં વિગેરેનો પ્રતિબંધ છે. બંધારણમાં કૂળવાન અકૂળવાનની માન્યતા વિશેષ જોવામાં આવતી નથી.

બંધારણમાં બીજા એકડામાંથી કન્યા લાવવાની છૂટ છે, પણ અન્ય વણિક કોમની કન્યા લાવવાનો પ્રતિબંધ છે. પણ હજુ સુધી તો બીજા એકડામાંથી અથવા તો અન્ય બીજી કોઇ વણિક કોમની કન્યા લાવવાનો પ્રસંગ કોઇને આવેલો નથી.

(૨) **પલ્લાની રકમ**—પલ્લાની રકમ આશરે રૂ. ૪૦૦ ની છે. આ રકમમાંથી દૈવયોગે બાઇને વૈધવ્ય પ્રાપ્ત થાય તો તેના કારજ નિમિત્તે રૂ. ૭૫ તેમાંથી કાપી લેવામાં આવે છે. એટલે વિધવાને તેની જીંદગીનો

આધાર રૂા. ૩૨૫ નો રહ્યો. છતાં કેટલાક દાખલાઓમાં તેવાંઓને સાસરી-આની સ્થિતિ ઉપર મદદનો આધાર રહે છે ખરો.

પલ્લાની રકમ નિર્વાહ પૂરતી નહિં હોવાથી અને ઘણી ખરી બાબતોમાં વિધવાઓને સાસરીએ રહેવું વિષમ લાગતું હોવાથી તેઓ સાદુ અને પવિત્ર જીવન ગાળી આજીવિકા પૂરતું મેળવે તેવી વ્યવસ્થા કરવાની જરૂર રહે છે.

(૩) જમણવાર—મરણના પ્રસંગમાં દશમા, અગીઆરમે. સગાં, બારમાની ન્યાત ખુશીથી કરવી હોય તો કરે, અને તેરમાની ન્યાત ફરજીઆત કરવામાં આવે છે. વરના લગ્નમાં એક ન્યાત કરવી પડે છે. ત્યારે કન્યાના લગ્નમાં કંઇપણ વરાનું ખરચ ફરજીઆત કરવાનું હોતું નથી. શીમંતની ન્યાત કરવાનો રિવાજ હતો પણ તે હાલમાં બંધ કરેલ છે.

(૪) રડવા કૂટવાનો રિવાજ—થોડોક ફેરફાર થયેલો જોવામાં આવે છે. છતાં હજૂ એવું ઘણું, જોવામાં આવે છે કે–તેમાં વધારે સુધારો અને ફેરફાર થઇ શકે ખરો.

(૫) કેળવણી—આ એકડામાં કેળવણી પછાત હોવાનું જણાય છે છતાં બંધારણમાં ત્રણ વકીલો અને અંગ્રેજી ચોથા પાંચમા ધોરણ સુધી અભ્યાસ કરેલા કેટલાક ભાઇઓ છે. બંધારણમાં ગુજરાતી કેળવણી આશરે ૫૦ ટકા તેમજ સ્ત્રી અને અંગ્રેજી કેળવણી સાધારણ રીતે પાંચ સાત ટકા ગણી શકાય. બંધારણનાં લગભગ બધાં ગામડાઓમાં ગુજરાતી નિશાળો અને કન્યાશાળાઓ છે. અને તેનો હાલમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને કન્યાઓ ઠીક સંખ્યામાં લાભ લે છે. કેળવણી ફરજીઆત હોવાથી પ્રાથમિક કેળવણી વધી શકવાનો સંભવ જણાય છે. સાવલીમાં અંગ્રેજી ચોથા ધોરણ સુધીની નિશાળ છે આ બંધારણ માટે આગળ અભ્યાસ કરવા ઇચ્છનારને 'વડોદરા' નજીકનું અને યોગ્ય થઇ પડે છે. કેળવણીના ઉત્તેજનાર્થે થોડા વખત ઉપર સં. ૧૯૭૨ ના વર્ષથી સાવલીમાં "ખડાયતા મિત્રમંડળ" સ્થાપવામાં આવ્યું હતું, અને ફંડ એકઠું કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો; પણ તેનું પરિણામ કંઇ સંતોષકારક આવ્યાનું જણાયું નથી. બંધારણના આગેવાનોએ આ સંબંધમાં અવશ્ય તજવીજ કરવી જોઇએ છે.

(૬) રાજકીય—સાવલી વડોદરા રાજ્યના પેટાનું ગામ છે કે જ્યાં વિશિષ્ટ પંચાયત છે; અને તેમાં રા. હિંમતલાલ નાથાલાલ તલાટી આગે-

વાની ભર્યો ભાગ લે છે, કે જેઓ અહિંઆં લોકલ બોર્ડના મેમ્બર પણ છે.

સાહિત્ય—સાવલીમાં ગામ તરફથી સાર્વજનિક લાયબ્રેરી છે.

આર્થિક સ્થિતિ—આ બંધારણના ભાઇઓની આર્થિક સ્થિતિ સાધારણ હોવાનું કહી શકાશે. વસતીનો મોટો ભાગ ગામડાઓમાં વસતો હોવાથી તેમનો આજીવિકાનો આધાર ધીરધારનો અને નેસ્તીના પરચુરણ ધંધાઓ ઉપરજ રહે છે, બંધારણના કેટલાક ગૃહસ્થો પાસે જમીન ઠીક જથામાં છે. પણ તેમાંના ઘણા ખરા ગૃહસ્થો જમીન ગણોતેજ આપે છે. ફક્ત રા. ગોરધનદાસ મુલજીભાઇ મહેતા હાલની ઢબ પ્રમાણે ખેતી કરાવે છે; આશા રાખવામાં આવે છે કે, તેમનો દાખલો લઇ જ્ઞાતિના બીજા જમીનદારો જેઓ ઘણે ભાગે જમીન ગણોતે આપે છે, તેઓ જમીન પોતાની દેખરેખ નીચેજ વવડાવીને તેમજ જમીન કેળવીને નીપજ મેળવવાના અતિ ઉત્તમ ગણાતા ધંધા તરફ આવતા જશેજ. જમીનની સાધારણ ઉત્પન્ન વીઘે આશરે રૂ. ૧૦ થી ૧૫ આવે છે ત્યારે સરકાર ધારો રૂ. ૨ થી ૩॥ સુધીનોજ ભરવો પડે છે.

બંધારણના કેળવાએલા વેપારી અને ઉત્સાહી ગૃહસ્થો.

રા. છગનલાલ જેઠાલાલ વકીલ. ઉમરેઠ

રા. મગનલાલ ત્રીભોવનદાસ વકીલ. નાંદોદ

રા. ડાહ્યાલાલ મગનલાલ દોશી વેપારી. ડાકોર

"બીજી ખડાયતા પરિષદ્‌ના સ્વાગત્ કમિટીના પ્રમુખ."

રા. પાનાચંદ અમથાભાઇ શાહ. વરિષ્ઠ કોર્ટ વકીલ સાવલી.

રા. ગોરધનદાસ નારણજી શાહ, પેટામહાલ અવલકારકુન ભાદરણ.

રા. કેશવલાલ ભોગીલાલ દોશી, તિલકવાડા પ્રાઇવેટ ડીસ્પેન્સરી.

રા. જેઠાલાલ ભોગીલાલ શેઠ, પેઇન્ટર અને ફોટોગ્રાફર સાવલી.

"સ્કુલ ઓફ આર્ટની પરિક્ષા પસાર કરી છે."

રા. જેઠાલાલ નથુભાઇ ડૉક્ટર. દાહોદ.

રા. હીંમતલાલ નાથાભાઇ તલાટી જમીનદાર. જમીન વીઘાં ૨૫૦ સાવલી.

શેઠ હીંમતલાલ પુરૂષોત્તમદાસ કાપડના વેપારી. સાવલી

રા. હીંમતલાલ વિઠ્ઠલભાઈ મહેતા જમીનદાર જમીન વીઘાં ૪૦૦ સાવલી.

રા. અંબાલાલ દામોદરદાસ જમીનદાર જમીન વીઘાં ૩૦૦ સાવલી.

રા. દોશી આશારામ લલ્લુભાઇ જમીનદાર જમીન વીઘાં ૧૫૦ સાવલી.

રા. ગોરધનદાસ મુળજીભાઇ મહેતા જમીનદાર જમીન વીઘાં ૨૦૦ સાવલી.
રા. જેઠાલાલ મુળજીભાઇ મહેતા ભાદરવા.
રા. મોહનલાલ ત્રીભોવનદાસ દોશી ડાકોર.
રા. ગીરધરલાલ નરશીદાસ શેઠ. દાહોદ
રા. ચુનીલાલ ગરબડદાસ શાહ, સણુસોલી " પાંડુમેવાસ "
રા. મોહનલાલ ગોરધનદાસ બાપાવાળા, ભાદરવા.
રા. મણીલાલ પુંજાભાઇ ,,
રા. મોહનલાલ નથુભાઇ વકીલ દાહોદ.

સૂચનાઓ.

બંધારણને લગતી—બંધારણમાં શેઠાઇ પેઢીગત છે, પણ ગામના બધા ગૃહસ્થોની સંમતિથી એકડાનો વહીવટ ચાલતો હોવાથી, શેઠની આપખુદી સત્તા જોવામાં આવતી નથી; તેમજ બીજા ગામવાળા ગૃહસ્થોની સંમતિ લેવાતી નહીં હોવાથી આ એકજ ગામવાળાઓ આપખુદી સત્તા વાપરતા હોવાનું જણાય છે; જો આમ હોય તો આ પદ્ધતિ આપણા દેશની રાજ્ય પદ્ધતિ સાથે સરખાવી શકાય ખરી; સાવલીના ગૃહસ્થો જે ઠરાવો ઘડે તેનો અમલ આખા એકડામાં થાય. આ પદ્ધતિ હમોને તો અનિષ્ટ જણાય છે. ન્યાતના વહીવટમાં કે કાયદા ઘડવામાં જ્ઞાતિ સમસ્તનો એટલે જ્ઞાતિના એકે એક માણસનો મત હોવો જોઇએ. ભલે પછી ન્યાતમાંથી ચૂંટાયેલા ગૃહસ્થો, નાની પ્રતિનિધિત્વ કમિટી, કે મંડળો, તે ઠરાવો ઘડે. સત્તા નિરંકુશ તો હોવી જોઇએ નહીંજ. આથી હમો સૂચના કરીએ છીએ કે-બંધારણમાં દરેક ગામની વસ્તી પ્રમાણે પ્રતિનિધિઓ ચૂંટીને બંધારણનો વહીવટ ચલાવશે તો જરૂરના સુધારાઓ સહેલાઇથી દાખલ થઇ શકશે.

પલ્લાની રકમ—વિગત પાછળ આવી ગયા પ્રમાણે પલ્લાની રકમ રૂા. ૪૦૦) ચારસોમાંથી બાઇને વૈધવ્ય પ્રાપ્ત થાય તો તેના કારજની ન્યાત વિગેરેના રૂા. ૭૫ કાપી લઇને બાકીની રકમ બાઇને આપવામાં આવે છે. હાલની મોંઘવારીના સમયમાં જ્યાં પલ્લાની રકમ રૂા. ચારસો કમી હોવાનું જણાય છે ત્યારે અહિંઆં બાઇના જીવનનો આધાર પલ્લું તેમાંથી પણ રૂા. કાપી લઇ તેણીના ઉપર કમનસીબે આવી પડેલા દુઃખમાં મદદ કરવાને બદલે ઉલટી રકમ કાપી લઇને તેને વધારે દુઃખી બનાવે છે. ખરેખર આવા ઠરાવો તો પાષાણુ હૃદયોજ ઘડી શકે ! પણ આવો રિવાજ તો

એટલા આજ અંધારણમાં છે, તેમ તો કહી શકાશે નહીંજ, આ સંબંધે મારી તો સૂચના છે કે જ્યાં જ્યાં બાઇને વૈધવ્ય પ્રાપ્ત થાય ત્યાં, ત્યાં, ભરણ-પોષણના આધારરૂપ જે પલ્લાની રકમ હોય છે, તેમાંથી ન્યાતે કંઇ પણ રકમ કાપી નહીં લેવાનું મોટું મન તો અવશ્ય બતાવવુંજ જોઇએ. છતાં આમ ના બને તો આપણે શું સમજવું ? જવાબ એજ આપી શકાય કે દયાધર્મ હજૂ આપણા હૃદયમાં ઉતર્યો નથીજ.

જમણવાર—અંધારણમાં કન્યાના લગ્ન પ્રસંગે એક પણ ફરજીઆત ન્યાત નથી. આ ઠરાવ અંધારણના આગેવાનોએ દીર્ઘદૃષ્ટિથી ઘડયાનું જણાય છે, અને ખરેખર તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે. પણ કન્યાના લગ્ન પ્રસંગમાં ન્યાત ફરજીયાત રાખી નથી તેવી રીતે બધા પ્રસંગોમાં ફરજીયાત કહાડી નાંખીને નાતો મરજીયાત કરવાનું ઠરાવવામાં આવે તો આ અંધારણવાળાઓ કેટલાક સુધારાઓ કરવામાં સરસાઇ ભોગવે છે. તે તેની કીર્તિમાં વૃદ્ધિ કરી શકશે. વળી મેં સાંભળ્યું છે કે—અંધારણમાં ફરજીયાત ન્યાતો કરવામાં આવે છે. તેમાંની આજ સુધીમાં લગભગ ૨૦૦ બાકી રહેલી ન્યાતો સાંભળવા પ્રમાણે વસૂલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે, એટલે બાકી રહેલી ન્યાતો જમવા માટેજ હાલમાં બાકી રાખેલી છે. આ બાબતમાં અંધારણના સૂજ્ઞ આગેવાનોને—જ્ઞાતિના હિતની નજરે પાઘડી ઉતારીને અરજી કરવી પડે છે કે, તેઓએ ચઢેલી આ ન્યાતો વસૂલ કરવાને ઠરાવ્યું છે તો ભલે, એ કરવું શ્રેયસ્કર તો નથી જ. પણ હવે જમવાનું ઠરાવ્યું છે તો તેમ નહીં કરતાં ગરીબો ઉપર બોજો વધારે પડે નહીં. તેવી અરધ પછાડ રકમ ન્યાતની ઠરાવીને તેવી રકમ કેળવણીના ફંડમાં લેશો કે કોમનું થોડુંક પણ તમારા હાથે બહેતર બની શકે.

કેળવણી—અંધારણમાં કેળવણીના અભાવ માટે મુખ્યત્વે કરીને સાધનનો અભાવજ કારણભૂત હોવાનું માની શકાય છે. આ માટે જો ફંડની જોગવાઇ કરી લેવાય તો સાવલી અને વડોદરા દરેક રીતે અનુકૂળ થઇ પડે તેમ છે. અંધારણમાંથી બહારગામ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ જેઓને મદદની જરૂર હોય, તેમને સ્કોલરશીપો આપી વડોદરામાં હાઇસ્કુલને અંગે બોર્ડિંગો છે, તેમાંની સગવડતાવાળી બોર્ડિંગમાં અંધારણના આગેવાનોએ જાતે જઇ પૂરતી સગવડ કરી આપશે તો વખત જતાં અંધારણના બીજા વિદ્યાર્થીઓ પણ બહારગામ જવા આકર્ષાયે કેળવણીમાં વધારો થઇ શકશે.

આર્થિક—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ હોઇ વાર્ષિક આવક માણસ દીઠ રૂા. ૧૦૦ ગણી શકાય. અને ખર્ચ પણ લગભગ તેટલુંજ ગણી શકાય. બંધારણમાં કેટલાકો જમીનદાર હોવાથી ખાસ કરીને તેવી જમીનવાળાઓને સૂચના કરવી યોગ્ય લાગે છે કે–અમેરિકા અને બીજા દેશોમાં આપણે હિન્દુસ્તાનમાં એક એકરમાંથી જેટલો પાક લઇ શકીએ છીએ. તેનાથી ૫–૬ ગણો પાક તેટલીજ મજુરીમા હાલની મશીનરી વાપરીને મેળવી શકાય છે. હિન્દુસ્થાન ખેતીનો દેશ હોવાથી તેને જમીનની ખોટ નથી. જમીન પણ ઉત્તમ ગણાય છે તો તેને કેળવીને તેમાંથી વધુમાં વધુ પાક કેવી રીતે લેવો તેવું શિક્ષણ મેળવવાને પુનાની ખેતીવાડીની કૉલેજ અથવા તો અન્ય સ્થળે છોકરાઓને મોકલાવીને ખેતીના આ ઉત્તમ ધંધાને ખીલવવામાં તેવાઓ ધ્યાન આપશે તો એકડાની આર્થિક સ્થિતિમાં કેટલોક સારો સુધારો વહેલો થઇ શકશે. હમોને વિગત મળવા પ્રમાણે બંધારણના રા. ગોરધનદાસ મુલજીભાઇ હાલમાં આ દિશામાં પ્રયત્ન કરી રહ્યા છે. જેઓ આ પ્રયત્નમાં ફતેહ પામે તેવું હમો ઇચ્છીએ છીએ કે તેઓનું બીજાઓને અનુકરણ કરવાનું બની શકે. બંધારણમાં કોઇ પણ રીતે કમાવણી વધે તેવું વિચારવું અને પ્રયાસ કરવો વધારે જરૂરનું છે. તેવું બંધારણના એકે એક ગૃહસ્થની ધ્યાન ઉપર હવે આવી જવું જોઇએ છે.

યુવક મંડળ—બંધારણમાં યૂવક મંડળ જેવી સંસ્થા સ્થપાયેલી નથી. બંધારણની હાલની સ્થિતિ તરફ નજર કરતાં જણાઇ આવે છે કે–જો બંધારણના ઉત્સાહી યુવકો બંધારણપૂર્વક મંડળ સ્થાપે તો હાલની સ્થિતિમાં તે વધારે અસર ઉપજાવી શકે ખરા. હમો આ બંધારણ માટે યુવક મંડલ જેવી સંસ્થાની અગત્યતા ખાસ વિચારીએ છીએ. કોમના ઉત્સાહી બંધુઓ હમારી આ નમ્ર સૂચનાને ઉંચકી લેશે તો બંધારણ હાલ જે સ્થિતિ ભોગવે છે તેમાં જલદીથી સુધારો થઇ શકશે જ.

सेवामंत्र.

" कर्मण्ये वाधिकारस्ते माफलेषु कदाचन ॥ "

સાંડાસલ, જંત્રાલ અને અલીણાના દશા ખડાયતાના એકડાનું બંધારણ.

ગામની સંખ્યા.	ગામ.	ઘરની સંખ્યા.	પ્રતિષ્ઠિત ગૃહસ્થ.	પોસ્ટ–અને નજીકનું સ્ટેશન.
૧	સાંડાસલ	૩૭	શા. પુંજાલાલ નાથજી દેશાઇ કેશવલાલ કીલાભાઇ શા. જેઠાલાલ નાથજી શા. મગનલાલ ભોગીલાલ	પો. કાલોલ(પંચમહાલ) સ્ટે. પાંડુ
૨	જંત્રાલ	૨૭	શા. વલ્લવભાઇ કાળીદાસ શા. મંગળદાસ જેઠાલાલ	પો. કાલોલ (પંચ મહાલ) સ્ટે. ડેરોલ
૩	અલીણા	૪૧	શા. મગનલાલ મુલજી શા. મગનલાલ ગોરધનદાસ	પો. મહુધા સ્ટે. ડાકોર
૪	વેજલપુર	૪	શા. હીરાલાલ રાયજી	મુ. વેજલપુર (ગોધરા) સ્ટે. ખરસલીઆ
૫	દેલોલ	૬	શા. મથુરદાસ ભુરાભાઇ	મુ. દહેલોલ (ગોધરા) સ્ટે. ડેરોલ
૬	નાંદોદ	૪	શા. મુલજીભાઇ અમથાદાસ	પો. સ્ટે. નાંદોદ અંકલેશ્વર થઇ
૭	ગોઠડા	૬	શા. મગનલાલ ભોગીલાલ	મુ. ગોઠડા સ્ટે. વાસદ
૮	ભાદરવા	૧	શા. પરસોત્તમ નાથજી	મુ. ભાદરવા સ્ટે. વાસદ
૯	ઉમરેઠ	૩	પારેખ આરતલાલ ત્રીભોવન	મુ. ઉમરેઠ
૧૦	ડાકોર	૫	,, મગનલાલ બાપુજીભાઇ	મુ. ડાકોર
૧૧	સાવલી	૨	શા. પુંજાલાલ આશારામ	મુ. સાવલી સમલાયા થઇને
૧૨	મોકોલ	૧	શા. મથુરદાસ બહેચરદાસ	પો. વેજલપુર સ્ટે. ખરસલીઆ
૧૩	સંડલપુર	૩	શા. ચુનીલાલ નાથજી	સંડલપુરા ઉમરેઠ થઇને

બંધારણના વહીવટને લગતી માહિતી.

ઉપર મુજબનાં આ બંધારણમાં ૧૩ ગામો હોઇ કુલ લહાણાં આશરે ૧૪૫ છે. જેમાં અલીણા, સાંડાસલ અને જંત્રાલ એ ત્રણ ગામો મુખ્ય ગણાય છે.

આ બંધારણ સંવત્ ૧૯૦૦ માં બંધાયું છે. બંધારણનો વહીવટ ગામ વાર નીમાએલા પ્રતિનિધિઓની કમિટીથી થાય છે. પણ અલીણા, સાંઢાસલ અને જંત્રાલનું પ્રતિનિધિત્વ વિશેષ પ્રમાણમાં હોવાથી વહિવટ તેઓની સત્તાનોજ ગણાય છે. બંધારણનો વહીવટ જુની પદ્ધતિપર ચાલે છે.

પંચને એકઠા થવાનો સમય મુકરર કરેલો હોતો નથી; તેથી કોઇ ખાસ પ્રસંગેજ એકઠા થાય છે. હાલની મળેલી વિગત ઉપરથી એવું જણાય છે કે લગભગ દસ બાર વર્ષે પણ ખાસ પ્રસંગ સિવાય બંધારણ-વાળાઓ એકઠા થઇ શકતા નથી.

સામાજીક અને સામાન્યઃ—બંધારણમાં કન્યાની છત સારી છે. કન્યાને ૧૧ થી ૧૩ વરસની ઉમ્મરે પરણાવવામાં આવે છે. વર અને કન્યા વચ્ચે બે વરસનું અંતર હોવું જોઇએ, એવો પંચ તરફથી ઠરાવ થએલો છે, પણ તેનો અમલ થતો નથી. આ બંધારણ માંહેનાં કેટલાંક ગામો વડોદરા રાજ્યમાં હોવાથી બાળલગ્ન પ્રતિક, કાયદાને લીધે હાલમાં બાળલગ્નો ઓછાં થાય છે.

(૨) **કુળવાન અને અકુળવાનની માન્યતાઃ**—જે કન્યાવિક્રય અને સાટાં તેખડાં કરે તે અકુળવાન અને ન કરે તે કુળવાન. બંધારણમાં થોડોક ભાગ આ અકૂળવાનપણાના અપવાદ નીચે આવી જાય છે ખરો.

બીજા એકડાની કન્યા લાવવાની બાબતમાં તો ફક્ત દશા ખડાયતાનીજ કદાચ જરૂર પડે તો અન્ય એકડામાંથી લાવવાની છૂટ છે. ભાણે ખપતી તેમજ બીજી કોમની લાવી શકાતી નથી. હાલમાં આવો એક દાખલો બનેલો છે, તે ગૃહસ્થ સાથેનો ન્યાત તરીકેનો સઘળો વ્યવહાર બંધ છે.

(૩) **એક ઉપર બીજી કન્યા લાવવા કે આપવાનો રિવાજઃ**—આ બંધારણમાં એક ઉપર બીજી કન્યા આપવાનો રિવાજ નથી. બંધા-

રણમાં છત હોવા છતાં તેમ કરવામાં આવતું નથી તે વિચાર સ્તુત્ય લાગે છે. અને તેનું બીજાં બંધારણોએ અનુકરણ કરવું જોઇએ છે.

(૪) **પલ્લાની રકમઃ**—પલ્લાની રકમ પંચે રૂ. ૩૫૧) ની ઠરાવેલી છે; પણ તે કરતાં વધારે થાય છે જે લગભગ રૂ. ૭૦૦) થી રૂ. ૧૦૦૦) સુધીની હોય છે. વિધવા આશ્રમો સ્થાપવામાં આવે અને તેની અગત્યતા સમજાય તો આ બંધારણ માંહિની તેવી સંસ્થાનો લાભ લેનારી વિધવાઓ સારી સંખ્યામાં નીકળી શકે તેમ છે. આશ્રમો સાંડાસલ, અલીણા, અથવા જંત્રાલ ગામોએ સ્થાપવામાં આવે તો તે ગામો અનુકુળ થઇ પડે તેમ છે. વિધવાઓની આજીવિકાનું સાધન પલ્લા ઉપરાંત તેના સાસરીવાળાની સ્થિતિ અને જાત મહેનત ગણી શકાય.

(૫) **જમણવારઃ**—કન્યાના લગ્નમાં ત્રણ ન્યાત, વરના લગ્નમાં એક ન્યાત, મરણ પ્રસંગે જુવાનમાં બે અને ઘરડાના મરણમાં ત્રણ અને સીમંતની એક ન્યાત એ રીતે ફરજીઆત ન્યાતો કરવી પડે છે.

(૬) **રડવા કુટવાનો રિવાજઃ**—હજુ જેવો ને તેવોજ છે; કેટલાક ઉત્સાહી ગૃહસ્થો આમાં સુધારો કરવા પ્રયત્ન કરે છે. પણ કેળવાએલા વર્ગનું પ્રમાણ વધુ નહિ હોવાથી તેઓ ફાવી શકતા નથી.

(૭) **કેળવણીઃ**—બંધારણમાં કેળવણી ઘણી પછાત છે. આર્થિક સ્થિતિ સારી નહિ હોવાને લીધે તથા ભણવાનું સાધન પૂરતું નહિ હોવાને કારણે અભ્યાસ કરવા ઉત્સાહ રાખનાર વિદ્યાર્થીઓ બહાર જઇ શકતા નથી. બંધારણનાં ઘણાં ખરાં ગામો ગાયકવાડી રાજ્યમાં આવેલાં હોવાથી કેળવણી ફરજીઆત છે, અને ગુજરાતી શિક્ષણ માટે શાળાઓ લગભગ દરેક ગામે સ્થપાએલી છે; આથી ગુજરાતી શિક્ષણ ૫૦ થી ૬૦ ટકાનું ગણી શકાય છે. અંગ્રેજી કેળવણી બે ટકા અને સ્ત્રી કેળવણી ફરજીઆત હોવાથી ૫ થી ૭ ટકા હોવાનું કહી શકાય. કેળવણીને ઉત્તેજન આપવા માટે આ બંધારણમાં "કેળવણી ફંડ" જેવું કંઇ અન્ય સાધન નથી. બંધારણમાંથી અત્યાર સુધીમાં માહીસોર દામોદરદાસ સ્કૉલરશીપનો લાભ કોઇએ લીધો હોય તેવું પણ જણાતું નથી. બંધારણમાં કેળવણી વધવા માટે જો કોઇ અનુકૂળ ગામે રહીને છોકરાઓ ભણી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે તો સાંડાસલમાંથી કેટલાક વિદ્યાર્થીઓ ભણવાને તૈયાર હોઇ તે બહાર પણ જઇ શકે તેમ છે, તેમજ બીજાં ગામોમાંથી પણ ઠીક

સંખ્યા નીકળી આવે તેમ છે, કે જેની સંખ્યા લગભગ ૧૫–૨૦ હોવાનું જણાવી શકાય. બૉર્ડિંગની જરૂરીયાત સ્વીકારવામાં આવે છે અને તે માટે મધ્યસ્થ સ્થળ સાવલી, સાંડાસલ, નડિઆદ કે વડોદરા અનુકુળ થઈ પડે તેમ છે.

આ બંધારણમાં અંગ્રેજી કેળવણી લીધેલો વર્ગ બહુજ ઓછો છે. મેટ્રિકથી આગળ અભ્યાસ કરનારમાં સાંડાસલના શાહ ચુનીલાલ ગોવરધનદાસ હતા, જેઓ બરોડા કોલેજમાં અભ્યાસ કરતા હતા, પણ હવે રાષ્ટ્રિય ચળવળમાં જોડાવાથી દાહોદમાં રેંટીઆ ક્લાસ ઉપર દેખરેખ રાખે છે.

બંધારણ માંહેના કેળવાયેલા ગણી શકીએ તેવા ભાઇઓ.

રા. મગનલાલ ગોવરધનદાસ અલીણા હાલ પાટણ વેકસીનેટર.
,, મણિલાલ છગનલાલ અલીણા સરસુબા કચેરીમાં કારકુન–વડોદરા
,, છોટાલાલ છગનલાલ દેસાઇ સાવલીમાં ગુજરાતી શાળામાં માસ્તર.
,, મથુરાંદાસ બહેચરદાસ શાહ બોરિંદ્રા તાલુકે કાલોલમાં ગુજરાતી શાળામાં માસ્તર.
બહેન ચંચળ, તે દેસાઇ છોટાલાલ છગનલાલનાં પત્નિ. હેડ મિસ્ટ્રેસ સાવલી.

(૮) **સાહિત્ય**—આ બંધારણમાંથી લેખક તરીકે એકાદ ગૃહસ્થનું નામ સૂચવી શકાય તેમ છે. રા. ચુનીલાલ કુબેરદાસ શાહ કે જેઓ બાળકો માટેના સાહિત્ય તરીકે "બાલજીવન" નામનું માસિક મુંબઇથી પ્રસિદ્ધ કરે છે અને તે ઠીક વખણાય છે.

(૯) **લાયબ્રેરી**—સાંડાસલમાં ગોખલે લાયબ્રેરી છે. આ સિવાય જંત્રાલ અને અલીણામાં લાયબ્રેરીની જરૂરીઆત ગણી શકાય ખરી.

(૧૦) **રાજકીય**—સાંડાસલમાં ગ્રામ્ય પંચાયત છે જેમાં રા. દેસાઇ કેશવલાલ ફીલાભાઇ, શાહ જેઠાલાલ નાથજી, શાહ મોહનલાલ જમનાદાસ અને શાહ મગનલાલ જમનાદાસ મેમ્બરો છે.

(૧૧) **આર્થિક**—આ એકડાની આર્થિક સ્થિતિ સારી નથી. મુખ્યત્વે કરીને ધીરધારનો અને નેસ્તીનો ધંધો હોવાથી કમાણી ઘટી, અને ખરચ વધ્યા જેવી સ્થિતિ છે. વાર્ષિક આવક માણસ દીઠ રૂ. ૧૫૦) ધારી શકાય અને ખર્ચ પણ હાલની મોંઘવારીમાં લગભગ તેટલુંજ આવે. બંધા-

રણુનો મોટો ભાગ આવી સ્થિતિ ભોગવતો હોવા છતાં ફરજીઆત વરાથી તેઓના માથે વિશેષ બોજો આવી પડે છે. બંધારણુના કેટલાક ગૃહસ્થો વેપાર અર્થે બહારગામ ગયેલા છે, અને ત્યાં આગળ તેઓ પોતાના ધંધામાં ઠીક સ્થિતિ ભોગવે છે.

બંધારણુના સંભાવિત વેપારીઓ અને અન્ય ગૃહસ્થો.

શાહ સોમાલાલ નાથજી. ફ્લોર મીલના માલિક મુ. સાંડાસલ.
,, ચુનીલાલ માણેકલાલ. અનાજના વેપારી અને આડતીઆ મુ. દાહોદ
,, વલ્લભભાઇ કાળીદાસ. ,, ,, ,,
,, ભોગીલાલ માણેકલાલ વેપારી ઠે. કલેકટર ગંજ મુ. કાનપોર
,, મંગળદાસ ઝવેરદાસ. વેપારી મુ. કુંડવાડા, સ્ટે. કુંડાઇચા (ખાનદેશ)
,, મોહનલાલ મથુરદાસ. વેપારી મુ. જરીઆવાડી, સ્ટેટ રાજપીપળા.
,, પુરૂષોત્તમ જેઠાલાલ. મુંબઇમાં જાહેર ખબરોને લગતું કામ કરે છે.
,, ચુનીલાલ કુબેરદાસ. શાહીના કારખાનામાં ભાગીદાર, હાલ મુંબઇ તે "બાલજીવન" માસિકના તંત્રી.
પરીખ આરતલાલ ત્રિભુવનદાસ. આફ્રિકા, દારેસલામમાં મીલીટરી ઓડિટ કારકુન.

સૂચનાઓ.

બંધારણુના વહિવટ માટે:—આગળ આપણે વાંચી ગયા કે આ બંધારણુમાં ત્રણ મુખ્ય ગામોના આગેવાનોના હાથમાંજ વહીવટની મુખ્ય સત્તા જેવું છે. આ સ્થિતિ ભવિષ્યમાં અથડામણ ઉભી કરે તેવી લાગે છે, બંધારણુમાં બે તડ છે, અને સાંડાસલ ગામમાં પણ બે પેટા તડો છે. જ્ઞાતિના આગેવાનોએ પોતાનો સ્વાર્થ ન ગણતાં તડ અને પેટા તડો પડે નહિ તેવા ઉપાયો યોજવા જોઇએ; અને તે પડવાનાં વ્યાજબી કારણો ધ્યાન ઉપર રાખીને મોટું મન રાખીને તે દૂર કરવાં જોઇએ. મારો અનુભવ તો તડ પડવાનાં આવાં કારણોમાં મુખ્યત્વે ઇર્ષા, અહંભાવ અને ઉચ્ચ નીચની ભાવના હોવાનુંજ જોવામાં આવે છે. જો આગેવાનો સમદ્રષ્ટિથી બંધારણુનો વહીવટ ચલાવે તો જૂદાં પડેલાં પેટા તડો એકત્ર થવાની આશા રાખી શકાય ખરી. બંધારણુમાં પટલાઇ પેઢીગત ગણાય છે; તે ન ગણાતાં લાયક ગૃહસ્થોના હાથમાંજ કમિટિ નીમીને એકડાના વહીવટનું સૂકાન સોંપ્યું હોય તો સ્થિતિ ઉચ્ચતર થાય ખરી.

બંધારણમાં સુધારા નથી થતા તેને માટે તો મને મળેલી હકીકત પ્રમાણે આગેવાનોજ જોખમદાર હોવાનું જણાય છે. બંધારણના એક સારા ગૃહસ્થ લખી જણાવે છે કે સુધારા દાખલ કરવામાં જ્ઞાતિનું વલણ સાધારણ છે. અંતરાય તરીકે આગેવાનોની અંધ શ્રદ્ધા અને મિથ્યાભિમાન સિવાય બીજું કંઈ કારણ જણાતું નથી. આ ભાવના દરેકના મનમાંથી નીકળી જાય તો સુધારાઓ સહેલાઈથી દાખલ થઈ શકેજ. બંધારણના બધા ગૃહસ્થો બહુ લાંબા સમયે એકઠા થાય છે, તેને બદલે દર વરસે એકઠા થાય તો બંધારણના ઉત્સાહી યુવકોને પોતાના વિચારો દર્શાવવાને તક મળે; તે ઉપરાંત બંધારણના આગેવાનોને પણ પ્રસંગોપાત ચર્ચા થતી રહેતી હોવાથી તે તરફ વળવાનું બની આવેજ.

સામાજીક:—વર અને કન્યા વચ્ચેનું અંતર, બંધારણમાં મોટે ભાગે બીલકુલ રાખવામાં આવતું નથી. તેથી ઘણા ખરા વિદ્યાર્થીઓને પોતાનું વિદ્યાર્થીજીવન નાની ઉમ્મરમાંજ પુરૂં કરવું પડે છે, અને તેમ થવાથી તેવાઓને સ્થાનિક ધંધાઓમાં વહેલા આવવાની ફરજ ઉભી થતાં બાકીનું જીવન ગામડાઓની અશુદ્ધ જીંદગીમાંજ પુરૂં કરવું પડે છે. આની અસર આર્થિક તેમજ નૈતિક સ્થિતિ ઉપર થાય છે, તે કહેવાની ભાગ્યેજ જરૂર પડે. એકડાના આગેવાનોએ આ બાબતમાં બીજા બંધારણોનું અનુકરણ કરવાની ખાસ જરૂર છે.

પલ્લાની રકમ:—પલ્લાની રકમ મુકરર કરેલી હોવા છતાં તે કરતાં વધારે લઈ જવામાં આવે છે, જો કે પલ્લાની રકમમાં હાલની મોંઘવારીના પ્રમાણમાં યોગ્ય વધારો કરવાની જરૂર તો છે જ, પણ તે માટે સરખો રિવાજ કરીને તે ધારો પળાય તેમ તો થવું જોઈએછેજ.

વિધવા આશ્રમ:—આવા આશ્રમ માટે સાંડાસલ વિશેષ યોગ્ય સ્થળ છે; આ સ્થળે જો આશ્રમ સ્થાપવામાં આવે અને દેખરેખનું તથા વ્યવસ્થા કરવાનું કામ સુશિલ, કાર્યકુશળ અને ચારિત્ર્યવાન ગૃહસ્થો અથવા તો બ્હેનોના હાથમાં સોંપવામાં આવે તો આ સંસ્થા બંધારણની દુઃખી વિધવાઓને આશીર્વાદરૂપ થઈ પડશે એ નિઃસંદેહ છે.

જમણવાર:—બંધારણમાં ફરજીઆત જમણવારનો બોજો વિશેષ છે, હાલની મોંઘવારીના સમયમાં જ્યારે ગામડાઓના ધંધાઓમાંથી નિર્વાહ પૂરતું મેળવવાનું પણ મોટા ભાગને મુશ્કેલ હોય છે, તેવામાં કન્યાના લગ્ન પ્રસંગે ત્રણ ન્યાતો, અને • જુવાન માણસના મરણ પાછળની ફરજીઆત

ન્યાતો કરવી પડે એ તો અસહજ થઇ પડે. બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ છે, છતાં પણ આવા રિવાજોમાં ફેરફાર કરવામાં ન આવે તે ખરેખર શોચનિય છે. બંધારણના આગેવાનો આ બાબતમાં બેદરકાર નહિ રહેતાં યોગ્ય સુધારા જરૂર કરશેજ.

આ ઉપરાંત બંધારણમાં લગ્ન તથા મરણ પ્રસંગે ચાંલ્લા પાછા વાળવાનો રિવાજ પણ વિશેષ જણાય છે, તે પણ બંધ થવો જોઇએ છે.

કેળવણીઃ—બંધારણનાં ઘણાં ખરાં ગામ વડોદરા રાજ્યમાં હોવાથી પ્રાથમિક કેળવણી ફરજીઆત છે, અને તેથી ગુજરાતી કેળવણી લીધેલાઓનું પ્રમાણ ઠીક નીકળી આવે છે. કન્યા કેળવણી પણ પ્રમાણમાં ઠીક છે. અંગ્રેજી કેળવણી મેળવવા માટે બહાર ગામ જવાનું હોવાથી સાધન સિવાય અને કેટલાક આર્થિક સ્થિતિ મંદ હોવાને લીધે અટકી જાય છે. મળેલી ખબર પ્રમાણે જો સાંડાસલ જેવા મધ્યસ્થ સ્થળમાં બોર્ડિંગ સ્થાપવામાં આવે તો હાલ તરતમાં બંધારણના આશરે ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકે તેમ છે. બંધારણના આગેવાનોને આ જોતાં વિનંતિ કરવાની જરૂર જણાય છે કે બંધારણની આર્થિક સ્થિતિ સારી નથી. એ જોતાં તેમજ વરાઓ વિશેષ કરવામાં આવે છે એ બંને સ્થિતિ ઉપર વિચાર કરતાં અમુક વરાઓ બંધ કરીને કેળવણીને ગતિ–ટેકો મળે તેવી હીલચાલ ઉપાડી લેવામાં આવશે તો બંધારણમાં કેળવણી વધી શકશે, અને તેથી સ્થિતિ ઘણી સુધરી શકશે.

યુવક મંડળઃ—બંધારણમાં યુવક મંડળની ખાસ જરૂર જણાય છે. દેશના ઉત્સાહી યુવકો જ્યારે દેશમાં ગુલામગીરીમાંથી મૂક્ત થઇ સ્વતંત્રતા મેળવવા તથા તે આપણો હક્ક છે, એ સાબીત કરવા યાહોમ માર્ગોમાં ઝૂકાવ્યા જાય છે, ત્યારે ગ્નાતિરૂપી આ મહા યજ્ઞના રૂત્વિજો પોતાની વિકાશ કરવા જેવી શકિતઓનું મર્યાદામાં રહીને પણ પાલન કરી શકતા નથી, અને અત્યારે જડવત્ થઇ રહેલા યજ્ઞના દેવો પોતાના ઝાંખા પ્રકાશની દૂર્ગન્ધીઓ ફેલાવી રહ્યા છે. તે આ સદીને તો શોભે નહિજ ! સુધારાઓ તરફ પ્રિતી ધરાવનારા ઉત્સાહીઓ અને યુવકોનું સંઘ બળ એકઠું કરીને પોતાની વિકસીત શક્તિઓની મર્યાદા બાંધે અને સંઘબળે તેને વિકસાવે તો આ મહાન્ યજ્ઞને યોગ્ય આહૂતિઓ મળેથી સમાજને ઉત્તમ કક્ષામાં મૂકાવાને વિલંબ થાય નહિં. ખરે ! અમારા સહ્રદયી બંધુઓ આ યુગના પ્રભાવમાં કર્ત્તવ્ય પરાયણ થશે ખરા ?

આર્થિક:—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ છે. ઉપર સૂચવેલા થોડા પણ વ્યવહારૂ માર્ગો તરફ પ્રયાણ કરવામાં આવે તો સ્થિતિમાં ફેરફાર થયા સિવાય રહી શકશે નહિ.

નાંદોદ અને ભરૂચના દશા ખડાયતાનું બંધારણ.

ગામ.	ઘરની સંખ્યા.	પ્રતિષ્ઠિત ગૃહસ્થ.	પોષ્ટ અને શીરનામું.
નાંદોદ	૭૫	રા. પીતાંબરદાસ કરસનદાસ	મુ. નાંદોદ
		રા. મગનલાલ જેકિશનદાસ	
		રા. માણેકલાલ પરસોત્તમદાસ બક્ષિ	
		રા. જેકીશનદાસ વલ્લભદાસ મહેતા	
		શેઠ મોતીલાલ પીતાંબરદાસ બક્ષી	
		રા. છગનલાલ હરીવલ્લવદાસ મહેતા	
		રા. અમરતલાલ લાલભાઇ પરીખ	
		રા. ભીખાભાઇ હરીવલ્લવદાસ મહેતા	
		રા. ચુનીલાલ જમનાદાસ વકીલ	
		રા. દ્વારકાંદાસ જગજીવનદાસ	
		રા. ભીખાભાઇ બાવાભાઇ	
ભરૂચ	૧૫	રા. શેઠ પ્રાણલાલ ત્રીભુવનદાસ ચોકસી	
		રા. માણેકલાલ ગોરધનદાસ ચોકસી, ઠે. પાડા પોળ	
		રા. મોહનલાલ ગીરધરલાલ	
		રા. દામોદર વલ્લવદાસ	

બંધારણની માહિતી.

ઉપર મુજબની વિગતથી આ બંધારણમાં આશરે બે ગામનાં થઇને ૯૦ ઘર છે. તેમાં નાંદોદમાં આશરે ૭૫ ઘર છે, અને ભરૂચમાં ૧૫ ઘર છે. નાંદોદ આર. એમ. રેલ્વેનું સ્ટેશન છે, અને ભરૂચ બી બી. સી. આઇ.નું સ્ટેશન છે. નાંદોદ સાથે ભરૂચનું બંધારણ સંવત્ ૧૯૨૪ માં જોડાયું ગણાય છે. બંધારણનો વહીવટ નાંદોદમાં નાંદોદના આગેવાનો અને ભરૂચમાં ભરૂચના આગેવાનો ચલાવે છે. અહીંની કુલ વસ્તી ઉપરનાં બંને ગામો

સિવાય ઉમરેઠ, માતર વિગેરે સ્થળોએ પણ છૂટી છૂટી આવેલી છે. તળ નાંદોદમાં દશા વિશા મળીને આશરે ૨૦૦ ઘર છે, જે પૈકી આ બંધારણની ઉપર જણાવ્યા પ્રમાણે વસ્તી છે. ન્યાતનો વહીવટ ભરૂચમાં શેઠ પ્રાણલાલ ત્રિભુવનદાસ ચોકસી અને નાંદોદમાં શેઠ મોતીલાલ પિતાંબરદાસ બક્ષી વગેરે કરે છે. બંધારણનો વહીવટ ન્યાતના શેઠીઆઓ અને કેળવાએલા ગૃહસ્થો મળીને ચલાવે છે. વહીવટમાં વધુ મતે નિકાલ થાય છે. આત્મનિર્ણયના સિદ્ધાન્તનો સ્વીકાર વધતી જતી કેળવણીએ થતો આવતો અહીંઆં અનુભવાય છે. વહીવટની સત્તામાં આપખુદપણું હોવાનું જણાતું નથી. ટુંકામાં બંધારણમાં કેળવાયેલો વર્ગ સારો હોવાથી વહિવટ સારી રીતે ચાલે છે.

સામાજીક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછતઃ**—જ્ઞાતિના બીજા એકડાઓમાં જ્યારે કન્યાઓની અછત જોવામાં આવે છે ત્યારે આ એકડામાં કન્યાની છત જોઇએ તે કરતાં વધારે હોવાનું જોઇ શકાય છે. કૂળવાન અકૂળવાન તરીકેની માન્યતા અહીંઆં વિદ્યા વૃદ્ધિને પોષણ આપતી હોવાના ફેરફારે નષ્ટ થતી આવે છે. એટલે સારૂં અને સુખી ઘર અને કેળવાએલો વર એજ કૂળવાનપણું ગણવામાં આવે છે. લગ્નની વય વર અને કન્યા વચ્ચે ૪ થી ૫ વરસનું અંતર રાખવામાં આવે છે; જો કે આ બાબતમાં ન્યાત તરફથી કોઇ પણ જાતનો ઠરાવ થએલો નથી. છતાં પણ ઉપરની પદ્ધતિનું અનુકરણ કેળવણીનેજ આભારી હોવાનું ગણી શકીશું તો ચાલી શકશે.

સમગ્ર સંઘ એકઠા થવાનો સમય—બંધારણના આગેવાનો કોઇ ખાસ પ્રસંગે એકઠા થઇ શકતા હોય તેમ જણાતું નથી; પણ તેઓ દાખલો લઇએ તો લગ્ન જેવા સારા પ્રસંગોએ મળે છે, ત્યારે જ્ઞાતિને લગતી ચર્ચા કરે છે.

(૨) **પલ્લું:**—પલ્લાની રકમ રૂ. ૪૨૫) ની પંચે મુકરર કરી છે.

(૩) **વનિતા વિશ્રામઃ**—વિધવા બહેનો માટે વનિતા વિશ્રામ જેવી ઉપયોગી સંસ્થા અહીંઆં હયાતિમાં છે અને તેનો લાભ બે રીતે આપવામાં આવે છે. (૧) શિક્ષણદ્વારાએ જીવન સાદું અને પવિત્ર બને એવી ભાવનાઓ ખીલવવાને શિક્ષણ અને વાંચન. (૨) જીવનનિર્વાહ માટે ઘરગથ્થુ ધંધાઓ. આ દિશામાં આશ્રમની બહેનો, પાટી, ખાદી, મોજાં વગેરે તૈયાર કરે છે. આ સંસ્થાને આર્થિક મદદની ખાસ જરૂર જણાય છે.

(૪) **જમણવારને લગતા રિવાજોઃ**—બંધારણમાં લગ્ન તેમજ મરણ અને બીજા કોઇ પણ પ્રસંગમાં ન્યાતો ફરજીઆત કરવાનું નથી. અવસરે સૌ સૌની ખુશીમાં આવે તે ખર્ચ કરે. સાધારણ રીતે એક ન્યાતની પાછળ રૂા. ૨૫૦) થી રૂા. ૪૦૦) સુધીનો ખરચ થાય છે.

(૫) **કેળવણીઃ**—જ્ઞાતિનાં બીજાં બંધારણો કરતાં આ બંધારણમાં કેળવાએલો વર્ગ સારી સંખ્યામાં જોવામાં આવે છે. એકડાના બંને ગામોમાં હાઇસ્કુલો હોવાથી મિટ્રિક સુધી અભ્યાસ કરવામાં વિદ્યાર્થીઓને આર્થિક સ્થિતિ વિશેષે કરીને વિઘ્નરૂપ થઈ પડતી નથી. બંધારણમાં "ધી નાંદોદ ખડાયતા એસોસિએશન" ના નામે નાત તરફથી એક સંસ્થા છે. અને તે બંધારણના ગરીબ વિદ્યાર્થીઓને ફી તથા પુસ્તકો મફત પુરાં પાડે છે. આ એસોસીએશનના સેક્રેટરી મી. ચિમનલાલ પ્રેમાનંદ બક્ષી આ સંસ્થાની ઉત્સાહ અને ખંતથી સેવા બજાવે છે. સંસ્થાની પૈસા સબંધેની સ્થિતિ જોઇએ તેટલી સારી જણાતી નથી. આથી આર્થિક મદદને અભાવે કેટલાક વિદ્યાર્થીઓ કૅાલેજમાં જઈ શક્તા નથી. એવા દાખલાઓ પણ અહીંઆંથી મળી આવે છે. કેળવણીનું પ્રમાણ ગુજરાતી કેળવણી ૯૦ થી ૯૫, અંગ્રેજી ૫૦ થી ૬૦ ટકા, અને સ્ત્રી કેળવણી ૨૫ થી ૩૦ ટકા આંકી શકાય. કૅાલેજમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓમાંથી બહુ થોડા અને એક વજનદાર ગૃહસ્થના શબ્દોમાં કહું તો ભાગ્યેજ કોઇ વિદ્યાર્થીએ "માઇસોર, દામોદરદાસ સ્કોલરશિપનો લાભ લીધો હોય. આ માહિતીની સત્યતા ગમે તેવી હોય તેમજ તેમ બનવા માટેનું યોગ્ય કારણ ગમે તે હોય તો પણ એટલી વિગત તો મળેલી હકીકત ઉપરથી જણાઇજ આવે છે કે મદદના અભાવે અત્યાર સુધીમાં આ બંધારણ માંહેના લગભગ ૩૦ છોકરાઓએ ચાલુ અભ્યાસ મુકી દીધેલો છે. અહીંઆં સ્ત્રી કેળવણી જ્ઞાતિના બીજાં સઘળાં બંધારણો કરતાં સારી છે. એક ગૃહસ્થ તો જણાવે છે કે આ પ્રમાણ એટલું સારૂં છે કે કેટલીક વખતે તો હમોને લાયક વર મળી શકતા નથી.

ભરૂચ માટે બંધારણની કેળવણીનું પ્રમાણ વિશેષ સારૂં નથી. તેમ હોવાનું કારણ આર્થિક સ્થિતિ સારી નહિ હોવાનુંજ જણાઇ આવે છે. ભરૂચમાં કેળવણી ફંડને લગતી કોઇ યોજના હોય તેવું જણાતું નથી.

ભરૂચ માટે કેળવણીનું શરેરાશ પ્રમાણ ગુજરાતી કેળવણી ૬૦ થી ૬૫ ટકા અંગ્રેજી કેળવણી ૩૫ થી ૪૦ ટકા અને સ્ત્રી કેળવણી ૨૦ થી ૨૫ ટકા હોવાનું કહી શકાય.

અંધારણના કેળવાયેલા ગૃહસ્થો—ભરૂચ.

રા. શેઠ પ્રાણલાલ ત્રીભુવનદાસ ચોકસી, ઓનરરી મેજીસ્ટ્રેટ અને ચોથી ખડાયતા પરિષદ્‌ના સ્વાગત કમિટીના પ્રમુખ.

,, મોહનલાલ ગીરધરલાલ મઢીવાળા; મ્યુનિસિપલ કાઉન્સીલર ભરૂચ.

,, સાકરલાલ દામોદરદાસ પરીખ. બી. એ. એલએલ. બી હાલ, સેક્રેટરી બુલીઅન એસોસિએશન, મુંબઇ.

નાંદોદ

રા. જેકોશનદાસ વલ્લભદાસ મહેતા. નાયબ દિવાન, રાજપીપળા સ્ટેટ નાંદોદ

,, હરિલાલ જેકીશનદાસ પરીખ, બી. એ. ડેપ્યુટી પોલિટિકલ, એજન્ટ પાલણપુર

,, મગનલાલ જેકીશનદાસ મહેતા, બી. એ. એલ. એલ. બી. વકીલ નાંદોદ

,, મગનલાલ છોટાલાલભાઇ બી. એ. એલ. એલ. બી. મેનેજર નવસારી કોટન મીલ્સ કું. મુંબઇ.

,, માણેકલાલ મોતીલાલ દેશાઇ, બી. એ. એલ. એલ. બી વકીલ નાંદોદ.

,, માણેકલાલ પીતાંબરદાસ પારેખ એલ. સી. ઇ. મ્યુનિસિપલ ઓફીસ, મુંબઇ.

,, સુંદરલાલ મોતીલાલ દેશાઇ, એલ. સી. ઇ. સીટી ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ, મુંબઇ.

,, ચંદુલાલ અમરતલાલ મહેતા, બી. એ. એલ. એલ. બી. વકીલ નાંદોદ

,, બીખાભાઇ હરિવલ્લભદાસ મહેતા. મુનસફ, નાંદોદ.

,, દ્વારકાંદાસ જગજીવનદાસ બક્ષી. થાણદાર, નાંદોદ.

,, રા. ચંદુલાલ પીતાંબરદાસ પરીખ, એલ. એમ. એન્ડ એસ. ડૉકટર ઝઘડીઆ—નાંદોદ.

,, બીખાભાઇ બાવાભાઇ "રાજકહાનમના એકડામાં."

,, છગનલાલ હરિવલ્લભદાસ બક્ષી. વકીલ. નાંદોદ સ્ટેટ.

,, મગનલાલ ત્રીભુવનદાસ ગાંધી. વકીલ. ,,

,, કંચનલાલ છગનલાલ બક્ષી. પોલિસ પ્રોસીકયુટર નાંદોદ.

,, પ્રેમાનંદ છોટાલાલ શાહ. બી. એ. સાયન્સ ઇન્સપેકટર વડોદરા રાજ્ય મોદીખાના, વડોદરા.

,, ચિમનલાલ પ્રેમાનંદ બક્ષિ શિક્ષક નાંદોદ હાઇસ્કુલ. અને સેક્રેટરી ખડાયતા એસોસિએશન, નાંદોદ.

,, મગનલાલ વનમાળીદાસ મહેતા. એન્જ્યુ. ઇ. ની ઓફીસ ઉત્તર વિભાગ હાલ નડીઆદ.

,, ઓચ્છવલાલ મકનદાસ મહેતા શેર બજાર 'વર્ધમાન બ્રધર્સ લી.' મુંબઇ.

રા. ચિમનલાલ છોટાલાલ શાહ. બી. એ. રેવન્યુ ખાતાની નોકરી. ભરૂચ.
,, અમૃતલાલ વનમાળીદાસ મહેતા. બી. એ. શિક્ષક મહેસાણા હાઇસ્કુલ
,, મોતીલાલ નરસીંહદાસ મહેતા. શિક્ષક, નાંદોદ હાઇસ્કુલ.
,, માણેકલાલ રણછોડદાસ પરીખ. સ્નાતક. પ્રોપ્રાયટરી હાઇસ્કુલ, અમદાવાદ.
,, રમણલાલ ગીરધરલાલ પારેખ. બી. એસ. સી. મુંબઇ.
,, દશરથલાલ મગનલાલ પરીખ. નાંદોદ.
,, રતીલાલ વરજીવનદાસ પારેખ. ડેપ્યુટી સ્ટેશન માસ્તર વલસાડ.
,, ચીમનલાલ વરજીવનદાસ પારેખ. ,, નવસારી.
,, ચીમનલાલ ચુનીલાલ પારેખ. રીલીવીંગ સ્ટેશન માસ્તર. રતલામ.
,, કંચનલાલ પિતાંબરદાસ બક્ષી રીલીવીંગ સ્ટેશન માસ્તર. વસંતપુરા. પો. સાવલી.
,, સુંદરલાલ પીતાંબરદાસ પારેખ. શીગ્નલર વલસાડ.
,, ચુનીલાલ રૂગનાથદાસ ગાંધી. શિક્ષક નાંદોદ હાઇસ્કુલ.
,, કંચનલાલ નરોતમદાસ પારેખ. શિક્ષક ગવરમેન્ટ નોકરી.
,, રતનલાલ નરોતમદાસ પારેખ. શિક્ષક રાંદેર "ખાનગી સ્કુલ."
,, સાકરલાલ માણેકલાલ પારેખ. શિક્ષક નાંદોદ હાઇસ્કુલ.
,, સુંદરલાલ ગીરધરલાલ બક્ષિ. નોકરી જ્વેલસની લાઇનમાં, અમદાવાદ.
,, સાકરલાલ દલપતરામ ગાંધી. સે. બીસેન્ટ, ફ્રિ રીડીંગ રૂમ. નાંદોદ.

બંધારણના ઉત્સાહી યુવક બન્ધુઓ.

રા. ચંદુલાલ ચુનીલાલ પારેખ. નાંદોદ.
,, શીવલાલ નરોતમદાસ દેસાઇ. ,,
,, મુલચંદ મોતીલાલ દેસાઇ. ,,
,, મુલચંદ ગીરધરદાસ પરીખ, એન્જીનિયરીંગ કૉલેજ—વર્કશોપ, પુના.
,, સોમાલાલ જમનાદાસ પરીખ. પાડાપોળ ભરૂચ.
,, મદનલાલ ભોગીલાલ કોઠારી. એન્જીનિયરીંગ કૉલેજ, પુના.

સદ્ધર્મચારીણી બ્હેનો.

આચાર અને વિચારને વ્યવહારમાં મુકી સેવાના આદર્શ—સિદ્ધાન્ત તરફ વળીને નીચેની બ્હેનો આ બંધારણમાં સેવાધર્મનું કામ અવકાશે સારૂં બજાવે છે જે પૈકી સૌ. હસુબ્હેન સારૂ લખી પણ શકે છે.

સૌ. હસુમતિબ્હેન માણેકલાલ દેસાઇ. નાંદોદ
સૌ. ગીરજાબ્હેન રતનલાલ બક્ષી. ,,
સૌ. મણીબ્હેન અમરતલાલ પારેખ. ,,

ચંદનબ્હેન છગનલાલ બક્ષી. નાંદોદ
કાશીબ્હેન હરગોવીંદદાસ. ,,

(૬) સાહિત્યઃ—નાંદોદમાં "ફ્રી રીડીંગ રૂમ" ના નામે સાર્વજનિક લાયબ્રેરી છે. જેનું સેક્રેટરી તરીકેનું કામ જ્ઞાતિના રા. સાકરલાલ દલપતદાસ ગાંધી કરેછે. વાંચન તરફ લોકોની અભિરૂચી સારી જણાય છે. અને પ્રમાણમાં તેનો સારો લાભ લેવાતો હોવાનું જોઈ શકાય છે. જ્ઞાતિ તરફથી પણ ફ્રી સરકયુલેટીંગ લાયબ્રેરીની યોજના કરવામાં આવેલી છે જેનો ખાસ કરીને જ્ઞાતિની સ્ત્રીઓ સારા પ્રમાણમાં લાભ લઈ શકે છે. સાહિત્યના વિષયમાં અહીંના કેટલાક બંધુઓનું લક્ષ સારૂ હોવાનું જોઇ શકાય છે તે પૈકી નિચેના ભાઇઓની સેવા કામે વળ્યાનું જોઇ શકાય છે: અને તે ભિન્ન ભિન્ન રસ્તે પણ સાહિત્યની ઠીક સેવા બજાવે છે.

રા. હિરાલાલ છોટાલાલ બક્ષિ, મુંબઈ. "આ ગૃહસ્થનો થીઓસોફી તરફ સારો અનુભવ છે જેઓના તરફથી "પ્રેકટીકલ થીઓસોફી"નામના પુસ્તકનો અનુવાદ થોડાક સમયમાં પ્રસિદ્ધ થવાનું અમોએ જાણ્યું છે."

રા. પ્રેમાનંદ છોટાલાલ શાહ. "રસાયન પ્રવેશ" નામનું પુસ્તક હાલમાં બહાર પાડેલું છે. મોદીખાના, વડોદરા.

રા. મગનલાલ વનમાળીદાસ મહેતા. જુદાં જુદાં માસિકોમાં લેખો લખતા હોવાનું જણાય છે, સાથે સંગીત પણ સારૂં જાણે છે. તેઓએ મહાયુદ્ધમાં હિંદ સેવા–પુસ્તક બહાર પાડેલું છે.

રા. સુંદરલાલ પુરૂષોતમદાસ બક્ષિ. નાંદોદ.
રા. ચંદુલાલ ચુનીલાલ પરીખ. ,,

(૭) રાજકિયઃ—નાંદોદમાં મ્યુનિસીપાલીટી નથી પણ જ્ઞાતિનો મોટો ભાગ સ્ટેટ્ના કારોબારમાંજ જુદા જુદા કામોમાં રોકાઇ ગયેલો છે. એકંદરે આ સ્ટેટના રાજતંત્રમાં "ખડાયતા" સારો હીસ્સો લઇ શકે છે તેમ કહેવુંજ પડશે. ભરૂચમાં રા. પ્રાણુલાલ ચોકસી જ્ઞાતિના ઉત્સાહી ગૃહસ્થ છે. જેઓ સરકાર તરફથી ઓનરરી મેજીસ્ટ્રેટની પદવી ભોગવે છે. ચોથી ભરૂચની ખડાયતા પરિષદ્‌ને લઇને જેઓને અનુભવ હશે તેઓને આ ગૃહસ્થની ઓળખ આપવાની રહેતી નથી. રા. પ્રાણુલાલ જ્ઞાતિના કામમાં ઘણુજ હોંશીલા ગૃહસ્થ છે જેઓની સેવા મને યાદ છે તે રીતે વરસોની છે. ભરૂચમાં રા. મોહનલાલ ગીરધરલાલ મઢીવાળા ત્યાંની મ્યુનિસિપાલીટીમાં કાઉન્સીલર છે જેઓ એક ઉત્સાહી ગૃહસ્થ છે.

(૮) આર્થિકઃ—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ રીતે કેટલાક

ભાગની સારી છે. પણ સામાન્ય રીતે તપાસીએ તો જોઇએ તેટલી સારી હોવાનું તો કહી શકાશે નહિજ. તલ નાંદોદના માટે કેળવાએલા વર્ગનું પ્રમાણ સાધારણ રીતે સારૂં હોવાથી ત્યાં સ્ટેટમાં તેમજ સરકારી નોકરી કરતો વર્ગ સારો છે. પણ તે સિવાયનો મોટો ભાગ સ્થાનિક ધંધાઓમાં હોઇ તેઓની સ્થિતિ વિશેષ સારી જણાતી નથી. ભરૂચમાં ઘણાખરા ચોકસીના ધંધામાં છે. ઉપરાંત કેટલાક ગૃહસ્થો જમીનદારો હોઇ ખેતીના ધંધા ઉપર પણ ધ્યાન આપે છે. અને થોડોક ભાગ કાપડ, કરીઆણું નેસ્તી અને ધીરધારના ધંધા ઉપર પણ નિર્વાહ ચલાવે છે. વાર્ષિક આવક સાધારણ રીતે ૧૫૦ થી ૨૦૦ ગણી શકાય અને ખરચ પણ પ્રમાણમાં તેટલુંજ આંકી શકાય. એટલે થોડાંક સારાં કુટુંબોને બાદ કરતાં આર્થિક સ્થિતિ ઘણી સારી નહિ હોવાનું તો જરૂર કહી શકાશેજ. આ સંબંધે મને મળેલી વિગત વધારે હકીકત પાર પાડે છે કે, અત્રે જેઓ સ્થાનિક ધંધાઓમાં છે. તેવાઓ સ્થાનિક ધંધાઓ તરફ વિશેષ પ્રેમ નહી ધરાવતા હોવાથી તેમજ બીજા યોગ્ય ધંધાના અભાવે આર્થિક સ્થિતિ સારી નહિ હોવાથી બીજા ધંધામાં જોડાવાની ઈચ્છાએ બહારગામ જવાને ઘણા નીકળી શકે તેમ છે. લખનાર ગૃહસ્થે અહીઆં મને કેટલાંક નામ પણ પૂરાં પાડેલાં છે કે જેઓ મોટે ભાગે કેળવાએલા જુવાન બન્ધુઓ છે.

બંધારણ માંહેનો પ્રતિષ્ઠિત તેમજ વ્યાપારી વર્ગ.

રા. ધીરજલાલ ચુનીલાલ કોઠારી. ફર્સ્ટ ક્લાસ કોન્ટ્રાકટર, પ. વ. ડી. વડોદરા સ્ટેટ. કોઠી પોળ, વડોદરા.
,, શિવલાલ હરિવલ્લભદાસ મહેતા. જમીનદાર નાંદોદ.
,, છોટાલાલ પિતાંબરદાસ બક્ષી. ,, મુંબઇ.
,, મોતીલાલ પિતાંબરદાસ બક્ષી. ,, નાંદોદ.
,, છગનલાલ હરિવલ્લભદાસ બક્ષી. ,, ,,
,, માણેકલાલ પુરૂષોત્તમદાસ બક્ષી. ,, ,,
,, સાકરલાલ માણેકલાલ બક્ષી. રૂના વ્યાપારમાં, મુંબઇ.
,, માણેકલાલ ગોરધનદાસ ચોકસી. ઠે. પાડા પોળ, ભરૂચ.
,, છોટાલાલ મોતીલાલ બક્ષી. રૂના વ્યાપારમાં મુંબઇ.
,, સાકરલાલ દલપતરામ ગાંધી. કાપડના વહેપારી, નાંદોદ.
,, ચીમનલાલ દલપતદાસ ગાંધી. ,, ,,
,, રતનલાલ મોતીલાલ બક્ષી. ખેતી અને રૂનો વ્યાપાર. નાંદોદ.
,, ધીરજલાલ પિતાંબરદાસ બક્ષી. વિમાના દલાલ ભરૂચ.
,, ગાંધી મુળજીભાઇ અમથાભાઇ લાકડાંના વ્યાપારી, નાંદોદ.

સૂચનાઓ.

બંધારણના વહીવટ સંબંધે:—બંધારણમાં બન્ને ગામોનો વહીવટ બન્ને ગામના આગેવાનો જુદો જુદો કરતા હોવાથી, કેળવણીનું પ્રમાણુ સારૂ હોવાથી અને શેઠાઇના નામે સત્તાનું જોર વિશેષ નહીં હોવાથી, વહીવટ સંબંધી વિશેષ ખામી જણાતી નથી; છતાં પણુ કમિટિના ધોરણે બંધારણનો વહીવટ કરવાની પદ્ધતિ ફાયદો કરતા થઇ પડશે; એવું હમો માનીએ છીએ.

સામાજીક અને સામાન્ય.

વિધવાશ્રમ:—બંધારણમાં કેળવાએલો વર્ગ સારો હોવાથી વિધવાશ્રમની જરૂરીયાત તેઓની ધ્યાનમાં ઉતરેલી હોઇને તે પ્રમાણે આશ્રમ સ્થપાયું છે. તે હર્ષની વાત છે. બાળલગ્નની દુષ્ટ રૂઢીનો ભોગ થઇ પડેલી અને પોતાના દુર્ભાગ્યે વૈધવ્ય પ્રાપ્ત થયેલી દુ:ખી બ્હેનોને તેમનું જીવન સાદું અને પવિત્ર બને અને સંસારની વિટંબણાઓથી મુક્ત થવાય તેવો ઉપાય યોજવો પોતાની ફરજ હોવાનું બંધારણનો કેળવાએલો વર્ગ સમજતો થયો છે; અને યથાશક્તિ પ્રયત્ન પણ કરી રહ્યો છે. તેનું આ કોમને માટે અનુકરણીય દૃષ્ટાન્ત નાંદોદે પાર પાડયાનું કહી શકાશેજ. અમોને મળેલી ખબર પ્રમાણે આ સંસ્થા નાણાંના અભાવે પગ ભેર હોવાનું જણાતું નથી અમો આ સંસ્થાના કાર્યવાહકોને સૂચના કરવાને ખંચાતા નથી કે તેઓ કોમની આગળ આ દુ:ખી બ્હેનોને દિલાસો મળે, તેઓનું જીવન વધારે આધ્યાત્મિક બને, અને તેઓ યોગ્ય શિક્ષાના પ્રભાવે આદર્શ બ્હેનો નીવડે કે જેઓ કોમમાં પોતાના ઉજવળ જ્ઞાને આ દિશામાં કોમની બીજી બ્હેનોને જ્ઞાન લાભ આપી આદર્શ બ્હેનો બનાવે, તેવી ઉચ્ચ ભાવનાએ આ સંસ્થાને વધારે ખીલવવામાં સંસ્થાના કામ કરનારાઓ, કોમની આગળ નાણાંની યોગ્ય માગણી મૂકશે તો હું ધારૂં છું કે, કોમ તેને ટેકો આપ્યા સિવાય રહી શકશે નહિં.

કેળવણી—બંધારણનાં બન્ને ગામોમાં હાઇસ્કૂલો હોવાથી પ્રાથમિક શિક્ષણ ન મેળવવાને હરકત પડતી હોવાનું જણાતુ નથી: છતાં પણ જો કોલેજમાં જતાં મદદનાજ અભાવે આગળ નહીં જઇ શકાતુ હોયતો તે સ્થિતિ વિશેષ શોચનિયજ ગણાય. બંધારણના ગૃહસ્થોએ આ તરફ સત્વરે અને તેટલું વહેલું ધ્યાન આપવું ઘટે છે.

રાજકહાનમના દશા ખડાયતાના એકડાનું બંધારણ.

ગામની સંખ્યા	ગામ.	ઘર	આ ગામે પ્રતિષ્ઠિત ગૃહસ્થ.	પોસ્ટ અને નજીકની રેલ્વે.
૧	રણાપોર	૧૩	શેઠ પિતાંબર દુર્લભદાસ	પો. સાંઢલી, તા. કરજણ વાયા મીયાગામ
૨	કોંડીઆ	૧૩	શેઠ જેઠાલાલ મોતીલાલ	,,
૩	વણાકપોર	૧૨	,, પિતાંબર બહેચરદાસ ,, શીવલાલભાઇ દુલભદાસ	પો. સ્ટે. રાજપારડી અંકલેશ્વર થઇને
૪	રાજપારડી	૧૪	,, લલ્લુભાઇ નરોતમદાસ	,,
૫	મીયાગામ, કરજણ	૪	,, માણેકલાલ લલ્લુભાઇ	પો. સ્ટે. મીયાગામ બી. બી.
૬	અડોલ	૨	શાહ લખમીદાસ વલ્લવદાસ	પો. સ્ટે. પાલેજ તા. લુકે કરજણ
૭	સારીંગ	૩	શેઠ કાળીદાસ દલપતરામ	,,
૮	કોલીઆદ	૩	,, માણેકલાલ અમથાલાલ	,,
૯	કલાં	૧	,, હરીલાલ ત્રિભોવનદાસ	પો. સ્ટે. ચોરંદા વાયા મીયાગામ, કરજણ
૧૦	બચાર	૮	શાહ પિતાંબરદાસ મોતીલાલ	,,
૧૧	પાદશાહપરા	૭	શેઠ મોરારદાસ વિઠ્ઠલદાસ	પો. પાદશાહપરા સ્ટે. પાલેજ
૧૨	નાંદોદ	૧	શા. ભીખાભાઇ આવાભાઈ	નાંદોદ
૧૩	બકાપોર	૧	,, મગનલાલ વિઠ્ઠલદાસ	પો. સ્ટે. પાલેજ
૧૪	છંછવા	૧	,, લલ્લુભાઇ નરસીંહદાસ	પો. ચોરંદા તા. કરજણ
૧૫	વાસણા (દીવાનજીનું)	૨	,, ત્રીભોવન ભગવાનદાસ	પો. સ્ટે. રાજપારડી, વાયા અંકલેશ્વર તા. ભાલોદ

૧૬	ઈદોર	૧	શા. વલ્લવદાસ વનમાળીદાસ	પો. સ્ટે. રાજપારડી, વાયા અંકલેશ્વર તા. ભાલોદ
૧૭	વેરૂગામ	૮	,, ગોરધનદાસ લાલદાસ	,,
૧૮	ઉમલ્લા	૯	,, ત્રીકમલાલ નરોતમદાસ	પો. સ્ટે. ઉમલ્લા, વાયા-અંકલેશ્વર
૧૯	સંજાલી	૪	,, પિતાંબરદાસ રઘનાથદાસ	પો. સ્ટે. રાજપારડી.
૨૦	ફીમરવા	૨	,, પુરશોત્તમ ત્રિભોવનદાસ	,, ઉમલ્લા
૨૧	મરસાડ	૧	,, જગજીવનદાસ દ્વારકાંદાસ	,,
૨૨	સારસા	૧	,, મુલજી ગોવીંદદાસ	,,
૨૩	અવીધાં	૭	,, દામોદર રણછોડલાલ	પો. સ્ટે. અવીધાં અંકલેશ્વર થઇને
૨૪	પોરા	૨	,, ગીરધરલાલ મોતીલાલ	પો. સ્ટે. ઝઘડીઆ અંકલેશ્વર થઇને
૨૫	જરસાડ	૨	,, છગનલાલ લખમીદાસ	પો. ભાલોદ સ્ટે. રાજપારડી
૨૬	સરભાણ	૨	,, લલ્લુભાઇ નાથાભાઈ	પો. મીયામાતર, વાયા-પાલેજ
૨૭	સણીઆદ	૧	,, વલ્લવ દામોદર	પો. સ્ટે. પાલેજ
૨૮	ઝણોર	૭	,, વિઠલદાસ ગીરધરદાસ	પો. ચમારગામ. બી.બી
૨૯	ઝઘડીઆ	૦	,, હરિલાલ મોતીલાલ	પો. ઝગડીઆ, વાયા-અંકલેશ્વર
૩૦	હરીપુરા	૧	,, માણેકલાલ આશારામ	પો, પરતાપનગર વાયા-અંકલેશ્વર
૩૧	વેચાર	૧	,, સોમાલાલ ગોરધનદાસ	પો. ચોરંદા, વાયા-મીઆગામ
૩૨	નવાપુરા	૧		વાયા-સુરત. ટાપ્ટીવેલ રેલવે.

બંધારણની માહિતી.

આ બંધારણમાં કુલ ૩૨ ગામ અને ૧૪૧ ઘર છે. આ એકડો 'રાજ–કહાનમ' ના નામે ઓળખાય છે. એકડાના બંધારણના ગામો કહાનમમાં નર્મદાના કિનારા ઉપર લગભગ અર્ધમાં આવેલાં છે; અને બાકીના બી. બી. સી. આઇ. રેલવેના અંકલેશ્વરથી નાંદોદ જતી લાઇનના પેટાગામોમાં આવેલાં છે. નર્મદાના કિનારા ઉપર આવેલાં ગામો 'કહાનમ' માં આવેલાં ગણાય છે. અને નાંદોદ તરફનાં ગામો 'રાજ' માં આવેલાં ગણાય છે. તેથી આ આખો એકડો 'રાજકહાનમ' ના નામે ઓળખાય છે. કહાનમમાં જવા માટે મીઆગામ સ્ટેશને ઉતરી, માલસર જતી રેલ્વેમાં બેસો ચોરંદા, વેચાર ઉતરી જવું પડે છે: ત્યારે રાજમાં જવા માટે અંકલેશ્વરથી નાંદોદ લાઇન મારફતે જવાય છે.

બંધારણમાં આજથી લગભગ ૧૮ વર્ષથી બે તડ પડયાં છે. બન્ને તડો એકત્ર કરવા માટે વચમાં કેટલાક ગૃહસ્થોએ પ્રયત્ન કર્યો હતો; પણ પક્ષાપક્ષીને લીધે કંઇ સારૂં પરિણામ આવ્યું નથી. બન્ને તડમાં પંચને લગતા કામના પ્રસંગોમાં આગેવાનો મારફતેજ કામ કરવામાં આવે છે. 'કહાનમ' ના તડમાં કુલ ૮૧ ઘર છે. જ્યારે 'રાજ' ના તડમાં ૬૦ ઘર છે. કહાનમનું તડ 'રાજકહાનમ' ના નામે ઓળખાય છે; જ્યારે 'રાજ' વાળાઓનું તડ 'વણાકપોર' ના નામે ઓળખાય છે. બન્ને તડમાં જૂદા જૂદા ગામના આગેવાનો નીચે પ્રમાણે છે.

		ગામ.
(૧) રાજકહાનમનું તડ.	શેઠ જેઠાલાલ મોતીચંદ,	કોંકાઆ
	પિતાંબરદાસ દુર્લભદાસ	રણાપોર
	લલ્લુભાઇ નરોતમદાસ	રાજપારડી
	ત્રિકમલાલ નરોતમદાસ	ઉમલ્લા
	પિતાંબરદાસ મોતીલાલ	બચાર
(૨) વણાકપોરનું તડ.	શેઠ લલ્લુદાસ નરોતમદાસ	ઝગડીઆ
	,, ગોવર્ધનદાસ પિતાંબરદાસ	વણાકપોર
	,, રણછોડલાલ જેકીશનદાસ	કરજણ

પંચનો વહિવટ દરેક ગામના આગેવાનો મળીને કરે છે. વહિવટ માટે અમુક કોઇ શેઠ નથી. સઘળાઓ મળીને વહિવટ કરે છે. મુખ્ય જેવા આગેવાનો ઉપર પ્રમાણે છે.

સામાજીક અને સામાન્ય.

(૧) કન્યાની છત અછત:—બંધારણુમાં કન્યાની છત સારી છે. બન્ને તડો વચ્ચે કન્યાની આપલે કરવાની છૂટ છે; પણ કુલ્લે ઘરની સંખ્યા ઓછી હોવાના લીધે કન્યાની આપલે કરતાં ગુંચવાવું પડે છે. પરિસ્થિતિ વધારે વખત આવીજ ચાલુ રહેશે તો વ્યવહાર એકજ ગોત્રમાં અને નજીકની સગાઇના સંબંધમાં કરવોજ પડશે. સ્થિતિ ઉપર પ્રમાણેની નજીક આવતી જતી હોવાથી તેમ નહીં કરતાં, એક બે વિચારશિલ ગૃહસ્થોએ તો હાલમાં નાંદોદ, અને સુરતના બંધારણુમાં એકડા બહાર આપવાની સારી શરૂઆત કરી છે; પણુ આ દાખલો અપવાદજનકજ ગણાય, કારણુ આવા દાખલાઓ હમેશાં બે રીતેજ થતા હોવાનું અનુભવી શકાય છે. (૧) વિક્રય કરીને એકડા બહાર આપવાનું. (૨) જેઓને પોતાના એકડામાં આપવાનું યોગ્ય સ્થળ નહોય અને તેવાઓ પૈસા સંબંધી સારી સ્થિતિ ધરાવતા હોય તો પોતાના એકડાવાળા એકડા બહાર કહાડયાના ગુન્હા માટે પાંચસો, હજાર દંડની રકમ લે તે ભરી આપીને. આ બન્ને રીતે એકડા બહાર આપવાનો વ્યવહાર અપવાદજનક બને છે. જો કે આમાં પહેલા જણાવેલા કારણુ મુજબ વિક્રય કરીને પૈસા લેનાર તો આ જ્ઞાતિમાં હવે તેવી સંખ્યા હયાતિ ધરાવતી નથીજ એવું કહીશું તો ચાલી શકશે; પણુ અત્યારે જ્ઞાતનાં જૂદાં જૂદાં ઘણા બંધારણોમાં સ્થિતિ પરત્વે આપવાનું યોગ્ય સ્થળ નહિ હોવાથી દબાયે ચંપાયે પોતાનાજ બંધારણુમાં વ્યવહાર જોડવો પડે છે. આમ બનવું વધારે શક્ય એટલાજ માટે થઇ શકે છે કે, કાંતો તેવાઓ દંડ ભરી છૂટવાની શક્તિમાં નથી હોતા, અથવા તો જાહેર હિમતની ખામીવાળા હોય છે. હાલની આ સ્થિતિ આપણી જ્ઞાતિના એકે એક બંધારણુને લાગુ પડે છે. પણુ આ બંધારણે જ્યારે તેવી શરૂઆતજ કરી છે તો તેઓએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને જેને જ્યાં ફાવે ત્યાં આપલેનો વ્યવહાર શરૂ કરી નાંખવો જોઇએ: છતાં જો તેમ નહીં બની શકે તેમ હોય તો સાંભળવા પ્રમાણે બધારણુવાળાઓ બીજા એકડા સાથે જોડાવાને ચાહે છે, તે તજવીજ કરી લેવી જોઇએ.

(૨) કુળવાન અકુળવાનની માન્યતા:—કૂળવાન અને અકૂળવાનની માન્યતા આ એકડામાં મુખ્ય વિચાર ધરાવતી હોય એવું જણાઇ આવતું નથી; એટલે કૂળવાન સાધારણુ રીતે સારી સ્થિતિવાળાજ ગણાય છે. વર અને કન્યા વચ્ચે લગ્ન માટે અમુક વર્ષનું અંતર હોવું જોઇએ

એવો પંચ તરફનો કોઇ ઠરાવ નથી. પ્રાધાન્યતઃ કેળવણી ઘણી પાછળ છે, તેથી વિચાર સુધારણા પણ વિશેષ થયાનું જોઇ શકાતું નથી. બાળલગ્નો પ્રમાણમાં વધારે થતાં હોવાનું જણાય છે.

(૩) **સાટાં તેખડાંઃ**—વિક્રય તથા સાટાં ત્રેખડાં કેટલેક દરજ્જે થતાં હોય તેવું જોવામાં આવે છે. આનું વિશેષ ના બને તે સારૂં પંચે ખર્ચ પૂરતી રકમ વરવાળા પાસેથી રૂા. ૪૦૦ ચારસો સુધીની લેવાની પણ છૂટ આપેલી છે.

(૪) **પલ્લાની રકમઃ**—પલ્લાની રકમ પંચ તરફથી રૂ. ૮૨૫ ની ઠરાવવામાં આવી છે, પણ આ નિયમ પળાતો જોવામાં આવતો નથી; આ રકમ વધીને હાલમાં રૂા. પંદરસોથી બે હજાર સુધીની વધ્યાનું જોવામાં આવે છે.

(૫) **વિધવાશ્રમઃ**—ઉપર જણાવ્યા પ્રમાણે પલ્લાની રકમ બીજાં બંધારણો સાથે સરખાવતાં સારી છે એટલે વૈધવ્ય પ્રાપ્ત બહેનોને આજીવીકાના સાધન માટે વિશેષ હરકત આવી શકે નહી. તોપણ તેઓનું જીવન વિશેષ સગવડતા ભર્યું થાય અને જીવન પવિત્રપણે નિર્ગમન કરે એ માટે તેવું સાધન થાય તો થોડીક સંખ્યા તેનો લાભ લેનાર તરીકે નીકળી શકે ખરી.

(૬) **જમણવારઃ**—બંધારણમાં લગ્ન તથા મરણ પ્રસંગની ન્યાતો ફરજીઆત હતી. પણ જણાવવાને હર્ષ થાય છે કે-એવા ફરજીઆત વરા બંધ કરવામાં આવ્યા છે. ખરેખર! આવા પ્રશંસનીય સુધારાને માટે આગેવાનોને ધન્યવાદજ ઘટે છે. વિશેષમાં સીમંતની ન્યાત તથા મોસાળુ કરવાનો રિવાજ હતો તે પણ હાલમાં બંધ કરવામાં આવેલ છે.

(૭) **રડવા કુટવાનો રિવાજઃ**—આ રિવાજ સાધારણ રીતે દરેક બંધારણમાં છેજ, છતાં અહીંઆં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. આપણી હાલની સ્થિતિ તો એવી જણાય છે કે-હજુ સારો ફેરફાર થવાને તો કેટલાંકે વર્ષો નીકળી જશે.

(૮) **કેળવણીઃ**—આ બંધારણ કેળવણીમાં બહુ પછાત છે. આશરે ચાર પાંચ ગૃહસ્થો મેટ્રિક સુધી અંગ્રેજી ભણેલા હશે; ગુજરાતી કેળવણીની સરેરાસ પણ ૪૦ થી ૫૦ ટકા કહી શકાય સ્ત્રી કેળવણી તો બીલકુલ છેજ નહી. આનાં મુખ્ય કારણો બંધારણનો મોટો ભાગ ગામડાઓમાં

વસતો હોવાથી ભણવાના સાધનનો અભાવ અને બાળલગ્નો છે. બહાર જવાનાં સાધનોના અભાવને લીધેજ ઘણાખરા વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ ટુંક સમયમાંજ પૂરો કરવો પડે છે. ગુજરાતી નિશાળો ઘણુંખરાં ગામડાઓમાં છઠ્ઠા ધોરણ સુધી છે, અને કેટલીક જગોએ જ્યાં નથી ત્યાં આગળ ગામ તરફથી બ્રાહ્મણ રાખીને હજુ પણ જૂની પદ્ધતિએ શિક્ષણ અપાય છે. અંગ્રેજી ભણવાનું સાધન ફક્ત એકાદ બે ગામડામાં છે, અને તે પણ નહિં જેવુંજ છે એમ કહીએ તો ચાલે. બંધારણના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ બાંધવાનું સ્થળ 'કરજણ અને કોરલ' અનુકૂળ થઇ પડે તેમ છે. એકડાના આગેવાનો કેળવણીને ઉત્તેજન આપવાને ધારે તો તેમ કરી શકે તેમ છે, કારણ પંચની લગભગ દશબાર હજારની રકમ શીલીકમાં છે, આ રકમ જ્ઞાતિના અમુક માણસોને ત્યાં જમા છે, અને તેઓ દાદ દેતા નથી તેવી વિગત હમોને હકીકત લખનારાઓએ પૂરી પાડી છે. આ વિગતની ખાત્રી માટે હમોને કેટલીક વિશેષ માહિતી મેળવતાં જણાવેલી વિગત ખરી હોવાનું જણાયું છે. હાલમાં આ મૂળ રકમ વધીને લગભગ ત્રીસેક હજારની થઇ છે અને તે ખોરંભેજ પડી રહેલી છે.×

× ઉપરની અને અન્ય સ્થળે ચર્ચાએલી આવી વિગતો ઉપરથી એવા સાર ઉપર આવવું પડે છે કે–જ્ઞાતિમાં વધતો જતો કલહ (કંકાસ) સીધી રીતે કેળવણી અને તેવાં બીજા સુધારાના કેટલાક કામોને અંતરાયરૂપ નીવડે છે. આમ બનવાનાં સ્વાભાવિક કારણોમાં એક કારણ એવું પણ જણાઇ આવે છે કે જ્ઞાતિમાં તડા પડતાં કેટલાક તેનો વહિવટ કરનારાઓ કે જેની નીચે કોમના પૈસા દબાયલા હોય છે તેવાઓ પોતાની સ્થિતિ સારી હોય છે તો આવા પૈસા ઓછા વ્યાજે વાપરવા મળતા હોય તે ચાલુ રહી શકે; અથવા તો જેઓના ત્યાં જમા હોય તેઓની સ્થિતિ દબાયલી હોય તો તે કહાડી આપવા પડે, આ અધમ વૃત્તિનો વિચાર પોષાયેથી તેવાઓ તડો પડેલાં હોય છે તો સંપ કરવામાં વિઘ્નરૂપ નીવડે છે.

ખાસ કરીને તો અત્યારનાં આપણાં સઘળાં બંધારણોની સ્થિતિ વધારે બગડતી આવતી તેથીજ અનુભવી શકાય છે કે–ન્યાતનાં કામો કરનારાઓ ઉપર સીધી કે આડકતરી રીતે પણ તેવાઓ તેવું કામ કરતાં અટકી શકે, તેવી અસર ઉપજાવી શકવાનું આપણી પાસે એક પણ યોગ્ય સાધન નહી હોવાથીજ સ્થિતિ વધારે બગડતી આવે છે, અને તે સુધરી પણ શકતી નથી. જો કે, આ કામ જ્ઞાતિનું પત્ર કેટલેક દરજ્જે પાર પાડી શકે, પણ કહેવાને હરકત નથી કે, અત્યારનું પ્રસિદ્ધ થતું 'માસિક' સીધી રીતે કોઇને જવાબદાર નહિ હોવાથીજ, તેના હાલના તંત્રીના શબ્દોમાં સ્વીકારવામાં આવતી ન્યાતની આ મુડીનો વ્યય વિચાર વગર પણ થયા કરે છે, અને કેટલાક દાખલાઓમાં તો તેની હદ લંબાઇને

આર્થિક સ્થિતિઃ—અંધારણનો મોટો ભાગ ધીરધાર તથા નેસ્તીનો ધંધો કરે છે. વાર્ષિક આવક માણસ દિઠ રૂા. ૧૦૦ થી ૧૫૦ સુધીની

તે પત્ર એટલે સુધી નીચે જતું જોવામાં આવે છે, કે પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોનું ધ્યેય શું છે અને તેમાં રજુ કરવામાં આવતી વિગતો અને ટીકાઓ કયો હેતુ સિદ્ધ કરી શકે છે, અને તેથી અન્યજનો તેને માટે શું અભિપ્રાય બાંધી શકે છે; તેનો ભાગ્યેજ વિચાર કરવામાં આવતો હોય !

મારા વિચાર પ્રમાણે આમ બનતું સહજ એટલા માટે થઈ પડે છે કે–લખનારાઓ પોતાની ઉપર કોઇ જાતનો દાબ નહીં હોવાથી પોતાની કલમનો મનસ્વી રીતે ઉપયોગ કરવાની પ્રસંગ પુરતી ખોટી છુટ મેળવે છે. આ સ્થિતિમાં હાલતો જોઈ શકાય છે કે જ્ઞાતિનું માસિક એક વ્યક્તિગત્ મીલકત જેવું થઈ પડયું છે, અને તેનો ઉપયોગ પણ તેમજ થાય છે. કોમનું આ માસિક જે વિચારો પોષાયેથી મૂળ સ્થિતિમાં શરૂ કરવામાં આવ્યું હતું; ત્યારે ભાગ્યેજ એવું કલ્પવામાં આવ્યું હોય કે તે તેની પ્રસિદ્ધીના ધ્યેયથી પણ તે છેટે જશે, પણ સમય જ્યારે નવા પાઠો શીખવે છે ત્યારે એવું ઘણુંજ જાણવા મળે છે; અને તેથી અનુભવમાં ઉમેરો થઈ શકે છે તેની ભાગ્યેજ વિચાર કરનારાઓ ના પાડી શકે.

માસિકની ઉત્પત્તિ, તેની રાખવામાં આવેલી પોલીસી, તેને ચલાવનારાઓ તરફથી કરવામાં આવેલો અને આવતો ઉપયોગ, પ્રસિદ્ધ થતા લેખોની જવાબદારી તેના રાખવામાં આવેલા ધ્યેયને સંભાળી શકાય તે માટેની કીલ્લેબંધી, અને જેઓએ તેને ચલાવ્યું કે ચલાવે છે તેઓએ તેને પોતાની અંગત માલીકી (કહેવામાં આવે છે તેમ જ્ઞાતિની મુડી ફક્ત શબ્દોનીજ) માની લીધાથી કોમને ગયેલી કે જતી ખોટ આ સઘળું તેમજ તેનો હાલમાં કરવામાં આવતો ઉપયોગ અને તેનું કામ કરવા રૂપે જાહેરમાં આવેલું દષ્ટિબિંદુ આ સઘળી વિગતો કોમની આગળ ખરા સ્વરૂપમાં જ્યારે આવી શકશે, ત્યારે ધારી શકાય છે કે માસિક તેના ઉત્કર્ષનો વેગ વધારવાને નવીનજ પ્રકાશ પાડશે, તો પણ આ સામાન્ય ચર્ચા અહીંઆં લીધી છે તેના હેતુનો વિચાર કરતાં હું એજ બતલાવવા માગું છું કે માસિક અને તેના અંગે કામ કરવા મલેથી પોતેજ અંગીકૃત કરેલ પદવી "લેખક"+ના પદવી ભૂષણ ભાઇ શેઠ જ્ઞાતિની સ્થિતિનો સામાન્ય નજરે પણ અભ્યાસ કરશે તો તેઓને લખવાનું એવું ઘણું મળી આવશે કે તેઓને જ્ઞાતિની મુડીનો સીધો ઉપયોગ કરવાને જૂદા જૂદા અનેક માર્ગો જડી આવશે અને તેમ થયેથી માસિકને કાર્યસાધક બન્યાનું જોઇ શકાશે. હું અહીંયાં વધારે સ્પષ્ટ કરવા માગું છું કે–મારી આ ટીકા જેઓને લાગુ પડી શકતી હોય તેઓ ટીકાના આ સાચા સ્વરૂપને અંગત ટીકા હોવાનું સમજી લેવાની ભૂલ કરી લે નહીં.

ઉપરનો વિચાર રજુ કરતાં કરવામાં આવેલી ચર્ચાને અંગે માસિક કોમની ઉન્નતિના વિધ વિધ પ્રયત્નોમાં પોતાનો યત્ ફાલો આપી શકે તો, તે જ્ઞાતિનું

+ ભરૂચની કોન્ફરન્સની સબ્જેક્ટ કમિટીના દ્રશ્ય ઉપરથી.

ગણાય; અને ખર્ચ પણ તેટલુંજ થાય છે. મુખ્યત્વે કેળવણીનો અભાવ હોવાથી કમાવાના જૂનાં સાધનો ઉપર આધાર રાખવાનો હોવાથી, અને આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી મોટા પાયા ઉપર વેપાર જવલ્લેજ કરવામાં આવે છે, પરિણામે ધંધામાં કસ નહીં હોવાથી આવક ઘટતી જાય છે. અને મોંઘવારીને લીધે ખર્ચ વધતું જતું હોવાથી આર્થિક સ્થિતિ ધીમે ધીમે બગડતી જાય છે. બંધારણની આર્થિક સ્થિતિ એકંદરે બીજાં ઘણાં ખરાં બંધારણોના મુકાબલે ઠીક ગણાતી હતી. જેઓનો મુખ્ય વ્યાપાર ગામડાઓનો કપાસનો અને ખેતીનો હતો. આ સ્થિતિ સાચવી શકાઇ ત્યાં સુધી તો સ્થિતિ સારી હતી; બંધારણના કેટલાક ગૃહસ્થો તો સારા શ્રીમંત પણ ગણાતા પણ લડાઇ અને ત્યાર પછીના વર્ષોમાં દેશમાં પૈસા કમાવા નિમિતેનું જૂદું વાતાવરણ ઉભું થયું જેઓ સધન ગણાતા હતા તેવાઓ વધારે લોભી દશામાં ઉતરીને સટ્ટાની લાઇનમાં વધારે ઉતરી પડયા. અને અત્યારે તો સ્થિતિમાં એટલો બધો ફેરફાર જોઇ શકાય છે કે શ્રીમંતાઇ ભાગ્યેજ કહેવા પુરતી પણ રહી હોય! આ સ્થિતિનો મારો અનુભવ તો ઉમેરેજ છે કે આર્થિક સ્થિતિ ઘણા લોકોનો તદ્દન

ઘાણું ઉપયોગી કાર્ય કરી શકે એટલે આ સવાલમાં પણ તે તડો પડતા અટકાવી શકે, અથવા તો પડેલાં સંધાઈ જવામાં પણ સહાયક બને, છતાં કોમની હાલની પરિસ્થિતિનો સઘળી બાજુથી વિચાર કરતાં હું એવો અભિપ્રાય રજુ કરવાના સાર ઉપર આવી શક્યો છું કે આ કોમને માટે દરેક પેઠાતડો, તડો, એકડાઓ કે જૂદા જૂદા ગોળના ઉપર અંકુશ રાખવાની દ્રષ્ટિએ નહીં પણ તે તે બંધારણો કે ગોળવાળાઓ પોતે બાંધેલા કાયદાઓ કે કરેલા સુધારાઓ સરખી રીતે પાળી શકે છે કે નહીં અથવા તો તે નહીં પાળવામાં જવાબદાર વ્યક્તિઓ કેટલે અંશે કયા પ્રાધાન્ય કારણોએ દૂર જાય છે તે જોવા અર્થે, અને તેવું ખરૂં જાણવાને મળેથી તેવાઓ ઉપર ભાઇચારાની દ્રષ્ટિએ તેમને પ્રેમથી જીતી લઇએ તેવી જાતની અસર ઉપજાવી શકાય તેવું કાર્ય પાર ઉતારવાને સઘળા એકડાઓનું જ્ઞાતિની સંસ્થા તરીકેનું એક "મહામંડળ" આપણે સ્થાપી શકીએ તો જ્ઞાતિ હિતના એવા ઘણા ઘણા પ્રશ્નોનો ઉકેલ સહેલાઇથી કરી શકીએ કે—જે વરસોનાં વરસો, પરિષદ ભર્યાજ જઇએ તેમાં જે નહી કરી શકીએ તે આવી સંસ્થા મારફતે વધારે સહેલાઈથી અને ઝડપથી તેમજ સંગીન રીતે ઘણું કરી શકીએ. આપણી કોમ માટે આવા એક મંડળની જરૂરીઆત સ્વીકારવાનો વિચાર રજુ કરવા તરફ હું ખાસ ભાર મુકું છું. આથી આ મહત્વના વિષયનું વિશેષ વિવેચન હું આ વિગતો ઉપરના પ્રસ્તાવમાં હવેના બીજા પુસ્તકમાંજ પુરૂ કરવાને ચાહું છું.

ઢીલીજ પડી ગઇ છે, અને તેની અસર અનુભતો કહે છે કે ચારિત્ર્ય ઉપર પણ નબળી ઉતરી છે.

વિશેષમાં આ બંધારણ માંહેના ઘણાખરા સભ્યો ભગવદીય વૈષ્ણવ અને તેઓમાંના જેઓ પૈસેટકે સુખી છે તેઓને માથે સ્વતંત્ર રીતે શ્રીઠાકોરજીની સેવા બીરાજે છે. આ ગૃહસ્થો પૈકી શેઠ શીવલાલ દુર્લભદાસને માથે, વણાકપુરમાં એક મંદિર છે, અને તેઓશ્રી ઠાકોરજીની સેવા પુષ્ટી વૈભવથી સારી રીતે કરે છે. પારડીમાં પણ આવું એક મંદિર છે અને તે ત્યાંના વૈષ્ણવો નિભાવે છે.

(૧૦) **સાહિત્ય** આ બંધારણના કોઇ પણ ગામે લાઇબ્રેરી નથી. અને સાહિત્યની દૃષ્ટિએ લખનાર પણ કોઇ નથી.

(૧૧) રાજકીય. આ વિષયમાં કોઇ રસ લેતું હોય તેમ જોવામાં આવતું નથી.

બંધારણના કેળવાયલા ગૃહસ્થો.

નામ	રહેવાસી	હાલ
રા. મનમોહનલાલ બહેચરદાસ	કરજણ	નાંદોદ સ્ટેશન માસ્તર
રા. અમૃતલાલ ગોવીંદરામ	,,	મીઆગામ ડેપ્યુટી સ્ટે. માસ્તર
રા. જેઠીશનદાસ માણેકલાલ	,,	સ્ટેશનની નોકરી વીરમગામ
રા. હરકિશનદાસ માણેકલાલ	,,	ગુડસ કલાર્ક અમદાવાદ
રા. સોમાલાલ ગોરધનદાસ	અચાર	,, વીરમગામ
રા. માણેકલાલ લલ્લુભાઇ	,,	તલાટી વડોદરા રાજ્ય
રા. મોહનલાલ કરસનદાસ	,,	હેડમાસ્તર ,,
રા. અમૃતલાલ વનમાળીદાસ	,,	ફ. આ. માસ્તર અચાર

સૂચનાઓ.

બંધારણ નાનું હોવા છતાં તેમાં બે તડ છે. તડ પડવાનું કારણ વણાકપોરના ગૃહસ્થોએ બીજા એકડામાં કન્યા આપ્યાનુંજ જણાય છે. થોડાક સમય ઉપર એકત્ર કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલો પણ પક્ષાપક્ષને લીધે સારૂં પરિણામ આવ્યું નહિ. આ માટેનો સરળ રસ્તો તો એજ છે કે બન્ને પક્ષના આગેવાનો પોતાના પ્રમાણિક દાવાઓ ત્રાહીત સમક્ષ રજૂ કરીને તેઓ જે ઇન્સાફ આપે, તે કબૂલ રાખે. જો આ રીતે

હાલનું બંધારણ સંપી જાય તો અને સંપતુંજ ઇષ્ટ છે તો પંચની મોટી રકમ ખોરંભે પડેલી છે તે જલદીથી ભેગી થશે અને કેળવણીને ઉત્તેજન આપવાનું કામ ઘણું સહેલું થઇ પડશે કે જે વધતાં આર્થિક સ્થિતિ થોડોક સમય જતાં પણ આબાદ થઇ શકશેજ.

સામાજિક. બંધારણમાં ઘોડીઆમાંથી વર ઝડપાવવાની માન્યતા કેળવણીના અભાવને કારણે જેવીને તેવી છે. બીજે બને છે તેમ સારી સ્થિતિવાળું ઘર જતું રહેવાની બીકથી પણ કજોડાં થાય છે તેવું અહિં પણ થાય છે. 'બાળલગ્ન' થી નીપજતાં માઠાં પરીણામ જોવામાં આવતા હોવા છતાં રિવાજોમાં ફેરફાર થતો નથી એ કોમને નીચે પડવાનુંજ સૂચવાય છે. બંધારણમાં બીજા કેટલાક એકડાઓમાં છે તેમ વર અને કન્યાની લગ્નની વયમાં ઉમરનો તફાવત જરૂર ઠરાવવો જોઇએ છે.

કન્યાવિક્રય તથા સાટાં:—બંધારણમાં સાધારણ રીતે કન્યાઓની છત છે. તો પણ થોડાક દાખલામાં વિક્રય તથા સાટાં થાય છે. આ માટે મોડાસા દશા ખડાયતાના બંધારણમાં થએલા સુધારા આ બંધારણના આગેવાનો ધ્યાનમાં લઇ તે અમલમાં મૂકાશે તો સાટાં તેખડાં અને વિક્રય બંધ થઇ શકશે ખરો, જ્યારે હલકામાં હલકી કોમો પણ આ દિશામાં ઉંચું સ્થાન ભોગવે છે. ત્યારે આપણો દરજ્જો અને યોગ્યતા આપણે વિચારવી તો જરૂર ઘટે છે. દરકતોને ઓળંગવી એજ કસોટી અને મોટપણ છે.

કેળવણી:—બંધારણમાં કેળવાએલો વર્ગ બહુ ઓછો છે. તેથી કેળવણીને ઉત્તેજન પણ આપવામાં આવતું નથી. બોર્ડિંગ માટે સગવડ કરી આપવા તથા સ્કોલરશિપો વિગેરે આપવા માટે રૂ. વીસેક હજારનું ફંડ છે, છતાં બેદરકારી, સ્વાર્થ, અને સંકુચિતપણુંજ કેળવણી નહી વધવામાં કારણભુત માની શકાય છે. પંચની તકરારનો ગમે તે સરળ રસ્તે નીવેડો લાવીને બંધારણના આગેવાનો જો તેઓ પોતાની આ ફરજ ચૂકતા જણાતા હોય તો નાતના સમગ્ર પંચે એકત્ર થઇને આ રકમ ભેગી કરવાનો પ્રયાસ કોમના બાળકોના હિતની દ્રષ્ટિએ કરવો જોઇએજ, અને પહેલું તો પ્રાથમિક શિક્ષણ વધે તેવી યોજના બને તેટલી ત્વરાએ ઉપાડી લેવી જોઇએ. બંધારણમાં બોર્ડિંગની આવશ્યકતા જણાય છે અને તે માટે કરજણ અથવા ડોરલ અથવા બન્ને સ્થળો સગવડતા વાળાં છે. ગમે

તે સ્થિતિમાં પણ બંધારણના આગેવાનોએ આ જરૂરિઆતો પહેલી પૂરી પાડવી જોઇએ.

સાહિત્ય—બંધારણમાં વાંચનના ફેલાવાની આવશ્યકતા પ્રથમ દરજ્જે ઉભી થયાનું ગણી શકાય. હમો આ સંબંધમાં યોગ્ય બંદોબસ્ત કરવાને બંધારણના આગેવાનોને ખાસ વિનંતિ કરીએ છીએ.

આર્થિક—બંધારણની આર્થિક સ્થિતિ હાલતો સારી નથીજ. લડાઇ પછીના વખતથી ઘણુંકો રૂ અને બીજા સટ્ટાની લાઇનમાં પણ ઉતરી ગયાનું આપણે જાણ્યું, જો ઘસાતી સ્થિતિ ખોટા મોભામાં દબાવી રાખવામાં આવે નહીં, જ્યાંથી અને જ્યારથી ખોટનું તત્વ જાણવામાં અને સમજવામાં આવ્યું, ત્યારથી તે બદીને દૂર કરવા તરફ મન પરોવવામાં આવે, ખોટા મોભાને મૂકી દેવામાં આવે અને અસલ ગામડાઓનોજ વ્યાપાર અને જેઓ જમીનદાર છે તેવાઓ ખેતી જેવા ધંધા તરફ વળે તો સ્થિતિનો આબાદી તરફ પલટો થયા સિવાય જરૂર રહી શકે નહીજ આમ હોવા છતાં પણ સાથે કેળવણી વધવાનો પ્રયાસ તો જરૂર કરવો પડશેજ.

યુવકમંડળ:—આ બંધારણ માટે ઉત્સાહી અને કેળવાયેલા ભાઇઓનું સુધારાઓ કરવા નિમિત્તે એક મંડળ ઉભું થવાની હમો આવશ્યકતા જરૂર વિચારીએછીએજ.

શિક્ષણમાં ભાવનાઓનો વિકાસ.

ઉપનિષદ્ કહે છે કે, આત્મતત્વ જાણવા માટે બુદ્ધિની સૂક્ષ્મતા જોઇએ, પણ બુદ્ધિની સૂક્ષ્મતા એટલે પાંડિત્ય નહિં; મને લાગે છે કે જે બુદ્ધિની સૂક્ષ્મતા ઉપનિષદોમાં સૂચવાઈ છે તે, ભાવનાઓના અતિશય વિકાસથી બુદ્ધિમાં જે સૂક્ષ્મતા આવે છે તે.

ઉચ્ચ આદર્શો ઘણા રાખે છે; પણ એ આદર્શોને થોડાજ મનુષ્યો પહોંચી શકે છે; બુદ્ધિ અને મન વચ્ચે વારંવાર ઝઘડો અનુભવવો એ સામાન્ય સ્થિતિ છે. એ ઝઘડાઓનું કારણ ભાવનાઓના વિકાસની ખામી છે.

'નવજીવન'

કાઠીઆવાડ વિભાગના દશા ખડાયતાનું બંધારણ.

અનુક્રમ નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	શીલબંદર	૧૩	જવરાજ રાઘવજી ચત્રભુજ જગજીવન	માંગરોલ થઇને
૨	નાંદરખી	૮	નારણ ઝીણા. હાલારી	C/o શેઠ જવરાજ રાઘવજી. શીલ.
૩	ચંદવાણા	૧૦	પ્રેમજી હરખચંદ	,,
૪	તલોદરા	૨	પ્રેમજી કબા	,,
૫	મેણજ	૫	કેશવજી મેઘજી	,,
૬	ગોરજ	૨	નાનજી ચત્રભુજ	,,
૭	દીવરાણા	૪	કપુરચંદ વસનજી મનજી ધરમસી	,,
૮	દરસાલી	૨	ગોરધન કેશવજી	,,
૯	ખીરસરા	૯	પુંજાભાઇ હરીદાસ	માંગરોલ થઇને
૧૦	ચર	૫	લખમીચંદ વણારસી,	C/o શેઠ જવરાજ રાઘવજી. શીલ
૧૧	ધસારી મોટી	૩	નેમચંદ પ્રેમજી	,,
૧૨	ભાટની સીમરોલી	૨	માવજી વણારસી	માંગરોલ થઇને
૧૩	આવાની સીમરોલી	૪	હંસરાજ જીવન	માંગરોલ, ભાટની સીમરોલી થઇને
૧૪	પીખોર	૧	શામજી રાઘવજી	C/o જવરાજ રાઘવજી. શીલ
૧૫	ઢેલાણા	૨	વાલજી રામજી	માંગરોલ થઇને
૧૬	હુશેનાબાદ	૧	ગોરધન દામજી	,,

૧૭	માંગરોલ	૧૨	દામજી હરજી વલ્લભદાસ હરજીવન	માંગરોલ થઇને ,,
૧૮	ચીંગરીઆ	૧	નાનજી ત્રીકમ	C/o જવરાજ રાઘવજી શીલ
૧૯	નગીચાણા	૨	શામજી ઝીણા	,,
૨૦	મંગલપુર	૩	કચરા પ્રમાણંદ	,,
૨૧	આખા	૧	હંસરાજ વીરજી	પોસ્ટ કણજા (Kanja)
૨૨	ટીકર	૧	પ્રેમજી પરશોતમ	,,
૨૩	સારંગપીપળી	૧	રણછોડ સુંદરજી	સ્ટે. વંથળી થઇને
૨૪	કોયલાણા	૨	શામજી પુરૂષોત્તમ	પોસ્ટ શીલ. મારફત
૨૫	વંથળી	૧	સુંદરજી કરમચંદ	વહિવટી ઑફીસ વંથળી તાર, પો. અને સ્ટેશન છે.
૨૬	માંડવા	૨	આણંદજી લાધા	મુ. શીલ મારફત
૨૭	પસવાળી	૨	જુરા લાધા ઓધવજી કેશવજી	,,
૨૮	જુનાગઢ	૪	કેશવજી કબા વસનજી કેશવજી	નવા નાગરવાડા, ગણેશ કૂણીઆ—જુનાગઢ શ્રીનાથજીના ડેલામાં ,,
૨૯	ટીંબડી	૨	લખમીચંદ હીરાચંદ	જેતલસર જંક્શન થઇને
૩૦	ભેસાણ	૫	દ્વારકાંદાસ દેવચંદ	ભેસાણ. વાયા જેતપુર સ્ટે.
૩૧	મોટા કોટડા	૮	કરસનદાસ જશરાજ ગોકલદાસ વાલજી	સ્ટે. બીલખા થઇને
૩૨	નાના કોટડા	૬	ગોરધન દામજી	,,
૩૩	વીજાવડ	૨	જાદવજી શામજી મોતીચંદ રતનશી	સ્ટે. ચાવંડ થઇને
૩૪	વિસાવદર	૧	મથુરાદાસ ગોરધનદાસ	હવેલીના મકાનમાં વીસાવદર
૩૫	વિરપુર (હાલ સરસઇ)	૧	ગોકળદાસ ભવાન	વિસાવદર થઇને C/o શેઠ મથુરાદાસ ગોરધનદાસ

૩૬	નુનાડા	૧	ઝીણા વણારસી	શેઠ જવરાજ રાઘવજી. શીલ
૩૭	કેશોદ	૨	પ્રાગજી પ્રેમજી	વહીવટી કચેરી. કેસોદ
૩૮	વેરાવળ	૨	હંસરાજ હીરાચંદ	પાટણ દરવાજા પાસે વેરાવળ
૩૯	શેંપુ	૧	જાદવજી ગોવીંદજી	શેઠ દામજી હરજી મારફત, માંગરોલ
૪૦	પોરબંદર	૫	રામજી મેઘજી નાનજી ગોકળદાસ હંસરાજ ભાણજી	દાણામારકીટ પાસે પારેખ ચકલો દાણામારકીટ પાસે } પોરબંદર
૪૧	ઉમરાવતી	૨	બાલાચંદ મોતીચંદ	સ્ટેશન પાસે (બીરાર)
૪૨	મુંબઈ	૧૮	ડૉ. જશભાઈ કેશવજી	જી. આઈ. પી. નું માટુંગા મુંબઈ
			ગાંધી માવજી જીવન	ભુલેશ્વરકબુતરખાનાપાસે ,,
			ગોકળદાસ મુલજી	નવીવાડી ચીરાબઝાર ,,
			મનજી ધરમસી	મહારાજનો ભોઈવાડો ,,
			નથુ જીવન	સી. પી. ટેન્ક ,,
			વિઠલદાસ રણછોડ	હનુમાન ગલી ,,
			પરમાણંદ અમુલખભાઈ	C/o એન. સી. દલાલ સોલીસીટર ,,
			રામજી સુંદરજી	નવીવાડી ચીરાબઝાર ,,
૪૩	કલકત્તા	૧૦	કરસનદાસ નરસી નારણજી રતનશી રાયચંદ હેમચંદ	૪૯ ઇઝરાસ્ટ્રીટ
૪૪	તીરપુર	૧	રાવસાહેબ વિઠ્ઠલદાસ આણંદજી	તીરૂપુર 'મદ્રાસ પ્રેસીડેન્સી'
૪૫	પંડ્યાણી	૧	ગોકળદાસ હરીદાસ	પંડ્યાણી (મલબાર)
૪૬	ગોકુળમથુરા	૧	પરશોતમ કચા	ગોકુળ મથુરાં
૪૭	બીલખા	૧	કરશનજી પ્રેમજી	બીલખા (જુનાગઢ થઈને

આફ્રિકા.

૪૮	આસ્મારા	૧	જમનાદાસ કેશવજી	C/o રામજી દીયાર એન્ડ તારાચંદ Asmara
૪૯	બેરાબંદર	૧	દેવચંદ નાનજી	મસીકિસ-ઇસ્ટ આફ્રીકા
૫૦	સુવાકીન	૨	હરીદાસ જાદવજી દામોદર પ્રાગજી વલ્લભદાસ માધવજી	C/o શેઠ ભગવાનદાસ ગણેશ સુવાકીન રેડ સી-આફ્રીકા

ઉપર મુજબની વિગતથી બંધારણમાં લગભગ ૫૦ ગામોમાં થઇને જ્ઞાતિનાં ૧૭૫-૮૦ લહેણું અને ૧૪૦ ઘરની વસ્તી છે.

આ તરફના જ્ઞાતિલાઓમાં દશા અને વિશા જૂદા ગણવા તરીકેનો કોઇ ભેદ નથી, જો કે આ બંધારણની વસ્તીનો મોટો ભાગ દશા ખડાયતાઓનો ગણાય છે, પણ તેમાં જુજ ઘર વિશાનાં પણ છે, અને તે સઘળાઓ એકજ સમુદાયના ગણાય છે. કન્યા આપલે કરવાનો વ્યવહાર પણ ભેગોજ છે.

આ આખું બંધારણ કાઠીઆવાડ અને સોરઠ એમ બે વિભાગ મળીને થએલું છે. કાઠીઆવાડ વિભાગમાં જુનાગઢ, બિલખા, નાના તથા મોટા કોટડા, વીછાવદર, વિરપુર, સરસઇ, વીછાવડ, ભેસાણુ, અને ટીંબડી એ ગામો આવેલાં ગણાય છે, જ્યારે બાકીનાં સઘળાં ગામો "સોરઠ"માં આવ્યાનાં ગણાય છે. આ સઘળાં કાઠીઆવાડમાં આવેલાં ગામોમાં જવાને જુનાગઢથી બીલખા સ્ટેશને ઉતરીને જવાય છે અને સોરઠમાં જવાને જુનાગઢથી કેશોદ સ્ટેશને ઉતરીને જવાય છે; સિવાય થોડાં ગામો માંગરોલની નજીકમાં પણ છે. માંગરોલ જવાને કેશોદનું સ્ટેશન અનુકૂળ છે અને ત્યાંથી માંગરોલ જવાને મોટર સરવીસ પણ છે.

બંધારણનાં બધાં ગામોમાં પોસ્ટ ઓફીસ નહીં હોવાથી તેવાં ગામો માટે નજીકનાં ગામો મારફતે ટપાલ પહોંચાડી શકાય છે. પોસ્ટવાળાં

ગામોની માહિતી ગામના ટેબલની સામે જણાવેલી છે. તાર ઓફીસ, માંગરોળ, વેરાવળ, પાટણ, જુનાગઢ, બીલખા, પોરબંદર, વંથળીના ગામોએ છે.

બંધારણની માહિતી.

બંધારણનું મુખ્ય ગામ શીલબંદર ગણાય છે. તેનો વહીવટ ત્યાંના શેઠ જીવરાજ રાઘવજી હા. મંગ કાલીદાસ જીવરાજ, ખીરસરા, ધસારી, ચંદવાણા, માંગરોલ, મોટા કોટડા, નાંદરખી, વિગેરે ગામોવાળા સાથે મળીને કરે છે. કન્યાઓ આપવા લેવાનો સઘળો વ્યવહાર બંધારણ પરત્વેજ છે. બંધારણમાં કોઇ પેટા બંધારણ કે તડ નથી. નાતનો વહીવટ બધા મળીને કરવાનું ધોરણ છે અને તેવું વર્તવામાં પણ આવે છે. છતાં ભાઇ પરમાનંદદાસ તરફથી આ બંધારણની આંતરિક સ્થિતિને લગતી જે વિગતો "આ બંધારણમાં જરૂરના સુધારાઓ કરવાના હેતુએ" બહાર પાડેલી છે તે જોતાં બંધારણનું કામ પદ્ધતિસર ચાલતું હોય તેમ તો કહી શકાશે નહીંજ.

સામાજિક સ્થિતિ.

(૧) કન્યાની છત-અછતઃ—બંધારણમાં કન્યાની છત સારી છે. સાટાં, ત્રેખડાં અને વિક્રય જૂજ દાખલાઓમાં થાય છે. પણ વિક્રય કરનાર માટે સખ્તમાં સખ્ત સજા "વ્યવહાર–પંક્તિ બહાર" મૂકવાની ઠરાવેલી હોવાથી તેના ઉપર સખ્ત અંકુશ મુકાયો છે. લગ્નની વય અને ઉમરનું છેટું રાખવાનો કોઇ ઠરાવ નથી, છતાં લગ્ન કરવાની વયનું સામાન્ય વલણ કન્યાની ઉમર ૧૧ થી ૧૫ અને વરની ઉમર ૧૫ થી ૨૦ વર્ષની લેવામાં આવે છે. આમ હોવા છતાં જૂજ દાખલાઓમાં બાળલગ્નો થાય છે. અને તેમાં કેટલીક વખતે ઉમરનું કજોડું પણ થાય છે. બંધારણમાં એક હયાત હોવા છતાં તેના ઉપર બીજી કન્યા આપવાની મનાઇ છે.

(૨) કુળવાન અકુળવાનની માન્યતાઃ—આ માન્યતા બંધારણમાં હોવાનું જોઇ શકાતું નથી. ઘર અને વરનીજ પસંદગી કરવામાં આવે છે.

(૩) પલ્લાની રકમઃ—આ રકમ ફક્ત સો રૂપિઆની ઠરાવવામાં આવેલી છે, જે હાલની સ્થીતિ વિચારતાં વધારવાની જરૂર ઘણીકો સ્વી-

કરે છે, છતાં આર્થીક સ્થીતિ સારી નહીં હોવાના કારણેજ તેમાં વધારો કરી શકાતો નથી. વિધવાની આજીવિકાનું સાધન જાતમહેનતની રોજી ઉપર છે. સાધારણ રીતે અહીંઆં તેવી બહેનો દળવાનું, ખાંડવાનું, છાણાં ભેગાં કરવાનું કે થાપવાનું વિગેરે મજુરી કરીનેજ પોતાનો ગુજારો પુરો કરે છે. પણ તેમાં એ દેશની આર્થીક સ્થીતિ સારી નહીં હોવાથી સૌ કોઇ પોતાની જરૂરીઆતો પોતેજ પુરી કરી લેતું હોવાથી તેવી રોજી પણ તેઓને મળી શકતી નથી. આ સ્થીતિને લઇને આવી બાઇઓ બીજા કુટુંબોમાં રસોઇ અને ઘરના કામકાજની રોજી ઉપર વધારે હોવાનું જાણુ ઉપર આવ્યું છે. બંધારણમાં આવી બાઇઓ હાલમાં વીશેક હોવાનું જણાય છે. જેઓ ત્યાં ખાઇપીને રહેતાં માસીક ત્રણ ચાર રૂપીઆમાં પોતાનો નિર્વાહ પુરો કરે છે.

(૪) વનિતા વિશ્રામઃ—નિરાધાર સ્ત્રીઓ માટે અહીંઆં કોઇ જાતનો આધાર નથી. વૈધવ્ય દશાને પામેલી બહેનો પોતાના નિર્વાહનું સાધન ઉપર જણાવ્યા પ્રમાણેની મજુરી વિગેરેથી પુરૂ કરી લે છે, જ્યારે અહીંઆં કામ કરવાને તદ્દન અશક્ત અને લાચાર બાઇઓ કેટલીક છે. જેઓને નિર્વાહનું કંઇ પણ સાધન નથી. આ દયામણી સ્થીતિને લઇને હાલમાં ભાઇ પરમાનંદદાસે નાતના ફંડમાંથી તેવાઓને મદદ કરવાની જ્ઞાતિજ્ઞાઓને ખાસ અપીલ કરી છે, પણ કાંઇ થયું હોય તેમ જણાતું નથી. આ બંધારણને લગતા તેઓએ પ્રસિદ્ધ કરેલા પત્રવ્યવહાર ઉપરથી એવું જાણવાને મળ્યું છે કે નાતના પૈસા જેઓને ત્યાં છે તેઓ ખાઇ બખ્યા જેવી સ્થીતિમાં દાદ દેતા નથી. આ સ્થીતિમાં નાતમાં નાતના પૈસા હોવા જ્યાંએ પણ "ગરીબનો બેલી રામ" સિવાય અન્ય કોઈ હોય તેવું જણાતું નથી. બંધારણમાં વિધવાની સંખ્યા લગભગ ત્રીસેકની ઉપર છે જ્યારે સ્ત્રી અને પુરૂષ બંને મળીને જેઓને નિરાધાર કહી શકીએ તેવાઓની સંખ્યા લગભગ પચાસની હશે.

(૫) જમણવારઃ—લગ્ન અને મરણના કોઇ પણ પ્રસંગમાં ફરજીઆત ન્યાત કરવામાં આવતી નથી. સૌ કોઇ પોતપોતાની શક્તિ અનુસાર ખરચ કરીનેજ પ્રસંગ સાચવે છે.

(૬) રડવા કૂટવાનો રિવાજઃ—સ્થિતિ જણાવનાર વિશેષ દુઃખદ અને હૃદયભેદક જણાવે છે.

(૭) **કેળવણી**:—બંધારણની કેળવણી સંબંધીની સ્થીતિ ઘણી લાચાર છે. હાલની સ્થીતિ નબળી હોવાનું કારણ બંધારણનાં ચાર છ ગામ મૂકીને લગભગ બધાં ગામોમાં ગુજરાતી ભણવા માટેની પ્રાથમિક, નિશાળ પણ નહીં હોવાથી, કેળવણી લેવાનું કંઇ પણ સાધન નહીં હોવાથી; તેમજ આર્થીક સ્થીતિ નબળી હોવાનું જણાય છે. લખનાર વિગત જણાવે છે કે લગભગ ૬૦ ટકા જેટલો મુખ્ય ભાગ આર્થીક સ્થીતિ સારી નહીં હોવાના કારણે તેમજ સ્કૂલનું સાધન નહીં હોવાથી અભ્યાસ કરી શકતો નથી. આ સ્થિતિના નિવારણાર્થે એકાદ બે ઉત્સાહી બંધુના ખાસ પ્રયાસથી બંધારણના "માંગરોલ" ગામે કે જે સ્થળ બંધારણના કાઠીઆવાડ વિભાગના આ જ્ઞાતિના જુદાં જુદાં ગામડાંઓને અનુકૂળ પડતું હોઇ અને ત્યાં અંગ્રેજી શિખવવાનું સાધન હોવાથી એક "બોર્ડીંગ હાઉસ"ની સં. ૧૯૭૩ ના વર્ષથી શરૂઆત કરવામાં આવેલી છે. હાલ જો કે તે બોર્ડીંગ હાઉસ એક સંસ્થા તરીકેજ ઉભું છે. એટલે કહેવાને ઘણોજ ખેદ થાય છે કે તેની સ્થિતિ વિશેષ નરમ હોવાનું જણાય છે. શરૂઆતમાં આ બોર્ડીંગના પ્રચાલકોએ ધાર્યું હતું કે કેળવણી જેવા વિષયમાં પોતાના બંધારણમાંથી યોગ્ય ફાળો મેળવતાં ખૂટ પડશે તો કોમની આગળ તેની સ્થિતિ અને જરૂરીઆત મૂકવાથી મદદ મેળવી શકાશે. કામ કરનારાઓ જણાવે છે કે શરૂઆતમાં અમોને પ્રોત્સાહન સારૂં મળ્યું તેમજ નાતના અમુક ગૃહસ્થોને સ્થીતિ સમજાવતાં હમોએ અપીલ કર્યાનો જવાબ વાળવામાં આવ્યો પણ ખરો, છતાં હાલની સ્થીતિ તેઓ ઘણી લાચાર જણાવે છે, અને હકીકત પાર પાડતાં તેઓ જણાવે છે કે—મ્હારની મદદ માટેની મળેલી ખાત્રીઓ નિરર્થક નીવડી છે. સખેદ તેઓ જણાવે છે કે અમારૂં આખું બંધારણ આર્થીક સ્થીતિમાં નબળું હોવાથી શક્તિના પ્રમાણમાં મદદ હોવા છતાં આ સંસ્થાને પૈસાની મદદના અભાવે પગભર કરી શકાઇ નથી. આ સ્થીતિમાં અત્યારે બંધારણની વસ્તીના કુલ ભાગમાંથી છોકરાઓને રાખવાનો પ્રબંધ કરી શકાય તો દાખલ થઇ શકે તેવા છોકરાઓ લગભગ ૩૦ થી ૪૦ નીકળી શકે, અને ગુજરાતી પાંચમી ચોપડીમાંથી ઉઠી ગએલા ફરીથી દાખલ થઇ શકે તેવા લગભગ ૨૦ થી ૨૫ નીકળી શકે. હાલમાં આ બોર્ડીંગમાં ફક્ત છ છોકરીઓજ શીખે છે. જેમાં ત્રણ ફ્રી બોર્ડરો હોવા છતાં ત્રણ પેઇંગ છે. પેઇંગ તરીકે રહેનારા સઘળા બોર્ડરો પાસેથી તેઓ હાલમાં ફક્ત માસીક રૂપીઆ ચાર લે છે. ત્યારે રૂા. ૮ થી ૯ એક છોકરા માટે તેઓને ખરચ આવે છે. આ રીતે

ખુટતી રકમ સ્થાનિકના બહારગામ રહેતા રહેવાસીઓથી હાલમાં પુરી કરવામાં આવે છે, અને તેઓ આ ખુટતી રકમ પુરી કરવાને પહોંચી નહીં વળતા હોવાથી બીજા છોકરાઓને દાખલ કરી શકતા નથી. જેઓ હાલ છે તે પણ નીભાવી શકાશે કે કેમ તે પણ ખાત્રી ભર્યું નથી. બંધારણની આર્થીક સ્થીતિ નબળી હોવાનો ખ્યાલ એજ રીતે આપી શકાય કે કેળવણી મેળવવાના આ મુખ્ય કામમાં માત્ર ચાર રૂપીઆ બોર્ડીંગના ખરચના આપવાના તે પણ અહીંવાળાઓને ભારે પડે છે. બોર્ડીંગ માંહેના ૭ છોકરાઓમાં ત્રણ ફ્રી બોર્ડરો આજ સ્થીતિમાં રાખવા પડયાનું તેઓએ જણાવેલું કારણ મને પણ યોગ્ય હોવાનું સમજાય છે. આ સઘળી સ્થીતિ ઉપર વિચાર કરતાં ગ્નાતિ સમસ્તના સુખી અને ધનિકોને અપીલ કરવી જરૂરની થઇ પડે છે કે—આ કાર્ય ફરજનું હોવા છતાં બીજેથી અપીલ થવા મુજબ દાન કરવાની સંસ્થા ગણી લઇએ અને જેઓ આવી વૃત્તિ પોષીને પણ આવાં છાત્રાલયોને મદદ કરે છે તેઓ યોગ્ય વિચારી શકશે કે, જરૂરીઆત વધારે જણાતી હોય કે જેઓને યોગ્ય રીતે મદદ કરવી વધારે જરૂરની છે તેવો વર્ગ મદદ માટે પહેલો હકદાર છે, અને આપણે જો દાનવૃત્તિ પોષાયેથી આવી સંસ્થાઓને મદદ કરતા હોઇએ તો જેમ બીજે કરીએ છીએ તેમ અપંગ આંધળાં અને શક્તિહીનને પહેલું દાન કરીએ છીએ, તેમ આ સંસ્થાને પહેલી યાદ કરવાનું જરૂર વિચારી શકીએજ, છતાં હું તો ભારપૂર્વક એજ જણાવવાને ઇચ્છું છું કે, આપણે કોમનું આ કાર્ય દાનવૃત્તિથી કરી છુટીએ તે કરતાં ફરજ વિચારીને પાર પાડીએ તેજ વધારે ઇષ્ટ છે; અને મને વિશ્વાસ છે કે કોમમાં ફરજની લાગણી તેના ખરા સ્વરૂપમાં બરપા પામશે ત્યારે ભીખથી જે થશે તે કરતાં લાગણી અને ફરજથી થએલાનો પ્રકાશ કોઇ ઓરજ જામશે.*

---

* થોડાક સમય પૂર્વે અમદાવાદની ખડાયતા બોર્ડીંગને મદદની જરૂર છે એ રીતે તેણે કોમની આગળ કરેલી અપીલ, દાનના સ્વરૂપમાંજ મદદ મેળવી લેવાની મેં જોઇ ત્યારે મારા હૃદયની લાગણી દુઃખાયાનો પાર રહ્યો નહોતો. હવે તો આવા શબ્દોથી માગણી કરવાનું કાર્ય સાધારણજ થઇ પડયું છે. વિચારતાં મને સમજાય છે કે, આ સ્થીતિ ફરજ સ્વીકારવાના અંતરાયનેજ આભારી છે, અને ખરેખર હાલની સ્થિતિમાં કોમ અને તેનાં વહાલાં બાળકોને 'મનુષ્યોને' પોતાની ફરજનો ખ્યાલ બેઠેલો હોત તો જરૂર દાનની દ્રષ્ટિએ આવી સંસ્થાઓને નીભાવવાનો પોકાર કરવો પડે છે તે પડતજ નહીં. હું દાનવૃત્તિ એ દાન અને ફરજ આ બંન્નેને અમુક સ્વરૂપમાં જુદાંજ કલ્પું છું. જેમ સેવાભાવ અને અમુક માટે

કેળવણી ફંડ:—માંગરોળની બોર્ડીંગ એ સ્વ. જ્ઞાતિ તરફથી કરવામાં આવેલા કેળવણી ફંડનુંજ એક મુખ્ય અંગ છે. જેની પાસે હાલ લગભગ રૂા. ૧૫૦૦) પંદરસોનું ફંડ છે. આ બોર્ડીંગનો વહીવટ હાલમાં રા. ગોકળદાસ વલ્લભદાસ કરે છે, કે જેઓ જ્ઞાતિના આ કામમાં ઘણી સારી મહેનત લે છે. આ બોર્ડીંગ લગભગ છ વર્ષથી ચલાવવામાં આવે છે.

(૮) **આર્થિક સ્થિતિ:**—બંધારણની આર્થિક સ્થિતિ ઘણી નબળી જણાય છે, સાધારણ રીતે વ્યાપાર, નેસ્તી અને ગામડાઓ સાથેની ધીરધારનો છે; જેમાં એક ગૃહસ્થ પોરબંદરમાં શેઠ રામજી મેઘજી વહાણ ભાડે આપવાનો અને વ્યાજ વટંતરનો ધંધો કરે છે. કેટલોક ભાગ કલકત્તા અને મુંબાઇમાં નોકરી છે. થોડોક ભાગ આફ્રિકામાં પણ છે. બહાર જનારાઓની આર્થિક સ્થિતિ સાધારણ રીતે સારી છે, ગામડાઓની સ્થિતિ સારી નથી. સ્થાનિક રહેવાસીઓ સો, પોણોસો રૂપીઆ વરસના મળ્યા એટલે પત્યું ગણી સંતોષ માની લે છે, ખરચ પણ એટલામાં પુરૂ થાય એટલે સ્થિતિનું માપ કહાડીને કમાવાનો લોભ કરે નહી. લોભ કરે, તોપણ સાધન હોય નહીં એટલે જ્યાંના ત્યાં, એકંદરે આર્થિક સ્થીતિ નબળી છે.

પડેલું કહાડે છુટકો એ બંને વચ્ચે જેટલો ફરક જણાય, તેટલુંજ તે બંનેમાં પણ છેટું છે. એ વિગેરેથી હું એવા વિચાર ઉપર રહેવાને માગું છું કે આપણી હાલની જુદી જુદી સંસ્થાઓમાં પણ કામ કરનારાઓએ સેવાભાવ અને ફરજના ખ્યાલ તરફ સમાજને વાળી શકાય તેવોજ વધારે જરૂરનો પ્રયત્ન કરવો જોઇએ. અલબત્ દ્રષ્ટિભેદે કે જુદાં જુદાં કારણોએ કામ કરનારાંઓને કદાચ આ ભાવની ન્યુનતા જણાતી હશે તોપણ આ કોમની અત્યારના માટેની એકંદર સ્થીતિ તો મને એવો ખ્યાલ પુરો પાડે છે કે આ કોમ માટેની સર્વ લોકહિત સંસ્થાઓમાં કાર્ય કરનારાઓ પોતે આવાં કામો પાર પાડવાને કટીબધ નહીં હોવાથી અને તે પરત્વે વિશેષત: પોતે સ્વીકારેલી ફરજનું કાર્ય પાર ઊતારવાને બેદરકાર હોવાથીજ કોમની આવી સંસ્થાઓને ટેકો મળી શકતો નથી. હું આ સંબંધે અન્યત્રે વિશેષ જણાવવાને ઈચ્છતો હોવાથી અહીંઆં વિશેષ લખતો નથી. છતાં આ કથન પુરૂ કરતાં કોમની હાલની સ્થીતિ માટે એજ લખવું યોગ્ય વિચારૂં છું કે, હે પરમ-પુનિત પરમદયાળુ શ્રીહરિ ! મારી આ વહાલી કોમને માનસિક ક્ષુદ્રતા, મિથ્યાભિમાન, મગરૂરી, મિજાજ, "હુંજ ખરો—હુંજ કાંઇક છું" એવી વૃત્તિવાળું અભિમાન, જેઓ માનને લાયક હોય તેઓને માન નહીં આપવાની વૃત્તિ, અન્ય તરફ અનાદર, તિરસ્કાર વૃત્તિ, અને નિંદાથી દૂર રાખ કે જેનાં એકેએક વહાલાં બાળકોને તેની સેવા કરવાનું વહાલ પ્રાપ્ત થાય અને સૌ કોઈ તેની સેવા કરવાના સત્પંથે વહેલું ચડી શકે. પ્રભુ દયા કર !

(૯) રાજકિય:—બંધારણુના જુનાગઢ, પોરબંદર, વંથલી, તીરપુર એ ગામોમાં મ્યુનિસિપાલિટીઓ છે, રાવસાહેબ વિઠ્ઠલદાસ આણંદજી તીરપુરમાં ઘણો આગળ પડતો દરજ્જો ધરાવે છે. જ્યારે વંથલીમાં રા. સુંદરજી કરમચંદ સુધરાઈ સેક્રેટરી છે. બીજા કોઇ ગામે રાજકીય ચળવળમાં બંધારણુમાંથી કોઇ ભાગ લઇ શકતું નથી, છતાં પાટણુ, વંથલી અને જુનાગઢના સ્ટેટોમાં બંધારણુના થોડાક ભાઇઓ સરકારી નોકરીમાં છે.

(૧૦) યુવક મંડળ:—બંધારણુમાં જરૂરના સુધારાઓ દાખલ કરવા માટે "કાઠીયાવાડી ખડાયતા ઉત્તમ કાર્યાર્થ મંડળ" નામે એક મંડળ સ્થાપવામાં આવેલું છે, જેના મુખ્ય કામ કરનારાઓ મુંબઇમાં રહી જ્ઞાતિમત કેળવાય તે રીતે પત્રવ્યવહારથી અને બીજી રીતે હાલમાં ખંતપૂર્વક સારો પ્રયત્ન કર્યા કરે છે. જેનું મુખ્ય કામ ભાઇ પરમાનંદદાસ અમુલખ સેવા ભાવની લાગણીથીજ કરતા હોવાનું જણાય છે. એકંદરે સુધારાઓ દાખલ કરવામાં યુવક મંડળનું વલણુ સારૂં જણાય છે, પણુ તેઓને નાતનું કામ કરનારા વૃદ્ધોનો અંતરાય નડતો હોવાનું જણાય છે.

બંધારણ માંહેના કેળવાયલા અને ઉત્સાહી ગૃહસ્થો.

નામ.	ધંધો.	ઠેકાણું.
રાવસાહેબ વિઠ્ઠલદાસ આણુંદજી	વ્યાપાર	તીરપુર
રા. જશભાઇ કેશવજી કામદાર.	એમ. બી. બી. એસ. ડૉક્ટર	ભીંડીબજાર આદમજી પીરભાઇ બીલ્ડીંગ્સ, મુંબઇ
રા. રામજી મેઘજી	વહાણુનો નોર અને વ્યાજ વટંતર	દાણા મારકીટ, પોરબંદર
રા. ગોકલદાસ વલ્લભદાસ	નોકરી	કલકત્તા (હાલ માંગરોલ)
રા. કરસનદાસ નરસીંભાઇ	વહાણુનો વ્યાપાર	૪૯ ઇઝરા સ્ટ્રીટ, કલકત્તા
રા. ગોકળદાસ નરસીભાઇ	નોકરી	સદર
રા. પરમાનંદ અમુલખભાઇ	,,	C/o. એન. સી. દલાલ સોલીસીટર, મુંબઇ
રા. રામચંદ હેમચંદ	,,	C/o. પી. ઇ. ગજ્જર એન્ડ કું. ૪૫ ઇઝરાસ્ટ્રીટ, કલકત્તા
રા. ગોરધનદાસ ગોવિંદજી	,,	C/o એચ. વલ્લભરામ તીજોરીવાળા, મુંબઇ

રા. મનજી ધરમશી	કાપડની દુકાનમાં ભાગીદાર, મુલજી જેઠા મારકીટ	મહારાજનો ભોઇવાડો મુંબઇ
રા. ગોકળદાસ મુળજી	કાપડની દલાલી. મુલજી જેઠા મારકીટ	મોરારજી કેશવજીનો માળો રૂમ નં. ૨૮ નવોવાડી ચીરાબજાર મુંબઇ
રા. ચત્રભુજ મૂલજી	,,	સદર
રા. માવજી જીવણ	ગાંધીઆણાની દુકાન	ભુલેશ્વર કબુતરખાના સામે, મુંબઇ
રા. નથુ જીવણ	કાપડની દલાલી મુલજી જેઠા મારકીટ	સી. પી. ટેન્ક ખોખાવાળાનો માળો મુંબઇ
રા. કાનજી ગોવીંદજી	નોકરી	C/o. સી. જીવણલાલની કું. ૫૫ કેનીંગસ્ટ્રીટ, કલકત્તા
રા. ભગવાનદાસ વલ્લભદાસ.	કાપડની દુકાનમાં ભાગીદાર	નોરમન લોહીઆ સ્ટ્રીટ કલકત્તા
રા. દેવચંદ નાનજી [નાંદરખીવાળા]	હાલ મસીકેશ	ઇસ્ટ આફ્રીકા
રા. રામજી સુંદરજી	નોકરી	મોરારજી કેશવજીનો માળો ચીરાબઝાર, નવીવાડી. મુંબઇ
રા. વિઠ્ઠલદાસ રણછોડ.	કાપડની દલાલી મુલજી જેઠા મારકીટ	જુની હનુમાનગલી માસ્તરનો માળો. મુંબઇ
રા. હરીદાસ હીરાચંદ	નોકરી	ઠે. ખેતવાડી માસ્તરનો માળો કોટમાં. મુંબઇ
રા. નરસીંહદાસ હરજીવન	વૈદ્ય. નોકરી મુકાદમી, બંદર ઉપર	કોટમાં–મુંબઇ
રા. લખમીચંદ મેઘજી	નોકરી	C/o. એન. સી. દલાલ સોલીસીટર–મુંબઇ

સૂચનાઓ.

વહીવટ—સમાજ જ્ઞાતિ, કે તેની હરકોઇ સંસ્થા કે જેમાં એક કરતાં વધારેનું હિત સમાયેલું હોય છે, આવી સંસ્થાઓ એક જવાબદાર માણસને બંધન ગણવાથી તે, તે સંસ્થામાં જીવ રાખીને સમાજનું હિત પોતાનું હિત સમજીને તેનો વહીવટ ચલાવે તો કામની સરળતા થાય, તેવું ધારીને સમાજ-જનો તે કામ કોઇ લાયક મુખી સ્થાપીને તેને સોંપે છે. પણ લાંબા કાળે આવા વહીવટ કરનારાઓ પોતાના સમાજને બહિર્મુખ કે બેદરકાર જોઇને સમાજે સોંપેલી સત્તાનો દુરૂપયોગ કરે છે. આપણી સાર્વજનિક સંસ્થાઓની સ્થિતિ કે જ્યાં મુખત્યાર તરીકે કામ કરવાને એક માણસને કામ સોંપેલું હોય છે, તેવાં ઘણાં ખરાં કામોમાં તો ઘણી જગ્યાએ અને ઘણા સ્થળોમાં એમ કહેવામાં આવે છે કે આવી સમાજમાં સુધારા વધારા કરવાનું બની શકે, અને જેઓ કામ કરતા હોય તેઓ આપખુદ બને નહી તે માટે વહીવટ કરવામાં વારસાગત સત્તા કોઇને સમાજે સોંપવી નહી. આ દૃષ્ટિ ધ્યાનમાં રાખીને જે બંધારણમાં વહીવટ કરનારાઓ પોતાનું ધાર્યું કરતા હોય, બીજાને ગણકારતા ન હોય તો બંધારણનો વહીવટ બધાઓ મળીને ચલાવવો; અને એકાદ વ્યકિતને કામ સોંપવું, અને તેની ફેરબદલી અમુક વરસના અંતરે કરવી કે જેથી કરી પાછી ફરીથી સ્થિતિ બગડે નહીં.

સામાજિક—સામાજિક સ્થિતિના સુધારા માટે વ્યવહાર અને સંસર્ગ વિશાળ હોય તેમ વિશેપ સરળતા થઈ શકે. બંધારણમાં કન્યાઓની છત સારી છે તે જોતાં સઘળાઓ એકડા બહાર કન્યાઓ આપવાની છૂટ કરશે તો એકડા બહારના માણસોના સંસર્ગમાં આવવાનું બની શકશે, જે વખત જતાં ઘણાને લાભકારક પણ જણાશે. મારા અનુભવ પ્રમાણે, કન્યાઓની છત હોવા છતાંએ જ્ઞાતિમાં એકડા બહાર નહી આપવાનો પ્રત્યેક બંધારણમાં રૂઢ થએલો ઠરાવ એક જાતની ખોટી બીકનુંજ કારણ છે. હું આ સવાલમાં દરેક એકડાવાળાઓનું દૃષ્ટિબિંદુ ઘણુંજ સાંકડું અનુભવું છું, કે જેઓ ગરીબોને પણ સંસાર માંડવો જોઇએ તેવી ખોટી અને આડકતરી પણ તેઓના ઉપર ફરજ મુકે છે. આ બીના લખતાં મને અમુક ટુંક દાખલાઓમાં જાણવાને મળેલો અનુભવ રજુ કરીશ તો કંઇ ખોટું નહીં ગણાય. અનેક દાખલાઓમાં તો મેં જાણ્યું છે તે રીતે પોતાની સ્થિતિ વિચારીને સ્થિતિ સારી નહી હોય તો આવા ભલાઓ (પરણનારાઓ)

પરણુવાની ના પણુ પાડતા હોય છે, આવા દાખલાઓ અપવાદજનક ઘણુાજ થોડા જોવા મળે છે, કારણુ કે ગમે તેવી સ્થિતિમાં પણુ સંસાર-માં પડવું એ મોહનું વાતાવરણુ એટલું તો બલિષ્ટ છે કે જેમાં કેટલીક વખતતો જ્ઞાનિઓ પણુ ગોથાં ખાય છે, તો અસંસ્કારીજનો તેમાં લોભાય કે આકર્ષાય એ કુદરતીજ ગણુાય. આમ હોવા છતાં ઘણુાક સમજુઓ એવા પણુ નીકળે છે કે જેઓ પોતાની સ્થિતિ વિચારીને સંસારમાં પડવાનું લાયક વયે અને યોગ્ય સ્થિતિ પ્રાપ્ત થયેથીજ વિચારી શકે છે, પણુ આપણી હાલની સમાજ રચના તેની પ્રગતિના વેગમાં એટલી તો અંતરાયરૂપ નીવડે છે કે સ્થિતિ પરત્વે પણુ આવો વિચાર રજુ કરનારે ના પાડી તે હંમેશને માટે દૂર થઇ જાય છે. એટલે આવી જાતનો વિચાર અમલમાં મુકનાર કે તે જે સમાજમાં હોય છે તે સમાજમાં પોતાની સ્થિતિ માટે ખરી રીતે ઉઘાડો નહી પડી શકવાની ખોટી બીકથી ઇચ્છા વિરૂદ્ધ સંસારમાં પડવાની આવી ફરજમાં મુકાય છે. આ સંબંધમાં મને મારા પોતાના બંધારણુમાં જે ત્રણુ દાખલાઓમાં જોવાને મળ્યું છે કે આવા ભલા ભાઇઓ આવી સ્થિતિમાં પરણુવા પછીથી સંસાર વધેથી કમાવાની સ્થિતિ નહીં હોવાથી કુટુંબનો ભાર એવી તો દયાજનક સ્થિતિમાં ઉપાડે છે કે જેઓ સંસાર માંડવાની આ વિશાળ જણુાતી ભાવનાને તેઓનાથી સમજવાનું ન બની શકે તે સ્વાભાવિક ગણુાય, પણુ સંસારમાં પડવા પછીથી આ માર્ગના સિદ્ધાંતે ભગવદ્દલીલારૂપ " સ્ત્રી, બાળ, બચ્ચાં રૂપે પ્રાપ્ત થતી વાડીને " પોતે તેના માળી હોવા છતાં એ નાશરૂપજ સમજે છે. આ સ્થિતિમાં આ સુંદર-વાડી ફળદ્રુપ થવાની આશા જેટલી વિશાળ હોઇ શકે તેટલીજ નિરાશાને સ્થાન આપી શકે એ કલ્પવું ભાગ્યેજ ખોટું ઠરે. આ વિચારો જણુાવતાં હાલની સ્થિતિ પરત્વે હું એજ વિચાર કોમની આગળ મુકવા માંગું છું કે યોગ્ય વયની અને શિક્ષણુની પ્રાપ્તિ થયા સિવાય અને સંસારનો નિર્વાહ ચલાવી લેવાની શક્તિ મેળવ્યા સિવાય ગ્રંથી જોડવી એ ખુલ્લું પાપ છે; અને જે સમાજ, જે માબાપ અને જે કુટુંબીઓ આવા માણુસોને બળા-ત્કારે પરણુાવવાની સ્થિતિ લાવી મૂકે છે તે ખરેખર પાપના ભાગીદાર થાય છે, એટલાજ માટે હું મારા કાઠીયાવાડી બંધુઓને ઠસાવવાને માગું છું કે જો તમારામાં આ કુળભૂષણુ બેનોની (કન્યાઓની) છત હોય તો તમો હાલની સ્થિતિમાં, જેવા તેવાને આપીને તમારી દરિદ્રતામાં વૃદ્ધિ નહી થવા દેતાં, તમો તમારી કન્યાઓ સુખેથી બહારનાં સારાં કુટુંબોમાં આપવાની

પહેલ કરજો, અને આ દિશામાં પહેલ કરનાર વ્યક્તિઓને અંકુશ આડે લાવીને રોકશો નહી. વિશેષતઃ આ વિચારતાં તમો એટલું પણ લક્ષમાં રાખજો કે ભલે તમારા પૈકીના થોડાક ભાઇઓ કદાચ કુંવારા રહી જાય, તો તેથી તમોને તમારા બંધારણને કે ગ્નાતિને નુકશાન નહીજ થાય, કારણ જો તમો વગર લાયકાતવાળાને રોકશો તો જરૂર તેઓને લાયક થવાની ફરજ પડશે અને તેથી બાહ્ય દૃષ્ટિએ અત્યારે તમોને નુકશાન જણાશે પણ ફળરૂપે તેનું નુકશાન લાભકારક નીવડશે; જે લાભ તમો તમારી સ્થિતિ સુધરેથીજ જાતે જોઇ શકશો.

પલ્લુ—સ્ત્રીધન તરીકે બાઇના નિર્વાહના સાધનનેજ જ્યારે આપણે પલ્લુ હોવાનું સ્વીકારીએ છીએ તો રકમ સો રૂપિયા જેટલીજ રહે તે ઘણીજ નાની હોવાનું આપણે સમજીને તેમાં બને તેટલો વધારો કરી લેવો જોઇએ.

વનિતાશ્રમ—સ્થિતિ જે રજુ થઇ છે તેને લક્ષમાં લેતાં આવા આશ્રમોની ખાસ આવશ્યક્તા છે. ગ્નાતિના લક્ષ્મીપુત્રોના હૃદયમાં આ બાબત ઉતરી જશે તો નાનાં ગામડાંઓમાં આવા આશ્રમો નિભાવવાં એ ઘણો મુશ્કેલી ભર્યો સવાલ નથી; છતાં જ્યાં સુધી આવાં આશ્રમોની સ્થાપના ન બની હોય ત્યાં સુધી સુતર અને રેંટીઓ ચલાવવાના કામને માટે કોમની ખરા સ્વરૂપમાં મદદ માંગવામાં આવશે તો તદન નિરાશ થવાનું કારણ નહીંજ રહે.

કેળવણી—બંધારણમાં કેળવણી વધવીજ જોઇએ એ વિચાર તો બંધારણની સ્થિતિ તપાસવાથી સર્વ કોઇના લક્ષમાં ઉતરી શકે તેમ છે. આ માટે બોર્ડિંગ તરફ હિત રાખનાર સધળાઓએ મળીને, ગ્નાતિનું કામ પોતાનુંજ કામ છે તેમ સમજીને, અને વળી પોતાનાજ પગ ઉપર ઉભા રહીને ચલાવવું જોઇએ. આ સર્વ રીતે સંસ્થાને બને તેટલી મદદ કરીને, છેવટે બહારની મદદની જરૂર જણાતી હોય તો કામનો હેવાલ પ્રસિદ્ધ કરીને ખરા સ્વરૂપમાં કોમની આગળ અપીલ મૂકશે. તો જોઇતી મદદ મળી શકશે. સત્ય બાબત તો એજ છે કે કોમના સાચા સેવક થઈ કામ કરનાર માણસોનીજ ખોટ છે. ખરી દિશામાં આરંભેલો પ્રયત્ન કોઇ દિવસ નિષ્ફળ થતો નથી, અને જો આવા પ્રયત્નો નિષ્ફળ નિવડે છે તો તેની નિષ્ફળતાનું કારણ, કાર્ય કરનારાઓની પદ્ધતિની ખામીઓ અને એ સ્વીકારેલું કામ ફરજરૂપે પાર પાડવામાં નહી થએલી કોશીસોને અને આત્મભોગ આપવાની શક્તિઓના અભાવનેજ આભારી છે, એવું મારૂં સચોટ

માનવું છે. વળી બોર્ડિંગના સંબંધમાં જે કોઇ ગૃહસ્થોએ મદદ આપવાને હા પાડેલી અને તે હાલ આપવી બંધ છે, તે ચાલુ રહેવા માટેનો સારો રસ્તો તો એજ છે કે તે ગૃહસ્થોને રૂબરૂ મળી, સ્થિતિ જણાવીને તેઓને સંતોષ મળી શકે તેવો ખુલાસો આપવો; છતાંએ માની લ્યો કે તેઓએ પોતાનું વચન પાળ્યું નહી તો તેવાઓને કોમના દુશ્મન નહી માની લેતાં તેઓ ઉપર પ્રહાર કે ટીકાઓથી મુક્ત રહેવું. એ તો યાદ રાખવા જેવું છે કે જેઓ ફરજ સમજી શકે કે વિચારી શકવાની સ્થિતિમાં આપણે જોઇએ છીએ તેવાઓની સેવાઓ કામે વાળવા, વળાવવામાં " પ્રેમ " અને પોતાની જાતનું " સેવા માગનારની લાયકાતનું " દ્રષ્ટાંત જેટલી અસર કરે છે તેટલું ટીકાઓ કરવી કે સામા માણસને ઉતારી પાડવાની વૃતિ ભાગ્યેજ સારી અસર ઉપજાવી શક્તિ હોય. આથી કાર્યવાહકો પોતાનુંજ કામ સમજીને કામ કરવાને કટિબદ્ધ થઇ જશે તો કોમ વ્યાજબી અપીલનો જવાબ વાળવામાં હાલ તો જો કે તે બીજી કોમની સરખામણીમાં પાછળ દેખાય છે પણ તે સદાને માટે પાછળ રહેલી તો નહીજ જોઈ શકાય.

આર્થિક—આર્થિક સ્થિતિ સહુ કોઇની પોતપોતીકા ગજા પુરતી છે, જે સારી સુધરવી જોઇએ. દેશાવરનો સંસર્ગ ઠીક વૃદ્ધિ પામ્યો છે. સ્થાનિક ધંધાઓમાં કસ ન જણાતો હોય તો દેશાવર ઉપર દૃષ્ટિ રાખી પ્રયત્ન કરવો એજ શ્રેયસ્કર છે.

યુવક મંડળ—બંધારણમાં સુધારા દાખલ કરવાના હેતુથી " યુવક મંડળ " જે મુંબઇમાં રહેતા કેટલાક બંધુઓનું બનેલું છે તે ઠીક મહેનત કરે છે. આનું એક મંડળ જાણવા પ્રમાણે કલકત્તામાં પણ છે. આ બંન્ને મંડળો એકજ ધ્યેય અર્થે એકત્ર થઇને અને બીજેથી પણ આ મંડળોમાં જોડાઇ શકે તેવા બંધુઓને મેળવીને પ્રયત્ન કરવામાં આવશે તો યુવકમંડળ રૂપે આ નાની જણાતી સંસ્થા કામ કરવાથી મોટી થઇ જશે અને તે ભવિષ્યમાં એક ઉપયોગી સંસ્થા જણાયા સિવાય રહેશે નહી.

હું આ મંડળની કોમના હિતની દૃષ્ટિએ દરેક ઉન્નતિ ઇચ્છું છું.

સુરત દશા ખડાયતાનું બંધારણ.

નંબર	ગામ.	ઘર	પ્રતિષ્ઠિત ગૃહસ્થ.	પોસ્ટ—અને નજીકનું સ્ટેશન.
૧	સુરત	૪૦	શેઠ નગીનદાસ વ્રજદાસ ચોકસી	હરિપરા
			,, ભગુભાઇ જીવણરામ	રૂવાળાનો ટેકરો
			,, મોહનલાલ નગીનદાસ	રાણી તલાવ
			,, નગીનદાસ કાસીદાસ ચોકસી	ભવાની વડ, રાણી તલાવ
૨	સોનગઢ	૬	શા. દામોદરદાસ જગજીવનદાસ	કીલ્લે સોનગઢ ટાપ્ટીવેલી રેલવે ખાનદેશ
			,, વીઠ્ઠલદાસ જીવણદાસ	
			,, ચુનીલાલ જીવણદાસ	
૩	નવાપુરા	૯	શા. જેકીશનદાસ નરોતમદાસ	નવાપુરા ટા. વે. રેલવે
			,, મોતીલાલ નરોત્તમદાસ	
			,, નગીનદાસ વીઠલદાસ	
			,, ચુનીલાલ હરગોવીંદદાસ	
૪	વાલોડ	૧	શા. દ્વારકાદાસ જેકીસનદાસ	વાલોડ, સ્ટે. મઢી ટા. વે. રેલવે

બંધારણને લગતી માહિતી.

સુરત અને સાથેનાં બીજાં ગામો મળીને આ બંધારણનાં આશરે કુલ ૫૫ લાણાં છે. બંધારણના વહીવટનું કામ સુરતના આગેવાન ગૃહસ્થો મુખ્ય ભાગે કરે છે, અને તે ન્યાતના કામ અર્થે કોઇ ખાસ પ્રસંગ હોય ત્યારેજ એકઠા મળે છે. આપલેનો વ્યવહાર પહેલાં સુરત તળમાંજ હતો, જો કે સુરતની વસ્તી તરીકે ઉપર લાણાં ૪૦ ની સંખ્યા આપેલી છે પણ તેમાં પણ લગભગ ૧૦–૧૫ ઘર વસ્તી વગરનાં હોવાથી માત્ર ૨૫–૩૦ ઘરમાંજ આપલેનો વ્યવહાર કરવો પડતો હતો. આ ટુંકી વસ્તીના કારણે, વ્યવહાર ઘણોજ સંકોચાવાથી ઘણીજ સંકડામણ પડતી હતી. ગોત્ર ગોત્ર વચ્ચે કન્યા આપી શકાય કે નહીં તે બાબત વચમાં કેટલોક ઉહાપોહ થયો હતો. ધાર્મિક દ્રષ્ટિએ તેનો જોકે નિર્ણય કરવાનું કામ હજુ તો ઉભુંજ છે તોપણ સંકડામણને લઇને સુરતે તો આ દિશામાં શરૂઆત ક્યારનીએ કરી દીધેલીજ છે અને અત્યારે તો સંકડામણ એટલી બધી વધેલી જોઇ શકાય છે કે–ગોત્રને તો કોઇ પૂછતુંએ નથી પણ ઘણી નજીક નજીકની સગાઈ એટલે મામા અને ફોઇના વચ્ચે પણ લગ્નનો સંબંધ જોડાવા માંડયો છે. આ સ્થિતિ વચ્ચે લગભગ દશેક વર્ષ થયાં, ખાનદેશના એકડાના સંબંધના સોનગઢ, નવાપુરા, અને વાલોડના ગૃહસ્થો સુરત સાથે જોડાયા છે પણ આ જોડાણ એકજ કુટુંબ પુરતું લગભગ ૧૫–૧૭ ઘરની ટુંકી વસ્તીનુંજ છે કે બંધારણની સ્થિતિ અત્યારે જેની તે ઉભીજ છે.

સામાજિક સ્થિતિ.

(૧) કન્યાની છત અછત—બંધારણની મળેલી માહિતી અનુસાર કન્યાઓની અછત વધારે છે. અંદર અંદર સગાઇ ઘણીજ વધવાથી કેટલાક દાખલામાં તો કન્યા હોય છે તો આપવાનું સ્થળ પણ હોતું નથી; ત્યારે અછતને લઇને મોટા ભાગને મુશ્કેલી ભોગવવી પડે છે. પહેલાં અને થોડા વખત સુધી તો આવી જરૂરીઆતવાળાઓ નજીકના ખાનદેશ ઉપર આધાર રાખતા; પણ ખાનદેશવાળાઓએ પણ પોતાનાં ગામોનો લક્ષમાં ગોળ બાંધ્યો છે, એટલે સંકડામણ વધારે વધી ગયેલી જોઇ શકાય છે. બંધારણમાં વર અને કન્યા વચ્ચેની ઉમ્મરનું અંતર લગભગ પાંચ સાત વર્ષનું રહે છે. વિક્રય કોઇ કરતું નથી, ભાણે ખપતી કન્યા લાવવાને કોઇ પ્રતિબંધ નથી એટલે છુટ છે.

(૨) પલ્લાનો રકમ:—પલ્લાની રકમ બંધારણના ઠરાવ પ્રમાણે રૂા. ૭૫૧ ની ઠરાવવામાં આવેલી છે, જે અત્યાર સુધીના દાખલાઓ ઉપરથી તો રૂા. ૨૫૦૦ સુધી અને તેથી પણ આગળ વધી છે. વિધવાઓની સ્થિતિનો આધાર, પલ્લું જ હોવાનું જણાય છે. વિધવાઓ માટે જ્ઞાતિ તરફથી તેઓને કોઈ યોગ્ય મદદ મળી શકે તેવું સાધન હોવાનું જણાતું નથી.

(૩) જમણવાર:—લગ્નના પ્રસંગમાં, છોકરી અને છોકરાના બન્ને પ્રસંગોમાં એક ન્યાત અને મરણના પ્રસંગમાં પણ એક ન્યાત કરવી પડે છે. છતાં કદાચ મરણમાં ઘરડું મરણ હોય તો એક ન્યાત વધારાની ખુશીથી પણ કેટલાકો કરે છે. સીમંતનું જમણવાર હાલમાં બંધ કરવામાં આવેલું છે.

(૪) રડવા કુટવાનો રિવાજ:—ગામડાઓ જેટલો વિશેષ જોવામાં આવતો નથી. લોક વલણ દિવસે દિવસે સુધરતું આવે છે.

(૫) કેળવણી:—કેળવણી તરફ વિશેષ અભિરૂચી હોય તેવું અનુભવાતું નથી, સહુ કોઇ પોતપોતીકા ધંધાને યોગ્ય થઈ પડે તેટલી કેળવણી મેળવવામાં સંતોષ માને છે. આર્થિક સ્થિતિ મોટા ભાગની સારી હોવાના લીધે ઘરના ધંધામાં જલદીથી આવવાની ફરજ પડવાના કારણે આગળ અભ્યાસ કરવાનું સહુ કોઇને માંડી વાળવું પડે છે. કેળવણીનું સરેરાશ પ્રમાણ ગુજરાતી કેળવણી ૭૫, સ્ત્રી કેળવણી પાંચ, અને અંગ્રેજી કેળવણી ચાર પાંચ ટકા આંકી શકાય.

(૬) આર્થિક સ્થિતિ:—બંધારણના મોટા ભાગની આર્થિક સ્થિાત સારી છે. સુરતના ગૃહસ્થોનો વ્યાપાર મુખ્યત્વે કરીને ચોકસીનો છે, જ્યારે સોનગઢ, નવાપુરાવાળાઓ ઘરના જમીનદાર હોઇ, કાપડ અને રૂ નો વ્યાપાર કરે છે.

(૭) રાજકીય:—સોનગઢમાં મ્યુનિસિપાલીટી છે, જેમાં શેઠ ચુનીલાલ જીવણદાસ મેમ્બર છે. દેશની રાષ્ટ્રિય ચળવળમાં પણ આ ગૃહસ્થ સારો ભાગ લે છે.

(૮) સાહિત્ય:—વિગત કંઇ આપી શકાય તેવું નથી.

બંધારણમાં, કેળવાયેલો અને ઉત્સાહી વર્ગ નીચે પ્રમાણે છે.

રા. ચંપકલાલ નગીનદાસ મશરૂવાળા, બી. એ. શેરદલાલ ઠે. મુંબઇ અને, સુરત.

રા. ભોગીલાલ ગીરધરલાલ ડ્રેનેજ ઓવરશીયર, વડોદરા રાજ્ય.

રા. નાથાલાલ લલ્લુભાઇ વકીલના, ગવરમેન્ટ સર્ટીફાઇડ ઓડીટર ઠે. હરિપુરા.

રા. નારણદાસ જમનાદાસ હેડક્લાર્ક—સ્ટેશન માસ્તર, અમદાવાદ.

રા. રતીલાલ મોતીલાલ પારેખ. એ. એકાઉન્ટન્ટ. યુનિયન બેન્ક, મુંબઇ.

રા. રતીલાલ ગોરધનદાસ પારેખ. એસ્ટેટ એન્ડ ફાઇનેન્સ બ્રોકર, મુંબઇ.

રા. નગીનદાસ વિઠ્ઠલદાસ કાપડના વ્યાપારી. નવાપુરા.

રા. નગીનદાસ લલ્લુભાઇ, એજલો, ગુલાબચંદ અને વાડીઆ સોલી-સીટરને ત્યાં. મુંબઇ.

સૂચનાઓ.

આ બંધારણને લગતી ઉપર પ્રમાણેની હકીકત જણાવવા પછીથી “ સુરત સમાચાર ” ની વિગત નીચે અમારે અન્ય હકીકત જોડવી પડી છે. જે ધ્યાનમાં લઇને આ બંધારણને લગતી જે કંઇ સૂચનાઓ લખી શકાય તે ભાગ લખવો અમોએ મૂકી દીધો છે, તો પણ એક વધારે અગત્યની સૂચના કરવા તરફ હમારૂં લક્ષ જાય છે કે સુરતમાં આપ લેના વ્યવહાર માટે જે સંકડામણ છે તે જોતાં અત્યારે કેટલાંક બંધારણો કન્યાઓ આપવા લેવાના વ્યવહારમાં ટુંકા થઇ ગયેલાં હોવાથી એક બીજા સાથે ભેળાવાની જરૂર સ્વીકારે છે તો આ બંધારણવાળાઓ તે દિશામાં વળવાનો પ્રયત્ન કરશે તો હાલની હરકત દૂર થતાં બંધારણ આબાદીમાં આવી શકશે.

સુરત સમાચાર—સુરત દશા ખડાયતાઓને લગતા આ બંધારણનો સમાવેશ માત્ર સુરતના ગામમાંજ પૂરો થાય છે. સુરત શહેર પ્રથમની જાહોજલાલીમાં ઇલાકાનું એક અગ્ર સ્થળ હતું, તેની પ્રથમની અને હાલની વ્યાપાર વિષયક આબાદીમાં અત્યારે પુષ્કળ ફરક થયો છે, છતાં સુરત અને ત્યાંના રંગીલા શહેરીઓમાં જે મોટપણ, ગૃહસ્થાઇ અને

મોજીલાપણું પૂર્વે હતું. તેમાં અનુભવીઓ અત્યારે વિશેષ ફરક પડ્યાનું તો ગણતા નહીંજ હશે. સાધારણ રીતે સુરતી ખવાસ એવો મનાય છે કે તેઓ મલ્યાને માથું આપે–ત્યારે બીજી ગમ તેઓમાં એકલપેટાપણું પણ દેખાય છે કે તેઓને દુનિઆની કંઇ પડીજ નથી. આથી મુખ્ય કરીને તો તેઓ પોતાના ઘર, પંથ કે ગામમાં રહીનેજ આનંદ ભોગવે છે. આ સત્ય કથને મને જોવા મળ્યું છે તે રીતે સુરતીઓ પોતાના શહેરથી આગળ વધીને આ જ્ઞાતિના બહારના સંસર્ગમાં વિશેષ નહીં આવતા જોઇ શકીએ છીએ. છતાં આ સંબંધી જો કંઇ વિશ્વાસ મળે તેવો દમ ખેંચીએ તો સુરતના સુરતી સાજનાના એક અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થ રા. નાનુભાઇએ જ્ઞાતિની જૂદી જૂદી અન્ય પ્રવૃત્તિઓમાં પોતાનો યોગ્ય હિસ્સો આપીને આ કથન કેટલેક દરજ્જે ખોટું પાડ્યું છે. અને તેઓના સહવાસ અને આ કોમ પ્રત્યેની તેઓની ભલી લાગણીથી આ સાજનાના ભાઈ, મોહનલાલ અને ભાઇ વિઠ્ઠલદાસની થોડીક પણ સહાનુભૂતિ વધી છે, છતાં દશા વિશાની આ આખી જ્ઞાતિની સુરતમાં જે વસ્તિ છે તે તરફ નજર કરતાં મારો ઉપર જણાવવામાં આવતો અભિપ્રાય સત્યજ ઠરે છે.

આપણે સહુ એકજ જ્ઞાતિના તેથી આગળ વધીને કહીશું તો એકજ કુટુંબના, કાળના યોગે જૂદે જૂદે સ્થળે વહેંચાઇ ગયેલા છીએ. આપણે મૂળ એકજ હતા, અને તે એકજ રહેવા જોઇએ, છતાં આપણે પરસ્પર ભાઇ-ચારાએ ઓળખવા પૂરતા પણ એક બીજાના સંસર્ગમાં વધારે આવી શકીએ નહીં તે સારૂં તો નહીંજ ગણાય, આ માટે જેઓ–માર્ગના સિદ્ધાન્ત તરફ વળેલા છે તેઓના સમાધાન અર્થે જણાવવું વધારે અગત્યનું થઇ પડે છે કે આપણે ફરજ સમજીશું તો લૌકિક, અલૌકિક બંન્ને માર્ગોમાં આગળ વધી શકીશું. વિચારો એક દેશિય અને સંકુચિત થતા અટકશે, અને તેમ કરવું તે ધર્મી ફરજ સાચવવા જેવુંજ છે.+

+ વ્યવહાર દશામાં લૌકિક સાખ્યપણું, પરસ્પરને ઓળખવાથી, જાણવાથી, સમજવાથી, વધારે ઉપયોગી થઇ પડે છે, કે જેમાં આવા સંબંધોથી વિશેષ સરળતા થાય છે. જો આપણે "જીવનમંત્ર–भूतेषु भूतेषु विचित्याधिराः प्रेत्या स्माल्लोका दमृता भवन्ति. નો અર્થ હૃદયપૂર્વક ધ્યાનમાં ઉતારીએ તો ઈષ્ટ પ્રાપ્તિ માટે કયો માર્ગ સર્વોત્તમ છે તે સહજ ધ્યાનમાં આવી જાયજ. ખરૂં માનવ-જીવન પરસ્પરની સહાય અર્થેજ ઘડાવું જોઈએ. માણસે પોતાની શારીરિક માનસિક અને આધ્યાત્મિક શક્તિઓનો ઉપયોગ જનસમાજની સેવાર્થેજ કરવો

તળ સુરતની આ સ્થિતિ માટે મને યાદ છે, તે રીતે સ્વ. ત્રિકમલાલભાઇનો પણ આવોજ અભિપ્રાય થયો હતો કેઃ–" સુરતીઓ જૂદા દેખાય તે રીતે ઘણા અતડા રહે છે. " સ્વ. ત્રિકમલાલનો આ અનુભવ ત્યાંની પરિસ્થિતિને વિચાર્યા પછીથીજ થયો હતો. તેઓએ પોતાનો આ વિચાર જ્ઞાતિની હાલની પ્રવૃત્તિઓમાં તેઓ જોડાય તે અર્થે, જ્ઞાતિના માસિકમાં પણ વ્યક્ત કર્યો હતો. આ લેખની થોડી અસર ડાકોરની જ્ઞાતિ પરિષદ્‌માં થયેલી હાજરી ઉપરથી જોકે તે વખતે આંકવામાં આવી હતી, પણ અનુભવે હાલ જણાવવું પડે છે કે–આ સ્થિતિ વિશેષ સુધરી તો નથીજ. મારી આજની સૂચના પણ આજ ધ્યેય પૂરતી છે, અને જ્ઞાતિ આશા રાખવાને પ્રેરાય છે કે સુરતી બંધુઓ, બંધુત્વ લાગણીમાં વિશેષ ઉમેરો કરીને જ્ઞાતિ પ્રત્યેની પોતાની ફરજમાં યોગ્ય હિસ્સો હવે તો આપતા રહેશેજ.

મનુષ્ય કર્ત્તવ્ય.

આત્મબળ ઓળખવામાં, જાગૃત કરવામાં અને વિકસાવવામાંજ રહેલું છે.

યાદ રાખજો કે–તમો તેમ કરવા; તેમજ તમારા મિત્રમંડળને સમજાવવા બંધાયેલા છો.

જોઇએ છે. स्वार्थो यस्य परार्थ एव सपुमानेकः सतामग्रणीः । " પરાર્થ એજ પોતાનો સ્વાર્થ છે, પારકાનું કલ્યાણ કરવું એમાંજ પોતાનું કલ્યાણ રહેલું છે. એજ મનુષ્ય સજ્જન સમાજનો અગ્રણી થઇ શકે છે. " આ કથન લૌકિક માર્ગે આપણી વ્યવહારદશા અને તેના અંગે થતાં કામકાજોને લાગુ પાડવાનું થયું; ત્યારે અલૌકિક સ્થિતિ વિચારતાં પણ આપણને આપણું જીવન સેવા ધર્મ સમજીને તે દિશા તરફ વાળવું જોઇએ છે. ખરો સેવાધર્મ સમજવામાં આપણે પ્રભુની ભક્તિ, સેવા, અને દર્શનથી ભાવ વધતો હોવાનું માની શકતા હોઇએ તો અલૌકિક સંબંધમાં પણ પ્રભુ પ્રત્યેની ભાવના દ્રઢ થવામાં આજભાવનાને ખીલવવામાં વધારે પુષ્ટિ મળે છે, એટલે આપણે જે સેવાધર્મ સમજી નિસ્વાર્થ, પ્રયોજન વગેરે, સંબંધ કે સ્નેહથી સેવા કરી છૂટીએ છીએ તો હૃદય વધારે વિશાળ બને છે, અને ભાવ વધે છેજ; અને આપણે જો શ્રીમદ્‌ભગવત ગીતાના કર્મ પ્રાધાન્ય ધર્મનો ઉપદેશ ધ્યાનમાં ઉતારી લઇએ તો અલૌકિક સાધ્ય થાય છે. ભાવ વધેથી વિચારોને પોષણ મળે છે તે કહેવાની ભાગ્યેજ વિશેષ જરૂર રહેતી હોય.

ખાનદેશ અને દક્ષિણના દશા ખડાયતાઓનું બંધારણ.

કુલ લેણું આશરે ૭૫.

નંબર	ગામ.	ઘર	આ ગામે પ્રતિષ્ઠિત ગૃહસ્થ.	પોસ્ટ અને નજીકની રેલ્વે.
૧	ખાનદેશ વિભાગ			
	માલપુર	૭	શા. દાદોરલાલ માણેકલાલ	માલપુર સ્ટે. ડોંડાઇચા ટા. વે. રે.
	કોપરેલ	૧	,, કીકાભાઇ નારણદાસ	સ્ટે. રનાલા ટા. વે. રે.
	રનાલા	૨	,, કાળીદાસ કાશીદાસ ,, શંભુદાસ ચુનીલાલ દેસાઇ	,, ,,
	નંદરબાર	૧	,, કસનદાસ ગણપતદાસ	ઠે. દેશાઇપુરા ,,
	સાહદા	૭	શેઠ નગીનદાસ ગણપતદાસ	પો. સાહદા વાયા ડોંડાઇચા ટા. વે. રે.
	પારોલા	૪	શા. નગીનદાસ દગડુભાઇ	પો. પારોલા વાયા સ્ટે. અમલનેર ટા. વે. રે.
	બુરાનપુર	૪	,, માણેકલાલ તારાસીંગ	ઠે. લુહારમંડી
૨	દક્ષિણ વિભાગ			
	મદ્રાસ	૧૫	શેઠ ગોરધનદાસ જમનાદાસ ,, કીસનદાસ વિઠ્ઠલદાસ	નં. ૨૨૯ ચાઇના બજાર રોડ
	ભાગાવિજાપુર	૧૬	શેઠ ગણેશદાસ દામોદરદાસ દરબાર ,, રામદાસ વિઠ્ઠલદાસ દરબાર	ભાગા વિજાપુર (દક્ષિણ)
	બાગલકોટ	૭	શેઠ વિઠ્ઠલદાસ નાગજીભાઇ દરબાર	બાગલકોટ (દક્ષિણ)

બુરાનપુર	૪	શેઠ હરકીશનદાસ લાલદાસ	
હૈદ્રાબાદ (નિઝામ)	૧	શેઠ ચુનીલાલ સુંદરદાસ વ્યંકટીદાસ	હાલ મદ્રાસ રહે છે.
ગદવાડ	૧	બાલગોવિન્દદાસ કિસનદાસ	”
સતારા	૧	નારણદાસ લક્ષ્મણદાસ ગંગાદાસ	ઠા. શનીવાર પેંડ રામજી મંદિર પાસે
પુના	૨	શા. નારણદાસ વ્યંકટીદાસ	ઠા. શનીવાર પેંડ વિઠ્ઠલનાથજીના મંદિર આગળ
		શા. ગણપતદાસ દોલતરામ	ઠા. આદિતવાર પેંદ ફડકાના મહાદેવ સામે
3 કાઠીઆવાડ સાથે			
તીરપુર	૧	રા. શા. વિઠ્ઠલદાસ આણંદજી	ડી. કોઇમટુર, મલબાર પ્રેસીડન્સી એસ. એમ. રેલવે
પંડયાણી	૧	શા. ગોકલદાસ હરિદાસ	સ્ટે. તીરપાન્ડે, ડી. મલબાર એસ. એમ. રેલવે

જીવન ધર્મ.

જીવન ધર્મમય બનાવવાને, સ્નેહ, સરળતા, ધૈર્ય, નમ્રતા ન્યાય બુદ્ધિ, નિર્ભયતા, અડગતા અને સત્યતા વગેરે ગુણો કેળવવા જોઇએ; અને તેમ કરવું તે હરેકના પોતાના હાથમાં છે.

બંધારણની માહિતી.

ખાનદેશ અને દક્ષિણનાં ઉપર જણાવેલાં જૂદાં જૂદાં ગામો મળીને કુલ આશરે ૭૫ ઘરની વસ્તિમાં આ બંધારણનો સમાવેશ થાય છે. કન્યાઓ આપવા લેવાનો વ્યવહાર અત્યાર આગમચ તો સહુ કોઇ ઉપરના પોતાના બંધારણમાંથીજ મેળવતા: અને પોતાના બંધારણમાં આપવાનું યોગ્ય ઠેકાણું ના હોય તો ગમે તે એકડામાં જ્ઞાતિમાંજ આપતા હતા, જો કે આ સ્થિતિ ઉપરનાં દક્ષિણનાં જણાવેલાં ગામડાંઓ માટે તો ચાલુજ છે, પણ લગભગ બે વર્ષ થયા ખાનદેશના ગામોવાળાએ તો પોતાના આ ગોળ "ખાનદેશ અને દક્ષિણ" ના ગામો સિવાય બહાર નહીં આપવાનો ઠરાવ કરેલો છે. આ સઘળા ગામો માટે બીજે બધે છે, તેમ બંધારણપૂર્વકનું કોઇ બંધારણ નથી. એટલે તેને લગતી વિશેષ માહિતી જણાવી શકાય તેમ નથી તો પણ જે હકીકત અમો મેળવી શક્યા છીએ તે નીચે પ્રમાણે છે.

સામાજિક સ્થિતિ.

(૧) **કન્યાની છત અછતઃ**—સાધારણ રીતે કન્યાઓની છત સારી જણાય છે. હાલ કેટલોક સમય થયો, મદ્રાસ, ભાગાવિજાપૂર, સતારાવાળાઓએ અહિંના જૂદા જૂદા બંધારણમાં ઉતાર કરેલો છે. વિક્રય કે સાટા જેવું કંઇ પણ જોવામાં આવતું નથી.

(૨) **પલ્લાની રકમઃ**—રૂપિઆ પંદરસોથી પચીસસો સુધીની છે.

(૩) **જમણવારઃ**—ન્યાતો કોઇ પણ પ્રસંગમાં ફરજીઆત નથી પણ સહુ પ્રસંગને સમજીને કરે છે ખરા.

(૪) **કેળવણીઃ**—આર્થિક સ્થિતિ મોટા ભાગની સારી હોવાથી ઘરનો વ્યવહારકાળ નીભાવવા પૂરતી સહુ કોઇ કેળવણી લે છે. પ્રાથમિક શિક્ષણ મોટા ભાગે 'મરાઠી'માંજ લેવામાં આવે છે.

(૫) **આર્થિક સ્થિતિઃ**—બંધારણના મોટા ભાગની આર્થિક સ્થિતિ સારી જણાય છે. મદ્રાસના ગૃહસ્થોનો મુખ્ય વ્યાપાર સુતર, ઝવેરાત, કાપડ અને ઘરની મીલકતોનું ભાડું અને વ્યાજનો છે. જ્યારે ભાગાવિજાપુર અને બાગલકોટાના ગૃહસ્થો જમીનદાર હોઇ સુખી સ્થિતિમાં છે, સતારાના ગૃહસ્થોનો વ્યાપાર શરાફી અને ઝવેરાતનો છે, જ્યારે તીરપુરમાં

રા. વિઠ્ઠલદાસ સુતર વિગેરેમાં સારૂં કામકાજ કરે છે. આ સિવાય ખાનદેશના ગૃહસ્થો જમીનદાર હોઇ રૂ અને કાપડનો વ્યાપાર કરે છે. એકંદરે આર્થિક સ્થિતિ મોટા ભાગની સારી હોવાનું જણાય છે.

(૬) સાહિત્યઃ—શહેરોને માટે તો લાઇબ્રેરી જેવી વિગત જણાવવાનું કંઇ રહેતું નથી, ત્યાં સઘળાં સાધનો હોય છેજ. ખાનદેશનાં નાનાં ગામોમાં આ જાતની પ્રવૃત્તિની જરૂર વિચારી શકાય. જેમાંહેના માલપુરના ગામે વસ્તિ કંઇક ઠીક છે. જ્યાં "શ્રી કૃષ્ણ લાયબ્રેરી" ના નામે એક નાના પાયા ઉપર શરૂઆત કરવામાં આવેલી છે, જે ત્યાં સ્વયંસેવક મંડળ તરફથી ચલાવવામાં આવે છે. રા. નગીનદાસ દગડુભાઇ આ બંધારણમાં આવાં કામો માટે સારો ઉત્સાહ રાખતા જણાય છે.

બંધારણના કેળવાયેલા વ્યાપારીઓ અને અન્ય ગૃહસ્થો.

રા. ઠાકોરદાસ નારાયણદાસ દરબાર, વકીલ.	બાગાવિજાપુર.
શેઠ કીશનદાસ વિઠ્ઠલદાસ, શ્રીરંગજીના જમીનદાર	ઠે. સાહુકાર પેંઠ, મદ્રાસ
,, ગોકુળદાસ જમનાદાસની કું. હા. શેઠ પુરસોતમદાસ ગોકુળદાસ, સુતર અને શરાફી વ્યાપાર	નં. ૨૨૯ ચાઇના બજારરોડ
,, પુરૂષોતમદાસ વેંકટીદાસ, ઝવેરાતનો વ્યાપાર	ઠે. સાહુકાર પેંઠ, મદ્રાસ
,, ગુલાબદાસ નારણદાસ, કાપડનો વ્યાપાર	,,
,, ધનશ્યામદાસ નારાયણદાસ, કાપડનો વ્યાપાર	,,
,, બાલગોવીંદદાસ કૃષ્ણદાસ, સુતરનું કામ (ગદવાડવાળા)	,,
,, રણછોડદાસ ગોરધનદાસ " જુના ઇસ્ટેટોની ભાડાની આવક."	,,

સુચના.

આપણી જ્ઞાતિની વસ્તિનો મુખ્ય ભાગ ગુજરાતમાં આવેલો હોઇ મદ્રાસ, વિજાપુર અને અન્ય સ્થળોના ગૃહસ્થો દેશ લાંબો હોવાના કારણે આ તરફના જ્ઞાતિલાઓના વિશેષ સંસર્ગમાં આવી શકતા નથી. આથી પરસ્પર જોડાવા માટેના વ્યવહારનું ક્ષેત્ર અત્યારે મર્યાદિત થયાનું અનુભવાય છે. આ માટે જ્ઞાતિની જાહેર પ્રવૃતિઓમાં આ તરફના બંધુઓ વિશેષ લક્ષ આપતા થાય એ વધારે અગત્યનું જણાય છે.

વિશા ખડાયતા.

નાંડયાદના વિશા ખડાયતાનું બંધારણ.

કુલ ઘર ૭૫૦ લાણાં ૯૨૫.

(૧) મોટું તડ. "તલાટી વેણીદાસ ભગવાનદાસના નામે" ઘર ૨૭૫ લાણાં ૩૧૫.

આગેવાન.

તલાટી મોતીલાલ ગીરધરભાઇ ઠા. મઢી આગળ
,, જગજીવનદાસ મથુરભાઇ ઠા. બદાસાની પોળ
,, પુરૂષોતમદાસ ગોવરધનદાસ ઠા. સીંધુસી પોળ
,, મણીલાલ છોટાલાલ ઠા. કોડીઆ પોળ
,, ગોકલદાસ દ્વારકાંદાસ ઠા. ગણેશ પોળ
,, હરગોવિંદદાસ પુરૂષોતમદાસ 'ડૉકટર'
સરૈયા ભીખાભાઇ ખુશાલદાસ ઠા. સીંધુસી પોળ
,, નારણદાસ મગનલાલ ઠા. બદાસા પોળ
,, છગનલાલ ઇશ્વરદાસ ઠા. કોડીઆ પોળ
શાહ મુલજીભાઇ અમથાભાઇ ઠા. બદાસા પોળ
ગાંધી ત્રીભોવન સાંકળચંદ ઠા. વડવાકુવા
,, લલ્લુભાઇ ખીમજીભાઇ ઠા. પાંચ હાટડી

(૨) નાનું તડ. "તલાટી સુંદરદાસ તલસીદાસના નામે" ઘર ૨૫ લાણું ૪૦.

આગેવાન.

તલાટી નરોતમદાસ નંદલાલ ઠા. પંચકૂઇ પાસે
,, ફુલચંદ રણછોડલાલ ઠા. સીંધુસી પોળ
,, શીવલાલ ગંગાદાસ ઠા. કોયલા પોળ
,, શંકરલાલ બાપુજી
શાહ મથુરદાસ ભૂલાભાઇ ઠા. સલુણ ચોટા

(૩) પીપલાતાવાળુ તડ. ઘર ૨૫૦ લાણાં ૩૦૦.

આગેવાન.

રા. રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા
શેઠ મોતીલાલ મુલજીભાઇ મોહેલવાળા
,, ગીરધરલાલ ભાઇજી
,, દ્વારકાંદાસ પીતામ્બરદાસ

શેઠ ચુનીલાલ પ્રેમચંદ

,, ભોગીલાલ લલ્લુભાઇ

રા. પુરૂષોતમદાસ ગોવરધનદાસ પીત્તળીઆ

રા. ચુનીલાલ પુરૂષોતમભાઈ મગનલાલ. વકીલ

શેઠ વ્રજલાલ વનમાળીદાસ

,, ઇશ્વરદાસ જગજીવનદાસ

,, હીરાચંદ જમનાદાસ

(૪) ચકલાતાવાળું મોટું. "પરી. જવેરભાઇ જેઠાભાઇના નામે" ઘર ૧૦૦ લાણું ૧૪૦.

આગેવાન.

પરી. વીઠ્ઠલદાસ વલ્લવભાઇ ઠા. કોડીઆ પોળ

,, હીરાલાલ ગોવરધનદાસ ,,

શેઠ ભોગીલાલ હરિભાઇ

,, પુરૂષોતમ હરગોવીંદદાસ

(૫) ચકલાતાવાળું નાનું ઘર ૧૦૦ લાણું ૧૩૦.

આગેવાન.

રા. સોમાલાલ પુરૂષોતમદાસ

,, મોતીલાલ ગીરધરદાસ

(૬) વેલ્લાવાળું તડ. "ઉપરના ચકલાતાના નાના તડના પેટામાં હાલ સમાઇ જાય છે."

આગેવાન.

પુરૂષોતમ હરગોવીંદદાસ.

* ઉપરની વીગતથી નડીઆદના વિશા ખડાયતાના બંધારણમાં કુલ પાંચ તડ—અને તેમાં સુમારે ૭૫૦ ઘર અને ૯૨૫ લાણાં છે.

---

* નડીઆદ, ઉમરેઠ, માતર, મહેમદાવાદ, આણંદ, વાસદ, ભાલજ વગેરે ગામોની આજુબાજુમાં હરેરા, પીઠઈ, સાસતાપુર, અજરપુરા, સામરખા, અડાસ, ચલાલી, વણસોરા, વીણા, મહોળેલ, અલીંદ્રા, સલુણ, આખડોલ વગેરે જુદાં જુદાં લગભગ ૩૫–૪૦ ગામોમાં ખાસ કરીને પીપલાતા તડ અને બીજા તડો પૈકીના આસરે ૨૦૦ ઘરની વસ્તી નડીઆદમાં લાણાં અને નોતરાનો સંબંધ રાખીને ગામડાઓમાં રહે છે. જેની સંપૂર્ણ વિગત આ પહેલાંના પુસ્તકમાં લીધી હતી, પણ હાલમાં તેની નોંધ લેવી વધારે ઉપયોગી નહી જણાયાથી તે આ: આ પુસ્તકમાં મેં મુકી દીધો છે.

બંધારણને લગતી માહિતી.

વિશા ખડાયતાની વસ્તીનો નડીઆદ માટેનો સમગ્ર સમૂહ મૂળ એકજ હતો; જેનો વહીવટ તલાટી વેણીદાસ ભગવાનદાસ અને તેમના વારસો કરતા હતા; પરંતુ બંને ભાઇઓ, વેણીદાસ અને સુંદરદાસ વચ્ચે તકરાર થવાથી આ આખા સમુહના બે ભાગ થયા. આ બંને તડો હાલમાં મોટા અને નાના તડના નામથી હયાતીમાં છે. પહેલાં "સુંદરદાસનું તડ" મોટું કહેવાતું અને ઘરની સંખ્યામાં પણ તે મોટું હતું. આ તડમાં હાલનું પીપલાતા અને ચકલાતા પણ સમાઇ જતાં હતાં. પણ તલાટી લોકોએ ગામડાના રહેવાસીઓને કન્યાઓ નહીં આપવાથી સં. ૧૮૮૯ ની સાલમાં ગામડાવાળાઓ પીપલાતા ગામે ભેગા થઇને ઉપરના સુંદરદાસના તડમાંથી જુદા પડયા અને તે અટકે 'પીપલાતા' નામે પોતાનો જુદો ગોળ બાંધ્યો. ત્યારબાદ કન્યાઓની આપ-લેતીજ હરકતને લીધે ચકલે, રહેનારાઓએ વળી પોતાનો જુદો ગોળ બાંધ્યો; તેઓ ચકલે રહેનાર હોવાથી તેવાજ નામે "ચકલા" વાળા "ચકલાતા" ના નામે ઓળખાવવા લાગ્યા. આ સર્વે ભાગલાઓ સંવત ૧૮૮૯ અને ૧૯૦૯ ની વચમાં થયા એમ કહેવાય છે. આ "ચકલાતા" તડમાંથી સંવત ૧૯૫૮ ની સાલમાં આસરે ૬૦ ઘર, "વેલાવાળા" ના નામે તડરૂપે જુદાં પડયાં. અને તેઓ સાત આઠ વર્ષ જુદાં રહી ફરીથી એકઠાં થઇ ગયાં; પણ તે છેલ્લાં પાંચ વર્ષથી ફરીથી જુદાં પડયાં છે આથી કરીને તેઓ હાલમાં "ચકલાતાનું" મોટું તડ અને વેલાવાળું અથવા તો "ચકલાતાનું" નાનું તડને નામે ઓળખાય છે; એટલે વેલાવાળાના તડનો ચકલાતાના નાના તડમાં સમાવેશ થઇ જાય છે. આ રીતે નડીઆદનો એક મૂળ સમુહ ઉપર જણાવેલાં જુદાં જુદાં તડોમાં રહીને અત્યારે વ્યવહાર પુરો કરે છે. મારા મત પ્રમાણે તો જ્યાં કન્યાઓ આપવા લેવાનો વ્યવહાર જુદો પડી જાય છે. ત્યાં તેને જુદો એકડો ગણી લઇએ તો પણ ચાલી શકે.*

---

* નડીઆદના બંધારણને લગતી ઉપરની વિગત જણાવવામાં એક અર્થ સૂચક હકીકત બહાર આવે છે. મૂળ આખા સમૂહમાંથી એટલે આઠસો હજાર ઘરના એકજ સમુદાયમાંથી, વિભાગ પાડીને બહાર જવું એ સંકુચિત વૃત્તિ હોવા છતાં એ, સુંદરદાસના તડવાળાએ જુદા પડવાની પહેલી પહેલ કરી, અને પોતે કુળવાન હોવાના વિશેષણરૂપ સિદ્ધાંતને વળગી રહેવાથી તેમાંથી પીપલાતા અને ચકલાતાવાળા ગામડાઓવાળાઓ વગેરેએ પોતાના સમુહમાંથી છુટા પડીને નીકળી

સામાજિક.

(૧) કન્યાઓની છત અછત, મોટું અને નાનું તડ. બંન્નેનો આપ લેનો વ્યવહાર ભેગો છે. આ બંને તડોમાં કન્યાઓની અછત વધારે પ્રમાણમાં છે. બહારથી ભાણે ખપતી કન્યા લાવનારને ગ્નાતિ તરફથી કોઈ પણ જાતનો પ્રતિબંધ નથી, પણ પંચને ખાત્રી કરી આપવી પડે છે. વિક્રય થતો હોવાનું જણાતું નથી. પણ અછતને લીધે 'સાટા' અંદર અંદર ગોઠવણી થતી હોય તેમ તો માલુમ પડે છેજ. વર અને કન્યાની વયમાં સાત વરસનો ફરક હોવાનો કાયદો ગ્નાતિ તરફથી અમલમાં છે; અને તેનો સંપૂર્ણ અમલ કરવામાં આવે છે. ઉંમરનો તફાવત નિદાન સાત કે આઠ વરસનો રહેવોજ જોઈએ. આ સ્તુત્ય વિચાર આખી ગ્નાતિમાં આ બંધારણ વાળાએજ અને મોડાસાના સાઠંબા સમુદાયવાળાઓએજ અમલમાં મુક્યાનું જણાય છે.

પીપલાતાવાળાઓનું તડ—આ તડમાં કન્યાઓની છત હોવાનું જણાય છે. વળી જરૂર પડે બહારથી લાવે તો ગ્નાતિ તરફથી કંઈ વાંધો હોય તેમ જણાતું નથી; પરંતુ આવા દાખલાઓમાં ગ્નાતિવાળાઓને ભાણે ખપતી કન્યા છે એવી ખાત્રી કરી આપવી પડે છે. બંધારણમાં વિક્રય થતો નથી.

ગયા. આથી તેઓની સ્થિતિ વખત જતાં વિચારવા જેવી થઈ પડી; કારણ કે તેઓ જથાના જોર ઉપર પોતે જુદા પડેલા હોવા છતાં અત્યારે માત્ર પચીસ ઘરનીજ વસ્તીમાં રહેલા છે. જ્યાં જ્યાં જ્ઞાતિઓના કરતા કારવતા આપખુદ સત્તા ભોગવે છે. ત્યાં આવી સ્થિતિ અનુભવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે; તેનું ઉદાહરણ આ દાખલા ઉપરથી આપણને મળે છે. હાલમાં શેઠ સુંદરદાસના તડવાળાઓને જ્યાંથી જુદા પડયા ત્યાંથી આશ્રય લેવો પડે છે, કે પડયો છે. એટલે ઉપરના નામનાં બંને તડો હયાતીમાં ગણાતાં હોવા છતાં બંને તડો (ભગવાનદાસ અને સુંદરદાસના) વચ્ચે ભોજન વ્યવહાર અને કન્યા આપવા લેવાનો વ્યવહાર એકત્ર કરી લેવો પડયો છે. આવી સ્થિતિ હોવા છતાં ઉપરના અનિષ્ટ સિદ્ધાંતને વળગી રહીને આ બંન્ને તડો જુદા જુદા નામે હાલમાં હયાતીમાં છે. સહેજ સહેજમાં તડ પાડવામાં અભિમાન સમજનારોને આ દૃષ્ટાન્તથી કંઈક શીખામણ લેવાનું મળી શકે છે.

વહીવટ કરવા માટેનું હાલનું ધોરણ મોટા તડમાં કમીટી જેવું નથી. આગેવાનો પાંખીઆવાર મળીને કામ કરે છે. પીપલાતા તડમાં પટલાઈ પેઢીગત હોવાનું જણાય છે, પણ પટેલ એક નહીં પણ જથાવાર પાંચ સાત છે; અને કોઈ મહત્વની હકીકતનો નિર્ણય કરવાનો હોય છે; ત્યારે પાંખીઆવાર મત લેવાય છે. આવાં પોંખીઆં કુલ્લે ૨૭ છે. ચકલાતા તડમાં વહીવટ માટે શેઠ છે પણ વહીવટ બધા મળીને કરે છે.

પણ સાટાં તેખડાં અંદર અંદર ન મળે તે કરે છે. ખરા આ તડનો ઘણો મોટો ભાગ નડીઆદની આજુ બાજુના ગામડાઓમાં રહેતો હોવાથી તેમાં સુધારાના વિચારો વિશેષ દાખલ થયા હોય તેમ જણાતું નથી. વર અને કન્યાની ઉંમરનો તફાવત ખાસ લક્ષમાં લેવામાં આવતો નથી; પરંતુ જ્ઞાતિ તરફથી બે વરસના અંતરનો ઠરાવ પંચે કરેલો છે.

ચકલાતાવાળુ નાનું અને મોટું:—બંને તડો વચ્ચે કન્યાઓ આપવા લેવાનો વ્યવહાર જુદો છે. બંનેમાં અછત વધારે છે. હાલની સ્થિતિ પ્રમાણે તો જેટલી કન્યાઓની સંખ્યા છે તેના કરતાં વરની બે કે ત્રણ ઘણી સંખ્યા છે. કન્યાવિક્રય કોઇ કરતું નથી. સાટાં તેખડાં તો હાલની સ્થિતિમાં કર્યા સિવાય છૂટકો રહ્યોજ નહીં. છતાં કેટલાક એમને એમ આપે છે પણ ખરા. કન્યા અને વર વચ્ચેની વયમાં પાંચ વરસનું અંતર હોવું જોઇએ એવો બંધારણનો ઠરાવ છે અને તે પાળવામાં આવે છે.

(૨) કુળવાન અને અકુળવાનપણું:—મોટા તડમાં જુના વિચારો પ્રધાનતા ધરાવતા હોવાનું જોવામાં આવતું હતું, એટલે અમુક સરૈયા, તલાટી કે બીજા માની લીધેલા નીચા ઉંચા વચ્ચે સરળ વ્યવહાર ન હતો; છતાં કેળવણી વધતાં વિચારોમાં સુધારો થએલો જોવામાં આવે છે. પીપલાતા તડની સ્થિતિ પણ મોટે ભાગે આવીજ છે. આ તડની વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં વસતો હોવાથી વ્યવહાર (ઉતાર) મોટા ભાગે ગામડાઓમાંજ થાય છે, પરંતુ તેમાં પણ શહેર અને ગામડાની પસંદગી કરવામાં આવે છે. પણ ગામડે રહેનાર કરતાં શહેરમાં રહેનારો વર્ગ ઘણો ઓછો હોવાથી શહેરના રહેવાસને લીધે કેટલીક જગ્યાએ શહેરમાં રહેનારાનું મોટાપણું વધી ગયાની બાબત પ્રથમ અનુભવમાં આવતી હતી તેવું અહીં બન્યું નથી; આથી કરીને સર્વે સરખાજ જણાય છે. આ બંધારણમાં કેળવણી મોટે ભાગે નહી વધેલી હોવાથી તેની કદર સારી થાય છે. હાલમાં કેળવાએલા વર્ગમાં પસંદગી અને લાયક જોડું મેળવવાની સ્વાભાવિક ઊર્મી વધવાથી કેટલાકની લાગણી દુભાયાનું સાંભળ્યું છે. આ સંબંધમાં વસ્તુ સ્થિતિનો ખરો વિચાર કરીને કામ લેવાવું જોઇએ અને આપણે સારા હોઇએ તે તરીકે સમાજને હર્ષ થાય, અને તેની પ્રગતિમાં આપણી સેવા કામે લાગી શકે તે દ્રષ્ટિ ધ્યાનમાં રાખીનેજ કાર્ય કરવું જોઇએ.

(૩) પલ્લુ:—પીપલાતા અને ચકલાતાના બંને તડોમાં રૂા. ૨૫૧ અને મોટા તડમાં રૂા. ૧૨૫ નો ઠરાવ છે.

(૪) વિધવાશ્રમ:—વિધવાના નિર્વાહનો આધાર પલ્લા ઉપર તેમજ ૂણું, ખાંડણું, અને દાળ વીણવાની મજુરી ઉપર છે. વિધવાઓને હાલની ્ખમય સ્થિતિમાં મદદ કરવા જેવું એક પણ સાધન હોય તેમ જણાતું થી; તેમજ તેઓને કોઈ વ્યક્તિગત સહાય્ય મળતી હોય તેવું પણ જણાતું થી. વળી જ્ઞાતિ તરફથી તેઓને મદદ કરી શકે તેવું આશ્રમ પણ નથી; ્તાં અહીંઆ "લલિતાશ્રમ"ના નામે એક સ્વ. ગોરધનરામ તરફની સંસ્થા ાલે છે. આ સંસ્થાનો કેટલીક બેનો લાભ લે છે; પણ તેનો લાભ લેવામાં, ેક દૃષ્ટિએ ઘણી બેનો આ સ્થળ દૂર હોવાથી સંકોચ લે છે, કે જે દરેકને ાભ લેવાને અનુકૂળ થઇ પડતું નથી. જો જ્ઞાતિ તરફથી આવું આશ્રમ ાય તો અથવા તો નડીઆદમાં દશાખડાયતાઓમાં છે તે પ્રમાણે સગવડ કરી ેવામાં આવે તો જ્ઞાતિની ઘણી બેનોને આશ્રય મળે; અને આથી ઘણી બેનો ૂળવાની તેમજ ખાંડવાની સખત મજુરીમાંથી બચી શકે. પણ આ કામ ્રવાની જોખમદારી કોના ઉપર મૂકી શકાય ? અને વળી આવી જોખમદારી ુકાય તોપણ તે અદ્ધરટપકે મુકાયેલી જોખમદારી કેટલો સમય ટકી શકે ? ્ઞાતિહિત દિલમાં વસ્યા સિવાય અને ફરજનો ખ્યાલ ધ્યાનમાં ઉતર્યા સિવાય આવો ભાર મુકવાનું કાર્ય અદ્ધરચરૂં રહેવાનું અને તેમાં કંઇ પણ ભલિવાર ાય નહીં. ઇશ્વર સારી સ્થિતિવાળાઓને પોતાની ફરજનું ભાન કરાવે અ- ્વા તો જેઓને મદદની જરૂર હોય તે બીજા ઉપર અવલંબન નહી ્રતાં સ્વાશ્રયી બની જાય તોજ આ દુ:ખ દૂર થઇ શકે.

પણ ઉપરની વિગત રજુ કરતા પહેલાં નડીઆદના સુખી અને શ્રીમં- ોના વલણ તરફ નજર નાખવાની જરૂર રહે છે. હજાર અગિઆરસો ્રની મોટી વસ્તીમાં કે જેમાં સુખી, શ્રીમંતો, ગાડી કે મોટરવાળાઓ હોવા ્તાં કેળવણી અને વિધવાઓની દુ:ખદ્ સ્થિતિ જેવા બારિક સવાલોમા ેવાઓનું દૂરલક્ષ કેમ જોવામાં આવે છે? લોકો કહે છે કે અહીંઆં ખરા શ્રીમંતો કહો, કે ગર્ભ શ્રીમંતો કહો, જે કોઇ સુખી છે તેઓને " હું કે મારી હુંતી" સિવાય અન્યની કંઇ પડી નથી. નડીઆદ કે જે ભાગ આપ- ્ના કેટલાક દાખલાઓમાં ખેડા જીલ્લાનું પાટનગર કે નાક ગણી શકાય; અને વળી જ્યાં દેશસેવકોની હાજરી હોવાનું કહેવાય છે ત્યાં આવી ્ાચાર સ્થિતિ કેમ સંભવે ? જ્ઞાતિની હાલની સ્થિતિ આ પ્રમાણે છે અને ેને તે પ્રમાણે સ્વીકારવી જોઇએ છે તો આગ્રાત જનોને શું નડીઆદ ્દદ કરી શકે તેમ નથી ? કંઇક અપવાદ કે રોગ લાગું પડયો હોય તો

ડોક્ટરો અને વકીલોએ વિચારી લઇને તેનું નિવારણ કરવું જોઇએ.

(૫) **વિક્રય અને સાટાં તેખડાંઃ**—ઉપર કન્યાની છત અછતના વિવેચનમાં આ બાબત આવી જાય છે.

(૬) **જમણવારઃ**—લગભગ બધા તડોમાં થોડા ઘણા ફેરફાર સાથે ધોરણુ સરખા જેવુંજ છે. લગ્નમાં ખાટુ, અર્ધું ખાટુ, "અને વ્યવહાર" પુરતું ખર્ચ કરવાનો રિવાજ છે; એટલે ઘણાઓ માત્ર વ્યવહાર કરે છે તોપણ ચાલી શકે છે. સાધારણ રીતે મોટા તડમાં અને પીપલાતા તડમાં અર્ધા ખાટામાં ત્રણેક મણનો કંસાર કરવો પડે છે. આખા ખાટાને ન્યાત કહેવામાં આવે છે, અને તેમાં ઉપરના કરતાં બમણું ખર્ચ થાય છે. મરણના પ્રસંગમાં સર્વે એક 'ન્યાત' કરે છે, અને તે ફરજીઆત જેવીજ થઇ પડી છે. સીમંતમાં પણ ખાટુ કરવું પડે છે એટલે 'ન્યાત' ફરજીઆત જેવીજ ગણાય. સીવાય નાનાં છોકરાના મરણમાં ચોથીયું કરવામાં આવે છે.

(૭) રડવા કુટવાનો રિવાજઃ—ગામડાંઓની સ્થિતિ કરતાં વિશેષ ફેરફાર જેવું જણાતું નથી.

(૮) **કેળવણી**—નડીઆદમાં શિક્ષણ મેળવવા માટેનાં સાધનો ભરપૂર છે. પ્રાથમિક નિશાળો પુરતી છે. મેટ્રિક સુધીના અભ્યાસને માટે ચાર હાઇસ્કૂલો છે. હાલ હાઇસ્કૂલોમાં ૬૦–૬૫, વિનયમંદિરમાં ૭૦, રાષ્ટ્રિયમાં ૩૦–૩૫ અને ન્યુ ઈંગ્લીશ સ્કૂલમાં ૩૦ છોકરાઓ શિક્ષણ લેછે. કોલેજમાં પણ થોડીક સંખ્યા છે. એકંદરે કેળવણીનું પ્રમાણ સારૂં છે. સાધારણ રીતે મેટ્રિક સુધીનો અભ્યાસ કરવોજ જોઇએ એવો સર્વે વિચાર રાખે છે, શાળાઓનું સાધન અનુકૂળ હોવાથી અને ઘર આગળ રહેવાનું હોવાથી આ વિચાર અમલમાં મુકવાને હરકત આવતી નથી. આટલું શિક્ષણ વ્યવહાર પુરતું ગણાવાથી જેઓની સ્થિતિ સારી હોય છે અથવા તો જેઓને પોતાના ઘર આગળ ધંધો હોતો નથી તેવા માણસો કોલેજના અભ્યાસમાં જોડાય છે. આ રીતે આગળ અભ્યાસ કરનારાઓને તક્ષ (નડીઆદ) માટે આ હજાર ઘરની મોટી જ્ઞાતિ હોઈ, મદદને યોગ્ય જણાતા હોય તેવાઓને, તેવી મદદ આપીને આગળ લાવવા માટે એકપણ સાધન નથી; તેમજ કોઇ છુટી વ્યક્તિઓ તરફથી પણ સગવડ મળતી હોય તેવું જોવામાં આવતું નથી. અને જે કોઇ આવી મદદ માટે આધાર રાખી શકતું હોય તે સર્વે મ્હૈસુરની સ્કોલરશીપ ઉપરજ આધાર રાખે છે. અહીંની કેળવણીની સ્થિતિ આ

પ્રમાણે હોવા છતાં પીપળાતા તડની વસ્તીનો મોટો ભાગ ગામડાંઓમાં રહેતો હોવાથી અને તેઓને શરૂઆતની કેળવણી લેવામાં મદદ કરવા જેવું હોવાથી તે તડ તરફથી એક ફંડની યોજના કરેલી છે. આ ફંડનો વહીવટ જ્ઞાતિના આગેવાનોજ મોટા ભાગે કરે છે. આ ફંડ તરફથી લગભગ ૧૩–૧૪ વરસથી એક બોર્ડીંગ ચલાવવામાં આવે છે જેનો લાભ સરેરાશ લગભગ ૨૦–૨૫ છોકરાઓ લે છે. આપણી જ્ઞાતિની હાલમાં જુદે જુદે સ્થળે મળીને ત્રણ ચાર બોર્ડીંગો ચાલે છે. આ સહુમાં આ બોર્ડીંગવાળાઓએ સાધારણ સ્થિતિ ભોગવતો વર્ગ કેળવણી લઇ શકે તે માટે જે પ્રબંધ રાખેલો છે, તે ઉત્તમમાં ઉત્તમ છે. અત્યારે આપણી દૃષ્ટિ આગળ એ મહત્વનો સવાલ આવી પડેલો છે કે બોર્ડીંગો કયા કયા સ્થળોએ સ્થાપવાથી જ્ઞાતિને વિશેષ લાભ થાય; અને તેનું ધ્યેય કેવું હોવું જોઇએ? તેમજ તે આકર્ષક અને કોમને વિશેષ ઉપયોગી કઇ રીતે નીવડી શકે! આ બાબતમાં વધારે વાટાઘાટ કરીને નિર્ણય ઉપર આવવાની જરૂર છે; છતાં જે વિગત સ્થિતિ રજુ કરવામાં વધારે મહત્વની જણાય છે તે એ છે કે–હાલની ઘણી ખરી બોર્ડીંગોમાં ગરીબાઇને લીધે જ્ઞાતિનો મધ્યમ અને ગરીબ વર્ગ શીખી શકતો નથી. આવું માનવાને આ પુસ્તકમાં ઠેકાણે ઠેકાણેની રજુ થયેલી વીગત સ્પષ્ટ પ્રમાણ છે. બોર્ડીંગો મોટા ભાગે શ્રીમંતને માટે નહી પરંતુ મધ્યમ અને ગરીબ વર્ગને માટેજ હોવી જોઇએ કે જેઓને યોગ્ય સાહાય્ય કરી શકાય, તેમજ તેમને ભારે પડતા ખરચમાંથી પણ બચાવી શકાય.

આ ઉદ્દેશ સાધવા માટે મારો પોતાનો અભિપ્રાય તો એવો છે કે જ્યાં જ્યાં સ્કૂલોનું સાધન છે તેવાં ગામડાઓમાંજ આપણી જ્ઞાતિની બોર્ડીંગોની વિશેષ જરૂર છે; છતાં જે ગામોમાં શિક્ષણ માટેના ઉપલા વર્ગો ન હોય તેવા ગામોને માટે શહેરમાં જોગવાઇ કરવાની જરૂર ઉભી રહે તો આવી સગવડ કોલેજીઅનોને માટેજ હોય તે વધારે ઇષ્ટ છે; અને તેમાં એ પણ શહેરનાં જ્ઞાતિઓ માટેનાં છાત્રાલયોથી કોમને જે કંઇ લાભ થઇ શકશે તે કરતાં તેવાઓ બહારની બોર્ડીંગોમાં બીજાઓ સાથે રહીને અભ્યાસ કરશે તેથી વિશેષ લાભ થઇ શકશે. મારા વિચાર પ્રમાણે તો હાલની સ્થિતિ ધ્યાનમાં લેતાં મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પુરતી લોન અથવા તો સ્કોલરશીપો આપવાનીજ ખાસ જરૂર છે.


ઉપરની જરૂરીઆતનું કારણ સમજીને નડીઆદના પીપળાતા તડન

બોર્ડીંગમાં રહેનારા વિદ્યાર્થીઓ પાસેથી માત્ર સાત, આઠ રૂપિયાજ ખરચના લેવામાં આવે છે. આથી બાકીનો વધારેનો ખર્ચ ફંડમાંથી પુરો પાડવામાં આવે છે. આપણી ગામડાઓની સર્વે બોર્ડીંગો જો આજ ધોરણે ચલાવવામાં આવે તો એટલે ગરીબ અને મધ્યમ વર્ગ, જે તે એકડાની સ્થિતિના પ્રમાણમાં ખર્ચ ઉપાડી શકે તેવું લવાજમ ઠરાવીને, બોર્ડીંગોમાં આવતું વધારાનું ખર્ચ તે એકડાવાળાઓ પોતાના કેળવણી ફંડમાંથી નિભાવી લે તો પ્રાથમીક કેળવણી વધવામાં સરળતા થઇ શકે.

નડીઆદની પીપલાતા તડની ઉપર જણાવેલી બોર્ડીંગના આગેવાનોમાં જ્ઞાતિના જાણીતા, "નડીઆદની પહેલી કોન્ફરન્સ તરીકે મળેલા મહેમાનોનું સપ્રેમે આતિથ્ય કરનારા" મુંબાઇની શ્રી ખડાયતા સમાજના એક ઉત્સાહીસભાસદ રા. રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા છે; જેઓના જણાવ્યા પ્રમાણે આ બોર્ડીંગને તેઓએ પોતાના તડ પુરતી રાખી નથી; પરંતુ તેઓ બહારના કોઇપણ વિદ્યાર્થીઓને જગ્યાની સગવડ હોય છે ત્યાં સુધી રાખવાની ગોઠવણ કરી આપવાનો ઉદાર-ભાવ જણાવેલો છે. હાલમાં આ બોર્ડીંગની વ્યવસ્થાનું કામ સેવા ભાવથી રા. મોહનલાલ હરિવલ્લભદાસ વકીલ તથા મગનલાલ હીરાચંદ ગાંધી કરે છે.

(૯) યુવકમંડળ:—કેટલાક સમયથી હાઇસ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓ મળીને એક મંડળ સ્થાપેલું છે. આ મંડળ ખાસ કરીને રજાઓના દિવસોમાં ભેગું મળી ભાષણોની શ્રેણી ઉપર વિચારોની આપલે અને ચર્ચા કરે છે. આ મંડળ તરફથી "શ્રી ખડાયતા વ્યાયામશાળા"ને નામે આશરે બે વર્ષ થયાં કસરત માટે એક અખાડો સ્થાપવામાં આવેલો છે, જેના લગભગ ૫૦—૬૦ મેમ્બરો છે. આ વ્યાયામશાળા તરફથી શારીરિક ખીલવણી અર્થે એક હસ્ત લિખીત માસિક કાઢવામાં આવે છે અને તે સારૂં વંચાય છે. આ યુવકમંડળ પોતાના ધ્યેયમાં કેટલું આગળ વધી શક્યું તે વિચારવા અર્થે તેમજ તેને બહારનું પ્રોત્સાહન મળે તે માટે વાર્ષિક સમારંભો કરવામાં આવે છે, અને તેમાં ઉચ્ચ નંબરે ઉત્તીર્ણ થનારને ઇનામો પણ વહેંચવામાં આવે છે. એકંદરે નડીઆદનું આ યુવકમંડળ ઠીક કામ કરે છે. તેવું તો કહેવુંજ પડશે.

(૧૦) રાજકિય:—રા. ગોકળદાસ દ્વારકાંદાસ તલાટી અને રા. ફુલચંદ બાપુજીનાં નામ નડીઆદના રાજકિય જીવનમાં અગ્રસ્થાને મુકી શકાશે. નડીઆદની આ દિશાની જાહેર પ્રવૃત્તિ ઘણે મોટે ભાગે આ બંને ગૃહસ્થો



શા. રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા

[નડીઆદની પ્રથમ સામાન્ય સભાના સ્વાગત કમીટીના
પ્રમુખ. સભાસદ શ્રી ખડાયતા સમાજ, મુંબઇ.]



રા. સા. નારણદાસ કાલીદાસ ગાંધી

A. 3148—Lakshmi Art, Bombay, 8

અને રા. ઠાકોરદાસને આભારી ગણી શકાશે. તેઓ આ ચળવળમાં તનતોડ મહેનત કરે છે. નડીઆદ તલમાં તેમજ ખેડા જીલ્લામાં રાષ્ટ્રિય ચળવળના વિકાસમાં તેઓનો હિસ્સો ઘણો સારો હોવાનું જણાવવાનું માન, આ ગ્નાતિને એક દિશામાં શોભારૂપદ છે, તેવું કહેવું પ્રસંગવશાત ઠીક શોભે છે.*

(૧૧) આર્થિકઃ—નડીઆદ શહેરની વસ્તીનો મોટો ભાગ વણિકોની એકંદર વસ્તીમાં, ખડાયતાઓથીજ ખીચોખીચ છે. મહાજન તરીકે કહેવરાવવામાં પણ ખડાયતા સિવાયની વસ્તી ઘણીજ જૂજ છે. આર્થિક સ્થિતિ ઘણા મોટા ભાગની સારી હોવાનું જણાય છે. શહેરને લીધે સઉ કોઇ સ્થાનિક ધંધામાં અને બહાર દેશાવર ખેડનાર તરીકે પણ અહીંની વસ્તી સારી નીકળે છે. સ્થાનિક ધંધામાં મોટા ભાગે કાપડ, ચોકસી, તાંબા પીતળનાં વાસણ, દલાલી, ઘીનો વ્યાપાર મુખ્ય ગણાય છે. બહારના

* રાજકિય પ્રવૃત્તિમાં રા. ગોકળદાસ તલાટીની સેવાઓ અનુપમ હોવા છતાં કેટલીક દિશામાં તેઓશ્રીની સેવાઓ અથવા તો ધર્મ—ભાવનાઓ માટે બેસુરો અવાજ બહાર આવતો રહે છે. વિચારતાં અમોને જણાય છે કે ચર્ચા ઉપસ્થિત છે તો પ્રાધાન્ય કે વિરોધ નહી તો સ્વલ્પ સત્ય તો ચર્ચામાં હશે ખરૂંજ. રા. તલાટી તરફ અમારી વિશેષ માનવૃત્તિ હોવા છતાંએ તેઓના સંબંધમાં અમોને દુઃખ સાથે સાંભળવું પડે છે તે તદ્દન ખોટું તો નહીંજ હશે. જો કે હાલ રજુ થઇ કારણ તેઓશ્રીની ધર્મભાવનાઓને અનુસંબંધ નહીં પણ કરતું હશે; તો પણ 'દુધ અને દહીં' બંનેમાં એકજ વખતે પગ રાખવાની તેમની પોલીસી એક સત્યાગ્રહ તરફ વળેલા માટે શોભારૂપ ગણી શકાય નહીંજ. તેઓશ્રીના સંબધમાં પેપરોમાં ચર્ચાએ જે સ્થાન લીધું છે તે સંબંધમાં કોમ કદાચ વધારે નિસબત ધરાવતી ના હોય તેવું માની લઇએ; તો પણ જ્યારે કોમ અત્યારે સત્યનો પાઠ શીખવાના અને સેવાભાવના સાચા ક્રમ ઉપર ચઢવાને વળે છે, અને કોમના માર્ગદર્શક અને સાચા નીવડેલા સેવકોની સેવા માટે મગરૂરી પણ ધરાવે છે; ત્યારે તો તેવાઓના સંબંધમાં જાહેરમાં આવતી ટીકાઓ ઉપર આંખ મીચામણું કરવું તે સત્યથી વેગળા જવા જેવુંજ થઇ પડે. કોમ વિશેષ જોવા અને જાણવાને આતુર રહેશે કે શ્રેષ્ઠ ગણાતું આ આત્મભોગ રૂપી બલિદાન શોભી ઉઠે તેવાજ સિદ્ધાંત તરફ વળવાની માર્ગ પ્રતિક્ષા આવા સાચા અનુયાયીઓના હૃદયમાં ઉતરી રહે અને તેને તે શોભાવે. ખરૂં તો એજ છે કે નેતાઓ જનસમુહના મોટા સમુદાયને દોરનારા છે. તેઓએ સિદ્ધાંત સાચવવામાં અને પાળવામાં એટલી તો ચીવટ રાખવી જોઇએ કે પોતાની જાતની અવગણના સહજ પણ થાય નહીં. હું તો એવોજ અભિપ્રાય ધરાવું છું કે, ગમે તે પ્રવૃત્તિમાં જ્યાં સુધી ધર્મવૃત્તિ દાખલ થઇ શકી નથી કે થઇ શકતી નથી; ત્યાં સુધી કાર્યમાં શુષ્કતાજ રહેવાની.

વ્યાપાર કરનારાઓમાં, જુદા જુદા ગામોએ, અનાજ, સીક, માલ, તેમજ આડત, ડેરી, રંગ વગેરે જુદા જુદા ધંધાઓમાં ઘણા ભાઇઓ રોકાયેલા છે. સ્ટેટોમાં ઉંચા હોદ્દેદારો ગણાતા પણ છે એકંદરે આર્થિક સ્થિતિ મોટા ભાગની સારી હોવાનુંજ જોઇ શકાય છે.

(૧૨) કેળવણીમાં મદદઃ—અહીંઆં સમસ્ત જ્ઞાતિ તરફથી જેઓને મદદની ખાસ જરૂર હોય છે તેઓને મદદ કરવા માટેનું એક પણ વ્યવહારૂ સાધન અસ્તિત્વ ધરાવતું નથી; તેમજ છૂટી છૂટી વ્યક્તિઓ તરફથી પણ નિયમિત મદદ કરવામાં આવતી હોય તેવું જાણવામાં આવેલું નથી. પણ સદ્‌ગત. મનસુખલાલ બાપુજી તલાટી, રા. ચુનીલાલ બાપુજી અને બાઈ પરસન તરફથી બહુજ નાની રકમનાં બે ફંડો છે. તેનો ઉપયોગ મોટા ભાગે તો યુવક મંડળના વાર્ષિક મેળાવડામાં ઇનામ આપવામાં તેમજ તેવા બીજા કામમાં કરવામાં આવે છે. નડીઆદ માટે નિરાધાર બેનોને મદદ અને કેળવણીમાં લાયકને મદદ આપવા માટે એક પણ યોગ્ય સાધન હોય નહી તે જેવી તેવી ઓછી શરમની વાતતો નજ ગણાય. કોમમાં જેઓ સાર્વજનિક સંસ્થાઓ તરફ મહેનતનો કે બીજી રીતે પોતાનો ફાળો આપતા હોવાનું ગણાય છે. તેઓ ખરી રીતે પોતાના પગ તરફ નજર કરતા થશે ખરા ?

(૧૩) સાહિત્યઃ—સાહિત્યના વિષયમાં નડીઆદની મોટી વસ્તીનું પ્રમાણ ધ્યાનમાં રાખીએ તો સાહિત્ય તરફ પ્રેમ ધરાવનારાઓની સંખ્યા વધારે નથી; છતાં જે થોડાંક નામો સૂચવી શકુંછું તેઓની ખ્યાતિ એટલી વધારે છે કે કેટલેક અંશે વિશેષ નામોની ખોટ તે પુરી પાડે છે. આ સંબંધમાં રા. ફુલચંદ ઝવેરદાસ માસ્તરનું નામ અગ્રસ્થાને મુકી શકાશે. તેઓ એક મજાના ચિત્રકાર હોવા ઉપરાંત સાહિત્યના વિષયમાં નાટયકાર તરીકે સુપ્રસિદ્ધ છે. મને યાદ છે કે, તેઓનાં લખેલાં કાદમ્બરી, માલતીમાધવ, અનુસૂયા, મુદ્રાપ્રતાપ વગેરે નાટકો વધારે પ્રશંસાને પામવા ઉપરાંત રંગભૂમિ ઉપર સારાં વખણાએલાં છે. આ સિવાય રા. મોહનલાલ નરોત્તમદાસ કવિ, રા. મોહનલાલ નારણદાસ ચિત્રકાર, રા. ગોરધનદાસ ત્રીભોવનદાસ ડૉક્ટર, અને રા. જયંતિલાલ હરગોવિંદદાસ વગેરે છૂટક છૂટક માસિકોમાં લખે છે. એકંદરે સ્થિતિ વિચારીએ તો. સાહિત્યના વિષયમાં રસ લેનાર વર્ગની સંખ્યા ઘણી નાની હોવાનું કહી શકાએજ.



રા. ગોકલદાસ દ્વારકાદાસ તલાટી

" નડીઆદની રાષ્ટ્રિય ચળવળના મુખ્ય નેતા પ્રમુખ, શ્રી દ્વિતિય ખડાયતા પરિષદ, ડાકોર "

A. 3148—Lakshmi Art, Bombay, 8



રા. ફુલચંદ બાપુજીભાઈ શાહ

[નડીઆદની રાષ્ટ્રિય ચળવળના મુખ્ય નેતા.]

(૧૪) લાયબ્રેરી:—નડીઆદમાં એક સુંદર અને આદર્શ ગણી શકાય તેવી સાર્વજનિક ' ડાહી લક્ષ્મી ' લાયબ્રેરી છે. આ સિવાય દશા ખડાયતા હિતેચ્છુ લાયબ્રેરી છે, જે બંધારણના યુવક મંડળ તરફથી ચાલે છે. વીશાઓને માટે સાહિત્યના આ વિષયને ઉત્તેજન મળી શકે તેવી કોઇ જુદી ગોઠવણ નથી.

આ બંધારણના કેળવાએલા અને ઉત્સાહી ગૃહસ્થો.

રા. ગોકુળદાસ દ્વારકાંદાસ તલાટી, બી. એ. એલએલ. બી. નડીઆદની રાષ્ટ્રિય ચળવળના મુખ્ય નેતા અને મ્યુનિસીપાલીટીના પ્રમુખ.

રા. શા. નારણદાસ કાળીદાસ ગામી બી. એ. એલએલ. બી. સર ન્યાયાધિશ, પાલીતાણા સ્ટેટ.

રા. હરગોવિંદદાસ પુરૂષોત્તમદાસ તલાટી. એલ. એમ. ઍન્ડ એસ. ડૉકટર નડીઆદ.

રા. ફુલચંદ બાપુજીભાઇ મંત્રી. રાષ્ટ્રિય શિક્ષણ સમિતિ, નડીઆદ.

રા. રણછોડલાલ ભોગીલાલ ગોળવાળા, રંગના વેપારી, મુંબઇ.

રા. મોહનલાલ પુરૂષોત્તમદાસ, માલીક ઇમ્પીરીયલ ડેરી કું. મુંબઇ. શાખા " રંગુન અને કોલંબો. "

રા. ભગવાનદાસ મગનલાલ શાહ. રંગના વેપારી, ઠા. પાડાપોળ નડીઆદ.

(૧) મણિલાલ મગનલાલ એન્ડ બ્રધર્સ, ચોક બજાર, પટના સીટી.
(૨) મણિલાલ મગનલાલ એન્ડ બ્રધર્સ, કાલબાદેવી મુંબઈ.
(૩) મોતીલાલ મગનલાલ, ૨૬ આર્મીનીઅન સ્ટ્રીટ, કલકત્તા.

રા. રતિલાલ નારણદાસ ગામી, રંગના વેપારી ઠા. તમાકુ કટરા, દિલ્હી અને અમૃતસર.

રા. મણિલાલ નારણદાસ ગામી, રંગના વેપારી, અમૃતસર.

રા. ગોકળદાસ ચુનીલાલ સરૈયા. બી. એ. એલએલ. બી, વકીલ, ગોધરા.

રા. લલ્લુભાઇ હરગોવિંદદાસ બી. એ. એલએલ. બી. ગોધરા.

રા. ચુનીલાલ પુરૂષોત્તમદાસ બી. એ. એલએલ. બી. વકીલ, મીયાગામ કરજણ અને સીયાપુરા, વડોદરા.

રા. ચુનીલાલ પુરૂષોત્તમદાસ શાહ. (લંડન) પોટરી, એક્સપર્ટ. હાલ મુંબઇ

રા. સોમાભાઇ મોતીભાઇ બી. એ. એલએલ. બી. વકીલ, નડીઆદ.

રા. જગમોહનદાસ મુલજીભાઇ બી. એ. એલએલ. બી. વકીલ, નડીઆદ.

રા. મોહનલાલ ચુનીલાલ શાહ. બી. એ. એલએલ. બી. વકીલ, નડીઆદ.
રા. રણછોડલાલ ચુનીલાલ બી. એ. એલએલ. બી. વકીલ, નડીઆદ. ઠે. સોંધુસીપોળ.
રા. હરગોવિંદદાસ લલ્લુભાઇ તલાટી. મામલતદાર, બોરસદ.
રા. ચુનીલાલ દામોદરદાસ ગાંધી. ડેપ્યુટી, એ. ઇ. ખેડા. હાલ નડીઆદ.
રા. રમણલાલ પીતાંબરદાસ સરૈયા. ડીસ્ટ્રીકટ પ્લીડર ઠા. કોયલા પોળ.
રા. મોહનલાલ પીતાંબરદાસ સરૈયા. ડીસ્ટ્રીકટ પ્લીડર. ઠા. પંચકુઇ.
રા. મોહનલાલ [illegible] વલ્લભદાસ શાહ. ડીસ્ટ્રીકટ પ્લીડર ઠા. સંકરબદાની પોળ.
રા. ફુલચંદ [illegible]દાસ ડ્રોઇંગ માસ્તર ગવર્નમેન્ટ હાઇસ્કૂલ નડીઆદ. ઠા. [illegible].
રા. છોટાલાલ ત્રીભોવનદાસ મેનેજર, ધી ન્યુ ઇંગ્લીશ સ્કુલ, નડીઆદ.
રા. મણીલાલ મગનલાલ બી. એ. "ભગવાનદાસ મગનલાલવાળા" કાલબાદેવી મુંબઇ.
રા. હરિલાલ મથુરદાસ તલાટી. બી. એ. શિક્ષક. વિનય મંદિર નડીઆદ. ઠા. કોયલાપોળ.
રા. મોહનલાલ નરોત્તમદાસ શાહ કવિ. બી. એ. શિક્ષક, મેલ ટ્રેનિંગ કૉલેજ વડોદરા.
રા. હરિલાલ દામોદરદાસ બી. એ. આ. શિક્ષક, સરકારી હાઇસ્કુલ નડી-આદ ઠા. દકાળ પોળ.
રા. અમૃતલાલ દેવચંદ. બી. એ. શિક્ષક, ગવર્નમેંટ હાઇસ્કૂલ, નડીઆદ ઠા. વડવાકુવા, જોઇતા કલ્યાણની પોળ.
રા. હરિલાલ નારણદાસ ગામી. બી. એ. શિક્ષક, હાલ પાલીતાણા.
રા. ભોગીલાલ મંગળદાસ શાહ. બી. એ. શિક્ષક સિદ્ધપુર હાઇસ્કૂલ.
રા. મનસુખભાઇ મથુરભાઇ બી. એ. આસિસ્ટંટ માસ્તર એ. વી. સ્કુલ, કડી.
રા. પુરૂષોત્તમદાસ ત્રીભોવનદાસ શાહ. બી. એ. એ. વી. સ્કૂલ હેડમાસ્તર ઇઝરા સ્ટ્રીટ, કલકત્તા.
રા. ગોવર્ધનદાસ ત્રીભોવનદાસ શાહ. જી. બી. વી. સી. (વેટરીનરી સર્જન), મુંબઇ.
રા. મોહનલાલ પાનાચંદ ગાંધી. વેટરીનરી સર્જન, અમદાવાદ.
રા. ચુનીલાલ હરિવલ્લભદાસ ગાંધી, સાયન્સ માસ્તર ન્યુ ઈ. સ્કુલ, નડીઆદ
રા. ગોકળદાસ મગનલાલ શાહ, ડૉકટર કેલવા. માહીમ. "બી. બી."

રા. પ્રાણવલ્લભદાસ મોતીલાલ તલાટી. ડૉકટર, મહીકાંઠા એજન્સી, પોળો સ્ટેટ. ઘોડાદર.

રા. મુળજીભાઈ પુરૂષોત્તમદાસ શાહ, બી. એ. ઇમ્પોર્ટ એકસપોર્ટની લાઈનમાં નડીઆદ અને મુંબઇ.

રા. મણીલાલ પુરૂષોત્તમદાસ શાહ. ઉપરના વ્યાપાર સાથે.

રા. મુળજીભાઇ હરિવલ્લભદાસ શાહ. ઇમ્પીરીઅલ બેંકમાં સરાફ, રાજકોટ

રા. મોતીલાલ જેઠાભાઇ સરૈયા ,, અમદાવાદ.

રા. મણીલાલ જેઠાભાઇ સરૈયા ,, ભરૂચ.

રા. મુળજીભાઇ જેઠાભાઇ સરૈયા ,, રાજકોટ.

રા. મણીલાલ ભોગીલાલ સરૈયા. ઇમ્પીરીઅલ બેંક સીટી સબ બ્રાંચ અમદાવાદ.

રા. પુરૂષોત્તમદાસ ગોરધનદાસ રીટાયર્ડ ડે. એ. ઇ. બરોડા સ્ટેટ, હાલ નડીઆદ.

રા. મનસુખલાલ મગનલાલ. અવલ કારકુન હાલ માતર.

રા. હીરાચંદ ગિરધરદાસ તલાટી. હેડ પોસ્ટ ઓફિસ, ભરૂચ.

રા. અંબાલાલ ખીમચંદ બી. એ. જી. અઠવા ફાર્મ સુરત.

રા. ગોરધનદાસ હરિવલ્લભદાસ કાસરવાળા, લોકલ બોર્ડ ઓવરસીયર, આણંદ.

રા. મણીલાલ લલ્લુભાઇ વકીલ, મીલ, જીન, સ્ટોર સપ્લાયર્સ કૃષ્ણ બીલ્ડીંગ, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઇ.

રા. ચીમનલાલ જમનાદાસ દેસાઇ. મે. ફ. લેધર વાઇસર્સ નડીઆદ.

રા. છોટાલાલ હીરાચંદ શાહ. ડીરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીની ઓફિસમાં, મુંબઇ.

રા. ચુનીલાલ જાદવજી પાલણપુર સ્ટેટ, ડીસા, રેવન્યુ ઓફીસર અને ફ. ક. મેજીસ્ટ્રેટ.

રા. શામળદાસ મુળજીભાઇ ચકલાસીવાળા, કારભારી, ગડ સ્ટેટ 'રેવાકાંઠા' અને સીંદુસી પોળ, નડીઆદ.

રા. બાપુજીભાઇ ગોકળદાસ પરી. સર્કલ ઇન્સ્પેકટર ગોધરા.

રા. અમૃતલાલ વ્રજલાલ તલાટી. સર્વેયર, લખતર સ્ટેટ (કાઠીઆવાડ).

રા. મોહનલાલ પ્રભુદાસ પરીખ. ડેપ્યુટી વેકસીનેશન ઇન્સ્પેકટર, સેનીટેશન કમીશ્નરની ઓફિસમાં અમદાવાદ.

રા. મોહનલાલ છગનલાલ એન્જીનીયર અને માલીક, શ્રી લોટસ જીનિંગ ફેકટરી, મોંડાવડ (કાઠીઆવાડ).

રા. ગોકળદાસ નરોત્તમદાસ તલાટી. સ્ટોરકીપર, ગવર્નમેન્ટ બોરીંગ વર્કસ ભરૂચ.

રા. મગનલાલ ભાઇજીભાઇ પેન્શનર, ગુજરાતી સ્કુલ, નડીઆદ.

રા. રણછોડલાલ બાપુજી. સ્કુલ માસ્તર ગુ. સ્કુલ પાળજ, તા. બોરસદ.

રા. હીરાલાલ ત્રીભોવનદાસ. સ્કૂલ માસ્તર વાસદ.

રા. નવનીતલાલ ગોકળદાસ. તલાટી ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

રા. પુંજાલાલ લલ્લુભાઇ ગામી. રાષ્ટ્રિય સ્કૂલમાં શિક્ષક, નડીઆદ.

રા. મગનલાલ મોતીલાલ પરીખ. કેલેન્ડર મેન્યુફેક્ચરીંગ કું. પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇમાં ભાગદાર.

રા. જેઠાલાલ ભીખાભાઇ. ઠા. ચીરા બજાર મુંબઇ.

રા. અંબાલાલ હરિવલ્લભદાસ. ખાનગી નોકરી, સોલીસીટરની ઓફિસમાં મુંબઇ.

રા. અમૃતલાલ ખીમચંદ. રેલવેની નોકરીમાં, ગોધરા.

રા. મોહનલાલ બાપુજીભાઈ તલાટી. ઠા. કોડીઆપોળ નડીઆદ.

રા. ગોકલદાસ પાનાચંદ. શેરબજાર, મુંબઇ.

વ્યાપારીઓ.

રણછોડદાસ ઝવેરદાસ.		નડીઆદ, કાનપુર.
મણીલાલ મોહનલાલ.	કમીશન એજન્ટ, કલેક્ટર ગંજ	,,
રમણલાલ રણછોડલાલ.	,,	,,
મોહનલાલ કીશોરદાસ. / જેઠાલાલ ,,	,,	સીતાપુર.
મોહનલાલ મુળજીભાઇ.	,,	હાથરસ.
છગનલાલ ગીરધરદાસ. / મોતીલાલ ગીરધરદાસ.	,,	કાનપુર.
છગનલાલ ખુશાલદાસ.	જમીનનો વેપાર	સાંડાસાલ.
અંબાલાલ મોતીલાલ.	ચાના વેપારી	કલકત્તા.
મોતીલાલ ઘહેલાભાઇ.	માખણના વેપારી ૧૦/૧ પોર્ટુગીઝ, ચર્ચ સ્ટ્રીટ, કલકત્તા.	
ભીખાભાઇ ખુશાલદાસ સરૈયા.	ગાંધી આટુ, અને આડત	નડીઆદ.
ગોકલદાસ પરભુદાસ સરૈયા.	,,	,,
ઇશ્વરદાસ પુંજાદાસ.	,,	,,
શાન્તિલાલ મગનલાલ	,,	,,
રતીલાલ જેકીશનદાસ ગાંધી.	c/o ધી સાઉથ બ્રિટીશ ઇન્શ્યુરન્સ કુંપની	કાનપુર.

' વિગેરે '

આ બંધારણના ઉત્સાહી યુવકો.

ભાઈ મોહનલાલ ચુનીલાલ શાહ. એલ, એલ. બી. વકીલ, દાહોદ.
,, ચીમનલાલ નારણદાસ ગામી. સેકન્ડ, એલએલ, બી. ૯૬, અમર-વાડી. મુંબઈ.
,, છગનલાલ નારણદાસ ગામી. ગ્રાન્ડ મેડીકલ કૉલેજ, ત્રીજું વરસ. મુંબઈ.
,, જ્યંતિલાલ હરગોવીંદદાસ તલાટી. એન્જીનિયરીંગ કોલેજ પુના.
,, પુરૂષોતમ પ્રાણવલ્લભદાસ તલાટી ,, ,,
,, રણછોડલાલ હરિલાલ શાહ. એલએલ, બીના અભ્યાસમાં મુંબઈ.
,, ગોરધનદાસ કીશોરદાસ ,, ,, ,,
,, મણીલાલ સોમચંદ સરૈયા. ફીલોસોફી સે. ક. ઑનર્સ. ગુજરાત કોલેજ.
,, મણીલાલ કાળીદાસ શાહ, C/o મીસ્ત્રી એન્ડ કો. એલફીસ્ટન સરકલ, મુંબઈ.
,, મણીલાલ શામળદાસ શાહ. જુ. બી. એ. કલાસ ગુ. કોલેજ, અમદાવાદ.
,, મોહનલાલ હરિલાલ ઈ. આ. ,,
,, મણીલાલ ચુનીલાલ શાહ. ,, ,,
,, અંબાલાલ જમનાદાસ ,, ,, ,,
,, ચીમનલાલ મોહનલાલ પરીખ ,, ,,
,, મોહનલાલ નારણદાસ ગાંધી. ચીત્રકાર. નડીઆદ.
,, બળદેવભાઈ ભોગીલાલ હરિભાઈ. વાસણના વેપારમાં. ,,
,, મણીલાલ છગનલાલ શાહ 'ઇમ્પીરિયલ ડેરી' વાળા ,,

સૂચનાઓ.

આ આખા બંધારણની વિગત રજુ કરવામાં ઘણા મોટા ભાગે સૂચનાઓ વિગત રજુ કરવાના લખાણમાંજ ઉમેરી લેવાથી; તેમજ વિદ્યા વૃદ્ધિમાં આગળ વધેલા આ શહેરના શહેરીઓને તેઓની સ્થિતિ માટે માર્ગ બતલાવવાની વિશેષ જરૂર નહીં જણાયાથી તેવી વીગત રજુ કરી શકયો નથી.

ઉમરેઠનું વિશા ખડાયતાનું બંધારણ.

તડ નં. ૧૪ કુલ્લ લાણું ૧૦૫૦ આશરે.

(૧) પરીખ રણછોડદાસ જેઠાભાઈનું તડ. વહીવટ કર્તા પરીખ મંગળભાઈ લલ્લુભાઈ ઠા. ગણેશપોળ લાણું ૨૧૦.

આગેવાનો.

પરીખ મંગળદાસ લલ્લુભાઇ	શા. ભોગીલાલ મથુરભાઇ
શા. માધવલાલ ભુરાભાઇ	,, ભાઇજી ઇશ્વરદાસ
,, આશારામ કહાનદાસ	,, ભાઇજી પીતાંબરદાસ

(૨) શા. પ્રેમચંદ નહાલચંદનું તડ. તે હા. પટેલ જેઠાભાઇ સામદાસવાળુ હા. સોમાભાઇ મથુરભાઇ લાણાં ૯૦.

આગેવાનો.

રા. ગીરધરલાલ લક્ષ્મીદાસ વકીલ	તલાટી ભોગીલાલ ગોરધનભાઇ
પટેલ સોમાભાઇ પાનાચંદ	પટેલ પુંજાભાઇ બાપુજીભાઇ
,, મોહનલાલ બાપુજીભાઇ	,, અમૃતલાલ ત્રિભોવનદાસ

(૩) તલાટી નાથાભાઈ બાપુજીનું તડ. વહીવટ કર્તા, તલાટી ડાહ્યાભાઇ નાથજી ઠા. સટાકપોળ. લાણાં ૧૬૦.

આગેવાનો.

તલાટી ડાહ્યાભાઇ નાથાભાઇ	શા. બાપુજી જેઠાલાલ
પટેલ ગોકળભાઇ વિઠ્ઠલભાઇ	,, ફુલચંદ જવેરદાસ
શા. આશારામ મથુરદાસ	

(૪) શા. મથુરદાસ ભીખાભાઈનું તડ. વહીવટ કર્તા પોતે. લાણાં ૧૦૫.

આગેવાનો.

શા. મથુરદાસ પીતાંબરદાસ	શા. નારણદાસ રામદાસ
,, બાપુજી જેઠાભાઇ	,, છગનલાલ જેઠાભાઇ
,, બહેચરદાસ નરોતમદાસ	,, કુબેરદાસ ભોગીલાલ
,, મગનલાલ કેશવલાલ	,, મુલજીભાઇ વ્રજલાલ

(૫) તલાટી નાનાભાઈ હરિવલ્લભદાસનું તડ. વહીવટ કર્તા પોતે. ઠે. મહાદેવવાળી પોળ લાણાં ૮૫.

આગેવાનો.

તલાટી નાનાભાઇ હરિવલ્લભદાસ	તલાટી નાથાભાઇ પ્રભુદાસ
,, છોટાલાલ વ્રજલાલ	પટેલ ગોરધનભાઇ ભુરાભાઇ

(૬) પટેલ પુરૂષોત્તમદાસ નારણદાસવાળું તડ. વહીવટ કર્તા પોતે તથા તલાટી ભોગીલાલ ગોરધનભાઈ, ઠા. સટાકપોળ. લાણાં ૭૦.

આગેવાનો.

તલાટી ભોગીલાલ ગોરધનભાઇ   પટેલ પુરૂષોત્તમદાસ નારણભાઇ
„ હરગોવિંદ પીતાંબરદાસ

(૭) **શા. જેઠાભાઇ પીતાંબરદાસનું** તડ. વહીવટ કર્તા બાપુજીભાઇ જેઠાભાઇ ઠા. કાકાનીપોળ. લાણું ૩૦.

આગેવાનો.

શા. બાપુજી જેઠાભાઇ   શા. છગનલાલ જેઠાભાઇ

(૮) **પટેલ લક્ષ્મીદાસ મુળજીભાઇનું** તડ. વહીવટ કર્તા પોતે લાણું ૬૦.

આગેવાનો.

પટેલ ગીરધરલાલ લક્ષ્મીદાસ   તલાટી ત્રિભોવન પુંજાભાઇ
ગાંધી વજલાલ પાનાચંદ

(૯) **વેપારીનું** તડ. વહીવટ કર્તા શા. છગનલાલ મથુરભાઇ લાણું ૪૫.

આગેવાનો.

શા. છગનલાલ મથુરાંદાસ   શા. ગોરધનભાઇ ભુરાભાઇ
„ જેઠાલાલ ભોગીલાલ

(૧૦) **ગણુપતિનું** તડ. વહીવટ કર્તા શા. ભાઇજી જમનાદાસ લાણું ૭૫.

આગેવાનો.

શા. ભાઇજી જમનાદાસ   કાંટાવાળા મોહનલાલ જગજીવન
ગાંધી ત્રિભોવન ભાઇચંદ

(૧૧) **પટેલ ભગવાનદાસ વનમાળીનું** તડ. વહીવટ કર્તા પોતે. લાણું.

આગેવાનો.

પટેલ ભગવાનદાસ વનમાળી
„ મુળજી નરોત્તમદાસ
„ સોમાભાઇ પાનાચંદ

(૧૨) **પટેલ મનસુખ ત્રિભોવનદાસનું** તડ. વહીવટ કર્તા પટેલ હરિલાલ મનસુખભાઇ લાણું.

આગેવાન.

પટેલ હરિલાલ મનસુખ   પટેલ મથુરભાઇ કુબેરદાસ

(૧૩) **એકડાનું અથવા તો નાણાવટીનું** તડ (મોટું) વહીવટ કર્તા પરી જેઠાલાલ ગીરધર. લાણું ૫૦.

(૧૪) **એકડાનું** તડ (નાનું) (**દોસી વાણીઆનું**) વહીવટ કર્તા દોસી મણીલાલ જમનાદાસ લાણું.

કુલ લાણું ૧૦૫૦.

બંધારણને લગતી માહીતી.

ઉમરેઠના બંધારણમાં સં. ૧૯૦૯ પહેલાં ૭ તડ હતાં. આ પહેલાના મારા લખેલા જ્ઞાતિના પુસ્તકમાં એટલે આજથી દશ બાર વરસ ઉપર પણ ૭ તડ હોવાની નોંધ લેવાએલી. હાલમાં તે વધીને ચૌદની સંખ્યા ઉપર આવેલાં છે. જ્ઞાતિની હાલની ચાલુ સ્થિતિ સમજવા માટે મેં કેટલાક સવાલપત્રો કહાડીને વિગત રજુ કરવાનો પ્રયત્ન કરેલો. આ સવાલપત્રોના જવાબ લખી મોકલનાર એક કેળવાએલા અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ, ૭ પક્ષમાંથી ચૌદ પક્ષ થયાની બાબતમાં અદેખાઇ, મૂર્ખાઇ, મમત્વ અને પક્ષા પક્ષીને ખાસ વજન આપતા હોવાનું જણાવે છે. તેઓ આગળ ચાલતાં જણાવે છે કે અહીંઆં જ્ઞાતિના ખટપટીઆઓનું એટલું તો પ્રાબલ્ય છે કે જેમાં સુધરેલા વિચારવાળાઓનું કંઇ ચાલતુંજ નથી. અહીંના જ્ઞાતિના બંધારણને લગતી મુળ સ્થિતિ ઉપર નજર કરીએ છીએ તો જણાય છે કે, આજથી લગભગ ૭૫ વરસ ઉપર ઉમરેઠમાં પટેલ કાશીદાસ તથા તલાટી કાળીદાસના નામથી બે તડો હતાં. જેમાંથી સંવત ૧૯૦૨ ની સાલમાં પરી. રણછોડદાસ જેઠાભાઇના નામે એક ત્રીજું તડ હયાતીમાં આવ્યું. આ તડોનો વહીવટ લગભગ ૫૦ વરસ સરખો ચાલ્યા પછીથી સંવત ૧૯૫૨ ની સાલમાં કન્યાના આપ લેના વ્યવહારની તકરાર પડવાથી પરી. રણછોડદાસ જેઠાભાઇના તડમાંથી કેટલાક ગૃહસ્થો જુદા નીકળીને 'મોટા એકડાનું તડ' નામ આપીને એક વધારાનું જુદું તડ પાડયું, અને તેના આગેવાન તરીકે જેઠાભાઇ પીતાંબરદાસને ઠરાવ્યા. સમયના પરિવર્તને ઉપર જણાવવામાં આવેલી સ્થિતિને લઇને હાલ ઉપર જણાવ્યા પ્રમાણે ઉમરેઠની વીશા ખડાયતાની જ્ઞાતિ વહેંચાઇ ગએલી જોઇ શકાય છે. ઉપરનાં સઘળાં જુદાં જુદાં તડોમાં આવેલાં ઘર અને લેણાંની સંખ્યા ઉપરની વિગતમાં આવી જાય છે. તે રીતે સુમારે ૧૦૫૦ લેણાંની એકંદર વસ્તી તથા ઉમરેઠ અને આજુબાજુના સુંદરપરા, નેસ, આગરવા, ચલાલી, વાઘોડીઆ વગેરે ગામડાઓમાં મળીનેજ આવી જાય છે.

આ સઘળા ગામડાઓવાળા સારા નરતા વ્યવહારનો દરેક પ્રસંગ મોટા ભાગે ઉમરેઠ આવીને કરે છે. ઉમરેઠમાં નાતનો વહીવટ એક પણ તડમાં કમીટીના ધોરણથી ચાલતો નથી, એટલે જ્યાં ત્યાં જોવા મળે છે કે તડમાં જેની લાગવગ વધારે હોય છે તેવા ડાહ્યાઓજ આગેવાન ગણાય છે.

ઉમરેઠના બંધારણની સાથેજ વાઘોડીઆ જોડાઈ ગએલું છે. પણ ત્યાં સાધારણ રીતે વસ્તી વધારે હોવાથી તેઓ પોતાના ગામમાંજ વ્યવહાર કરે છે, અહીંની વ્યાપાર વિષયક સ્થિતિ સારી છે. ગામ વડોદરા રાજ્યમાં હોઈ સુધારા વગેરેની સારી યોજના છે. જ્ઞાતિના આગેવાન તરીકે અહીંઆં શેઠ. મગનલાલ નાથજીભાઈ અને ઉત્સાહી બંધુ તરીકે મણીલાલ મંગળજી કાશી' વાળા જાહેર પ્રવૃત્તિઓમાં ઠીક ભાગ લે છે.

સામાજિક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછત:**—સામાન્ય રીતે ઘણે મોટે ભાગે કન્યાઓની બંધારણમાં અછત જણાય છે, આથી કરીને અવિશ્વાસની લાગણી વધવાથી અછત વધારે જણાઇ આવે છે. બંધારણમાં વિક્રય બહુજ જુજ દાખલાઓમાં કવચિત થતો હોવાનું જણાય છે. છતાં સાટાં ત્રેખડાં કોઇ અપવાદ નીચે નહી થવાનું માની શકવા જેવીજ સ્થિતિ જણાઇ આવે છે.

(૨) **બાળલગ્ન અને લગ્નની વય:**—સામાન્ય રીતે લગ્નની વય કન્યાને માટે ૧૦ થી ૧૩ વરસની રાખવામાં આવે છે, જ્યારે વરની વય ૧૪ થી વધીને ૨૦ ની હોય છે. બંધારણમાં એક પણ તડ તરફથી કન્યા કરતાં વરની ઉમ્મર અમુક વરસે વધારે હોવી જોઇએ તેવો ઠરાવ થયાનું જણાતું નથી, આથી કેટલાક દાખલાઓમાં સરખી ઉમર પણ લેવામાં આવે છે.

(૩) **કુળવાન અને અકુળવાનપણાની માન્યતા:**—આ વિચાર નિર્મૂળ થએલો હોય એવું જોઇ શકાતું નથી. એટલે પેઢીધર પેઢી ચાલતા આવેલા માણસો કુળવાન કે અકુળવાન ગણાય છે.

(૪) **પહેરામણી:**—જુદા જુદા સઘળા તડોમાં ઘણું કરીને રૂા. ૨૫૧ નો ઠરાવ હોવાનું જણાય છે. છતાંએ કુળવાન ગણાતા કુટુંબોમાં તેની ચોકસ હદ નથી; એટલે ઓછું હોય તો પણ ચાલી શકે છે.

(૫) **જમણવાર:**—લગ્નપ્રસંગમાં ધણીની મરજીમાં આવે તો નાત કરવામાં આવે છે, તેમાં પહેલા છોકરા કે છોકરીનું લગ્ન હોય ત્યારે બનતા સુધી કરવીજ જોઇએ, ન કરેતો લોક નિંદા કરે, ફરીના લગ્ન પ્રસંગે નાત કરવાનો રિવાજ નથી, છતાં પૈસાદાર માણસો કેટલીક વખતે કરે છે તેમજ પ્રથમના પ્રસંગમાં તો વધારે પણ કરે છે. જમણવારને લગતું ખર્ચ જેવું જમણ કરે અને સોંઘવારી મોંઘવારી હોય તે ઉપર આધાર રાખે છે. હાલની

સ્થિતિમાં રૂ. ૬૦૦ થી ૧૫૦૦ સુધી ખર્ચ થયાનું કહી શકાય ખરૂં. મરણ પ્રસંગે નાત કરવાનું જો કે ફરજીઆત નથી; તોપણ તેરમાની નાત ન કરે તો જ્ઞાતિના લોકો બાકી ગણતા રહે છે, આથી તેઓને જ્યારે ત્યારે રહેલી નાત કરવી પડે છે. આ સંબંધી અહીંની સ્થિતિ રજુ કરવાનું કાર્ય નલ ઉમરેઠનાજ ગૃહસ્થના શબ્દોમાં રજુ કરવાનું ઠીક જણાતાંઃ—

"બાકી રહેલી નાત ન કરવામાં આવે તો લોકો નિંદા કરે છે અને તે નિંદા સહન ન થવાથી મોડી વહેલી ગમે ત્યારે કરવી પડેછે જ. કેટલાક પ્રસંગોમાં બાર અને પંદર વરસ પછીથી પણ બાકી રહેલી તેરમાની નાતો કરવા પડયાના દાખલા છે. સીમંતની નાત ન કરેતો કોઇ બાકી ગણતું નથી. પણ સ્ત્રીઓમાં તકરાર થતાં એક બીજાને મ્હેણાં મારે ખરાં, તેમાં વધારે પોતાનાં સગાંવહાલાં સાથેજ બોલાચાલી થાય ત્યારે તો તેની ગમત ઠીકજ જામે છે. છતાંએ પણ હાલના વખતમાં સીમંતની નાત બહુજ ઓછા માણસો કરે છે. દેશની આબાદી તરફ નજર કરતાં આવાં ખર્ચો કમી કરવાં જોઇએ. પણ ખોટી મોટાઇ માની લીધેલા લોકો અને અને વળી કેળવણીની ખામી તેમજ બહાર દેશાવરમાં રળવા જવાની હિંમત ન હોવાને લીધે જે મળ્યું તે ખરૂ એમ ધારી ગામમાં અને ગામમાં તેવો ઓછી કમાણીવાળો ધંધો કરવામાં પણ સંતોષ માનનારી સંખ્યા વધારે હોવાથી; તેમજ વિધવાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી જતી હોવાથી, તેઓ મંદિર તેમજ તળાવ કુવે એકઠાં થઈ આવી જાતની કુથલી વધારે કરતાં હોવાથી; તેમજ જોઇએ તેવો ઉદ્યમ નહી હોવાને લીધે નિંદા કરવાનો વખત પણ વધુ મળવાથી, આવા રિવાજ બંધ કરવાની કોઈની હિંમત ચાલી શકતી નથી. વળી જે કોઈ પોતાને ત્યાંથી આવા રિવાજ બંધ કરવાનું પગલું ભરેતો ઉપર જણાવેલી નિંદાથી મગજ ખાઇ જઇ તથા મહેણાં ટુણાં મારી તેવાની કફોડી દશા કરે એટલે કંટાળીને પણ રહેલી નાત કરવાની ઘણાઓને ફરજ પડે છે."

આ માટે સારો રસ્તો એજ જણાય છે; કે અમુક વર્ગ જ્ઞાતિમાં એવો તૈયાર થવો જોઇએ કે નિંદાની દરકાર કર્યા સિવાય પોતાના ઘેરથીજ આવા વરાઓ બંધ કરીને તેમાં બચાવેલી રકમનો અમુક ભાગ કેળવણી મંડળ જેવી સંસ્થામાં આપે. આ કામ જ્ઞાતિના હાલના આગેવાનો કરી શકે કે કેમ તે તો ખાત્રીથી કહી શકાય નહીજ, પણ કેળવાએલા યુવકો પોતાને ત્યાંથી આવી જાતનો દાખલો બેસાડે તોજ બની શકે, પણ તે માટે તેવાઓએ અમુક નાતો કે જે બંધ કરવા જેવી ખાસ જણાતી હોય તે, મારા વિચારે તો "મરણના પ્રસંગની સઘળી નાતો" પોતે બીજાને ત્યાં જમવાનું પહેલેથી માંડી વાળવું જોઇએ. કેળવાએલા તરીકે જેઓ સામાજીક સુધારાઓની સાથે કેળવણીની પ્રગતિ ઇચ્છતા

હોય તેવાઓ યોગ્ય જણાતા આવા પ્રગતિના માર્ગમાં કામ કરવાને મંડી જાય તોજ કંઇક આગળ વધી શકાય. ઉમરેઠ અને નડીઆદના યુવકો સ્વાદેન્દ્રિય ઉપર કાબુ મેળવી આ વીચારને અમલમાં મુકવાને વ્યવહારૂ માગ હાથમાં લેશે તો ગ્નાતિમાં ઘણા પૈસાની બરબાદી થતાં અટકશે; અને વખત જતાં માર્ગ સરળ થઈ પડશે. હું ધારૂં છું કે નાતો બંધ કરવા માટેનો આ માર્ગ સર્વ કોઇને એટલે નાતો બંધ કરવાની તૈયારી કરનારાઓને વ્યવહારૂજ જણાશે.

(૬) **વનિતાશ્રમ:**—અહીંની ગ્નાતિની જે બહોળી વસ્તી છે તે જોતાં આવા આશ્રમોની ખાસ જરૂર જણાઇ આવે છે. અહીંઆં ગ્નાતિમાંથી ૩૦ વરસની અંદરની લગભગ ૨૦૦ કરતાં વધારે વિધવાઓ જેમતેમ કરીને ગુજરાન ચલાવતી હોવાનું માલુમ પડે છે. છતાં આવાં નિરાધારો માટે સારા ઉદ્યમથી રોજી મેળવી શકાય તેવું એક પણ યોગ્ય સાધન નથી. અને સઉ કોઇને દાળ વીણવાના ધંધા ઉપરજ નિર્વાહ ચલાવવો પડે છે, એટલુંજ નહી પણ કેટલીક સધવાઓની પણ આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ પણ દાળ વીણવા ઉપરજ નિર્વાહ ચલાવે છે. ગ્નાતિમાં કેળવણી થોડી હોવાથી પુરૂષ વર્ગ પૈકીના ઘણાખરાની કમાણીથી સંસાર નીભાવવાની શક્તિ નહી હોવાથી, આ દાળ વીણવાના (કે જેમાં આબરૂ જાળવવાનું મુશ્કેલ હોય છે) ધંધા ઉપર તેઓને જીવવું પડે છે. વળી સારી સ્થિતિનામાં પણ મોટે ભાગે આ ધંધો હોવાથી કોઇ કોઇની નિંદા કરતું નથી. જો કે પુરૂષ વર્ગમાંથી આ ધંધો બંધ કરવાની ચર્ચા થાય છે, પણ તેઓનું ચાલી શકતું નથી. રૂઢિ, શાસ્ત્ર અને નીતિને પણ કોરાણે મુકે છે તેનો આ જીવતો જાગતો દાખલો આપી શકાય.

(૭) **રડવા કુટવાનો રિવાજ:**—આ રિવાજ ગામડાઓમાં ત્રાસદાયક રીતે જોવામાં આવે છે. તેના કરતાં ઓછો તો જણાતો નથીજ. વ્યવહાર અમુક અંશે ગામડાઓ સાથેનો હોવાથી કાણુ મોકાણનો પણ રિવાજ જોવામાં આવે છે. સુધારો થવાની વિશેષ જરૂર જણાય છે.

(૮) **કેળવણી:**—ઉમરેઠમાં કેળવણી મેળવવાના સાધન તરીકે હાઇસ્કુલ છે. મેટ્રિક સુધી શીખવાને માટે ગ્રાન્ટ લેતી અને રાષ્ટ્રિય સ્કુલો ગામમાં હોવા છતાં કેળવણીની વૃદ્ધિ હોવાનું જોઈ શકાતું નથી. ગુજરાતી કેળવણી આશરે ૭૦–૭૫ અને અંગ્રેજી કેળવણી ૨૫–૩૦ ટકા છે. કન્યા કેળવણી ૧૫–૨૦ ટકા જેટલી હોવાનું પ્રમાણુ નીકળી શકે કેળવણી નહી

વધવાનું કારણ આર્થિક સ્થિતિ સારી નહી હોવાનુંજ જણાવવામાં આવે છે. એટલે ઘણો મોટો ભાગ સાધારણ સ્થિતિનો હોવાથી તેને નાની ઉંમરમાં ધંધા ઉપર આવવાની ફરજ પડે છે, જ્યારે ઘણાઓને અભ્યાસમાં આગળ વધવાનું સાધન નહી હોવાથી અભ્યાસ મુકી દેવો પડે છે. બંધારણમાં કેળવણીની વૃદ્ધિ અર્થે સમગ્ર જ્ઞાતિ તરફથી, જુદાં જુદાં તડો તરફથી પોત પોતાનાં બંધારણ માટે, અથવા તો જેઓની સ્થિતિ સારી છે તેવી અન્ય વ્યક્તિઓ તરફથી પણ ખાનગી મદદ મળતી હોય તેવી હકીકત મળી નથી. આ સ્થિતિ ઘણીજ શોચનીય કહી શકાય.

કેળવણીમાં મુખ્ય મદદ અત્યારે તો આખી જ્ઞાતિમાંહે મોટે ભાગે મ્હૈસુરની સ્કોલરશીપો પુરી પાડે છે. વળી નડીઆદના સ્વ. લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ તરફની અને અમદાવાદમાં સ્વ. ત્રીકમલાલ. દેસાઈ વી. ના નામે જાહેર થએલી સ્કોલરશીપોએ જોકે અમુક અંશે જ્ઞાતિની આ ખોટમાં ઉમેરો કર્યો છે. પણ મ્હૈસુરની અને ઉપરની સ્કોલરશીપો જ્ઞાતિની કેળવણી સંબંધી અત્યારની સ્થિતિ તપાસતાં ઘણીજ અધુરી હોવાનું જણાઇ આવેલું છે. આ સંબંધમાં જ્ઞાતિની એકંદર સ્થિતિ સમજવાને જુદા જુદા દરેક બંધારણોની સ્થિતિ ઉપરથી નીકળેલું તારણ, અને દરેક એકડાઓમાંથી મદદને અભાવે અભ્યાસ મુકી દીધાના મળી આવતા પુષ્કળ દાખલાઓ જરૂરની વિગત પાર પાડે છેજ છતાં જ્ઞાતિની સામટી સ્થિતિ રજુ કરવામાં તથા ઉમરેઠની સ્થિતિ રજુ કરતાં તો ઘણોજ ખેદ થાય છે કે અહીં માટે શરૂઆતના શિક્ષણથી તે આગળ વધવા સુધીમાં પણ સમગ્ર જ્ઞાતિ તરફથી કે કોઇ વ્યક્તિ તરફથી કોઇ પણ યોગ્ય કે સાધારણ થઇ પડે તેવું પણ સાધન છેજ નહી. ત્યારે હવે વિચારવું જરૂરનું થઇ પડે છે કે હાલની સ્થિતિનું નિવારણ કોના હાથમાં ?

(૯) સાહિત્યઃ—ઉમરેઠની સાહિત્ય વિષયક પ્રવૃત્તિ વિશેષ હોય તેવું અનુભવાતું નથી. કેળવણી પાછળ હોવાનુંજ કારણ માની શકાય. આટલું હોવા છતાંએ સાહિત્યના વિષયમાં ઉચ્ચ માન ધરાવતા જ્ઞાતિના જાણીતા સદ્‍ગૃહસ્થ રાજ્યરત્ન હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળાએ સાહિત્યના વિષયમાં પોતાની સંશોધનવૃત્તિ, અને કાળજીથી સાહિત્યની જે ઉમદા સેવા બજાવેલી છે તે સેવાથી જ્ઞાતિને સાહિત્યના વિષયમાં ઘણું મોટું માન મળ્યું છે, આ સિવાય કેટલેક અંશે તેઓનાજ હાથનું ગણી શકીએ તો ચાલી શકે તેવું "સાહિત્ય" માસિક તેઓશ્રીના વડા ચી. ભાઇ મગનલાલ હ. એમ. એ. તરફથી આજ લગભગ દશેક વરસ થયાં પ્રસિદ્ધ થાય છે, જેણે સાહિત્યની

સેવા તરીકે પણું સારૂં માન મેળવ્યું છે. અને તે આજે વરસો થયાં નિયમિત રીતેજ સાહિત્ય પ્રિય જનોની સેવા કરતું આવ્યું છે. આ સિવાય આજના રા. ઉત્સવલાલ લલ્લુભાઇ, રા. ભોગીલાલ ભીખાભાઇ ગાંધી, રા. રણછોડદાસ મથુરભાઇ તલાટી, રા. મગનલાલ લક્ષ્મીદાસ, રા. જમનાદાસ ચતુરદાસ એરંડા, બેન જીવકોર, રા. ગોકળદાસ કુબેરદાસ, રા. છોટાલાલ ભૂરાભાઇ ડ્રૉઇંગ માસ્તર (કે જેઓ ચિત્રકાર તરીકે પણ સારૂં કામ કરી શકે છે), રા. દેવજીભાઇ લલ્લુભાઇ, રા. ચીમનલાલ કેશવલાલ શાહ, રા. મણીલાલ હરીવલ્લભ ચોકસી તથા વાઘોડીઆના રા. મણીલાલ મંગળજી છુટક છુટક લેખો લખી શકે છે. તેમજ રા. કેશવલાલ હરગોવિંદદાસ શેઠ પણ 'લેખક.' હાલ તેઓ કોમના 'ખડાયતા મિત્ર' ના તંત્રી તરીકે કામ કરે છે.

(૧૦) લાયબ્રેરી:—સાહિત્યની દૃષ્ટિએ ગામની સાર્વજનિક લાયબ્રેરી સિવાય જ્ઞાતિ તરફની લાયબ્રેરી, અથવા તો સ્ત્રીઓ માટે કુથલીનો માર્ગ કમી કરી શકાય તે માટેની ફરતી પુસ્તકાલયની યોજના જેવી કોઇ પણ વ્યવસ્થા હોય તેમ જણાતું નથી. છતાં થોડાક સમય થયો વલ્લભીય સંપ્રદાયના જ્ઞાનપ્રચારાર્થે રા. બાપુજીભાઇ વિઠ્ઠલદાસ પટેલ તરફથી મોટા મંદિરના મેડા ઉપર એક લાયબ્રેરી ખોલવામાં આવી છે. તેનો સાધારણ રીતે ઠીક લાભ લેવાય છે. રા. બાપુજીભાઇ તરફની આ સેવા સ્તુત્ય છે. તેઓએ કેટલાકોને ગામગપાટાની કુથલી કરવામાંથી બચાવ્યા છે.

(૧૧) આર્થિક:—આખા બંધારણની કહો કે ગામની કહો, અમુક થોડા ગૃહસ્થોને બાદ કરતાં સામટી સ્થિતિનું તારણ કહાડીએ તો આર્થિક સ્થિતિ સારી નથી. જોકે વસ્તીનો મોટો ભાગ સ્થાનિક ધંધાઓમાં. ત્રણ ચાર વકીલ, બહુજ જુજ સરાફી વ્યાપાર, કાપડ, ગાંધીઆટું, દાળ, રૂ અને તેની દલાલી, વી. ચોકસી, બે ત્રણ વૈદખાનું અને લાકડાના વ્યાપારમાં અને કેટલોક ભાગ નોકરીમાં છે. પણ આ ધંધાઓમાં સારી સ્થિતિ ગણી શકાય તેવું પ્રમાણ ઘણુંજ નાનું છે. ગામમાંની વસ્તીની સંખ્યા વધારે ઉજળા હોવાથી ઉમરેઠને શહેર તરીકે ગણી શકાય ખરૂં; તોપણ વ્યાપારની વિશેષ ઉજળાસ કે તેજી હોવાનું જોઇ શકાતું નથી. હાલની સ્થિતિમાં ઘણા મોટા ભાગની આજીવિકા વરસ દહાડે રૂા. ૧૫૦ થી ૨૦૦ માં પુરી કરી શકાતી હોવાનું જણાય છે. શહેરની મોટી વસ્તીમાં રહેવાનું હોવા છતાં આજીવિકાનું સાધન નબળું રહે અને વ્યવહારના ખર્ચ પુરતું પણ ન મેળવી શકાતું

હોયતો સ્થિતિ પસાતી નહી ચાલવા દેતાં તેની સુધારણાનો અવશ્ય માર્ગ કેળવણી વધારવાનો, ઉદ્યોગના રસ્તે વધારે પ્રયત્ન કરવાનો, જમણવારની સાલસ્યોમાં ગામમાં નહી પડી રહેતાં દેશાવર જવાનો વગેરે પ્રયત્નો હાથમાં લઇ લેવા જોઇએ.*

સામાન્ય રીતે આર્થીક સ્થિતિ ઉપર પ્રમાણેની હોવા છતાંએ. રા. બ. હરગોવીંદદાસ કાંટાવાળાનું કુટુંબ તળ ઉમરેઠ અને જ્ઞાતિમાં આર્થીક સ્થિતિ

*ઉપરની સ્થિતિમાં દરેક સ્થળે સ્વીકારાય છે તેમ, સાધારણ વર્ગને યોગ્ય મદદથી હાથ ઉચકી લેવાની તો જરૂર રહે ખરીજ. હું તો અનુભવું છું કે યોગ્ય કામ તરફ પ્રેરાવાનું નિશ્ચયબળ અને તેને વળગીને નભવાનો સત્ય–આગ્રહ, નીતિ, અને આગળ ધસવાની કોશીષો જો સતત્ ચાલુ રાખવામાં આવે છે તો ગમે તેવા નાનામાં નાના ધંધાની શરૂઆતમાંથી પણ આગળ આવ્યા સિવાય અને તેમાં ફતેહ મેળવ્યા શીવાય રહી શકાતું નથી. જો કે અમુક થોડાક દાખલાઓમાં જેઓ પરાવલંબી રહેવા માગતા નથી અને સ્વાશ્રયથીજ ધીમી ગતિએ આગળ વધવાને સદ્ભાગી નીવડે છે; તેઓના જીવનમાં જે "ઔજસ ચૈતન્ય" રહે છે તેવું ભાગ્યેજ બીજાની મદદ વડેથી આગળ વધનાર આશ્રિત જનો "સેવકો" ના હૃદયમાં રહી શકતું હોય. મારા વિચાર પ્રમાણેતો આવી સ્થિતિમાં પરાવલંબીને જો તેને જીવનની સુક્ષ્મતા તપાસવા મળેતો તો ઘણા મોટા ભાગે એવું અનુભવવું પડે છે કે પ્રાપ્ત સ્થીતીમાં તેને તેમ રહેવામાં હૃદયને આઘાતક થતો હોવા છતાંએ, સંયમની વૃત્તિએજ રહેવું પડે છે. સમજુઓ વિચારે છે કે આવી સ્થિતિમાં અંતઃકરણનું દુઃખ ભોગવી લીધા કરતાં તો સ્વાશ્રયે નાના ધંધામાં સુકી ભાખરી ખાઇને વ્યવહાર નીભાવવો ઉચ્ચ ગામી છે, એટલે પ્રભુની સાનિધ્યનો રસ્તો મેળવવામાં જે આનંદ અને સુખ આથી મળે છે તે પલંગમાં પડી રહી અનેક પ્રપંચો ગુંથવાના વિચારોમાં ગોથાં ખાતા લક્ષ્મી પુત્રોને ભાગ્યેજ આ સુખની ઝાંખી થઇ શક્તી હોય. આ સ્થિતિમાં સત્ય સ્થિતિનું ભાન કરાવવાને નવજીવનનો "ગરીબાઇમાં સુખ" વાળો લેખ એક આદર્શ આપનારોજ ગણી શકાય. મારો આ સઘળું લખવાનો આશય એટલોજ માટે છે કે જેઓ મદદ કરવા તરીકે ફરજથી બંધાયેલા છે તેઓ પોતે પોતાની ફરજ સમજી લેશે, પણ જેઓને બીજાના આશ્રયની જરૂર જણાતી હોય તેવાઓએ મદદ મેળવી લઇનેજ નિભાવ કરવો તેજ આધારનું લક્ષ છે તેવું કદાપિ પણ માની લે નહી, એટલે બને તેટલી રીતે અને વધારે પણ સ્વાશ્રયી થવાનું અને બીજાના ઉપર આધાર રાખવો પડે નહી તે ગુણોને કેળવવા, જો આ દૃષ્ટિએ તમો તમારા ધ્યેયને પહોંચવાને કામને સમજી લેશો, અને તે પાર પાડવાને સતત્ ઉદ્યોગી બનશો, અને સ્વાશ્રયી થઈ જશો તો તમારા કામને જરૂર વિજય મળશેજ. પ્રભુ પણ તમોને આ સ્થિતિમાં વિશ્વાસ રાખી હરેક રીતે મદદ કર્યા સિવાય નહીજ રહી શકે.

કેળવણી, સાહિત્ય વિ. માં ઘણું આગળ હોવાનું જણાવી શકાય કે જેઓના સારા મોભાથી કોમની કેટલેક દરજ્જે ઇજતમાં ચઢતી હોવાનું પણ માની શકાય.

રા. બ. હરગોવીંદદાસના નામથી હું ધારૂં છું કે જ્ઞાતિ ભાગ્યેજ અપરિચીત હશે. તેઓની સાહિત્યની સેવાથી, આર્થીક સ્થિતિ સારી હોવા તરીકે, વડોદરાના મહારાજા અને મહારાણી મીલ્સ કુ.નો તેમના હાથનો ઉન્નત્તી વહીવટ, કેળવણીમાં વડોદરા રાજ્યના કેળવણી ખાતાના વડા તરીકેની તેઓની વખણાએલી સેવા અને તેઓશ્રીના કુટુંબની ઉંચી કેળવણી તરીકેની ખ્યાતિ તેમજ સંસાર સુધારાના એક અચ્છા આદર્શ સુધારક તરીકે તેઓએ સુધારાના વિષયમાં બેસાડેલો જાતિય દાખલો, આ સઘળું તેઓશ્રીની ખ્યાતિ માટે પુરતું છે. આ સિવાય ઉમરેઠના વ્યાપારની માહિતીમાં કેટલીક વિગત આપી શકાય તેમ છે જે બીજે સ્થળે રજુ કરી છે.

(૧૨) રાજકિય—રા. ગિરધરલાલ લક્ષ્મિદાસ વકીલ, રા. કેશવલાલ રણછોડલાલ વકીલ અને રા. રણછોડભાઇ મથુરભાઇ તલાટી અહીંની મ્યુનિસિપાલીટીમાં મેમ્બરો છે; જ્યારે રા. મગનલાલ (મટુભાઇ) હરગોવિંદદાસ કાંટાવાળા એમ. એ. એજન્ટ અને મેનેજર શ્રી મહારાજા મીલ્સ કું. વડોદરા, વડોદરાની મ્યુનિસિપાલીટીમાં વાઇસ પ્રેસીડન્ટ છે. હમોને જાણવા મળ્યું છે તે રીતે તેઓશ્રી ત્યાંની શહેર સુધરાઇમાં પોતાના હોદ્દાની ફરજ ઘણીજ સારી રીતે બજાવે છે. વડોદરા જેવા શહેરની મ્યુનિસિપાલીટીમાં મુખ્ય અધિકાર ભોગવાતા આ હોદ્દા માટે તેઓશ્રીને ખરેખર અભિનંદન ઘટે છે, અને જ્ઞાતિ એક રીતે આથી મગરૂર હોવાનું કહી શકીએતો વ્યાજબી ગણી શકાશે. રા. મટુભાઇ વડોદરાના મહાજન મંડળમાં પણ એક આગેવાન સભાસદ છે અને તેઓશ્રી ત્યાંની " બરોડા બેંકના " એક ચુનંદા ગણાતા ડાયરેક્ટર પણ છે. આ રીતે રાવબહાદુર કાંટાવાળાનું કુટુંબ રિદ્ધિ અને સિદ્ધિમાં સુવિખ્યાત છે. જ્ઞાતિમાં તેઓશ્રીની વિખ્યાતિ અધિક યશને પામે તેવું હું અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું.

(૧૩) યુવક મંડળ:—લગભગ પાંચેક વરસ ઉપર અહીંઆં કેળવણીની પ્રગતિ માટે એક મંડળ સ્થાપવામાં આવ્યું હતું. તે હાલમાં હયાતી ભોગવતું હોય તેવું જણાતું નથી; જો આમજ હોય તો તેને સજીવન કરવું જોઇએ, કે જે કેળવણી અને સામાજીક સ્થિતિમાં વ્યવહારૂ પ્રગતિ કરી શકે. આ સિવાય વાઘોડીઆમાં " બંધુતા

યુવક મંડળ " અને " સેવા મંડળ " ને નામે બે સંસ્થાઓ છે, કે જે ત્યાંને માટે કેળવણીને લગતું કામ ઠીક કરે છે. વળી અહીં " સાર્વજનીક પુસ્તકાલય " પણ છે. રા. મણીલાલ મંગળજી કાશીવાળા ઘણે મોટે ભાગે આ સઘળાઓનું કામ ઉત્સાહથી કરે છે. તેઓ ભાઇ આવાં કામોમાં લાગણીવાળા હોવાનું મને પણ જણાઇ આવ્યું છે.

આ બંધારણના પ્રતિષ્ઠિત, કેળવાયલા અને ઉત્સાહી ગૃહસ્થો.

રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા, મીલ માલેક
ઠા. લીમડા પોળ, વડોદરા.

રા. મટુભાઇ હરગોવિંદદાસ કાંટાવાળા, એમ. એ. મીલ મેનેજર, વડોદરા.

રા. છગનલાલ હરગોવિંદદાસ કાંટાવાળા, ડૉકટર એલ. આર. સી. પી. એમ. આર. સી. એસ. ઠે. શરાફ બજાર, મુંબઇ.

રા. મોહનલાલ હરગોવિંદદાસ કાંટાવાળા, સી. એસ.
ખડાયતા જ્ઞાતિના પહેલા સીવીલીયન, કલેકટર, સીલોન (કોલંબો)

રા. બીહારીલાલ હરગોવિંદદાસ કાંટાવાળા, એન્જીનિયર
મહારાજા મિલ્સ, વડોદરા.

રા. ગોરધનદાસ શંકરલાલ ભાલજા, આઇ. સી. એસ.
એસિસ્ટન્ટ કમિશનર, યોતમાલ (વરાડ)

રા. ગીરધરલાલ લક્ષ્મિદાસ પટેલ બી. એ. એલએલ. બી. વકીલ, ઉમરેઠ.

રા. કેશવલાલ રણછોડલાલ પટેલ બી. એ. એલએલ. બી. વકીલ, ઉમરેઠ.

રા. ઉચ્છવલાલ લલ્લુભાઇ શેઠ બી. એ. એલએલ. બી.
ગોવર્ધન બિલ્ડીંગ્સ, પારેખ સ્ટ્રીટ, ગીરગામ મુંબઇ

રા. રણછોડલાલ મથુરાંદાસ તલાટી, બી. એ, એલએલ. બી. વકીલ, ઉમરેઠ.

રા. ભોગીલાલ ભીખાભાઈ ગાંધી, ડે. એજ્યુ ઇન્સ્પેકટર, દહેગામ.

રા. બાપુજીભાઇ વિઠ્ઠલદાસ પટેલ, પેન્શનર, ઉમરેઠ અને ડાકોર.

રા. નારણદાસ અમથાભાઇ ,, ,, ,,

રા. અમૃતલાલ ત્રીભોવનદાસ ,, ,, ,, 'રીટાયર્ડ ડેપ્યુટી કલેકટર

રા. છગનલાલ ફતાભાઇ શેઠ ,, ,, ,, વડોદરા કેમ્પ 'રીટાયર્ડ વડોદરા રેસીડેન્સીના હેડ એકાઉન્ટન્ટ'


રા. મગનલાલ લક્ષ્મીદાસ ,, બી. એ. જી. એગ્રીકલ્ચર્સ ડીપાર્ટમેન્ટ
મોડલ ફાર્મ સુરત.



રા બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા

“ પ્રમુખ શ્રી ચતુર્થ ખડાયતા પરિષદ્ ભરૂચ.”

A·3148—Lakshmi Art, Bombay, 8



રા. પ્રાણલાલ ત્રીભુવનદાસ ચોકસી

[ભરૂચની ચતુર્થ પરિષદના સ્વાગત્ કમિટીના પ્રમુખ.]

રા. જમનાદાસ ચતુરદાસ એરંડા, મેનેજર ઉમ્મર સોબાની મીલ્સ, મુંબઇ.
રા. નટવરલાલ ગોરધનદાસ શેઠ, ઠા. મહારાજા મીલ્સ, વડોદરા.
રા. પુરૂષોત્તમ પ્રેમચંદ શેઠ, આચાર્ય શ્રીપ્રેમધર્મ વિનયમંદિર, હલધરવાસ.
રા. ચુનીલાલ ગોકળદાસ પટેલ બી. એ. એસ. ટી. સી. શિક્ષક,
ઉમરેઠ હાઇસ્કુલ.
રા. ચુનીલાલ રસીકલાલ, શિક્ષક, ઉમરેઠ.
રા, મણીલાલ જમનાદાસ પટેલ બી. એ. એસપ્લેનેડ હાઇસ્કુલ મુંબઇ
રા. જમનાદાસ ગીરધરદાસ શાહ બી. એ. ઇંગ્રેજી સ્કુલ માસ્તર, નાપા
રા. કેશવલાલ હરગોવિંદદાસ શેઠ "ખડાયતા મિત્ર"ના હાલના તંત્રી, અમદાવાદ
રા. કુબેરદાસ નરોતમદાસ પી. વી. ડી. સબ ઓવરશીયર, પેલેસ
ઇનજીનીયર્સની ઓફીસ, વડોદરા.
રા. મણીલાલ ભુરાભાઇ ડેપ્યુટી સ્ટેશન માસ્તર અમદાવાદ.
રા. મોતીલાલ ભુરાભાઇ ,, વડોદરા.
રા. છોટાલાલ ભુગભાઇ ડ્રોઇંગ માસ્તર આવાંબાઇ હાઇસ્કુલ, વલસાડ
રા. માધવલાલ ભુરાભાઇ આસિસ્ટંટ માસ્તર, નાપા. વાયા આણંદ
રા. વ્રજલાલ ભોગીલાલ શાહ, રેલ્વે ગ્રેનડેપો ઓફીસ, દાદર
રા. મણીલાલ સોમાભાઇ કાંટાવાળા ટેલીગ્રાફ ઓફીસ, ગ્રાંટરોડ મુંબઇ
રા. કેશવલાલ ત્રીભોવનદાસ તલાટી, ડી. ટી. એસ. ઓફીસમાં, વડોદરા
રા. અંબાલાલ ભોગીલાલ શાહ C/o. ફીલાભાઇ દેવચંદ, કોટ મુંબઇ
રા. હરિલાલ મનસુખભાઇ પટેલ, મીલ સ્ટોરની લાઇનમાં C/o. મેસર્સ ફલેઝ એન્ડ હેવર્થ લી. ૩૧૫, હોરનબી રોડ મુંબઇ. "ગોલ્ડ મેડલીસ્ટ, ફર્સ્ટ કલાસ ફર્સ્ટ ઇન વીવીંગ."
રા. મણીલાલ મનસુખભાઇ પરીખ, એન્જીનિયર, કોટન ઓઇલ કું. નવસારી
રા. નાથજીભાઇ ઝવેરદાસ મેનેજીંગ કલાર્ક, ઉમરેઠ મ્યુનિસિપાલીટી.
રા. પરશોતમ ચતુરાંદાસ લગેજ કલાર્ક અમદાવાદ.
રા. ત્રીકમલાલ ભોગીલાલ ડે. સ્ટે. માસ્તર.
રા. ચંદુલાલ ભોગીલાલ ,,
રા. મંગળદાસ શંકરલાલ પટેલ ડી. ટી. એસ. ઓફીસમાં કલાર્ક, મુંબઇ.
રા. ડાહ્યાભાઇ છગનલાલ, લગેજ કલાર્ક, ગોધરા.
રા. મુળજીભાઇ નરોત્તમ દીપચંદ, કોચીંગ કલાર્ક વઢવાણ સીટી.
રા. માણેકલાલ નરોતમદાસ પટેલ, દેસાઇ બીલ્ડીંગ ગીરગામ મુંબઇ.
રા. ફુલચંદ મથુરભાઇ કલાર્ક સબ જજ કોર્ટ, ઉમરેઠ.

રા. મનસુખલાલ રણછોડદાસ ક્લાર્ક પ્રેસની નોકરીમાં, અમદાવાદ.
રા. રણછોડદાસ લક્ષ્મિદાસ પટેલ, તલાટી, ઓડ.
રા. રણછોડદાસ ફતાભાઇ શેક રેવન્યુ ખાતુ, ગોધરા.
રા. માણેકલાલ ફતાભાઇ એકાઉંટંટ ઓફીસ વડોદરા સ્ટેટ
રા. ગીરધરલાલ ભોગીલાલ પોલા C/o. ઝવેરી અને કું, મુંબઇ.
રા. ભાઇજી દામોદર પટેલ, કારકુન કલેકટર ઓફીસ, નડીઆદ
રા. મથુરભાઇ નરોતમ ,, ,, ખેડા.
રા. છોટાલાલ પરભુદાસ તલાટી, એન્જીનીયરીંગ ડીપાર્ટમેન્ટમાં નોકરી, વડોદરા
રા. મનસુખ લલ્લુભાઇ ક્લાર્ક સબ જજ્જ કોર્ટ ઉમરેઠ.
રા. મનસુખભાઇ મથુરભાઇ ગાંધી નોકરી મહારાજા મિલ્સ વડોદરા.
રા. રણછોડભાઇ મથુરભાઇ ,, ,, સરકારી પેઢી ,,
રા. માણેકલાલ નારણદાસ પટેલ ક્લાર્ક પી. વી. ડી. ગીરગામ, મનહર બિલ્ડીંગ, મુંબઇ.
રા. જેઠાલાલ કીશોરભાઇ તલાટી, સુંદલપરા
રા. રમણલાલ જેઠાલાલ સ્વદેશી સ્ટોર, અમદાવાદ
રા. જમનાદાસ વ્રજલાલ ક્લાર્ક, ડાસરા.
રા. કેશવલાલ ત્રીભોવનદાસ, મીકેનીકલ એન્જીનીયર
રા. હરગોવીંદદાસ પીતાંબરદાસ તલાટી ,, ઉમરેઠ
રા. ચુનીલાલ દામોદરદાસ શિક્ષક ,,
રા. નરોતમ ભોગીલાલ પોલા ડા. લીમડા પોળ વડોદરા
રા. પ્રેમચંદ બાપુજીભાઇ પટેલ હેડમાસ્તર ગુ. સ્કુલ વડોદરા
રા. ગોકળદાસ કુબેરદાસ માસ્તર અમદાવાદ
બ્હેન જીવકોર કુબેરદાસ મીસ્ટ્રેસ ફીમેલ ટ્રેનીંગ કોલેજ અમદાવાદ.
રા. ગોરધનદાસ નરોતમદાસ પટેલ આ. માસ્તર ગુ. સ્કુલ ઉમરેઠ
રા. ભાઇલાલ ઇચ્છાભાઇ કેળવણી ખાતાની નોકરી વડોદરા રાજ્ય
રા. પરસોતમ વ્રજલાલ ,, ,,
રા. નરસીભાઇ પુંજાભાઇ મુખી પટેલ ઉમરેઠ.

વ્યાપારી મંડળ.

રા. પરીખ મંગળદાસ લલ્લુભાઇ સરાફ અને જીનીંગ ફેકટરીમાં ભાગીદાર ઉમરેઠ.
રા. છગનલાલ શીવલાલભાઇ જીનમાં ભાગ અને રૂના વ્યાપારી
રા. ગોરધનદાસ શીવલાલ રૂનો વ્યાપાર અને દલાલી

અનાજના વ્યાપારી.

શા. ભાઇજીભાઇ જમનાદાસ
,, ગોકલદાસ ત્રીભોવનદાસ
,, જગજીવન દેવજીભાઇ
,, કુબેરદાસ ભોગીલાલ
,, બાપુજીભાઇ જેઠાભાઇ
,, ગોરધનદાસ વ્રજલાલ
,, મંગલદાસ ચુનીલાલ
,, સનાલાલ ત્રીભોવનદાસ
,, મંગલદાસ પાનાચંદ
,, ચુનીલાલ ગોરધનદાસ, ડાકોર
,, ભાઇજીભાઇ પીતામ્બરદાસ
,, કુબેરદાસ હરજીવનદાસ ઠે. ફતેપુરા વડોદરા
,, મગનલાલ મોતીચંદ, ઘડીઆલી પોળ, વડોદરા
,, ત્રીભોવનદાસ દેવજીભાઇ

દાળનાં વ્યાપારી.

નારણભાઇ લલ્લુભાઇ પટેલ
ભાઇજીભાઇ નાથજીભાઇ

બોળના વ્યાપારી.

છગનલાલ બહેચરદાસ
મુળજીભાઇ નારણદાસ
મંગુભાઇ ચતુરભાઇ

ઘીના વ્યાપારી.

માણેકલાલ ઇશ્વરદાસ ઠે. ઘીકાંટા વડોદરા
મુલજીભાઇ બાપુજી કાંટાવાળા, ઉમરેઠ
મહોલાલ જગજીવન ,, ,,

કરીઆણાના વ્યપારી.

ઇશ્વરલાલ પુંજાભાઇ, ઉમરેઠ
ભુલાભાઇ કુંવરજી
આશાભાઇ લલ્લુભાઇ
ચુનીલાલ લલ્લુભાઇ
જેઠાભાઇ કુબેરદાસ

લોખંડના વ્યાપારી.

ડાહ્યાભાઇ કાલીદાસ દોસી

ઇમારતી લાકડાંના વ્યાપારી.

શા. આશાભાઇ મથુરભાઇ
,, અંબાલાલ કીશોરદાસ
,, લલ્લુભાઇ કહાનદાસ

આડતનો વ્યાપાર.

શા. દેવજીભાઇ લલ્લુભાઇ C/o મણીલાલ લલ્લુભાઇ, કાનગોર

કાપડીઆઓ.

શા. જેઠાલાલ ભોગીલાલ વડા બજાર
,, ભાઇજી ઇશ્વરભાઇ ઓડ બજાર
,, ચુનીલાલ ભાઇજી ,,
,, આશાભાઇ ગીરધર ,,
,, મણીલાલ લક્ષ્મીદાસ ,,
,, શંકરલાલ લલ્લુભાઇ ,,
,, છોટાલાલ મોતીલાલ ,,
,, ગીરધરભાઇ અમથાભાઇ ,,
,, મગનલાલ મનસુખલાલ ,,
,, રણછોડદાસ હરગોવીંદદાસ ,,
,, ભોગીલાલ મથુરાંદાસ વડા બજાર
,, નાથાલાલ ઝવેરદાસ ,,
,, રણછોડલાલ કીશોરદાસ ,,
,, ગોરધનદાસ લલ્લુભાઇ ,,
,, મોહનલાલ બાપુજી ,,
,, આદિતલાલ કીલાભાઇ ,,
,, મગનલાલ ગીરધરદાસ ,,
,, નારણદાસ દાજીભાઇ ,,
શા. નારણલાલ છગનલાલ ,,
,, છગનલાલ મથુરદાસ ,

,, રણછોડલાલ બહેચરદાસ ,, ,, જેઠાભાઇ કાળીદાસ ,,
,, ત્રીભોવનદાસ કાલીદાસ ,, ,, નાથજીદાસ પરભુદાસ ,,
,, મંગળદાસ ગીરધરદાસ ,,
,, મોહનલાલ છગનલાલ ઠા. પાંચ- કુવા દરવાજા બહાર, અમદાવાદ
,, બળદેવદાસ હરિલાલ ઠા. ત્રણ પોળ

જીનીંગ મીલ્સ.

શ્રી વલ્લભ વિવીંગ મીલ્સ ઠા. ગોમતીપુર રોડ, અમદાવાદ.
એજંટ છગનલાલ ઝવેરચંદની કું.

હેન્ડ લુમ્સ.

રા. મણીલાલ હરિવલ્લભ ઠા. વડાબજાર
રા. હીરાલાલ વી. ની કું. ઠા. લાલ દરવાજે

ફ્લોર અને રાઇસ મીલ્સ.

રા. ડાહ્યાભાઇ નાથજી તલાટી ઉમરેઠ
રા. પરસોતમ નારણદાસ ,,

ઉપરના ધંધાઓ સિવાય ગામડાંઓનો વહેપાર, દસ્તાવેજ લખવાનો, વગેરે પરચુરણ ધંધામાં કેટલાક ભાઇઓ છે. આ સિવાય ઉમરેઠ તળની નજીકનાં ગામડાઓ, કામસર, સુંદલપરા, મંજીપરા, ભદ્રાસી, નેસ, થામણા, ઢુંડાદરા, અજીપરા, વગેરે ગામડાંઓમાં પણ અહીંવાળાઓનો વહેપાર છે.

વ્યાપારી મંડળ " વાઘોડીઆ ".

શેઠ મગનલાલ નાથજીભાઈ	જમીનદાર અને રૂનો વહેપાર
શાહ ત્રીભોવનદાસ જગજીવનદાસ	,,
,, હરિવલ્લભ દ્વારકાંદાસ	કરીઆણું અનાજ વિગેરે
,, મગનલાલ હરગોવીંદદાસ	,,
,, છગનલાલ ,,	,,
,, વીઠ્ઠલભાઇ ભૂલાભાઇ	,,
,, મગનલાલ માણેકલાલ	કાપડ, ' વીગેરે '

બંધારણના ઉત્સાહી બંધુઓ.

ભાઈ મણીલાલ હરિલાલ પરીખ	જુનિઅર બી. એ.	વડોદરા
,, ચીમનલાલ કેશવલાલ શાહ	,, ,,	અમદાવાદ
,, મોહનલાલ લક્ષ્મીદાસ ભાલજા	સીનીયર ,,	વડોદરા
,, રમણલાલ પુરૂષોતમદાસ તલાટી	એગ્રીકલચર કોલેજ	પુના
,, રમણલાલ હરિલાલ	ફર્સ્ટ ઇયર, એગ્રીકલચરલ કોલેજ	પુના
,, મણીલાલ ગોરધનદાસ શાહ C/o	સરસ્વતિ પ્રીન્ટીંગ પ્રેસ, ઉમરેઠ.	

મોડાસાના વિશા ખડાયતા એકડાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	મોડાસા	૯૦	શા. ખેમચંદ સખીદાસ શા. નરશીદાસ કાલીદાસ મોદી હરગોવીંદ ખાતુદાસ શા.ભોગીલાલ દામોદરદાસ	પો. મોડાસા વાયા તલોદ એ. પી. રેલવે.
૨	રણાસણ	૧૫	શા. હીરાચંદ પાનાચંદ શા. વીઠ્ઠલદાસ મુળચંદ	પો. હરસોલ સ્ટે. તલોદ
૩	અણીઓર	૨૯	ડેકડી દેવચંદ પ્રભુદાસ	પો. માલપુર, મોડાસા થઇ
૪	શીકા	૧૧	શા. રેવાચંદ પાંનાચંદ	પો. ધનસુરા મોડાસા થઇ
૫	ટીંબા, કોટડી, રતનપુર		શા. શીવલાલ બહેચરદાસ	પો. સ્ટે. ટીંબારોડ(ગોધરા)
૬	મેઘરજ	૬૦	મહેતા અમરચંદ ખેમચંદ જમજીવન	પો. મોડાસા
૭	ગાબટ	૯૭	મહેતા નાંનચંદ નાથજી	,,
૮	સરડોઇ	૨૯	શા. વીરચંદ શાંતીદાસ	,,
૯	મોદુકા	૧	શા. રામચંદ હેમચંદ	પો. હરસોલ
૧૦	દધાલીઆ	૧૦	શા. પ્રભુદાસ કેવળદાસ	પો. ટીંટોઇ (મોડાસા)
૧૧	માલપુર	૩૫	શા. જોઇતાદાસ ડુંગરદાસ શા. સાંકલચંદ લીલાચંદ મ. માધવલાલ મનસુખભાઇ	પો. માલપુર (મોડાસા)
૧૨	ધનસુરા	૨૨	શા. પ્રેમચંદ કાલીદાસ	વાયા તલોદ એ. પી. રેલવે.
૧૩	વડાગામ	૨૩	શા. જવેરદાસ હેમચંદ	,, ,,
૧૪	આકરૂંદ	૨૬	શા. નારણજી પીતામ્બર	
૧૫	દહેમાઇ	૪૮	શા. ભાઇચંદ પ્રેમચંદ	પો. સદર તલોદ થઇ
૧૬	સાઠંબા	૭૧	શા. જમનાદાસ પુંજાદાસ	પો. બાયડ (મોડાસા)

૧૭	આંકરોલ	૧૦	ભલાવત મુલચંદ મયાચંદ	પો. ટીંટોઇ (મોડાસા)
૧૮	રૂપાલ	૮	શા. કસ્તુર મોતીચંદ	પો. હીંમતનગર (મહીકાંઠા)
૧૯	ટીંટોઇ	૧૨	કોઠારી જેઠાલાલ મનોરદાસ	પો. ટીંટોઇ (મોડાસા)
૨૦	પુનાસણુ	૧	શા. પરશોતમ પીતામ્બર	પો. ભીલોડા (ઇડર)
૨૧	તરકવાડા	૩	શા. દલુચંદ પીતામ્બર	પો. મોડાસા
૨૨	કરજોદરા	૭	શા. છગનલાલ રવચંદ	પો. દહેગામ સ્ટે. રખીઆલ
૨૩	કપડવણુજ	૫	શા. કેવળદાસ મોતીચંદ	પો. કપડવણુજ
૨૪	સાયરા	૧૦	શા. શાંતીદાસ નથુભાઇ	પો. મોડાસા
૨૫	ચોઇલા	૨	શા. જવર દયાલજી	પો. બાયડ (મોડાસા)
૨૬	ચાંદરણી	૮	શા. ગીરધરદાસ શાંતીદાસ	પો. હીંતમનગર (મહીકાંઠા)
૨૭	ઊભરાણુ	૨૩	મહેતા અમીચંદ ત્રીકમદાસ	પો. બાયડ (મોડાસા)
૨૮	કોકાપુર	૪	શા. પ્રેમચંદ ભાઇચંદ	પો. મોડાસા
૨૯	બામણું	૮	શા. છગનલાલ હરીચંદ	પો. ભીલોડા (ઇડર)

પ્રગતિ મંત્ર.

પ્રગતિ પામવા અર્થે સાધજો બન્ધુ ! એકતા;

એકતા સાધવા માટે રાખજો ધૈર્ય ને ક્ષમા.

બંધારણની માહિતી.

ઉપર મુજબની વિગતે લગભગ ૪૨ ગામની વસ્તીમાં એકંદરે આશરે ૮૦૦ ઘરનો સમાવેશ થાય છે. જે માંહે નીચે પ્રમાણે વિભાગો છે.

(૧) કોવડીઆનું તડ—આગેવાન શેઠ મનોર રૂપજીના નામે મોડાસાના શેઠ નરસિંહદાસ કાલીદાસ, વગેરે, તેમજ પાંચ અને બાર ગામના આગેવાનો. ઘર આશરે ૩૦૦.

(૨) મોદીનું તડ—આગેવાન મોદી જમનાદાસ રખવદાસના નામે મોદી હરગોવિંદદાસ ખાતુદાસ મોડાસાના, તેમજ બીજા ગામોના આગેવાનો ઘર આશરે ૩૨૫.

(૩) સાઠંબા સમુદાય—આગેવાન સાઠંબાના શા. ભાઇચંદ નંદલાલ અને દ્વારકાદાસ ધરમચંદ ગાબટના વગેરે. ઘર આશરે ૧૨૫.

મોડાસાના આ એકડાવાળાઓનો સંબંધ પ્રથમ જનોડ અને કપડવંજ સાથે હતો, પણ આશરે ૧૦૦ વરસ ઉપર આ બંધારણ, હાલના નામે સ્વતંત્ર બંધારણ તરીકે હયાતીમાં આવ્યાનું જણાય છે, તે પ્રથમ ૮૦૦ ઘરની વસ્તીવાળું હતું અને નજીવી તકરારને લીધે પ્રથમ જુદું પડેલું પણ પાછળથી એટલે આશરે ૪૦ વરસ ઉપર, સં. ૧૯૩૩ ની સાલમાં પાછું સંધાઇ ગયું હતું; પરંતુ તેમાં ભિન્નતા જણાઈ આવતી હતી.* અને તેઓ અંદર અંદર ધુંધવાયા કરતા હતા. કારણો નજીવા છે અને તેનો નિકાલ પણ સહેજ થઇ શકે તેમ છે, છતાં પરસ્પરના વિચારોની વિરૂદ્ધતા, સાંકડાં મન, જ્ઞાતિમાં કહેવાતા આગેવાનોની પોતાના લાભોની આડે જ્ઞાતિહિત કરવા માટેની બેદરકારી વગેરે કારણોને લઇને હાલ ચાર પાંચ વરસથી આ એક ગણાતું બંધારણ ઉપરના ત્રણ તડોમાં વહેંચાઇ ગયું છે.

પક્ષો થવાનાં કારણો:—બંધારણનો એકત્ર સમૂહ મુળ બે વિભાગોમાં વહેંચાઈ ગએલો તો જણાતો હતોજ, અને જો તે જુદો પડે તો પણ, મોદી અને કોવાડીઆ. બે વિભાગમાંજ પડે તે કલ્પી શકાય તેવું હતું. જો કે તકરારના મુદ્દા ઉપર વિચાર કરીએ છીએ, ત્યારે તો જણાયજ છે કે તકરાર એવા મુદ્દા ઉપરજ રચાએલી હતી કે;–જ્ઞાતિઓ જ્યારે જ્યારે પક્ષોમાં વહેંચાઇ જાય છે, ત્યારે એક પક્ષ કહે છે કે, મેં વલણ અખત્યાર

---

* વિગત માટે જુઓ પ્રથમનું "શ્રી કોટયર્ક અને ખડાયતા જ્ઞાતિ"નું પુસ્તક, પાનું ૧૨૭–૨૮.

કરેલી બ્યાજબી છે; અને બીજો પક્ષ પણ તેમજ કહે છે. અને મમત વધતાં સત્ય જડે નહિ તેથી ન્યાય વિચારી શકાય નહીં અને ભેદો (પક્ષો) પડે. આ બંધારણ માટે પણ તેમજ થયું છે. આવી તકરારોનો નિકાલ કરવાનું જો વિચારવામાં આવે તો બન્નેની તકરાર તટસ્થ માણસો વિચારે, અને તેઓ તકરારી સવાલોનો જે નીવેડો આણે તે બન્ને પક્ષને કદાચ પોતાની મમતનો ભોગ આપી દેવો પડે તો તેમ કરવામાં પણ મોટું દિલ બતાવીને કામ લેવામાં આવે તો, નીવેડો સહેજમાં આવી જાય, પણ તેવી જાતનો પ્રયત્ન કરવાના અંગે પણ તેવું કંઇ બની શક્યું નહી, આ માટેની કેટલીક યોગ્ય સ્થિતિ રજુ કરતાં લખવાને હું હરકત જોઇ શકતો નથી કે, જેઓ બંધારણનો વહીવટ કરવા માટે જોખમદાર ગણાય, તેવાઓ કોમનું હિત તપાસવામાં પોતાના નજીવા સ્વાર્થોની આડે પણ ભોગ આપવાની શક્તિનો અભાવ બતાવનારા હોવાથી; તેમજ સ્વાર્થી, ખટપટીઆઓ, અને પટલાઇ કરવામાં જેઓને હાલની સ્થિતિમાં તો કુટીલ અને પાપાચરણી કહીએ તેવી નીતિના હોવાથી તેવાઓ સુધારણા માટે પ્રયત્ન કરી શકતા નથી; અને બગડેલી સ્થિતિજ ચાલવા દે છે. આ સ્થિતિ રજુ કરતાં અનુભવ તો કહે છે કે;—આ નીતિની હયાતી ચાલુ રહેશે ત્યાં સુધી જ્ઞાતિ ઠરી ઠેકાણે પડશે નહી અને પક્ષ—ભેદો વધ્યાજ જશે. આ બંધારણમાંથી ત્રીજો પક્ષ સાઠંબા સમુદાયને નામે કે જે બંને પક્ષોમાંથી નીકળેલો છે. તે જુદો પડવામાં ઉપરનુંજ કારણ આપી શકાશે.

આ સમુદાયે સંવત ૧૯૭૪ ની સાલમાં આ બંધારણમાંથી જુદા પડીને પોતાના માટે એક સ્વતંત્ર બંધારણ બાંધ્યું છે. હકીકત જાણવા મળી છે તે રીતે તેણે અત્યાર સુધીમાં જે કોઇ સુધારા પોતાના બંધારણ માટે અસ્તિત્વમાં મુક્યા છે, તે ઘણા આવકારદાયક હોવાનું આખી કોમની નજરમાં મુકાયું છે. હાલમાં અમારા બંધારણનો વહીવટ કરનાર અજ્ઞાન આગેવાનોની દૃષ્ટિમાં આ જુદા પડેલા બંધારણની ઉન્નતિનો કંઈ ઝાંખો ખ્યાલ પણ આવી શકતો નથી. છતાં અનુભવે જે સત્ય જણાય છે તે રીતે હું તો લાગણી રજુ કરૂં છું જ કે, એક પક્ષ પોતાના ગારવ અને સ્વમાન માટે જુદો પક્ષ પાડીને ન્યાય, નીતિ અને ધર્મથી વિમુક્ત થએલા સામા પક્ષને મહાત કરવાની નજરે નહી પણ સત્ય સમજાવવાની ખાતર ખરી દિશાનું ભાન કરાવે; અને પોતે સ્પર્ધામાં ટકી શકે અથવા તો આગળ ચઢી જાય તેવા હિતકર અને વધારે ઉપયોગી પ્રશ્નોજ ધ્યાનમાં લઇને

પોતાની સ્થિતિ સુધારવાનો પ્રયત્ન આરંભે તો, સમય તેવાઓના કામોની કદર કર્યા સિવાય રહી શકતો નથી. ભલે પછી આંખે પડળ આવેલી હોય તેવાઓ ન જોઇ શકે તે જુદી વાત છે.×

આઠંબા સમુદાય—આ પક્ષ ક્યારે અને શાથી જુદો પડયો ? ઉપર વર્ણવેલી વિગતાનુસારે મોદી અને કોવાડીઆ બંને પક્ષમાંથી જેને જુદા પડવાની જરૂર જણાઇ તેવાઓ જુદા પડીને, આ પક્ષ પોતાના સ્વતંત્ર બંધારણ તરીકે સંવત ૧૯૭૪ ની સાલથી જુદો પડેલો છે; જેના કામના પ્રત્યેક વરસના અને તેઓના તરફથી ભરવામાં આવતી દરેક મીટીંગ વખતે જરૂરનું કાર્ય કર્યાના રિપોર્ટો બહાર પાડવામાં આવે છે.

આ રિપોર્ટોમાં તેઓ પોતાની સ્થિતિ દર્શાવીને આ પક્ષ સાથી જુદો પડયો તે સંબંધી કેટલોક ખુલાસો કર્યો છે. નિચેનું તેઓએ રજુ કરેલું "નિવેદન" આ પક્ષ જુદો પડવાનું કારણ જણાવવા માટે પુરતું છે.

× હું આ બંધારણ માંહેનો એક છું. અને કામના હિતની દષ્ટિએ આ પુસ્તકમાં રજુ કરવામાં આવતા ઘણા ખરા વિચારો તરફ સ્વતંત્ર વલણ ધરાવતો હોવા છતાંએ હાલ ઉપરના બંને પક્ષ પૈકી એક પક્ષમાં છું. આવા ટુંકા ટુંકા જથા પડવા જોઇએ નહીં, મમતના અંગે પડે તો તે સંધાઇ જવા જોઇએ; છતાં કદાચ ધારીએ કે તેમ ના બન્યુ તો બંને પક્ષની તકરારો મધ્યસ્થ ત્રાહીતોને સોંપીને તેઓ જે નિકાલ લાવી આપે તે બને પક્ષ કબુલ રાખે તેવા પ્રયાસ તરફ વળવું વધારે હિતાવહ થઈ પડે. મજકુર સ્થિતિમાં આ બંધારણના બન્ને પક્ષો જુદા જુદા ભેગા થયા હતા તેનો લાભ લઇને ઉપરના વિચારો ઉપર આવવાનું બની શકે તે માટે તકરારની યોગ્ય વિગતો રજુ કરીને તેનો નીવેડો મધ્યસ્થ ત્રાહીત માણસો નીમીને કરી લેવો વધારે સારૂં છે. તેવા વિચારો ઉપર જ્ઞાતિને વાળવાનો જરૂરનો કેટલોક પ્રયાસ વચમાં મેં કર્યો હતો; અને તેવી વિગતનાં છાપાઓ બંને પક્ષમાં મોકલાવી આપ્યાં હતાં, જે વખતે તેની તાજેતર અસર એવી તો સરસ થઇ હતી કે બન્ને પક્ષના આગેવાન ગણાતાઓએ મારા રજુ કરેલા અભિપ્રાય તરફ પોતાનું વલણ કબુલ રાખ્યું હતું, પણ તુરતજ એવું થયું કે કેટલાક વિઘ્નસંતોષીઓએ સામે બીજું ચર્ચાપત્ર છપાવીને તકરારનો મુદ્દો બંને પક્ષમાં પક્ષ તરીકે વધારે વજન પકડે તેવો અભિપ્રાય ફેલાવ્યાનું નિંદ્ય કૃત્ય કર્યું; આથી બન્યું એવું કે પરિણામ માટેની આશા બંધાઇ હતી તે નિષ્ફળ નીવડી.

(૨) જ્યારે જ્યારે આવી સ્થિતિ ઉભી થાય છે ત્યારે શું કરવું જોઇએ, એ પ્રશ્ન વધારે વિચારવા જેવો થઇ પડે છે. કામમાં જો તકરારોના નિવારણ અર્થે અને તેવાં બીજા અન્ય કામો માટે લવાદના ધોરણ ઉપર કામ લેવામાં આવતું હોય તો અને તે માટે મધ્યસ્થ લવાદ કોર્ટ સ્થપાએલી હોય તો નિકાલો ખોરંબે પડી રહેવાનું બને છે તે હરકત દૂર થઇ શકે ખરી.

"શ્રી વીસા ખડાયતા સાઠંબા સમુદાય જ્ઞાતિ બંધારણ અને સંવત ૧૯૭૪ ની સાલનો રિપોર્ટ."

નિવેદન—આ ભારત વરસમાં શ્રી વીશા ખડાયતા વણિકને નામે ઓળખાતો જ્ઞાતિ સમુહ ઘણો વિશાળ છે. પણ દેશની અવનતિના પરિણામે જેમ અન્ય જ્ઞાતિઓના સંબંધમાં બન્યું છે, તેમ આ સમુહ ઘણા વિભાગોમાં વહેંચાઈ ગયો છે.

ઉક્ત વિભાગો પૈકીનો એક વિભાગ "મોડાસા એકડાના સમુદાયના નામે ઓળખાતો હતો, અને તેમાં સમાનતા અને બંધુત્વ ભાવની ખીલવણી થવી જોઇતી હતી; પરંતુ કમનસીબે તેથી ઉલટાં તત્વો દાખલ થયાં. આ વિભાગમાંનો એક પક્ષ પોતાને કુળવાનને નામે ઓળખાવતો હતો, જ્યારે બીજા પક્ષને ઉતરતી પંક્તિનો કહીને તેને ઉતારી પાડવામાં આવતો હતો; એટલુંજ નહીં પણ તેનો ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ પણ બંધ કરવામાં આવ્યો હતો.

પોતાને કુળવાનને નામે ઓળખાવતા પક્ષવાળાઓ બીજા પક્ષના કન્યાઓ ઘણી ખુશીથી ગ્રહણ કરતા હતા, પરંતુ બીજી તરફથી પોતાની કન્યાઓ તેમને આપવી અનુચિત ગણતા હતા, આ એક જાતની આપખુદી અને સ્વાર્થાંધતા હતી.

આ આપખુદીનું પરિણામ પ્રતિ પક્ષના સંબંધમાં એવું કમનસીબ નીવડયું કે જ્યારે પહેલા પક્ષને કન્યાઓની વિશેષ છુટ મળવાથી તેઓ એક કરતાં વધારે સ્ત્રીઓ સહેલાઇથી મેળવી શકતા, ત્યારે બીજા પક્ષને કન્યાઓની તંગી પડતી અને નિરવંશની સંખ્યામાં વૃદ્ધિ થતી. વળી જ્યાં કન્યાઓની છુટ રહેતી ત્યાં કજોડાં થવાને લીધે કન્યાઓ દુઃખી થતી, અને જ્યાં કન્યાઓની તંગી પડતી ત્યાં પુરૂષો દુઃખી થતા.

સમજુ અને વિચારશીલ પુરૂષોએ બંધારણમાં ઘટતા સુધારા કરવાની ઘણા વરસો પર્યંત માર્ગ પ્રતિક્ષા કરી પરંતુ તેમાં નિરાશા સિવાય બીજું કંઇ પ્રાપ્ત થયું નહિ.

દેશના આગળ વધેલા વિચાર પ્રમાણે અને વાસ્તવિક રીતે ઐક્યના મહાન સિદ્ધાંતને માન આપવાની ઉત્કૃષ્ઠ ઇચ્છા છતાં પણ, જ્યારે આ સ્થિતિમાં સુધારો થવાનું સર્વથા અસંભવિત લાગ્યું ત્યારે તેમાંના સમજુ અને વિચારશીલ ગૃહસ્થોએ સ્વાશ્રયથી પોતાની ઉન્નતિ કરવાનું કાર્ય હાથમાં

લીધું, અને એક જુદો સમુદાય બાંધી દીધો. જેને "શ્રી વિશાખડાયતા વણિક સાઠંબા સમુદાય" ને નામે ઓળખવામાં આવે છે.

મોડાસાના આ બંધારણુમાંથી સાઠંબા સમુદાય જુદો પડવાનું કારણુ આથી ખુલ્લું થાય છે.

આ સંબંધમાં વિશેષ અનુભવ રજુ કરવામાં ઘણું લખી શકાય તેમ છે; છતાં એટલી હકીકત મુખ્ય સાર રૂપેજ જણાવવામાં દીલને સંકોચ થતોજ નથી કે અમો કૂળવાન તરીકે રહેનારાઓએ પ્રતિપક્ષને જે રીતે અને જેટલો બની શકે તેટલો વધારે નીતિની દ્રષ્ટિએ અન્યાય કરેલો છે, કે ઇશ્વરની હજુરમાં તેની શિક્ષા માટે અમારા માટેનું દ્વાર તો ઘણું વિકટજ હોવું જોઇએ. પણુ પુનઃ જન્મને માનનારી આ આલમ એવું ક્યાં નથી જોઈ શકતી કે કર્મોનો બદલો અહીંઆં પણુ ભોગવાય છેજ. ખરે આ કલજુગ નહિ પણુ કરજુગ છે, એ વાતનું મને તો ઘડીએ પલકે પણુ વિસ્મરણુ થતું નથીજ.

સારી કે ખોટી કર્મોની ભાવના યોગ્ય સ્વરૂપમાં, અહીં કે પરભવમાં ફળને આપશે એ તો નિર્વિવાદજ છે; પણુ તે વિષય અને વિવેચન માટે આપણે અહીં વિશેષ લખી શકીએ નહિં. છતાં મારે મારો કહેવાનો આશયતો સિદ્ધ કરવોજ જોઇએ કે;—કોમને અને આવાં કામો સાથે જેઓનો યોગ્ય સંબંધ છે તેઓ સત્યનિષ્ઠ બને, તેમજ કર્તવ્ય પાલન અર્થે ફરજનો વિચાર કરીને, સ્વાર્થને મુકી દઇને પોતાની જવાબદારીનુ પાલન કરશે તો તેઓ ઉપરની જવાબદારીમાંથી થોડે ઘણે અંશે પણુ બચી શકશે.

અમારા બંધારણુની હાલની સ્થિતિ રજુ કરવામાં તેના પક્ષભેદો પડવાના સંબંધમાં રજુ કરેલો આટલો પ્રસ્તાવ કંઇ ઓછો નથી. સાઠંબા સમુદાયે આ બંધારણુમાંથી નીકળીને કેટલાક ખાસ અગત્યના સુધારા કરી કર્તવ્યનું પાલન કર્યું છે. તેઓના સંબંધમાં પ્રસિદ્ધ થએલા રિપોર્ટો ઘણા લાંબા હોઈ વિગતો એટલી તો વધારે છે કે, તે રિપોર્ટોને મારાથી પુરતો ઇન્સાફ આપી શકાય તેમ નથી; તોપણુ કોમના હિતની દષ્ટિએ તેઓએ કરેલા સુધારાનો કેટલોક ભાગતો એવોજ છે કે જેનું વાંચન કોમને પુરૂ પાડવાની અમારી લાલસા અમો રોકી શકતા નથી.

(૧) **બંધારણુનો વહીવટઃ**—ઉપર મુજબ ત્રણુ વિભાગોમાં થઇને (૧) મોટી પક્ષના શેઠના નામે ઉપર જણુાવેલા મોડાસાના અને બીજા ગામના આગેવાનો મળીને (૨) કોયાડીઆંમાં ઉપર જણુાવેલા શેઠના નામે મોડાસા

અને બીજા ગામડાવાળાઓ, જુની પદ્ધતિથી ચલાવે છે. હાલની સ્થિતિએ આ બંધારણનું કામ કરનારાઓ આપખુદ સત્તા ધરાવતા હોવાનું જણાય છે; આથી તેઓ ધારાઓ પાળવા પળાવવામાં તેટલાજ બેદરકાર હોઇ જ્ઞાતિનું હિત તપાસવામાં વિશેષ લક્ષ આપતા હોય તેવું જોવામાં આવતું નથી. આ સ્થિતિમાંથી મોદી પક્ષ હાલમાં કંઇક જાગૃત અવસ્થામાં હોય તેવું જણાય છે. વહીવટ કમીટીથી ચલાવવાનું થઇ શકે, અને તે માટે ચુંટાએલા ગૃહસ્થોની કમીટી મારફતે કામ કરવામાં આવે, અને વરસમાં બે વખત આ કમીટી કોમનું હિત તપાસવા અર્થે મળે તોજ હાલની સ્થિતિમાં ફેરફાર થઇ શકે ખરો.

(૧) કેળવણીઃ—ઉપરના ત્રણે વિભાગો મળીને કુલ આઠસો ઘરની કેળવણી સંબંધી એકંદર સ્થિતિ ઘણીજ નિર્માલ્ય છે. વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં રહેતો હોવાથી, આર્થિક સ્થિતિ સારી નહી હોવાથી, અને ખાસ કરીને છોકરાઓને ૧૨–૧૩ વરસની ઉંમરે તેટલીજ વયની કન્યાઓ સાથે પરણાવવાના કારણને લઇને, બંધારણમાં કેળવણી વધી શકતી નથી. હાલ આખા બંધારણમાં બે ગ્રેજ્યુએટો અને ત્રણ ચાર, મેટ્રિક સુધી અભ્યાસ કરેલો છે. ગામડાઓમાં સ્કુલોનું સાધન નહી હોવાથી હાલમાં મોડાસામાં જ્ઞાતિ તરફથી એક બોર્ડીંગ હાઉસ ખોલવામાં આવ્યું છે. તેના મુખ્ય શિક્ષક આજ બંધારણના હોવાથી તેમના ઉત્સાહથી સંખ્યામાં સારો ઉમેરો થયો છે, અને ભવિષ્ય આશાવાળુ ભાસે છે. છતાં અત્યારસુધીના બનેલા પુષ્કળ દાખલાઓમાં તો એવુંજ માલુમ પડયું છે કે છોકરાઓ આગળ જઇ શકે તેવા હોવા છતાંએ તેઓ ખાસ કરીને બાળલગ્નના ભોગ થઇ પડેલા હોવાથી તેઓને અભ્યાસ મુકી દેવો પડયો છે. આ બોર્ડીંગમાં મોદી, કોવાડીઆ અને સાઠંબા સમુદાયના વિદ્યાર્થીઓ સાથે રહી શકે તેવી ગોઠવણ છે. સાઠંબા સમુદાયે કેળવણીની વૃદ્ધિ અર્થે કન્યા અને વરની વય વચ્ચેનું અંતર સાત વરસનું ઠરાવેલું છે. આ કારણને લઇને તેમજ તેઓમાં સ્કોલરશીપોની યોજના પુરતી કરેલી હોવાથી, તેમાંથી ધીરે ધીરે થોડાક આગળ નીકળવાની આશા રાખી શકાય છે. મોદી અને કોવાડીઆ પક્ષમાં પણ વર અને કન્યા વચ્ચેનું અંતર બે વરસનું હાલમાં રાખવામાં આવ્યું છે. પણ બંધારણની હાલની દારિદ્રય સ્થિતિ સુધારવા ધ્યાન અપાય તો લગ્નની ઉંમરમાં નિદાન પાંચ વરસનો તફાવતતો જરૂર રાખવો જોઇએજ. આ સિવાય કેળવણી ફંડને લગતી યોજના થોડાક સમય ઉપર ઉપાડી

લેવામાં આવી હતી. તેને લગતી કમીટી વગેરે સ્થાપીને પુનઃ હીલચાલ ઉપાડી લેવી જોઇએ. પણ તે જોખમદારી સમજનાર માણસો કામ ઉપાડી લેશે ત્યારેજ બની શકશે.

(૩) **આર્થિક સ્થિતિ:**—બંધારણની આર્થિક સ્થિતિ એકંદરે વિશેષ નબળી હોય તેમ જણાતું નથી. બંધારણ પૈકી કેટલોક વર્ગ સારી સ્થિતિમાં છે. જેઓનો વ્યાપાર ગામડાઓની ધીરધારનો, મોડાસામાં રહેનારાઓનો દેશાવર સાથેનો આડત વિ૦ નો છે. ત્યારે કેટલોક વર્ગ દક્ષિણના ગામડાઓમાં જમીન. નેસ્તી અને તેવી બીજી દુકાન, ચોખાની મીલ, અને મુંબઇમાં આડતના વેપાર વગેરેમાં છે. એકંદરે બંધારણનો ૧૫ થી ૨૦ ટકા વર્ગ સુખી સ્થિતિમાં, ૩૦ થી ૪૦ ટકા વર્ગ વ્યવહાર સંભાળથીજ ચલાવી લેવા જેવી મધ્યમ સ્થિતિમાં, અને બાકીનો ભાગ ગામડાઓના વ્યાપારની સ્થિતિ પુરતો સાધારણ સ્થિતિ ભોગવતો છે, કે જેઓની વાર્ષિક આવક રૂા. ૧૦૦–૨૫ ની ગણી શકાય; કે જેને ભાગ્યેજ આબરૂભેર ગુજરાન કરી શકવાના જેવી સ્થિતિ કહી શકીએ.

બંધારણમાં બહારના વ્યાપારમાં અને ઠીક સ્થિતિમાં નીચેના છે.

શેઠ નરસિંહદાસ અમીચંદદાસ, ગોરેગામ 'દક્ષિણ', જમીનદાર.
શેઠ વીરચંદભાઈ અમીચંદદાસ, જમીનદાર અને પોતાના માલકીની રાઇસ મીલ. ચૌક, વાયા કરજત.
શેઠ જોઈતાદાસ ડુંગરદાસ, માલપુર, સ્થાનિક વ્યાપાર.
શેઠ કાલીદાસ હરજીવનદાસ આડતનો વ્યાપાર, મોડાસા.
શેઠ પ્રેમચંદ કાલીદાસ, સ્થાનિક વ્યાપાર, ધનસુરા.
શેઠ જમનાદાસ સાંકળચંદ, ,, ,,
શેઠ વીરચંદ શાંતીદાસ મહાડ, સરડોઈ.
શેઠ હેમચંદ દલુચંદ કલોતા. વાયા, કરજત.
શેઠ કાસીદાસ હેમચંદ, ચૌક રાઇસ મીલ. અને જમીનદાર.
કોઠારી મુલજી નાથજી, આડતનો વ્યાપાર, વચલો ભોઇવાડો. મુંબઇ ૨.
' વગેરે '

સામાજિક.

(૪) **કન્યાની છત અછત:**—બંધારણમાં મોદી અને કોવાડીઆ બંને પક્ષમાં સાધારણ રીતે કન્યાઓની છત જણાય છે, છતાં આપ લેનો વ્યવહાર ઘણો સંકુચિત અને જેની પદ્ધતિ અનિષ્ઠ કહી શકીએ તેવી સ્થિતિ

રણુ કરે છે. બંને પક્ષોમાં આપ લેનો વ્યવહાર હાલતો જુદો જુદો છે: છતાં પોત પોતાના પક્ષમાં પણ ઉતાર સરખી રીતે થતો નથી. એકંદરે ૪૨ ગામ હોવા છતાં કેટલાંક અમુક ગામોવાર ટુંકા ટુંકા જથાઓ કેટલાક વખતથી બંધાઇ ગયા છે, કે જેઓ નજીક નજીકના સંબંધને લઇને બીજા ગામડાઓની પસંદગી કરતા નથી; ત્યારે જ્ઞાતિનાં અમુક મધ્યસ્થ જેવાં ગામો અને ઘરવાળાઓ કે જેઓનું ઘર, નામ રજીસ્ટર થઇ ગએલું ગણાય છે અને આ પૈકીના કેટલાકોએ તો જ્ઞાતિમાં ખટપટથીજ આવો મોભો પાડેલો હોય છે, તેવાઓને છૂટથી મળી રહે છે. અને અમુક દાખલાઓમાં તો આવાઓને એક હયાત હોવા છતાં મન થઇ આવે તો છૂટથી બીજી પણ મળી શકે છે. જ્યારે વળી સામાન્ય ભાગને મળી શકે છે પણ તેને કાંતો બીજા સંબંધવાળાથી લાગવગ કરવી પડે છે અને તે વળથી ઉતાર કરાવી આપે છે તોજ મળે છે; ત્યારે કેટલાક વિશેષ દાખલાઓમાંતો એવું જોવા મળે છે કે કોઇને સગાની ઓથ હોતી નથી તો તેવાજ સારા ઘરનો છોકરો ભણતો કે ભણેલો હોવા છતાં તે રહી જાય છે. અથવા તો તેવાનો ભાવ કોઈ પુછતુંજ નથી. બંધારણમાં સારૂં કે ખોટું ઘર તપાસવાનું ધોરણ કુળવાન અકુળવાનની માન્યતા ઉપર વળાયાનું વિશેષ જોઇ શકાય છે. જેની હદ એટલીતો ખોટી રીતે લંબાએલી હોય છે કે જેની આર્થિક સ્થિતિ તદન લાચાર હોય, છોકરાને પ્રાથમિક શિક્ષણ આપવાને સાધન પણ હોય નહી, વળી જ્યાં ઘરનો ચાલુ વ્યવહારકાળ-નિભાવવાનું પણ મુશ્કેલ હોય, તેવાઓનો સંબંધ નાની ઉંમરમાં થઇ જાય છે. જ્યારે બીજી બાજુએ હાલમાં કેટલાક સારાં ખર્ચ કરતા હોય, વિક્રય અને સાટાં વગેરેથી મુકત હોય, ઘર સુખી હોય, છોકરો સારો અને કેળવાએલો હોય કે કેળવણી લઇ શકે તેવો હોય. તોપણ આવાના કુટુંબમાં ચાર પાંચ પેઢી ઉપર કંઇક નજીવો દોષ લાગુ પડી ગયો હોય તો, આવાઓ રહી ગયા જેવા જોઇ શકાય છે; અને તેવા-ઓને ઉંચે લાવવાનો વ્યવહારૂ માર્ગ હોય છે તે પણ બંધ કરી દેવામાં આવે છે; અને વરસોના વરસો તેઓને ન્યાય કે વિચારમાં પણ લેવામાં આવતા નથી. મારો અનુભવ તો આ માટે લોકોનું વલણ ખોટા સ્વાર્થોમાં અને સંકુચિત વૃત્તિના બંધનમાં સપડાએલું હોવાથીજ હાલની સ્થિતિ અનિષ્ઠ હોવાનું જાણવા છતાં તેમાં ફેરફાર કરી શકાતો નથી. ખાસ કરીને આવી જાતની સ્વાર્થી અને સંકુચિત વૃત્તિ નીચેના કારણોને લઇને હોય છે.

(૧) બંધારણમાં સમાનતા દાખલ થઇને આર્થિક સ્થિતિ સારી હોય તેવાઓને ત્યાં આપવામાં આવે તો અત્યારે કુળવાનને નામે દારિદ્રય સ્થિતિમાં અને અભણ રહેવા છતાં કન્યાઓ મળે છે તેઓને ભવિષ્યમાં મળતી ઓછી થઇ જાય!

(૨) જ્ઞાતિના કેટલાકને જ્યારે ત્યારે બીજી પરણવાનું મન થઇ આવે ત્યારે પસંદગીનું ક્ષેત્ર વિશાળ હોય તો ખોટ પડે: તેથી તેવાઓને જ્યારે ત્યારે મળે નહીં!

(૩) યોગ્યાયોગતા જોવાનું ક્ષેત્ર વિશાળ બને તો જ્ઞાતિમાં કેટલાક ભુખ્યા ડાંસ જેવાઓ કન્યાઓની આપલેના વ્યવહારમાં પોતાના પાપી પેટને, જેઓને નહીં મળતી હોય તેવાઓની દલાલી કરવાના રસ્તે પોષણ મળે છે, તેવાઓને કમાણી માટે હવે નવો માર્ગ લેવો પડે, એટલે જેઓને સીધી મજુરી નહી કરતાં હરામનું ખાવાની ટેવ પડેલી હોય છે, તેવાઓનો ઉદ્યમ બંધ થઇ જાય!

ઉપરનાં અને તેવાં બીજાં કેટલાંક આવાંજ કારણો આ સંબંધમાં આપી શકાય તેમ છે.

કોમનો અમુક વર્ગજ હાલમાં તો જ્ઞાતિમાં કન્યાઓ આપવા લેવાનો વ્યવહાર વિશાળ કરવામાં અંતરાય ઉપર જણાય છે. મને ઉમેરવું પડે છે કે બંધારણની આ સંબંધમાં સ્થિતિ ઘણીજ નબળી છે. ઘણા સારા કમાતા છોકરાઓ, કેટલાક તો ભણેલાઓ, અને ઘણાઓ ઘરની સારી સ્થિતિ હોવા છતાં આવી પરિસ્થિતિમાં અચકાઇ ગએલા જણાય છે. જો વહીવટ કરનારાઓને કોમનું હિત સમજાયું હોત તો તેઓ સારો ફેરફાર કરી શકયા હોત; પરંતુ સુધારો કરવાના નામે દાંભિક નિવડેલા "કોવડીઆ પક્ષના આગેવાનોએ" આરંભેલો પ્રયત્ન નિષ્ફળ નીવડયાની હકિકત આ બંધારણ માટે હવે તો જાહેર થઇજ ચુકી છે.×

એકંદર સ્થિતિનું તારણ કાઢીશું તો કુલ સરવાળે કન્યાઓની છત જણાય છે.

× શેઠાઇને નામે વ્યવહારમાં અનેક પ્રપંચો રમવા, જુઠું બોલવું, ન્યાય અને નીતિને તિલાંજલિ આપવી, શેઠાઇના ધર્મને વગોવવો આ વગેરે લાગુ પાડી શકાય તેવી ઉપમાઓ જ્યારે જ્યારે પંચ ભેગું થઇને સુધારાઓને નામે કાર્ય કરે છે ત્યારે સુધારાનું નામ, મુખ્ય ભાગે આપવામાં આવતા ઉપરનાં વિશેષણોને લાગુ પાડી શકીએ, અને તેવાં કામો થતાં હોવાનુંજ મને તો આ બંધારણ માટે જોવાને મળ્યું છે.

કેટલાંક ખાસ કુટુંબો અને ઘરો બંધારણમાં અટકી ગએલાં નજરે પડે છે કે;—જે કુટુંબો સ્થિતિમાં સુખી, સારાં કમાતાં, મોભાદાર અને છોકરાઓ કમાતા અને કેળવાએલા હોવા છતાં રહી ગએલા છે. તેમનો ભાવ સંકુચિત વૃત્તિ અને સ્વાર્થને લઇને કોઇ પુછતું જણાતું નથી. અનુભવતો એજ હકીકત પાર પાડે છે કે જ્ઞાતિના પ્રતિષ્ઠિત ગણાતા આવા આગેવાનોને આવાના દુઃખોની કંઇ પડી નથી. જ્ઞાતિની ઉપર જણાવેલી સ્થિતિના સંબંધમાં સમગ્ર બંધારણ માટે તો મેં કંઇ ચોકસ ગણત્રી કાઢી નથી; પરંતુ અમારા કોવાડીઆ પક્ષમાંથી હાલમાં લગભગ ૪૦ કરતાં વધારે આવા રહી ગએલા નિકળી શકે. ખુદ એકલા 'અણીયોર' ગામનો દાખલો લઇશું તો વાંચનારને ખ્યાલ આવી જશે કે, સંખ્યા ઉપર જણાવ્યા કરતાં કંઇક વધારે હશે; પરંતુ ઓછી તો નહીજ હોય.

(૫) વિક્રય અને સાટાં ત્રેખડાં:—બંધારણમાં વિક્રય થતો નથી, પણ જેઓને કન્યા સહેલાઇથી મળી શકતી નથી તેવાઓ જ્ઞાતિમાં આવું કામ કરનાર દલાલો કે જેઓ જ્ઞાતિમાં કેટલાક તો કુળવાનને નામે વજન પાડી શકે છે, તેવાઓ મારફત આવાઓ કન્યાઓ મેળવે છે. મને જાણવાને મળ્યું છે કે આવા કેસોમાં ખર્ચ કરનાર બે પાંચ હજારની રકમના ખર્ચમાં પણ આવી જાય છે. બંધારણમાં સાટાં અને ત્રેખડાં થતાં નથી એમ કહેવામાં આવે છે; અને તે એક દૃષ્ટિએ સાચું હોવાનું પણ માની લઇએ, છતાં પુરો અનુભવ કરનારને જણાય છે કે કેટલાક કુળવાન ગણાતા, પણ આપલેના વ્યવહારમાં ઉતાર નક્કી કરીને સગપણો કરે છે. પ્રથમ મને આ હકીકતમાં સત્ય લાગતું નહોતું, પણ હું વિગત જાણવા માટે જ્યારે બીજાઓ જોડે ચર્ચામાં ઉતર્યો ત્યારે તેમાં કંઇક સત્ય હોવાનું જણાઇ આવ્યું ખરૂં. મને જાણવાથી વિશેષ ખેદ તો એજ થયો કે અમારા કુળવાનોની આ સ્થિતિ હોય તે જરૂર દયા ખાવા જેવી ગણી શકાય: કારણકે અમો કુળની મોટાઇ સમજીને બે પાંચ પેઢીવાળાઓને પણ અકુળવાન કહીને તેમની તરફ તિરસ્કારની દૃષ્ટિ બતાવીને તેમને છેટે રાખીએ છીએ, ત્યારે હમારી આંતરિક સ્થિતિ જો આવી હોય તો નીતિની તેમજ ન્યાયની દૃષ્ટિએ હમારી સ્થિતિનું માપ કહાડવાને શું કરવું તેની સમજ પડતી નથી. વિભુ !

(૬) બાળલગ્ન અને કજોડાં:—અમારી અત્યાર સુધીની સ્થિતિ માટે તો અમારે શરમાવવુજ પડે છે, તેવું લખવામાં હું કંઇપણ અવિવેક કરતો

નથી, કારણકે અમો થોડાંક કુટુંબોને કન્યાઓ છુટથી મળે છે તેઓનું ઘર તો ભાગ્યેજ આ સુખ વગરનું હશેજ. લાંબુ વિવેચન કરવામાં શરમાવું પડે છે; તેમ છતાં ઠીક છે કે, હાલમાં અમોએ સમજ વાપરીને બે વરસનો તફાવત રાખવાનું ઠરાવ્યું છે. આ ઠરાવ ગ્નાતિના થોડાક તુમાખીઓ કે, જેઓ માને છે કે અમોને કોઇ પૂછનાર નથી તેવાઓએ ભંગ કર્યાનું જાણ્યું છે. અમારા બંધારણ માટે આવું બને તે કંઇ નવાઇની વસ્તુ ગણી શકાતી નથી.

(૭) પલ્લુઃ—પલ્લાની રકમ સોનું તોલા ૧૩ અને રૂપું તોલા ૧૩૦ ભાર ઠરાવવામાં આવેલ છે. છતાં જેઓ કુળવાન હોય અને સ્થિતિ સારી ન હોય તેવાઓ ઓછું લઇ જાય છે; તો ચલાવી લેવું પડે છે.

(૮) વરાઓઃ—સાધારણ રીતે મોડાસા અને ગાબટ, જેવા ગામોમાં કન્યાના અને વરના લગનમાં બે નાત, મરણમાં બે અથવા તો ત્રણ, સીમંતની એક, અને કેટલાંક નાનાં ગામડાઓમાં કન્યાના લગનમાં ત્રણ, અને જાનવાળા સાથેનો ખાવાનો વ્યવહાર એટલે બીજા પાંચ ટંક ફરજીઆત ખર્ચ કરવું પડે છે. સ્થિતિ હો કે ન હો, પરંતુ કવચિત પ્રસંગ ઉપર બાકી રહેતો પંચના ચોપડામાં લખી રાખીએ, અને પાછળથી લઇએ છીએ, મુકતા તો નથીજ. કારણકે આતો ઉછીકો વ્યવહાર છે, જમી જાય અને ન જમાડે તે કાંઇ ચાલે કે?

(૯) રડવા કુટવાનો રિવાજઃ—બીજાં બંધારણ કરતાં પ્રમાણમાં વધારે છે.

(૧૦) વિધવાઓની સ્થિતિઃ—વિધવાઓની આજીવિકાઓનું સાધન પલા સિવાય બીજુ કાંઇ નથી. પલ્લાની રકમમાં પણ કોઇ બાઇના કર્મ સંજોગ નડયા હોય તો, બસો ત્રણસો રૂા. ની રકમ પુરતો પણ આધાર પાસે હોય નહી, વૈધવ્ય નાનપણાનું હોય, અગરતો બાઇ ઉમ્મરે હોયતો એક બે છોકરાં હોય, ઘર હોય કે ન હોય, ગામ સાથેનો ખાવા ખવરાવવાનો વ્યવહાર તો ઉભોજ હોય, બાઇ માણસ એકલી હોય; હમેશાં તેણે નાતમાં સંબંધ રાખીને ખાધેલું હોય, આધાર પાસે નહીં હોવાની ગણત્રીતો સહુના ધ્યાનમાંજ હોય, તેણે જન્મારો બધાઓનું ખાધેલું છે, અને તેનું ખાવાનું રહી જાય તેતો પાલવેજ નહીં. આવાં કારણોને લઇને ગામનું પંચ કારજ માગે, આ વ્યવહારના રૂા. પહેલેથી લઇ લેવા સારા ગણીને તજવીજ કરવાનો ઘાટ ઘડાતો હોય. આથી તે

માટેના સોએક રૂ. તે બાઇનેગામના પંચને આપવા પડેજ. પછીથી બાકી રહ્યા રૂા. ૨૦૦)પંદર કે વીસ વરસની ઉંમરે વૈધવ્ય પ્રાપ્ત થયું હોય, તેની સ્થિતિ હાલની સ્થિતિમાં કેવી સમજી શકવી? નાતના હે દયાનિધિઓ, કાર્યવાહકો! જ્ઞાતિના 'ખાં' આ સ્થિતિનો વિચાર તમારા હૃદયમાં કોઇ દિવસે આવ્યો છે ખરો? ખરેખર નહીજ. આવી સ્થિતિ ભોગવતી બેનો તમારા બંધારણમાં કેટલી છે? ઉંડી તપાસ કરવાનું મારાથી બની શક્યું નથી: પરંતુ નજર નાખતાં પંદરથી વીસેકને તો હું આવી દયાજનક સ્થિતિમાં જોઇ શકું છુંજ.

(૧૧) **સાહિત્યઃ**—સાહિત્યની દૃષ્ટિએ આ બંધારણમાં કોઇ સારૂં લખી શકે તેમ નથી. તોપણ બંધારણમાં રા. ભાઈચંદ માણેકચંદ ધાર્મિક વિષયમાં તેમજ રા. દામોદરદાસ નારણદાસ, રા. કોદરદાસ ખીમચંદ, રા. ભોગીલાલ દામોદરદાસ મહાવરો પાડે તો લખી શકે ખરા. બંધારણમાં વાંચનના ફેલાવાની ખાસ જરૂર છે. તળ મોડાસામાં તો આ ખોટ પુરી પાડવાનું સાધન છે, તેમજ ગાબટ માટે પણ ગુજરાત રાજકિય મંડળ તરફથી ગોખલે વાંચનાલય છે. વળી ગાબટમાં કેટલાક ઉત્સાહી બંધુઓ સાહિત્ય તરફ પ્રેમ ધરાવનારા છે. જેમાં રા. છગનલાલ રાયચંદ અને રેવાચંદ રામચંદના નામ જણાવી સકાય.

(૧૨) **રાજકિયઃ**—રાજકિય પ્રવૃત્તિમાં આ બંધારણ ઘણું પાછળ છે, છતાં હાલમાં મોડાસામાં ઠીક ઉત્સાહ જોવામાં આવે છે. અત્રે ગાબટના રા. ભાઇચંદ માણેકચંદ બી. એ. એ સરકારી નોકરી મૂકી દઇને અહીંની રાષ્ટ્રિય નિશાળને પોતાની સેવા અર્પણ કરેલી છે. કેળવણીમાં પછાત રહેલા વિભાગમાંથી એકાદ આવા નીકળી આવેલા બંધુ સંસ્કારી જીવન ગાળવા તરફ વળે તે આદર્શરૂપ ગણી શકાય. તેઓએ પોતાના આ સારા દાખલાથી આ આખા બંધારણની કીર્તિમાં વૃદ્ધિ કરી છે. વળી અહિંની નિશાળમાં તેઓના જોડાવાથી આ તરફની, કેળવણીના સંબંધમાં અંધારામાં રહેલી કોમને, તેમજ બાળકોને સારો લાભ મળી શકશે, સાથે સાથે જણાવવું જોઇએ કે તેમના આદર્શ ચારિત્રની તેમજ સંસ્કારોની જે ઉચ્ચ છાપ બાળકો ઉપર પડશે તે ખરેખર તેઓનું જીવન ઉન્નત કરવામાં કામે લાગી જશે. મોડાસાની મ્યુનિસિપાલીટિમાં રા. ભોગીલાલ દામોદરદાસ વકીલ અને શેઠ નરસીદાસ કાલીદાસ કાઉન્સીલર છે. રાજકિય પ્રવૃત્તિ રાષ્ટ્રિય ભાવનાને અંગે ઠીક છે; છતાં લોકવલણ ચારિત્રની ઉણપે અને સ્વાર્થની

અંધતાને લઇને એટલું તો પાછળ દેખાય છે કે તે પ્રત્યે દયા દર્શાવવા સિવાય અન્ય માર્ગ રહેતો નથી.*

બંધારણના કેળવાએલા અને ઉત્સાહી બંધુઓ.

રા. ભાઇચંદ માણેકચંદ બી.એ. હેડ માસ્તર રાષ્ટ્રિય મહા વિદ્યાલય, મોડાસા.
રા. દામોદરદાસ નારણદાસ બી. એ. હાલ મુંબાઇ.
રા. ભોગીલાલ દામોદરદાસ ડીસ્ટ્રીક પ્લીડર, સાદરા.
રા. માધવલાલ વીરચંદભાઇ મેનેજર પોળો સ્ટેટ (મહીકાંઠા)
રા. મનસુખરામ ગુલાબચંદ કારભારી, પાલ સ્ટેટ (ઇડર.)
રા. અમરચંદ ખીમચંદ મહાલકરી, ' ઇડર સ્ટેટ. '
રા. મનસુખલાલ નાથજી મહાલકરી, વડાલી ' ઇડર સ્ટેટ. '
રા. સાંકળચંદ લીલાચંદ કારભારી માલપુર સ્ટેટ.
રા. બહેચરદાસ કાળીદાસ પ્રાઇવેટ સેક્રેટરી, રાવલજી શ્રી માલપુર સ્ટેટ.
રા. શામળદાસ નાનચંદ મહેતા. કારભારી, ગાબટ.
રા. ડુંગરદાસ ખીમચંદ શીરેસ્તેદાર હજુર ઓફિસ, હીંમતનગર,
રા. ચુનીલાલ ખીમચંદ શીરસ્તેદાર રેવન્યુ ઓફિસ, હીંમતનગર.
રા. કરસનદાસ ગુલાબચંદ નોકરી, ઇડર સ્ટેટ.
રા. રેવાચંદ રામચંદ હેડ માસ્તર, ગુ. નિશાળ. ગાબટ.
રા. હીરાચંદ મયાચંદ તાલુકા માસ્તર, બાયડ.
રા. ચુનીલાલ ભગવાનદાસ મોડાસા.
રા. કોદરદાસ ખીમચંદ શેર બજારની નોકરી, મુંબઇ.
રા. પુરૂષોત્તમ ગોકળદાસ શેર બજારની નોકરી, મુંબઈ.
રા. કેશવલાલ માધવલાલ કાપડનો વ્યાપાર, મોડાસા.
રા. બાબુભાઈ એમ. કોઠારી, મુંબઇ.

---

* શ્રીમદ્ ગોસ્વામી શ્રી વલ્લભલાલ મહારાજની સાનિધ્યમાં પરદેશી ખાંડ વર્જ્ય કરવા સંબંધમાં સમસ્ત મહાજને મળીને કરેલો ઠરાવ નહી પાળવાની વિગત બહાર આવેલી ખોટી તો નહીંજ હોવી જોઈએ. વળી ગામમાં રાષ્ટ્રિય ભાવનાના વિકાસની તનતોડ મહેનત હોવા છતાં એ " સ્વદેશી " જેવા ધાર્મિક ગણાતા વિષયમાં પણ બેદરકારી અને પરદેશી કાપડ વેચવાનો મોહ અને લોભ મુકી શકાય નહી એ ચારિત્રની હણપજ ગણી શકાય.

સુચનાઓ.

બંધારણ:—મોડાસા. વીશાને નામે ઓળખાતુ આ બંધારણ હાલ ત્રણ વિભાગોમાં વહેંચાઇ ગએલું છે. આ વિભાગો માંહેનો " સાઠંબા સમૂદાય " હાલમાં સાથે ભળી શકે તેવી સ્થિતિમાં નથી. જ્યાં સુધી જે મુળ કારણને લઇને આ બંધારણ જુદું પડેલું છે તે રોગ નિર્મૂળ થાય નહી, ત્યાં સુધી તેઓ ભળવાનો વિચાર કરે અથવા તો તેમને ભેળવવામાં આવે, તેથી વિશેષ લાભ થઇ શકે તેમ નથી; કારણ કે તેઓએ નક્કી કરેલા આદર્શોમાં જે કંઇ ગતિ કરી હોય તે સ્થિર થઇને વિશાળતાને નહી પામેલ હોય તો પ્રગતિની ગતિની સારી ઝાંખીનું દશ્ય બીજાને જોવાને મળી શકે નહી: એટલે બંધારણના બે વિભાગો જો એકત્ર થાય તો, ઇચ્છવા જોગ થઈ પડે, પણ હું તો તેવું કરવા માટે પણ થોડો વખત રાહ જોવાનું પસંદ કરૂં છું, કારણ કે આ બન્ને જુદા પડેલા સમુહો સંકુચિત વૃત્તિ અને કલેપના મુજેબ જુદા પડેલા છે. બંધારણનાં છુટાં પડેલાં આ બન્ને અંગો જે દૂષણરૂપ સ્થિતિમાં છે તે સ્થિતિમાં એકત્ર થાય તો કંઇ લાભ થઇ શકે નહીં; બલકે હું તો ધારૂં છું કે નુકશાન પણ થાય. જો ગ્નાતિની સામટી સ્થિતિ તપાસવાની આવે અને તેણી સુધારણા માટે વ્યવહારૂ પગલાં લેવામાં આવતાં હોય તો બન્ને એકત્ર થાય તે ઇચ્છિવા જોગ થઇ પડે ખરૂં. મારૂં માનવું તો એવું છે કે ખરી સ્થિતિ ઉપર આવતાં હજુ કેટલોક વખત નીકળી જશે; છતાં પણ બન્ને તડો વચ્ચેની નહીં ઇચ્છવા જોગ સ્પર્ધા અને એક બીજા પ્રત્યેની હલકી વૃત્તિને લઇ જે તિરસ્કાર વૃત્તિ ઉભી થયાનું જોઇ શકાય છે. તે છોડી દઇને સારાં કામોમાં એક બીજા વચ્ચે સ્પર્ધા વધીને બન્ને તડો એકત્ર થઈ જાય તોજ લાભ થાય; અને નવું બંધારણ ઘડવાની તક મળે તે સંભાળી શકાય. સિવાય નીચ ઉચ્ચના ભેદે કંઇક આદર્શરૂપ શિખામણ મળી ચુકી હોય તો, સમુદાયવાળાઓને જોડવાની પણ સારી તક પણ મળી શકે. મારૂં તો એવું માનવું છે કે સંપી જવામાં જો સમય લંબાએલો હશે તો પ્રથમ કયા વાંધાઓને લઇને આ તડો જુદાં પડેલાં છે તે વાંધો પણ ભૂલી જવાએલો હોવાથી તેનો ન્યાય કરવા જેવું પણ રહેશે નહીં; છતાં જો તે વાંધાઓ વિસ્મૃત નહી થએલા હોય તો ઉપસ્થિત થયેલી તકરારનો આખો કેસ ત્રાહીતને સોંપી દેવાથી " નિકાલની વાત બંને પક્ષના મનમાં ઉતરી ગયેલી હોવાથી" તેના નિકાલનો ઠરાવ ઘડવામાં એકાદ કલાકથી વધારે વખત જઇ શકશે નહી. ખરી બીના તો એજ છે કે;—જૂદા રહેવામાં સૌ સૌની સ્થિતિ પરિપકવ થવી જોઇએ.

આવું બનવા માટે પ્રત્યેક બંધારણે પોતાના તડનો વ્યવહાર ઉચ્ચ કક્ષાનો બને તેવી તજવીજ કરવી ઘટે છે. અને તેવું કરવા માટે પાછળ રહી જવાનું બને નહીં તે વિચારવું હાલની સુચના માટે પુરતું છે. છતાં હાલની સ્થિતિ સુધારવા નીચેની થોડીક સુચનાઓ વિચારવા જેવી થઈ પડશે. અને હું આશા રાખું છું કે, જ્ઞાતિનો સમજુ વર્ગ હવે વધુ વખત નહી ગુમાવતાં કાર્યપરાયણ થઇ જશે તો સ્થિતિ સુધરવામાં વધુ વખત લાગશે નહી.

(૧) દરેક તડે પોતાનું બંધારણ દરેક ગામ અને માણુસને જવાબદાર ગણી શકાય તે રીતે પ્રતિનિધિત્વપણું જળવાઇ રહે તે રીતે ઘડી કહાડવું અને વહીવટ અમુક ચુંટાએલા પ્રતિનિધિઓની કમિટીથી ચલાવવો.

(૨) ધારા ધોરણો નવેસરથી ઘડવા, તેને છાપવા છપાવવા, અને દરેક ગામના પંચને જવાબદાર ગણી શકાય તે રીતે તેની પ્રસિદ્ધિ કરવી. વહીવટ તુરતને માટે બધાઓએ મુકરર કરેલા સભ્યને બે કે ત્રણ વરસને માટે સોંપવો.

(૩) વહીવટ સોંપવામાં આવે તે કામ કરનાર સભ્યની, કમિટીની; અને જનરલ કમિટીના કામની હદ મુકરર કરવી.

(૪) હાલનો સ્થિતિ ભેદ દૂર કરવો, પોતપોતીકા બંધારણમાં આ અડચણે જેઓને હરકત હોય તે દૂર કરવાનો ઘટતો પ્રયત્ન કરવો.

(૫) સ્થિતિના સુધારા માટે દરેક ઉપાય કામે લગાડી શકાય, તે માટે એક જનરલ કમીટી નીમવી કે જેનો સમાવેશ ઉપરની કમીટીમાંજ આવી જાય. આ કમિટી વરસમાં એક વખતે મળી શકે તેમ ઠરાવવું કે જે સુધારાઓનું દરેક કામ હાથમાં લે અને તે પાર પાડે.

કેળવણી:—કેળવણી સંબંધી સ્થિતિ વિચારતાં આપણા ઉપર ઘણું કામ કરવાનો બોજો ઉભો છે. પહેલાં તો દરેક ગામમાં પ્રાથમિક શિક્ષણ અટકે નહી એ આપણે સંભાળવું જોઇએ. આપણે જો ગામવાર ફંડ સ્થાપીએ તો સારૂં કામ થઈ શકે. ફંડ હંમેશનું જાગૃક રહી શકે તેવું તો થવુંજ જોઇએ. આપણે દરેક ગામની મારફતે ધર્માદા નીકળતી રકમોનો આ ફંડમાં ઉપયોગ કરીએ, વળી જમણવારની અમુક નાતો બંધ કરીને તેનું ઉત્પન્ન આ ફંડમાં લઇએ, તેમજ લગ્નના અને તેવાજ બીજા સારા પ્રસંગોની ખુશાલીની રકમો ભેટ તરીકે મળી શકે તેવી લાગણી પેદા કરી શકીએ, તેમજ આ કામ માટે જરૂર જણાય તો બોજો ઉપાડી શકાય તેવા લાગા પણ નાખીએ તો, ફંડ સારૂં થાય અને કેળવણી વધે.

સાહિત્યઃ—વાંચનની વૃદ્ધિ અર્થે તુરતમાં તો આપણે માલપુર, સરડોઇ સાઠંબા, દહેગામ, વગેરે ઘણુખરા ગામોમાં લાયબ્રેરીની યોજના કરીએ તો વાંચનારાઓ નીકળી શકે. આવાં ગામોએ સારાં પેપર વંચાય એવી તજવીજ કરવી જરૂરની છે. આ દિશામાં સામાજિક સુધારા અર્થે થોડાક સમયથી પત્રિકાઓ પ્રસિદ્ધ થાય છે, પણ તેનું કામ કરનારની સ્થિતિ અને વલણ ધ્યાનમાં લેતાં સૂચના કરવાની જરૂર સમજાય છે કે;—આ પ્રયત્ન શરૂ કરવામાં આવ્યો તે વખતે રાખવામાં આવેલી આશાઓને, તેનું કામ કરનારાઓ જવાબદાર નહી રહી શકવાથી, તેવાઓ કોમની સહાનુભુતિ મેળવી શકયા નથી. આવાં કામો માટે હંમેશાં કામ કરનાર વ્યક્તિ પોતાની શક્તિનું માપ કાઢીને સેવાવૃત્તિથી કામ કરે, તેના હેતુનો માર્ગ તપાસે, તે તરફ વળવાનો પ્રયત્ન કરે; અને બીજાઓ ઉપર પોતાના ચારિત્રની અવળી છાપ પડે નહીં તેવા વર્તનથી કામ કરે તોજ કામમાં ભલિવાર પડે.

રાજકિયઃ—આ દૃષ્ટિએ હાલની રાષ્ટ્રિય ભાવના કઇ રીતે વ્યવહારમાં મુકી શકાય તે પ્રશ્નનો વિચાર કરવો જરૂરનો છે આ સબંધી હું–કોમના ભવિષ્યના આશાવાદીઓ ઉપરજ વધારે વજન મુકું છું. કે જે કામ હાલની દૃષ્ટિએ બંધારણના ભાઇઓનું 'યુવકમંડળ' સ્થાપીને પાર પાડી સકાય, આમ હોવા છતાંએ કેળવણી માર્ગદર્શક નિવડે, રાષ્ટ્રિયભાવના વધારે સચેત થાય, તે સારૂં તુરતમાં તો આપણા દરેક ગામોમાં 'નવજીવન' મફત વંચાય તેવી ગોઠવણુ શરૂ કરવી જોઇએ. આ સિવાય જરૂર દેખાઈ આવતી હોય ત્યાં રેંટીઆને પણ સ્થાન મળે તેવી ગોઠવણુ કરવી જોઇએ.

યુવક મંડળઃ—બંધારણમાં ઘણીજ અગત્યતા ધરાવતો આ સવાલ કોમના કેળવાએલા બંધુઓ અને યુવકોએ પહેલામાં પહેલી તકે ઉપાડી લેવો ઘટે છે. તેઓએ વિશેષ નહીતો બંધારણના દરેક ગામડામાંથી એક બે માણસને મંડળમાં દાખલ કરવાં જોઇએ, કે જે કેળવણી, સાહિત્ય અને સામાજિક સુધારાઓ વગેરેની પ્રગતિ આગળ ધકેલવાના કામમાં જાગૃતિ લાવવાનું કામ પાર ઉતારવામાં પોતાની શક્તિઓનો સારો ફાળો આપી શકે. આ માટે મંડળે વ્યવહારૂ પ્રગતિઓ પણ કરવી જોઇએ કે જે રજાઓના દિવસોમાં ગામેગામ જઇને અને જ્યારે એકઠા મળવાનું થાય ત્યારે ભાષણની શ્રેણીએ પોતાના વિચારો રજુ કરવા. જો આવું મંડળ આદર્શ સુધારક વિચારનું અને કામ કરવાની વૃત્તિવાળું પ્રગતિવાન બને તો તે ઘણું કામ કરી શકે. હું કોમના કેળવાએલા, ઉત્સાહી, અને

હાલમાં ઉપલા વર્ગમાં જેઓ અભ્યાસ કરે છે તેઓના ઉપર પહેલી તકે આ બોજો ઉપાડી લેવાની સ્નેહભાવે ફરજ મુકું છું.

આર્થિક:—આર્થિક સ્થિતિનો પ્રશ્ન દરેક સારા વિચારો અમલમાં લાવવાની શરૂઆતમાંજ વિચારવો પડે છે. બંધારણમાં કેળવણી વધે તોજ સ્થિતિ સુધરી શકે, કેળવણીની વૃદ્ધિ નહી થવામાં બાળલગ્નોજ વિઘ્નરૂપ જણાય છે. હવે તો સમય આવી પહોંચ્યો છે તેવું સમજીનેજ બંધારણના આગેવાનો જરૂરનો સુધારો, "લગ્ન કરવામાં સાત નહી તો પાંચ વરસનો ફરક કરશે તો આ સવાલનો ફડચો નીકળી શકશે" નહી તો કેળવણીનો વ્યવહારૂ પ્રયત્ન મોટા ભાગે નિષ્ફળ નીવડે છે તેમ તે નિષ્ફળ નીવડવાનોજ આ ઉપાય વડે આર્થીક સ્થિતિમાં સારો સુધારો થશે તેવું મારૂં ચોકસ માનવું છે.

કન્યાઓ આપલેનો વ્યવહાર:—ઉપર જણાવ્યા મુજબ આપલેનો વ્યવહાર વિશાળ કરવામાં નહી આવે તો સ્થિતિ દિવસે દિવસે અનિષ્ડ થતી જશે. આવી સ્થિતિ ઉભી થાય નહી તે માટે હવે બંધારણના આગેવાનોએ જ્ઞાતિનો, તેમજ સાથે પોતાના હિતનો વિચાર કરીને યોગ્ય રસ્તો કહાડવો જોઇએ. જો આવું નહી બને તો હાલ છે તેમાં પણ વિભાગો પડયા સિવાય રહેશે નહી. અને સહુ કોઇ ઘર ઘરના જેવા થઇ જવાથી આગેવાનોની સહજ પણ આમન્યા અત્યારે રહી હશે તેનો નાશ થશે, અને સત્તા કોઇના ઉપર ચલાવવાનું નહીં રહેતાં બેદરકારીએજ સ્થિતિની ભ્રષ્ટતા થશે. જ્ઞાતિનો સુધારો કરવાનું આ જોખમ આગેવાનો ઉપરજ રહે છે. તેઓએ સ્થિતિ ભ્રષ્ટ થયાની ભુલો કરી છે તેવી ભવિષ્યમાં ના કરે એજ ઇચ્છવું હાલતો ઠીક છે.

પલ્લુ:—સ્ત્રી ધન—પલ્લુ ઓછુ રાખવામાં આવે છે તેનો એજ હેતુ સમજાય છે કે જેઓ સ્થિતિમાં સારા ન હોય તેમને લગ્નનું ખર્ચ કરવું ભારે પડે નહી. પણ આપણા માટે આવા જવાબને પણ યોગ્ય સ્થાન નથી, કારણ કે;—આપણે લગ્ન પ્રસંગની નાતો તેમજ તેવાં ફાલતું ખર્ચો ઓછાં રાખેલાં નથી. જો ખર્ચની બાબતમાં પહોંચી વળાતું ના હોય તો અને જરૂરનું પણ છે તો જમણવાર નિમીત્તેનું અમુક જમણ ઓછું કરીને પણ આ રકમ વધારવી જોઇએ. પલ્લુ ઓછું રાખીને આડકતરી રીતે જેઓની સ્થિતિ ના હોય તેવાઓને કન્યાઓ આપીને આપણે બંધારણમાં ગરીબાઇ વધારીએ છીએ; તેમજ કેળવણીને પણ અટકાવીએ છીએ. બંધારણમાં જો વૈધવ્ય પામતી બહેનો તરફ આપણી દયા ઉતરેતો જરૂર આપણે

તેમાં વધારો કરીએ; અને આપણી ફરજ છે કે આપણે તેમાં જરૂર ઉમેરો કરવો જોઇએજ.

રડવાકુટવાનું:—આપણી સામાજિક સ્થિતિ તરફ નજર નાખીએ છીએ તો રૂઢીઓનું બંધન આપણી નજર આગળ એટલું તો રૂઢ થએલું જણાય છે કે રડવા કુટવાને નામે ઘણી જગ્યાએ તો લાગણી વગરના દેખાવોજ કરે છે, અથવા તો લાગણીનું રૂદન હોય તોપણ ઠરાવો કરીને ઓછું કરવું જોઇએ છે; પણ આ કરૂણ રૂદન એકલી સ્ત્રીઓનેજ લાગુ પડે છે એમ કેમ કહી શકાય ? રૂઢિના બલિદાને હું તો આપણા પુરૂષોની સ્થિતિ પણ તેવીજ નબળી અને વિચારની દૃષ્ટિએ તો રડવા જેવીજ જોઉંછું. હવે આપણે નવા યુગમાં આવીએ છીએ. આપણી સ્થિતિ આપણેજ જો વિચારી શકીએ તો જરૂર તે સુધારવી પણ જોઇએ.

સુચનાઓ ઉપરથી તમારે હવે શું કરવું જોઇએ ?

ઉપરની સુચનાઓના અંગે ગૃહસ્થો તમો જેઓની ઉપર આશા રાખીને સુધરવા માગતા હો, તેવાઓની આશાઓ જરૂર મુકી દેશોજ. તમારૂં કાર્ય તમારી નજર આગળ ઉભું છે, તે તમારેજ ઉકેલવું જોઇએ. આવું ક્યારે અને શાથી બની શકશે ? આપણે સઘળા કોમના એકે એક એવું વિચારીશું કે આપણું કાર્ય કરવાને આપણે ભાર મુકયો પણ તેવાઓથી ના બન્યું તો હવે આપણેજ કરી લઇએ. વહાલા બન્ધુઓ! તમોએ આગેવાનો ઉપર વિશ્વાસ મુકીને સુધરવાની આશા લંબાવેલી, તે ભુલાય તેવો તો નથીજ પણ તમોને એવું શું જણાતું નથી કે;—તેવાઓએ તમારી નબળાઈનોજ લાભ લીધો છે ? હવે સમય ગુમાવવો જોઇતો નથી એજ મારૂં સૂચન છે.

ઉપરનો સઘળો પ્રસ્તાવ હમારા મોદી અને કોવાડીઆ બંન્ને પક્ષોને સંબોધીનેજ લખેલો છે આમ હોવા છતાં જ્યાં જ્યાં મારો પોતાનો અંગત મત રજુ કર્યો છે તે હમારા કોવાડીઆ પક્ષને સંબોધીનેજ લખેલો છે. આથી આ એકંદર વીગત જોડે હમારા બંધારણમાંથી જુદા પડેલ "સાઠંબા સમુદાય" માટે જે કંઇ લખવું જોઇતું હતું તે ઉપરની વીગતમાં નહી આવી જવાથી તેને લગતો થોડોક પ્રસ્તાવ રજુ કરવાની જરૂર પણ રહે છે.



રા. ભાઈચંદ નંદલાલ
“ સાઠંબા સમુદાયના આગેવાન.”

A. 3148 Lakshmi Art, Bombay, 8



રા. દ્વારકાદાસ ધરમચંદ

“ સાઠંબા સમુદાયના આગેવાન ”

સાઠંબા સમુદાય.

આ સમુદાય જુદાં જુદાં સાઠંબા, દધાલીઆ, મોડાસા, સાયરા, ગાબટ, જીતાં શીરવલી, નીરાં, અણીઓર, સરડોઇ, વદપ, વામજાં વીગેરે લગભગ પંદર એક ગામ કે જેનો કેટલોક ભાગ ગુજરાત અને દક્ષિણનાં ગામડાઓમાં છે તે મલીને કુલ ઘર. આશરે ૧૨૫ ની સંખ્યામાં સંવત ૧૯૭૪ ની સાલમાં સ્થાપીત થયેલ છે: જેને શરૂ થયે હાલ લગભગ ચારેક વર્ષ થયેલાં હોવાથી બંધારણને લગતી વિશેષ માહિતી આ પુસ્તકમાં લખી શકયો નથી; તોપણ આ બંધારણે શરૂ કરેલી કેટલીક પ્રગતિ એટલી તો સારી જણાય છે કે તેને લગતી વિશેષ માહીતી આપવાનો લોભ અટકાવી શકાય તેમ નથી.

બંધારણ:—બંધારણે, બંધારણ જૂદુ બાંધવાનો હેતુ સ્પષ્ટ કરીને, તેના વહીવટ માટે વહીવટ કરનાર આગેવાન શેઠ, દફતરની વ્યવસ્થા, કમીટી તરીકે કામ કરનાર મંત્રિઓ, જનરલ સભા અને તેની સત્તા, સામાજીક રીવાજોમાં કરેલો સુધારો અને તેને લગતા ઠરાવો, કેળવણી ફંડ અને તેની યોજના તેમજ તેના અંગની જનરલ અને પેટા કમિટીઓ, રજુ થતી ફરિયાદોનો નિકાલ અને છેવટે કામની વહેંચણીને લગતો પ્રબંધ એટલીતો સરસ રીતે યોજેલો છે કે, ધારી શકાય છે કે આ બંધારણ ભવિષ્યમાં એક આદર્શ બંધારણ નિવડયા શીવાય રહી શકશે નહીં.

કેટલાક અનુકરણીય ઠરાવો.

બંધારણ અને ઉદ્દેશ:—આ સમુદાય તેની અંદરના જ્ઞાતિબંધુઓના હિતાર્થે કરવા યોગ્ય સઘળા પ્રયત્નો કરશે; અને તેમની નીતી રીતીના સંરક્ષણાર્થે તેમજ બંધુત્વ ભાવની ખીલવણીને માટે જરૂરના નિયમો ઘડી પોતાનો કારોબાર ધોરણસર ચલાવશે.

જનરલ સભા:—આ સમુદાયમાં દાખલ થયેલા પ્રત્યેક સભાસદોનું મંડળ એ " જનરલ સભા " કહેવાશે. જનરલ સભાનું કામ (૧) સમુદાયના અંગભુતોનું રજીષ્ટર રાખવું (૨) ગોળની બહારનો જ્ઞાતિબંધુ સભાસદ તરીકે દાખલ થવાની અરજ કરે તો તેને દાખલ કરવો કે નહિં; અને કરવો તો કઇ સરતોથી કરવો તે બાબતનો નિર્ણય કરશે. પરંતુ અસમાનતાનુ તત્વ દુર કરવાનો આદર્શ ધ્યાનમાં રાખી એવું ઠરાવવામાં આવે છે કે:—

ને આપણા સમુદાયના કોઇપણ અંગભુત કરતાં શ્રેષ્ઠ હોવાનો દાવો કરી શકશે નહીં. (૩) જ્ઞાતિનો કારોબાર એક નિશ્ચીત ધોરણ ઉપર ચલાવવાને જરૂરના નિયમો ઘડી કહાડશે. (વગેરે)

જનરલ સભા ભરવા સંબંધમાં:—(૧) જનરલ સભા વર્ષમાં એક વખત ભરવામાં આવશે.

(૨) સાજનામાં જે માણસો હાજર હશે તેમાંથી મત આપવાને માટે જેમની વય અઢાર વર્ષ કરતાં ઓછી નહીં હોય તે દરેકના મત લેવામાં આવશે.

(૩) કોઇપણ નિયમ અથવા સુધારો બહુમતે પસાર કરવામાં આવશે અને તે બંધારણ બાબતની બુકમાં નોંધી લેવામાં આવશે.

(૪) સાજનામાં ગેરહાજર રહેનારાઓને સમુદાયે કરેલા ઠરાવો બંધન કારક ગણાશે.

(૫) જેમના વિરૂદ્ધ ફરીયાદ હશે; અથવા ફરીયાદની સાથે જેમનું લાગતું વળગતું હશે તેમનો મત તે કામમાં ગણત્રીમાં લેવાશે નહિ.

(૬) કોઇપણ અગત્યના કારણસર ચૌદમંત્રી પૈકીના આઠમંત્રી પોતાની સહીથી સમુદાય એકત્ર કરવાની શેઠને સુચના કરેતો સમુદાય એકત્ર કરવાને શેઠ બંધાયેલા છે.

સમુદાયના શેઠ:—મુકરર કરવામાં આવેલ શેઠ જ્યાંસુધી સમુદાયને વફાદાર રહેશે અને શેઠ તરીકેની ફરજો બજાવશે ત્યાંસુધી તેઓ શેઠ તરીકે ચાલુ રહેશે, ગેરવર્તનના કારણથી તેમનું તે પદ છીનવી લેવામાં આવશે.

દફતર બાબત:—સમુદાયે મુકરર કરેલા અમુક ગૃહસ્થ પાસે રહેશે પણ તે બંધારણનો કોઇપણ માણસ જોવા માગેતો તુરત તેને આપવું પડશે.

જનરલ મંત્રિઓ—" નામ વગેરે. "

ફરીઆદો અને તેનો નીકાલ:—(૧) જ્ઞાત્તિ નિયમનું ઉલંઘન કર્યા સબંધીની ફરિયાદ કરવાનો દરેક સભાસદને હક છે; પછી તે ફરિયાદના સબંધમાં તેને લાગતુ વળગતુ હોય અગર, ન હોય તો પણ,

(૨) જેના વિરૂદ્ધ ફરિયાદ જાહેર થઇ હશે તેનો તે બાબતમાં જરૂરનો ખુલાસો માંગવામાં આવશે.

(૩) અમુક માણસે જ્ઞાતિ નિયમનું ઉલંઘન કર્યું છે એવું સાબીત

થયાથી તે સખ્સ અથવા સખ્સો સભાસદ તરીકે ચાલુ રહેવાને પાત્ર નથી એવું ઠરાવવાનો સમુદાયને અધિકાર છે.

(૪) કોઇપણ ગુન્હાનો નીકાલ કરવાને માટે એક સબ કમીટી તથા એક વરિષ્ટ કમીટી નિમવામાં આવશે. સબ કમીટીમાં દરેક ગામનો દશ ઘરે એક માણસ નીમાશે અને વરિષ્ટ કમીટીમાં દશ ઘરે બે માણસો નીમાશે. પહેલાં સબ કમીટી એ કામના ચુકાદા કરશે અને તે ઉપરની અપીલ વરિષ્ટ કમીટી સાંભળશે અને તેનો બહુમતીથી નીકાલ કરશે કે જે નીકાલ આખરનો ગણાશે.

વિવાહ સબંધી—(૧) કન્યા કરતાં વરની ઉમ્મર સાત વરસ અથવા તેથી વધારે રાખવી.

(૨) સમુદાયની મંજુરી વગર એક સ્ત્રી હયાત છતાં બીજી સ્ત્રી કરી શકાશે નહિ.

(૩) સાત વરસની અંદરના છોકરાનો વિવાહ થઇ શકશે નહીં.

(૪) કોઇથી પણ કન્યાનો વિક્રય અને સાટુ ત્રેખડું કરી શકાશે નહિ.

(૫) કોઇપણ માણસે પોતાની કન્યા અગીઆર વર્ષ કરતાં ઓછી ઉમ્મરની હોય તો તેનું લગ્ન કરવું નહિ. " વીગેરે કેટલાક પરચુરણ ઠરાવો."

બંધારણ વિરૂદ્ધના ગુન્હાઓ:—(૧) જે માણસ કન્યા વિક્રય કરશે, તેનો આ સમુદાયમાંથી બહિષ્કાર કરવામાં આવશે. છતાં કમીટીનો મત મળશે તો ઓછામાં ઓછી સજા એવી કરવામાં આવશે કે વરવાળા પાસેથી જેટલી રકમ લીધી હશે તે કરતાં બેવડી રકમ સમુદાયને આપવી પડશે.

(૨) કન્યાવિક્રય કરનારાઓને ઉત્તેજન આપવામાં ન આવે તેવા હેતુથી વરવાળાઓ ઉપર પણ અંકુશ મુકવાની જરૂર હોવાથી એવું ઠરાવવામાં આવે છે કે—આવી પ્રગટ અથવા છુપી ખબર આપનારને ½ ભાગની રકમ આપી દેવામાં આવશે જ્યારે વરવાળાના સબંધમાં સમુદાય સખત પગલાં લેશે.

(૩) કન્યાવિક્રય કરવાના કામમાં સામેલ રહેનાર પણ તેટલાજ ગુન્હાને પાત્ર ગણાશે.

(૪) કન્યાવિક્રય કરનારનો આ સમુદાયમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો હોય તેના ઘેર આપણા સમુદાયના માણસોએ જમવું નહી. કદાચ તેને પુનઃ સમુદાયમાં વધુ મતે દાખલ કરવામાં આવે તો પણ વર્ષ ૪ સુધી સમુદાયના

કાર્યમાં તેનો મત લેવો નહિ અને જ્ઞાતિ જમણવારમાં પિરસણું પકડવા દેવું નહીં.

(૫) કોઇ માણસ સાટું અથવા ત્રેખડું કરશે તો તે વિવાહ સમુદાય મંજુર કરશે નહીં; અને સમુદાયની મંજુરી વગર થયેલાં તેવાં લગ્નો ધારા વિરૂદ્ધનાં ગણાશે અને તેવું કૃત્ય કરનારાઓ અને મદદ કરનારાઓને સમુદાયની બહુમતી પ્રમાણે શિક્ષા કરવામાં આવશે.

(૬) દંડ બદલ જે રકમ ઊત્પન થશે તેમાંથી ખર્ચ બાદ કરતાં વધેલી રકમ સમુદાયના બાળકોને કેળવણી આપવાના કામ માટે સ્થપાએલા ફંડમાં આપી દેવામાં આવશે.

કેળવણી સબંધી:—" આ સબંધે આ સમુદાયે સારી પ્રગતિ કરી છે લગભગ વસ્તીમાં આ નાના જણાતા સમુહે છેલ્લા રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે લગભગ ૨૬ હજારની રકમ એકઠી કરી છે જેમાંથી કેળવણીની વૃદ્ધિ અર્થે સ્કોલરશિપો આપવાનું ઠરાવ્યું છે: અને તેમાં ઠરાવવામાં આવેલું છે કે જે ધોરણ માટે સ્કોલરશીપ આપેલી હોય તે ધોરણ સ્કોલરશીપ લેનાર પુરૂં નહીં કરી શકે તો આપેલા પૈસા ફંડમાં પાછા લેવા. આ શીવાય નિરાશ્રિત ફંડ પણ છે, કે તે ફંડના વ્યાજમાંથી નિચે પ્રમાણે મદદ આપવાનું ઠરાવવામાં આવેલું છે."

(૧) જે માતા પોતાની પુત્રીને પરણાવવાનું ખરચ કરી શકે તેમ ના હોય તેને મદદ કરવી.

(૨) કોઇ નિરાધાર વિધવા, અથવા માબાપ વગરના બાળકના પોષણમાં મદદ કરવાનું.

બંધારણને લગતા ધારાઓમાંથી ઊપર પ્રમાણે જરૂરનો કેટલોક ઊતારો અમોએ લીધો છે. સદરહુ ધારાઓ આ બંધારણવાળાઓએ કાયદેસર રીતે રજીષ્ટર પણ કરાવી લીધા છે.

ઉપરની વીગત એવા પ્રકારની માહીતી પુરી પાડે છે કે, આ બંધારણે બંધારણ તરીકે સામાજીક અને કેળવણીની પ્રગતિના કામમાં ઘણો સારો પ્રયાસ કર્યો છે. કેળવણીના સબંધમાં તેઓએ એકઠી કરેલી રકમ આપણાં બીજાં બંધારણોને મુકાબલે ઘણીજ સારી ગણી શકાય. વળી કેળવણી ફંડ માટેના ચાલુ ઊત્પન માટે પણ કેટલાક ઠરાવો બંધારણે કરેલા છે. તેમજ વાર્ષિક મેમ્બરોનું ધોરણ પણ રાખેલું છે, કે ફંડ સ્થાઇ જળવાઇ રહે. આ સ્તુત્ય પ્રયાસ માટે આ બંધારણના આગેવાનોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછોજ છે.

બંધારણના આગેવાનો અને ઉત્સાહી ગૃહસ્થો.

શેઠ. ભાઇચંદ નંદલાલ.	સાઠંબા	બ્યાપાર
શા. ચુનીલાલ જેઠાલાલ	,,	,,
શેઠ દ્વારકાંદાસ ધરમચંદ	ગાબટ	,,
શા. મથુરદાસ પીતામ્બરદાસ કાશીદાસ હેમચંદની મીલમાં ભાગીદાર	દધાલીઆ	હાલ ચોક
શા. પીતામ્બરદાસ હેમચંદ	મોડાસા અને કલોલતા.	રાઇસમીલ અને જમીન.
શા. દલુચંદ લીલાચંદ	સાઠરા અને મોડાસા.	વ્યાપાર
શા. નૃસીંહદાસ મોરારદાસ	ગાબટ અને જીતાંશીર વલી	,,
શા. હીરાચંદદાસ જગજીવનદાસ	નીરાં	,, જમીનનો
શા. રાયચંદ હરજીવનદાસ	સાઠંબા	આડતનો વ્યાપાર
શા. ભોગીલાલ રતનજી	ઇન્દોર	'હાલ બંધ છે'
શા. મગનલાલ માણેકચંદ	દધાલીઆ હાલ ચોક	રાઇસમીલમાં ભાગીદાર
શા. રામચંદ વેલજીદાસ	શીરવલી	કાપડનો વ્યાપાર
શા. નાથજી પુરશોતમદાસ	દહેવેલી	રાઇસ મીલ અને ચોખાનો વ્યાપાર
શા. તારાચંદ કોદરદાસ	શીકા, હાલ ચોક	ચોખાનો વ્યાપાર
શા. મણીલાલ જવેરદાસ	માલપુર	વ્યાપાર
શા. કીશોરદાસ છગનલાલ	મોડાસા	અભ્યાસમાં
શા. ચુનીલાલ માણેકચંદ	દધાલીઆ	હેન્ડલુમ્સ (કાપડ)

અન્તર એકતા.

દેખીતા સર્વ ભેદોમાં છુપાઇ દિવ્ય એકતા;
ભલે હો બ્હારથી જુદા—અન્તરે એકતો હજો.

" કુકણપટી–દક્ષિણ " માં વ્યાપાર અર્થે રહેતા વીશા-ખડાયતાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	સંખ્યા	વહિવટકર્તા.	મુળવતન, શીરનામું.
			ગોરાગામ વીભાગ.	
૧	ગોરાગામ	૪૦	શેઠ નરસીદાસ અમીચંદ શા. ખુશાલ શંકરદાસ	મોડાસા. પો. ગોરાગામ જી. અલિબાગ (દક્ષિણ)
૨	ગાયમુખ	૩	શા. સામલદાસ ગુલાબચંદ	મેગરજ મુ. ગાયમુખ પો. તલાં ગોરાગામ થઇને
૩	તલાગામ	૧	શા. મલુકચંદ શાંતીદાસ	સરડોઇ, તલાં
૪	મહાડબંદર	૩	શા. વીરચંદ શાંતિદાસ ,, પુંજાલાલ હીરાચંદ	સરડોઇ, મહાડબંદર જીલા અલિબાગ આકરૂંદ ,, ,,
૫	ખરવલી	૩	મહેતા પુરૂષોતમ હીરાચંદ	ધનસુરા મુ. ખરવલી પો. માનગામ
૬	બીલવાડી	૨	શા. લીલાચંદ દેવચંદ	સાયરા, પો. મહાડબંદર
૭	માપરલ	૧	મોદી લખમીચંદ પ્રેમચંદ	બામણા ,,
૮	દીવેલ	૨	શા. વેલજી તુલશીદાસ	ધનસુરા. પો. પોલાદપુર તા. માહાડ
૯	સીરવલી	૨	શા તુલસીદાસ દલુચંદ	સાયરા પો. નિઝામપુર તા. માનગામ
૧૦	પાટનુસ	૨	શા. દ્વારકાંદાસ જેચંદ	ગાબટ ,,
૧૧	મડાગામ	૧	શા. સાંકલચંદ બહેચરદાસ	સરસોલી પો. ગોરાગામ તા. માનગામ
૧૨	ગમોસી	૨	શા. જેઠાદાસ ભુખણ	સાઠંબા
૧૩	માલાં	૧	શા. વીરચંદ મુલજી	ગાબટ તા. પો. માનગામ
૧૪	કેલવાડ	૧	શા. હેમચંદ શાંતીદાસ	સાયરા
			ચૌક વીભાગ.	
૧	ચૌક	૧	શેઠ વીરચંદભાઇ અમીચંદ	મોડાસા, પો. કરજત
૨	કોલ્હાપુર	૩	શા. મથુરદાસ પીતાંબર	દધાલીઆ ,,

			પાલી વીભાગ.	
૧	આતુણા	૨	શા. લીલાચંદ દયાલજી	સાઠંબા પો. પાલી તાલુકે સુધાગઢ
			વામજા વીભાગ.	
૧	બેંગાર	૨	શા. લીલાચંદ અમરજી	સાઠંબા પો. સ્ટે. કરજત તાલુકે પનવેલી
૨	નીરાં	૪	શા. હીરાચંદ જગજીવન	પો. પનવેલી તાલુકે કોલાબા
૩	વાજાં	૧	શા વીઠલ નથુ	,, ,,
૪	વામજા	૨	શા. રેવાચંદ ધરમચંદ	સાઠંબા ,,
૫	નીતલસ	૨	શેઠ જાદવદાસ પ્રતાપદાસ	સેંણોલ ,,
			તુપગામ વીભાગ	
૧	દવેલી	૪	શા. ભાઇચંદ જમનાદાસ	ચાણામેગરજ પો. સ્ટે. કરજત
			શા. અમથાદાસ લીલાચંદ	સરડોઈ ,,
૨	કલોતા	૧	શા. પીતાંબરદાસ હેમચંદ	મોડાસા ,,
			કોયલી વીભાગ. (તફો–તુપગામ.)	
૧	કોયલી	૧	શા. ભગવાનદાસ લલુભાઇ	કોયલી વાયા કરજત
૨	વદપ	૧	શા. મુલજી શીવલાલ	વદપ ,,

આ એકંદર બંધારણના ઉપર મુજબથી ૭ તફા અને તેમાં કુલ ૨૫ ગામ અને આશરે ૧૦૦ સો દુકાનો છે.

ઉપરનાં સઘળાં ગામોમાં " ગોરાગામ " વિભાગ અલિબાગ જીલ્લાના માનગામ તાલુકામાં આવેલ હોઇ ત્યાંનો પ્રવાસ મુંબઇથી સ્ટીમનેવીગેશન કું. ની ઉપડતી સ્ટીમર મારફતે કરવો પડે છે જેને માટે 'ધરમતરી' ઉતરીને 'રોહીઆ' નાની લંચ મારફતે જવું પડે છે. જ્યારે ચોક, પાલી, વામજા, અને તુપગામ તફાનાં ગામડાઓ માટે जी. आइ. पी. નું 'કરજત' સ્ટેશન સદર સ્ટેશન થઇ પડે છે.

વ્યાપાર અર્થે રહેતા આ તરફના ભાઇઓ પૈકી ઘણાકોનો વસવાટ લગભગ સો વર્ષ કરતાં પણ જૂનો હોઇ તેમાં ઘણાક સારી સ્થિતિમાં છે. જે માંહેના ગોરાગામના શેઠ નરશીદાસ અમીચંદ અને ચૌકના શેઠ વીરચંદભાઇ અમીચંદ સારા જમીનદાર હોઇ સારી સ્થિતિમાં છે, જ્યારે બીજાઓ પણ નેસ્તી, કાપડ, કરીઆણું, ચોખાનો વ્યાપાર, ચોખાની ગીરણી વી. ના ધંધા ઉપર હોઇ એકંદર સ્થિતિ ઠીક ધરાવે છે.

કઠલાલ ભાનેર એકડાના વિશાખડાયતાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	કઠલાલ	૧૧૦	તડ બે. ૧ શા પુંજાલાલ માણેકલાલનું તડ વહીવટ કર્તા પોતે ૨ શા. રણછોડદાસ કાલીદાસનું તડ વહીવટ કર્તા શા. રણછોડદાસ કાલીદાસ	સ્ટે. કઠલાલ, બ્રે. પો. નડીઆદ કપડવણજ રેલ્વે
૨	ભાંનેર	૬૦	શા. ભોગીલાલ નંદલાલ શા. ભોગીલાલ ગોપાળદાસ શા. જમનાદાસ પરભુદાસ શા. હરજીવન કાલીદાસ	કઠલાલ બ્રેન્ચ, પો. ઓફિસ સ્ટે. વડથલ
૩	મહુધા	૧૫	શા. પરશોત્તમ જેઠાભાઇ શા. ચુનીલાલ હરજીવનદાસ	મહુધા સ્ટે. નડીઆદ કપડવણુજ રેલ્વ
૪	સાસ્તાપુર	૧૭	શા. સોમાભાઇ મથુરભાઇ શા. પરસોતમ પ્રભુદાસ શા. નાંનચંદ મોરારદાસ	પો. મહુધા થઇ. સ્ટે. નડીઆદ
૫	અલીણા	૧૦	શા. છગનલાલ હરીલાલ શા. વ્રજલાલ રણછોડદાસ	
૬	રૂદણ	૧૦	શા. દ્વારકાંદાસ મોરાર શા. છગનલાલ રૂઘનાથદાસ	પો. સ્ટે. નડીઆદ
૭	મહીસા	૩૦	શા. કેશવલાલ પાનાચંદ શા. ઇશ્વરદાસ પ્રભુદાસ	પો. મહુધા સ્ટે. નડીઆદ કપડવણુજ રેલ્વ
૮	અંધારી આંબલી	૧૦	શા. આશારામ ગોવીંદજી	નડીઆદ થઇ
૯	ઝેર નરમાલી	૨૧	શા. પ્રભુદાસ કેવળદાસ	પો. કપડવણુજ સ્ટે. નડીઆદ
૧૦	જરોદ	૭૫	શા. પુંજાદાસ દ્વારકાંદાસ શા. ઇશ્વર અમથાદાસ શા. બહેચરદાસ હરજીવન શા. રણછોડ ગહેલાભાઇ	પો. સાવલી (વડોદરા)

ઉપર મુજબની વીગતથી આ બંધારણમાં ઉપર મુજબનાં ગામો અને સુમારે એકંદરે ૩૭૫ લાગ્યાં છે.

બંધારણના વહીવટની માહિતી.

આ એકડો શરૂમાં સંવત્ ૧૮૭૮ ની સાલમાં બંધાયો હતો. આ વખતમાં આ એકડાની સામાન્ય સ્થિતિ કેટલેક દરજ્જે સારી હતી, પણ માંહોમાંહેના કુસંપને પરિણામે, સંવત ૧૯૩૩ ની સાલમાં તેમાં બે વિભાગ પડી ગયા છે, જે બાસઠ અને બેતાલીસના નામથી ઓળખાતા. સંવત્ ૧૯૬૭ ના સાલમાં આ બંન્ને પૈકી, બેતાલીસવાળાઓ સંકડામણને લઇને, હલદરવાસ ઘોડાસરના એકડામાં જોડાયા; પણ વળી સં. ૧૯૭૪ ની સાલમાં એક ગૃહસ્થ ગોત્રમાં પરણ્યા તેથી તેમને દંડ કરવામાં આવેલો પણ તેમણે દંડ નહિ આપવાથી તે સમયથી બે તડ પડયાં છે. જે હાલ બત્રીસી અને બાવીસી એ નામથી ઓળખાય છે. બત્રીસીના તડના આગેવાનો પરી શંકરલાલ દ્વારકાંદાસ અને શેઠ પુંજાલાલ માણેકલાલ છે, અને બાવીસી તડના આગેવાન શાહ બાપુજી જગજીવનદાસ છે. બંધારણનો વહીવટ શા. હીરાચંદ મુળજીભાઇવાળા શેઠ પુંજાલાલ માણેકલાલ કરે છે: પણ પંચમાં થએલ ગુન્હાનો ન્યાય આપવાનો હોય ત્યારે કઠલાલ, ભાનેર અને નવ ગામવાળા મળીને ઇન્સાફ કરે છે.

પંચની કાર્ય પદ્ધતિ—આ એકડાનાં પંચ ગામ કઠલાલ અને ભાનેર છે. જ્યારે નવે ગામનું પંચ બાકીનાં સાત ગામોમાંથી વારાફરતી એક ગામમાં ભરાય છે. પંચની કાર્યપદ્ધતિ એકંદરે સારી છે. પ્રથમ કઠલાલ ભાનેરનું પંચ કેટલીક બાબતોમાં તપાસ કરી સાધારણ નાના કામોના નીકાલ કરે છે. મહત્વનાં કામો અને મોટા ગુન્હાની સુનાવણી નવે ગામના પંચ સમક્ષ ચાલે છે. પ્રથમ સમસ્ત પંચ આગળ કામની સુનાવણી, સવાલ જવાબ, અને જુબાનીઓ વીગેરે થયા બાદ કઠલાલનાં પાંચ અને ભાનેરના પણ થઇ દીઠ એક એક મળી આઠ, અને બાકીનાં દરેક ગામ દીઠ એક એક એમ એકંદરે પંદરેક માણસો નિર્ણય કરવા ઉઠે છે અને તેઓ પૈકીના ચારપાંચ સરપંચ તરીકે વિચાર કરી છેવટે ફેંસલો આપે છે. એકંદર વિચાર કરતાં નિષ્પક્ષપાત ન્યાય તોળવા આ પદ્ધતિ સારી અને સરળ છે; પરંતુ બીજી રીતે જોતાં તે નામનાજ દેખાય છે, કેમકે પંચમાં પક્ષાપક્ષનું જોર ઘણું છે. સબળ પક્ષ કે જથાવાળો જીતે છે. વળી પક્ષાપક્ષ વધારે છે તેથી એક કે બે દિવસના કામના બદલે આઠ દશ દિવસ સુધી પંચને રોકાવું પડે છે, અને ખર્ચમાં ઉતરવું પડે છે. દરેકને ઇન્સાફ મળે અને પંચ ભરાવા પાછળ જે મોટો ખર્ચ થાય છે તે કમતી થાય એવી યોજના કરવાની જરૂર છે.

સામાજીક અને સામાન્ય.

(૧) **કન્યાની છતઅછતઃ**—સામાન્ય રીતે બંધારણમાં કન્યાની અછત છે; વિક્રય તેમજ સાટાં ત્રેખડાં પણ થાય છે. કૂળવાન અકૂળવાનની માન્યતા સ્થિતિ પરત્વે ગણાય છે. વર અને કન્યા વચ્ચે ૧૫ા વરસનું અંતર પંચના ઠરાવથી રાખવામાં આવેલું છે; બીજા એકડાની અથવા તો ભાણે ખપતી કન્યા લાવવાની છુટ છે; પણ તેવી રીતે કન્યા લાવતા પહેલાં પંચને ખબર આપવી પડે છે, અને પંચ તેની ખાતરી કરી સંમતિ આપેથીજ લાવી શકાય છે. બંધારણમાં કન્યાની અછત હોવાનું જોઇ શકાય છે આ સંબંધી એક ગૃહસ્થે જણાવેલા વિચારો તેમનાજ શબ્દોમાં નીચે મુજબ જણાવું છું. "અછત મોટા પ્રમાણમાં છે. સાટાં ત્રેખડાંનો રીવાજ ચાલુ છે, કન્યા વિક્રય થાય છે પણ તે જવલ્લેજ, કન્યા વિક્રય કરનાર વંચારેમાં વધારે રૂ. ૭૫૧) સુધી લઇ શકે એવો પંચે ધારો બાંધ્યો છે, છતાં પણ વિક્રય થાય છે, ત્યારે તેનો આંકો રહેતો નથી. કન્યા વિક્રય થવાનાં મુખ્ય બે કારણો છે, એક તો અજ્ઞાન અને અભણ લોકો પોતાના વાર્ષિક ખરચ જોગ પણ કમાઇ શકતા નથી અને બીજું ઘેર ખર્ચ આવે તે નાતના રીવાજ મુજબ કર્યા વગર છૂટકોજ નહિં. આમ બંન્ને રીતે લોકોને દેવાં થાય છે, અને જ્યારે દેવાની રકમ વધી જાય છે ત્યારે છેવટ કન્યા વેચવા સિવાય તેમને બીજો કોઇ રસ્તો સૂઝતો નથી. દેવાના પ્રમાણમાં લોકો આંગણે બાંધેલા ઢોરની માફક પોતાની કન્યાઓની કીંમત મેળવે છે, અને ઉપજેલા પૈસા માબાપનાં કાયટામાં, વહુના સીમન્તમાં કે ચાલુ ખર્ચાને માટે કરેલા દેવામાં અને નાની ઉમ્મરની કન્યાને આધેડ ઉમ્મરના માણસ સાથે પરણાવવા પાછળ નાતો કરવામાં ખર્ચિ નાંખી પોતે તો હાથ ઘસતોજ રહે છે. જ્યાં અમાસની મધ્ય રાત્રીના જેવી સ્થીતિ છે, ત્યાં સુધારાની ઝાંખી પણ ક્યારે થશે તે કલ્પી શકાતું નથી."

(૨) **પલ્લુઃ**—પલ્લુ રૂ. ૫૦૧) નો ઠરાવ છે.

(૩) **વિધવાશ્રમઃ**—બંધારણ માટે આવું કોઇ આશ્રમ નથી; છતાં બંધારણના મહુધા ગામમાં "વનિતાવિશ્રામ" નામે એક સંસ્થા છે પણ તેનો લાભ જ્ઞાતિની સ્ત્રીઓ પુરતી સંખ્યામાં લઇ શકતી નથી; કારણ કે કેળવણીનો બહોળો ફેલાવો ન હોવાથી તથા બંધારણનો મોટો ભાગ ગામડાઓમાં વસતો હોવાથી તેની ઉપયોગીતા વધારે સમજાઇ હોય તેવું જણાતું નથી. આ માટે કોમના ઉત્સાહી બન્ધુઓ વિચાર કેળવવા માટે પોતાને યોગ્ય હિસ્સો આપે તો લાભ થઇ શકે ખરો.

(૪) જમણવારઃ—ઠાસરા તથા ભાનેરમાં કન્યા પરણે ત્યારે એક નાત કરવી પડે છે, પણ મરણ પ્રસંગે નાત કરવાનું ફરજીઆત નથી. મહુધામાં લગ્ન પ્રસંગે બે નાતો અને મરણ પ્રસંગે ત્રણ નાતો ફરજીયાત કરવામાં આવે છે. આ સ્થિતિ રજુ કરતાં આપણાં ઘણા ખરાં બંધારણોના ગામોમાં એક સરખો રીવાજ નહિં હોતાં, ગામ પરત્વે જુદા જુદા રિવાજો છે. તેવું અહિં પણ હોવાનું સમજાય છે.

(૫) આર્થિકઃ—બંધારણના માણસોની આર્થિક સ્થિતિ સાધારણ છે. વેપાર મુખ્યત્વે કાપડનો વ્યાજુ અને અનાજ, બી, વીગેરેની ધીર ધારનો છે. સંવત ૧૯૫૬ નો દુષ્કાળ અને તે પછીનાં કેટલાંક ખરાબ વર્ષોને પરિણામે સ્થિતિમાં કેટલોક બગાડો થયેલો છે, કે જે હજુ સુધી પુરતી સુધરી નથી. એકંદર રીતે સ્થિતિ મધ્યમજ ગણી શકાય. માણસ દીઠ વાર્ષિક આવક રૂ. ૧૦૦ થી ૧૫૦ ગણી શકાય, જ્યારે ખર્ચ પણ પ્રમાણમાં તેટલુંજ ધારી શકાય.

(૬) કેળવણીઃ—બંધારણનું મુખ્ય ગામ મહુધા છે, તેમાં ગુજરાતી અને અંગ્રેજી નિશાળ છે, જેમાં અંગ્રેજી ફક્ત ત્રીજા ધોરણ સુધી શીખવાય છે. આગળ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને નડિઆદ અને અમદાવાદ નજીક હોઇ, તે અનુકુળ પડે છે. નડીઆદમાં સરકારી શાળાને અંગે જુદી જુદી બોર્ડિંગો છે તે મારફતે તેમજ અમદાવાદમાં તેમ હોવા ઉપરાંત જ્ઞાતિની પણ બોર્ડિંગ છે, જેનો લાભ આ બંધારણના વિદ્યાર્થીઓ ઠીક સંખ્યામાં લે છે. છતાં તારણ એવું નીકળે છે કે આર્થિક સ્થિતિ સારી નહિ હોવાને લીધે ઘણાક વિદ્યાર્થીઓને અભ્યાસ મૂકી દેવો પડે છે. આ બંધારણ પૈકીથી બહારગામ હાઇસ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૧૦ થી ૧૨ છે. અને કોલેજમાં (વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સુદ્ધાં) કુલ ૮ વિદ્યાર્થીઓ હાલ શીખે છે. કેળવણીને લગતુ ફંડ સ્થાપવામાં આવેલું છે. પણ આ ફંડને મોટુ અને સ્થાયી બનાવવાના પ્રયાસની ખાસ જરૂર છે. કેળવણી ફંડના અંગે હાલમાં ભાનેરમાં ચોખરૂ થાય ત્યારે રૂ. ૫) તથા વર કન્યાના લગ્ન પ્રસંગે રૂ. ૨) લેવાનો ઠરાવ કરેલો છે. આ આખા બંધારણમાં આ ઠરાવ થાય તો કેળવણી ફંડમાં સહેજ ઉમેરો થઇ શકે ખરો. બંધારણમાં ગુજરાતી કેળવણીનું પ્રમાણ ૫૦ થી ૬૦ ટકા, અંગ્રેજી કેળવણી ૧૦ થી ૧૫ ટકા તથા સ્ત્રી કેળવણી ૩ થી ૪ ટકા હોવાનું કહી શકાય ખરૂં.

(૭) સાહિત્યઃ—સાહિત્યની દ્રષ્ટિએ લેખક તરીકે રા. નરહરી દ્વારકાદાસ

પરીખ સારૂ લખી શકે તેમ છે. તેઓશ્રી હાલમાં ગાંધીજીના આશ્રમમાં રહી દેશની સેવામાં પોતાનો યોગ્ય હિસ્સો આપી રહ્યા છે; એક લેખક તરીકે પણ તેઓ સારા લેખો લખી શકે છે.

(૮) લાઇબ્રેરી:—કઠલાલમાં સાર્વજનિક લાઇબ્રેરી અને પુસ્તકાલય છે. જેનો લાભ સાધારણ રીતે ઠીક લેવાય છે.

(૯) રાજકીય:—રાજકીય વિષયમાં મહાત્મા ગાંધીજીના સિદ્ધાન્તોને અનુસરીને દેશની સેવામાં આ બંધારણના કઠલાલના રા. નરહરિભાઇ દ્વારકાંદાસભાઇ પરીખ, બી. એ. એલએલ. બી. કે જેઓ અમદાવાદમાં સારા વકીલ હતા, તેઓ લગભગ પાંચ છ વર્ષથી મહાત્મા ગાંધીજીના આશ્રમમાં રહી પોતાનું જીવન દેશ સેવામાં વ્યતિત કરી રહ્યા છે; જેઓ ભાઇ હાલમાં ગુજરાત વિદ્યાપીઠના સાહિત્ય અને ઇતિહાસના મુખ્ય અધ્યાપક તરીકેનું કામ કરે છે.

રા. નરહરિભાઇના ભાઇ શંકરલાલ દ્વારકાંદાસ પરીખ પણ આ ચળવળમાં સારો ભાગ લે છે અને તેઓ કઠલાલમાં અને ખેડા જીલ્લામાં અસહકારને લગતું સારૂ કામ કરે છે. ×

× આ દિશામાં રા. ભાઈ નરહરિ અને ભાઇ શંકરલાલની સેવાઓ વિશેષ જાણીતી થતી આવે છે. ભાઇ નરહરિના સંબંધમાં તેઓશ્રીની સેવાઓની જેટલી સ્તુતિ કરાય તેટલી ઓછી હોવાનુંજ હું માનું છું. કહેવાને હું ઘણો ખુશી થાઉં છું કે—જ્ઞાતિના આ પુસ્તકના સબંધમાં તેઓશ્રીના વિચારો જાણવાની કોમને તક મળે તે માટે મેં કેટલોક જરૂરનો તેઓથી પત્રવ્યવહાર કર્યો હતો; અને તેના જવાબો ઘણીજ ઉદાર ભાવનાથી તેઓએ વાળીને આ જ્ઞાતિને કેટલીક માર્ગદર્શક સૂચનાઓ જણાવી છે. તેઓશ્રીના કામને લગતા આ વિચારો હું હવે પછી અન્યત્ર પ્રભુના હુકમે કોમની સેવામાં નિવેદન કરીશ તેટલુંજ સૂચન હાલતો અહીં કરૂંછું.

રા. શંકરલાલભાઈ પણ આ વિષયમાં દેશની સારી સેવા કરે છે. તેઓએ બહાર પાડેલું "ખેડાની લડત" નું પુસ્તક અને તેઓના સબંધમાં તેજ પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રીયુત્ વલ્લભભાઈએ જણાવેલો તેઓ પ્રત્યેનો ભાવ અને તેઓશ્રીની સેવાઓની કદર બૂજે છે.

ઉપરની વીગત રજુ કરતાં રા. નરહરિભાઇના કુટુંબની સેવાઓની પણ કેટલીક યાદ આપવી જરૂરની છે. તેઓશ્રીના કાકા મહૂંમ વકીલ કેશવલાલ મોતીલાલ અમદાવાદમાં એક બાહોશ ગણાતા વકીલ હતા; કે જેઓનું જીવન મોટેભાગે સેવાભાવથીજ પ્રેરાયેલું હોવાનું તેઓની છેલ્લી અવસ્થા વખતનો મારો તેઓશ્રી સાથેનો સબંધ મને અત્યારે યાદદાસ્ત તાજી કરે છે. અમદાવાદની હાલની વે :૦ હુમ, કેશવલાલ અને જ્ઞાતિના તેવાજ માનનિય હિતચીંતક સ્વર્ગસ્થ લલ્લુભાઈ પારેખની મહેનત અને સેવાનુંજ ફળ હોવાનું મને અત્યારે સુસ્મરણ થાય છે. આ સીવાય

આ બંધારણના કોઇ પણ ગામમાં મ્યુનિસિપાલીટી નથી પણ તળ કઠલાલમાં સેનીટરી બોર્ડ છે. જેમાં રા. બાપુજી જગજીવનદાસ મેમ્બર છે.

બંધારણના કેળવાએલા ગૃહસ્થો.

રા. નરહરિભાઇ દ્વારકાંદાસ પરીખ. બી. એ. એલએલ. બી. મુખ્ય અધ્યાપક ગુજરાતી રાષ્ટ્રીય શાળા, અમદાવાદ.

રા. ચુનીલાલ મોતીલાલ શાહ. બી. એ. ડેપ્યુટિ એ. ઇન્સ્પેક્ટર ભરૂચ

રા. ડાહ્યાભાઇ ભોગીલાલ શાહ. કલેકટરની ઓફીસ, ખેડા

રા. શંકરલાલ દ્વારકાંદાસ પરીખ. કઠલાલ

રા. પુરૂષોતમદાસ જેઠાભાઇ શાહ. એન્જીનીયર, રાયપુર કામેશ્વરની પોળ, અમદાવાદ

રા. ગીરધારીભાઇ દ્વારકાંદાસ પરીખ. ઇલેકટ્રીક માલના વેપારી, અમદાવાદ

રા. સોમાભાઇ હીરાચંદ શાહ. સીનીયર ટ્રેનીંગ કોલેજના, લોકલબોર્ડ સ્કુલ માસ્તર. બેટાસી. આણંદ થઈ

રા. ડાહ્યાભાઇ વ્રજલાલ શાહ આસિસ્ટન્ટ માસ્તર, અલીણા જી. ખેડા

રા. છગનલાલ ઇશ્વરદાસ શાહ. ,, ,, વડોદ.

રા. મંગળભાઈ મથુરભાઇ. વીવીંગ માસ્તર. વીરમગામ

રા. મણીલાલ રણછોડદાસ. રામકૃષ્ણ મીલમાં નોકરી, અમદાવાદ

રા. જીવણલાલ મગનલાલ મોદી. જનરલ પોસ્ટ ઓફીસ, વડોદરા

રા. શાહ હીરાલાલ ચુનીલાલ. નોકરી, મુંબઇ

રા. મોહનલાલ મથુરદાસ શાહ. પીપળાવ ગુજરાતી સ્કુલમાં માસ્તર

કોમને એક વિશેષ ખબર પણ આપવી પ્રાસંગીક જણાય છે. રા. જેઠાલાલ મોતીલાલ પરીખ બૅરીસ્ટર એટ લો (૨ ગાર્ડન કોર્ટ ટેમ્પલ ઇ. સી.) લંડનમાં કે જેઓ આ દેશમાંથી કેટલોક સમય થયો વિદાય થઇને હાલ લંડન રહે છે; અને જેઓના સબંધમાં તેઓશ્રીની ત્યાં રહીને પણ આ દેશ માટેની અત્યુત્તમ સેવાઓ જાહેરમાં આવે છે, તે આ જ વિખ્યાતિ પામતા કુટુંબના હોઈ રા. નરહરિભાઇના કાકાશ્રી થાય છે. રા. પરીખના સબંધમા હમોને વીગત મળવા પ્રમાણે "બ્રિટીશ કોંગ્રેસ કમીટીના રીપોર્ટમાં" નિચેનો ઉલ્લેખ થયેલો આ કોમ અને આ સુખી કુટુંબની કિર્તીમાં ઓર ઉમેરો કરે છે.

"ઇગ્લાંડમાં રહી દેશની સેવા બજાવનાર પહેલા વણિક ગૃહસ્થ.

હિંદવાશીઓ જાતે પોતાની માગણીઓ બ્રિટન પ્રજા સમક્ષ રજુ કરે તો તેમના ઉપર સચોટ અસર કરી શકે, અને અમને જણાવવાને ઘણોજ આનંદ થાય છે કે, મી. જે. એમ. પરીખ તે દિશામાં સતત્ પ્રયાસ કરી રહ્યા છે."

"બ્રિટીશ કોંગ્રેસ કમીટીનો રીપોર્ટ."

રા. ચુનીલાલ હરજીવનદાસ શાહ, સબ રજીસ્ટ્રારની ઓફીસમાં, કપડવણજ
રા. રમણુલાલ મગનલાલ મોદી. જનરલ પોસ્ટ ઑફીસ, વડોદરા
રા. અંબાલાલ નાથજીભાઇ મોદી. ડ્રોઇંગ માસ્તર કોરોનેશન સ્કુલ ઊત્તરસંડા.
રા. કેશવલાલ નંદલાલ. લોકલબોર્ડ સ્કુલના હેડમાસ્તર, ખંભોળજ તા. આણંદ
રા. મણીલાલ દ્વારકાદાસ. રાયગઢ, યુ. પી.: ખાનગી નોકરી
રા. માણેકલાલ મથુરભાઇ સીનીયર. સ્કુલ માસ્તર, બોરસદ

બંધારણુમાંના સંભાવિત ગૃહસ્થો.

રા. પુંજાલાલ માણેકલાલ શાહ

કેશવલાલ છગનલાલ કમીશન એજન્ટ, મહુધ
પુજાલાલ માણેકલાલ હીરાચંદ, કાપડના વેપારી કડલાલ
,, હરીલાલ ચુનીલાલ ઈશ્વિરદાસ ,, ,, કડલાલ
જમનાદાસ બોધાભાઇ ,, ,, કડલાલ

સૂચનાઓ.

બંધારણનો વહીવટઃ—બંધારણમાં લગભગ ૪ વર્ષથી બે તડ છે. બંન્ને તડના આગેવાનો કંઇક સમજુતી ઉપર આવી એકત્ર થવાનો પ્રયત્ન કરે તો બે તડ ભેગાં થઇ શકે. આ બાબત ઉપર તડના આગેવાનોએ ખાસ લક્ષ આપવાની જરૂર છે.

સામાજીક અને સામાન્ય.

કન્યાની છત અછતઃ—કન્યાની અછત છે તેને માટે વર અને કન્યા વચ્ચે ૧૧ા વષને બદલે ૫ થી ૭ વર્ષનું અંતર રાખવાનો ઠરાવ થવો જોઇએ. જેથી થોડા સમયમાં કન્યાની મુસ્કેલી નડવાનો સંભવ રહેશે નહિ.

કન્યા વિક્રય અને સાટાં તેખડાંઃ—આ બંધારણુ માટેની જે સ્થિતિ ઉપર જણાવવામાં આવેલી છે, તેવી ખરાબ સ્થિતિ આખી કોમનાં એક પણ બંધારણુની હોય તેવો અનુભવ મને મળ્યો નથી. વિક્રયની જે હદ અને સ્થિતિ અહિંઆં વર્ણવામાં આવી છે તે એટલી તો નિંદ્ય છે કે આપણી ઉંચી કોમમાં આવા દાખલાઓ બીજાને જોવાનો પ્રસંગ આપવો પડે તે ખરેખર આપણુને નીચું જોવડાવનારૂ અને શરમાવનારૂ જ છે. હમો આ સ્થિતિમાં બને તેટલો વહેલો સુધારો થાય તેવું ઇચ્છી રહ્યા છીએ.

જમણવારઃ—કઠલાલ અને ભાનેર કરતાં મહુધામાં ફરજીઆત નાતો વધારે કરવી પડે છે, માટે મહુધાના હિતેચ્છુઓ આતમહીત તપાસીને ફરજીઆત ખરચો બંધ કરશે તેવું હમો ધારીએ છીએ. ફરજીઆત ખરચો તો એકે એક બંધારણુમાંથી નીકળીજ જવાં જોઇએ.

કેળવણી:—બંધારણની કેળવણી સબંધી સામાન્ય સ્થિતિ હાલમાં કેટલેક દરજ્જે આગળ વધતી હોવાનું જોઇ શકાય છે; છતાં બંધારણનાં બધા ગામડાંઓ તરફ નજર નાંખતાં હજુ સાધન અને સગવડના અભાવે તેમાં જોઇએ તેટલો વધારો થઇ શકતો નથી; જો કે હાલમાં કઠલાલમાં અંગ્રેજી સ્કુલ છે, અને બંધારણના કેટલાક ગામડાવાળાઓને શરૂઆતના શિક્ષણની ગોઠવણ માટે કઠલાલ મધ્યસ્થ થઇ પડે તેમ છે; પણ ત્યાં છોકરાઓને રહી શકવા જેવી કોઇ સગવડ નથી. આમ હોવાથી ગામડાવાળાઓ ત્યાં છોકરાઓ મોકલી શકતા નથી. જો કે નડીઆદ અને અમદાવાદ આ બંધારણવાળાને નજીક થઇ પડે અને ત્યાં બોર્ડિંગો પણ છે, પણ જેઓની સ્થિતિ સારી નથી તેવાઓ, છોકરાઓને શહેરમાં મોકલાવીને માસીક રૂા. ૧૮ થી ૨૦ નો ખરચ ઉપાડવાને, બંધારણની આર્થિક સ્થિતિ રજુ થઇ છે તે તરફ ધ્યાન આપતાં તેવાઓ, શહેરમાં મોકલાવી શકતા નથી. ખરચો કમી કરીને કેળવણીને ઉત્તેજન મળે તેવો યોગ્ય પ્રયાસ જ્યાં સુધી કરવામાં આવશે નહિ ત્યાં સુધી આપણા પાછળ રહેલા એકડાઓમાં કેળવણી વધી શકવી કઠીણુજ છે.

યુવક મંડળ:—બંધારણમાં યુવક મંડળ સ્થાપવાની ખાસ જરૂર છે. ઉત્સાહી અને જ્ઞાતિની પોતાની શકિત અનુસાર સેવા કરવા ઇચ્છા રાખનાર, બંધારણના દરેક યુવક એકત્ર થઇ આ દિશામાં પ્રયાસ કરીને, બંધારણમાં કેળવણીનો પ્રચાર કરવા, ઘર કરી રહેલા દુષ્ટ રિવાજોને તિલાંજલી અપાવવા, તથા ફરજીઆત કરવા પડતાં ખર્ચો બંધ કરી ' કેળવણી ફંડ ' સ્થાપી તેને સારા પાયા ઉપર મુકવા દરેક પ્રયત્ન કરવો જોઇએજ.

આર્થિક:—બંધારણની આર્થિક સ્થિતિ મધ્યમ છે. કેળવણીના વધવા સાથે સ્થાનિક ધંધાઓમાંજ પડયા નહિ રહેતાં બહાર દેશાવરો શોધી કહાડવાનું મન ઉપર લેવામાં આવશે તો સ્થિતિ આબાદી ઉપર આવતી જશે. દરેક બંધારણવાળાઓ પ્રાથમીક શિક્ષણ માટે તો પોતાની જાત ઉપર ઉભા રહીને બંધારણનું એક પણ બાળક મદદના અભાવે શીખી શકે નહિ, તે સ્થિતિ નાબુદ કરવીજ જોઇએ. આ માટે ખરચો કમી કરીને, પેટવરામાંથી પંડવરો કરીને એટલે નાતનાં ખરચો કમી કરીને, જરૂર જણાય ત્યાં દુઃખો સહન કરીને, પણ કેળવણી વધે તેવો પ્રયાસ કરવો જોઇએ; અને તેમ બનશે તો સ્થિતિની આબાદીને વધારે વિલંબ જશે નહિજ.

ભાદરવા, સારસા, ઓડ અને વસોના વિશા ખડાયતાનું બંધારણ.

અનુક્રમ નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
			ભાદરવા અને તેના પેટાનાં ગામ.	
૧	ભાદરવા	૯૦	શા. ઝવેરદાસ ભવાનીદાસ શા. મનસુખ વ્રજવલ્લભભાઇ શા. મગનભાઇ ગોરધનભાઇ શા. ત્રીભોવન બહેચરભાઇ શા. દામોદર મંગળભાઇ શા. મોતીભાઇ નરોતમદાસ	પો. ભાદરવા. સ્ટે. વાસદ
૨	વેરા	૬	શા. વનમાળી જીભાઇ	પો. વાસદ સ્ટે. વાસદ અને નાવલી
૩	ખરડા	૮	શા. હીરાચંદ મુળજીભાઇ	,,
૪	રાજુપરા	૬	શા. જવરભાઇ અમથાભાઇ	પો. સ્ટે. વાસદ
૫	વાસદ	૫	શા. કાલીદાસ મનોરદાસ	,,
૬	પોઇચા	૯	શા. ઇશ્વરભાઇ રાયજી	પો. સાવલી (ગુજરાત) સ્ટે. વાસદ
૭	માંક્ષી	૬	શા. મગનલાલ હરજીવનદાસ	સ્ટે. વાસદ અને બાજવા
૮	આંકલાવ	૨	શા. અમરતલાલ પાનાચંદ	પો. સ્ટે. વાસદ
૯	ભેટાસી	૩	શા. વલ્લભભાઇ કલ્યાણજી	,,
૧૦	વડોદરા	૪	શા. સાંકલચંદ કુબેરદાસ	ઠા. નાગરવાડો, મોટાઘીકાંટે
૧૧	આસોદર	૫	શા. મોતીલાલ રણછોડદાસ	પો. સ્ટે. વાસદ
			સારસા અને તેનાં પેટાનાં ગામ.	
૧	સારસા	૩૦	શા. શંકરલાલ દામોદરદાસ શા. જીભાઇ દાજીભાઇ	પો. આણંદ સ્ટે. નાવલી અને આણંદ
૨	ખંભોલજ	૨૫	શા. પીતામ્બર મોતીચંદ શા. ત્રીકમદાસ ગંગાદાસ	,,
૩	ભેટાસી		શા. ભાઇજી રણછોડદાસ	પો. સ્ટે. વાસદ
૪	કુઢેરા		શા. ગોવરધન ઝવેરભાઇ	પો. ડભોઇ સ્ટે. કેલણપુર [ડભોઇ રેલવે]
૫	કંથારીઆ		શા. ગીરધરભાઇ કસનદાસ	પો. સ્ટે. વાસદ

ઓડ અને તેનાં પેટાનાં ગામ.

૧	ઓડ	૭૭	શા. ભાઇલાલ આશારામ શા. નરોતમભાઇ નાથજી તલાટી દામોદર કાળીદાસ શા. સામચંદ જમનાદાસ શા. મુલજી નારણદાસ શા. ભાઇલાલ પાનાચંદ	સ્ટે. પો. ભાલજ
૨	છાણી	૧	શા. સોમાલાલ પરસોતમ	સ્ટે. પો. વડોદરા
૩	ભાદરણ	૪	શા. મથુરદાસ નરશીદાસ	સ્ટે. અગાસ (ખંભાત લાઇન)
૪	ઊંટખરી	૩	શા. મઇજી મકનદાસ	પો. સ્ટે. ભાલેજ (ડાકોર)
૫	કુંઝરાવ	૧	શા. જમનાદાસ બહેચરદાસ	,,
૬	વડોદરા	૧	શા. હીરાચંદ	ઠા. મીયાં મહમદની વાડી

વસો અને તેનાં પેટાનાં ગામ.

૧	વસો	૩૫	શા. સામચંદ બાપુજી શા. ગીરધર દ્વારકાંદાસ શા. ચતુરદાસ અમથાભાઇ શા. છોટાલાલ ગીરધરદાસ શા. બાપુજીભાઇ કચ્છલજી શા. સામચંદ નથુભાઇ	પો. વસો સ્ટે. નડીઆદ
૨	માતર	૫	શા. મગનલાલ વ્રજલાલ	પો. માતર સ્ટે. મહેમદાવાદ
૩	વડોદરા	૧	શા. ભૂલચંદ દયાલજી	ઠા. મોટા ઘી કાંટે, કાછીઆ પોળ

બંધારણના વહિવટ વિષે માહિતી.

બંધારણમાં મુખ્ય ગામ ઓડ, વસો, સારસા અને ભાદરવા ગણાય છે. આ ચાર ગામોમાં એક બીજા પ્રત્યેના દ્વેષથી બે તડ પડયાં છે. મોટા તડમાં અને નાના તડમાં આશરે ૨૦૦ અને ૧૦૦ ઘર અનુક્રમે છે. આ રીતે આખા બંધારણમાં આશરે ૩૦૦ ઘર છે.

રા. ભાઇલાલ આશારામ શાહ, ઓડ. રા. સોમચંદ બાપુજી શાહ, વસો. શંકરલાલ દામોદરદાસ શાહ, સારસા. અને રા. જવેરદાસ ભવાનીદાસ શાહ, ભાદરવા. જ્ઞાતિના વહીવટના કામમાં આગેવાન જેવા ગણાય છે.

બંધારણમાં જ્ઞાતિ તરફનો કોઇપણ શેઠ મુકરર કરેલા નથી. બંધારણ એકત્ર મળીને વહીવટ કરે છે; એટલે ઘણું કરીને પ્રત્યેક ગામના સાત મુજબ ચુંટાએલા માણસો મળીને વહીવટ કરે છે. જેમાં ઉપર જણાવેલા ગામવાર ગૃહસ્થો આગેવાની ભર્યો ભાગ લે છે.

સામાજિક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછતઃ**—બંધારણમાં કન્યાની છત, અછત સાધારણ છે. પંચ તરફથી બહારની ભાણે ખપતી કન્યા લાવવાની છુટ આપવામાં આવી છે; પણ આવી કન્યા લાવતા પહેલાં પંચને ખબર આપવી પડે છે, અને તેમ કરવા માટે પંચની ખાત્રી થએથીજ પંચ મંજુરી આપે છે. બંધારણ બહારની કન્યા લાવનાર પાસેથી રૂ. ૧૯૦ દંડના લેવામાં આવે છે. વર અને કન્યા વચ્ચે ઓછામાં ઓછું ૪॥ વરસનું અંતર હોવું જોઇએ એવો પંચે સંવત ૧૯૭૧-૭૨ ની સાલમાં ઠરાવ કરેલો હોવાથી; અને તેનો અમલ થતો હોવાથી હાલમાં બાળલગ્ન થતાં નથી.

(૨) **સાટાં તેખડાંઃ**—બંધારણમાં કન્યા વિક્રય કરવાનો નિષેધ કરેલો છે, એટલે કન્યા વિક્રય કરે તેને નાતિ બહાર મુકવો એવો પંચે ઠરાવ કરેલો છે. સાટાં તેખડાં કેટલેક અંશે થાય છે.

(૩) **પહેલુંઃ**—રૂ. ૨૫૧) નો રિવાજ છે.

(૪) **જમણવારઃ**—લગ્ન પ્રસંગે બે તથા મરણ પ્રસંગે ત્રણ નાતો ફરજીઆત કરવી પડે છે.

(૫) **કેળવણીઃ**—બંધારણના વસો ગામમાં અંગ્રેજી તથા ગુજરાતી નિશાળ છે, તેમજ કન્યાશાળા પણ છે. બંધારણમાં કેળવણીનું પ્રમાણ બીજા ગામડાઓની સ્થિતિ તરફ નજર રાખતાં સારૂં છે. બંધારણનાં ઘણાં

ખરાં ગામો ગાયકવાડી રાજ્યમાં હોવાથી બીજા ગામડાઓના મુકાબલે કેળવણીનું પ્રમાણુ ઠીક હોવાનું સમજાય છે. વળી સ્ત્રી શિક્ષણુ પણુ થોડાક પ્રમાણુમાં જોવામાં આવે છે. વસો ગામમાં અંગ્રેજી નિશાળ છઠ્ઠા ધોરણુ સુધીની હોવાથી બંધારણુના ઘણા ખરા વિદ્યાર્થીઓ મેટ્રિક સુધી કોઇપણુ જાતના અંતરાય સિવાય અભ્યાસ કરી શકે છે. ગુજરાતી કેળવણી ૬૦ થી ૭૦ ટકા, અંગ્રેજી કેળવણી હાલ તો ૫ થી ૭ ટકા, સ્ત્રી કેળવણી ૩ થી ૪ ટકા આંકી શકાય.

૬) **સાહિત્યઃ**—વસોમાં સાર્વજનિક લાયબ્રેરી છે અને તેનો લાભ જ્ઞાતિના ગૃહસ્થો ઠીક સંખ્યામાં લે છે.

(૭) **આર્થિકઃ**—બંધારણુની આર્થિક સ્થિતિ સાધારણુ રીતે ઠીક છે. નેસ્તીનો, કાપડનો, તથા કરીઆણુાનો વેપાર મુખ્યત્વે કરીને જોવામાં આવે છે. બંધારણુમાંથી શા. આશાલાલ મહીજીભાઈ વસોના તે હાલમાં આફ્રિકામાં સરકારી નોકરી અર્થે ગએલા છે. બહાર દેશાવર જનારો વર્ગ આ બંધારણુમાં હોય તેવું જાણુવામાં આવતું નથી. વાર્ષિક આવક દર માણુસ દીઠ રૂા. ૧૦૦ થી ૧૫૦ ગણી શકાય અને ખર્ચ પણુ પ્રમાણુમાં તેટલુંજ આવતું હોવાનુ માની શકાય.

સૂચનાઓ.

બંધારણુના વહીવટ વિષેઃ—હાલમાં રાગદ્વેષને લીધે બે તડ પડયાં છે, તે એકત્ર થવાં જોઇએ, અને જો તેવું બને તો કેળવણીના ઉત્તેજન માટે પણુ કંઇક વ્યવસ્થા કરી શકાય ખરી. બંન્ને પક્ષના નેતાઓએ સમજીને અને વખત આવે થોડો સ્વાર્થ ત્યાગ કરીને પણુ એકત્ર થવુંજ જોઇએ. અખિલ ભારત વર્ષમાં જ્યારે હિન્દુ–મુસલમાન એકત્ર થવા માટે ચળવળ કરવામાં આવે છે અને તેના શુભ પરિણુામની ઝાંખી પણુ આપણે કેટલાક વિષયોમાં કરી રહ્યા છીએ; ત્યારે નજીવા કારણુસર જુદા પડેલા એકજ જ્ઞાતિના, એકજ તડના અને એકજ બંધારણુના ભાઇઓએ જુદા રહેવું એ આ જમાનાને હવે ઘટેજ નહીં.

સામાજિક અને સામાન્ય.

કન્યાની છત અછતઃ—બીજા એકડાની અથવા બાણે ખપતી કન્યા લાવનાર પાસેથી રૂા. ૧૦૦ દંડ તરીકે લેવામાં આવે છે. આ ઠરાવ અમોને યોગ્ય જણુાતો નથી. જ્યારે છૂટ આપવામાં આવે છે ત્યારે દંડ લેવામાં આવવો જોઇએ નહીંજ.

પહેલુ:—બંધારણમાં પહેલુ પ્રમાણમાં બહુ ઓછું છે એવું કહીએ તો ચાલે. ઓછામાં ઓછું હાલના સંજોગો તરફ નજર કરતાં રૂા. ૫૦૦ ૬૦૦ નું તો પહેલુ હોવુંજ જોઇએ. જો કે આટલી મુડી ઉપર નિર્વાહ તો થઇ શકેજ નહી; પણ આવું સાધન દુઃખમાં દિલાસારૂપ થઇ પડવા જેવું તો થાયજ, જો આપણે અપાર દુખમાં આવતી બેનો તરફ દયા ખાતા હોઇએ તો તેઓની, ધર્મ ગણીને દરેક સંભાળ લેવી તે આપણી મોટામાં મોટી પવિત્ર ફરજજ છે.

જમણવાર:—લગ્ન તથા મરણ પ્રસંગે ફરજીઆત નાતો કરવાનો રિવાજ છે, તે બંધ થવો જોઇએ. કુટુંબમાં મરણ થયું હોય ત્યારે તેના અવસાનથી થએલા દુઃખમાં દિલાસો આપવાને બદલે તેની પાસેથી ફરજીઆત નાતો લઇને તેવાં કુટુંબને વધારે દુઃખી કરવાં એ રિવાજ તો ખરેખર શરમાવવા જેવોજ છે. બંધારણના આગેવાનોએ આ બાબત ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ છે, અને છેવટે એકી સાથે બધો ફરજીઆત નાતો બંધ કરી ન શકાય તો એકાદ નાત રાખીને પણ બીજી નાતો તો બંધજ કરવી જોઇએ.

કેળવણી:—આ બંધારણમાં કેળવણી પછાત છે. 'કેળવણી ફંડ' સ્થાપી આર્થિક સ્થિતિને લીધે અભ્યાસ મુકી દેવો પડતો હોય, તેવા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો આપીને, મદદ કરવામાં આવે તો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા હાલના કરતાં વધારે થવાની આશા રાખી શકાય ખરી. આ દિશામાં જરૂર પ્રયત્ન થશે તેવી હું નમ્ર સૂચના કરૂં છું.

આર્થિક:—બંધારણની આર્થિક સ્થિતિ સારી ગણાય નહીં. આ જોતાં ઉત્સાહી અને સાહાસક યુવકોને દેશાવર જવાને પ્રેરવા, તેઓને તેવી સગવડ કરી આપવા મદદગાર થઇ પડવું વગેરે પ્રયત્નો કરવામાં આવે તો સ્થિતિમાં સુધારો થઇ શકેજ. આર્થિક સ્થિતિ સુધારવામાં વ્યાપારની ખીલવણી કરવી એ પ્રથમ દરજ્જે ગણી શકાય.

આ બંધારણના કેળવાએલા અને ઉત્સાહી ગૃહસ્થો.

રા. ચુનીલાલ ઝવેરદાસ આસિસ્ટન્ટ. માસ્તર. આણંદ મેઇનસ્કુલ.

રા. છોટાલાલ મુળજીભાઇ વસોના. એન્જીનિયર,

રા. મણીલાલ કાળીદાસ કારકુન. ભાદરવા સ્ટેટ.

રા. શંકરલાલ દામોદરદાસ. સારસાના.

વેજલપુર (છત્રી) ના વિશા ખડાયતાના એકડાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	વેજલપુર	૪૬	શેઠ વરજલાલ ગોપાળજી ડા. રતનજી ભુખણદાસ	મુ. વેજલપુર તા. કાલોલ સ્ટે. ખરસલીઆ
૨	દેલોલ	૪૪	શા. જવરદાસ પરશોતમદાસ	સ્ટે. દેરોલ (ગોધરા)
૩	અડાદરા	૪૪	શા. મથુરદાસ હરીવલ્લવદાસ શા. પુંજાભાઇ ગોપાળદાસ	પો. વેજલપુર સ્ટે. ખરસલીઆ
૪	જરોદ	૩૫	શા. છોટાલાલ અંબાવીદાસ શા. પુંજાદાસ દ્વારકાંદાસ	પો. સાવલી સ્ટે. સમલાયા
૫	મહેલોલ	૨૮	શા. દ્વારકાંદાસ ગોકળદાસ શા. ગોરધન દીપચંદ	પો. ગોધરા સ્ટે. ખરસલીઆ
૬	મલાવ	૨૩	શા. રાયજી સખીદાસ	પો. કાલોલ (પંચમહાલ)
૭	દેવગઢબારીયા	૨૫	શા. ગોકળદાસ કુંવરજી શા. છગનલાલ કુબેરજી	પો. દેવગઢ બારીઆ સ્ટે. પીંપલોદ
૮	વાઘોડીઆ	૧	શા. પરસોતમ માણેકલાલ	પો. સાવલી (ગુજરાત)
૯	આસોજ	૧	શા. કુબેરજી દયાલજી	પો. હાલોલ (પંચમહાલ) સ્ટે. ચાંપાનેર રોડ
૧૦	વડોદરા	૧	શા. ગોરધન મોરારજી	
૧૧	હેરાલ	૧૨	શા. નારણજી મંગળદાસ	પો. કાલોલ સ્ટે. દેરોલ
(૨)	પીંગળી	૭	શા. જવરદાસ ગોપાળજી	સ્ટે. દેરોલ (ગોધરા)
,,	કંડાસ	૩	શા. કાલીદાસ ભાઇચંદ	,,

ઉપરની વીગતમાં પીંગળી અને કંડાસ ગામો દેલોલના પેટા વિભાગનાં છે.

ઉપર મુજબની વીગતથી આ બંધારણમાં ઉપર મુજબનાં ગામો અને સુમારે ૨૬૦ ઘર અને ૨૭૫ ભાણાં છે.

બંધારણના વહિવટ વિષેની માહિતી.

આ બંધારણમાં ૧૧ ગામ અને કુલ્લે આશરે ૨૬૦ ઘર છે. બંધારણનું મુખ્ય ગામ વેજલપુર છે, અને તે વડોદરા, ગોધરા લાઇનના ખરસલીયા સ્ટેશનથી એક માઈલ દૂર થાય છે. અને તે પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં આવેલું છે. વેજલપુરમાં પોષ્ટ ઓફીસ છે. બંધારણનો વહીવટ આ ગામે શેઠ રતનજી ભુખણદાસ તરફથી શેઠ ગોપાલજી વિઠ્ઠલદાસ તથા શાહ મુળજીભાઇ રસિકલાલ તરફથી શાહ બાપુજી હરજીવનદાસ કરે છે, આ એકડાનું પંચ. સંવત ૧૯૬૫ ની સાલમાં ગ્નાતિમાં પડેલી કેટલીક તકરારોનો ફેંસલો કરવા તથા નવા સુધારા કરવા માટે એકઠું થયું હતું; પણ તે વખતે અંદર અંદરના કલેશને લીધે વધારે તકરાર ઉભી થવાથી વેરાઇ ગયું હતું. આવી રીતે બે ત્રણ વખત પંચ એકઠું થવા છતાં પણ કંઇ શુભ પરિણામ આવેલું નહી. આ પરિણામ પછીથી બંધારણના કેટલાક ઉત્સાહી બંધુઓમાં નવીન જાગૃતિ આવી, તેથી તેઓએ પોતાનો સંઘ એકત્ર કરી એક યુવક મંડળ સ્થાપ્યું, અને તે દ્વારા જુના વિચારવાળાઓ ઉપર અસર ઉપજાવીને પંચ એકઠું કરવાની તજવીજ કરી, જેના પરિણામે સંવત ૧૯૭૪ માં પંચ ભેગું થયું અને કેટલાક સુધારાઓ દાખલ કર્યા જેની નોંધ બંધારણની બીજી માહિતી સાથે આગળ લેવામાં આવી છે.

સામાજિક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછતઃ**—કન્યાની અછત જણાય છે. કેટલેક ભાગે પ્રથમ કન્યાવિક્રય થતો હતો પણ તે દિવસે દિવસે કમી થતો જાય છે. સાટાં તેખડાં તો હજુ પણ થાય છે ખરાં. બાળલગ્નની પ્રથામાં કંઇ વિશેષ ફરક થતો હોય તેમ જણાતું નથી. વર અને કન્યાની ઉંમરમાં અમુક વરસનું અંતર હોવું જોઇએ. એવો ઠરાવ થએલો હોય એવું જણાતું નથી.

(૨) **પલ્લુઃ**—પલ્લુ રૂા. ૮૦૦ થી ૯૦૦ સુધીનું લેવામાં આવતું હતું, પણ હવે રૂ. ૪૫૧ નુંજ નક્કી કરવામાં આવ્યું છે. વિધવાઓની આજીવિકાનું સાધન પલ્લા સિવાય અન્ય કંઇ નથી.

(૩) **જમણવારઃ**—પહેલાં લગ્ન, મરણ અને સીમંત પ્રસંગે બે અને તેથી વધારે પણ નાતો કરવાનો રિવાજ હતો. પણ નવા ઠરાવોથી છોકરાના અને છોકરીના લગ્ન પ્રસંગે બે અને મરણના પ્રસંગમાં પણ બે નાતો કરવાનું ફરજીઆત ઠરાવેલું છે. આ દરેક પ્રસંગની નાતનું ખર્ચ લગભગ રૂ. ૪૦૦ થી ૫૦૦ સુધી થાય છે.

(૪) નવા ઠરાવો—આ બધારણે સંવત ૧૯૭૪ ની સાલમાં યુવક મંડળના પ્રયત્નથી મળીને કરેલા ઠરાવોની ટીપ ઘણી લાંબી છે, પણ તેમાંના જે વધારે અગત્યના જણાય છે તે નીચે પ્રમાણે છે.—

૧. હવે જેને ચાંલ્લો કરવો હોય તે કરે, પણ તેને પાછું આપવું નહીં. ફક્ત પોતાની બેન, ભાણેજ, તથા દીકરાને આપવું હોય તે આપે, બીજા કોઇને કંઇ પણ આપવું નહી.

૨. હવેથી જેને ઘેર માંદુ હોય તેને જોવા આવનારમાંથી તેની બેન, ભાણેજ, દીકરી, ભાઇ તથા જમાઈ સિવાય કોઇએ તેને ઘેર ઉતરવું નહી.

૩. લોકાચારે આવ્યું હોય તેમને રૂપિઆ આપવાનો રિવાજ હતો, પણ હવેથી બેન તથા ભાણેજ સિવાય બીજાને કંઇ આપવું નહીં તથા દરો ઉપર લોટા, ખેસ વગેરે કંઇ આપવું નહી.

(૫) કેળવણી:—કેળવણીમાં આ એકડો બહુ પછાત છે. મેટ્રિક સુધી પણ અભ્યાસ કરેલા કોઇ જોવામાં આવતા નથી. ફક્ત એકાદ બે વરસથી આ બંધારણના બે વિદ્યાર્થીઓ ગોધરા અને વડોદરા હાઇસ્કુલમાં અભ્યાસ કરતા હતા; તેઓએ પણ હાલમાં અભ્યાસ મુકી દીધાનું જણાય છે. બાળલગ્ન, સાધનોનો અભાવ અને આર્થિક સ્થિતિ સારી નહી હોવાનું કારણ કેળવણી નહી વધવામાં મુખ્ય છે. કેળવણીના ઉત્તેજનાર્થે કોઇ પણ જાતનું ફંડ નથી; પણ હાલમાં તે દિશામાં પ્રવૃત્તિ થએલી જોવામાં આવે છે. કેળવણીના પ્રોત્સાહન માટે નવા ઠરાવોમાં નીચેના ઠરાવો પણ કરવામાં આવ્યા છે. (૧) આપણા એકડામાંથી કોઇપણ માણસને પોતાના છોકરાને અંગ્રેજી ભણાવવો હોય, અને આર્થિક સ્થિતિને લઇને તેમ ન બની શકતું હોય તો તેને ખાતે ઉધારી ખર્ચની રકમ વગર વ્યાજે આપવી: પણ જો તે છોકરો મેટ્રિક પાસ થતાં પહેલાં અભ્યાસ મુકી દે તો તેની પાસેથી ચાર આના લેખે વ્યાજ ગણી રકમ વસુલ કરવી; પણ જો વિદ્યાર્થીને દૈવયોગે જોખમ થાય તો અથવા શરીરના કોઈપણ અવયવને નુકસાન થાય તો ધીરેલી રકમ માંડી વાળવી. બંધારણમાં કેળવણીનું પ્રમાણ ૪૦ થી ૫૦ ટકા, તથા અંગ્રેજી અને સ્ત્રી કેળવણી એક ટકો આંકી શકાય. બંધારણના ગામોમાં " દેવગઢ બારીઆ " રેવાકાંઠા એજન્સી માહેલું એક પહેલા વર્ગનું દેશી રાજ્ય હોઇ ત્યાં અંગ્રેજી સ્કુલ છે; પણ આજુબાજુના ગામડાવાળાઓને ત્યાં રહેવા કરવાની સગવડ નહી હોવાથી બંધારણના બીજા ગામોવાળા તેનો લાભ લઇ શકતા હોય તેમ જણાતું નથી. કેળવ-

ણીની એકંદર સ્થિતિ તદ્દન નિર્માલ્ય છે. બંધારણમાંનો કેટલોક વર્ગ આર્થિક સ્થિતિમાં ઠીક છે તે બંધારણમાં કેળવણી વધેલી જોવાને આતુર હોવાનું જણાય છે પણ તેને લગતો વિશેષ પ્રયત્ન કરવાની જરૂર છે. હમોને વિગત મળ્યા પ્રમાણે હાલ તુરતને માટે પણ બંધારણમાંથી ૫૦-૬૦ છોકરાઓ અંગ્રેજી કેળવણીમાં દાખલ થઈ શકે ખરા. આ બંધારણના બે ત્રણ સારા ગૃહસ્થો સૂચના પણ કરે છે કે અમારા બંધારણના છોકરાઓને કેળવણીમાં આવી કોઇ મદદ મળી શકે તો એકંદર થતા ખર્ચમાંથી પણ અમે અમારો યોગ્ય હીસ્સો આપી શકીએ ખરા. પ્રાથમિક કેળવણીની પ્રગતિ અર્થે જેઓનો યોગ્ય હીસ્સો હોવાનો દાવો રજુ કરી શકાય, તેવાઓ જો પોતાની ફરજ બંધારણના એકે એક એકડામાંથી જ્યાં જ્યાંથી, છોકરાઓ ભણવાને આવી શકે તેમ હોય તેઓને પોતાની દિશા તરફ વાળીને અભ્યાસમાં પડતો ખર્ચનો બોજો કમી થાય; તેવો બંદોબસ્ત કરી આપે તો ભણવા આવનારાઓને કેળવણી મોંઘી થઇ પડે નહી.

(૬) આર્થિકઃ—બંધારણમાં આર્થિક સ્થિતિ વિશેષ સારી નથી. મુખ્ય કરીને નેસ્તીનો તથા ગામડાઓમાં ખેડુતો સાથેની ધીરધારનો ધંધો હોવાથી ગુજરાન પુરતી કમાણી છે. ખર્ચ આવકના પ્રમાણમાં ગણી શકાય. વાર્ષિક આવક માણસ દીઠ રૂ. ૧૦૦ થી ૧૫૦ ગણી શકાય અને ખર્ચ પણ પ્રમાણમાં તેટલુજ ગણી શકાય; છતાંયે બંધારણનો થોડોક ભાગ આર્થિક સ્થિતિમાં ઠીક હોવાનું જણાય છે.

(૭) યુવક મંડળ—બંધારણમાં યુવક મંડળ સ્થપાયાને ચાર વરસ થયાં છે. એકડામાં થએલા કેટલાક ઠરાવો યુવક મંડળનેજ આભારી છે. પણ કેળવણીની દિશામાં પ્રવૃત્તિ કરવાની ખાસ જરૂર છે. બંધારણના ઉત્સાહી યુવકો રા. મહાસુખલાલ મગનલાલ, છોટાલાલ પાનાચંદ, શેઠ મહાસુખલાલ મનસુખલાલ, ભાઇ નારણજી, મહાસુખલાલ જમનાદાસ, મગનલાલ દ્વારકાંદાસ, મહાસુખલાલ મથુરદાસ, તથા રા. શંકરલાલ મગનલાલ વિગેરે આ દિશામાં સારો પ્રયત્ન કરે છે.

(૮) વિધવાઓ અને તેમની સ્થિતિઃ—બંધારણમાં વિધવાઓ માટે ગુજરાનનું સાધન પલ્લાની રકમજ ગણાય છે. બંધારણમાં ઘણી બાઇઓ એવી છે કે જેઓને ગુજરાનના સાધન માટે દળણાં, ખાંડણાં, જેવી પરચુરણ મજુરી પણ મળી શકતી નથી. વિગત લખી જણાવનાર જણાવે છે કે એક બે બાઇઓ તો અહીંઆં એવી છે કે જેની પલ્લાની મુડી પુરી થઇ ગએલી છે, તેઓને મજુરી મળી શકતી નથી, અને ઉંમર પણ નાની છે.

બંધારણના સંભાવિત, પ્રતિષ્ઠિત ગૃહસ્થો.

શેઠ ગોપાળજી વિઠ્ઠલદાસ.	શેઠ મથુરદાસ હરજીવનદાસ.
,, પાનાચંદ હરજીવનદાસ.	,, મગનલાલ નારણજી.
,, દલસુખભાઇ નારણજી.	,, મહાસુખલાલ જમનાદાસ.
,, મનસુખલાલ નારણજી.	,, ભોગીલાલ ઇશ્વરદાસ.

સુચનાઓ.

બંધારણના વહીવટ વિષેની માહિતી:—બંધારણનો વહીવટ આપ ખુદ સત્તાથી ચાલતો હોય તેમ જણાઇ આવે છે. કમીટીના ધોરણ ઉપર વહીવટ કરવામાં આવે તો ફાયદો થાય તેમ છે. બંધારણના યુવકોએ આ દિશામાં પ્રવૃત્તિ કરવાની ખાસ જરૂર છે.

સામાજિક અને સામાન્ય.

કન્યા વિક્રય અને સાટાં તેખડાં:—બંધારણમાં થતો કન્યા વિક્રય અને સાટાં તેખડાં બંધ થવાં જોઇએ. વર અને કન્યા વચ્ચે ઓછામાં ઓછું ૫ થી ૭ વરસનું અંતર રાખવામાં આવે તો બાળલગ્ન બંધ થાય. વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની તક મળે, અને કન્યાની અછત છે તે કેટલેક અંશે દૂર થાય.

જમણવાર:—હાલમાં થોડાક વખતથી લગ્ન તથા મરણના પ્રસંગોએ થતાં ખર્ચોમાં ઘટાડો કરવામાં આવ્યો છે; છતાં હજુ ઘટાડો કરવાની ખાસ જરૂર છે. વળી બંધારણનાં ફરજીઆત ખર્ચો બંધ કરીને મરજીઆત રાખવામાં આવે તો બંધારણના સાધારણ સ્થિતિવાળા ભાઇઓ આ બોજામાંથી મુક્ત થાય.

કેળવણી:—બંધારણના મુખ્ય ગામ વેજલપુરમાં અંગ્રેજી નિશાળ નહીં હોવાથી અભ્યાસ કરવાની ઇચ્છા રાખનાર વિદ્યાર્થીઓને ગોધરા અથવા એવા નજીકના સ્થળે જવું પડે છે. વેજલપુરમાં નિશાળ અને તેના અંગે બોર્ડિંગ સ્થાપવામાં આવે તો આ બંધારણના ૫૦ થી ૬૦ વિદ્યાર્થીઓ લાભ લઇ શકે તેમ છે. પણ નિશાળ તથા બોર્ડિંગ ઉઘાડવા માટે સારા ભંડોળની જરૂર છે. આ માટે તો ગ્નાતિમાં કેળવણીની પ્રગતિ વધારવાને જે મંડળો જોખમદાર હોઇ શકે તે મંડળો ગ્નાતિનાં બધાં ગામડાઓને અનુકુળ થઇ પડે તેવાં, મધ્યસ્થળો નક્કી કરીને, જુદા જુદા એકડાઓના વિદ્યાર્થીઓને લાભ મળી શકે તેવાં છાત્રાલયો સ્થાપે, અને જે બંધારણના છોકરાઓ તેવી સંસ્થાઓનો લાભ લેતા હોય તે એકડાઓ

તરફથી બની શકતી પૈસાની મદદ મેળવીને, વ્યવસ્થિત યોજના ઘડવામાં આવેતોજ કેળવણીની વૃદ્ધિ થઇ શકે. મને જણાવવામાં આવ્યું છે કે આ બંધારણવાળા પૈસાની કેટલીક સગવડ તો કરી શકે તેમ છે, પણ ખુટતી રકમ પુરી નહીં કરી શકવાના લીધેજ કશું થઇ શકતું નથી. જો કે બંધારણના ઉત્સાહી યુવકોએ આ દિશામાં મહેનત કરી છે, કે તેઓની બંધારણ પ્રત્યેની સેવા હંમેશને માટે યાદ રહેશે; પરંતુ તેઓએ આટલેથીજ ન અટકી જતાં કેળવણીના ઉત્તેજન અર્થે દરેક જાતની ચળવળ ઉપાડી લેવી જોઇએ. અને અમુક ભંડોળ ભેગું કર્યા પછીથી નાણાંના અભાવેજ યોજના અટકી પડતી હશે તો ધારી શકાય છે કે કોમની અમુક વ્યક્તિઓ ખાનગીમાં મદદ કર્યા સિવાય રહી શકશે નહી; છતાંએ તેવું કદાચ ના બને તો કોમના કેળવણી મંડળને અપીલ કરવી, હિતાવહ થઇ પડશે.

આર્થિકઃ—બંધારણની સ્થિતિ સાધારણ રીતે સારી નહી હોવા છતાં ફરજીઆત નાતો કરવાનો બોજો બંધારણ ઉપર પડે તે ભાર રૂપજ ગણાય; જો કે પંચે કરેલા કેટલાક ઠરાવોથી રાહત મળી શકવાનું ધારી શકાય ખરૂં, પણ થએલા કે થતા ઠરાવો વ્યવહારૂ અને સખત રીતે પાળવામાં આવે તોજ વિશેષ લાભ થઇ શકે. વળી કેળવણીના ઉત્તેજન અર્થે બંધારણમાં જેઓની સ્થિતિ સારી ન હોય તેવાઓને લોન રૂપે રકમ આપવાનો ઠરાવ કરેલો છે; છતાં તેનો લાભ લેવાતો જોવામાં આવતો નથી કારણકે ખોટા મોભામાં ઘણાકો તણાતા આવતા હોવાનુંજ જણાય છે. વળી ઘણાઓનું વલણ પંચના પૈસા મદદ રૂપે લેવા તે ઠીક નહી, એમ હોવાનું પણ જણાય છે, પરંતુ આ માન્યતા તદ્દન ખોટીજ ગણાય. સ્થિતિ સારી ન હોય અને મોભો જાળવવો તે પોતાના આત્માને ઠગવા જેવું ગણાય. પંચના પૈસા તે તમારાજ છે અને તે પણ તમારે પાછા વાળવાનાજ છે, તો તેથી પ્રાપ્ત થતી મદદ નહી લેવી તે તો ઠીક નજ ગણાય. આનો અર્થ તો એજ થઇ શકે કે તમો પોતેજ તમારી જાતને આગળ વધારવાને ખુશી નથી; સ્થિતિ સુધારવામાં આગળ વધવું અને તેમ કરવાનો પ્રયત્ન કરવો એ સહેજ પણ લક્ષ બહાર કહાડવું જોઇતું નથી. ગયો સમય પાછો ફરીથી પ્રાપ્ત થતો નથી. ઉદ્યમી બનવું અને અને મહેનત સાચા માર્ગે વાળવી એજ આપણું કર્તવ્ય અને ધર્મ હોવો જોઇએ. તમો તમારો માર્ગ નક્કી કરશો તો જરૂર આગળ વધશો અને તેમ કરવું એજ આપણી ઉન્નતિનો સાચો માર્ગ છે.

વાકલ, ટંકારી અને કહાનમના વિશા ખડાયતા એકડાનું બંધારણ.

અનુક્રમ નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા.	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
			વાકલ—ચોખરૂ.	
૧	કરખડી	૧૩	શા. માણેકલાલ બાપુજીભાઇ	કરખડી તા. પાદરા સ્ટે.મોભા
૨	ચોકારી	૬	શા. નરોતમ વલ્લવભાઇ	વડોદરા પાદરા થઇને
૩	દુધવાડા	૬	શા. હરીલાલ જીવાભાઇ	,,
૪	કારેલી	૧૨	શા. પ્રાણજીવન ગોવીંદજી	કારેલી પો. જંબુસર
૫	તીથોર	૫	શા. કરસનદાસ માધવજી	,,
૬	કણઝર	૨	શા. મોતીદાસ ધરમચંદ	,,
૭	ગામેઠા	૬	શા. બહેચરદાસ નરોતમદાસ	,,
૮	રાલ	૧	શા. ઇશ્વરદાસ હીરજી	,,
૯	ચીતરાલ	૩	શા અમરતલાલ હરજીવન	,,
૧૦	મજાતણ	૨	શા. નરસીદાસ મોરાર	,,
			કહાનમ—ચોખરૂ.	
૧૧	સંભે		શા. નારણદાસ દામોદરદાસ	સ્ટે. પો. મીયાગામ કરજણ
૧૨	હાડોદ		શા. મોહનલાલ હરજીવન	,,
			શા. પરસોતમ કેશવલાલ	
૧૩	ઝણોર	૫	શા. ગીરધરદાસ હરજીવન	સ્ટે. પો. ચમારગામ ભરૂચ
			શા.પીતાંબરદાસનરોતમદાસ	
૧૪	સુડી	૨	શા. નાથાભાઇ ખુશાલદાસ	પો. વાગરા સ્ટે. ભરૂચ
			ટંકારી—ચોખરૂ.	
૧૫	ટંકારી	૨૫	શા. જવેરદાસ ગરબડદાસ	
			શા. મહીજી ધેલાભાઇ	સ્ટે. પાલેજ પો. ટંકારી
			શા. મોહનલાલ લલ્લુભાઇ	જંબુસર થઇને
			શા. બાપુજી મીઠાલાલ	,,
૧૬	ભડકોદરા	૨	શા.લલ્લુભાઇ પીતામ્બરદાસ	,,
૧૭	જંતરાલ	૩	શા. જમનાદાસ કાલીદાસ	,,
૧૮	વરદલુ	૨	શા. દામોદર જગજીવનભાઇ	,,
૧૯	સારદ	૧	શા. જમનાદાસ ધનજીભાઇ	સ્ટે.પાદરાથઇનેમોભા પો.જં.

ઉપર મુજબની વીગતથી આ બંધારણમાં ઉપર મુજબના ગામો અને આશરે કુલ ૧૨૫ ઘરો છે. આ બંધારણ વાકલ, ટંકારી અને કહાનમ ચોખરાના નામથી ઓળખાય છે અને તેમાં કરખડી, સંભોઇ અને ટંકારી એ ગામો મુખ્ય છે.

બંધારણના વહીવટની માહિતી.

આ બંધારણ પહેલાં નડીઆદના એકડામાં હતું પણ વાકલ, ટંકારી અને કહાનમના ગામવાળાઓને શહેરમાંથી કન્યાઓ નહીં મળવાથી આ ત્રણ ગામોએ પોતાનું જુદું બંધારણ બાંધી સંવત ૧૮૮૦ ની સાલમાં મૂળ બંધારણમાંથી આ બંધારણ જુદું પાડયું. આ બંધારણ ત્રણ વિભાગમાં વહેંચાએલું છે અને તે દરેકને ચોખરૂં કહેવામાં આવે છે. કાનમના ચોખરાનો વહીવટ શા. ગરબડદાસ કેવળદાસ, વાકલના ચોખરાનો વહીવટ શા. નરોત્તમદાસ વલ્લભદાસ, અને ટંકારીના ચોખરાનો વહીવટ સંભોઇના શેઠ દામોદરદાસ નારણજી હાલમાં કરે છે. બંધારણમાં પટલાઇ પેઢીગત ગણાય છે; પણ વધુ બોલનારો, જથ્થાવાળો, અને હોંશિઆર માણસ વહીવટ કરવામાં મુખ્ય ભાગ લઇ શકે છે. એકડામાં ગુન્હાનો ફેંસલો બધા એકડા થાય ત્યારેજ કરે છે. લગ્ન પ્રસંગે અથવા ઇષ્ટિ દેવના ઉત્સવના દિવસે બધાઓ એકડા થઇ શકે છે ખરા.

સામાજિક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછતઃ**—બંધારણમાં વર અને કન્યાની સંખ્યા સરખી જોવામાં આવે છે. વર અને કન્યાની ઉંમર વચ્ચે પાંચ વરસનું અંતર હોવું જોઇએ એવો પંચે ઠરાવ કરેલો છે, પણ તે પાળવામાં આવતો નથી. કન્યા વિક્રય કરવાનો પ્રતિબંધ છે, એટલે જો કોઇએ વિક્રય કર્યો છે એવું સાબીત થાય તો તેવાને સખત શિક્ષા કરતાં દંડ પણ લેવામાં આવે છે. વિક્રયનો આ રીતે પ્રતિબંધ હોવા છતાં એ સાટાં તેખડાં તો થાય છેજ. બંધારણમાં ભાણે ખપતી કન્યા લાવવાની છૂટ છે; પણ લાવનારને રૂા. ૧૦૦૧ દંડ તરીકે મુકાવે છે; અને કન્યા ભાણે ખપતી છે એવું સાબીત થાય એટલે ડીપોઝીટ તરીકે મુકેલી રકમ દંડ તરીકે લઈ લેવામાં આવે છે.

(૨) **પલ્લુઃ**—પલ્લું રૂપિઆ ૩૫૧ નું કરવાનો ઠરાવ છે. વિધવાઓનું આજીવિકાનું સાધન પલ્લા ઉપરાંત તેના સાસરીઆની સ્થિતિ ઉપર આધાર રાખે છે.

(૩) **જમણવાર**—લગ્ન પ્રસંગે, મરણ પ્રસંગે અને સીમંત પ્રસંગે એ નાતો ફરજીઆત કરવી પડે છે.

(૪) **કેળવણીઃ**—આ બંધારણ કેળવણીમાં બહુ પછાત દેખાય છે. ગુજરાતી કેળવણી માટે તો સાધન છે, પણ અંગ્રેજી કેળવણી માટે સાધન નહી હોવાથી તેમજ આર્થિક સ્થિતિ ઘણી સારી નહી હોવાથી બહારગામ અભ્યાસ કરવા માટે કોઇ જઇ શકતું નથી. બંધારણનાં ઘણાં ખરાં ગામોને પોતાનાં બાળકો બહાર મોકલવા માટે જંબુસર અને વડોદરા નજીક

હોવાથી અનુકુળ થઇ પડે તેમ છે. એટલે ત્યાંની સ્થાનિક બોર્ડિંગોમાં બંધારણના વિદ્યાર્થીઓ માટે ખાસ ગોઠવણ કરવામાં આવે તો ભણનારની સંખ્યામાં વધારો થઇ શકે ખરો. બંધારણ કેળવણીમાં ને ઉત્તેજન આપવામાં કારેલીના શેઠ પ્રાણજીવનદાસ ગોવિંદજી સારો ભાગ લે છે અને યથાશક્તિ મદદ પણ કરતા હોય તેમ જણાય છે. કેળવણીનું પ્રમાણ ગુજરાતી કેળવણી આશરે ૭૦ થી ૭૫ ટકા અને સ્ત્રી તથા અંગ્રેજી કેળવણી શૂન્ય છે.

(૫) રાજકિય:—હાલની રાજકિય ચળવળમાં આ બંધારણમાંથી કોઇ ભાગ લેતું હોય તેમ જણાતું નથી. પણ શા. ઝવેરદાસ મીઠાલાલ સેનીટરી બોર્ડના મેંબર છે; તેમજ શા. ઝવેરદાસ ગરબડદાસ તથા શા. મોહોલ્લાલ લલુદાસ સ્કુલ કમીટીના સભાસદ છે.

(૬) આર્થિક:—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ છે. બંધારણના મોટા ભાગનો આજીવિકાનો આધાર, ખેતી નેસ્તી અને કરીઆણાનો વેપાર મુખ્ય હોવાનું જોવામાં આવે છે. વળી શા. મઇજીભાઇ ઘેલાભાઇ તથા શા. ઝવેરદાસ ગરબડદાસનો દેશાવર જોડે વ્યાપાર હોવાનું જણાય છે. વાર્ષિક આવક માણસ દીઠ રૂ. ૧૦૦ થી ૧૫૦ આંકી શકાય અને ખર્ચ પણ તેટલોજ ગણી શકાય છે. બંધારણની આર્થિક સ્થિતિના સંબંધમાં એક ગૃહસ્થ જણાવે છે કેઃ—" બંધારણની આર્થિક સ્થિતિ બહુ સારી તેમજ બહુ નબળી પણ નથી. સાધારણ રીતે ખર્ચ જેટલું સર્વે પેદા કરીએ છીએ; વળી કોઇ પુણ્યશાળીને થોડો વધારો પડે; ઇશ્વર કૃપાએ વેપારમાં જે મળે તે ખરૂં. વેપાર કરતાં ધન કદાચ ન મળે, પણ ધાન્ય તો મળેજ અને તેથી ખર્ચ તો નીકળેજ. " ગામડાંઓની આર્થિક સ્થિતિ સમજવા માટે આ સહૃદય અને માર્મિક શબ્દો શું ઓછા સહૃદયભેદક જણાય છે ?

બંધારણના સંભાવિત ગૃહસ્થો.

શેઠ ગરબડદાસ કેવળદાસ ટંકારી.	શેઠ હરિલાલ જીવણદાસ કુંધવાડા.
,, ઝવેરદાસ ગરબડદાસ ટંકારી.	,, અમૃતલાલ હરજીવનદાસ ચિત્રાલ.
,, લલ્લુભાઇ ઓધવજી કારેલી.	,, કેશવલાલ પુરૂષોત્તમદાસ ઝણોર
,, પ્રાણજીવનદાસ ગોવદજી કારેલી.	(વગેરે)

સૂચનાઓ.

બંધારણનો વહીવટ—બંધારણનો વહીવટ પુરાણી ઢબથી ચલાવવામાં આવે છે. ગામવાર પ્રતિનિધિઓ નીમી, કમીટીના ધોરણે વહીવટ કરવામાં આવે તો જથ્થાવાળાઓ પોતાનું ધાર્યું કરતા અટકે અને નિષ્પક્ષપાતપણે ન્યાય મળવાની આશા રાખી શકાય.

સામાજિક અને સામાન્ય.

કન્યાની છત અછત—કન્યાની છત હોવા છતાં સાટાં તેખડાં કરવાં પડે છે તે બંધ થવાં જોઇએ. વર અને કન્યા વચ્ચે "અમારા વિચારે અંતર નાતસાહી ઠરાવથી નક્કી કરવું જોઇએ" અને ઠરાવનું ઉલ્લંઘન કરનારને સખત શિક્ષા કરવી જોઇએ. બહારથી ભાણે ખપતી કન્યા લાવનાર પાસેથી દંડ લેવાનો ઠરાવ વ્યવહારૂ રીતે યોગ્ય હોય તેવું અમો માનતા નથી. જેઓને બંધારણમાંથી મળી શકે નહી તેઓ બહારથી કન્યા લાવે તેમાં શો ગુન્હો છે તે અમો સમજી શકતા નથી ? અલબત ભાણે ખપતી લાવવામાં ગુન્હો ગણાતો હોય તો ખોટ કઇ રીતે પુરી થઇ શકે તેનો હવે પાકટ વિચાર કરીનેજ વર્તવું જોઇએ. અને સુધારાઓ ઘટતા કરી લેવા જોઇએ.

જમણવાર—લગ્ન, મરણ તેમજ સીમંત પ્રસંગે ફરજીઆત નાતો કરવી પડે છે, તે બંધ કરવી જોઇએ. હાલમાં બધી નાતો બંધ ન કરી શકાય તેમ હોયતો લગનની નાતો રાખીને મરણ પ્રસંગની નાતો તો બંધ કરવીજ જોઇએ. સીમંતની નાતો પણ હવે તો બધેજ બંધ થઇ જવા આવી છે તો તે બંધ કરવી જોઇએ. નાતો બંધ કરીને તેવી રકમનો વ્યય કેળવણીને ઉત્તેજન આપવામાં કરીએ તો પણ સારૂ ગણાય.

કેળવણી—બંધારણમાં કેળવણી બહુ પછાત હોવાથી સ્થિતિને લીધે બહારગામ અભ્યાસ કરવા ન જઇ શકતા હોય તેવા વિદ્યાર્થીઓને, નકામાં થતાં ખર્ચ બંધ કરીને ઉપર દર્શાવ્યા પ્રમાણે 'કેળવણી ફંડ' સ્થાપી તેમાંથી સ્કોલરશીપો આપી તેઓને ઉત્તેજન આપવું; તથા જે સ્થળે તેઓ અભ્યાસ કરવા જવાની ઇચ્છા રાખતા હોય ત્યાં આગળ રહેવાની તથા જમવાની વગેરે વ્યવસ્થા કરી આપ્યાથી કેળવણીને સારૂં ઉત્તેજન મળી શકશે.

આર્થિક—બંધારણની આર્થિક સ્થિતિ તરફ નજર કરતાં કેળવણીની વૃદ્ધિનો રસ્તો પ્રથમ લેવોજ જોઇએ. વળી જેઓ ધંધા નિમીત્તે બહાર દેશાવર જઇ શકે તેમ હોય તેમને જરૂર જણાય તો યોગ્ય મદદ કરીને બહાર દેશાવર જવામાં ઉત્તેજન આપવું જોઇએ. જ્યાં સુધી ધંધાનું ક્ષેત્ર વિશાળ કરવાથીજ તેમજ જુદા જુદા ધંધાઓમાં આવવાનું બની શકેથીજ સ્થિતિને સુધારો વહેલા થઇ શકશે.

યુવક મંડળ—બંધારણમાં યુવક મંડળની ખાસ આવશ્યકતા છે. એકડાના ઉત્સાહી યુવકોએ એકત્ર મળી મંડળ સ્થાપવું અને કેળવણીને ઉત્તેજન મળે તથા સામાજિક સ્થિતિ સુધારવાનું બની શકે તેવી ચળવળ ઉપાડી લેવી.

જનોડ એકડાના વિશાખડાયતાનું બંધારણ.

ગામની સંખ્યા	ગામનું નામ.	ઘરાણાં.	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	જનોડ	૧૧૦	શા. ચુનીલાલ લખમીચંદ ,, ગહેલજી ગીરધરદાસ ,, ભાઇચંદ રાયચંદ ,, શામલદાસ ઝવેરભાઇ ,, સોમાલાલ પાનાચંદ	પો. વાડાસીનોર
૨	વરધરા	૩૦	,, સોમાલાલ દયાળજી	પો. લુણાવાડા; સ્ટે. સેવાલીઆ
૩	કપડવણજ	૭૦	,, કેવળદાસ હરજીવનદાસ ખુશાલદાસ પરીખ જેઠાલાલ કોદરદાસ શા. શામલદાસ ગોવરધન-દાસ	કપડવણજ
૪	ડેસર	૩૦	,, ઓચ્છવલાલ દ્વારકાં-દાસ	પો. સાવલી; સ્ટે. ડેસરરોડ; (ડભોઇ ટીંબા રેલવે)
૫	ટીંબુ	૫	,, શામલદાસ હરગોવિંદ-દાસ	પો. સ્ટે. ટીંબા રોડ (ગોધરા
	કોંટડી	૭	,, નાથજી ગીરધરભાઇ	,,
	રતનપુર	૬	,, છગનલાલ કુબેરદાસ	,,
૬	વાંગરોલી	૨	,, મકનજી શંકરદાસ	પો. સ્ટે. ડાસરા
	જરગાલ	૪	,, ભૂરાભાઇ મોરારજી	,,
	બલાડા	૩	,, છોટાલાલ નરશીહદાસ	,,
	વાડદ	૪	,, રણછોડલાલ પીતામ્બ-રદાસ	,,
૭	લુણાવાડા	૨	,, જવેરભાઇ વલ્લવભાઇ	પો. લુણાવાડા (ગોધરા.)
૮	કડાણા	૫	,, નરશીંહદાસ હીરજી	પો. સુથરામપુર (ગોધરા)
૯	ખાનપુર (કડાણા)	૨૫	,, નાથજી હરજીવનદાસ	પો. લુણાવાડા
	રામપુર	૧	,, મનસુખભાઇ કુબેરભાઇ	પો. સુંથરામપુર
	કરજોદરા	૨૦	,, નાનચંદ શંભુભાઇ	પો. આંબાલયારા, સ્ટે. દહેગામ
૧૦	સેરા	૬	,, મોતીચંદ કીશોરભાઇ	પો. સેરા; સ્ટે. ગોધરા

૧૧	વીરપુર	૩	શા. લલ્લુદાસ ગોકળભાઇ	પો. વીરપુર. સ્ટે. સેવાલીઆ
૧૨	ઠાસરા.	૧	શા. સોમાભાઇ ભોગીલાલ	પો. ઠાસરા
૧૩	સાડંબા	૧	શા. કીશોરદાસ ખાતુદાસ	સાડંબા; વાયા તલોદ

ઉપરની વીગતમાં કાંટડી, રતનપુર, જરગાલ, બલાડા, વાડદ, રામપુર, કરજોદરા તે વીગતમાં જણાવ્યા પ્રમાણેનાં પેટાનાં ગામો ગણાય છે.

એકંદરે ઉપરની વીગતે બંધારણમાં કુલ ૨૦ ગામ અને ત્રણસો ચાલીસ લેણાંની વસ્તિ છે.

બંધારણના વહીવટ વિષેની માહિતી.

બંધારણનો વહીવટ કપડવણજ, ડેસર, વરધરી, જનોડ, ટીંબુ, કાંટડી, રતનપુર, વાંગરોલી, બલાડા અને જરગાલ એ ગામોના આગેવાનો મળીને ચલાવે છે. બંધારણનું મુખ્ય ગામ 'ડેસર' ગણાય છે. નાતના કામકાજનો વહીવટ ડેસરના શા. ઓચ્છવલાલ દ્વારકાંદાસ, શાહ રણછોડલાલ ગોરધનદાસ, શાહ અમૃતલાલ મુળજીભાઇ, શાહ અમૃતલાલ ગુલાબચંદ વગેરે કરે છે, પંચને એકઠા મલવાનો પ્રસંગ કોઇ ગુન્હાના પ્રસંગમાંજ તેઓ મળી શકે છે. બંધારણમાં સુધારાઓ કરવાના વિચારે કોઇ વખત મળી શકતા હોય તેવું જણાતું નથી.

સામાજીક અને સામાન્ય.

(૧) કન્યાની છત અછતઃ—બંધારણમાં સાધારણ રીતે કન્યાઓની છત ઠીક છે, પુરતી અછત નથી. વિક્રય અને સાટાં ત્રેખડાં કવચિત્ થાય છે ખરાં; જો કે વિક્રય કરનાર સમાજમાં હલકો પડી જાય છે તેથી તેની હયાતિ નષ્ટ થવાનું તો ગણી શકાય ખરૂં, પણ આવું જે થાય છે તે અછતને લઇને બહુજ જૂજ દાખલાઓમાં બને છે. કૂળવાન અને અકૂળવાનની માન્યતા પહેલાં માત્ર પ્રથા રૂપેજ મુખ્ય જોવામાં આવતી હતી; પણ તેમાં દિવસે દિવસે સારો સુધારો થતો આવે છે. અને જડ રૂપ બનેલી આ ભાવનાઓ ક્રમે ઘસાતી આવતી હોવાનું જોઇ શકાય છે. લગ્નની વય માટે વર અને કન્યા વચ્ચે ત્રણ વરસનો ફરક રાખવો જોઇએ એવો પંચે સં. ૧૯૭૫ ની સાલમાં ઠરાવ કરેલો છે.

(૨) પલ્લુઃ—પંચના ઠરાવ તરીકે પલ્લુ રૂા. ૨૭૫ નું પહેલાં રાખવામાં આવતું પણ તે રકમમાં ઉમેરો થવો જોઇએ તેવો સામાન્ય મત કેળવાયાથી હાલમાં તે વધીને રૂા. ચારસોથી છસો સુધીનું કરવામાં આવતું હોવાનું જણાય છે. વિધવાઓની આજીવિકાનો આધાર પલ્લાની રકમ અને તેનાં સાસરીઆંની સ્થિતિજ મુખ્ય હોવાનું જોઇ શકાય છે. સ્થિતિ સારી ના હોય તો આવાંઓ અંગ મહેનત કરીને નિર્વાહ પુરો કરે છે. હાલમાં ત્રીસ વર્ષની અંદરની આવી વિધવાઓ લગભગ ૧૦ નીકળી શકે.

(૩) જમણવારઃ—છોકરાના લગ્ન પ્રસંગમાં એક, છોકરીના લગ્ન પ્રસંગમાં બે, મરણના પ્રસંગમાં ઘરડાના મરણમાં ત્રણ, જુવાનનું મરણ હોય તો બે, સીમંતમાં એક એ રીતે ફરજીઆત નાતો કરવી પડે છે. એક નાતે લગભગ ત્રણસો રૂપીઆ ખરચના આવે છે.

(૪) કેળવણીઃ—કેળવણીની સ્થિતિ રજુ કરવા રૂપે આ બંધારણ બહુજ પછાત હોવાનું જણાય છે. 'ડેસર' અને 'કપડવણજ' બંધારણના મુખ્ય ગામો છે. કપડવણજમાં હાઇસ્કુલ છે જેમાં ત્યાંના સ્થાનિક રહેવાશીઓ લાભ મેળવવા તરફ આકર્ષાયા હોય તેવું જોઇ શકાય છે. ડેસરમાં ગુજરાતી સ્કુલ હોઇ અંગ્રેજી બીજા ધોરણ સુધી અભ્યાસ કરી શકવાની ત્યાં સગવડ છે. બંધારણનાં સઘળાં ગામવાળાઓને અભ્યાસ કરવામાં અનુકુળ થઇ પડે તેવું સ્થળ 'ગોધરા' છે. જ્યાં સરકારી હાઇસ્કુલ તથા બોર્ડીંગ છે. કેળવણીના ઉત્તેજનાર્થે કંઇ પણ બંધારણસર સારી સગવડ નહીં હોવાથી ઘણાકો કે જેઓની આર્થીક સ્થિતિ સારી નથી તેવાઓ કેળવણી લઇ શકતા નથી તેમજ બહાર ગામ પણ જઇ શકતા નથી. બંધારણનાં છુટાં છુટાં ગામડાઓ અને ત્યાંની વસ્તિ તરફ નજર નાંખતાં કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશીપો અને અન્ય જરૂર જણાતી મદદ કરવાનો બંધારણવાળાઓ પ્રબંધ કરી લે તો ગોધરા અને કપડવણજ નજીકના ગામડાવાળાઓને સેંટ્રલમાં હોવાથી કેળવણી વધી શકે ખરી. આ બંધારણની કેળવણી સંબંધી સ્થિતિ રજુ કરવામાં બંધારણના એક સારા ગૃહસ્થ હમોને વીગત પાર પાડે છે તે તેઓનાજ શબ્દોમાં વિગત રજુ કરીએ તો તેઓ જણાવે છે કેઃ—"દર વરસે સરેરાસ ચાર છોકરાઓ સ્થિતિ સારી નહીં હોવાથી અભ્યાસ મુકી દે છે. શીવાય તેઓ જણાવે છે કે–હમારો એકડો વિદ્યામાં ઘણો પછાત છે જ્યાં વિદ્યાની ખામી હોય

અને વળી વિદ્યા હોય પણ સ્વચ્છંદીપણું હોય ત્યાં કેવળ સ્વાર્થી જીવનજ નજરે જોવામાં આવે; અને એ સ્થિતિમાં અધમતા આવે [એ સ્વાભાવિક છે. પ્રભુ આ સ્થિતિ સુધારે" કેળવણીની હાલની સ્થિતિ, એકડાના કેટલાક સમજુ આગેવાનોની ધ્યાન ઉપર આવ્યાની માહીતી વગેરે આ વીગત સાથે લખાઇ આવી છે. અને બંધારણમાં કેળવણી ફંડને નામે એક ફંડની સં. ૧૯૭૩ ની સાલમાં સ્થાપના કરીને કપડવણજના શેઠ કેવળદાસ હરજીવનદાસે સારી રકમ ભરીને ફંડની શરૂઆત કરી છે પણ કહેવાને ખેદ થાય છે કે તે વધારે આગળ વધી શક્યું હોય કે તેને લગતી કોઇ વ્યવહારૂ યોજના થઇ હોય તેવું જોવામાં આવતું નથી.

(૫) રાજકિયઃ—આ પ્રવૃત્તિમાં આ બંધારણવાળાઓ વીશેષ રસ લેતા હોય તેવું જણાતું નથી. બંધારણનાં ઘણાંખરાં ગામડાઓ ગાયકવાડી રાજ્યના તાબે છે જ્યાં ગ્રામ્ય પંચાયતો, સહકારી મંડળો, મધ્યસ્થ પંચો વગેરેની યોજનાઓ છે. આ સઘળા જુદી જુદી પ્રવૃત્તિઓમાં રા. ઓચ્છવલાલ દ્વારકાંદાસ ડેસરના ગામે ગ્રામ્ય પંચાયતનના મેમ્બર તથા સહકારી મંડળીઓના ઓનરરી આર્ગેનાઇઝર તથા મધ્યસ્થ પંચના કાઉન્સીલરના અધિકાર પર છે ત્યારે ત્યાંજ રા. મગનલાલ દ્વારકાંદાસ સહકારી મંડળીઓના અધિકારીનો ઓદ્દો ભોગવે છે. રા. જેઠાલાલ કોદરદાસ પરીખ કપડવંજના આ બંધારણમાં એક ઉત્સાહી ગૃહસ્થ છે અને તેઓ જાહેર હિલચાલમાં સારો રસ લે છે.

(૬) સાહિત્યઃ—સાહિત્યના વિષયમાં કોઇ વિશેષ રસ લેતું હોય એવું આ બંધારણ માટે જણાતું નથી.

(૭) આર્થિકઃ—બંધારણની આર્થીક સ્થિતિ સાધારણ હોવાનુંજ જણાવી શકાય. વ્યાપાર ગામડાંઓ સાથેની ધીરધારનો મુખ્ય હોઇ કેળવણી નહી વધેલી હોવાના સબબે સહુ કોઇ સ્થાનિક ચાલતા આવતા ધંધામાંજ પડી રહે છે. આમ હોવા છતાંએ થોડાક ભાઇઓ કેટલોક સમય થયો મુંબઇ અને બીજે બહાર દેશાવરે ગયેલાઓ સ્થિતિમાં સારા હોવાનું જણાય છે, એકંદરે સ્થીતિ સાધારણ હોવાનું કહી શકાય; જેઓની વાર્ષિક આવક સરેરાસે સો સવાસો રૂપીઆજ આવતી હોવાનું કહી શકાય ત્યારે તેઓને પોતાનું ગુજરાન તેટલામાંજ પુરૂં કરી લેવું પડે છે. આ સ્થિતિમાં બહોળા કુટુંબવાળો, વ્યવહારના ખરચખુંટણમાં આવી જતાં મહા મુસ્કેલીએ વ્યવહાર પુરો કરતો હોવાનું જણાવી શકાય.

આ બંધારણના પ્રતિષ્ઠિત અને ઉત્સાહી ગૃહસ્થો.

શેઠ હરજીવનદાસ ખુશાલદાસ   સરાફી વેપાર   કપડવણજ
રા. જેઠાભાઇ કોદરભાઇ પરીખ. તે
મનસુખભાઇ હરજીવનદાસના નામે,   સરાફી વેપાર   કપડવણજ
રા. ઓચ્છવલાલ દ્વારકાંદાસ   જમીનદાર   ડેસર
રા. મગનલાલ દ્વારકાંદાસ   કડીપ્રાંત સહકારી મંડળના
ઓડીટર.   હાલ મ્હેસાણા
રા. અમૃતલાલ મુળજીભાઇ   વેપારી   ડેસર
રા. રણછોડલાલ ગોરધનદાસ   ,,   ,,
રા. ગોરધનદાસ વહાલદાસ   ,,   ,,
શેઠ ચુનીલાલ લખમીચંદભાઇ જનોડના મુંબઇના શેઠ
મુલજી હરિદાસની કું. ના હેડ મુનીમ.   મુંબઇ
રા. છોટાલાલ શામળદાસ શાહ ડેસરના ગુજરાતી સ્કુલના
હેડમાસ્તર મુ. સમોં. પો. ગોજારીઆ, વાયા ડાંગરવા
રા. ચુનીલાલ મુળજીભાઇ ઠા. ગાયવાડી, કાન્હેલ સ્ટ્રીટ ઘર
નં. ૧૦ પો. કાલકાદેવી   મુંબઇ
રા. છોટાલાલ મોતીચંદ વરધરીના, વેપાર
ઠા. જકરીઆ મસજીદ,   મુંબઇ

સૂચનાઓ.

વહીવટ સબંધીઃ—બંધારણનો વહિવટ જુની પદ્ધતિથી કરવામાં આવે છે જે કમીટીના ધોરણથી ચલાવવામાં આવે તો ખંતીલાઓને તેમાં ભાગ લેવાની તક મળે અને સુધારાના વિચારો દાખલ થતાં તેમાં સુધારો થઇ શકે. બીજી એક અગત્યની સૂચના પણ આ પ્રસંગે કરવી જોઇએ છે કે પંચે નાતના સુધારાના કામ માટે પ્રતિ વર્ષે એક વખત તો જરૂર મળવું જોઇએ.

કન્યાની છત અછતઃ—બંધારણમાં જે અછત જોવામાં આવે છે તે વર અને કન્યાના લાભમ ઉમ્મરનું છેટું વધારવાથી કેટલેક અંશે ઓછી થશે તેવું હમારૂં માનવું છે. હમારા મતે તો ઉમ્મરનો આ તફાવત નિદાન સાત વરસનો તો હોવોજ જોઇએ તેવો અભિપ્રાય હમો ધરાવીએ છીએ જ, છતાં એવું જે બંધારણો તુરત ના કરી શકતાં હોય તે

ઓએ પાંચ વરસનો વંહીવત સોંપવાનો ઠરાવ કોઇપણ ઢીલ વગર હવે કરી લેવોજ જોઇએ.

પલ્લુ:—પલ્લાની રકમમાં પંચનો ઠરાવ ફેરવવો હવે સહુને જરૂરનોજ જણાયો છે તો તે રકમ વધારી લેવીજ જોઇએ છે. ખરૂં તો આપણી વૈધવ્ય પ્રાપ્ત થતી બહેનો તરફ આપણી દયા ઉતરવીજ જોઇએ છે.

વિધવાશ્રમ:—અંધારણની વૈધવ્ય પ્રાપ્ત થએલી બહેનોના સંબંધમાં મળેલી વીગત ઉપર નજર કરીએ છીએ ત્યારે આવા આશ્રમની અગત્યતા સહેજ સમજાઇ આવે છે. કપડવણજ અને ડેસર વિ. માં જે ઉત્સાહી ભાઇઓ જાહેર હીલચાલમાં લાગ લેતા જણાય છે તેઓ આ સવાલની અગત્યતા વિચારશે તેવું હું ઇચ્છું છું.

જમણવાર:—આર્થીક સ્થિતિ નબળી હોવાનું જણાઇ આવે છે તે જોતાં જમણવારને લગતાં ફરજીઆત ખરચો કમી કરવાંજ જોઇએ. હું આ સંબંધમાં આ અંધારણના વિચારશીલ ગૃહસ્થોને પાછળ નડીઆદના અંધારણમાં લખાઇ ગયેલ રા. મોતીભાઇના શબ્દોની નોંધ તરફ નજર ફેંકવાને વિનવું છું. કે જેઓ આ સવાલની અગત્યતા સમજીને પણ આવાં ખરચો કમી કરે.

કેળવણી:—આ અંધારણની કેળવણી સંબંધી જે નિર્માલ્ય સ્થિતિ રજુ થઇ છે તે વિચારતાં અંધારણમાં કેળવણી વધારવાનો પ્રયાસ જરૂર કરવોજ જોઇએ. પાછળ વિગતમાં જણાવેલ હકિકત તરફ ધ્યાન આપીએ છીએ, તો પણ કેળવણી ફંડની થયેલી શરૂઆત અટકવાનું જણાઇ આવતું નથી. શરૂઆત થયેલી છે તો સઘળાઓએ મળીને તેને આગળ વધારવામાંજ શોભા છે. ફરજ પણ તેજ ખ્યાલ આપી શકે;—કે પ્રયાસ કરવોજ જોઇએ. ફરજ સમજનાર ભાઇઓ ધ્યાનમાં લેશે એજ કહેવું યોગ્ય છે.

સાહિત્ય:—વાંચનના ફેલાવા કે વધારા અર્થે આ અંધારણમાં કોઇ પણ યોગ્ય સગવડ હોય તેવું જોવામાં આવતું નથી. સરક્યુલેટીંગ લાઇબ્રેરીની યોજના અંધારણવાળા કરી લે તો લાભ લેનાર નીકળી શકે ખરા.

આર્થીક:—સ્થિતિ સુધરવાનું સૌ કોઇને માટે પોતાના ઉપરજ આધાર રાખી શકે તેવું કહેવું પણ ઘણી વખતે ખરૂં ઠરે છે. કેળવણી વધે સામાજીક રૂઢીને લઇને મોટાં થતાં ખર્ચો અટકે, નવા ધંધાઓમાં પડવાનું સૌ કોઇને મન થઇ આવે. દેશાવર જવાનો ઉત્સાહ વધે, અને એકંદરે માણસ ઉદ્યમિ અને ખંતિલો બની જાય તો સ્થિતિ આબાદ થવામાં વધારે વખત ખોવો પડે નહીંજ.

હલધરવાસ, ઘોડાસર અને મહેમદાવાદના વિશા ખડાયતાના એકડાનું બંધારણ.

(૧) મોટો એકડો દોઢસોને, કુલ્લ લાણાં ૩૦૦.

ગામની સંખ્યા.	ગામનું નામ.	લાણ.	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	ઘોડાસર	૭૬	મહેતા હરજીવન હરીભાઇ ,, ચુનીલાલ ઇશ્વરદાસ શા. મગનલાલ હરિભાઇ ,, મલુકચંદ નરોતમ ,, કાળીદાસ હરિભાઇ ,, મગનલાલ બાપુજી. ,, ગોકળદાસ ભોગીલાલ	વાયા, મહેમદાવાદ
૨	હલધરવાસ	૧૦૫	શા. ત્રીભોવનદાસ કાલીદાસ ,, વીઠલદાસ ભાયચંદભાઇ ,, ચુનીલાલ શીવલાલભાઇ ,, જેઠાલાલ કાલાદાસ ,, હીરાચંદ વ્રજલાલ ,, જેઠાલાલ છગનલાલ	
૩	મહેમદાવાદ	૩૪	શા. હીરાચંદ કસનદાસ ,, ઇશ્વરલાલ છગનલાલ ,, ડાહ્યાભાઇ પરસોતમ-દાસ ,, મગનલાલ પરસોતમ- ,, વીઠલદાસ જીભાઇ	મહેમદાવાદ; B. B
૪	માતર	૪	શા. ડાહ્યાભાઇ મગનલાલ	વાયા મહેમદાવાદ

[આ બંધારણ જોડે, કઠલાલ, ભાનેર, વિગેરે નવ ગામોના બેતાલીસના એકડાનું જોડાણ સંવત ૧૯૬૪ માં થયેલું છે. જે નીચે પ્રમાણે છે.]

"કઠલાલ ભાનેરનો એક ભાગ." આ બંધારણ સાથે.

ગામનો નંબર	ગામનું નામ.	લાણાં	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન
૧	કઠલા	૩૧	શા. રણછોડદાસ કાલીદાસ	સ્ટે. કઠલાલ
			,, હરજીવનદાસ નારણદાસ	
૨	ભાનેર	૨૮	,, હરજીવનદાસ કાલીદાસ	
			,, નંદલાલ જેઠાદાસ	
૩	રૂદણ	૪	,, દ્વારકાંદાસ મોરાલદાસ	
૪	સાસ્તાપુર	૯	,, ચુનીલાલ લલ્લુભાઇ	
૫	મહુધા	૨	,, દ્વારકાંદાસ હરિવલ્લવદાસ	
૬	મહીસા	૫	,, પુંજાલાલ ગીરધરદાસ	
૭	અલીણા	૧૦	,, હરિવલ્લવદાસ દીપચંદ	
		૮૯		

(૨) નાનો એકડો ૮૦ નો હાલ લાણાં ૧૧૫.

૧	થોડાસર	૩૫	શા. જગજીવનદાસ શીવલાલ	
			,, મલુકચંદ હરગોવાંદદાસ	
૨	હલધરવાસ	૪૪	,, મલુકચંદ મનોરદાસ	
૩	રવદાવત (પહાડ)	૨૬	,, મગનલાલ ગોપાલદાસ	
૪	સંદેસર	૮	,, મોતીલાલ જેઠાભાઇ	

ઉપર મુજબની વીગતથી આ બંધારણમાં ઉપર મુજબના ગામો અને પીઇજ, સરસવણી, સંદેસર, રદાવદ, દાવડા અને નડીયાદના પેટા ગામોએ આ બંધારણના વૈશ્યોની વસ્તિ આવેલી છે. આ આખા બંધારણમાં લગભગ ઘર ૪૦૦ અને ૪૨૫ લહાણાં છે.

બંધારણને લગતી માહિતી.

આ બંધારણ મુળ ૧૫૦ ઘરનું હતું પણ કઠલાલ ભાનેરના એકડામાં એ તડ પડવાથી 'બેતાલીસ' ને નામે ઓળખાતા તડવાળાઓ પોતાના બંધારણમાં સંકડાવાથી આ બંધારણ સાથે સંવત ૧૯૬૭ ની સાલથી જોડાયા છે. બંધારણનો વહીવટ ઘોડાસર, હળદરવાસ, કઠલાલ અને ભાનેરના આગેવાનો મુખ્યત્વે કરીને કરે છે. પંચના ઇન્સાફના કામમાં કમીટી ગામવાર પ્રતિનિધિત્વવાળી ચુંટાય છે. પંચ ભેગું થવાનું ખાસ કરીને વિવાહને લગતી કોઈ ખટપટ ઉભી થઈ હોય ત્યારે અથવા તો તેવાં બીજા કામો ભેગા થાય ત્યારે ત્રણ ચાર વર્ષે એકાદ વખત ભેગું થાય છે. ભેગું થવાનું સ્થાન ઘણું કરીને સરસવણી મુકરર કરવામાં આવે છે. વહીવટનુ ધોરણ ઉપર મુજબ કમીટીના ધોરણવાળું હોવા છતાં એ જથાવાળા તથા બહુ બોલનારા પટેલ ગણાય છે. મુખ્યત્વે કરીને હાલમાં વહીવટ શાહ હીરાચંદ કરસનદાસ, કાલુલાલ પુરૂષોતમદાસ, હરજીવનદાસ હરીભાઇ ઘોડાસરના તથા શાહ વિઠ્ઠલદાસ ભાઇચંદદાસ હળદરવાસના વીગેરે મળીને કરતા હોવાનું જણાય છે.

સામાજીક અને સામાન્ય.

(૧) **કન્યાની છત અછતઃ**—બંધારણમાં સાધારણ રીતે કન્યાઓની અછત ગણાય છે. વિક્રય કોઇ કરતું નથી છતાં અછતને લઇને ક્વચીત થાય છે. પણ સાટાં અને ત્રેખડાં કરવાનું તો જાણે રીવાજજ થઇ ગયો હોય તેવી સ્થિતિ અનુભવાય છે. બંધારણમાં કુળવાન અકુળવાનની માન્યતા હાલ તુરત વિશેષ જોવામાં આવતી નથી જો કે દશેક વર્ષ ઉપર આ માન્યતાની હયાતી ઠીક જોવામાં આવતી હતી; પણ હાલ તે સ્થિતિ બદલાઇ ગઇ છે. એટલે હાલ કુળવાન અકુળવાનપણા જેવું કંઇ રહ્યુંજ નથી. આ સંબંધમાં એક ભાઇ એવું લખે છે કે 'અછત એટલી બધી છે કે અંદર અંદર સમજીને સાટાં ગોઠવી રાખ્યા સીવાય સીધો વહેવાર ભાગ્યેજ થતો હોય' એટલે કુળવાન અકુળવાનની હયાતી અહિંઆં ઉપરની સ્થિતિ વચ્ચે નષ્ટ થયાનું જોઈ શકાય છે. લગ્નમાં વર અને કન્યા વચ્ચેનું ઉમ્મરનું અંતર ત્રણ વર્ષનું હોવું જોઇએ તેવો પંચથી ઠરાવ થયેલો છે. ભાણે ખપતી કન્યા લાવવાની બંધારણમાં છુટ છે પણ તે માટે પહેલાથી લાવનાર માણસે પંચને ખાત્રી કરી આપવી જોઇએ એવો ઠરાવ છે.

(૨) **પહેરામણીઃ**—પહેરામણી રૂ ૪૦૧, નો રિવાજ છે.

(૩) **જમણુવારઃ**—લગ્ન પ્રસંગે છોકરીના લગ્ન વખતે બે, છોકરાના લગ્ન પ્રસંગે એક, સીમંત વખતે બે તથા મરણના પ્રસંગમાં તેરમું એ રીતે જમણવારની નાતો ફરજીઆત કરવી પડે છે.

(૪) **કેળવણીઃ**—સામાન્ય રીતે ગુજરાતી કેળવણી લીધાઓનું પ્રમાણ ઠીક છે. બંધારણનો મોટો ભાગ ગામડાઓના વેપારમાં હોવાથી કેળવણી તરફ અભિરૂચી વધી હોય તેમ જોઇ શકાતું નથી. છોકરાઓને વહેલા કમાતા કરવાના લોભે પ્રાથમિક શિક્ષણથીજ માબાપો સંતોષ માને છે. મહેમદાવાદમાં પાંચમા ધોરણ સુધી અભ્યાસ ચાલે છે, જ્યારે આગળ જનારાઓને અમદાવાદ અને નડીયાદ અનુકુળ થઇ પડે છે પણ આર્થિક સ્થિતિ સારી નહિ હોવાના કારણે બહાર શહેરમાં જઇને ખર્ચ નિભાવવાનો સવાલ ઉકેલવા જેવો હોવાથી અભ્યાસમાં આગળ વધી શકાતું નથી. તો પણ બહાર જવામાં જેઓની સ્થિતિ ખર્ચ પહોંચી વળવા જેવી છે તેવાઓ હાલ થોડોક સમય થયાં બહાર નીકળતા થયા છે. આથી આશા રાખી શકાય છે કે ભવીષ્યમાં આ વેગ કંઇક વધી શકશે ખરો, કેળવણીના ઉત્તેજનાર્થે મહેમદાવાદમાં એક વિદ્યોત્તેજક ફંડ નડીઆદની પહેલી કોન્ફરન્સ પછી સ્થાપવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ ફી તથા પુસ્તકો આપવાનું કરવામાં આવતો હતો પણ હાલ તે બંધ છે. કેળવણીનું પ્રમાણ ગુજરાતી લગભગ ૮૦ ટકા, અંગ્રેજી ૫ ટકા અને સ્ત્રી કેળવણી ૨ ટકા આંકી શકાય.

(૫) **સાહિત્યઃ**—સાહિત્યની નજરે આ બંધારણમાં રસ લેતા કોઇ ગ્રહસ્થો જોવામાં આવતા નથી. પણ જ્ઞાતિના વિષયમાં મહેમદાવાદના શાહ વિઠ્ઠલદાસ જીભાઇ ઘીવાળા કેટલેક દરજ્જે ઠીક ઉત્સાહ ધરાવે છે, જેઓ સામાજીક વિષયોમાં પ્રસંગોપાત લખે છે ખરા. આ ગ્રહસ્થ જુના જમાનાના હોઇ દેશકાળને અનુસરતો ફેરફાર કરવો જોઇએ તેવા વિચારો ધરાવી બંધારણમાં તેવો સુધારો દાખલ થાય તેવો પ્રયત્ન કરે છે. સંવત ૧૯૭૫ ની સાલમાં તેઓએ આ સંબંધે યુવકોનું કર્તવ્ય એ નામનુ એક નાનુ પુસ્તક લખીને નાતમાં વહેંચ્યું હતું, તેમાં તેઓએ આગળ વધવાની કેટલીક માર્ગ દર્શક સૂચનાઓ જણાવી હતી. છેલ્લી ભરૂચની કોન્ફરન્સમાં જેઓ હાજર હતા તેઓને પરદેશ ગમનના ઠરાવના ટેકામાં તેઓએ રજુ કરેલા વીચારો ' સમજુ ઘરડાઓ પણ સમયને ઓળખીને સુધારો કરવા ચાહે છે ' તેવા વિચારો જાણવાની તક મળી હતી. સાહિત્યના આ ક્ષેત્રમાં સામાજીક ચર્ચાઓના અંગે પણ આવા ઘરડાઓ ઉત્સાહ ધરાવતા રહી કંઇને કંઇ જણાવતા રહે તો અલંકારિક અને બહારની ટાપટીપે વિભૂષીત દેખાતા લેખો અને

શબ્દો જે અસર નહી નીપજાવી શકે તે :આવા સાદા સહૃદય શબ્દો વધારે સારી અસર ઉપજાવી શકે છે તે સમજાવવાની ભાગ્યેજ જરૂર રહે.

આ સિવાય સાહિત્યના વિષયોમાં બંધારણ તરફથી અથવા તો અન્ય વ્યક્તિ તરફથી વિશેષ પ્રગતી થતી હોવાનું જણાતું નથી.

(૬) આર્થિકઃ—બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ જેવી છે. નેસ્તિનો અને ગામડાઓ સાથેની ધીરધારનો ધંધો મુખ્યત્વે હોવાથી હાલના વખતમાં તો નિર્વાહ પુરતુંજ મેળવી શકે છે, જેમાં કેટલાંક કુટુંબો તો નિર્વાહ પુરતી રોજી પણ મહા મહેનતે મેળવી શકતા હોવાનું જણાય છે. એકંદર રીતે બંધારણની આર્થિક સ્થિતિ સાધારણ હોવાનું કહી શકાશે.

આ બંધારણના કેળવાએલા અને ઉત્સાહી ભાઇઓ.

રા. દામોદર લલ્લુભાઇ વકીલ ઠે. રીચીરોડ, વેરાઇ પાડો અમદાવાદ.

રા. મલુકચંદ હરગોવીંદદાસ ઘોડાસરના હાલ ચોટનીસ નવસારી પ્રાંત સરસુબા કચેરી ઠા. અમદાવાદી પોળ, લેઉઆ શેરી, વડોદરા.

રા. ચુનીલાલ દ્વારકાંદાસ ફર્સ્ટ કલાસ મીકેનીકલ એન્જનિઅર, ધી નવાબ ઓફ કેમ્બે મીલ્સ કુા. લી. ના એનજીનિયર. ખંભાત.

રા. છગનલાલ પુરૂષોતમદાસ હેડ કલાર્ક એ. ઇ. ની ઓફીસ ઠેકાણું નૃસીંહજીની પોળ વડોદરા.

રા. માણેકલાલ હરજીવનદાસ. પોર્ટ ટ્રસ્ટમાં એકાઉન્ટન્ટ. મુંબઇ.

રા. જગજીવનદાસ કહાનદાસ ડોકટર નડીઆદ.

રા. પુરૂષોતમદાસ હીરાચંદ હળીવરવાસના 'એલ. સી. પી. એન્ડ એસ.' પ્રાઇવેટ પ્રેકટીસ, વડોદરા.

રા. કાળીદાસ હરિભાઇ ઘોડાસરના અવલ કારકુન વકતાપુર 'સાબરકાંઠા થાણું' મહીકાંઠા એજન્સી.

રા. ફુલચંદ હીરાચંદ હળીવરવાસના ધી ભરતખંડ ટેકસટાઇલ મીલમાં અમદાવાદ.

રા. અંબાલાલ ત્રીભોવનદાસ શાહ. સીતવાળા જરીવાળાને ત્યાં અમદાવાદ.

રા. કેશવલાલ હરજીવનદાસ શાહ C/o મેસર્સ સુરજી વલ્લભદાસ અને કું. મુંબઇની શાખા, ઓફીસ. અમદાવાદ.

રા. શંકરલાલ કાળીદાસ હરિભાઇ. કારકુન ડભોડા. એ. પી. રેલવે.

રા. શંકરલાલ હરગોવીંદદાસ. સ્ટેશન માસ્તર જગુદણ, R. M. R.

રા. મણીલાલ માણેકલાલ કડીવાલના મહીકાંઠાના પોલીસ સુપ્રીટેન્ડેન્ટની ઓફીસમાં. મુ. સાદરા.

રા. **મણીલાલ શંકરલાલ તાર માસ્તર મુ. આણુરોડ.**

રા. **ચતુરદાસ પરભુદાસ સ્કુલ માસ્તર. ટોસણ (મહીકાંઠા)**

રા. **અંબાલાલ હીરાચંદ મુ. હળધરવાસ.**

રા. મોતીલાલ વીઠ્ઠલદાસ ઘીવાળા મુ. મહેમદાવાદ.

રા. મણીલાલ દ્વારકાંદાસ રાયગઢ ' યુ. પી. ' ખાનગી નોકરી.

રા. શંકરલાલ પ્રેમચંદ અને મનસુખલાલ ભોગીલાલ ઘીના વેપારમાં
ઠે. ચાંપાનેરી ગેટ–વડોદરા.

સૂચનાઓ.

બંધારણના વહીવટ વિષેઃ—બંધારણનો વહીવટ કરવાનું ધોરણ જોકે ઠીક જણાય છે તો પણ પક્ષાપક્ષ થતો હોવાની વાત બહાર આવે છે; જો આમ હોયતો નાતમાં આ નિતિ શોભી શકેજ નહિ. આ સંબંધી બંધારણના આગેવાનો યોગ્ય વિચાર કરશેજ.

સામાજીક અને સામાન્યઃ—સ્થિતિ રજુ થઇ છે તે રીતે અછત ઘણી હોવાથી વિકટ અને સાટાં ત્રખડાં કરેજ છુટકો હોવાનું જણાય છે, પણ બદિ દૂર કરવાને હંમેશાં અડગ ધૈર્યતો સેવવુંજ પડે. વૈશ્ય જેવી ઉંચી કોટીમાં ખપતી આ કોમ વિક્રય કરે ન મળેથી બદલો કરે, એ અધમતા યાવત્ નરકમાં શું નહિ ઘસડી જતી હશે ? ચારિત્ર ઉંચું જો ઘડવું હોયતો યોગ્ય માર્ગ શોધી કહાડેજ છુટકો. વર અને કન્યાની ઉમ્મરનો તફાવત વધારવામાં આવે તો સ્થિતિમાં સુધારો થઇ શકે ખરો. છેવટે આ માર્ગ વ્યવહારૂ રીતે સરળ થાય નહીં ત્યાં સુધીમાં જરૂર જણાયતો ધૈર્ય રાખવાનો ગુણ કેળવાવો, તેને પોષવો, અને અધમ કૃત્યમાંથી બચવું એજ યોગ્ય માગ હોવાનું સહુએ સમજી લેવું જોઇએ.

ઉપરની વીગત રજુ કરવા સાથે બંધારણમાં જે અછત છે તે ' ભાણે ખપતી કન્યા લાવવાની છુટ ' નો ઠરાવ વ્યવહારૂ રીતે વિશેષ સરળતાથી અમલમાં મુકી શકાય તેવું બંધારણ વાળાઓએ વર્તવું જોઇએ. આ સંબંધમાં હમોને ખબર મળી છે તે રીતે ભાણે ખપતી કન્યા લાવનાર અંકાદ બે ભાઇઓને ખાનગી દ્વેષ ભાવને લીધે આવી કન્યાઓ લાવવાની યોગ્ય છુટ હોવા છતાં વિશેષ કનડગત્ કરવાને, બંધારણ વાળાઓ ચુકયા નથી. આપણામાં નાતનો વહીવટ કરવો એટલે ' ખોટો દાબ બેસાડવાનોજ ' મેડલ વાપરવા મળ્યાનો, પરવાનો સ્વર્ગમાંથીજ લઇને આવા શેઠીઆઓ જન્મેલા છે એવું કહી દઇએ તો આવા જોવા મળતા વિશેષ દાખલાઓ ઉપ-

તો કોઇપણ રીતે ખોટું ગણાસે નહીંજ; પણ આવું હંમેશા ત્યારેજ બને તોનો વહીવટ કરવાનું કામ પેઢીગત્ વારસદારોને કામ સોંપવામાં નું હોય છે ત્યારેજ, કેળવાયેલા કે અભણ, બધી સમાજો વચ્ચે પણ નિરંકુશ હોય છે ત્યાં, આવું ઘણી વખતે જોવાનું મળે છે. બંધારણ-ઓ પોતાની સ્થિતિ સમજી, તપાસીને વ્યવહારૂ માર્ગે પ્રયાણ કરશે તોજ રણની આબાદી થશે, નહી તો ગણાશે એવુંજ કે:-અન્ય હલકી કોમો આપણે સૌ સરખાજ. જોકે વૈશ્યો તરીકે કે કેળવણી પામેલા તરીકે ણે આપણામાં બુદ્ધિની પ્રાધાન્યતા ગણતા હોઇશું પણ જો તેને વ્યવ-ાાં મુકી શકતા ના હોઇએ તો અર્થ વગરના નકામાજ ગણી શકાય.

જમણવાર:—બંધારણમાં લગ્ન, મરણ તેમજ અન્ય પ્રસંગોએ ફરજી-ન્યાતો કરવી પડે છે તે બંધ થવી જોઇએ. સ્થિતિ ઉંચી ગણાતી . કેળવણી પણ ઓછી હોવાનું સ્વીકારાય છે, ત્યારે તો ફરજીયાત ો કમી કરીને કેળવણી વધે તેવો પ્રયાસ કરવામાં આવે તો કેવું સારૂં ?

ળવણી:—બંધારણ કેળવણીમાં પછાત હોવાના મુખ્ય કારણે સાધનનો .વ અને આર્થિક સ્થિતિ નબળી હોવાનું જણાઇ આવે છે. બહાર ગામ ાસ કરવા જતા વિદ્યાર્થીઓ માટે નડીયાદ અને અમદાવાદ નજીક . છે પણ આર્થિક સ્થિતિ સારી નહિ હોવાના કારણોએજ આવા રો રોકવા પડે છે. આ માટે તો છેક એકડાવાળાઓ પોતપોતીકી વિચારીને ફંડો એકઠાં કરીને ' પ્રાથમિક શિક્ષણ દરેકે દરેક, મફત શકે તેવી ગોઠવણ પાર પાડે તોજ કેળવણી વધી શકે. બંધારણના થો આવી કોઇ હીલચાલ કરશે તો, બંધારણની સ્થિતિ આબાદી ઉપર વાને વધારે વખત લાગશે નહિ.

સાહિત્ય:—સાહિત્યની દષ્ટિએ આ બંધારણ બહુ પછાત છે. નિબંધ ની પદ્ધતિથી સાહિત્યનો વિકાશ થાય તેવી પ્રવૃત્તિ કરવામાં આવે તો ભવિષ્યમાં લખનારાઓની અભિરૂચી વધે. અને પરિણામ કંઇ આશા આવી શકે ખરૂં, આ સિવાય બંધારણના છુટાં છુટાં ગામડાઓ કે લાઇબ્રેરી જેવું સાધન ના હોય ત્યાં તેવી સગવડ પણ પાર પડે તેવી ીજ કરવામાં આવશે તો વાંચનનો રસ પેદા થઇ શકશે.

આર્થિક:—સ્થિતિ મોટા ભાગે નબળી હોવાનું જણાય છે. કેળવણીનો રોજ, સ્થિતિમાં સારો ફેરફાર કરી શકશે. આમ બનવું તે બંધારણની એક વ્યક્તિ અને ખાસ કરીને એકડાના આગેવાનોની સારી સમજ અને દક્ષતા ઉપરજ અવલંબી રહ્યાનું ગણી શકાય.

નાંદોદ, ભરૂચ, અને સુરતના વિશા ખડાયતાના એકડાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા.	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	નાંદોદ	૬૧	મહેતા માધવભાઇ રાજારામ	નાંદોદ, વાયા અંકલેશ્વર
			,, ગીરધરદાસ મોરલીધરદાસ	
			દોસી ગરબડદાસ કાળીદાસ	
			ગાંધી માણેકલાલ ભગવાનદાસ	
			શા. મુળજીભાઇ કસનદાસ	
	ભરૂચ	૪૦	શેઠ ઇચ્છાલાલ ઇશ્વરદાસ ઘી વાળા	ઠા. હાજીખાના બજાર

(૧) સુરતી સાજન. લાણું ૪૫

			આગેવાન.	
૩	સુરત		શેઠ નાનુભાઇ ઘહેલાભાઇ	ઠા. રાણી તલાવ
			,, ચુનીલાલ જમનાદાસ માસ્તર	ઠા. સૈયદપુરા લેખડીઆશેરી
			,, ચુનીલાલ ઘહેલાભાઇ રેશમવાળા	,,
			,, ડાહ્યાભાઇ ગુલાબદાસ	ઠા. રાણી તલાવ
			,, વીઠલદાસ પ્રાણજીવનદાસ જામાવાળા	,,
			,, મોતીરામ કાસીદાસ	ઠા. સૈયદપુરા

(૨) અમદાવાદી સાજન, લાણું ૪૫.

			આગેવાન.	
			શેઠ મંછારામ માણેકલાલ	ઠા. સૈયદપુરા
			,, ચંદુલાલ દુર્લભદાસ વકીલ	,,
			,, મોતીરામ જેકીસનદાસ	ઠા. રાણી તલાવ
			,, છબીલદાસ રસીકદાસ	,,
			,, ઠાકોરદાસ મોતીરામ કાજી	,,
			,, ચુનીલાલ પ્રાણજીવનદાસ વેસ્માવાળા	ઠા. સૈયદપુરા, લેખડીઆશેરી

૪	ધળાં	૧૨	શા. છગનલાલ ઉત્તમરામ શા. દલપતરામ લલ્લુભાઇ ,, કહાનદાસ શીવલાલ	પો. કઠોર
૫	ઐાધાન	૧૫	૧ શા. કલ્યાણદાસ લક્ષ્મણદાસ કાપડીઆ ૨ શા. વીઠ્ઠલદાસ વંદ્રાવનદાસ ૩ શા. ઇચ્છારામ હરગોવિંદદાસ શા. ઝવેરદાસ બ્રિજલાલ	પો. કઠોર
૬	તડકેશ્વર	૮	મોદી છગનલાલ ગંગાદાસ	સ્ટે. કીમ
૭	માંડવી	૨	શા. મગનલાલ માણેકલાલ કાપડીઆ	પો. માંડવી
૮	સજોદ	૩	શા. સુરજરામ મુનસીરામ મુનસી	વાયા, અંકલેશ્વર
૯	માટીઆર	૧	શા. મોહનલાલ ધીરજરામ	,,
૧૦	સુરવાડા	૧	દિસાઇ હરગોવિંદભાઇ	વાયા મીઆગામ

એવી રીતે આ બંધારણમાં કુલ ૨૩૫ લાણાં અને ઉપરની વીગતે ગામોનો સમાવેશ થાય છે. ઉપર જણાવેલાં ગામો પૈકી ધડાં, ઐાધાન, અને તડકેશ્વર સુરતના પેટાનાં ગામો ગણાય છે, જ્યારે માંડવી, સજોદ, માટીઆર અને સુરવાડા ભરૂચના પેટાનાં ગામો ગણાય છે.

બંધારણને લગતી માહિતી.

આ આખું બંધારણ ઉપરના ગામો વચ્ચે વહેંચાઈ ગયેલું હોવાથી એક બંધારણ કહેવાય છે, પણ તેમ હોવાનું જણાતું નથી. ખરી રીતે તો આ બંધારણ (૧) નાંદોદ, ભરૂચ અને ભરૂચનાં પેટાનાં ગામો (૨) સુરત, સુરતી સાજન અને તેની સાથેનાં પેટાનાં ગામો (૩) સુરત અમદાવાદી સાજન અને તેની સાથેના વ્યવહારનાં નંદરબાર અને ખાનદેશનાં ગામો. એ રીતે ત્રણ વિભાગમાં વહેંચાયેલું ત્રણ બંધારણમાં હોવાનુંજ જણાવી શકાય.

ઉપરની વીગત ધ્યાનમાં રાખતાં નાંદોદ ભરૂચ, ૧૦૦ ઘરમાં સુરતી સાજન સુરતનું ૮૦ ઘરમાં, અમદાવાદી સાજન સુરતનું ૫૦ ઘરમાં એ રીતે જુદા જુદા જથાઓમાં વહેંચાયેલું હોવાનુંજ કહી શકીએ.

આ આખું બંધારણ ક્યારે બંધાયું છે, તેને લગતી વિશેષ વિગત મળતી નથી પણ સુરત તળને લગતી વીગત રજુ કરતાં સુરતી, અને અમદાવાદી એ બન્ને તડોનો વ્યવહાર એક બીજાથી જૂદો પડવામાં લગભગ સો એક વરસની વાત જૂની હોય તેવું લખાઇ આવ્યું છે. આ વ્યવહાર જૂદો પડવાનું કોઇ વ્યાજબી કારણ લખાઇ આવ્યું નથી તો પણ અનુમાન દોરી શકાય કે, કાંતો તે કન્યાઓ આપવા લેવાના વ્યવહારમાં સામ સામેનો સ્વાર્થ અથડાયો હોય તેથી; અથવા તો મત ભેદોના વૈમનસ્યથીજ તે સ્થીતિ ઉભી થઈ શકી હોય.

આ એક ગણાતા બંધારણ માંહેનો કન્યાઓ આપવાનો, અને વિશેષતઃ જુદા જુદા પ્રસંગોમાં ખાવા ખવરાવવાનો વ્યવહાર પોત પોતીકા બંધારણ પુરતો જૂદોજ ચાલે છે.

આ આખુ સમગ્ર બંધારણ વિચારોના એકમેકપણા માટે, તેની સુધારણા અર્થે; અથવા તો તે પ્રસંગની સંધિ મેળવી શકવાનું બની શકે તે હેતુ વડે, જમણવારનો પ્રસંગ ઉપસ્થીત થાય તે લક્ષ્યે બે પાંચ વર્ષે એક વખતે પણ મળી શકતો હોય તેવું જણાતું નથી. અને આ રીતે જો મળી શકાયું હોય તો લગભગ પચાસ વર્ષ ઉપરનોજ એક દાખલો આપી શકાય છે.

હાલની સ્થિતિ પ્રમાણે આ છુટાં છુટાં બંધારણો કન્યાઓ આપવા લેવાના ક્ષેત્રમાં ટુંકાં બનવાથી ઘણાં મર્યાદિત બનેલાં હોવાનું અનુભવાય છે. આ સ્થિતિ વીચારીને કેટલાક સમય ઉપર સુરતમાં સુરતી અને અમદાવાદી એ બન્ને સાજનાં ભેળવી લેવાના વિચાર ઉપર કેટલાક ભાઇઓ આવ્યા હતા, પણ તેવું બની શકયું નથી; છતાં સુરતની અમદાવાદી સાજનની વીગત જણાવનાર તો એવી કરૂણ સ્થિતિ જણાવે છે કે, હાલમાં અહીંઆં અંદર અંદરનો કલહ એટલો બધો વધી ગયેલો નજરે આવે છે કે, કદાચ નજીકમાં આશરે પચાસ ઘરનું આ બંધારણ છે તે પણ બે ભાગમાં વહેંચાઇ જાય ! આ આગાહી ખોટી પડે એજ હાલ તો હમો ઇચ્છીએ છીએ.

બંધારણુમાં નાતનો વહીવટ કરવા માટે મુકરર કરેલો શેઠ નથી. ખરૂં તો હાલની સ્થિતિમાં તો બંધારણુ જેવું કંઈ છેજ નહીં તેવું કહીશું તો પણુ ચોલી શકશે. કારણુ બંધારણુની હયાતિ સુધારા વધારા અને ઉન્નતિના વિચારો કરવા અર્થેજ ઘડાયેલી હોવી જોઇએ. પણુ જ્યાં પાંચ પચાસ વર્ષે પણુ મળી શકાતું ના હોય ત્યાં આ ભાવનાને સ્થાન હોવાનું માની શકાય નહીં. આવું હોવા છતાં એ જ્યારે જ્યારે પોત પોતીકા બંધારણુ પુરતા જમવા જમાડવાના વ્યવહારમાં અને તેવાંજ કામો માટે આવા ગૃહસ્થોને ભેગા થવાનું બને છે; ત્યારે નાતનાં તેવાં કામો સમગ્ર મળીને ઉકેલી લે છે. અને તેમાં જેઓનો મોભો અને પ્રતિષ્ટા નાતમાં સારી હોય છે તેવાઓ આવાં કામોમાં મુખ્ય ભાગ લે છે, બંધારણુના આગેવાનોના સબંધમાં કેટલીક પાછળ રજુ કરવામાં આવેલી વીગત હકીકત જાણુવામાં કામે લાગી જતી હોવાથી તેને લગતી જુદી નોંધ અહીંઆં આપી નથી.

સામાજીક સ્થિતિ.

(૧) **કન્યાઓની** છત અછતઃ—ઉપર જણુાવ્યા પ્રમાણે બંધારણુ એક છે, પણુ તેના વિભાગો ત્રણુ અને તે કરતાંએ વધારે છે. ખરૂં તો નાંદોદ. નાંદોદનું ફાડીલે, ભરૂચ અને તેની સાથેનાં ગામડાંઓ તેઓજ પોત પોતીકુ પતવી લે, સુરતની સ્થિતિ ઉપર વર્ણવી છે. નંદરબાર અને ખાનદેશવાળાઓનો સુરતના અમદાવાદી સાજના સાથે વ્યવહાર છે. જ્યારે સુરતના સુરતી ભાઇઓનો, સુરતની નજીકનાં ઘડા, બૌધાન, તડકેશ્વરના ગામો સાથે સબંધ છે: પણુ અત્યાર સુધીના દાખલાઓમાં ભાગ્યેજ એક કરતાં વધારે ગૃહસ્થે અને તે પણુ અપવાદને લઇને ગામડાઓમાં ઉતાર કર્યા સિવાય ગામડાઓમાં ઉતાર કર્યો હોય. એટલે, ગામડાંઓ ગામડાઓના વ્યવહારમાં, અને સુરત સુરતના વ્યવહારમાં, ભરૂચ ભરૂચ પુરતું અને નાંદોદ તેના ગામ માટેજ. આમ સહુ કોઇ પોત પોતીકો રસ્તો કરી લે છે. આ સ્થિતિમાં ટુંકા થઇ ગએલા જથાઓમાં અછત હોઇ શકે, એ સહજ ખાત્રી આપી શકે છે. સંકડામણુ હોય કે ના હોય; પણુ જ્યાં આગળ વધી શકવાનો માર્ગજ અન્ય ના જડે, ત્યાં પ્રાપ્ત સ્થિતિ ભોગવી લીધા શીવાય છુટકોજ રહ્યો નહિ.

હાલનાં આપણું અન્ય ઘણું ખરાં શહેરોમાં સુધારાના વિચારો આ-

ગળ લાવવામાં, તેને અનુસરવામાં સુરતે આગળ પહેલ કરી હોવાનું જોવામાં આવે છે, તે જોતાં સુરતે સુરતની નાત તરીકે તેમજ વૈશ્ણવ મહાજન તરીકે આ સવાલને યોગ્ય રીતે ચર્ચ્યો હોય તેવું જોઇ શકાતું નથી; જો કે આ આગળ પડતા વિચારોમાં દરેક વાણીયા કોમ એકત્ર થઇ શકે એ વિચારવું કુસમવતજ લાગે છે; પણ હમોને જાણીને વિશેષ ખેદતો એજ થાય છે કે, એક ખડાયતા કોમ તરીકે પણ પોતાને ત્યાં પડેલાં પેટા તડો એકત્ર કરવામાં તેમજ પોતાના બંધારણની સ્થિતિ વિશેષ સંક્રામણ રૂપ જણાય છે; અને હાલની સ્થિતિ ઉપર વિચાર કરવામાં આવે છે ત્યારે તો તેનુ ભવિષ્ય દુઃખરૂપજ જોઇ શકાય છે. ત્યારે સુરતીઓ પોતાના આ એકજ બંધારણમાં "કુપમુંડક" અવસ્થા કેમ ભોગવી રહ્યા છે તેની હમોને કાંઇ સમજણ પડતી નથી! પણ આ વિચારતાં તેઓનો દોષ કાઢી શકાય તેમ નથી- ખરૂં તો દોષ પ્રગતિના માર્ગે વીચરતાં, સુધારો કરવાના નામે પોતાની જાતને ઠગનારા, અને તે રીતે પોતાની આબરૂ એ આબરૂનો પણ સહજ ખ્યાલ નહીં ગણનારા સુધારકોનોજ દોષ હોવાનું હું સમજુ છું; આમ હોવા છતાંએ આ બંધારણના ગૃહસ્થો હાલની સ્થિતિનો વિચાર કરીને પોતાને યોગ્ય જણાતો માર્ગ ગ્રહણ કરવા તરફ આકર્પાશે તો આ સવાલનો થોડે ઘણે અંશે પણ વ્યવહારૂ માર્ગ તેઓ પોતાને હાથે કાઢી શકશેજ. બંધારણની એકંદર સ્થીતિ ધ્યાનમાં રાખતાં બંધારણમાં અછત જણાતાં સૂચના રૂપેજ આ સૂચન કર્યું છે.

બંધારણમાં સાટાં ત્રેખડાં અને વિક્રય થતો હોવાનું દેખાતું નથી. તે પણ અમુક તડને માટે વીગત લખી જણાવનાર જણાવે છે કે, છૂટું છવાયું આવું પણ બને છે.

(૨) **પહેલુઃ**—પહેલાની રકમ થોડા ઘણા ફેરફારે વીગત મળવા પ્રમાણે દરેક ગામોમાં જુદી જુદી છે; તો પણ સામાન્ય વિચારે તે લગભગ આઠસો થી હજાર બારસો સુધીનું કરવામાં આવે છે. જો કે સુરતના સુરતી સાજનને માટે રૂ. આઠસો પહેલાના અને રૂ. ૭૫) રીતના મળી રૂ. ૮૭૫) નું અને અમદાવાદી સાજનામાં રૂા. હજાર પહેલાના અને રૂા. બસો રીતના એમ રૂા. ૧૨૦૦) નું કરવું જોઇએ તેવો નાતનો રિવાજ હોવાનું જણાય છે. પણ હાલમાં તે રકમમાં ઘણા દાખલાઓમાં વધારો થયેલોજ અનુભવાય છે. જ્યારે ભરૂચમાં રૂા. નવસોનું કરવામાં આવે છે પણ વીગત લખાઇ આવવા પ્રમાણે તેમાં ઘટાડો કરવાનું ત્યાં વાળાઓ વિચારી રહ્યા છે.

અને તેનું કારણુ આર્થિક સ્થિતિ દિવસે દિવસે ઘસાતી આવતી હોવાનું જણાવવામાં આવે છે. પલ્લાની આ રકમ ઘણા મોટા ભાગે કન્યાના વાલીને હવાલે રોકડીજ પાર પાડવામાં આવે છે. કે જેનો ઉપયોગ દાગીનાઓ અને બાઇના નામ ઉપર રોકડ રકમ જમા મુકવા તરીકે કરવામાં આવે છે.

(૩) **લગ્નની વયઃ**—સામાન્ય વિચારે કન્યાની ઉમર ૧૩ થી ૧૪ અને વરની ઉમ્મર ૧૮ થી ૨૫ લેવામાં આવે છે. વર અને કન્યા વચ્ચે ઉમ્મરનું કેટલું છેટું રાખવું તેનો નાત સાહી કોઇ ઠરાવ નથી; પણુ બહુ કોઇ નિદાન પાંચ, સાત અને તેથી કરતાં એ વધારે તફાવત રાખે છે જ.

(૪) **કૂળવાન અકૂળવાન પણું**:—આ માન્યતા જડતા ધરાવી શકે, તેવા વિચારવાળી અહીંઆં સહજ પણુ જોવામાં આવતી નથી. સ્થિતિ અને આચાર વિચારને સ્થાન અપાતું હોવાનુંજ જોઇ શકાય છે.

(૫) **જ્ઞાતિને લગતા વરાઓઃ**—સુરતમાં લગ્નના પ્રસંગમાં એક, મરણુના પ્રસંગમાં નથી. ભરૂચમાં મરણુના પ્રસંગમાં તેરમાની એક, એ રીતે ફરજીયાત નાતો કરવી પડતી હોવાનું જણાય છે. ભરૂચમાં એક નાત પાછળ લગભગ ત્રણસો અને સુરતમાં નાત કરે તે સાથે બીજો વ્યવહાર હોવાના લીધે પાંચસોથી હજાર સુધીનો ખરચ થાય છે.

(૬) **રડવા કુટવાનો રિવાજઃ**—નાંદોદ, ભરૂચ, સુરતી અમદાવાદી સાજન, એ સઘળા વિભાગોની સ્થિતિ તપાસતાં આ દિશામાં સુરતના સુરતી સાજનાના કેટલાક ઉત્સાહી બંધુઓના પ્રયાસથી કેટલીક સામાજીક સુધારણા થઇ હોવાનું અનુભવી શકાય છે. અને આ સાજનામાં આ રિવાજ હવે નામનોજ અસ્તિત્વ ધરાવતો હોવાનું જોઇ શકાય છે: એટલે ખાસ કરીને, સુરત અને તેની સાથેના ગામડાઓના વ્યવહારમાં તો એવો સુધારો થયેલો જોઇ શકાય છે કે, જેમાં કાણુ મોંકાણે, જવા આવવાની પ્રથા કે લાગણી વાળા બનાવોમાં પણુ દીલાસા પત્રો એજ પુરતું સ્થાન લઇ લીધું છે. સુરતે આ દિશામાં કરેલો પ્રયત્ન પ્રશંસનીયજ ગણાશે. અને બીજે તેનું અનુકરણુ થશે તેવું આપણે ઇચ્છીશુંજ.

(૭) **આર્થીકઃ**—નાંદોદ અને ભરૂચના આપણા જ્ઞાતિલાઓની આર્થિક સ્થિતિ વિશેષ સારી જણાતી નથી. નાંદોદના તળ વતનીઓ, સ્થાનિક નાના નાના વ્યાપારમાં, અને સ્ટેટની નોકરીમાં છે. જ્યારે ભરૂચમાં એક ગૃહસ્થ ઘીના વ્યાપારમાં, એક વકીલાતમાં, ત્રણચાર જણાઓ ઘરની ખેતીના કામમાં અને બાકીનો ભાગ સ્થાનિક નાના નાના ધંધા ઉપર અને કેટલાક

ભાઇ નોકરીના કામકાજ ઉપર છે; વળી ભરૂચ નજીકનાં તેનાં પેટા ગામોને પણ તેવીજ મધ્યમ સ્થિતિમાં મૂકીશું; જ્યારે સુરતના બંન્ને સાજનાવાળાઓની આર્થીક સ્થિતિ મોટા ભાગે સારી હોવાનું જણાય છે. આપણી જ્ઞાતિમાં જાણીતા સદ્‌ગૃહસ્થ મુંબાઇના શેઠ ફીકાભાઇ હરિવલ્લભદાસ ટાઇપ ફાઉન્ડ-રીવાળા શેઠ. નાનુભાઇ, પણ અહીંના સુરતી સાજના માંહેનાજ ગ્રહસ્થ છે. આ સિવાય અહીંના ગૃહસ્થો પૈકી શેઠ. મોતીરામ જેકીશનદાસ મુંબઇ અને કલકત્તા. ચા અને મખમલનો વ્યાપાર, શેઠ. ડાહ્યાભાઇ ફીકાભાઇ રૂનો વ્યાપાર, શેઠ. ચુનીલાલ ઘેલાભાઇ રેશમનો વ્યાપાર, વગેરે ઘણાખરા ગૃહસ્થો. સ્થાનિક વ્યાપારમાં, રેશમ અને કસબના વણાટ કામના વગેરે ધંધામાં સારી સ્થિતિમાં છે. રા. ચંદુલાલ દુર્લભદાસ વકીલ, ઠાકોરદાસ મોતીરામ કાજી પણ અહીંઆં સારી સ્થિતિમાં હોઇ એકંદરે, સુરત આર્થીક સ્થિતિમાં મોટા ભાગે ઠીક સ્થીતિમાં હોવાનું જણાય છે. આમ હોવા છતાં એ આર્થીક સ્થિતિ બધાઓની સરખી છે તેમતો કહી શકાશે નહીંજ. અહીંઆં પણ નજર નાંખતાં મધ્યમ વર્ગની સંખ્યા થોડીક નીકળી શકે છે.

(૮) **કેળવણીઃ**—આ બંધારણ માટેની કેળવણીને લગતી સ્થિતિ વિચારતાં એક સામટું તારણ રજુ કરી શકાય તેમ નથી. એટલે નાંદોદ ભરૂચ, ગામડાઓ અને સુરતના સુરતી, અને અમદાવાદી બંન્ને વિભાગો એ રીતે દરેકની સ્થિતિ જૂદી જૂદી રજૂ કરી શકવા જેવું છે. આ સંબંધી નાંદોદમાં હાઇસ્કુલ અને ભણવાનું સાધન હોવા છતાંએ નાંદોદના દશાખડા-યતાઓને લગતિ પાછળ સ્થિતિ રજૂ કરી છે. તે કરતાં આ ભાઇઓની સ્થિતિ જૂદી પડે છે. એટલે ભણવા માટે સ્કુલોનું સાધન હોવા છતાંએ આર્થીક સ્થિતિ સારી નહીં હોવાના લીધે કેળવણી વધી શકેલી જોવામાં આવતી નથી. જ્યારે ભરૂચમાં પણ બીજી સ્કુલોની પુરતી સગવડો હોવા છતાં એ સ્થિતિ વિશેષ સારી જોવામાં આવતી નથી; એટલે ભરૂચમાં આપણાં ૪૦ ઘર હોવા છતાંએ, હાલની સ્થિતિમાંતો ફકત એકજ ગૃહસ્થ કેળ-વાયલા તરીકે બહાર આવેલા છે, અને દરેક બાજુથી કેળવણીની અગત્યતા સ્વીકારવામાં આવતી હોવા છતાંએ, હાલમાંતો એક પણ વિદ્યાર્થી કોલેજમાં નથી. જો કે ચાલુ સાલે ૨-૩ મેટ્રીકમાં છે; પણ આર્થીક સ્થિતિ સારી નહીં હોવાના સબબે આગળ જઇ શકે તેમ જણાતું નથી. ભરૂચને લગતી આ વિગત ત્યાંના એક સારા ગૃહસ્થથીજ મેં એ મેળવી લેતાં, તેઓ જણાવે છે કે હાલ જેઓ મેટ્રીકમાં છે તેઓ આગળ જઇ શકે તેવા હોવા છતાં

આગળ જવાની મદદ નહિં હશે તો તેઓને મુકી દેવું પડશે. કેળવણી વધવાના કારણમાં આર્થીક સ્થિતિ સારી નહિ હોવાથી; અને તે તિમાં સહુ કોઇને વ્યવહાર નીભાવી લેવો પડતો હોવાથી; અને કેટલેક ગે વ્યાપાર ગામડાઓનો હોવાથી તેવાઓને સ્કુલ મુકી દેવાની જરૂર છે. ભરૂચ સબંધી સ્ત્રી કેળવણીના સંબંધમાં નજર નાંખવી જોઇએ. ળ સાધનો હોવા છતાં અહીંનું સ્ત્રી કેળવણીને લગતું પ્રમાણ વિશેષ રૂ અને સુધરેલું હોવાનું જોવામાં આવતું નથી. હવે સુરતનાં અમદાવાદી ને સુરતી બંન્ને તડો (વિભાગો) ની સ્થિતિ તપાસતાં અમદાવાદી તડની યતિ ગુજરાતી કેળવણીમાં પુરૂષ ૪૦%, સ્ત્રી કેળવણી ૨૫%, અંગ્રેજી ષ ૩૦%, અને સ્ત્રી કેળવણી % હોવાનું પ્રમાણ નીકળી શકે છે. આ તિ નબળીજ ગણાય. વ્યવહારૂ રીતે કેળવણીની પ્રગતિ અર્થે બીજે જેમ વામાં આવે છે; તેમ ફંડ વગેરે થવું જોઇએ; પણ અહીંઆં તેવું કંઇ જ નહી; તો પણ એક ગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦) ની એક રકમ રા. ઇ ચંદુલાલ વકીલને ત્યાં લગભગ ૨૫ વર્ષ ઉપરથી કેળવણીના ઉત્તેજ- ર્થે મુકેલી છે: તેમાંથી તેઓ અમુક વિદ્યાર્થીઓને પુસ્તકો વિગેરેની દદ કરે છે. મને યાદ આવે છે કે આ સંબંધમાં વચમાં કેટલીક ચર્ચાએ ાન લીધું હતું. જ્ઞાતિ પ્રત્યેનો રા. ભાઇ ચંદુલાલનો ચાહ જોવોને તેવો વા છતાં; અને તેઓ ભાઇ આ બંધારણ માટે એક કેળવાયલા બંધુ રીકે તેમજ જ્ઞાતિના વહીવટ વીગેરેના કામમાં પણ આગેવાની ભર્યો ભાગ તા હોવાથી, આપણે ઇચ્છા રાખીશું કે ઉપસ્થિત થયેલી ચર્ચાનું રહસ્ય ચારીને કેળવણીને લગતા શરૂ થયેલા ફંડનો ઉત્કર્ષ વધે, તે મોટું થાય ને જ્ઞાતિની પુરતી હાજતો તે પાર પાડે, તેવું બનાવવાને પોતાની ફરજને વે જતી કરશે નહીં. હમો સુરતના આ તડના ગૃહસ્થો જે રીતે સુખી વા તરીકે જોઇએ છીએ. તે રીતે રા. ભાઇ ચંદુલાલ અને અન્ય બંધુઓ ળીને આ હીલ ચાલ “ કેળવણી ફંડ મોટું બનાવવાનું કાર્ય ” ઉપાડી શે તો તેઓ કોમનો સારો વિશ્વાસ મેળવી શકશે. અને જ્ઞાતિની ખરી જરૂરીયાત પાર પાડવામાં તેઓ તેની એક ઉમદા સેવા બજાવી શકશેજ.

ઉપરની વીગત રજુ કરવા સાથે સુરતના સુરતી સાજનાને લગતી ળવણી સંબંધી સ્થિતિ રજુ કરવાની રહે છે. સામાન્ય રીતે બીજે ેમ છે તેમ આ બંધારણની કેળવણી સંબંધી સ્થિતિ સારી નહોતી મજ ને સંબંધી પ્રગતિ કયારે થાત તે કહેવું પણ અનિશ્ચિત હતું. પણ ુંબઇના “શ્રી ખડાયતા સમાજ”ની પ્રગતિના વેગે નડિઆદમાં ભરાયેલા

પ્રથમ સંમેલને જ્ઞાતિમાંહે, આ દિશામાં કંઇક જૂદા જૂદા રસ્તે પણ સારો વેગ લીધો. અમદાવાદની સ્વ. ચીમનલાલ કપુરચંદ બોર્ડીંગ. મોડાસાની બોર્ડીંગ. જૂદે જૂદે સ્થળે સ્થપાયલાં યુવક મંડળો, પેટા સમાજો, અને કેળવણી ફંડો. અમુક અંશે પણ જ્ઞાતિમાં હયાતિમાં આવ્યાનું જોઇ શકાય છે તે આ પ્રગતિના મૂળ રૂપેજ માની શકાય. આ સ્થિતિમાં સુરતને માટે પણ કંઇક કરવું તેવો વેગ બે ચાર ઉત્સાહી ગૃહસ્થોમાં સ્ફુર્યો અને તેમણે તુરતજ તે કાર્ય સરૂ કર્યું* એટલે કોન્ફરન્સ સં. ૧૯૭૨ ના માગશીર મહિનામાં ભરાઇ અને સુરત પોતાને માટે કેલવણી ફંડની જરૂરીયાત જણાયાથી તેણે તેજ વરષમાં એ ફંડની સ્થાપના કરી અને "શ્રી સુરતી વીશા ખડાયતા વિદ્યોત્તેજક ફંડ" ને નામે એક ફંડ આ શુભ સરૂઆતથીજ હયાતિમાં આવ્યું.

૨ા. શેઠ નાનુંભાઇ ઘહેલાભાઇ.

આ ફંડને લગતા સને ૧૯૧૬ પછીના સઘળા રિપોર્ટો હમારી ધ્યાન ઉપર આવેલા છે. આ સઘળા જોઇ જતાં, કહેવાને હર્ષ થાય છે કે આ હીલચાલ અને ફંડના નેતા જ્ઞાતિના એક જાણીતા સદ્‌ગૃહસ્થ ૨ા. નાનુભાઇ ઘહેલાભાઇ " શેઠ કીકાભાઇ હરિવલ્લભદાસ અને સન્સના " નામની મુંબઇની ટાઇપ ફાઉન્ડરીના માલીકની મહેનતનુંજ ફળ હતું. તેઓ ભાઇ જ્ઞાત્તિમાં એક મોભાદાર, જ્ઞાત્તિ હિત માટેની સંપૂર્ણ લાગણી ધરાવનાર, ઉચ્ચ ચારિત્રવાન, અને સ્વ. ત્રીકમલાલના એક જમણા હાથ હોઇ, મુંબઇની શ્રી ખડાયતા સમાજ અને તેના અંગની જુદિજુદિ પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ હિત લેનાર અને તેનાં કાર્યોની પ્રગતિ ઇચ્છનાર હોઇ તેઓએ આ ફંડને પોતાનો યત્‌ ફાળો આપીને શરૂ કર્યું. અને સુરતના ભાઇઓએ પણ તે ફંડના મુખી (પ્રમુખ) તેમનેજ બનાવી લઇને ફંડ જીવંત રહે તેવો સહી સિક્કો કરાવી લીધો. હાલ આ ફંડ ફક્ત ૭ સાત હજારની રકમ પુરતુંજ નાનુ છે; પણ તેઓ જણાવે છે કે અહીંની સુરતની વસ્તિ જોતાં અને કેળવણીને ઉત્તેજન આપવાના સંબંધમાં હમોએ કરી લીધેલા પ્રબંધથી હવે તેને મોટું કરવાની હમોને વિશેષ જરૂર જણાતી નથી. સુરતનું આ ફંડ સ. ૧૯૧૬ થી શરૂ કવામાં આવેલું છે, ત્યારથી આફંડ દ્વારાએ જૂદેજૂદે શીખતા દરેક વિદ્યાર્થીઓ, પછી તે ગરીબ હોય કે તવંગર સહુ કોઇને ગરીબ કે તવંગરનો ભેદ નહીં જણાઇ આવે તે રીતે સ્કુલ ફી, અને પુસ્તકોની મદદ કરવામાં આવે છે. આ ફંડને લગતી એક વ્યવસ્થિત કમીટી

---

*જુઓ " શ્રી સુરત વીશા ખડાયતા વિદ્યોત્તેજક ફંડ " નો પ્રથમ રિપોર્ટ.

નિમવામાં આવેલી છે, અને સઘળી રકમ સારી જામીનગીરીમાં સરકારી લોનો વીગેરેમાં રોકવામાં આવેલી છે. આ ફંડને લગતો સઘળો વહીવટ કમીટી દ્વારાએ શેઠ. નાનુભાઇ કરે છે; જ્યારે તેના સેક્રેટરી તરીકેનું કામ ભાઈ, ચુનીલાલ જમનાદાસ માસ્તર કરે છે. જેઓ ભાઇ આ કામ, સેવા ભાવથી જ વ્યવસ્થિત કરે છે. મજકુર ફંડ સ્થાઇ રહી શકે તે માટે તેમણે સીમંતની નાત બંધ કરીને તેવી દરેક નાતે રૂા. ૨૫) લગ્ન પ્રસંગે કન્યાવાળા પાસેથી રૂા. ૨૫) તથા તેવા દાખલામાં બહારના એકડા વાળાથી રૂા. ૫૧) એ રીતે લાગાઓ ઠરાવ્યા ઉપરાંત, વાર્ષીક મેમ્બરો કરીને તે દ્વારાએ ચાલુ ઉત્પન્ન અને ખાસ કરીને તો જુદા જુદા પ્રસંગો નિમિત્તની ખુશીની ભેટો મેળવીને આ ફંડની જરૂરીઆતમાં કેટલોક ઉમેરો કર્યો છે. આ સિવાય કેટલાએક દાખલાઓમાં તો આ સંસ્થાનું કાર્ય કરનારાઓ સંસ્થાને તેઓના પેટનુંજ સંતાન છે તેમ ગણીને, તેને ઉછેરવામાં અને તેની વૃદ્ધિમાં જ્યારે જ્યારે મદદની જરૂર જણાઇ આવે છે; ત્યારે આ ફંડના પ્રમુખ રા. નાનુભાઇ તેવી રકમ કહાડી આપીને કોમ તરફના તેઓના સાચા ચાહનો પુરાવો પાર પાડે છે. આ રીતે આ બંધારણની કેળવણી સંબંધેની સ્થિતિ જુદી જુદી રજુ થાય છે. સુરતના આ સાજનાની કેળવણી સબંધી સ્થિતિ આ પ્રવૃત્તિથી વિશેષ આશામાં મુકાય છે. તેટલું કહેવું સારૂં હોવાનું હું માનું છું. અલબત આ લખતાં સુરત પોતે તેની સ્થિતિ સુધારી શકશે, પણ મારી દૃષ્ટિ તો આખી કોમ તરફજ છે, એટલે આ સ્થિતિ વીચારતાં તો જ્યાં ત્યાં સાધારણ પ્રવૃત્તિ સિવાય વિશેષ કંઈ હોય તેવું જોઇ શકાતું નથી. આમ હોવા છતાંએ મારો પ્રાધાન્ય વિચાર તો એજ આપી શકું છું કે, દરેક એકડાઓ પોતે સ્વયમ્ પોતાનુંજ સંયુક્ત બળ એકઠું કરીને અથવા તો તેવા એકડાઓમાંથી જે જે વ્યક્તિઓ આવાં કામો ઉપાડી શકે તેમ છે; તેવો વ્યક્તિગત્ સંઘ મેળવવાનો પ્રયત્ન કરીને, પ્રત્યેક એકડાવાળાઓ પોતે પહોંચી વળે ત્યાં સુધી પોતાની સ્થિતિની સુધારણા માટે પોતેજ ઉપાયો યોજી લે તેજ સારૂ છે. એટલે આ રીતે જે કાર્ય થશે તે ઘણુંજ સંગીન થઇ શકશે, પણ આ પ્રશ્ન વિચારતાં જે જે બંધારણો પોતાની આર્થિક સ્થિતિ નબળી ધરાવે છે. તેમને બીજા ભાઇઓની મદદ મેળવવી રહેશે; પણ કોમે આ પ્રશ્નની મહત્વતા સમજી લીધી હશે તો જરૂર પોતાના બંધુ તરીકે રહેલા, બીજા ભાગના ભાઇઓને તે મદદ કર્યા સિવાય રહેશે નહીંજ.

મારા આ ઉલ્લેખનું રહસ્ય વિચારી લેવું, સહુ સહુની માન્યતા ઉપ-

રજ છોડું છું. છતાં મારે સુરત અને ત્યાંના આ સુરતી સાજનાના કેળવણી ફંડના સંબંધે વ્યવહારૂ ઉદ્‌ગાર કહાડવા જોઇએ; તે એજ છે કે, સુરતના આ સાજના માંહેના, રા. નાનુભાઇએ–પોતાની કોમ પ્રત્યેની ભલી લાગણીથી કોમનો વિશેષ ચાહ મેળવ્યો છે, અને તેઓની લાગણીના સંબંધમાં સુરત તો ઠીક છે; પણ આખી કોમ તેઓને જાણે છે તે સહુ તેમની ભલાઇની સારી પ્રશંસા અને વાહ વાહ કહે છે, ખરેખર "મુંબઇની શ્રી ખડાયતા સમાજ" આવા આવા કોમના હીતમાં જીગરની લાગણી ધરાવનારા ગૃહસ્થોને શોધી કહાડવામાં તેણે સાધકપણું બતાવ્યું છે. બીજી રીતે વિશુદ્ધ ચારિત્રયવાળાઓને પોતાના કરી લેવામાં પણ તેને જીત મેળવી છે. મુંબઇની સમાજને નામે જાહેર કરવામાં આવતો આ ઉલ્લેખ, સામાન્ય વિચારે એક તેના પ્રત્યેની ખરી લાગણીનો પડઘોજ છે, તો પણ એક સંસ્થા તરીકે તેણે કરેલા કાર્યોનો યશ ગાવો તે તેણે કરેલાં અનેક કાર્યોને પાછળ પાડવા જેવુંજ ગણાય; પણ મને જોવા અને જાણવાને મળ્યું છે તે રીતે, આ સમાજ જો તેની કોઇ રીતે પણ પ્રતિષ્ઠા મેળવી શકે છે તો તે એજ છે કે કોમનું આ કાર્ય કરનાર તેના સાચા સેવકોનું વલણ, દરેક જ્ઞાતિ બન્ધુ પછી તે નાનો હોય કે મોટો, સહુ કોઇના પણ તેઓ નોકર છે, દાસ છે. આ સેવા ભાવ હૃદયમાં રાખીનેજ તેણે અત્યાર સુધીમાં કોમનું જે બની શક્યું તે કાર્ય કર્યું છે; અને હવે પછીથી તેજ લક્ષ્યને સહજ પણ ખસવા દીધા સીવાય કોમની સેવા ઉઠાવવાને તે તૈયાર હોવાનો નમ્ર અભિપ્રાય સાદર વ્યક્ત કરે છે. પ્રભુ સેવાભાવને અધિક વિકસાવો એજ તેના પ્રત્યેની પ્રાર્થના છે.

આ રીતે આ બંધારણોના જૂદા જૂદા સ્થળોની કેળવણી સબંધીની સ્થિતિ જૂદિ જૂદિ હોવાનું અનુભવમાં આવ્યું છે. એકંદરે સ્થીતિ બધે સરખી નથી. વિશેષ પ્રયત્નની જરૂર જણાઇ આવે છે ખરી.

(૯) **સાહિત્યઃ**—સાહિત્યના વિષયમાં આ બંધારણ પૈકીથી કોઇ ગૃહસ્થ લખી શકતા હોય તેવું જણાયું નથી. આમ હોવા છતાંએ ભરૂચના રા. છગનલાલ પીતામ્બરદાસ વકીલે પોતાના ધંધાની નજરે કાયદાનાં બે પુસ્તકો "(i) Student's Hand Book Land Teachers (ii) Law relating to wills, probate etc. etc." પ્રસિદ્ધ કરેલાં છે અને જોવા મળ્યું છે તે રીતે આ ભાઈ સાહિત્ય અને સામાજીક વિષયમાં લખવાને મન નાંખે તો ઘણું સારૂ લખી શકે તેમ છે. હું નજર નાંખી રહ્યો છું કે આવા ગૃહસ્થો કોમને સેવા સોંપવાનો વિચાર કરશે, ત્યારે કોમ તેવાઓની સેવા માટે મગરૂરી લેતી થશે. અને આપણે પણ આગળ વધી શકીશું.

બંધારણના પ્રતિષ્ઠત કેળવાયેલા અને ઉત્સાહી ગૃહસ્થો.

નાનુભાઇ ધહેલાભાઇ ટાઇપ ફાઉન્ડરીવાળા. ઠા. રાણીતલાવ, સુરત.

ચંદુલાલ દુર્લભદાસ શેઠ. બી. એ. એલ.એલ. બી. વકીલ ઠા. સૈયદપુરા, સુરત.

ઠાકોરદાસ મોતીરામ કાજી, બી. એ. એલ. સી. ઇ. લેંડ એકવીઝીશન અમલદાર અમદાવાદ.

ડાહ્યાભાઇ કીકીભાઇ રૂનો વ્યપાર, "જીન મરોલી" ઠા. સૈયદપુરા ભગવાન નાયકની શેરી, સુરત

વીઠ્ઠલદાસ પ્રાણજીવણદાસ. કરીઆણાના વ્યાપારી ઠા. રાણીતલાવ, સુરત.

મોતીરામ જેકીશનદાસ મખમલના વ્યાપારી ઠા. મુ. જે મારકીટ પાસે, મુંબાઇ. અને કલકત્તા હા. શેઠ જમીલરામ.

હીરાલાલ રંગીલદાસ ઠા. સૈયદપુરા, સાવકશેરી.

ગોરધનદાસ ફકિરભાઇ અને બધર્સ હા. ઠાકોરદાસ સુરતી સીલ્ક બનાવનારા સુરત સૈયદપુરા. અને જે. જે. હૉસ્પીટલ, મુંબઇ.

બીખાભાઇ ડાહ્યાભાઇ ઝવેરી. વીલેપારલે, મુંબઇ.

છગનલાલ ગંગાદાસ. ટેલીગ્રાફ ઇન્સપેકટર, આબુ.

મગનલાલ નરોતમદાસ. સબ સ્ટેશન માસ્તર, ડાકોર.

હીરાલાલ મોતીલાલ. તાતા આયર્ન સ્ટીલ કું. શેર ડોપાર્ટમેન્ટ, ફોર્ટ. મુંબઇ

વેણીલાલ નરોતમદાસ પટવા C/o. ફોરબસ, ફોરબસ કેમ્બેલ કું. હબીબબ્રીટ ફોર્ટ, મુંબઇ.

છગનલાલ પીતામ્બરદાસ શાહ વકીલ. ઠા. હાજીખાના બજાર, ભરૂચ. "ચોથી ખડાયતા કૉન્ફરન્સના સ્વાગત મંડળના સેક્રેટરી"

સુરજલાલ માણેકલાલ. હેડ એકાઉન્ટન્ટ. હાજીખાના બજાર, ભરૂચ.

મોહનલાલ ગીરધરલાલ મડીવાળા. મ્યુનિસિપલ કાઉન્સીલર, ભરૂચ.

ગણપતરામ પીતામ્બરદાસ. કલેકટર ઓફીસમાં, મુ. ભરૂચ

અમૃતલાલ કોરપારામ તલાટી મુ. પાનોલ તા. અંકલેશ્વર

સાકરલાલ અમરતલાલ પોસ્ટલ કલાર્ક ઠા. હાજીખાના બજાર ભરૂચ

વ્યાપારીઓ.

સુરજલાલ મુનસીલાલ જમીનનો વ્યાપાર,		ભરૂચ.
હીરાલાલ મુનસીલાલ	,,	,,
અમૃતલાલ કીરપારામ, લાકડાંનો વ્યાપાર,		,,
શા. મીઠાલાલ નંદલાલ ઠા. તુમડો ખડકી, ભોઇવાડા		,,

સુરત.

રેશમ તાર કસબ વીગેરે.

શા. ચુનીલાલ ધહેલાભાઇ. રેશમ, સૈયદપુરા ઠા. વાવશેરી
શા. કાસીદાસ ત્રીભોવનદાસ ગજીનો વ્યાપાર, ઠા. બેગમપુરા
શા. ઠાકોરદાસ ફકિરભાઇ. ઠા. સૈયદપુરા, લેખડીઆશેરી
શા. મંછારામ માણેકલાલ, અસારાનો વ્યાપાર ,,
શા. ગુલાબદાસ મંછારામ મોતીરામ રેશમી કાપડ, ,,
લલ્લુભાઇ કસનદાસ ઠા. બેગમપુરા, મુંબઇ.
દામોદરદાસ વિજભૂખણદાસ. સૈયદપુરા, ભગવાન નાયકની શેરી.

સૂચનાઓ.

બંધારણઃ—નાદિદ. ભરૂચ, ગામડાઓ અને સુરત એકજ બંધારણતું હોવા છતાંએ અત્યારે ખરી રીતે તેમ હોવાનું જણાતું નથી, અને જૂદા બંધારણવાળાઓને એકત્ર મળવાનો કોઇ પ્રસંગ ઘણા લાંબા સુધી બનેલો નહિં હોવાથી, પરસ્પરની મૈત્રિય ગાઢ થવાનો હેતુ રીતે પણ આ બંધારણના જૂદા જૂદા ગામડાવાળા ભાઇઓ, કોઇ પ્રસંગ ઉભો કરીને એકત્ર મળી શકશે અને હીતાવહ ચર્ચા સંબંધે ગ્ય રોની આપલે કરશે તો, તેઓના માટે આ રીતે મળવું વિશેષ લાભદાયક પડશે.

સામાજિક.

કન્યાઓની છત અછતઃ—સ્થિતિ રજૂ કરી બે ત્યાંજ થોડુંક । કર્યું છે. રજુ કરેલી આ સૂચનાઓ તરફ બંધારણવાળાઓનું રપૂર્વક ધ્યાન ખેંચાશે તેવું હું ઇચ્છું છું.

આર્થીકઃ—આર્થીક સ્થિતિ મોટા ભાગની સારી જણાતી નથી સહકારના ધોરણે ધંધાઓની ખીલવણી કરવા દઇને, જેઓ સુખી હોય તેવા ઓએ ઉંચકી લેનાર વર્ગને મદદ કરીને, સ્થિતિ સુધરવાનું લક્ષમાં લેતો સ્થિતિનો સુધારો થઇ શકે ખરો.

કેળવણીઃ—કેળવણી સબંધી સુરતના સુરતી સાજનના બંધુઓની પ્રવૃત્તિ તરફ સુરતના અમદાવાદી, બંધુઓનું રીતસરનું ધ્યાન ખેંચાય એ ઇચ્છવા જોગ છે. ભરૂચ અને નાંદોદ જેવાં શહેરી જીવન ગાળવાની સ્થિતિમાં પણ શહેરોમાં કોમી લાગણી ઉભી ના થઇ શકતી હોય, મદદને યોગ્ય હોય તેવાઓના સામું કોઇ જોતુંજ ના હોય, તો આપણાં ગામડાઓની સ્થિતિ તાતકાલીક કઈ રીતે સુધરી શકાશે તે પ્રશ્ન વિચારવા જેવો થઇ પડે છે. હવે તો આપણે ગામડાઓ અને શહેરો વચ્ચેના આચાર વિચાર રહેણી કરણી, ચારિત્રય જમણી અને તેની ડાબી બે બાજુઓ. " કેળવણી જમણી બાજુની સારીકે ડાબી બાજુની સારી. " એટલે કેળવણી લાગણી બરપા કરી શકે તેવી સાદી ડાબી બાજુની સારી, કે ઇતિહાસ ઇ. ભૂગોળ, ભૂમિતી અનેક દિશાઓ સૂચવતી, તેમાંજ રહીને નિષકર્ષને નામે " વારી "જ મેળવ-નાર જમણી સારી એવા બારિક સવાલો ઝીણવટથી તપાસીનેજ આપણી ઉન્નતિનો વચલો માર્ગ શોધી કહાડવોજ રહ્યો છે. આ રજુ કરવામાં આવતો ખ્યાલ એજ વિચારો રજુ કરવા માટે લખું છું કે ગમેતે સ્થિતિમાં જે, જ્યાં પડેલું હોય ત્યાં તેવાને પોતાનેજ મોં. મોંનું ફોડી લેવાનું હોયતો—પ્રગતીને નામે અનેક પ્રયત્નો થતા હોવાનુ કહેવું તે:તદ્દન ખોટું છે.

અમદાવાદના વિશા ખડાયતાનું બંધારણ.

કુલ ઘરાણાં ૫૮.

બંધારણના આગેવાન ગૃહસ્થો.		રહેવાનું ઠા.
શેઠ રમણલાલ અમરતલાલ શેઠ દામોદર ગોકળદાસના નામે કાર-પાલવની દુકાન ઠા. માણેકચોક		ઠા. ઢાળની પોળ
શેઠ મોહનલાલ ચુનીલાલ તે શેઠ જમનાદાસ દયાલજીવાળા		ઠા. ઢાલની પોળ
શેઠ ચુનીલાલ બહેચરદાસ	વેપાર	ઠા. કટકીઆવાડ
,, જેશીંગભાઇ અમરતલાલ	,,	ઠા. કીકાભટની પોળ
,, મોહનલાલ મગનલાલ	,,	,,

(૧) મગનલાલ ગોવીંદલાલના નામે ખરીદી, ગજીઆણી વગેરે ઠા. માણેકચોક
(૨) કાન્તિલાલ મોહનલાલના નામે સુતરાઉ મીલોના કાપડનો વ્યાપાર ઠા. માધવપરા
(૩) એજ લાઇનમાં | મુ. દિલ્હી

,, મોહનલાલ જમનાદાસ પરી જમનાદાસ વ્રજલાલના નામે સરાફી વ્યાપાર, ઠા. માણેકચોક | ઠા. કટકીઆવાડ

,, કેશવલાલ હરકિશનદાસ ખરીદીની દુકાન ઠા. માણેકચોક | ઠા. કટકીઆવાડ

,, કેશવલાલ દોલતરામ કોરપાલવનો વ્યાપાર, ઠા. માણેકચોક | ઠા. સારંગપુર

,, મોહનલાલ ચુનીલાલ ફડીઆ | ઠા. ઢાળની પોળ

,, નાંનચંદ મગનલાલ તે નાંનચંદ મોહનલાલના નામે કાપડની દુકાન ઠા. પાંચકુવા દરવાજા બહાર

,, લલ્લુભાઇ બહેચરદાસ વકીલ | ઠા. કટકીઆવાડ

,, જેઠાલાલ મોતીલાલ તે શેઠ મોતીલાલ દામોદરદાસના નામે કોરપાલવની દુકાન | ઠા. ઢાળનીપોળ

એ રીતે આ બંધારણમાં આગેવાન ગૃહસ્થો હોઇ કુલ વસ્તિ નીચે પ્રમાણે.

૨૨ કટકીઆવાડ. ૨૯ ઢાલની પોળ.
૪ કીકાભટની પોળ ૩ સારંગપુર

એ રીતે જુદા જુદા ભાગોમાં વહેંચાઇ ગયેલ છે.

બંધારણના વહીવટ વિષેની માહિતી.

આ બંધારણમાં પહેલાં વટવા, ગામડી, દેવડી, વિગેરે ગામો હતાં; પણ લગભગ ચાલીસ વરસથી તે ગામો જૂદાં પડયાં, એટલે અમદાવાદ શહેર એકલાનોજ એકડો જુદો રહ્યો; એટલુંજ નહિ પણ શહેરના એકડામાં પણ એક બીજા પ્રત્યેની દ્વેષ ભાવની લાગણીને લીધે તડ પડેલાં પણ તે સને ૧૯૦૯ પછીથી એકત્ર થઇ ગયાં છે. હાલ સુભાગ્યે તડ નથી. બંધારણનો વહીવટ શેઠ રમણલાલ અમૃતલાલ. શેઠ ચુનીલાલ બહેચરદાસ તથા જેસીંગભાઇ અમૃતલાલ વિગેરે કરે છે. શેઠની જોખમદારી ગુન્હા થાય ત્યારે પંચ

એકઠું કરવામાં, ન્યાતના ફંડની વ્યવસ્થા કરવામાં તથા ન્યાતની વાડીનાં વાસણો વીગેરેની સંભાળ રાખવામાં સમાએલી હોય છે. પટલાઇ પેઢીગત ગણાય છે. પણ ખરી રીતે જોતાં તેમ નથી; કારણકે ઉપર જણાવ્યા સિવાય બંધારણના દરેક કામમાં સમસ્ત પંચને બોલાવવામાં આવે છે, અને પંચ તરફથી થયેલા ગુન્હાઓનો ન્યાય આપવામાં આવે છે. આમ હોવા છતાં પણ આગેવાનો પોતાના સગાએ ગુન્હો કર્યો હોય તો તુરતજ પંચ એકઠું ન કરવામાં આવે અને જાણે કે આ બાબતથી તેઓ અજાણ્યા હોય, એમ વર્તી તુરતજ પંચ એકઠું ના કરતાં થોડો વખત લંબાવવામાં અને વખત આવે તેમનું ચાલે તો સમૂળગો ગુન્હો પણ ઉડાવી દેવાનો દુરૂપયોગ કરી શકે, તેટલી અને તેવી સત્તાનો તેઓ ભોગવટો કરે છે; પણ આ ' આત્મ નિર્ણય ' ના દિવસોમાં લોકો સત્યાસત્ય સ્હમજતા થયા છે, એટલે પટલાઇને નામે આ આપખુદીનો હવે અંત આવવામાં વધારે વખત જઇ શકે તેમ નથી. એટલે પેઢીગત પટલાઇનો નાબુદ બધેથીએ હવે થવાનીજ.

(૧) **કન્યાની છત અછત:**—આ બંધારણમાં કન્યાની છત સાધારણ છે. વિક્રય કોઇ કરતું હોય તેમ જણાતું નથી; પણ અપવાદ દાખલ સાટાં ત્રેખડાં થતાં હોવાનું ગણી સકાય ખરૂં. વર અને કન્યા વચ્ચે અમુક વરસનું અંતર હોવું જોઇએ એવો નાત તરફથી ઠરાવ નથી; તોપણ બે થી ત્રણ વરસ સુધીનું અંતર રખાય છેજ. બંધારણમાં એક ઉપર બીજી સ્ત્રી પરણવાનો પ્રતિબંધ નથી; પણ સ્ત્રીની ઉમ્મર ત્રીસ વરસની હોવા છતાં સંતાનનું સુખ ના હોય તો ફરીથી લગ્ન કરવાને બંધારણવાળાઓની રજા મેળવીને, ફરી કરી શકાય છે. ભાણે ખપતી કન્યા લાવવાની આ બંધારણમાં છૂટ છે; પણ કન્યા લાવનાર પાસેથી રૂા. ૫૧) દંડના લેવાનો ઠરાવ છે.

(૨) **પહેલુ:**—પહેલુ રૂા. ૨૫૧) નું કરવાનો રિવાજ છે. વિધવાને આ ઉપરાંત સાસરીઆની સ્થિતિ ઉપર આધાર રાખતાં આજીવિકાના સાધનનો પ્રમાણમાં બંદોબસ્ત કરી આપવામાં આવે છે ખરો.

(૩) **જમણવાર:**—કન્યાના લગ્નમાં બે નાત, વરના લગ્ન પ્રસંગમાં ખુશી હોયતો કરે પણ ઘણેભાગે સહુ કોઇ એક નાત તો કરે છેજ. મરણની પાછળ બે નાત તથા સીમંતના પ્રસંગમાં એક નાત કરવામાં આવે છે.

(૪) **કેળવણી:**—બંધારણમાં કેળવાએલો વર્ગ, સાધારણ રીતે ઠીક છે. અહીંઆ હાઈસ્કુલ તથા કૅાલેજનું સાધન હોવા છતાં તેનો લાભ જોઇએ તેટલા પ્રમાણમાં લેવાતો નથી, અને આ બંધારણમાં સાધારણ રીતે કેળવણી વધેલી ગણી શકાએ તો મેટ્રીકથી વિશેષ નથી. અમદાવાદ જેવા શહેરની વસ્તી, સાધનો હોવા છતાંએ આ સ્થિતિ સારી તો નથીજ. અત્રે કેળવણીના ઉત્તેજનાર્થે તથા જૂના ઘર ઘાલી બેઠેલા રવાજોમાં સમયાનુકુળ સુધારા કરવા, તથા સેવા ભાવના ખિલવવા માટે ' ખડાયતા મિત્ર મંડળ ' તથા ' અમદાવાદ વિસા ખડાયતા મિત્ર મંડળ ' ના નામે પ્રવૃત્તિ થએલી જોવામાં આવે છે. મિત્ર મંડળના પ્રમુખ શેઠ જેઠાલાલ મોતીલાલ તથા ઉપ પ્રમુખ શેઠ રમણલાલ અમૃતલાલ હોઇ તેનો વહીવટ તેના સેક્રેટરી રા. જમનાદાસ દયાળજીવાળા શેઠ મોહનલાલ ચુનીલાલ, તથા ખડાયતા મિત્ર મંડળના સેક્રેટરી રા. પરી. મોહનલાલ જમનાદાસ વ્રજલાલ કરે છે. આ બંન્ને મંડળોનું કામ કરનારા ગૃહસ્થો ઉત્સાહી અને ખંતીલા હોવાથી આ મંડળોનું કામકાજ સારૂ ચાલે છે. આ પ્રગતિની જોડે એક રહી જતી બાબત તરફ મંડળના કાર્યવાહકોનું ધ્યાન ખેંચીએ છીએ કે અહીંઆ સ્ત્રી કેળવણીના નામે સહજપણ પ્રગતિ થયેલી જોવામાં આવતી નથી. તેને વિસારે પાડવી જોઇતી નથી.

(૫) **સાહિત્ય:**—સાહિત્યની દ્રષ્ટિએ આ બંધારણમાંથી લખનારાઓનાં નામ આપવાં કઠિણ છે, પણ નીચેના ભાઇઓ ઉત્સાહી હોય એવું જણાઇ આવે છે. શેઠ રમણલાલ અમૃતલાલ. શા. મોહનલાલ મગનલાલ શા. રમણલાલ છોટાલાલ તથા શા. લલ્લુભાઇ બહેચરદાસ વકીલ વિગેરે.

(૬) **લાયબ્રેરી:**—અમદાવાદમાં સાર્વજનિક લાયબ્રેરીઓ પુષ્કળ છે, જેનો લાભ જ્ઞાતિના ગૃહસ્થો ઠીક ઠીક સંખ્યામાં લેતા હોય તેવું જોવામાં આવે છે.

(૭) **રાજકિય:**—આ બંધારણના કોઇ પણ ગૃહસ્થ રાજકિય પત્રોતમાં હોવાનું જાણેલું નથી.

(૮) **આર્થીક:**—બંધારણની આર્થીક સ્થિતિ સાધારણ રીતે સારી છે. બંધારણના લગભગ બધા ભાઇઓ તળ અમદાવાદમાં વસ્તી હોવાથી વસ્તીનો મોટો ભાગ શહેરના, નાના મોટા ધંધાઓને લઇને જૂદા જૂદા વ્યાપારોમાં પડેલા છે, જેમાં સરાફી, અમદાવાદનું રેશમી કાપડ, તથા કણીઆ વિગેરેના જૂદા જૂદા ધંધામાં હોવાનું જોવામાં આવે છે. એકંદરે બંધારણની સ્થિતિ સારી હોવાનું કહી શકાય ખરૂં. વાર્ષિક આવક દર માણસ દીઠ રૂા. ૨૫૦ થી ૩૦૦ આંકી શકાય.

સૂચનાઓ.

બંધારણના વહીવટ વિષે:—બંધારણમાં પટલાઈ પેઢીગત નામનીજ રહેલી છે. ગુન્હાઓનો ન્યાય કરવાની પદ્ધતિ એકંદર રીતે સારી છે. પણ પક્ષા પક્ષી અને જથ્થાના લીધે ન્યાયમાં કોઇક વખતે ખેંચતાણ થઇ શકે છે. આ માટે તો કમિટિની પદ્ધતિ વધારે હિતાવહ થઇ પડે ખરી.

સામાજીક અને સામાન્ય:—વર અને કન્યા વચ્ચે અમુક અંતર હોવું જોઇએ એવો ઠરાવ નાતથી થએલો જોવામાં આવતો નથી; છતાં એથી ત્રણ વરસનું અંતર રાખવામાં આવે છે. આને બદલે પાંચ થી સાત વરસનું અંતર રાખવાનો જો ઠરાવ થઈ શકે તો ઘણો લાભ થઇ શકે ખરો.

પલ્લુ:—પલ્લુ ફક્ત રૂ. ૨૫૧) નું કરવાનો રિવાજ છે. આવી મોંઘવારીના સમયમાં આવા નજીવા પલ્લા ઉપર હતભાગી વિધવા બહેનો પોતાના જીવનનો નિર્વાહ કઇ રીતે ચલાવી શકે? બંધારણની આર્થીક સ્થિતિ પણ સાધારણ રીતે સારી છે. આ રકમમાં વધારો જરૂર થવો જોઇએ છે.

વિધવાશ્રમ:—અમદાવાદમાં વિધવાશ્રમ છે, પણ તેનો લાભ ગ્ન્યાતિની સ્ત્રીઓ વિશેષ સંખ્યામાં લેતી હોય એમ જણાતું નથી. ગ્ન્યાતિ તરફથી વિધવાશ્રમ સ્થાપવામાં આવે તો તેનો હાલ કરતાં વધારે લાભ લેવાય એવી આશા રાખી શકાય ખરી.

કેળવણી:—અમદાવાદમાં પ્રાથમિક તેમજ ઉચ્ચ કેળવણી લેવાનું સાધન હોવા છતાં, જોઇએ તેટલા પ્રમાણમાં તેનો લાભ લેવાતો નથી; તેમજ આર્થીક સ્થિતિ પણ સાધારણ રીતે સારી હોવાથી તેને લીધે પણ અભ્યાસ મૂકી દેવો પડતો હોય એવાં દ્રષ્ટાન્તો પણ બહુ જૂજ જોવામાં આવે છે: છતાં પણ તેવી મદદની જરૂર હોય તેઓને માટે બંધારણ તરફથી ગોઠવણ થાય તો સારૂં. અત્રે કેળવણી નહીં વધવાનાં કારણો તપાસીને તે વધે તેવા ઇલાજો લેવા જોઇએ છે.

આર્થીક:—આર્થીક સ્થિતિ વિશેષ સારી નહિં જણાવાનું કારણ કેળવણીનો અભાવ હોવો જોઇએ. ઘણાકો છોકરાઓને પુરી કેળવણી આપતાં પહેલાંજ પોતાના સ્થાનિક ધંધાઓમાં ખેંચી લે છે; આથી પણ કેળવણી વધી નહિં શકવાનું જણાય છે. ધંધાવાળાઓ જેઓને પુરતી સગવડ અને અનુકુળતા હોય તેવાઓ કેળવણીની કદર સમજીને કેળવણી મેળવ્યા પછીથી

છોકરાઓને ધંધાઓમાં લે તો તેઓ પોતાના ધંધાને કુશળતાથી આગળ વધારી શકે ખરા. આથી બંધારણના એકે એક ગૃહસ્થ પોતાની આર્થીક સ્થિતિના સુધારા અર્થે કેળવણીની અભિવૃદ્ધિ તરફ વિશેષ ધ્યાન આપી શકશે એ વખાણવા જોગ થઇ પડશે.

વટવાના વિશા ખડાયતાના એકડાનું બંધારણ.

કુલ્લે લ્હાણાં ૧૦૧,

નંબર	ગામનું નામ.	લ્હાણાં	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
૧	વટવા.	૬૯	શા. બાપાલાલ શંભુલાલ ,, પાનાચંદ લલ્લુભાઇ ,, નાથાલાલ હરજીવનદાસ ,, મોતીલાલ હરજીવનદાસ ,, ગોવરધન પુંજાભાઇ ,, રણછોડભાઇ દલસુખ	પો. વટવા. તા. દશક્રોઇ (અમદાવાદ.)
૨	અમદાવાદ.	૨૬	પરી. હરગોવીંદદાસ લખમીચંદ શા. રણછોડદાસ હરજીવનદાસ ,, મગનલાલ લક્ષ્મિચંદ ,, નાથાભાઇ હરજીવનદાસ 'ગામડીવાળા' ,, ગીરધરદાસ છગનલાલ	ડે. કટકીઆવાડ.
૩	દેવડી.	૨	શા. ફુલચંદ જેઠાભાઇ	પો. વટવા.
૪	ગતરાટ.	૪	શા. હરગોવિંદ મુલચંદ	,,

ઉપરની વીગતે આ બંધારણમાં હાલ, ચાર ગામ અને ૧૦૧ લ્હાંણાંની વસ્તિ છે.

બંધારણના વહીવટની માહિતી.

આ બંધારણ સં ૧૯૦૮ ના અરસામાં બાંધવામાં આવ્યાનું જણાય છે, તે પહેલાં અમદાવાદ સાથે કન્યા આપલેનો સબંધ હતો; પણ શહેરમાં જે પ્રમાણે કન્યાઓ જતી તે પ્રમાણે નહીં ઉતરવાથી ઉપરના ગામોનું બંધારણ જુદુ થયેલું છે.

બંધારણની આંતરીક સ્થિતિ ટુંકી વસ્તી માંહે આપલેનો સબંધ હોવાથી અને તેમાં પણ પક્ષ જેવું હોવાથી ઘણીજ સંકુચિત્ થતી આવતી હોવા સંબંધે આ બંધારણના એક ગૃહસ્થે જ્ઞાતિના પત્રમાં ઘણીજ હદય ભેદક નિરાશા જનક સ્થિતિ રજૂ કરી હતી, કે જે તેજ ગૃહસ્થના શબ્દોમાં જણાવું છું.

" હમારા એકડામાં બે પક્ષ પડી ગયા છે અને મતભેદ એવો પડી ગયો છે કે ગમે તેવી હીતની વાત હોય તો પણ એક પક્ષની હા, એ બીજા પક્ષની ના. એકડાની આંતર વ્યવસ્થા એવી કમનસીબ છે કે, મૂળથી એકડો નાનો અને દિન પ્રતિદિન એક બીજાની સાથે સગાઇ સબંધ વધતો જવાથી કોકડું એટલું બધું ગુંથાઇ ગયું છે કે, એક મોટા કુટુંબ જેવી સ્થિતિ થઇ ગઇ છે. આવી સ્થિતિમા નાતો જે આપણા સામાજીક જીવનની સરળ પ્રણાલીકા જેવી બાંધવામાં આવી છે તે ત્રાસદાયક અને બંધન જેવી થઇ પડે છે. આવી સ્થિતિ દરેક ગૃહસ્થના સમજવામાં છે; કે હવે એકડો વધાર્યા સીવાય છુટકો નથી, પણ બધા પક્ષવાળા એકઠા મળી એક બીજાની સલાહથી કાંઇ રસ્તો કહાડવા ધારે તો કહાડી શકે તેમ છે પણ જ્યાં કુસંપ હોય ત્યાં સુખ કયાંથી હોય ? "

ઉપરની વીગતે આ બંધારણની આંતરિક સ્થિતિનો કેટલોક પુરતો ખ્યાલ આવી શકે છે. ટુંકી વસ્તિમાં પણ સંપીને રહેવાય નહીં તેવા વિશિષ્ટ દાખલાઓ, આ નાતમાંથી તો પુષ્કળજ જોવાને મળે છે તેવું અહીંઆં પણ છે જ.

સામાજીક.

(૧) કન્યાની છત અછત:—બંધારણમાં સામાન્ય રીતે કન્યાઓની અછત જણાય છે, ટુંકા બંધારણને લઇને તેમજ નજીક નજીકની સગાઇ સબંધ, આપલેમાં ગામના સંબંધનું પણ કારણ વચમાં રહે. આ સઘળા કારણોથી આપલેના વ્યવહારનું ક્ષેત્ર ઘણું ટુંકુ થઇ પડવાથી, અછત વધારે

જણાય છે. આવી સ્થિતિમાં કેટલાક દાખલાઓમાં તો માથા સાથે માથું આપવાનું હોય છે, તોજ વિવાહ થતો હોવાની વિગત હમારી જાણ ઉપર આવી છે. સામાજીક સ્થિતિ વિશેષ નબળી ગણાવાનુંજ આ કહી શકાય.

(૨) પહેલુ:—પહેલુ રૂા. ૧૫૧ નું કરવાનો રીવાજ છે.

(૩) જમણવારઃ—લગ્નમાં કન્યાના વિવાહમાં બે નાતો, અને મરણના પ્રસંગે તેરમાની એક નાત એ રીતે ફરજીયાત નાતો કરવી પડે છે. વધારામાં ચાદમુ તથા પંદરમુ ખુશી હોય તો કેટલાક કરે પણ છે. થોડાક સમય પહેલાં ફરજીયાત કરવી પડતી નાતો ખુશી હોય તોજ કરે, એવા વિચારે કંઇક સારૂરૂપ લીધું હતું. પણ એકે, કરી. એટલે બીજાને કરવીજ પડે. આ સ્થિતિ વચ્ચે હવે તો જ્યાં હતા, ત્યાંજ પાછું આવવું પડેલુ છે: એટલે તે ફરજીયાત થઇ પડી છે.

(૪) કેળવણીઃ—આ બંધારણની કેળવણી સબંધી સ્થિતિ તદન શોચનિયજ જણાય છે. એકડાની આર્થીક સ્થિતિ નબળી હોવાના કારણે અને વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં રહેનાર હોવાથી, કે જ્યાં વટવા સિવાય બીજા ગામોએ તો ગુજરાતી ભણવા માટેની સ્કુલોના સાધનનો પણ અભાવ હોવાથી; અને અમદાવાદ રહીને છોકરાઓને ભણાવવામાં ખરચની જોગવાઇનો સવાલ નડતો હોવાથી, કેળવણી આગળ વધવામાં અટકાયત થયાનું જોઇ શકાય છે. સંવત ૧૯૭૨ ના વરસમાં કેળવણીની આ સ્થિતિ રજુ કરવા માટે અષાડના ખડાયતા મીત્ર પત્રમાં એક ગૃહસ્થે આ બંધારણ સબંધી પોતાના લેખમાં ઘણુંજ સરસ અજવાળું પાડયું હતું. આ લેખમાં એકડાની કેળવણી સબંધી સ્થિતિ રજુ કરતાં તે ગૃહસ્થ જણાવે છે કે—"બંધારણના લગભગ ૩૫ છોકરાઓ કે જે સઘળાઓ ગુજરાતી અભ્યાસમાં છે તે પૈકીથી માત્ર બેજ છોકરાઓ અંગ્રેજી સ્કુલમાં છે. લેખક અહીંઆ જણાવે છે કે ગુજરાતી સ્કુલો ઘણી ખરી લોકલ બોર્ડની છે કે જ્યાં એક બે આના જેવી નજીવીજ સ્કુલ ફી આપવી પડે; છે ત્યારે અંગ્રેજી કેળવણી ખરચાળ હોવાથી માબાપોને ભારે પડવાથી કેળવણી આગળ વધતાં અટકેલી છે."

(૫) આર્થીક સ્થિતિઃ—એકડાના બંધુઓની આર્થીક સ્થિતિનું માપ ધંધાની અને સ્થિતિની વર્ગણી કહાડીને કહાડીશું તો સ્થિતિ સારી નહીં હોવાનુંજ કહી શકાશે. વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં રહેતો હોઇ ધંધો

ખેડુત સાથેની ધીરધારનો, અને નેસ્તીનો હોવાથી. સંવત ૧૯૫૬ના દુષ્કાળ પછીથી ખેડુતોની સ્થિતિ માઠી થતી આવવાથી તેની અસર સાહુકારો ઉપર પણ થવાથી, હાલ સુધી એ સ્થિતિ વિશેષ સુધારા ઉપર આવી હોવાનું જણાતું નથી. છતાં થોડોક સમય થયો કેટલાક ગૃહસ્થો, અમદાવાદમાં વસ્તા જઇ જૂદા જૂદા ધંધા ઉપર આવતા હોવાથી તેવાઓની સ્થિતિ સુધરતી આવી છે; અને ધારી શકાય છે કે ભવિષ્યમાં આ માર્ગ, સ્થિતિની આબાદી થવામાં ઉપયોગી થઇ પડશે ખરો. બંધારણની સામાન્ય સ્થિતિ આ પ્રમાણેની હોવા છતાંએ કહેવાને ખુશી થઇશું કે વટવાના શેઠ બાપાલાલ શંભુલાલ તથા શેઠ હરગોવિંદદાસ લખમીચંદ આ બંધારણમાં આર્થીક સ્થિતિમાં સારી સ્થિતિ ઉપર છે.

આ બંધારણમાંના પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને વ્યાપારીઓ.

સ્વ. પરી. હરગોવિંદદાસ લખમીચંદ સરાફી વ્યાપાર, અમદાવાદ.
ઠા. કટકીઆવાડ અને મુંબઇ.

રા. અમૃતલાલ હરગોવિંદદાસ બી. એ. એલએલ. બી.
(ઉપરની પોતાની પેઢીના વહીવટમાં)

શેઠ બાપાલાલ શંભુલાલ. વ્યાપાર. વટવા.

શા. હરિભાઇ. રણછોડદાસ, અનાજ, ચોખા વી. ના વેપારી.
ઠા. કાલુપુર, ચોખા બજાર, અમદાવાદ.

શા. ત્રીભોવનદાસ પાનાચંદ. ,,

શા. ગોવરધનદાસ મગનલાલ. ,,

શા. અંબાલાલ સોમાલાલ સરાફી વ્યાપાર, માણેકચોક અમદાવાદ.

સૂચનાઓ.

બંધારણ—બંધારણની ટુંકી વસ્તિ, કન્યાઓ આપલેની સંકડામણ આ સઘળું જોતાં બંધારણના આગેવાન ગૃહસ્થોએ બીજા એકડા સાથે પોતાનો સબંધ જોડી દેવો જોઇએ; તેવું નહીં કરવામાં આવે તો સ્થીતિ ઊતરતી થતી આવશે એવું કહેવું ખોટું નહીંજ ઠરે.

કેળવણી—બંધારણ માંહેની કેળવણીની તંગ સ્થીતિ અનુભવતાં હમોને વિશેષ ખેદ થાય છે; અને તે એટલા માટે કે જે બંધારણમાં થોડાક પણ કેળવણીની યોગ્ય કદર સમજનાર, શ્રીમંત, સુખી અને કોમ પ્રત્યે

ઉંડી લાગણી ધરાવનાર દાનશીલ, સજ્જનો હોવા છતાંએ આવા એક નાના જણાતા બંધારણની કેળવણી સબંધી સ્થીતિ દરિદ્રવસ્થા ભોગવે છે, એ આ કોમના માટે નિરાશાજનક શબ્દો, થોડાક જે પડદાની પાછળ રહીને ઉચ્ચારતા જણાય છે, તેવાઓ ભવિષ્યમાં સાચા કે ખોટા પડશે, તે માટે વિચારગ્રસ્ત થવાય છે. જો કે હું પોતે તો કોમના અભ્યુદય માટે નિરાશાને સ્થાન છેજ નહિં તેવું સમજી બેઠેલો આશાવાદીજ છું; અને મારા તેવા અંગત વિચારો ઘણી જગોએ મેં પ્રતિપાદન પણ કરેલા છે, એટલે તેવી અમ્મર આશાઓ કાળ ખપી જવાના છેલ્લા ટાઇમ સુધી મારે માટે તો જીવંત રહેશેજ; પણ મને દીલગીરી તો એજ જોવી પડે છે કે—જેઓ આવી શક્તિમાં હોય છે તેવાઓ કાળનો પણ વિચાર કર્યા શીવાય આ સ્થીતિને વિચારમાં ને વિચારમાં લંબાવ્યાજ કરે છે. આ સ્થિતિ વચ્ચે તો ઘણા દાખલાઓમાં બને છે તેમ—કાંતો તેવાઓ કાળના અધિન થતાં, કરવાનું હોય છે તે ચુકી જાય છે; ત્યારે બીજી રીતે જેને માટે કરવાનું હોય છે તેવાઓનો સમય ખોવાતાં તેવાઓને પણ જીંદગીના ભૂલાવામાં ગોથાં ખાધાની સ્થીતિમાં આવવુંજ પડે છે. આશાવાદીઓ આવી સ્થીતિમાં અહીંઆં પોકાર કરે છે કે, પ્રભુ જ્ઞાતિના આવા આત્મારૂપી પ્રાણીઓનું, આયુષ દીર્ઘ કરીને, આ કોમની આશામાં જેઓનો યોગ્ય ફાળો હોવો જોઇએ તેવાઓના હાથે સદ્ વ્યય કરાવ્યા શીવાય તું જરૂર નહીંજ રહીશ. આ સઘળું પ્રસંગ પુરતુંજ સામાન્યપણે લખાઇ જવાયું; પણ આ બંધારણ માટે જેઓની ઉપર ફરજ છે તેઓ યોગ્ય કરવામાં પાછળ પડશે નહીં એવી આશા રાખવીજ જરૂરની છે. હકિકત તો એવી છે કે, આવા નાના નાના વાડાઓની ચઢતિમાં બંધારણના જેઓની ઉપર ફરજ મૂકી શકાય તેવાઓ, પોતે ફરજ સમજીને તેવી ફરજને ઉપાડી લે તો, જ્ઞાતિની આબાદીને વધારે વિલંબ થશે નહીંજ.

કેળવણી સંબંધી આ બંધારણની સામાન્ય સ્થીતિ, ઉપર વર્ણવી છે તે રીતે ઘણી લાચાર હોવાથી, કે જ્યાં અંગ્રેજી ભણવામાં સ્કુલ ફી પુસ્તકો વીગેરેનું ખરચ પણ માબાપોને ભારે પડતું હોઇ આવી સ્થીતિમાં અમદાવાદ કે બીજે રહીને બોર્ડીંગમાં ભણાવતાં હાલની અમદાવાદની ખડાયતા બોર્ડીંગના ખરચના હીસાબે માસીક લગભગ રૂ ૧૮—૨૦ ખરચ કરીને, ઉપર વર્ણવેલી તંગ સ્થીતિમાં ભણવા માટે બોર્ડીંગનું સાધન હોવા છતાંએ; પણ જેઓ કેળવણી લઇ શકતા નથી તેવાઓ ભણી શકે અથવા

તો તેવાઓને તેમના કુટુંબો ભણાવી શકે એ વિચારવું સહજ થઇ પડે છે. મારા મતે એકડાની કેળવણી સબંધી સ્થીતિ તો ત્યારેજ સુધરી શકે કે, જેઓ સુખી, સધન અને કેળવણીને સમજી શકે છે તેવાઓ; પોતાનો ઉદાર ફાળો કોમને આપી શકે તોજ? પ્રભુ આવો વખત જોવાનું સદ્ભાગ્ય સમસ્ત કોમને અને દરેક એકડાને પ્રાપ્ત થાઓ એજ હું તો ઇચ્છી રહ્યો છું. કોમના શ્રીમંતો અનેક મોજશોખનાં કે તેવાં અન્ય રસ્તે થતાં ખરચોમાં થોડા થોડા પણ કાપ મૂકીને, ઉપલક દષ્ટિના શબ્દોએ, કામ કરવાનો કહો કે તેને યોગ્ય શબ્દોમાં ઘટાવીએ તો ફરજ બરપા કરવા માટેનો આ ઉત્તમ માર્ગ, પોતાના આદર્શમાં ઉતારે તો શું કોમને સાધનની ખોટ પડે ખરી? હું આ પ્રશ્નને વિચારવા જેવોજ ગણતો નથી; કારણ કે કોમમાં શ્રીમંતો જરૂર ઓછા તો નથીજ.

આર્થીક—બંધારણનો મોટો ભાગ ગામડાઓની વસ્તિમાં છે. જે હાલમાં ગામડાઓના વ્યાપારની સ્થીતિ બગડતી આવતી હોઇ શહેરમાં વસવા માટે આવતો જાય છે, તેવાઓનું જીવન સુધરી શકે, ઉત્તરોતર ચાલુ વ્યાપારની સ્થીતિમાં ઉંચે આવી શકે, તેવા ધંધાઓ તરફ આ બંધારણનો શહેરમાં સુખી ગણાતો વર્ગ—મદદ આપીને આગળ લાવશે તો કોમની મોટામાં મોટી સેવા કર્યાનું ગણી શકાશે. કોમની ચડતી કરવાના મુખ્ય અંગોમાં કેળવણી અને આર્થીક સ્થીતિનો સુધારો મુખ્ય હીસ્સો આપી શકે, તે કહેવું અર્થ સૂચક ગણાય. આ દિશામાં આગળ લખાઇ ચુકેલાજ દાખલાઓ, અમદાવાદની મચકણીઆ અને કપોળ. ઇત્યાદિ જ્ઞાતિઓનાં દ્રષ્ટાન્તો. આ હતભાગી, કોમને કયારે અને કયા પ્રકારે લાગુ પાડી શકાશે તે વિચારવું આ કોમ માટે સહજજ થઇ પડે છે. ખરે! કોમનો સારો વર્ગ કે જેઓના ઉપર ફરજ મૂકી શકાય તેવો વર્ગ કયા પ્રાધાન્ય હેતુ અને મુદ્દાએ આવા સવાલો ઉપર વિચાર નહીં કરી શકતો હોય, તે જ્યાં સુધી ગુપ્ત રહેશે ત્યાં સુધી આ કોમની સ્થીતિ ઉંચે નહીં આવવામાં જે દોષો તરી આવે છે. અથવા તો હરકતો જોઇ શકાય છે તેનું નીવારણ થઇ શકશે નહીંજ.

ખાનદેશ અને દક્ષિણના ગામોના વિશાખડાયતાનું બંધારણ.

નંબર	ગામનું નામ.	ઘરની સંખ્યા	આગેવાન.	પોસ્ટ અને નજીકનું સ્ટેશન.
			(૧) ખાનદેશ વિભાગ.	
૧	નંદરબાર	૫	શા. મનમોહનદાસ કસનદાસ ,, છગનલાલ દામોદરદાસ શેઠ ગણુપતદાસ ખુશાલદાસ ઠા. પનૈયાલાલ ,, નથુભાઇ કીશોરદાસ	ઠા. ગણુપતિ મંદિર પાસે
૨	જામપુર	૧૦	શા. હીરાચંદ માધવજી દેસાઇ ,, ઠાકોરલાલ પરસોતમદાસ	વાયા, ધુલીયા (ખાનદેશ) ટેલી. ઓ. સાકી.
૩	પારોલા	૨	શા. રામદાસ વીઠ્ઠલદાસ	સ્ટે. પારોલા
૪	રનાલા	૧	શા. માણેકલાલ છબીલદાસ	સ્ટે. રનાલા
૫	જેતાણુા	૧૦	શેઠ હીરાભાઇ પુરસોતમદાસ	પો. નિજામપુર
૬	ધરણુગામ	૧	શેઠ નથુલાલ રામદાસ ઠા કીસનદાસ મોતીલાલ	પો. એરંડોલરોડ
			(૨) દક્ષિણ વિભાગ.	
૧	મદ્રાસ	૨	શા. મોરલીદાસ બ્યંકુસાહ	ઠા. સાહુકાર પેંડ ઘર નં. ૨૫
૨	બનારસ	૧૩	શેઠ મનોહરદાસ પુરૂષોતમ દાસ તારવાલા પરીખ ગોકલદાસ વીઠલદાસ	ઠા. સુકટોલા બજાર ઠા. ગુગલીના ચોકઉપર ગોપાલ મંદીર પાસે

ઉપર મુજબની વીગતે આ બંધારણુ ઉપરના ગામોમાં આશરે ૪૫ ઘર અને ૬૦ લાખ્ખાંની વસ્તીમાં આવેલું છે.

બંધારણની માહિતી.

બંધારણ તરીકે પંચનો વહીવટ, ખાનદેશ વિભાગમાં નંદરબારના શેઠ છગનલાલ દામોદરદાસ. નિઝામપુરના, હીરાલાલ માધવજી અને દક્ષિણ વિભાગમાં બનારસના, શેઠ મનોહરદાસ પરસોતમદાસ વગેરે કરે છે. ન્યાત વાળા સમગ્ર મળી શકવાનું કામ કવચિત ખાસ પ્રસંગ હોય તોજ મળી શકે છે; નહિં તો જરૂરનું કામકાજ ટપાલથીજ કરી લેવામાં આવે છે.

સામાજીક અને સામાન્ય.

(૧) કન્યાની છત, અછતઃ—આ આખા બંધારણમાં એટલે નંદરબાર, નિઝામપુર અને બનારસમાં સાધારણ રીતે કન્યાઓની છુટ વિશેષ જણાય છે. અને કેટલાક વિશેષ દાખલાઓમાં, અંદર અંદર સગાઇ સંબંધ વધી જવાથી અને ગોત્રની સંકડામણથી છોકરીઓને નાખવાનું યોગ્ય સ્થળ મળી શકતું નહિં હોવાથી ફાવે ત્યાં તેઓ આપે છે. આવા પ્રસંગોમાં થોડાક સમય ઉપર નડીઆદ અને હાલમાં મોડાસા એકડામાં, ત્રણ ચાર કન્યાઓનો ઉતાર થયો છે. બંધારણમાં વિક્રય અથવા તો સાટું ત્રેખડું થતું હોવાનું જાણ ઉપર આવેલું નથી.

(૨) પલ્લુઃ—અ. સ્ત્રી ધન તરીકે પલ્લાનો રિવાજ રૂ. ૧૦૫૧) નો છે, જે રકમ રોકડીજ કન્યાના બાપને વરવાળાએ આપવી પડે છે, જેના તેઓ પોતેજ અનુકુળ દાગીના કરાવી લે છે.

બ. લગ્નના રીતરિવાજોઃ—બનારસમાં ખાસ કરીને લગ્ન પ્રસંગના રીતરિવાજો આપણા રિવાજોથી જુદા પડે છે, અને તેમાં જુના બાદશાહી વખતથી ચાલ્યો આવતો જામો, અને લેંગો પહેરવો, સ્ત્રીઓમાં પણ તેવોજ પહેરવેશ રાખવો. વિગેરે ફેરફાર જોઇ શકાય છે.

(૩) જમણવારઃ—લગ્ન પ્રસંગોમાં બેથી ત્રણ અને મરણના પ્રસંગમાં પણ નાત થતી હતી જે હાલમાં બંધ કરી છે.

(૪) કેળવણીઃ—કેળવણી સબંધી આ બંધારણની સ્થિતિ સારી હોવાનું જણાતું નથી. બંધારણના સઘળા ગામોમાં બનારસ અને નંદરબાર મોટાં ગામ છે. બનારસના વૈશ્યોમાં ઘણા ખરા સ્થાનિક ધંધામાં કાપડના વણાટ વિગેરેના કામ ઉપર છે; જેઓનું ઘરગતું રીતે વ્યવહાર ચલાવી શકાય તે કરતાં વિશેષ કેળવણી મેળવવા તરફ વલણ હોવાનું જણાતું નથી. જ્યારે ખાનદેશનાં

નાનાં નાનાં ગામડાઓમાં સ્કુલનું સાધન નહિ હોવાથી અને ફક્ત નંદરબારમાં અંગ્રેજી સ્કુલનું સાધન હોઇ તે પણ ફક્ત ચોથી ચોપડી સુધીજ હોવાથી આગળ અભ્યાસ કરનારે, બહારગામ નહિં જવાના સબબે કેળવણી વધતી હોવાનું જણાતુ નથી. વીગત મળવા પ્રમાણે છેલ્લા બે ત્રણ વરસમાં આગળ જઇ શકે તેવા બે ત્રણ છોકરાઓ, ઉપરની અડચણ વચ્ચે આગળ જતાં અટકી ગયેલા છે. નંદરબારમાં સરકારી સ્કુલ સાથે બોર્ડીંગ છે; આથી બહાર ગામડાઓના, જેતાણા, માલપુર વિગેરેના છોકરાઓને અહીંઆં રહેવા કરવાની અનુકુળતા છે. નંદરબારમાં ડૉ. ગુલાબદાસ એક ઉત્સાહી ગૃહસ્થ હોવાનું હમોને જણાયું છે, જેઓ કેળવણીના વિષયમાં સારો ઉત્સાહ રાખે છે. બંધારણના બે અનાથ છોકરાઓને તેઓ પોતાના ખરચે ત્યાં રાખે છે. આ સ્તુત્ય લાગણીની જેટલી કદર કરીએ તેટલી ઓછી છે, પોત પોતીકા બંધારણોમાં, જેઓને મદદ કરવા જેવી હોય તેવાઓને આ રીતે ઉંચકા લેવાની જો લાગણી ઉત્તેજીત થાય તો ઘણાઓની સ્થિતિ આ રસ્તે આપણે સુધારી શકીએ. અહીંઆં પ્રાથમિક કેળવણી મરાઠી ભાષામાં અપાય છે. કેળવણીનું પ્રમાણ પ્રાથમીક કેળવણી ૫૦-૬૦ ટકા, અંગ્રેજી કેળવણી ૧ ટકો અને સ્ત્રી કેળવણી ૪-૫ ટકા હોવાનું કહી શકાય.

(૫) **સાહિત્યઃ**—બનારસ માટે સાહિત્ય રસીકોને વાંચનાલયની ખોટ નથી. નંદરબારમાં જ્ઞાતિ તરફનું "શ્રી કાટયક વાંચનાલય" નામે એક પુસ્તકાલય છે, જેનો વહીવટ શેઠ પનૈયાલાલ ગુલાબદાસ કરે છે. આ ભાઇ ઉત્સાહી હોઇ તેનું કામ ઠીક કરે છે. વાંચનારની સંખ્યા લગભગ હાલમાં દસ પંદર હોવાનું જણાય છે. ફરતા પુસ્તકાલયની યોજના થાય તો વાંચનારની સંખ્યા સારી નીકળી શકવાની સુચના લખાઇ આવેલ છે. સિવાય બીજા ગામોમાં કંઇ સાધન નથી. તેમજ આ વિષયમાં વધારે રસ લઇ શકનાર ઉત્સાહી બંધુ અન્ય કોઇ જણાતું નથી.

(૬) **આર્થિકઃ**—બંધારણના ગૃહસ્થોની આર્થીક સ્થિતિ, એકંદરે ઠીકઠીક જણાય છે. બનારસના ગૃહસ્થોનો મુખ્ય વ્યાપાર, બનારસી કાપડના વણાટનો છે, જે માંહેના થોડાક ભાઇઓ સારી સુખી સ્થિતિમાં છે, ત્યારે થોડાક તે માલની દલાલી, અને ગાંધીઆટાનો વ્યાપાર કરે છે: જ્યારે ખાનદેશ વાળાઓનો વ્યાપાર, કાપુસ, કાપડ, કરીઆણું અને નેસ્તીનો મુખ્ય છે.

આ બંધારણના ઉત્સાહી અને વેપારી ગૃહસ્થો.

શેઠ હરકિસનદાસ ગોપાલદાસ પરસોતમદાસ. તારવાળા	બનારસી કાપડના વ્યાપારી	ઠા. સુકટોલા બનારસ.
,, વીન્દ્રાવનદાસ હરિદાસ હા. ભાઇ, સુંદરદાસ વિન્દ્રાવિનદાસ	,,	ઠા. બંગાલી ટોલા
શેઠ કલ્યાણદાસ રામદાસ		ઠા. ચોખંબા ,,
,, દુર્લભદાસ ચતુરદાસ		ઠા. બાલાજીની ફરસ ,,
,, નરોતમદાસ ગુલાબદાસ તારવાલા		ઠા. રાખઇ તંબોલીની ગલી
,, બ્રિજરતનદાસ બ્રિજમોહનદાસ,	બનારસી કાપડ	ઠા. ચોખંબા
શેઠ ગણુપતદાસ ખુશાલદાસ હા. શેઠ ગોવિંદદાસ સુપકુભાઇ	જમીનનો વ્યાપાર,	નંદરબાર
,, શંકરલાલ ધરમદાસ		,,
,, ડૉ. ગુલાબદાસ અમૃતલાલ C/o. ગવર્નમેન્ટ ડીસપેનસરી		,,
,, ડૉ. કનૈયાલાલ ગુલાબદાસ "વસંત હોસ્પીટલ" નામે દવાખાનું		હાલ અમદાવાદ
,, હીરાભાઇ માધવજી દેસાઇ	જમીન અને કાપડનો વ્યાપાર	નિઝામપુર
,, ઠાકોરલાલ પુરશોતમદાસ	,,	,,
,, રામદાસ વીઠ્ઠલદાસ	આડતીઆ તથા વ્યાપારી.	પારોલા

મુંબાઈ.

મુંબઇ અને જ્ઞાતિની 'શ્રી ખડાયતા સમાજ.'—આપણાં ગામડાઓની આર્થીક સ્થિતિ દીનપ્રતિદીન બગડતી જતી આવવાથી, સહુ કોઇની નજર દિવસે દિવસે શહેરો તરફ આકર્શાતી આવે છે. આજથી પંદરએક વર્ષ ઉપર અહીંઆં આપણી જ્ઞાતિનાં લગભગ ૧૦૦ કુટુંબોનો વસવાટ હતો, પણ તેમાં ધીરે ધીરે વધારો થતાં, હાલ લગભગ ૨૫૦ કુટુંબોની વસ્તિ હોવાનું જણાય છે. આ સઘળાઓ ઉમરેઠ, નડીઆદ, ખેડા, માતર, મહેમદાવાદ, અમદાવાદ, મોડાસા, જનોડ, કપડવણુજ, સુરત, નાંદોદ, ભરૂચ અને કાઠીઆવાડ વિ. ગામોના રહેવાસીઓ ઉપરાંત તે તે એકડાઓના ઘણા પેટા ગામોના રહેવાસીઓ છે. જેઓ પૈકીનો કેટલોક ભાગ અહીંઆં સ્થાઇ ધંધા ઉપર અને કેટલોક નોકરીની રોજી ઉપર છે. અહીંના આ રહેવાસીઓ પૈકી ઘણો મોટો ભાગ ઉપરના ગામોમાં અને તે એકડાઓમાં આગેવાન ગણાતો અને સારી પ્રતિષ્ઠા ધરાવતો વર્ગ છે. એટલે આ દ્રષ્ટિએ મુંબઇને આપણા જૂદા જૂદા એકડાઓ (ગોળો)નું કેન્દ્રસ્થ ગણીએ તો ચાલી શકે ખરૂં. 'મુંબઇની શ્રી ખડાયતા સમાજ'ની સ્થાપનાનો સમય અને હાલનો સમય એ બન્નેની મુંબઇની વસ્તિની સંખ્યા ઉપર નજર રાખીએ તોપણ એવું જણાવી શકારોજ કે, હાલની અને તે વખતની ઉપરની સ્થીતિ વચ્ચે વિશેષ ફરક પડેલો નથી.

એવું જાણવાને મલ્યું છે કે, આપણી જ્ઞાતની ઉન્નતિના કામોમાં પ્રથમ આપણા સર ગોકળદાસભાઇ અને રા. બ. કાંટાવાળા અને અન્ય ગૃહસ્થો રસ લેતા હતા; અને તેઓએ તેવો થોડોક પ્રયાસ પણ કર્યો હતો. વળી સને ૧૮૮૭ થી ૯૧–૯૩ ના વરષોમાં તો આ સંબંધે નડીઆદ, ઉમરેઠ, ખેડા, માતર, મહેમદાવાદના કેટલાક જ્ઞાતિબંધુઓએ મલીને "શ્રી ખડાયતા સુભેચ્છક સભા' નામની સંસ્થા સ્થાપી હતી, અને તે વરષોમાં તેનું ધોરણસર કામપણ તેમણે કર્યું હતું. આ શરૂ થયેલી હીલચાલ અમુક વર્ષો કામ કરીને બંધ થઇ, ત્યાર બાદ લાંબા વરષોનો વચમાં ગાળો જવા પછીથી જ્ઞાતિને લગતી આ હીલચાલની શરૂઆત સં. ૧૯૧૦ ના વરષપહેલાં સ્વ. ત્રીકમલાલભાઇએ કોન્ફરન્સ ભરવા રૂપે હાથમાં લીધી. જેનું કામ અમુક સંજોગો વચ્ચે પાર પડી શક્યું નહીં. ત્યાર બાદ સં. ૧૯૧૨ ના વરષમાં અને ત્યાર પછીથી આ પ્રશ્ન જ્ઞાતિના કેટલાક

બન્ધુઓએ મલીને 'શ્રી ખડાયતા સમાજ'ના નામે સંસ્થા સ્થાપીને તેઓએ હાથમાં લીધો. અને આ હીલચાલને વિષેસ ટેકો મલે તેવું વિચારીને તેમજ કામોમાં કેટલીક વિશેષ સરળતા થઇ પડે તે હેતુએ કામોની તેણે વહેંચણી કરી નાખી.

આપણી જ્ઞાતિને લગતાં કામોને શરૂથી તે મુંબઇની શ્રી ખડાયતા સમાજની સ્થાપનાના વખત સુધીનો આ ટુંકો ઇતિહાસ કહી શકાય.

આ સમાજની સ્થાપના પછીથી જ્ઞાતિ કેટલક અંશે નવચેતનમાં મુકાઇ છે. તેવું આપણે ગણીએ છીએ. અને ખરી રીતે આવું કેટલુંક થયું પણ છે. પણ પ્રગતિના નામે તેણે ગુમાવેલા સમય તરફ નજર કરતાં આ હીલચાલ કેટલા કદમ આગળ વધ્યાનું જોઈ શકાય છે? જવાબ ખુલ્લો અને સહેલોજ છે અને તે એજ છે કે—થોડુંક આગળ વધાયું હશે પણ ખરી રીતે તો જ્યાં હતા ત્યાંના ત્યાંજ છીએ. કદાચ વિચારીએ તો બે કદમ આગળ અને વળી તેટલાજ પાછાજ પડયાનું ગણીએ. તેમજ એકાદ મહત્વના સવાલમાં તો હતા તેથી એ પાછા હઠયાનો અનુભવ રજુ કરી શકાય તેમ છે. આ સ્થિતિમાં આવું શાથી બનવા પામ્યું એ સમજવું તે વધારે મહત્વનો સવાલ થઇ પડયો છે, કે જ્યાં કોમના ધુરંધર શુભચિંતકોની મહાન કોશીશો તો ચાલુજ છે ત્યારે આગળ વધ્યા અને પાછળ હઠયાની સ્થિતિ કેમ ઉભી થવા પામી? કારણો એક બેજ, આપી શકાય તેમ છે પણ તે સંગીન અને અર્થસૂચક છે. મારા મતે જ્ઞાતિને આ કારણો જાણવાની વિશેષ જરૂર છે; અને તે એટલાજ માટે કે હવેથી પણ તેને તેનો ખરો રસ્તો માલુમ પડી આવે.

ઉપરની વીગત જણાવવામાં મારા વિચાર પ્રમાણે, કોમની ઉન્નતિનો પ્રશ્ન તેની (કોમની) ખરી સ્થીતિ સમજવા ઉપરજ વિશેષ આધાર રાખી શકે, એટલે કોમ માટેનું કોઇ પણ કામ કરનાર મંડલ, માણસો અથવા તો તે રૂપે બનેલી પાર્ટી, જો આવું કામ કરવાની હોંસ રાખે તો તેઓએ કોમની સ્થિતિનો અભ્યાસીની દ્રષ્ટિએ ઝીણવટથી સ્થિતિ સમજવાનો અભ્યાસ કરવો જોઇએ. એટલે પ્રયત્ન કરનાર વર્ગ, આ વિષયમાં ઉંડા ઉતરેલો હોય તોજ તે તેની ગુંચ સમજી શકવાથી તે ઉકેલવાનો પ્રયત્ન કરે તેમાં તે ફળીભૂત થાય. પણ આ સમાજની સ્થાપનાની શરૂઆતથી તેણે જ્યાં સુધી જ્ઞાતિનું કાર્ય કર્યું—ત્યાર પછીથી અત્યાર

સુધીની સ્થિતિ:એવું વિશેષ અજવાળું પાડી શકે છે કે—આ જ્ઞાતનું કામ કરનાર વર્ગ, કામનો અને પોતાના સ્વબળનો વિચાર કર્યા વગર, હોંસાતું શીમાં ભાન ભૂલ્યા જેવી સ્થિતિ ઉપર મુકાયો; કે તેણે કરવાના માર્ગેથી અન્ય દિશાજ પકડી. અને કાર્ય કરવાના નામે પણ તેને ઉપરનો ભપકો (વાહીટવૉસ) કર્યો. આ સ્થિતિમાં ઉપરનું પ્રકાશ પડતું ઉજળું દેખાવા લાગ્યું. અંદરનું (પરિસ્થીતિ) રામ જાણે જેવી લાવી મુકાઇ. અત્યારે પણ તેમજ છે. હું ભારપૂર્વક જણાવું છું કે જ્ઞાતિની અત્યારની સ્થીતિ વિચારવામાં અને સમજવામાં કેટલાક વિશેષ પ્રશ્નોનો આ મુખ્ય સવાલમાં સમાવેશ થઇ જાય છે કે તે સઘળા ઉપર અજવાળું પડતું જોઇએ છેજ. મારા વિચારે વીગતો સ્પષ્ટ હોવા છતાંએ આ બારિક સવાલ કોમ સન્મુખ રજુ કરવાનું કાર્ય ઘણુંજ કઠીણ થવાનું. આ સ્થિતિ ધ્યાનમાં હોવા છતાં એ હું જ્યારે આ સવાલની ગંભિરતા વિચારૂં છું ત્યારે કોમમાં મારા દરજ્જાનું માપ હું માનું છું તે રીતે હું નાતનો એક ક્ષુદ્ર મનુષ્ય હોવાનું સ્વીકારીને પણ મારી આ વિષયમાં જેવી અને જેટલી માહિતી છે તે પ્રસિદ્ધ કરવાનું કામ "ખડાયતા જ્ઞાતિની સ્થિતિ પરત્વે થોડાક વિચારો" એ નામે જુદા પુસ્તકથીજ તે પ્રસિદ્ધ કરવાનું કામ મેં હાથમાં લીધું છે. પ્રભુનો હુકમ તો લખવામાં આવતું આ પુસ્તક બની શકશે તેટલું વહેલું કોમની સેવામાં મુકવાની ફરજ હું વહેલી પાર પાડી શકીસજ.

મુંબઇની શ્રી ખડાયતા સમાજને લાગે વળગે છે તે રીતે, તેના એક સભાસદના વ્યાજબી હકની રીતે અને તેથી આગળ વધીને કહું તો જ્ઞાતિના એક નાનામાં નાના માણસ નાહકની રૂએ હું મારા ઉપયુક્ત વિચારો કોમ આગળ મુકવામાં મારો હેતુ અહીંઆં વધારે સ્પષ્ટ કરવાની પણ તક લઉં છું; કારણ કોમને લગતો આ આખો સવાલ મારા થોડાક ગાઢ મિત્રોની વચમાં એવી રીતે આવી જાય છે કે, મારા આ મિત્રો વચ્ચેની મારી વિશુદ્ધ અંતઃવાળી મૈત્રી ચાલુ હોવા છતાંએ, કેટલાક મિત્રોની ભૂલો બતાવવાનો માર્ગ અખત્યાર કરવામાં મારે દુઃખ વહોરી લેવાની કડવી ફરજમાં મુકાવું પડશે; પણ તેથી મારા મૈત્રીય સબંધને હરકત આવશે તેવો ડર રાખીને હું આ સવાલને સમજ્યો છું તે રીતે કોમની આગળ તેને નહીં મુકવાનું પાપ વહોરી લઉં તે કરતાં મારા મિત્રોની કદાચ ખફગી વહોરી લઉં તો તેઓની ક્ષમા અને મારી ચાહીને હું નિર્દોષ થઇશ તે જેટલું મારા અંતઃકરણને પવિત્ર લાગશે. કે થઇ પડશે; તેટલું મારા વિચારોને

દબાવી રાખવાનું કામ અપવિત્ર અને પાપરૂપજ થઇ પડશે. આ સામાન્ય વિવેચનને અહીઆં જો કે એક વિચારે તો સ્થાન નથી; પણ ચર્ચાનો આ વિષયજ એવો છે કે કદાચ તેના બધા વાંચનારાઓ હમારા પરસ્પરના મૈત્રિય સબંધમાં ગપગોળાએ 'બોંબ' ફુટવાની ખોટી કલ્પના કરી લેશે. આવો ભય કે આગાહી ખોટી છે તેવું જણાવવા પુરતોજ આ ખુલાસો રજુ કરૂં છું. જો કે ખરી રીતે કોમના આ સવાલને થોડાક નહીં સમજનારાઓ વચ્ચે અત્યારે વૈમનસ્ય હોવાનું સમજી શકાય છે ખરૂં. પણ તેવાઓને પણ મારે આ લખીને ખાત્રિ આપવાની છે કે, સત્ય વીગતો બહાર લાવવામાં વિચારોની ભિન્નતા પરિપકર છે કે નહીં; અને ભુલ થાય છે તો તે યોગ્ય રસ્તે છે કે નહીં, તે જાણુ અને સમજ ઉપર મુકીને પણ મારે હાલનું વૈમનસ્ય દૂર કરવામાં મૈત્રિય સબંધ આ દિશામાં જુદો પડે છે તે વધારે વિશુદ્ધ કરવાના રસ્તા તરફ વાળવાનો પ્રયત્ન કરવો છે. હું આ લખતાં અવશ્ય મારી શક્તિ અને સ્થિતિનું માપ કહાડું છુંજ. આથી આ પવિત્ર ફરજ ઉપર બીજા મિત્રોને લેઇ જવાની મારી શુભ ધાર્ણા પાર પાડવાનું કામ અને તેનો ભાર હું તો પ્રભુના ઊપરજ મુકું છું.

મને સમજાય છે કે—મુંબઇ અને જ્ઞાતિની શ્રી ખડાયતા સમાજને લગતી માહિતી રજુ કરવામાં ઊપરના લખાણ અને વિવેચનમાં હું કંઇક આગળ વધ્યો. આ વિચારતાં હું તેના મુળ વિષય તરફજ વળું છું. પણ આ વિગત રજુ કરવામાં જ્ઞાતિની હાલની પરિસ્થિતિ ઉપર મારે લખવુંજ છે તો હાલની પરિસ્થિતિના આ આખા સવાલને બાજુ ઊપર મુકતાં જ્ઞાતિને લગતી પ્રગતિ જ્યારે શરૂ કરવામાં આવી ત્યારે જ્ઞાતિની ખરી સ્થિતિ કેવી હતી, કામની શરૂઆત કરનારાઓએ, જ્ઞાતિની સ્થિતિ કઇ રીતે તપાસી હતી, તેઓએ પરિસ્થિતિ તપાસવામાં કયું આજબી ધ્યેય પોતાની નજર સામે રાખ્યું હતું. તે જણાવવામાં આવે તો આ આખા સવાલ ઉપર વિશેષ અજવાળું પડી શકે; તેવું સમજીને થોડુંક લખું છું. મારી સમજ પ્રમાણે જ્ઞાતિહિતનો પ્રશ્ન ' મુંબઇની શ્રી ખડાયતા સમાજે ' ઊપાડી લીધો તે વખતે તેણે થોડોક પણ નિચેનો વીચાર કર્યો હતો ખરો.

જો કે જ્યારે ત્યારે પણ જ્ઞાતિ સમસ્તને લગતી પ્રગતિનું કાર્ય શરૂ કરવાને કોઇક પણ વિચારે ત્યારે તેની પ્રગતિ કરનારાઓ પ્રથમતઃ પોતાની શક્તિનું માપ કહાડવાનું પહેલું વિચારે છે; અને તે વિચારવું પણ જોઇએ છે. એટલે મુખ્યત્વે કરીને તો આવશ્યક વિચારોમાં શરૂઆત થઇ શકાય કે

નહીં, હીલચાલ માટે સ્થળ ક્યું વિશેષ અનુકુળ થઇ પડે અને સાધનોની જોગવાઇ કઇ રીતે પાર પાડા શકાય તેમ છે. આ વિચાર કામની શરૂઆત કરનારા પ્રત્યેકોને વિચારવો પડે છે. આટલું હોવા છતાંએ આ વિચાર જેટલો આવશ્યક અને પ્રથમતઃ વિચારવો જરૂરનો ધારીએ; તેટલુંજ કે તેથી ઓછુંવધતું આવા કામોનું ધ્યેય જો વ્યાજબી ઘડવામાં આવેલું હોય, તેમજ તેના માટે સારો વિચાર કરેલો હોય તો ખાસ કરીને તે (કામનાં) વિચારવામાં આવતાં ઉપરનાં અંગો, જેવાંકે, સરૂઆત કોણે કરી? સ્થળ ક્યું છે? અને સાધનો કેટલાં અધુરાં રહેશે કે પુરાં પડશે? તે ઉપર શરૂઆત કરનારાઓનાં મન ડોલાયમાન થતાં નથી. એટલે તેઓ તો તે વખતે એટલુંજ ધારી લઇને કામની શરૂઆત કરે છે કે, હું કામની સરૂઆત કરનાર એક કારણભૂત છું. પણ તેનો નિયામક હું થતો નથી, જો કે સરૂઆત કરનાર તરીકે મારો આ પ્રવૃત્તિ જોડે તે સારા પાયા ઉપર રહેવું જોઇએ; ના હોય તો તે આવવુંજ જોઇએ તેવો વ્યાજબી હક હું ધરાવી શકું તે કરતાં વિશેષ કોઇ પણ હક નથી; અને સરૂઆત કરનાર તરીકે આ કામ મેં મારા ભાગે લીધું છે; અને તેને હું મારૂં ગણીને તેનું કાર્ય હું અંતઃકરણથી બજાવું છું. પણ વાસ્તવિકે હું વિચારૂજછું કે, તે મારૂ નથી. એટલે તે સમસ્ત સંઘનુંજ છે અને તેમાં તેની મદદ જોઇએજ; તેવું તેને વિચારેલું હોવું જોઇએ. જયારે સ્થળ પસંદ કરવામાં પણ તે એવું વિચારે છે કે, કામ કરનાર વ્યક્તિ જો કામ કરવામાં આપબળ, સ્વભોગ આપવાને તૈયાર હશે તો તે કામ માટેનું પોતે પસંદ કરેલું સ્થળ કદાચ સહજ અધુરૂં દેખાય તો તેથી તે પોતાના કામના વેગને અટકાવી શકતો નથી; એટલે સ્થળ ગમે તે હોય તોપણ તે તેને કામ કરવાના અંગેજ સાનુકુળ થઇ પડવુંજ જોઇએ તેવું તે ધારી લેછેજ. જ્યારે સાધનના માટે તો તે આશા રાખે છે કે મારે જે કંઇ પ્રયાસ કરવાનો છે તે માટે મારે તો જેનું કામ કરવાની મેં નોકરી સ્વીકારી છે તેને મારે તો એટલીજ ખાત્રિ આપવાની છે કે. હું જે જે રસ્તે કામમાં મારી ફરજ સ્વીકારી શકું. તે સ્વીકારવાને હું બંધાએલો ગણાઉં તેની દેખરેખ, સંભાળ અને સુવ્યવસ્થા કરવાને હું યોગ્ય નીવડીસ. વફાદાર રહીશ, અને ભૂલ કરીશ નહીં. મારા વિચાર પ્રમાણે ખરી રીતે, કામ કરવાની સરૂઆત કરનારાઓ આટલું વિચારી લઇને કામની સરૂઆત કરે તો કામ કરનાર વ્યક્તિ ગમે તેટલી નાની હોય કે

મોટી છતાં કામ કરનારાઓને તેવાં કામોમાં ટેકો મળવોજ જોઇએ. અને તે રીતે કામ આગળ વધવુંજ જોઇએ.

ઉપરની દ્રષ્ટિએ સાધન, સ્થળ અને કામ કરનાર વ્યક્તિઓએ આ પ્રશ્ન વિચારીને જરૂર જોગું તેનું માપ કહાડીને, સ્વ આત્મબળ તપાસીને તે માટેનું સ્થળ આપણા જૂદા જૂદા એકડાઓનું પ્રતિનિધીત્વ જેવું સ્થળ મુંબઇ અનુકુળ થઇ પડશે તેવું વિચારીને, સાધન એકડ્ડ થઇ શકશે, તેવો બોજો કોમ ઉપર રાખીને, કોમની સ્થિતિ અત્યારે એવી છે કે તે તેની જરૂરની હાજતો પાર પાડી શકવા જેવી સ્થિતિ ધરાવે છે તેવો વિશ્વાસ રાખીને, સાથે કામ કરનારાઓ પોતે પણ જાતિયભોગ આપી શકવાની સ્થિતિમાં છે, તેઓને નાત પીછાને છે. પોતાનો દરજ્જો પણ કોમમાં કંઇક છે. પ્રસંગ પુરતો ખરચ કરવો પડે તો કરી શકાય તેમ છે, આ સઘળા વિચાર સાથે કોમનું આ કાર્ય, મિત્રોની મદદ લઇને ઉપરનું ધ્યેય ઘડીને તેના અંગે આવશ્યક અને જરૂરનો વિચાર વારંવાર કરીને, જ્ઞાતિનો સમાજ, યાને સંગ એકત્ર કરીનેજ જ્ઞાતિના આ કાર્યની શરૂઆત સન ૧૯૧૨ ના વરષમાં કરવામાં આવી અને " શ્રી ખડાયતા સમાજ મુંબઇ " ના નામે સમાજ સ્થાપીને જ્ઞાતિની પ્રગતિનું કાર્ય હાથમાં લેવામાં આવ્યું. જ્ઞાતિનું ખડાયતા મિત્રપત્ર, કોન્ફરન્સ, કેળવણી ફંડ, અને અન્ય વિધવિધ પ્રવૃત્તિઓ આ શુભ હીલચાલના ફળરૂપે છે. સમાજે કામની શરૂઆત કરી બન્યું તે થોડું કર્યું. પણ કામની શરૂઆત કરતી વખતે તેણે નાતની પરિસ્થીતિ પુરતી નહીં સમજવાની એકાદ ભૂલ કરી. જો કે તેણે કરેલી આ ભૂલ ખરી રીતે ભૂલ નહોતી પણ હાલના અનુભવથી જણાય છે કે તેને તપાસવામાં બાકી રાખેલો આ સવાલ હવે ભૂલ લેખાવીજ જોઇએ ખરી, હાલ માટે આ ખુલાસો પુરતો છે. એટલું જણાવતાં ઉપરની હાલની પ્રવૃત્તિઓની શરૂઆતનો આશય, તેની સ્થાપના વખતની જ્ઞાતિની સ્થિતિ, ત્યાર પછીના સમયમાં પ્રગતિની ગતિ. એ વગેરે માહીતી હવે પછીથીજ વીગત સાથે કોમની આગળ મુકવાની હોવાથી હાલ તે વિષયને બંધ કરૂ છું. છતાંએ આ સમાજે જ્ઞાતિહીત સાધવામાં કયાં કયાં સાધનો અને હેતુઓ વિચારીને કોમની સેવા ઉઠાવવાનો સવાલ તેણે ઉપાડી લીધેલો છે. તે તેણે ઘડી કહાડેલા કાયદા, કાનુન અનુસાર તેની માહીતી ફરીથી કોમને આપવાની આવશ્યક્તા જણાઇ આવવાથી તે નિચે પ્રમાણે હોવાનું જણાવું છું.

[તા. ૫–૭–૮ ઑગસ્ટ સને ૧૯૧૨ ની વ્યવસ્થાપક કમીટીએ ઘડી કહાડેલા અને પસાર કરેલા કાયદા કાનુનો.]

નામ.

આ સંસ્થાનું નામ " શ્રી ખડાયતા સમાજ " રાખવામાં આવ્યું છે.

હેતુઓ.

આ સમાજના હેતુઓ હાલ તુરત નીચે મુજબ રાખવામાં આવ્યા છે.

(क) આપણા ભાઈઓમાં પરસ્પર સંપ તથા સ્નેહ વધારવા તથા મતભેદ દુર કરવાની યોજના તથા પ્રયત્ન કરવા.

(ख) આપણી જ્ઞાતિમાં કેળવણીનો વધુ પ્રચાર કરવા તથા વૃદ્ધિ કરવાના તથા જ્ઞાતિની ઉન્નતિના દરેક ઉપાય યોજવા.

(ग) આપણી જ્ઞાતિના જુદા જુદા ગામના તેમજ જુદા જુદા એકડાના રીતરીવાજો તથા બંધારણમાં સુચના વગેરેથી સમયાનુસાર સુધારા થાય તેવા પ્રયાસ કરવા.

(घ) આપણા જ્ઞાતિના ધંધા વગરના અને ટુંકા પગારવાળાઓની આર્થીક સ્થિતિ સુધારવા માટેના બનતા ઉપાયો યોજવા.

(ङ) સાધારણ સભા આ સિવાય રૂલ મુજબ જે હેતુઓ પસંદ કરે તે સારૂ.

સ્થળ—હાલ તુરત આ સમાજનું સ્થળ મુંબઈ ખાતેજ રાખવામાં આવશે. પણ જરૂર જણાયે અન્ય સ્થળોએ શાખાઓ ખોલી શકાશે.

સભાસદ—કોઈ પણ જગોએ વસતા ખડાયતા જ્ઞાતિના ગ્રહસ્થ જે આ સમાજના હેતુઓ પ્રત્યે દીલસોજી ધરાવનાર તથા તેમાં મદદ કરવાને તૈયાર હશે તેવા કોઈ પણ ગ્રહસ્થ આ સભાના સભાસદ થઇ શકશે. 'વગેરે'

ઉપરના હેતુ અનુસારે સન ૧૯૧૨–૧૩ના વરષ પછીથી આ સમાજે, જ્ઞાતિની પ્રગતિમાં કયા પ્રકારે, કેટલી, કઇ સ્થિતિ વચ્ચે સેવા કરી વગેરે માહીતી જણાવવી. વધારે ઉપયોગી જણાયાથી તે સ્થિતિ કોમની આગળ રજુ કરીને હવે તે કોમની કઇ દિશામાં કેટલી સેવા બજાવી શકે તેમ છે અને તે, તે દિશામાં કોમની મદદ માગે છે તેને લગતો હેવાલ હવે પછી.

થીજ ક્રમે જુદા જુદાં સાધનો દ્વારાએ કોમની સેવામાં મુકવાને ચાહે છે. તે હવે પછીથી જણાવવામાં આવશે. તેવું આ સમાજના એક સભાસદ તરીકે હું જણાવું છું. અને આ સમાજે તેવો વિચાર અને ઠરાવ પણ કરેલો છે.

હાલ મુંબઇ અને બહારગામના મલીને આ સંસ્થાના લગભગ ૭૫ ગૃહસ્થો સભાસદ છે: જેઓએ આ સંસ્થાનું કામ વ્યવસ્થિત કરવાને એક વ્યવસ્થાપક બોર્ડ ગોઠવેલું છે. તેઓ કોમના હિતના વિધવિધ પ્રશ્નોમાં ઠીક રસ લે છે. આ સમાજ ચાહે છે કે, કોમના સઘળી દિશાના જ્ઞાતિબંધુ-ઓનો આ સમાજને ટેકો મલસે 'અને તેમ થવું આવશ્યક છે' તો જ્ઞાતિની પ્રગતીનાં જુદાં જુદાં કામો તેની સંભાળ નીચે સારાં થઇ શકશે. પ્રભુ આપણા જ્ઞાતિલાઓને યોગ્યપંથે વળવાનું સાચુ ભાન કરાવે અને તેઓ કોમના હિતચિંતક બનીને આ કોમને ઉન્નત થયેલી જોવામાં સદ્ભાગી નિવડે એજ હમો ઇચ્છીએ છીએ.

સાચો સેવા ધર્મ.

" સાચી સેવા કશા પણ દંભ કે આડંબર વગરનીજ હોઇ શકે, ખરી સેવા કરનાર વખાણથી કુલાઇ જતો નથી કે નિંદાથી તેના કાર્યમાં મંદતા આવતી નથી. આત્મ સંતોષ એજ સેવાનું ફળ છે, "

વિગતો ઉપરથી સ્થિતિનું તારણ.

૧ જ્ઞાતિની એકંદર વસ્તિ—જ્ઞાતિની વસ્તિના સંબંધમાં આગળ આવી જતી વીગતમાં જણાવ્યા પ્રમાણે, મારા પ્રથમના પુસ્તકમાં સને ૧૯૦૧ ની વસ્તિના આંકડા લીધેલા છે. જે ઉપર આધાર રાખતાં ૧૨૮૫૫ પુરૂષ અને ૧૧૮૬૮ સ્ત્રી મલીને કુલે સંખ્યા ૨૪૭૨૩ હોવાનું જાણુ ઉપર આવેલું; ત્યાર પછીથી સં. ૧૯૧૧ ની વસ્તિના આંકડાઓ રા. બ. કાંટાવાળાએ છેલ્લી પરિષદ્ વખતના તેમના ભાષણમાં ટાંકયા છે જેઓ સં. ૧૯૦૧ અને સં. ૧૯૧૧ ની વસ્તિ વચ્ચે સરખામણી કરીને વસ્તિ ઘટી હોવાનો અભિપ્રાય રજુ કરે છે. ચાલુ છેલ્લી વસ્તિ ગણત્રી પ્રમાણે સં. ૧૯૨૧ ના આંકડાઓ જીલ્લા અને એજન્સીવાર નીચે પ્રમાણે છે.

જ્ઞાત્તિની વસ્તિ.

(૧) "મુંબાઈ ઇલાકાના સન ૧૯૨૧ ના સેનસન્સ રીપોર્ટ ઉપરથી."

		પુરૂષ.	સ્ત્રી.
અમદાવાદ	જીલ્લો	૨૦૦૦	૧૬૨૭
ખેડા	,,	૪૩૫૮	૪૦૪૧
પંચમહાલ	,,	૧૦૨૫	૮૬૧
મહીકાંઠા	એજન્સી	૨૧૪૨	૨૪૮૯
રેવાકાંઠા	,,	૧૧૯૯	૧૧૧૯
		૧૦૭૨૪	૧૦૧૩૭

(૨) "વડોદરા રાજ્યના સન ૧૯૨૧ ના સેનસન્સ રીપોર્ટ ઉપરથી."

કડી	પ્રાંત	૩૮૩	૩૧૮
અમરેલી	,,	૨	૦
નવસારી	,,	૫૬	૫૪
વડોદરા	,,	૧૦૫૩	૮૧૨
,,	શહેર	૨૪૨	૧૬૫
		૧૭૩૬	૧૩૪૯
ઉપરના બન્ને રીપોર્ટોનો ટોટલ.		૧૨૪૬૦	૧૧૪૮૬

ઉપરની વિગત સાથે દક્ષિણનાં ગામડાઓ, ખાનદેસ, બનારસ, મદ્રાસ, વગેરે ગામોની વસ્તિને ઉમેરી લઇએ તો હાલ આપણી કુલ વસ્તિ પુરૂષ ૧૧૮૮૬ અને સ્ત્રી ૧૧૧૦૬ મળીને કુલ્લે ૨૨૯૯૨ ની છેલ્લી વસ્તિ ગણત્રીમાં મુંબઇ ઇલાકા માટે નોધાયેલી જણાઇ છે. પણ તેમાં વડોદરા પ્રાંતની વસ્તિનો ઊમેરો કરવામાં આવેલો નથી તેથી તેને ઊમેરી લઇએ તો પુરૂષ ૧૩૬૨૨ અને સ્ત્રી ૧૨૪૫૫ મળી કુલ્લે ૨૬૦૭૭ ની હોવાનું જણાવી શકાય.

૨ **એકંદર ઘરની વસ્તિ**—એકંદર ઘરની વીગત રજુ કરવામાં બંધારણવાર ઘરની સંખ્યાના લીધેલા આંકડાઓ વધારે ઉપયોગી જણાય છે. આ રીતે દશા અને વિશા બંન્ને વિભાગોમાં ઘરની સંખ્યા નિચે પ્રમાણે હોવાનું જણાવી શકાય.

દશા.

મુખ્ય એકડો કયા નામે.	પેટા વિભાગો ની સંખ્યા.	એકડો કેટલા ગામો માં વહેંચાયેલો છે.	કુલ ઘર અથવા લાણાં
નડીઆદ	૨	૩	૪૫૦
ઊમરેઠ	૩	૧	૨૮૫
એકવીસ ગામ	૧	૧૪	૫૭૫
મોડાસા	૧	૫૬	૮૦૦
કુકણપટ્ટી (દક્ષિણ)	૬		૭૫
ખેડા, માતર	૧	૪	૪૦૦
સાવલી	૧	૧૨	૧૫૦
સોડાસલ	૧	૧૩	૧૪૫
નોંદોદ ભરૂચ	૧	૨	૬૦
રાજ કઠાનમ	૨	૩૨	૧૪૦
કાઠીઆવાડ	૧	૫૦	૧૪૦
સુરત	૧	૪	૫૫
ખાનદેશ અને દક્ષિણ	૧	૧૭	૭૫
૧૩ (બંધારણ)	૨૨	૨૦૮	૩૩૮૦

વિશા.

નડીઆદ	૬	૧	૭૫૦
ઉમરેઠ	૧૪	૧	૧૦૫૦
મોડાસા	૪	૨૯	૮૦૦
કુકણુપટી (દક્ષિણ)	૬		૧૦૦
વેજલપુર	૧	૧૧	૨૬૦
વાકલ ટંકારી	૧	૧૯	૧૨૫
જનોડ	૧	૨૦	૩૪૦
હલધરવાસ	૩	૪	૨૨૦
કડલાલ, ભાનેર	૧	૨૦	૩૭૫
સુરત, નાંદોદ, ભરૂચ	૩	૧૦	૨૩૫
ભાદરવા, સારસા	૨	૨૫	૩૦૦
અમદાવાદ	૧	૧	૬૦
વટવા	૧	૪	૧૦૦
ખાનદેશ	૧	૮	૪૫
૧૪ (બંધારણ)	૪૪	૧૪૫	૪૭૬૦

કુલ તારીજ.	બંધારણ.	પેટા વિભાગો	ગામો.	ઘર.
દશા	૧૩	૨૨	૨૦૮	૩૩૮૦
વિશા	૧૪	૪૪	૧૪૫	૪૭૬૦
કુલ્લ	૨૭	૬૬	૩૫૩	૮૧૪૦

ઉપર રજુ કરવામાં આવતી વીગતમાં દરેક એકડાનાં, ઘર અને લાણ્યાંની જુદી જુદી માહીતી મલી આવેલી નથી; એટલે કેટલીક જગોએથી ઘરની માહીતી મલી છે, ત્યારે કેટલીક જગોએથી લાણ્યાંની માહીતી મલી છે; જો કે ઉપરની વીગતમાં હમોએ સંખ્યા ઘરના આંકડાઓની તારવી લીધી છે. પણ જ્યાંથી તેવી વીગત સ્પષ્ટ લખાઇ આવી નથી ત્યાં લાણ્યાંની સંખ્યા મુકી છે આથી કુલ ઘર નક્કી કરવામાં સહજ જેવો ફેરફાર પડી શકે તે ધ્યાનમાં રાખતાં આપણાં દશા. અને વિશાનાં મલીને કુલ્લ ઘર ૮૦૦૦ હોવાનું જણાવી શકાય.

૬ આપણાં બંધારણો—ખરી રીતે આપણે એકજ જ્ઞાતિ તરીકે તેનું બંધારણ એકજ હોવું જોઇએ. પણ પાછળ આવી જતી વીગતાનું સાર આપણે હાલ જુદા જુદા એકડાઓ, બગડાઓ, બંધારણો, ગોળ, સંભાઓ, ચોખરાઓ, સાજનાઓ, તડો, પેટા તડોમાં વહેંચાઇ ગયેલા હોવાથી જ્ઞાતિ એક કહેવાતી હોવા છતાં એ, વિશેષ જૂદી પડતી જ્ઞાતિમાંજ છીએ તેવું કહીશું તો પણ ચાલી શકશે. પાછળ આવી જતી વીગત અનુસાર આપણે હાલ મુખ્ય ૨૭ બંધારણો અને એકંદર ૬૬ તડોમાં વહેંચાઇ ગયેલા છીએ.

આ વિગત પ્રમાણે જુદા જુદા વિભાગો ગણી શકાય તેવાં બધારણો દશામાં ૨૨ અને વિશામાં ૪૪ મલીને કુલ્લે ૬૬ હોવાનું જણાવી શકાય. પણ આ રજુ કરવામાં આવતા આંકડાઓ મુખ્ય મુખ્ય પેટા વિભાગોની નોંધ તરીકેનાજ લીધા છે; એટલે ઘણી જગોએ તો હાલ એવી પણ સ્થીતિ જાણવાને મલી છે કે, એકજ એકડાના કે તડના વ્યવહારમાં તેમાંએ વલી એકજ ગામમાંએ વ્યવહાર જુદો પાડીને એક કરતાં વિભાગો વધારે પડેલા છે. આને માટે સારો ખ્યાલ આપવાનો તો એકજ દાખલો રજુ કરી શકીશ હમારૂ વિશા ખડાયતાઓનું કાશીક્ષેત્ર (બનારસ) ત્યાં હમારાં ૧૦ ઘર છે જ્યારે તેમાં ત્રણ તડ છે. મને અનુભવ છે તે રીતે આવું એકજ સ્થળે છે તેવું તો કંઇ નથીજ એટલે આવું પુસ્કળ ગામોમાં જોવા મલે છે.

સંસાર સુધારાનો વિષય ચર્ચતા, આપણાજ જ્ઞાતિના રા. બ. હર-ગોવિંદદાસે તેમના એ પુસ્તકમાં હિંદુઓની અને તેઓની પેટા જ્ઞાતિઓનો આંકડો લગભગ ૩૫૦૦ નો મુકયો છે તે આપણી હાલની સ્થિતિ ઉપર વિચાર કરતાં યોગ્યજ હશે. આપણે માટે પણ આ દ્રષ્ટિએ તો તેનાં પેટા તડોની ગણત્રીનો આંકડો કહાડવાનું કાર્ય મને કઠીણ અને અશકયજ જણાયું છે. સાથે મહેનત કરીને તે વિગત રજુ કરવાનો ખ્યાલ આપી શકું તો તેમાં નિરાશાજ અનુભવાય તે સ્પષ્ટજ છે.

આ સ્થિતિ ઉપર વિચાર કરતાં આપણે એક જ્ઞાતિના હોવા છતાં, પરિસ્થિતિ બદલાવાથી એટલે અનેક જુદા વિભાગોમાં વહેંચાઇ ગયેલા હોવાથી જ્ઞાતિની ઉન્નતિનું કાર્ય આપણેજ હાથે છીન્નભિન્ન થયેલું જોઇએ છીએ; એટલે કેટલાક દાખલાઓમાં તો તેના લાભોમાં અંદર અંદરનું વૈમનસ્ય ઉભુ થવાથી આપણે સામસામી પણ અથડામણ કરીએ છીએ. હાલ એકમાંથી

જૂદા જૂદા નામે પડતાં તડાં કે પેટાવિભાગો આ વિચારોનુંજ પરિણામ ગણી શકાય. વિચારોમાં આગળ વધેલી, કેળવણીમાં પણ તદ્દન પછાત નહીં દેખાતી, સંસાર સુધારાની દ્રષ્ટિએ સમાજ જીવન ઊન્નત કરવાની ભાવનાઓ પોષી શકવાના વિચારો ધરાવી શકે તેવી," ઊત્તમ સમૃદ્ધિ ધરાવનાર આ કોમ, હજુ પણ આ દિશામાં બગાડો કરતી ચાલી આવે એ ખરેખર નિચું જોવા પાણુંજ છે.

આપણી સામાજીક સ્થિતિ.

૪ **કન્યાઓની છત અછત**—છુટાં છુટાં પ્રત્યેક બંધારણોની સ્થિતિ લેતાં જણાઇ આવતી અછત ખરી અછત હોવાનું મને તો જણાતું નથી. કદાચ અછત જણાતી હોય તોએ, પરણવાનો હક કોને પ્રાપ્ત થાય છે! તે વિચારો પરિપક્કવ થયા હોય. તે ઉપર કોમ જો ખરા વિચાર તરફ વળી હોય તો, અછત કહુલાવાછતાંએ સ્થિતિ છતમાં રહે; પણ હાલ તુરતમાં તો તે સ્થિતિ તરફ આપણે નજર ઠેરવી શકીએ તેમ નથી. એટલે હાલની ઊપર ઊપરની કે અંદર અંદરની દેખાતી સ્થિતિજ આપણે તપાસવાની રહી છે. આ સ્થિતિ ધ્યાનમાં રાખતાં હાલની સ્થિતિ તો એવી જણાય છે કે, એક બંધારણમાં છત બહુ હોય છે, ત્યારે ત્યાં આપવાનું સ્થળ હોતું નથી. જ્યારે બીજી રીતે કેટલાક સ્થળોએ પુસ્કળ છત હોવા છતાંએ, જેને મળે છે તેનેજ મળે છે. નથી મળતી તેને ગમે તેટલી છુટ હોવા છતાંએ નથીજ મળતી. વળી જ્યાં અછત હોય છે ત્યાં બીજે છત વાળાથી આપી શકવાનું બની શકતું નથી. આવી સ્થિતિ વચ્ચે છત, અછતનો નિર્ણયાત્મક વિચાર રજુ કરવાનું કાર્ય કઠીણુજ થઇ પડે છે. છતાંએ સામટી સ્થિતિ ધ્યાનમાં લઇએ અને પરિસ્થિતિ વિચારમાં લઇ લઇએ તો વિશેષ અછત હોવાનું જણાવી શકાય નહીં.

૫ **વિક્રય અને સાટાં ત્રેખડાં**—આખી જ્ઞાતિમાં પૈસા ખાવાના લેવા તરીકે વિક્રય થતો હોવાના દાખલાઓ તો ભાગ્યેજ બે, ચાર ટકા નીકળી શકે તેમ છે. પણ સામસામી બદલો આપીને, બીજે ત્રીજે ગોઠવણ કરીને, વિક્રય થતો હોવાનું જણાવી શકાય તેમ છે. અને તેનું પ્રમાણ પણ વિશેષ નીકળી શકે તેમ છે. તે એટલે સુધી કે જેઓ આ રહસ્યને ધાર નહિં સમુ સમજતા હોય, કેટલાકો તો કેળવણીમાં પારંગત નીવડેલા હોય, તેવાઓને પણ આ માર્ગે વળેલા હોવાનું જોવામાં આવે છે. જો કે

ખરી રીતે તો વસ્તિના મોટા ભાગનું વલણ આવા પ્રાસ સમયને નિંદ્ય કૃત્ય હોવાનું સ્વીકારે છે. તે સામે અણગમો પણ ધરાવે છે, છતાં એ જડ સંસ્કારોએ હાલની સ્થિતિમાં વિશેષ સારો સુધારો થયો હોય તેવું જોઇ શકાતું નથી. મારા વિચારોએ તો હાલની સ્થિતિ આપણી સમાજ કે, ગ્નાતિ રચનાનેજ આભારી ગણી શકાય. અને તે માટે આપણે જો કોઇને વિશેષ જોખમદાર ઠેરવીએ તો જૂના જડ ઘાલી બેઠેલા વિચારો ધરાવનારા ગ્નાતિના પટેલો, અને બીજી રીતે ગ્નાતિના સંસ્કારી કેળવાયેલા બન્ધુઓ અને સાથે સમાજ ઉન્નતિના કાર્યોમાં પગ રાખનારા સુધારકોનેજ આપણે જોખમદાર ગણી શકીએ.

૬ કૂળવાન અને અકૂળવાનપણું—આ બારિક પણ ચર્ચાને યોગ્ય થઇ પડેલા પ્રશ્ન ઉપર પાછળ લખાયેલી વીગતમાં ઠેકઠેકાણે કેટલુક લખાયેલું છે. જો કે કેટલાંક વિશેષ બંધારણોના સ્થિતિનું તારણ તો એવીજ હકિકત પાર પાડે છે કે–કેળવણી અને સ્થિતિના ફેરફારે તેમાં સુધારો થઇ શકયો છે. છતાંએ હજુ પાછળ રહેલાં એવાં ઘણાંબંધારણો નજર ઉપર આવે છે. કે જેઓ બે પાંચ પહેડી ઉપરની ગંધ પણ આવા પાછળ વિચાર ધરાવનારાઓ મુકી શકતા નથી. આ માટે તો આવા વિચારો ધરાવનારાઓના મન ઉપર આ સવાલનું વ્યાજબીપણું, યોગ્ય રહસ્ય અને સમાનતા કે બંધુત્વની નજરે તેનો લાભાલાભ તેઓની ધ્યાન ઉપર ઉતરી જાય એજ ઇચ્છવું યોગ્ય થઇ પડશે. આપણે અત્યારે તો અસ્પર્શ્યના સંબંધમાં માહાત્માજીના સિદ્ધાન્તને દેશહિત વિચારીને માન આપવાના વલણ તરફ પ્રેમ ધરાવીએ છીએ; ત્યારે તો ગંધ રૂપેજ રહેલ આ જાતિય અસ્પૃશ્યતાને દૂર કરવીજ જોઇએ છે.

૭ કોમમાં વિધવાઓની સ્થિતિ—રજુ થયેલી જૂદે જૂદે સ્થળોની વિગતો એજ બતલાવે છે કે, દુઃખમાં આવી પડેલી, સ્વીકારવામાં આવેલો આપણીજ બહેનો વૈધવ્યના દુઃખમાં આવી પડેથી તદ્દન નિરાધાર અવસ્થા ભોગવે છે. અને તેઓની તેવી તંગ સ્થિતિમાં એ આપણા સમાજની રચના કે જે, આવાઓને મદદ કરવાને બંધાએલ ગણાય, તે હાલની સ્થિતિમાં નડતર રૂપ થઇ તેની બગડતી સ્થિતિમાં ઉમેરો કરી રહેલ છે. આ સ્થિતિનું નીવારણ કયા કયા મુખ્ય વિચારો વિચારી શકવાથી અને તેને અનુસરતો પ્રબંધ સરૂ કરેથી થઇ શકે તેમ છે. તે આખો સવાલ બને તેટલી ઉતાવળે કોમે હવે હાથમાં લેવા ઘટે છે.

૮ **આપણામાં લેવામાં આવતી લગ્નની વય—લગભગ ૭૦-** ૭૫ ટકાની એવરેજ આપણામાં લગ્નની વય કુમારિકા માટે ૧૧ થી ૧૩ સુધીની અને કુમાર ૧૫-૧૬-૧૭ વર્ષના કેટલેક સ્થળેતો હજુએ છોકરી ૧૧ વર્ષની તો જોડીદાર ગણાએલા ભાઇ ૮-૯ વર્ષના હોવાની સ્થિતિ નીકળે છે. અને તેમાં સુધારો થયેલો હોય તેવું પણ જોઇ શકાતું નથી. જ્યારે ઘણી જગોએ હવે ૫-૭ વર્ષનું અંતર રાખવું જોઇએ તેવા વિચારો તરફ લોક વલણ સુધર્યું જણાય છે. યોગ્ય રીતે તો આ સવાલ પ્રત્યેક કોમની ઉન્નતિના વિધ વિધ માર્ગોમાં અગ્ર સ્થાન ભોગવી શકવાનો અભિપ્રાય હું ધરાવી શકું છુંજ. આપણી સ્થિતિ આ બારામાં હજુએ વિશેષ સુધરવાની જરૂર જણાય છે એટલે વ્યાજબી રીતે કહીએ તો આપણે આપણી જાત કે સ્થિતિ માટે દરકાર રાખતા થઇએ તો પ્રત્યેક બંધારણ વાળાઓએ સઘળા સુધારાઓ કરવામાં આ સવાલને વધારે મહત્વનો સમજીને અવશ્ય તેમાં જરૂરનો સારો ફેરફાર કરી લેવોજ જોઇએ. હું ભાર પૂર્વક જણાવું છું કે આપણામાં વિશેષ અને સઘળા સુધારાઓ દાખલ કરવામાં લગ્નની વય વ્યાજબી ઠરાવવાનો સવાલ સઘળા સુધારાઓ કરવામાં ' કેન્દ્ર ' સમોજ ગણવો જોઇએ છે.

૯ **જમણવાર**—આપણે હાલ સુધીમાં તો જમણવારને લગતી આપણી ચાલી આવતી પ્રથામાં કંઇ વિશેષ ફેરફાર કર્યો જણાતો નથી. જો કે, લગ્ન કે તેવા સારા પ્રસંગ માહિનાં ખરચો કરવાનું એક દષ્ટિએ આપણે સ્વીકારી લઇએ; તોપણ આ સવાલની ગંભિરતા વિશેષ વિચારવા જેવી છે અને તે વિચાર્યા સિવાય આપણને હવે ચાલે તેમ નથી; એટલે ખરી રીતે આપણો આખો સમાજ અત્યારે એવા વિશાળ મનનો થઇ ગયો નથી કે મોટેરાઓ પણ ફૂલાઇને ખરચ ના કરતા હોય. એટલે તેવાઓના મનમાં એવું ઠસેલુંજ હોય છે કે, તેઓ સ્થિતિમાં અન્ય કરતાં કંઇક વધારે આગળ છે. આપણો કેળવાયેલો કે સ્થિતિમાં આગળ ગણી શકાય તેવો વર્ગ અત્યારે આવા વિચારો ના ધરાવી શકતો હોય કે જેના પરિણામની અસર તેઓ બીજાના ઉપર ના પાડી શકતા હોય, કે ના દેખાડી શકતા હોય; તેવું માનવાને તો અત્યારે આપણે તૈયાર નથીજ. હું માનું છું તે રીતેતો ખરી રીતે આવાઓજ સમાજને, આ દિશામાં એક દષ્ટિએ તો ખોટા રસ્તે વાળે છે; એટલે હાલની સ્થિતિમાં જેઓને આવાં ખરચો કરવાં સહેજ છે. ખરચ કરવું પાલવી શકે છે; જેઓને આવાં ખરચો કરવામાં રકમ ખરચવી સહજ

જેવી કે નજીવી છે; તેવાઓજ આડકતરી રીતે તો પોતાની મોટાઇ બહાર લાવવાના વિચારો એજ " આ વિચારને અપવાદ લાગુ પાડીએ તો આવા વિચારો ધરાવનારાઓમાં બે ચાર ટકાના કદાચ આવા વિચારો નહીં પોષાયા હશે." આવાઓ ખરચ કરે છે. અને આપણો સમાજ બહિર્મૂખ ઢાઢનોજ રસીઓ બનેલો હોવાથી તેવું જમવું ઠીક નથી તેવું સમજે છે છતાં એ હોંસે જમે છે. અને આખા સમાજની સ્થિતિમાં પ્રાણઘાતક નબળાઇ વધારવાનો ઉમેરો કરે છે. આવી સ્થિતિમાં આથી બને છે એવું કે ખરી રીતે જેઓને મળી શકતું ન હોય તેવાઓને પણ ખરચ કરવાની પરિસ્થિતિમાં આવવું પડે છે. અને આડકતરી રીતે ફરજ પણ મુકાય છે. જ્યાં આપણો આખો સમાજ પછી તે ભણેલો હોય કે અભણ દરેકજ, પોતાની આ પોકળ મહત્તા બતલાવવાનો રસ્તો સ્વીકારી લઇને ખરચ કરતો જતો હોય ત્યાં તો નહીં સમજનાર ગામડાઓ કે શહેરોનો પણ અબૂધ વર્ગ તેવા પંથે જાય. તેવાઓનું જોઇને ઘેલછામાં તે પણ ખરચમાં ઉતરે તેવું અટકાવવાને આપણે અન્ય કયું સાધન ધરાવી શકીએ, અને તેવા સાધારણ વર્ગને કઇ રીતે રોકી શકીએ ? આ સવાલ ઉપર વિશેષ વિચાર કરતાં તો સારો રસ્તો તો એજ જડી આવે છે કે, જેઓને મળતું હોય તેવાઓ સમાજનું હીત હઇડે ધરીને, કદાચ લોકોપવાદ લાગુ પડે તો તે ખમી લઇને પણ તેવાઓ એજ જમણવારો ટુંકાવવાની સારી પહેલ કરીને સાધારણ વર્ગને આ સ્થિતિમાંથી બચાવી લેવો. પણ આ વિચાર જોડે એક દલીલ એવી પણ રજુ કરી શકાય કે, જેને મળે તે શા માટે ન કરે ? જેઓ શક્તિમાં ન હોય તેવાઓ ભલે ના કરે ! આ વીચાર ઠીક છે પણ તે યુક્તતો નથીજ, કારણ દરેક સ્થળે સ્થિતિ સારી ના હોય, કે મધ્યમ હોય તો કહેણ તેવાનેજ લાગુ પડે છે, સારી સ્થિતિ વાળો ના કરે તો તેને કોઇ કહેતું નથી કહેતો તેને તેની આંટ કે આબરૂને વિશેષ ધોકો પહોચતો નથી; એટલે આ વિચારનો અમલ કરવાનું વ્યવહારમાં મુકાય તો સારી સ્થિતિ વાળાજ પોતાના ત્યાંના પ્રસંગોમાં આવાં જમણો બંધ કરીને દાખલો બેસાડે તોજ તે બની શકે; છતાંયે દરેક એકડા વાળાઓ વિચારવામાં આવતી આ પરિસ્થિતિનો વિચાર કરીને આ રીતે ફેરફાર થવો શકય ના ગણાતા હોયતો તેઓએ વિશેષ જણાતાં આવાં ખરચો કમી કરી લેવાં જોઇએ; અને તે ઉપર ઘટતો અંકુસ પણ મુકવો જોઇએ. જ્ઞાતિને લગતી આ સ્થિતિ રજુ કરતાં લગ્ન કે સારા પ્રસંગો માંહેનાં આ ખરચો કરવામાં હાલની સ્થિતિ

વર્ણવીએ તો કેટલેક સ્થળે છોકરાઓના લગ્ન પ્રસંગમાં એક પણ નાત કરવામાં આવતી નથી. જ્યારે કેટલેક સ્થળે છોકરીના લગ્નમાં એ ફરજીઆત નાતો કરવાનું જણાઇ આવે છે. જોકે સ્થિતિ સારી હોય તોતો ઠીક છે. પણ જ્યાં સ્થિતિ સારી નાહોય ત્યાં આ રીવાજ બદિ તરફ ધસડી જવાની બીકમાં ઉમેરો કરે છે. પ્રત્યેક બંધારણ વાળાઓ કે જ્યાં ઉપરની સ્થિતિ ચાલુ હોય ત્યાં આ રીવાજ તરફ પુરતો વિચાર કરીને ગ્યોગ્ય સુધારો કરશે તેવું હું ઇચ્છું છું. જમણવારના સંબંધમાં આ એક બાજુ રજુ થઈ, જોકે આમાંએ ઘણું ઉમેરવાનું રહે છે. ખુશીના વરાઓ મહાન જલસાઓ, હેતુની વિરૂદ્ધ જતાં બીજાં કેટલાંક આવાં અન્ય ખરચો આ સઘળુંએ સુધારો કરવામાં ધ્યાનમાં રાખવા જેવું હોવા છતાંએ આની બીજી બાજુ તરફ વળીએ તો મરણુ પ્રસંગનાં ભોજનો કે નાતોને તો આપણે સમૂળગી તિલાંજલી આપવી જોઇએ. આ સંબંધે અગાઉ ચર્ચાઇ ગયેલ સારા વિચારો કોમ ધ્યાનમાં લેશેતો તેને જાણુવાને પણુ મળેલું છે કે—આ પ્રસંગનાં જમણો એક દૃષ્ટિએ પ્રેત ભોજન હોવાનું કહેવામાં આવેલું છે તે વ્યાજબી રીતે ખરૂંજ છે. આપણી સ્થિતિ માટે આપણેજ જવાબદાર છીએ. એ ખૂબ ખૂબ રીતે મનમાં ઠસાવી લઇને હવે આપણે પ્રગતિના માર્ગ ઉપર ચઢવુંજ પડશે નહીંતો અન્ય બીજી હલકી કોમો કરતાં આપણે સારા કે ઉંચે છીએ તેવો દાવો રજુ કરીશું તે આ જમાનો હવે તો સહજ પણ સ્વિકારશે નહીંજ

૧૦ રડવા કુટવાના રીવાજની સ્થિતિ—સ્થિતિ રજુ થઇ છે તે સહજ પણ સારી જણાતી નથી સુધારાને વિશેષ અવકાશ છે. આપણે આ આખો સવાલ આપણી સ્ત્રીઓને જોખમે કે ભાગે મુકી શકીએ ખરા પણ તે ક્યારે બની શકે ? સ્ત્રી કેળવણીના આ આખા સવાલને આપણે હાથમાં લઇએ તોજ. કોમ આ મહત્વના સવાલ તરફ જ્યાં સુધી બેદરકાર અને બહિર્મૂખ રહેશે ત્યાં સુધી આગળ વધવું કઠીણુ છે. જોખમદારી આખી કોમના માથેજ છે; તેણે ગ્યોગ્ય રીતે પોતાની સ્થિતિ સુધારવી હોય તો ઉપાયો પણ હાથમાં લેવાજ જોઇએ, આટલું હોવા છતાં એ આવા રીવાજો ટુંકા કરી નાંખવામાં નાત સાથે યોગ્ય પ્રતિબંધનો કંઇક ઠીક અસર ઉપજાવી શકશે ખરા. હાલની સ્થિતિમાં તેવું બન્યાના કેટલાક દાખલાઓ પણ છે; આ જોતાં એ ઉપાયથી પરિણામ તરફ જઇ શકાશે ખરૂં.

કેળવણી.

(૧૧) કેળવણીઃ—સબંધેની આપણી હાલની સ્થિતિ આપણાં જુદાં જુદાં બંધારણો ઉપરથી તારવી કહાડેલી વીગતે નિચે પ્રમાણે હોવાનું જણાવી શકાય.

(૧) દશા.

એકડો.	ઘર.	બી.એ.	એલ.એલ. બી.	એમ.એલ. એલ.બી.	એલ.સી. ઇ.	એલ.એમ. એન્ડ.એસ.
નડીઆદ	૪૫૦	૬	૫	૧	૫	૦
ઉમરેઠ	૨૮૫	૪	૪	૦	૦	૦
એકવીસગામ	૫૭૫	૯	૧	૦	૦	૨
નાદોદ	૯૦	૪	૫	૦	૨	૨
ખેડામાતર	૪૦૦	૧૦	૭	૦	૧	૧
સાવલી	૧૫૦	૦	૦	૦	૦	૦
સોંઢાસલ	૧૪૫	૦	૦	૦	૦	૦
મોડાસા	૮૭૫	૦	૦	૦	૦	૦
રાજકહાનમ	૧૪૦	૦	૦	૦	૦	૦
કાઠીઆવાડ	૧૪૦	૦	૦	૦	૦	૧
સુરત	૫૫	૧	૦	૦	૦	૦
ખાનદેસ, દક્ષિણ	૭૫	૦	૧	૦	૦	૦
	૩૩૮૦	૩૪	૨૩	૧	૮	૬

૧ બી. એ. જી.

(૨) વિસા.

નડીઆદ	૭૫૦	૨૧	૧૨	૦		૧
ઉમરેઠ	૧૦૫૦	૩	૪	૦	૧	૧
મોડાસા	૯૦૦	૨	૦	૦	૦	૦
વેજલપુર	૨૬૦	૦	૦	૦	૦	૦
વાકલ	૧૨૫	૦	૦	૦	૦	૦
જનોડ	૩૪૦	૦	૦	૦	૦	૦

હલધરવાસ	૨૨૦	૦	૦	૦	૦	૦
કઠલાલ	૩૭૫	૧	૧	૦	૦	૦
સુરત	૨૩૫	૦	૧	૦	૦	૦
ભાદરવા	૩૦૦	૦	૦	૦	૦	૦
અમદાવાદ	૬૦	૦	૦	૦	૦	૦
વટવા	૧૦૦	૦	૧	૦	૦	૦
ખાનદેશ	૪૫	૦	૦	૦	૦	૦
	૪૭૬૦	૧૭	૧૯	૦	૧	૨

૧ એમ. એ., ૨ આઇ. સી. એસ., ૧ પોટરી એકસપર્ટ.

કુલ્લ તારીજ.

દશા.	બી.એ.	એલ.એલ. બી.	એલ.એ. એલ.એલ.	આઇ.સી. એસ.	એલ.સી. ઇ.	એલ.એમ. એન્ડ.એસ.
	૩૪	૨૩	૧	૦	૮	૬
વિસા.	૧૭	૧૯	૦	૨	૧	૨
	૫૧	૪૨	૧	૨	૯	૮

દશા.	બી. એ. જી.	પોટરીએકસપર્ટ	એમ. એ.
—	૧	૦	૦
વિસા.	૧	૧	૧
	૨	૧	૧

કુલ્લ ડીગ્રી લીધેલા ગૃહસ્થો ૧૧૭.

ઉપરની સંખ્યામાં હાલમાં નવા નીકળતા ૧૦–૧૫ ગૃહસ્થોનો ચાલુ સાલે ઉમેરો થશે ખરો.

ઉપરની વીગત રજુ કરતાં નાતની ઉપર રજુ થયેલી સ્થિતિ સમજવાને તેના બે વિભાગ કરવા જોઇએ. (૧) શહેરો અને સાધનવાળાં મોટાં ગામો અને (૨) સાધન વગરનાં ગામડાઓ. આ વીગત ધ્યાનમાં રાખીને તેનું જો વર્ગીકરણ કહાડીએ તો વીગત નિચે પ્રમાણે નીકળે છે.

(૧) શહેરો અને સાંવનવાળાં ગામો.

એકડો		ગામ.	ઘર.
નડીઆદ	દશા.	૩	૪૫૦
,,	વિસા.	૧	૭૫૦
ઉમરેઠ	દસા.	૧	૨૮૫
,,	વિસા.	૧	૧૦૫૦
ખડાલ, કપડ-વણજ	દસા.	૧૪	૫૭૫
ખેડા, માતર, અમદાવાદ, મહેમદાવાદ	,,	૪	૪૦૦
સુરત	,,	૪	૫૫
,,	વિસા.	૧૦	૨૩૫
નાંદોદ	દશા.	૨	૯૦
અમદાવાદ	વિસા.	૧	૬૦
		૪૧	૩૯૫૦

વિગત.

૪૮ બી. એ.
૧ એમ. એ. એલ. એલ. બી.
૭ એલ, એમ. એન્ડ. એસ.
૨ બી. એ. જી.
૨ વેટનરી સરજન.
૪૦ એલ. એલ. બી.
૮ એલ. સી. ઇ.
૨ આઇ. સી. એસ.
૧ પોટરીએકસપર્ટ.

કુલ્લ. ૧૧૧

(૨) સાંવન વગરનાં ગામડાઓ.

		ગામ.	ઘર.
સાવલી	દસા.	૧૨	૧૫૦
સોંડાસલ	,,	૧૩	૧૪૫
મોડાસા	,,	૫૬	૮૭૫
રાજકહાનમ	,,	૩૨	૧૪૦
કાઠીઆવાડ	,,	૫૦	૧૪૦
ખાનદેસ	,,	૧૭	૭૫
મોડાસા	વિસા.	૨૯	૯૦૦
વજલપુર	,,	૧૧	૨૬૦
વાકલ	,,	૧૯	૨૬૦
જનોડ	,,	૨૦	૩૪૦
હલધરવાસ	,,	૪	૨૨૦
કઠલાલ	,,	૧૦	૩૭૫
ભાદરવા	,,	૨૫	૩૦૦
વટવા	,,	૪	૧૦૦
ખાનદેશ	,,	૮	૫૫
		૩૧૦	૪૧૯૦

વિગત.

૩ બી. એ.
૨ એલ. એલ. બી.
૧ એલ. એમ. એન્ડ. એસ.

—

કુલ્લ ૬ ડીગ્રીવાળા ભાઇઓ.

કેળવણી સબંધેની કોમની ખરી સ્થિતિ સમજવાને ઉપરની વીગત વિશેષ અજવાળું પાડે છે.

૧૨ આર્થીક— કોમની આર્થિક સ્થિતિ સમજવાને પણ ઉપર કેળવણીના પ્રશ્ન ઉપર પડતા અજવાળાના ધોરણે, શહેરો અને ગામડાઓ એ બંન્ને વચ્ચે સરખામણી કરી લઇએ તો શહેરોનીજ સ્થિતિ સારી નીકળે છે; જ્યારે ગામડાઓ દીન પ્રતિદીન હાલની સ્થિતિમાંએ સારાં થવાને બદલે બગડતાં આવતાંજ જોવામાં આવે છે; તોપણ હાલની સ્થિતિ સમજવાને આપણને કેટલીક વિશેષ વીગતો જાણવાની રહે છે. સાથે તેની સુધારણાનો પ્રશ્ન એક રીતે નહીં પણ જૂદિજૂદિ રીતે ચર્ચવો પણ આવશ્યક છે. આ માટે હવે પછીથીજ આપણે વધારે વિચાર કરીશું; છતાં હાલની સ્થિતિ માટે તુરતમાં કોમના ધનીકો તરફ આપણે આંખ ફેરવી રાખીએ કે, તેઓ જરૂર જણાય તો પોતાનું હિત રાખીને પણ નાના નાના ધંધાની શરૂઆત કોમના સાહસિકોને કરી આપે કે તે તેવાં સાધનો દ્વારાએ પોતાની મહેનતના જોમે ધંધે વળગવાથી સુખી થાય.

૧૩ **સાહિત્ય**—સાહિત્યને નામે આ વિષય ઉપર કંઇપણ લખવું એ અવ્યવહારૂ જણાય છે, છતાં 'સાહિત્ય' સબ્દની વ્યાખ્યા મેં અહિયાં ઉમદા કહો કે હલકી કહો, એવી કક્ષામાંજ ઘટાવી લીધી છે, કે આથી એક દ્રષ્ટિએ સાહિત્યરશીકોને અન્યાય પણ થશે: પણ આ કોમને તેની પ્રગતિના માર્ગોમાં હાલ તુરતને માટે તો જે ઉંચ્ચ કક્ષાનું સાહિત્ય મદદ કરી શકશે તે કરતાં એ કોમની સ્થિતિ સમજીને સાદુ અને સરળ લેખનશૈલી ઉપર, કદાચ તેમાંએ પણ પુરતી કમાન નહીં હશે તેવું પણ દલિલસર, કોમ સમજી શકે તેવું વાંચન આપવામાં આવે તેનેજ 'સાહિત્ય' નામ લાગુ પાડવું મને ઠીક જણાયાથી આ વિષયને તેજ દ્રષ્ટિએ મેં સહેજ સહેજ ચર્ચ્યો છે; અને તે આશાથી આપણી કોમમાં જે જે થોડું ઘણું પણ લખી શકે તેમ છે તેવા સઘળા બંધુઓને એકજ

દિશામાં કોમની ઉન્નતિનું ધ્યેય વિચારીને કોમને અનુકુળ થઈ પડે તેવું સાહિત્ય પ્રસિદ્ધ કરવાને એકઠા કરી શકાય તે માટે તેવા બંન્ધુઓનાં નામ પણ આ પુસ્તકમાં લીધાં છે. કહેવાને હું વધારે ખુશી થાઉં છું કે આ દિશામાં યોગ્ય પ્રયત્ન કરવાને મુંબઇની શ્રી ખડાયતા સમાજે આ કામ પોતાના હાથમાં લીધું છે; જેને લગતી વિશેષ માહિતી હવે પછીથી જણાવવામાં આવશે. છતાંએ આ સમાજની એવી ઇચ્છા છે કે આ સંબંધમાં વિશેષ ઢીલ થાય નહીં તે માટે સમાજ તરફથી બીજો સરકયુલર મોકલવામાં આવે તે આગમચ જેઓને આ સબંધમાં વશિષ જાણવાની તિવ્રતા જણાતી હશે તેવા બંન્ધુઓ આ વિષયમાં જરૂરનો ખુલાસો પૂછાવશે તો આ દિશામાં સમાજે રાખેલા ધ્યેય અને સમાજે તેને લગતા કરેલા ઠરાવની માહિતિ પાર પાડવામાં આવશે.

આ વિગત જણાવતાં મુંબઇની શ્રી ખડાયતા સમાજને લગતો પત્ર વ્યવહાર, નિચેના સીરનામે કરવાની અરજ કરવામાં આવે છે.

સેક્રેટરી શ્રી ખડાયતા સમાજ, મુંબઇ
સેન્ડહર્સ્ટ રોડ, વિદ્યાભૂવન. મુંબઇ નં ૪

૧૪ રાજકિય— આ વિષય અને તેની મહત્તા હાલની સ્થિતિમાં સમજવી વિશેષ આવસ્યક છે. હાલના પુસ્તકમાં હું આ સંબંધમાં તેના કોઇપણ બારિક પ્રશ્નમાં ઉતર્યો નથી. કારણ મને સમજાય છે કે, જ્ઞાતિના આ સવાલમાં આ પ્રશ્ન ચર્ચવાનું વ્યાજબી રીતે સ્થાન નથી. તોપણ પાછળ આવી જતી વીગતોમાં સહકારી, અસહકારી, વકીલો, મ્યુનિસીપલ કોંનસીલરો, પ્રમુખો, લોકલબોર્ડના સભાસદો એ વગેરે ગૃહસ્થોની નામાવલી આ હેડીંગ નિચે મેં તારવી કહાડેલી છે. કોમના હિતની દ્રષ્ટિએ જેઓને આ દિશામાં કામ કરવાનું હશે તેવાઓને, આ વિગત કંઇપણ ઉપયોગી નિવડશે તેવું હું ધારૂ છું; તોપણ હાલની પ્રવૃત્તિમાં સ્વદેશી જેવા દેશહિતના સવાલને આ પ્રશ્ન સાથે ઘટાવીને કોમની ઉન્નતિના માર્ગોમાં આ દિશામાં કામ કરનાર બન્ધુઓને એકજ પ્લેટફાર્મ ઉપર આપણે એકઠા કરી શકીએ અથવા તો તેવાઓ કોઇ યોગ્ય સુકાનીની સરદારી નીચે એકઠા થાય તો સ્વદેશી જેવા આ ધર્મ પ્રિય વિષયમાં આપણે આપણો યોગ્ય હિસ્સો આપી શકીએ ખરા.

૧૫ સ્વયમ્ સેવક મંડળ—સ્વયમ્ શેવક મંડલ અથવા યુવક મંડલો અથવા તો વૉલિંટિયર કોર. બંધારણોને લગતી પાછળ આવી જતી વીગતોમાં

ઘણી જગોએથી આપણને જાણવાને મલ્યું છે કે, ઘણાં ખરાં બંધારણોમાં પોત પોતીકા સરક્લ માટે, આવાં મંડલો સ્થપાયેથી તે તે એકડાના ભાઇઓ ઉપર તે સારી અસર ઉપજાવી શક્યાં છે; તે જોતાં જ્યાં જ્યાં આવાં મંડલો ના સ્થપાયાં હોય ત્યાં તે સ્થપાઇ જવાં જોઇએ. જો કોમના યુવકોના હૃદયમાં સેવાભાવના યોગ્ય દિશામાં ઉતરી જાયતો આવાં મંડલો કોમમાં પોતાની શક્તિઓનો સારો હીસ્સો આપી શકે ખરાં: પણ તેઓએ પોતાનું ધ્યેય નક્કી પણે ઘડવું જોઇએ; એટલે આ દિશામાં પોતાની શક્તિઓ કેટલા માપમાં પહોચવી યોગ્ય છે અને પહોચી શકે તેમ છે તેનો વિચાર પ્રથમજ કરવો જોઇએ. આ પ્રશ્નમાં હમોને જોવા મલ્યું છે તે રીતે સેવાભાવનાથી મળેલા કેટલાક કામ કરનારાઓએ ઉપરના વિચારોનું ધ્યેય નહીં વિચાર્યાથી તેવાઓ કોમમાં પોતાના સ્થાનને ભૂલી જવાથી વ્યવહારૂ રીતે જે કામો સરળ રીતે ચાલવાં જોઇએ તેવાં કામોને પણ આડકતરી રીતે અને સીધી રીતે પણ કેટલુંક નુકસાન થયું છે, કોઇપણ યુવક કે તેવા મંડલના અંગે આવું ના અને તે માટે તેને પહેલાંતો પોતાની સ્થિતિ સમજવી જોઇએ, તેનું માપ કહાડવું જોઇએ, અને તે ઉપર વિચાર કરીનેજ કામની શરૂઆત કરે તોજ, આવાં મંડલો કોમમાં પોતાની પ્રતિષ્ટા વધારી શકશે; અને તે દ્વારાએ તેઓના હાથે કોમની સેવા થઇ શકશે. આપણે જો સહેલાઇથી અને બની શકે તેટલું આ કાર્ય પાર પાડી શકીએ તો દરેક એકડાઓના યુવકમંડલોની એક મોટી (જનરલ સભા) સ્થાપી શકાએ તેમાંથી ઉપરની વૉલીંટીઅર કોર પણ સ્થાપી શકીએ; અને તે વિષયને ચર્ચતું એકાદ સાહિત્ય હસ્તલિખીત, કે પ્રીન્ટેડ પ્રસિદ્ધ કરીએ તો, આ સંસ્થાદ્વારાએ ઘણું ઉપયોગી કાર્ય કરી શકીએ તે કહેવું ભાગ્યેજ ખોટું ઠરે. આ વિગત જણાવતાં કોમની આગળ એક નાની બાબત રજુ કરવાની તક લઉ છું કે—આ દિશામાં મુંબઇની શ્રી ખડાયતા સમાજે એક કોર સ્થાપી છે. તેણે હાલ તુરત તલ મુંબઇના રહીશોને પોતાના સેવાઓ કઇ રીતે આપી શકાય તેને લગતાં કામો ઉપાડી લીધાં છે. 'ફર્સ્ટ એઇડ' સરૂઆતની મદદ, અને તેવું કેટલુંક જરૂરનું થોડુક પણ ઉપયોગી સાહિત્ય આ મંડલે હાલમાં પ્રસિદ્ધ કરવાને વીચાર્યું છે. આ સાહિત્ય માટે અને કોમમાં આ દિશામાં કામ કરનાર મંડલો, પરસ્પર વિચારોની આપ લે કરીને આવું જનરલ બૉર્ડ સ્થાપી શકવાના સબંધે વિશેષ જાણવાને ઇચ્છતા હશે તેઓ આ સમાજની કોરના કેપ્ટન રા. ચીમનલાલ હરિલાલ દેશાઇ ઠા. સેન્ડહર્સ્ટ રોડ વિજયાભૂવન મુંબઇ નં. ૪ ના શીરનામે

પત્ર વ્યવહાર કરશે તો તે માટે યોગ્ય જણાતો વિચાર કરવાનું ઠીક થઇ પડશે. હું ઇચ્છું છું કે, આ રીતે સઘળા એકડાનાં સ્થપાએલાં કે સ્થપાતાં યુવક મંડલો જો એક મંડલના નિચે આવી શકશે તો ઘણી વખતે ગામડાઓ કે શહેરોમાં જીવલેણ દરદો ઉપસ્થિત થવાના પ્રસંગોમાં બનતી સાહય અને મેડીસન પહોચાડવાનું, સ્કુલની શીખાઇ ગએલી બુકસો એકઠી કરીને બીજાઓને પહોડવાનું, સરક્યુલેટીંગ લાયબ્રેરીના કામકાજમાં પત્રો અને પુસ્તકોની વહેંચણી કરવાનું, રજાઓના અને તેવાજ બીજા ફાલતુ વખતમાં આપણા ગામડાઓમાં કેળવણીની અને સામાજીક સ્થિતિ સુધરે તે માટે ભાષણોની શ્રેણીએ લોકમત કેળવવાનું, યુવકોની ફરજ પુરતુજ સાહિત્ય પ્રસિદ્ધ કરીને કર્તવ્ય તરફ આપણા યુવકોને દોરવાનું અને કોમના નીરાધાર જણાતાઓને યોગ્ય દિશામાં મદદ કરવા માટે બીજાઓથી મદદ મેળવીને તેમને તેવી મદદ પહોચાડવાનું અને તેવાં બીજાં અન્ય ઘણાં કામો ઘણા બંન્ધુઓ એકજ ધ્યેયે એકઠા મળવાના સંયુક્ત બળે આ મંડલ સેવાભાવથી પ્રેરાઇને કામ કરે તો, તે કોમની સારી સેવા બજાવી શકશે.

૧૬ ધાર્મિક—જ્ઞાતિના આ વિષયમાં આ પ્રશ્ન માટે જો કોઇ યોગ્ય સ્થાન હોય તો આ ગહન વિષયમાં બે શબ્દો લખવા તેમાં હું તો મારી અપૂર્ણતાજ જણાવી શકું છતાં; આ પુસ્તકમાં એકાદ સ્થળે કંઇક પ્રાસંગિક ચર્ચામાં મારે આ વિષય પ્રત્યેની મારી લાગણી પ્રદર્શીત કરવી પડી છે તે પ્રસંગ પુરતીજ રજુ કરવી પડી છે. એટલે આ વિષયમાં જ્ઞાતિનાઃ આ પુસ્તકમાં વિશેષ સ્થાન નથી તેવું જણાવે કંઇ વિશેષ લખવાનું રહેતું નથી પણ જયારે કોમને લગતા ઘણા પ્રશ્નોમાં વ્યાજબી રીતે મેં કંઇને કંઇ સ્થાન લીધું છે ત્યારે તો આ બારામાં પણ નજર આવતા એકાદ અગત્યના પ્રશ્નમાં કે જે આપણા ઇષ્ટદેવ શ્રી કોટયર્કદેવ, તેના મંદિર અને સેવકોને લગતો પ્રશ્ન આપણી આગળ આવી પડેલો છે તેમાં યોગ્ય જણાતું સહેજ પણ લખવાની મારી ફરજ જતી કરતો નથી.

આ સંબંધમાં પેપરોમાં ચર્ચાએ જે સ્થાન લીધું છે. અને બીજી રીતે જાણવાને મલ્યું છે. તે જોતાં કમિટી અને મંદિરના સેવકો વચ્ચે ખળભળાટ થયો હોય તેવી સ્થિતિ હાલ ઉભી થયાનું જણાય છે. મારા વિચાર પ્રમાણે તો આ વિષયમાં કામ કરનાર કમીટીની ભૂલ બતાવવી જેટલું ઠીક ના કહેવાય તેટલુંજ સેવકો મંદિરના હિતનીજ વિરૂદ્ધ હતા અને રહે છે તેમ કહેવું તે પણ ખોટું છે. મંદિરની માલીકી અને હકના

સબંધે આ પ્રશ્ન ચર્ચતાં આપણે આ પ્રશ્નમાં જો ઉંડા ઉતરીએ તો, શ્રી ઠાકોરજીના સુખનો વિચાર કરવાનું કામ અને સેવકોએ વહિવટ કમીટીને સ્વ ખુશીથી લખી આપ્યા બાદ તેઓને નારાજ થવાના કારણુમાં કંઇક યોગ્ય ખતરો પડેલો હોવો જોઇએ ખરો. મારી નજરે મંદિરના હિતનો સવાલ આપણી સનમુખ એવી રીતે ઉભો રહેલો મને સમજાય છે કે, જેમાં તેના વહિવટનો વ્યવસ્થિત પ્રબંધ આપણે કરીએ તે સાથે સેવકોના હિતનો પ્રશ્ન પણ કોઇપણ રીતે જતો કરીએ નહીં. પણ હવે આ વધેલી કડવાસ કોઇપણુ રીતે દૂર થાય તેવું કરવું એ આપણા એકે એક વૈષ્ણવની ફરજ છે અને તેના નીકાલનો પ્રશ્ન બને તેટલો વહેલો ઉકેલવો જાઇએ છે. કે મંદિરનું કામ સારી રોતે આપણે આગળ ચલાવી શકીએ તેમજ શ્રીઠાકોરજીની સેવામાં આ કડવાસથી વિશેષ અંતરાય આવી પડે નહીં.

૧૭ **શ્રી મુંબાઇની ખડાયતા સમાજ**—આ સમાજને લગતી કેટલીક માહિતી આ પહેલાં કોમની આગળ મુકવામાં આવી છે. જ્ઞાતિની સ્થિતિ રજુ કરવાનો આ મારો સ્વલ્પ પ્રયાસ આ સમાજના એક સભાસદ તરીકે મારા પોતાના હીસ્સે અને જોખમે મેં ઉપાડી લીધો હતો. પ્રભુની કૃપાથી મારાથી તે જેવો બની શકયો તે રીતે પુરો કરીને જ્ઞાતિ આગળ મેં રજું કર્યો છે. જેમાં ક્ષિતિ અને ખામીઓ પૂષ્કળ હશે પણ હંસવૃત્તિએ સાર ગૃહણ કરીને મને તેવા દોષોમાંથી મુક્ત કરવામાં આવશે. મારા આ પ્રયાસનું સુફળ કોમની પ્રગતિના કાર્યમાં ઇશ્વર જે કંઇ બતલાવે તે શ્રીકૃષ્ણાર્પણ હજો તેવી મારી તેના પ્રત્યેની અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે. ખરી રીતે આ કાર્ય મેં મારા હાથનું માની લીધું છે પણ તે આ સમાજના અંગનુંજ છે. એવું માની લેવામાં મારી કૃત્તિનો દાવો પણ આ લખતાં હું છોડી દઉં છું. છતાંએ, કદાચ તેના અંગે કોમના કોઇ ઉદાર ભાવનાશિલ હિતચિંતક બન્ધુનો; માર સહન કરવો પડશે તો તે મારી પીઠ ઉપરજ રેહશે.

૧૮ **કોમના ઉત્તકર્ષની ભાવિ આશાઓ**—ઉપરની સઘળી સ્થિતિ રજુ કરતાં બન્ધુઓ કોમના ઉત્તકર્ષની ભાવિ આશાઓ તમો બંન્ધુઓનાજ સીરે રહેલી છે. પ્રભુ તે પાર પાડવાને દરેક દરેક જ્ઞાતિલાને પુરતુ બળ આપે તેજ તેના પ્રત્યેની મારી દિનભાવે યાચના અને પ્રાર્થના છે.

॥ इति सुभम् : ॥

એક ખબર.

સંવત ૧૯૬૧ ના વરષથી હમો અહીં 'મુંબઈ'માં કમિશન એજન્ટ (આડત) નું કામકાજ કરીએ છીએ. વાયદાના કોઈપણ જાતના વ્યપાર સીવાય; તેમજ હાજર માલના કામકાજમાં સિવાય કે 'વિલાયતી કાપડ' ને મુકીને અહીંનાં દરેક કામકાજો હમોને જણાવવામાં આવશે તો તેવાં કામો હમો ખાત્રિ પૂર્વક કરીશું. પત્ર વ્યવહાર હમારા નિચેના સીરનામે કરવાની વિનંતી કરવામાં આવે છે.

ટેલીગ્રાફિક એડ્રેસ.
Tajomaya
Bombay.

મુલજી નાથજી કોઠારી.
વચલો ભોઈવાડો, મુંબઈ નં. ૨.

આ પુસ્તકનો બીજો ભાગ.

"ખડાયતા જ્ઞાતિની સ્થિતિ પરત્વે થોડાક વિચારો."

આ નામે એક સ્વતંત્ર પુસ્તક પ્રસિદ્ધ કરવાને લગતા વિષયોનું સાંકલીયું જુદા સુચીપત્રદ્વારા હવેથી આપવામાં આવશે.

નમ્ર સેવક,

મુલજી નાથજી કોઠારી.

મુંબઈનો વ્યાપારી અનુભવ.

આડત યાને કમિશન એજન્સી એ ધંધાને લગતો અનુભવ, મુંબઇના વ્યાપારની ખુબીઓ સમજવાને એટલો તો ગુઢ જણાય છે કે, વ્યાપારની જુદિ જુદિ આંટીઓ સમજવા કે સમજાવવાને તેને લગતા વિશેષ જ્ઞાનની જરૂર રહે, અને તે માટેનું તેટલુંજ વિશેષ સાહિત્ય રજુ કરી શકાય.

આ ધંધા સાથેનો મારો સબંધ લગભગ ૨૦ વર્ષનો થવા જાય છે. મને શરૂથીજ અહીંના વ્યાપારને લગતું સાહિત્ય નહીં હોવાનું જણાયેથી અને તે પ્રસિદ્ધ થવું વધારે અગત્યનું હોવાથી આ ધંધાના એક શીખાઉની દ્રષ્ટિએ હું તેની બારીકીઓ ઝીણ-વટથી તપાસતો હતો. વરષોનો મારો આ અનુભવ હાલ પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવાનું કામ મેં હાથમાં લીધુ છે; મને જણાય છે કે મારા આ પ્રયાસથી પ્રત્યેક ધંધાદારી, નામાવટી, પ્રાથમિક શાળાઓના શિક્ષકો, અને વિદ્યાર્થીઓને ઘણુંજ વિશેષ જાણવાનું મલશે કે, તેવાઓ આ પુસ્તક મારફતે વ્યાપારને લગતો વિશેષ અનુભવ મેળવી શકશે. તેમજ જેઓ મુંબઈ સાથેના વ્યાપારમાં જોડાયેલા હશે અને જેઓ જોડાવાને માગતા હશે. તેઓને પોતાના ધંધામાં ધંધાની ઝીણવટ સમજવાને આ પુસ્તક એટલું તો માર્ગ દર્શક નિવડશે કે તેવાઓને અહિંનો વ્યાપાર કરવાને કે સમજ-વાને તે વિશેષ સરળતા કરી આપશે.

આ પુસ્તમાં આવી જતા વિષયો સ્ફુટ કરવાને ઘણી લાંબી વિગત રજુ કરી શકાય તેમ છે. જેને માટે અહીં પુરતું સ્થળ નહીં હોવાથી ટુંકમાં જણાવવાનું કે ઘણા મોટા ભાગે અહીંના પ્રત્યેક ધંધાને લગતી ઉપયોગી માહતી આ પુસ્તકમાં પુરી કરવામાં આવશે. એટલે પુસ્તકના લખાણુ તરફ નજર કરતાં તે દળદાર પોથો થવા જશે. જેની કિંમત રૂા. ૩ ત્રણ રાખવામાં આવશે. પણ તે અગાઉથી ગ્રાહક થનાર આજ્ઞાત્તિલાને માત્ર રૂા. ૨ બેમાં આપવામાં આવશે. ખબર આ પુસ્તટ લખનાર અને પ્રસિદ્ધ કરનારા તરીકે હમોને હમારા નીચેના સીરનામે નામ, સીરનામું અને વિશેષ માહિતી હશે તે લખી જણાવવી.

મુલજી નાથજી કોઠારી.
આડતીઆ અને વ્યાપારી
વચલો ભોઇવાડો, મુંબઇ નં. ૨.

થોડાંક રહીજતાં નામોની પુરવણી.

નડીઆદ દશા ખડાયતા,

રા. ચંદુલાલ સોમાલાલ શાહ ધી ગોલ્ડ ફીલ્ડ બટન મેન્યુ-
ફે. કું. અને સુપરીયલ લેધર વર્કસના ભાગીદાર
નં૦ ૭૧ રાઉન્ડ બીલ્ડીંગ કાલબાદેવી રોડ, મુંબઈ.

રા. રતીલાલ સોમાલાલ શાહ ઉપરના "વ્યાપાર સાથે"

રા. અંબાલાલ ભોગીલાલ દેસાઈ C/o એન. સી. દલાલ
અને કું. સોલીસીટરોના ત્યાં.

રા. ચંદુલાલ કેશવલાલ દેસાઇ C/o એસ. કાન્તિલાલની
ખાદીની દુકાને કાલબાદેવી, મુંબઇ.

રા. હરિલાલ મગનલાલ C/o ચુનીલાલ છગનલાલ ઘડીઆ-
ળવાળાને ત્યાં. ઠે. અબદુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઇ.

રા. મણીલાલ મુલચંદ ભાલજીઆ દુધનો ધંધો, ઠે.
ઠાકુરદ્વાર રોડ, ખત્રી ગલીને નાકે, મુંબઇ.

રા. પુરૂશોતમ મુલચંદ નોકરીમાં.

રા જીવણલાલ રણછોડદાસ શાહ C/o ગુજરાતી પત્રની
ઓફીસ કોટ, સરકલ, મુંબઇ.

રા. સોમાલાલ મોતીલાલ C/o જમશેદજી રૂસ્તમજી અને
કું. સોલીસીટરોને ત્યાં. કોટ, મુંબઇ.

ઉમરેઠ દશા.

રા. જીવણલાલ ડાહ્યાભાઇ C/o મેસર્સ માણેકલાલ મગન-
લાલની કું. માં ઠે. નારાયણ બિલ્ડીંગ ગીરગામ
બેંક રોડ મુંબઇ.